View metadata, citation and similar papers at core.ac.uk

brought to you by CORE

provided by Etheses - A Saurashtra University Library Service

# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Savsani, Mansukhbhai D., 2008, *"સંસ્કૃત સાહિત્યમાં વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો : એક અધ્યયન"*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/325

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

TITLE PAGE

રજી. નં. ૨૯૩૭ । શ્રીઃ । તા. ૨૩-૮-૨૦૦૩

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટની વિનયન વિદ્યાશાખાની સંસ્કૃત વિષયમાં
પીએચ.ડી. (Ph.D.)ની પદવી માટે પ્રસ્તુત મહાનિબંધ

● શીર્ષક ●

# સંસ્કૃત સાહિત્યમાં વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો : એક અધ્યયન

## Viśiṣṭādvaitī Vaiśṇav Stotras in Sanskrit Literature : A Study


● પ્રસ્તુતકર્તા ●

**પ્રા. મનસુખભાઈ ડી. સવસાણી**

એમ. એ., એમ. ફિલ.

વ્યાખ્યાતા, સંસ્કૃતવિભાગ,

શ્રી. એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, સુરેન્દ્રનગર

● માર્ગદર્શક ●

**ડૉ. મનસુખભાઈ કે. મોલિયા**

અધ્યક્ષ, સંસ્કૃત ભવન,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.


*ઈ.સ. ૨૦૦૮*

## ● પ્રખ્યાપન ●
## (Declaration)

આથી હું પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરું છું કે પ્રસ્તુત મહાનિબંધ (Thesis) રૂપે રજૂ થનારું સંશોધનકાર્ય મેં સંલગ્ન ગ્રન્થસૂચિમાં નિર્દિષ્ટ મૂળ ગ્રંથો અને સંદર્ભગ્રંથોના આધારે તૈયાર કર્યું છે. તેમાં આવતાં નિરૂપણ અને નિષ્કર્ષ સંપૂર્ણપણે મૌલિક છે. તેની મૌલિકતાની ખાતરીપૂર્વક જાહેરાત કરું છું. આ શોધકાર્યમાં રજૂ થયેલાં મંતવ્યો અને વિગતો માટેની જવાબદારી મારી પોતાની જ છે.

મારી માન્યતા અને જાણ અનુસાર પ્રસ્તુત સંશોધન અભ્યાસ કોઈ પણ પ્રકારની પદવી માટે આ યુનિવર્સિટી કે અન્ય કોઈ યુનિવર્સિટીમાં રજૂ કરવામાં આવેલ નથી.

તારીખ : **(પ્રા. મનસુખ ડી. સવસાણી)**

સ્થળ : સુરેન્દ્રનગર, જિ. સુરેન્દ્રનગર

## ● પ્રમાણપત્ર ●

આથી હું પ્રમાણિત કરું છું કે પ્રા. મનસુખભાઈ ડી. સવસાણી (શ્રી એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, સુરેન્દ્રનગર) દ્વારા પ્રસ્તુત થનાર મહાનિબંધ (Thesis) 'સંસ્કૃત સાહિત્યમાં વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો : એક અધ્યયન' તેમનું મૌલિક અને સ્વતંત્ર સંશોધનકાર્ય છે. આ સંશોધન તેમણે મારા માર્ગદર્શન નીચે આવશ્યક અભ્યાસ-પરામર્શન અને સૂચનો દ્વારા તૈયાર કરેલ છે.

તારીખ : **(ડૉ. મનસુખભાઈ કે. મોલિયા)**

સ્થળ : રાજકોટ

અધ્યક્ષશ્રી,
સંસ્કૃત ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ (સૌરાષ્ટ્ર)

# નિવેદન

સ્તોત્ર કે સ્તુતિકાવ્ય સંસ્કૃત વાઙ્મયમાં સુપરિચિત અને સુપ્રતિષ્ઠિત કાવ્યપ્રકાર છે. છેક વેદકાળથી આરંભીને આજ સુધી લખાયેલ સંસ્કૃત સાહિત્યના ઈતિહાસમાં સ્તોત્રકાવ્યોની વૈવિધ્યપૂર્ણ અતિસમૃદ્ધ પરંપરા પ્રાપ્ત થાય છે. સંસ્કૃત સાહિત્યના સ્તોત્રેતર કાવ્યપ્રકારો તેમજ તે સાથે સંકળાયેલ કવિઓ અને કૃતિઓનું સંશોધનાત્મક અધ્યયન વિપુલ પ્રમાણ થયું છે અને એ પ્રકારના સંશોધન મહાનિબંધો લખાયા છે; પરંતુ સ્તોત્રકાવ્ય ઉપર સંશોધનાત્મક મહાનિબંધો અતિઅલ્પ સંખ્યામાં રચાયા છે, એવું પ્રતીત થાય છે. સર્વસામાન્ય અભિપ્રાય પણ એવો થાય છે કે સ્તોત્રકૃતિઓ સંશોધન - વિવેચનના ક્ષેત્રે મહદંશે ઉપેક્ષિત રહી છે. સ્તોત્રસાહિત્ય પરત્વે આવી ઉદાસીનતાના સંદર્ભમાં સંસ્કૃત સાહિત્યની સ્તોત્રકૃતિઓ પર સંશોધન મહાનિબંધ લખવાનો વિચાર મારામાં ઉદ્ભવ્યો. આ અંગે મારા માર્ગદર્શકશ્રી સાથે વિચાર-વિમર્શ કરતાં તેઓશ્રીએ ‘સંસ્કૃત સાહિત્યમાં વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવસ્તોત્રો : એક અધ્યયન’ નામક વિષય સૂચવ્યો અને એ રીતે પ્રસ્તુત મહાનિબંધ રચાયો છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો પૈકી જુદા જુદા સ્તોત્રો ઉપર કેટલાક અભ્યાસલેખો રચાયા છે, પ્રગટ થયા છે. પરંતુ તમામ પ્રમુખ વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોનો સર્વાંગી અભ્યાસ પ્રસ્તુત કરતો કોઈ મહાનિબંધ રચાયો હોય તેવું જાણમાં નથી. આ સંદર્ભમાં પ્રસ્તુત મહાનિબંધ મૌલિક કહેવાશે અને સ્તોત્ર સાહિત્યના સંશોધનની દિશામાં સહાયક કે ઉપકારક બની રહેશે.

દક્ષિણભારત વૈષ્ણવ અને શૈવ આચાર્યોની ભૂમિ છે. સંસ્કૃત સાહિત્યના ઈતિહાસમાં તે દાક્ષિણાત્ય સંતો, આચાર્યો અને કવિઓનું પ્રદાન મૂલ્યવાન છે. તેમણે સાહિત્ય અને શાસ્ત્ર સાથે સંકળાયેલ અનેક ગ્રંથો રચીને સંસ્કૃત સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. ભક્તિ અને દર્શનના ક્ષેત્રે તો આ વૈષ્ણવ કવિઓ અને આચાર્યોનું અતિ મહત્ત્વપૂર્ણ પ્રદાન છે.

સ્તોત્રકૃતિના પાયામાં ભક્તિતત્ત્વ પડેલું છે. આ ભક્તિતત્ત્વનો ઉદ્ભવ દ્રવિડદેશ એટલે કે દક્ષિણ ભારતમાં થયો. દાક્ષિણાત્ય આલવારસંતોએ દ્રવિડપ્રબંધો એટલે કે ભક્તિગીતોની રચના કરી અને ભક્તિમાર્ગનો પ્રચાર-પ્રસાર કર્યો. આલવારોની આ સંત પરંપરામાં કુલશેખર જેવા કેટલાક ભક્તકવિઓ થયા અને સાથે સાથે તે પછી વેદાંતક્ષેત્રે યામુન, રામાનુજ, વેંકટનાથ વેદાંતદેશિક જેવા પ્રતિષ્ઠિત વિશિષ્ટાદ્વૈતી આચાર્યો થયા. આવા દાક્ષિણાત્ય ભક્ત કવિઓ અને આચાર્યોએ અસંખ્ય સ્તોત્રોની પણ રચના કરી, જે ‘‘વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો’’ કહી શકાય. આ સ્તોત્રોમાં ભક્તિ અને દર્શનનો સુભગ સમન્વય થયો છે.

પ્રસ્તુત મહાનિબંધમાં પ્રાચીન ગણાતા આલવારસંતોથી શરૂ કરીને છેક ઈ.સ.ની સોળમી-સત્તરમી સદીના કવિ વેંકટાધ્વરી સુધીના કુલશેખર, યામુન, રામાનુજ, શ્રીવત્સાંકમિશ્ર, પરાશરભટ્ટ, વેંકટનાથ વેદાંતદેશિક, વેંકટાધ્વરી - એ ભક્તકવિઓ અને આચાર્યોની સ્તોત્રકૃતિઓનું સદૃષ્ટાંત, સમીક્ષાત્મક અને સર્વાંગી અધ્યયન કરવામાં આવ્યું છે. સ્તોત્ર સાહિત્યના ઈતિહાસમાં અસ્તિત્વમાં આવેલ તમામ સ્તોત્રપ્રકારોનું દર્શન આ વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં થાય છે. આમાં શ્લોકસંખ્યાસૂચક સ્તોત્રો, વિભિન્ન દેવ-દેવીઓનાં સ્તોત્રો, દશાવતારી સ્તોત્રો, નખશિખવર્ણન-સ્તોત્રો વગેરેનો સમાવેશ થાય છે. સંસ્કૃત સાહિત્યમાં અસ્તિત્વમાં આવેલ સ્તોત્રકાવ્યના સ્વરૂપને સર્વથા સમજવા માટે પ્રસ્તુત અધ્યયન અત્યંત ઉપયોગી છે; એટલું જ નહિ, સંસ્કૃત સાહિત્યનો બૃહત્તમ સ્તોત્રપ્રકાર તે સહસ્રશ્લોકી સ્તોત્ર. સંસ્કૃત સ્તોત્ર સાહિત્યમાં મળતાં બંને સહસ્રશ્લોકી સ્તોત્રો ‘પાદુકાસહસ્ર’ (વેંકટનાથ વેદાંતદેશિક રચિત) અને ‘લક્ષ્મીસહસ્ર’ (કવિ વેંકટાધ્વરિકૃત) એ વિશિષ્ટાદ્વૈતી કવિ-આચાર્યોએ લખેલાં છે. પ્રસ્તુત મહાનિબંધમાં આ બંને સહસ્રશ્લોકી સ્તોત્રોનો

પણ સમીક્ષાત્મક-તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. તે દૃષ્ટિએ પણ આ સંશોધનકાર્ય જ્ઞાનની ક્ષિતિજોના વિસ્તરણમાં મૌલિક પ્રદાન કરે છે, એમ કહી શકાય.

સામાન્યતઃ સ્તોત્રકાવ્યમાં ભક્તિ, દર્શન અને કવિતા ત્રણેયનો સંગમ થતો હોય છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં વૈષ્ણવી ભક્તિ (ધર્મ), વિશિષ્ટાદ્વૈતી દર્શન અને કાવ્ય એ ત્રણેયનો સમન્વય થયો છે. પરિણામે આ મહાનિબંધમાં પ્રત્યેક સ્તોત્રના આ ત્રણેય પક્ષોનું સદૃષ્ટાંત સમીક્ષણ કરવામાં આવ્યું છે. તેથી વૈષ્ણવી ભક્તિનાં તત્ત્વો, પ્રકારો વગેરે તેમજ વિશિષ્ટાદ્વૈતી સિદ્ધાંતોના પરિશીલન અને ભાવન માટે આ શોધ-નિબંધ ઉપકારક થઈ પડશે.

પ્રસ્તુત મહાનિબંધના લેખન માટે વિશિષ્ટાદ્વૈતી કવિ-આચાર્યોની તમામ સ્તોત્રકૃતિઓ અને વેદાંત ગ્રંથો તેમજ સંદર્ભગ્રંથો વગેરેનો પર્યાપ્ત સહયોગ લીધો છે. આવા ગ્રંથોની સહાયથી મારું આ નિરૂપણ સાધાર અને પ્રામાણિક બન્યું છે. સહાયક સંદર્ભ ગ્રંથોની સૂચિ અંતે પરિશિષ્ટ સ્વરૂપે રજૂ કરી છે.

આ પરિપ્રેક્ષ્યમાં મારું આ સંશોધન-કાર્ય પર્યાપ્ત માત્રામાં મૌલિક અને કંઈક અંશે નવીન બની રહે છે, એવો મારો નમ્ર મત છે.

પ્રસ્તુત મહાનિબંધ કુલ-૭ પ્રકરણોમાં વિભક્ત છે. અંતભાગમાં પરિશિષ્ટરૂપે સહાયક સંદર્ભ ગ્રંથોની સૂચિ આપી છે.

પ્રસ્તુત મહાનિબંધનો કેન્દ્રવર્તી વિષય 'વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો' હોવાથી, પ્રસ્તાવના કે પૂર્વપીઠિકા સ્વરૂપે પ્રકરણ-૧માં સ્તોત્રકાવ્યપ્રકારનાં સ્વરૂપ-લક્ષણોની ચર્ચા કરીને સંસ્કૃત સાહિત્યમાં ઉપલબ્ધ સ્તોત્રકાવ્યના વિકાસની પરંપરાનું આલેખન કરવામાં આવ્યું છે. વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોને સમજવામાં સ્તોત્રકાવ્યની આ ભૂમિકાને સમજવી આવશ્યક છે.

પ્રકરણ-૨માં આરંભમાં વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સંપ્રદાયના ઉદ્‌ભવ-વિકાસનું દિગ્દર્શન કરાવીને તમામ પ્રમુખ વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકારોનો સંક્ષિપ્ત પરિચય આપીને તેમની પ્રમુખ સ્તોત્રકૃતિઓનું સમીક્ષાત્મક મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. દરેક સ્તોત્રને ભક્તિ, દર્શન અને કાવ્ય એ ત્રણેય દૃષ્ટિએ ચકાસવા આવશ્યક દૃષ્ટાંતો પાદનોંધમાં ઉદ્ધૃત કર્યાં છે. સ્તોત્રકૃતિઓના સર્વાંગી પરીક્ષણ માટે તમામ મૂળ સ્તોત્રકૃતિઓનો આધાર લેવામાં આવ્યો છે.

સ્તોત્રનું એક પ્રમુખ અંગ 'ભક્તિ' છે. આ સંદર્ભમાં પ્રકરણ-૩માં ભક્તિસ્વરૂપ, ભક્તિ-પ્રકારો અને ભક્તિના ઉદ્‌ભવ-વિકાસનું આલેખન કરીને વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં પ્રતિપાદિત પ્રપત્તિભક્તિ અને ભક્તિના પરંપરિત પ્રકારોનું સદૃષ્ટાંત સમીક્ષણ કરવામાં આવ્યું છે. વિશિષ્ટાદ્વૈતી પ્રપત્તિભક્તિનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું છે. તે ઉપરાંત જુદા જુદા આચાર્યોએ સમજાવેલ પ્રપત્તિના સ્વરૂપની પણ સમીક્ષા કરવામાં આવી છે.

ભારતીય સનાતન ધર્મમાં બ્રહ્મસૂત્રના અર્થઘટનમાંથી વિભિન્ન દાર્શનિક સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા. તેમાં વિશિષ્ટાદ્વૈત પણ એક પ્રમુખ સંપ્રદાય છે. દક્ષિણભારતમાં યામુન, રામાનુજ વગેરેએ વિશિષ્ટાદ્વૈત સંપ્રદાય પ્રવર્તિત કર્યો. યામુનાચાર્ય, રામાનુજાચાર્ય તથા અન્ય આચાર્યોએ પોતાની કૃતિઓમાં તેમના દાર્શનિક સિદ્ધાંતોનું નિરૂપણ કર્યું છે. આવી દાર્શનિક કૃતિઓના માધ્યમથી વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતના સમગ્ર પરિજ્ઞાનથી પ્રકરણ-૪નું નિરૂપણ થયું છે. આમાં વિશિષ્ટાદ્વૈતનાં ચિત્, અચિત્ અને ઈશ્વર એ ત્રણ પ્રમુખ તત્ત્વોના સંદર્ભમાં વિશિષ્ટાદ્વૈતી

વૈષ્ણવ સ્તોત્રોમાં પ્રતિપાદિત 'ચિદચિદ્‌વિશિષ્ટ બ્રહ્મ'નું સોદાહરણ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ નિરૂપણના આધારે સિદ્ધ થાય છે કે, દર્શનગ્રંથોના શુષ્ક અને કઠિન દેખાતા દાર્શનિક સિદ્ધાંતો પણ ભક્તકવિઓ સ્તોત્રકવિતાના માધ્યમથી સરળતાથી રજૂ કરી દે છે. સ્તોત્રકવિતાના માધ્યમથી વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત સુપેરે સ્પષ્ટ કરવો તે આ પ્રકરણની વિશિષ્ટતા છે. રામાનુજીય વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સંપ્રદાયમાં યુગલોપાસનાનું મહત્ત્વ છે. એમાં લક્ષ્મી અને વિષ્ણુ એ યુગલ સ્વરૂપની આરાધના કરાય છે. લક્ષ્મી અને વિષ્ણુ બંને થકી બ્રહ્મતત્ત્વ રચાયું છે; તેથી આ પ્રકરણમાં પૂર્વવર્તી સાહિત્યના સંદર્ભમાં શક્તિતત્ત્વ અને લક્ષ્મીની વિચારણા કરીને વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં લક્ષ્મીનું સ્વરૂપ સદૃષ્ટાંત સ્પષ્ટ કર્યું છે. પ્રસ્તુત પ્રકરણનો આ અંશ પણ નાવીન્ય અને મૌલિકતાનું દર્શન કરાવે છે.

ભક્તિ અને દર્શન ઉપરાંત સ્તોત્રમાં કવિતા પણ દૃષ્ટિગત થાય છે; તેથી મહાનિબંધના પ્રકરણ-૫માં વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવસ્તોત્રોને કાવ્યનાં તત્ત્વોની દૃષ્ટિએ ચકાસવાનો પ્રયાસ કર્યો છે. કોઈપણ કાવ્યને યુગીન સાહિત્યિક પરિસ્થિતિના સંદર્ભમાં મૂલવણી કરવી યોગ્ય છે. તેથી પ્રસ્તુત પ્રકરણમાં આરંભે વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકાલીન સાહિત્યિક સ્થિતિનું આવશ્યક સંદર્ભો સાથે દિગ્દર્શન કરાવ્યું છે. તત્પશ્ચાત્ પ્રત્યેક સ્તોત્રમાં નિરૂપિત વિભિન્ન રસ, અલંકારો, કાવ્યસૌંદર્ય, છંદ વગેરેનું સદૃષ્ટાંત આલેખન કરવામાં આવ્યું છે. સ્તોત્રમાં ભક્તિરસ કેન્દ્રસ્થાને હોય છે; પરિણામે આ પ્રકરણમાં ભક્તિરસનાં તત્ત્વોનું નિરૂપણ કરીને ભક્તિરસ અને શૃંગારરસનો સમન્વય સિદ્ધ કર્યો છે. આ ભક્તિરસનું નિરૂપણ એ પ્રસ્તુત પ્રકરણનો મહત્ત્વપૂર્ણ અંશ છે. વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકારોનું ભાષાશૈલીના સંદર્ભમાં કવિઓ તરીકે મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. કેટલાંક સ્તોત્રોમાં દાર્શનિકતાના ભાર તળે કવિતા દબાઈ જાય છે, એ પણ યથાસ્થાન સ્પષ્ટ કરવામાં આવ્યું છે. 'વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકવિઓની સૌંદર્યભાવનાના સંદર્ભમાં કાવ્યશૈલી' પણ પ્રસ્તુત પ્રકરણનો મહત્ત્વપૂર્ણ - મૌલિક અંશ છે. આમાં નખશિખ વર્ણનોના સંદર્ભમાં પણ વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકારોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

કેટલાંક વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રો હસ્તપ્રત-ગ્રંથભંડારોમાં હસ્તપ્રત સ્વરૂપે સચવાયાં છે. કવિ વેંકટાધ્વરીની આવી હસ્તપ્રત-સ્વરૂપે રહેલી બે સ્તોત્રકૃતિઓ : (૧) શ્રવણાનંદ અને (૨) આચાર્યપંચાશત્‌નો પ્રકરણ-૬માં વિશેષ સર્વાંગી અભ્યાસ કરવામાં આવ્યો છે. આ પૈકી પ્રત્યેક સ્તોત્રકૃતિને ભક્તિ, કાવ્ય અને વિશિષ્ટાદ્વૈત દર્શન એ ત્રણેય રીતે મૂલવવાનો પ્રયાસ કર્યો છે. આ સ્તોત્રોની અન્ય વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોની સાથે યથાસ્થાન તુલના પણ કરાઈ છે.

મહાનિબંધમાં તુલનાત્મક અભ્યાસ આવશ્યક છે. એ સંદર્ભમાં પ્રકરણ-૭માં સંસ્કૃત સાહિત્યનાં કેટલાંક પ્રસિદ્ધ સ્તોત્રોની વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવસ્તોત્રો સાથે તુલના કરી કેટલાક નિષ્કર્ષ તારવ્યા છે. આવા તુલનાત્મક અભ્યાસથી વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવસ્તોત્રોમાં આદાન-પ્રદાનનું સમ્યક્ દર્શન થઈ શકે છે. આવા ઉદ્દેશથી પ્રસ્તુત પ્રકરણમાં કેટલાંક પૂર્વવર્તી અને કેટલાંક ઉત્તરવર્તી સ્તોત્રોના સંદર્ભમાં વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવસ્તોત્રોનું તુલનાત્મક પરીક્ષણ કરવામાં આવ્યું છે. પ્રસ્તુત પ્રકરણનો અત્યંત મૂલ્યવાન અને મૌલિક અંશ છેઃ ''પાદુકાસહસ્ર અને લક્ષ્મીસહસ્ર : તુલનાત્મક અભ્યાસ.'' આ પ્રકરણમાં નીચે પ્રમાણે તુલનાત્મક અભ્યાસ પ્રસ્તુત કર્યો છેઃ (૧) પૌરાણિક સ્તોત્રો અને વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવસ્તોત્રો (૨) જૈન-બૌદ્ધ સ્તોત્રો અને વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવસ્તોત્રો (૩) શાંકરસ્તોત્રો અને વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવસ્તોત્રો (૪) ઉત્તરવર્તી સ્તોત્રો અને વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવસ્તોત્રો (૫) 'પાદુકાસહસ્ર' અને 'લક્ષ્મીસહસ્ર' : તુલનાત્મક અભ્યાસ

## ઉપસંહાર :

મહાનિબંધના અંતે, વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવસ્તોત્રોના સર્વાંગી પરિશીલન, સમીક્ષણ અને સંસ્કૃત સાહિત્યનાં કેટલાંક અન્ય સ્તોત્રો સાથે તુલનાના સંદર્ભમાં વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોની કેટલીક વિશેષતાઓ તારવીને, તે સ્તોત્રોનું સંસ્કૃત સ્તોત્રસાહિત્યના ઈતિહાસમાં સ્થાન તેમજ આદાન-પ્રદાનની મૂલવણી કરવાનો પ્રયાસ કર્યો છે.

વિશિષ્ટાદ્વૈતી ભક્તકવિઓ અને આચાર્યોના જીવન-કવન સંબંધી મૂળ આધારભૂત ગ્રંથો, સ્તોત્રો તેમજ અન્ય સંદર્ભગ્રંથો મને ખાસ કરીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ; ઉ.ગુ.યુનિ., પાટણ; તિરુપતિમંદિર ટ્રસ્ટ, ખોરાસા (મેંદરડા) (જિ.જુનાગઢ); તિરુપતિ દેવસ્થાન ટ્રસ્ટ, તિરુપતિ; ભો. જે. સંશોધન વિદ્યાભવન, અમદાવાદ; એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડોલોજી, અમદાવાદ; એમ. એન. કોલેજ ગ્રન્થાલય, વિસનગર એમ.પી. શાહ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, સુરેન્દ્રનગર તેમજ અન્ય કેટલીક પ્રકાશક-સંસ્થાઓ પાસેથી પ્રાપ્ત થયેલા. પ્રસ્તુત મહાનિબંધને સંશોધનાત્મક દૃષ્ટિએ તૈયાર કરવામાં મેં મુખ્યત્વે નીચેના મૂળગ્રન્થો તેમજ સંદર્ભગ્રન્થોનો આધાર લીધો છેઃ

(૧) વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રો (પ્રકાશિત)

(૨) वेदांतदेशिक स्तोत्रमाला (प्रकाशक : श्री वैकुंठनाथ देवस्थान, कलकत्ता)

(૩) चतु:श्लोकीभाष्यम्, स्तोत्ररत्नभाष्यम्, गद्यत्रयभाष्यञ्च (પ્રકાશક : Sri Vedantha Desika Seventh Centenary trust, Madras-4)

(૪) स्तोत्रमाला (સંપા. શ્રીકાંચી-પ્રતિવાદી ભયંકરાચાર્ય, કાંચીપુરમ્)

(૫) पादुकासहस्रम् (વેદાંતદેશિકકૃત, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ)

(૬) लक्ष्मीसहस्रम् (वेंकटाध्वरिकृत, संपा. रामशास्त्री तैलंग, चौखम्बा.)

(૭) સંસ્કૃતસ્તોત્રકાવ્ય : ઉદ્ભવ, વિકાસ અને સ્વરૂપ (લેખક : ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ, દ્વારકા)

(૮) CONTRIBUTION OF YAMUNA TO VISISTADVAITA (Prof. M. RANGACHARYA MEMORIAL TRUST, MADRAS)

(૯) VEDANTA DESIKA : A STUDY (DR. SATYAVRATA SINGH, LUCKNOW)

(૧૦) लक्ष्मीसहस्रस्तोत्रम् (વેંકટાધ્વરીકૃત) :એક અધ્યયન. (ડૉ. મણિભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિનો અપ્રકાશિત મહાનિબંધ)

આ ઉપરાંત ગવર્નમેન્ટ ઓરિએન્ટલ મેન્યુસ્ક્રિપ્ટ્સ લાયબ્રેરી, મદ્રાસમાંથી હસ્તપ્રત સ્વરૂપે રહેલી અને કવિ વેંકટાધ્વરિકૃત બે સ્તોત્રકૃતિઓ પ્રાપ્ત કરીને, આ બન્ને સ્તોત્રોનો વિશેષ અભ્યાસ પ્રસ્તુત કર્યો છે.

આવા મૂળગ્રંથો અને સંદર્ભ-ગ્રંથો તેમજ વિદ્વાનો પાસેથી મળેલી અન્ય કેટલીક વિગતોનો સમુચિત ઉપયોગ કરી પ્રબંધ (Thesis) ને ઐતિહાસિક, સાંસ્કૃતિક, વિવેચનાત્મક અને તુલનાત્મક દૃષ્ટિએ સર્વાંગપૂર્ણ બનાવવાનો પ્રયત્ન કરેલ છે. આમ તેની મૌલિકતા પ્રતિપાદિત થાય છે. આ મહાનિબંધ સંસ્કૃત સ્તોત્ર-સાહિત્ય અને વિશિષ્ટાદ્વૈતી વેદાન્તક્ષેત્રે નવતર બની રહેશે, એવું મારું મંતવ્ય છે.

પ્રસ્તુત મહાનિબંધ પૂર્ણ કરાવવામાં મારા માર્ગદર્શક વિદ્વદ્વર્ય, આદરણીય ડૉ. મનસુખભાઈ કે. મોલિયા (અધ્યક્ષ, સંસ્કૃત ભવન, સૌ. યુનિ. રાજકોટ) નો હું અત્યંત ઋણી છું. એમના સુયોગ્ય માર્ગદર્શન નીચે સંશોધનકાર્ય

અને મહાનિબંધના લેખનની પ્રાપ્ત થયેલ તકને હું મારું પરમ સૌભાગ્ય સમજું છું. તેમણે મારા સંશોધનકાર્યમાં સચોટ માર્ગદર્શન અને હુંફ પૂરી પાડી છે. શ્રીમતી કુસુમબેન મોલિયા (માર્ગદર્શકનાં ધર્મપત્ની)નો પણ હું અંતઃપૂર્વક ઋણસ્વીકાર કરું છું.

પ્રસ્તુત મહાનિબંધ પૂર્ણ કરાવવામાં મારા પિતાતુલ્ય આદરણીય ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ તથા માતા સમાન શ્રીમતી શારદાબેન પ્રજાપતિનો હું અત્યંત ઋણી છું. તેમણે મને સતત કાર્યમાં વ્યસ્ત-સંલગ્ન રાખીને, પ્રેરક માર્ગદર્શન આપીને, આવશ્યક પુસ્તકો ઉપલબ્ધ કરાવી આપી, સમયે-સમયે લેખન-કાર્યમાં આવતાં વિઘ્નો - અવરોધોના પરિહારમાં અને સંબદ્ધ અંશોના નિરૂપણ - સમીક્ષાને તાત્ત્વિક બનાવવામાં એમનાં સૂચનો ઉપકારક બની રહ્યાં. તેઓશ્રીના પરામર્શ, પ્રસાદ અને આશીર્વચનોનું સુફળ તે પ્રસ્તુત મહાનિબંધ, એમ હું માનું છું.

મારા સહકાર્યકર અધ્યાપકશ્રીઓમાં ડૉ. અમીબહેન રાવલ, ડૉ. એન. બી. ગોહિલ, ડૉ. બી. એમ. ગજેરા, ડૉ. સી. પી. ત્રિવેદી, ડૉ. એમ. જે. રાયજાદા, પ્રા. એમ. વી. કલોતરા, પ્રા. બી. સી. ઝાલા, પ્રા. સી. એસ. ઝાલા તથા સંસ્કૃત વિભાગનાં પ્રા. નિશિતાબેન શુક્લ અને પ્રા. જાગૃતિબેન દોશી મારાં શુભેચ્છક રહ્યાં છે.

મારાં માતૃશ્રી હંમેશાં વિદ્યાવ્યાસંગી રહ્યાં છે, તેમની લાલા (કૃષ્ણ) પ્રત્યેની અનન્ય પ્રીતિ તથા ભક્તિના સંસ્કારવારસાનું જ આ વિદ્યાફળ છે. શ્રીમતી જ્યોત્સના સવસાણીએ મને આ કાર્યમાં હંમેશાં પ્રોત્સાહિત કરેલ છે. ચિ. ચિંતન તથા મિહિરમાં આ વિદ્યાવારસો ઉતરે એવી ભાવના સાથે આ નિબંધ રજૂ કરું છું.

પ્રસ્તુત મહાનિબંધનું મુદ્રણકાર્ય નિયત સમયાવધિમાં સુચારુ - સુવાચ્ય રૂપે કરી આપવા બદલ પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણાના શ્રી અમિતભાઈ પરીખ અને તેમના સાથીદારો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

ઉચ્ચશિક્ષણ અને સંશોધનક્ષેત્રે આ પ્રકારનું સંશોધનકાર્ય ઉપકારક અને ઉપાદેય બની રહેશે એવો નમ્ર શ્રદ્ધાભાવ વ્યક્ત કરું છું. મહાનિબંધના મુદ્રણકાર્યમાં કે જાણ્યે-અજાણ્યે કોઈ ક્ષતિ રહી ગઈ હોય, તો ક્ષમ્ય ગણવા વિનંતી.

**- પ્રા. મનસુખ સવસાણી**

■

# અનુક્રમણિકા

**પ્રકરણ : ૧ : સંસ્કૃતમાં સ્તોત્ર-સાહિત્ય : સ્વરૂપ-લક્ષણો અને વિકાસની પરંપરા** ૧૨-૪૬
(अ) સ્તોત્રકાવ્યઃ સ્વરૂપ-લક્ષણ
- સ્તોત્રનો વ્યુત્પત્તિજન્ય અર્થ
- સ્તોત્રનું શીર્ષક
- સ્તોત્રનો આરંભ
- કવિવિનયનું પ્રકાશન
- આત્માભિવ્યક્તિ
- સ્તુત્ય દેવતાના સ્વરૂપનો મહિમા
- સ્તોત્રમાં યાચનાભાવ
- સ્તોત્રાન્તે ફળકથન
- સ્તોત્રના પ્રકારો.

(ब) સ્તોત્રકાવ્યઃ વિકાસની પરંપરા
(૧) સંસ્કૃત સ્તોત્રકાવ્યઃ ઉદ્ભવની પૃષ્ઠભૂમિઃ વૈદિક સૂક્તો
(૨) ઈતિહાસ-પુરાણ અને તંત્રનું સ્તોત્ર - સાહિત્ય
(૩) મહાકાવ્યોમાં સ્તોત્રો
(૪) શિષ્ટ સંસ્કૃત કવિઓનાં સ્તોત્રકાવ્યોની વિકાસ-પરંપરા

**પ્રકરણ-૨ : વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્ય-કવિઓ અને તેમનાં સ્તોત્રો : સમીક્ષાત્મક પરિચય** ૪૭-૧૧૩
(अ) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સંપ્રદાય
(ब) વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકારો અને તેમનાં સ્તોત્રો :
૧. કુલ શેખર
૨. યામુનાચાર્ય
૩. રામાનુજાચાર્ય
૪. શ્રીવત્સાંક મિશ્ર
૫. પરાશરભટ્ટ
૬. વેંકટનાથ વેદાંતદેશિક
૭. વેંકટાધ્વરી

**પ્રકરણ-૩ : વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં ભક્તિતત્ત્વ** ૧૧૪-૧૭૦
(અ) ભક્તિ : સ્વરૂપ અને ઉદ્ભવ-વિકાસ
- પ્રસ્તાવના
(૧) ભક્તિનું સ્વરૂપ અને પ્રકારો
* ભક્તિનું સ્વરૂપ

* ભક્તિના પ્રકારો
શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મ-નિવેદન
(૨) ભક્તિનો ઉદ્ભવ-વિકાસ
* વૈદિક સાહિત્યમાં ભક્તિ
* બ્રાહ્મણ-ઉપનિષદ્માં ભક્તિ
* રામાયણ-મહાભારતમાં ભક્તિ
* વૈષ્ણવ ધર્મ, પાંચરાત્ર, સંતો અને આચાર્યોનો ભક્તિમાર્ગ
* પૌરાણિક ભક્તિ
* ચૈતન્ય સંપ્રદાય અને ભક્તિ
(બ) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં ભક્તિ
* પ્રાચીન સાહિત્યમાં પ્રપત્તિ
(૧) આલવાર સંતો અને વિશિષ્ટાદ્વૈતી આચાર્યો અનુસાર પ્રપત્તિનું સ્વરૂપ - આલવાર સંતોની પ્રપત્તિની ભાવના - યામુનાચાર્ય - રામાનુજાચાર્ય- વડઘલે અને તેંગલે શાખા અનુસાર પ્રપત્તિ - વેંદાતદેશિક - વેંકટાધ્વરી- પ્રપત્તિ (શરણાગતિ)નાં અંગઃ અનુકૂળ બનવાનો સંકલ્પ - પ્રતિકૂળતાનો ત્યાગ - રક્ષા કરશે એવો વિશ્વાસ - ગોપ્તૃત્વવરણ - કાર્પણ્ય- આત્મનિક્ષેપ - વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં પ્રપત્તિ-પ્રધાન વૈષ્ણવી ભક્તિનું પ્રતિપાદન-શ્રી અને ભગવાનની પ્રપત્તિ - પ્રપત્તિ પ્રધાન ભક્તિનિષ્ઠા અને ભક્તિ માહાત્મ્ય - કવિ-વિનયનું પ્રકાશન - પ્રપન્ન ભક્તનો દૈન્યભાવ - પ્રાયશ્ચિત, અપરાધ-એકરાર અને યાચના ભાવ - વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં ભક્તિના પરંપરિત પ્રકારો - શ્રવણ, કીર્તન અને સ્મરણ - પાદસેવા, અર્ચન અને વંદન - દાસ્યભાવ, સખ્યભાવ અને આત્મનિવેદન-શાંતા ભક્તિ-વાત્સલ્ય ભક્તિ - મધુરાભક્તિ

**પ્રકરણ-૪ : વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં દાર્શનિક સિદ્ધાંતો ૧૭૧-૨૧૪**

(૧) વિશિષ્ટાદ્વૈતના સિદ્ધાંતો
- પ્રસ્તાવના
- ચિત્ (જીવાત્મા)
- અચિત્ (જડ, જગત, પ્રકૃતિ)
- ઈશ્વર
- ઈશ્વરનાં રૂપો
- પર, વ્યૂહ, વિભવ, અંતર્યામી અને અર્ચાવતાર

(૨) શક્તિતત્ત્વ અને લક્ષ્મી
- વૈદિક સાહિત્યમાં લક્ષ્મી
- પુરાણોમાં અને પૌરાણિક સ્તોત્રોમાં લક્ષ્મીનું સ્વરૂપ
- પાંચરાત્ર સંહિતાઓમાં લક્ષ્મી
- વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્યોનાં 'લક્ષ્મીસ્તોત્રો'માં લક્ષ્મીનું સ્વરૂપ અને મહિમાઃ
(અ) લક્ષ્મી સ્વરૂપ
(બ) લક્ષ્મી-નારાયણનું યુગલ-સ્વરૂપ
(ક) લક્ષ્મીનું વિભુત્વ
(ડ) લક્ષ્મીની મધ્યસ્થી અને મોક્ષ-પ્રદાયકતા
(૩) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ-સ્તોત્રોમાં ચિત્, અચિત્ અને ઈશ્વર
વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ-સ્તોત્રોમાં 'ચિત્' (જીવ)નું નિરૂપણ
અચિત્ (જડ, જગત્, પ્રકૃતિ) નિરૂપણ

**પ્રકરણ-૫ : વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં કાવ્યતત્ત્વ ૨૧૫-૨૭૮**
**(અ) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રકાલીન સાહિત્યિક સ્થિતિ**
**(બ) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં રસાભિવ્યક્તિ :**
(૧) કાવ્યશાસ્ત્રનો શાંતરસ અને ભક્તિશાસ્ત્રીય ગ્રંથોનો ભક્તિરસ.
વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવસ્તોત્રોમાં ભક્તિરસનાં તત્ત્વોનું નિરૂપણ.
(૨) મધુરભક્તિરસ અને શૃંગારરસનો સમન્વય.
(૩) અન્ય ગૌણ-રસ : હાસ્યરસ, અદ્ભુતરસ, વીરરસ,
કરુણભક્તિરસ, રૌદ્રભક્તિરસ, ભયાનક ભક્તિરસ, બીભત્સભક્તિરસ.
**(ક) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં અલંકાર - નિરૂપણ**
(૧) સ્તોત્ર સાહિત્યમાં શબ્દાલંકાર - નિયોજનની પરંપરા
(૨) વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં શબ્દાલંકાર : શ્લેષ - વક્રોક્તિ - યમક
(૩) અર્થાલંકારો - ઉત્પ્રેક્ષા, કાવ્યલિંગ, રૂપક, વ્યતિરેક, વિરોધાભાસ વગેરે
**(ડ) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવસ્તોત્રોનું છંદોવિધાન**
**(ઈ) વિશિષ્ટાદ્વૈતી સ્તોત્ર-કવિઓની સૌંદર્ય-ભાવનાના સંદર્ભમાં કાવ્યશૈલી**
(૧) સ્તોત્રોમાં ઉપાસ્યના અંગ-સૌંદર્યનું વર્ણન
(૨) સૌંદર્યની કલ્પના અને નખશિખ - વર્ણનની પરંપરા
(૩) સ્તોત્ર તેમજ સ્તોત્રેતર સાહિત્યનાં કેટલાંક નખશિખ-વર્ણનો
(૪) કેટલાંક વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં પ્રાપ્ય નખશિખ વર્ણનોની ઉપમેય - ઉપમાન -યોજના
૧. વેદાંતદેશિતરચિત 'દેવનાયકપંચાશત્' સ્તોત્ર : વિષ્ણુનું કેશાદિપાદાન્ત વર્ણન
૨. વેંકદાધ્વરિકૃતકૃત 'લક્ષ્મીસહસ્ર'માં લક્ષ્મીનું કેશાદિપાદાન્ત વર્ણન

(૫) સંસ્કૃત સ્તોત્ર - સાહિત્યમાં બૃહત્તમસ્તોત્ર ('લક્ષ્મીસહસ્ર') દ્વારા બૃહત્તમ નખશિખ વર્ણન આપનાર વિશિષ્ટાદ્વૈતી કવિ વેંકટાધ્વરીનું કાવ્ય-કૌશલ : એક વિશેષ અભ્યાસ

**પ્રકરણ-૬ : વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકવિ વેંકટાધ્વરીનાં હસ્તપ્રત-સ્વરૂપે રહેલ બે સ્તોત્રોનો વિશેષ અભ્યાસ** ૨૭૯-૨૯૮

(૧) શ્રવણાનંદ - સ્તોત્ર
- (૧) 'શ્રવણાનંદ'માં પ્રપત્તિપ્રધાન વૈષ્ણવી ભક્તિનું ભાવ-સૌંદર્ય
- (૨) 'શ્રવણાનંદ'માં વિશિષ્ટાદ્વૈતી દાર્શનિક સિદ્ધાન્તોની અભિવ્યક્તિ
- (૩) શ્રવણાનંદ : કલાપક્ષ

(૨) આચાર્યપંચાશત્ સ્તોત્ર
- (૧) 'આચાર્યપંચાશત્'નો કાવ્ય-પ્રકાર.
- (૨) રચનાનું પ્રેરક બળ

(૩) 'આચાર્યપંચાશત્'માં વેંકટનાથ વેદાન્ત દેશિકના જીવન અને કવનનું કાવ્યાત્મક ચિત્રણ

(૪) 'આચાર્યપંચાશત્'નો કલાપક્ષ

**પ્રકરણ-૭ : વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો અને સંસ્કૃતનાં અન્ય જાણીતાં સ્તોત્રો : તુલનાત્મક અભ્યાસ** ૨૯૯-૩૫૪

(અ) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો અને પૂર્વવર્તી સ્તોત્રો
- (૧) પૌરાણિક સ્તોત્રો અને વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રો
- (૨) જૈન-બૌદ્ધ સ્તોત્રો અને વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રો
- (૩) શાંકર સ્તોત્રો અને વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રો
- (૪) પૂર્વવર્તી પ્રસિદ્ધ કવિઓનાં સ્તોત્રો અને વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રો

(બ) બૃહત્તમ વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકાર વેંકટાધ્વરી અને અન્ય કવિઓનો તુલનાત્મક અભ્યાસ

(ક) સહસ્રશ્લોકી વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રો 'પાદુકાસહસ્ર' અને 'લક્ષ્મીસહસ્ર' : તુલનાત્મક અભ્યાસ

**ઉપસંહાર : વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકારોનું સંસ્કૃત સ્તોત્રસાહિત્યમાં સ્થાન અને પ્રદાન**

**પરિશિષ્ટ : સંદર્ભ - ગ્રંથ સૂચિ** ૩૫૫-૩૬૪

# પ્રકરણ : ૧

## સંસ્કૃતમાં સ્તોત્ર-સાહિત્ય : સ્વરૂપ-લક્ષણો અને વિકાસની પરંપરા

(अ) स्तोत्रકાવ્યઃ સ્વરૂપ-લક્ષણ

- સ્તોત્રનો વ્યુત્પત્તિજન્ય અર્થ
- સ્તોત્રનું શીર્ષક
- સ્તોત્રનો આરંભ
- કવિવિનયનું પ્રકાશન
- આત્માભિવ્યક્તિ
- સ્તુત્ય દેવતાના સ્વરૂપનો મહિમા
- સ્તોત્રમાં યાચનાભાવ
- સ્તોત્રાન્તે ફળકથન
- સ્તોત્રના પ્રકારો.

(ब) સ્તોત્રકાવ્યઃ વિકાસની પરંપરા

(૧) સંસ્કૃત સ્તોત્રકાવ્યઃ ઉદ્ભવની પૃષ્ઠભૂમિઃ
વૈદિક સૂક્તો

(૨) ઈતિહાસ-પુરાણ અને તંત્રનું સ્તોત્ર - સાહિત્ય

(૩) મહાકાવ્યોમાં સ્તોત્રો

(૪) શિષ્ટ સંસ્કૃત કવિઓનાં સ્તોત્રકાવ્યોની વિકાસ-પરંપરા

## પ્રકરણ : ૧

# સંસ્કૃતમાં સ્તોત્ર-સાહિત્ય : સ્વરૂપ-લક્ષણો અને વિકાસની પરંપરા

### (अ) સ્તોત્રકાવ્ય : સ્વરૂપ - લક્ષણ

વૈદિક અને પ્રશિષ્ટ સંસ્કૃત કાવ્યધારામાં અસંખ્ય સ્તોત્ર કાવ્યો પ્રાપ્ત થાય છે. તેમની એક વિશિષ્ટ પરંપરાનું નિર્માણ થયું છે. છતાં સંસ્કૃત સાહિત્યશાસ્ત્રીઓએ તેમના કાવ્યશાસ્ત્રના ગ્રંથોમાં સ્તોત્રના સ્વરૂપ કે લક્ષણોનો સ્પષ્ટ નિર્દેશ કર્યો નથી. કાવ્યકૃતિના વસ્તુ અને આકૃતિના વૈવિધ્યને આધારે કાવ્યના અનેક ભેદોપભેદ સંભવી શકે. ભરતીય વિવેચકોએ કાવ્યને મુખ્યત્વે દૃશ્ય અને શ્રાવ્ય કે ગદ્ય, પદ્ય અને મિશ્રમાં વિભાજિત કર્યું છે. પદ્યકાવ્યોના પ્રભેદોમાં મહાકાવ્ય, ખંડકાવ્ય અને મુક્તક કાવ્ય અથવા પ્રબંધ અને મુક્તકને ગણાવ્યા છે. પાશ્ચાત્ય વિવેચને કાવ્યના Epic અને Lyric નામે ભેદ આપ્યા છે. સ્તોત્રકાવ્ય ભારતીય કાવ્ય પ્રકાર ‘મુક્તક’ સાથે અને પાશ્ચાત્ય Lyric (ગતિકાવ્ય) સાથે મહદ્અંશે સામ્ય ધરાવે છે. પાશ્ચાત્ય સાહિત્યમાં Psalm કે “Hymn’ નામે ઓળખાતી કાવ્ય રચનાઓ ‘સ્તોત્ર’ જેવી છે.

સંસ્કૃત સાહિત્યના ઈતિહાસના અભ્યાસીઓએ ‘સ્તોત્ર’નાં સ્વરૂપ અને લક્ષણો અંગે ચર્ચા કરી છે. તે બધા સ્તોત્રને મહદઅંશે ધાર્મિક ગીતિકાવ્ય તરીકે સ્વીકારે છે. મોટાભાગનાં સ્તોત્ર પ્રબંધાત્મકતાથી રહિત મુક્તક પ્રકારનાં પદ્યો ધરાવે છે. તેમાં મુક્તકની રસબોધકતા તો છે જ તેથી ‘સ્તોત્ર’ને ‘મુક્તક’ પ્રકારમાં મુકવું યોગ્ય ગણાશે. સ્તોત્ર કાવ્યના સ્વરૂપ અંગે બળદેવ ઉપાધ્યાયનું નીચેનું વિકાન સર્વથા યોગ્ય છે : ‘ધાર્મિક મુક્તક તે સ્તોત્રકાવ્ય છે. તેના દ્વારા વિશિષ્ટ દેવતાની સ્તુતિ કરાય છે. તેમાં દેવતનાં મહિમા, ઉદારતા, દીનજનો પર અકારણ કરુણાની ગાથા ઈત્યાદિનું આલેખન થાય છે.’ તે ભક્તજનની આત્મવિસ્મૃતિ, ક્ષુદ્રતા, બેચેની, હાસ્ય, રુદન અને આત્મવિશ્વાસની મસ્તીથી સભર હોય છે. કેટલાંક સ્તોત્ર સરસતા, હૃદયસ્પર્શિતા અને સંગીતના પુટથી સંપન્ન છે. સ્તોત્ર દ્વારા કોમળ અને ભક્તિપૂર્ણ દીન હૃદયની કોમળ શબ્દોમાં નિશ્છલ અભિવ્યક્તિ થાય છે.

### ‘સ્તોત્ર’નો વ્યત્પત્તિજન્ય અર્થ અને વ્યાખ્યાઃ

જેનાથી સ્તુતિ કરાય તે સ્તોત્ર - ‘स्तूयते अनेन इति स्तोत्रम्’ મૂળ ‘ष्टुञ स्तुतो’ (સ્તુતિ કરવી) એ ધાતુથી કરણાર્થમાં दाम्नीशस् (પા. ૩/૨/૧૮૨) સૂત્ર દ્વારા त्र (ष्ट्रन) પ્રત્યય થયો. હવે ‘स्तुत्र’ એ સ્થિતિમાં तितुत्र. (પા. ૭/૩/૮૪) દ્વારા સ્તુના ઉનો ગુણ થઈ ‘स्तोत्र’ શબ્દ બને છે. પરિણામે સ્તોત્ર દ્વારા કોઈની સ્તુતિ એવો અર્થ નિષ્પન્ન થાય છે. વ્યુત્પત્તિજન્ય અર્થાનુસાર સ્તોત્ર દ્વારા સ્તુતિ થતી હોઈ સ્તોત્ર સાધનરૂપે છે. સ્તોત્ર અને સ્તુતિને સમાનાર્થક માની સ્તોત્રકારોએ પોતાની કૃતિઓને સ્તોત્ર અથવા સ્તુતિ નામ આપ્યાં છે.

સંસ્કૃત સાહિત્યના ઈતિહાસના અભ્યાસીઓ પોતાના ગ્રંથોમાં સ્તોત્રકાવ્યની વિકાસરેખાની ચર્ચાના આરંભે સ્તોત્રના કાવ્યસ્વરૂપ, વિષય, અન્ય લક્ષણો તેમજ પ્રકારોનો સંક્ષેપમાં નિર્દેશ કરે છે. તેમના મતો આ પ્રમાણે છે.:

(૧) લૌકિક ગીતિકાવ્યનો એક ભેદ-ધાર્મિક કવિતા તે સ્તોત્ર છે. સ્તોત્ર દ્વારા દેવતાની સ્તુતિ કરાય છે. દાર્શનિકો દ્વારા એમાં કલાત્મક ગરિમાનો સમાવેશ થયો. ઘણાં સ્તોત્રો કવિતા શૂન્ય છે. - એ. બી. કીથ[૧]

(૨) સ્તોત્ર માનવહૃદયની શાશ્વત ઊર્મિથી પ્રેરિત હોય છે. તેના મુખ્ય બે પ્રકાર છેઃ વર્ણન તેમજ દર્શન પ્રધાન; કાવ્યાત્મક સ્તોત્ર અને સઘન ઊર્મિ પ્રધાન સ્તોત્ર. - એસ. કે. ડી.[૨]

(૩) વી. વરદાચાર્ય નોંધે છે કે ધાર્મિક ગીતિકાવ્ય તે સ્તોત્ર કહેવાય છે. તેમાં પરમતત્ત્વની ભક્તિ કેન્દ્રસ્થાને રહે છે. વ્યાપક પ્રભાવથી સ્તોત્ર ધાર્મિક ભાવનાની પ્રગતિમાં સહાયક બન્યાં છે. કેટલાંક સ્તોત્ર તત્ત્વજ્ઞાનપ્રધાન છે. ઘણાં ખરાં સ્તોત્ર છંદોબધ્ધ છે. તે મુખ્ય ત્રણ શૈલીમાં આવ્યાં છેઃ પદ્યાત્મક, દંડક અને સંગીતાત્મક ગદ્યાત્મક.[૩]

(૪) સંસ્કૃત સાહિત્યના ઈતિહાસમાં વાચસ્પતિ ગૈરોલા સ્તોત્ર કાવ્યને ભક્તિકાવ્ય કે ગીતકાવ્યનો એક પ્રકાર કહે છે. તેમાં આધ્યાત્મિક ભાવનાની પ્રબળતા વર્તાય છે. સ્તોત્રકૃતિ ભક્તના એકાંતિક હૃદયોદ્‌ગાર, અભિવ્યક્તિની ગતિશીલતા તેમજ ધાર્મિક અને દાર્શનિક બંને પ્રકારની ભાવનાઓથી સંપન્ન હોય છે. કેટલાંક સ્તોત્રોની ગીતિરચના આકર્ષક છે. પદ્યાત્મક, દંડક અને ગદ્યાત્મક એમ ત્રણ પ્રકારનાં સ્તોત્ર લખાયાં છે.[૪]

(૫) ધાર્મિક ગીતિકાવ્ય તે સ્તોત્ર, તેમાં અંતર્નિગૂઢ ભાવનાઓ અને તેમનાં સ્ફૂરણો પ્રાપ્ત થાય છે. તેમાં ગીતિકાવ્યની કેટલીક વિશેષતાઓનો સમાવેશ થાય છે. કેટલાંક સ્તોત્રો તત્ત્વપ્રધાન છે. કેટલાંકમાં કલાત્મકતા અને ધાર્મિક ભાવનાઓનો આવેશ છે, એમ વિન્ટરનીત્ઝ માને છે.[૫]

(૬) સ્તોત્ર એટલે ભક્તિસૂક્ત કે સ્તુતિકાવ્ય. તે કોમળ અને મર્મસ્પર્શી આકાંક્ષાઓથી સંપન્ન હોય છે. પાપની ચેતનાથી ઉત્પન્ન સત્તાનિવૃત્તિની દુઃખદ ભાવના પણ તેમાં વ્યક્ત થાય છે. કેટલાંક સ્તોત્રોમાં ગીતાત્મક વિશુદ્ધતાનું દર્શન થાય છે. એવું સ્તોત્ર અંગે કૃષ્ણ ચૈતન્ય માને છે.[૬]

(૭) ડૉ. પરમાનંદશાસ્ત્રી સ્તોત્ર કાવ્યના સ્વરૂપ વિશે નોંધે છે કે સ્તોત્રકાવ્ય ગીતિકાવ્યની કોટિમાં આવે છે. અનુભૂતિનું ગહનરૂપ; વૈયક્તિકતા, અંતર્મુખી ચેતના; સ્તોતાની માનસિક પીડા અને ઉપાસ્ય પ્રતિ સાચી લગની ઈત્યાદિ ગીતિકાવ્યની વિશેષતાઓથી તે સંપન્ન હોય છે. એમાં અભિવ્યક્તિની સહજ સાર્થકતા વર્તાય છે.[૭]

(૮) ડૉ. ખંડેલવાલ અને મુસલગાંવકરનું માનવું છે કે સ્તોત્રમાં ભક્તની અંતર્મુખી ચેતનાની ઝાંખી થાય છે. દિવ્ય વિભૂતિઓ પ્રતિ આત્મવિસ્મૃતિપૂર્ણ સ્તુતિ તેમજ પ્રાર્થના અને સ્તોત્રકાવ્યનો મૂળ ઉદ્દેશ છે. સ્તોત્રના મુખ્ય ત્રણ વર્ગો છેઃ નામાવલિસ્તોત્રો, શબ્દાડંબ તેમ જ ચમત્કારદર્શન દ્વારા પાંડિત્ય પ્રદર્શનસભર સ્તોત્રો અને અનુભૂતિની માર્મિકતા ને ગાંભીર્યપ્રધાન સ્તોત્રો.[૮]

આમ ઈતિહાસકારો સ્તોત્ર કાવ્યને ગીતિ કે મુક્ત કાવ્યની કોટિમાં મૂકીને ગીતિ કે મુક્તકના એક ભેદ ધાર્મિક કાવ્ય કે ભક્તિકાવ્ય તરીકે ઓળખે છે.

**લક્ષણો :**

ઉપલબ્ધ સ્તોત્રકાવ્યોના પરીક્ષણથી સહજ પ્રતીત થાય છે કે એમાં નામાભિધાન, આરાધ્યદેવ, વિષયવસ્તુ

તેમજ ભાષાશૈલી બાબતે પર્યાપ્ત વૈવિધ્ય પ્રવર્તે છે. મંગલાચરણ, ભક્તદિલની આત્માભિવ્યક્તિ, આરાધ્યની ઉપાસના પદ્ધતિ, યાચનાભાવ, આરાધ્ય સ્વરૂપ મહિમા, સ્તોત્રફળ ઈત્યાદિ તત્ત્વોનો સમાવેશ એક યા બીજી રીતે ઘણાંખરાં સ્તોત્રોમાં થયો હોય છે. સ્તોત્રનું સામાન્ય સ્વરૂપ અને લક્ષણો આ પ્રમાણે છેઃ

## (૧) સ્તોત્રઃ લઘુ અને બૃહત્

સ્તોત્રની ગણના સામાન્યતઃ લઘુકાવ્યમાં થઈ હોવા છતાં એનું બૃહત્સ્વરૂપ પણ પ્રાપ્ત થાય છે. વિસ્તાર, આકાર કે પદસંખ્યાની દૃષ્ટિએ સ્તોત્રોને બે વર્ગમાં વિભક્ત કરી શકાય.

### (અ) લઘુસ્તોત્રોઃ

૧૦૦થી ઓછી શ્લોક સંખ્યા ધરાવતાં સ્તોત્ર લઘુ કહેવાય. આવાં સ્તોત્રોનો સમાવેશ મુક્તક કે ગીતિકાવ્યમાં થઈ શકે છે. તે સામાન્યતઃ પદસંખ્યાસૂચક નામે લખાયાં છે; જેમ કે ચતુઃશ્લોકી, કૃષ્ણાષ્ટક, પંચાશત્ વગેરે.

### (બ) બૃહત્સ્તોત્ર

૧૦૦ કે ૧૦૦થી અધિક શ્લોકવાળાં સ્તોત્ર બૃહત્ કહી શકાય. બૃહત્સ્તોત્ર પ્રબંધાત્મકતાના સ્પર્શથી ખંડકાવ્યની કોટિમાં આવી શકે. આવાં સ્તોત્ર શતક, અધ્યર્થશતક, ચતુઃશતક, પંચશતી, સહસ્ર વગેરે પ્રકારનાં છે; જેવાં કે ચંડીશતક, સૂર્યશતક, પંચસ્તવી, લક્ષ્મીસહસ્ર, પાદુકાસહસ્ર વગેરે.

## (૨) સ્તોત્રનું શીર્ષક

સ્તોત્રનું શીર્ષક પ્રાયઃ દેવતા, વિષય અને શ્લોકસંખ્યાનું નિર્દેશક હોય છે. આ ત્રણ બાબતોને ધ્યાનમાં રાખી સ્તોત્રોનું નામાભિધાન થયું છે.

### (અ) દેવતાનિર્દેશક શીર્ષક

કવિ સ્તોત્રના શીર્ષકમાં ઈષ્ટ દેવતાના નામનો નિર્દેશ કરે છે. એક પરબ્રહ્મ અને તેનાં કલ્પાયેલાં વિવિધ સ્વરૂપો તેમજ શક્તિતત્ત્વ અને તેનાં આવિર્ભૂત વિવિધ દેવી સ્વરૂપો કવિઓ માટે આરાધ્યરૂપ બન્યાં હોઈ તે તે દેવ-દેવીઓનાં નામે સ્તોત્રો રચાયાં છે. જેમ કે શિવસ્તોત્ર, નવગ્રહસ્તોત્ર, ગંગાસ્તોત્ર, મુકુન્દમાલા, વરદરાજસ્તવ, હયગ્રીવસ્તોત્ર, યમુનાષ્ટક, ગંગાલહરી, લક્ષ્મીલહરી વગેરે.

### (બ) વિષયનિર્દેશક શીર્ષકઃ

સ્તોત્ર કાવ્યના મુખ્ય વિષયો માનસપૂજા, અંગ-ઉપાંગ તેમજ આયુધાદિવર્ણન, મહિમા, ક્ષમાપના, રક્ષાયાચના, પ્રાતઃસ્મરણ, શરણાગતિ, દશાવતાર ચિત્રણ વગેરે છે. તેને આધારે પણ સ્તોત્રનું શીર્ષક અપાય છે. જેમાં,

(૧) માનસપૂજા - માનસિક સ્નાન સ્તોત્ર (વામન પુરાણ) શિવમાનસપૂજા (શંકરાચાર્ય) ત્રિપુરાસુંદરી માનસપૂજાસ્તોત્ર (સામરાજદીક્ષિત) વગેરે.

(૨) અંગ - ઉપાંગ વર્ણન - ઈષ્ટદેવતાનાં અંગ - ઉપાંગોનું વર્ણન કરતાં સ્તોત્રો ત્રણ સ્વરૂપે મળે છેઃ (i) પાદાદિકેશાન્તવર્ણન (ii) કેશાદિપાદાન્તવર્ણન અને (iii) એક કે એકથી અધિક અંગોનું વર્ણન.

(૩) મહિમાવર્ણન : શિવમહિમ્નસ્તોત્ર (સ્કન્દ પુ.), શિવમહિમ્નઃ સ્તોત્ર (પુષ્પદંત), ત્રિપુરામહિમ્નઃ સ્તોત્ર.

(૪) પ્રાતઃ સ્મરણ - પરબ્રહ્મપ્રાતઃ સ્મરણ (શંકરાચાર્ય), ભગવત્પ્રાતઃ સ્મરણ (બ્રહ્માનંદ સ્વામી) વગેરે.

(૫) આયુધાદિવર્ણન - ષોડશાયુધસ્તોત્ર (વેદાંતદેશિક), પાદુકાસહસ્ર (વેદાંતદેશિક) વગેરે.

(૬) ક્ષમાપના : શિવાપરાધક્ષમાપનસ્તોત્ર (ઉપમન્યુ), દેવ્યપરાધક્ષમાપન સ્તોત્ર (શંકરાચાર્ય) વગેરે.

(૭) રક્ષાયાચના : દેદીકવચ, શિવકવચ, નારાયણવર્મ શિવભૂજંગપ્રયાત સ્તોત્ર, ચર્પટપંજરિકાસ્તોત્ર, આ સ્તોત્રમાં પંજર, ભુજંગ, રક્ષા વગેરે શીર્ષકો મળે છે.

(૮) નામ મહિમાઃ વિષ્ણુસહસ્રનામસ્તોત્ર, સીતાસહસ્રનામસ્તોત્ર વગેરે

(૯) દશાવતાર ચિત્રણ : ચતુર્વિંશત્યવતારસ્તોત્ર, દશાવતાર સ્તોત્ર (વેદાંતદેશિક) વગેરે

(૧૦) શરણાગતિન્યાસઃ ગણેશન્યાસ, ન્યાસદશક, ન્યાસવિંશતિ વગેરે.

## (ક) શ્લોકસંખ્યાનિર્દેશક શીર્ષકઃ

મોટાભાગનાં સ્તોત્રોનાં નામ શ્લોકસંખ્યા-સૂચક છે. સ્તોત્રમાં સમાવિષ્ટ શ્લોકસંખ્યાનો નિર્દેશ શીર્ષકમાં થતો હોય છે. જેમાં ચતુઃશ્લોકી, વૈરાગ્યપંચક, આત્મષટક, પ્રયાગાષ્ટક, અન્નપૂર્ણાદશક, ગોપાલવિંશતિ, જિનસ્તુતિદ્વાત્રિંશિકા, પંચાશત્, ચંડીશતક્, દેવીશતક, અધ્યર્દ્ધશતક, ચતુઃશતક, લક્ષ્મીસહસ્ર વગેરે તેનાં ઉદાહરણો છે.

સ્તોત્રના નામાભિધાનના પરીક્ષણથી જણાય છે કે વિષયલક્ષી શીર્ષકો કરતાં દેવતાસૂચક અને શ્લોકસંખ્યા સૂચક શીર્ષકોની સંખ્યા વધારે છે.

## (૩) સ્તોત્રનું મંગળાચરણઃ

ભારતીય કાવ્યપરંપરા ગ્રંથારંભે મંગલાચરણની અનિવાર્યતા સ્વીકારે છે. તેથી સ્તોત્રના આરંભે ઈષ્ટદેવતા કે ગુરુવંદનારૂપ મંગલાચરણનું પાલન થયું જ હોય એ સ્વાભાવિક છે. આવા વિધાન દ્વારા ભક્તકવિ દેવતાને નમસ્કાર કરે છે, દેવતાનું શરણ સ્વીકારે છે કે પોતાનો યાચનાભાવ વ્યક્ત કરે છે. 'મુકુન્દમાલા'નો આરંભ કુલશેખર મુકુન્દવંદનાથી કરે છે, તો વેદાંતર્દશિક 'શ્રીસ્તુતિ'માં લક્ષ્મીના શરણે જઈ સ્તોત્ર આરંભે છે. સિધ્ધસેન દિવાકર, બાણભટ્ટ, માનતુંગ વગેરે ઈષ્ટ દેવતાના ચરણને વંદન કરી કાવ્યારંભ કરે છે. યામુનાચાર્ય, રામાનુજાચાર્ય અને વેદાંતદેશિક જેવા પ્રારંભમાં ગુરુવંદન કરી સ્તોત્રનો આરંભ કરે છે.

આમ સ્તોત્રોના મંગલાચરણમાં મુખ્ય ચાર બાબતો હોય છે. દેવ-નમસ્કાર, ચરણનમસ્કાર, યાચના અને ગુરુવંદના.

## (૪) સ્તોત્ર-કવિની નમ્રતાઃ

પરમેશ્વર તો અનંત ગુણોનો સાગર છે. ક્યાં તેમનો અપરંપાર મહિમા અને ક્યાં કવિની અલ્પવિષય મતિ? મન અને વાણીથી પર એવા પરમેશ્વરની સ્તુતિ કરવાની પોતાની અસમર્થતા-અલ્પજ્ઞતા દર્શાવી કવિ પોતાની નમ્રતા પ્રગટ કરે છે. ઈષ્ટદેવતા પ્રત્યેની ભક્તિ અને અખૂટ શ્રદ્ધા તેને કેવળ પરમાત્માની પ્રસન્નતા માટે સ્તુતિગાન કરવા વાચાલિત કરે છે.

તીર્થંકર ભગવાનની સ્તુતિ માટે તૈયાર થયેલ કવિને પોતાની પ્રવૃત્તિ જળમાં ચંદ્રના પ્રતિબિંબને પકડવાનો પ્રયત્ન કરતા નાદાન બાળક જેવી લાગે છે.[૯] આવો જ ભાવ અનુભવીને સિદ્ધસેન દિવાકર પોતાની પામરતા કે વાચાળતાને પંખીના સ્વતઃ કલરવ તુલ્ય માને છે.[૧૦] ભગવાન શિવનો મહિમા તો અપરંપાર છે. તેમનું વર્ણન અલ્પબુદ્ધિથી કેવી રીતે શક્ય બને![૧૧] અપૌરુષેય વેદાદિ ગ્રન્થોથી પણ જેમનો મહિમા અનિર્વચનીય રહ્યો છે, તેવાની સ્તુતિ કરતાં ભક્ત-કવિ મુગ્ધતા અનુભવે છે. પરંતુ ભગવાનનું ભક્ત પ્રત્યેનું નિર્વ્યાજ વાત્સલ્ય જ તેને બળપૂર્વક મુખરિત કરે છે.[૧૨] દેવોથી પણ અવર્ણનીય કૃષ્ણની પ્રશંસા કરતાં કવિ કહે છેઃ ''હે ભગવાન્! વાગ્દેવી, બ્રહ્મા કે દેવોએ પણ તારા વર્ણનમાં જડતા ધારણ કરી, ત્યાં અમારા જેવી મરણશીલ અને પામરમતિ વ્યક્તિઓનું તો પૂછવું જ શું? છતાં દેવો દ્વારા ઉપહાર પ્રાપ્ત કરનાર તને પણ જેમ સુદામાએ વિસ્વાદુ તાંદુલ અર્પ્યા હતા. તેમ લજ્જાશીલ બનેલો એવો હું પણ, આપની કર્કશ વાણીથી સ્તુતિ કરું છું.''[૧૩]

'રઘુવંશ'ના આરંભે કવિ કાલિદાસે જેવી નમ્રતા વ્યક્ત કરી છે, તેવી નમ્રતા પ્રાયઃ દરેક સ્તોત્રકવિ પોતાની કૃતિમાં એક-યા બીજા સ્વરૂપે પ્રગટ કરે છે.

## (૫) નિશ્છલ આત્માભિવ્યક્તિઃ

આરાધ્યદેવતાની સ્તુતિ માટે તૈયાર થયેલ ભક્તિભાવપૂર્ણ કવિ આરાધ્યના ગુણ મહિમા અને સર્વસર્મથતાના સંદર્ભમાં, પામરતા કે દીનતા અનુભવે છે. તેથી તે આત્મદોષના એકરારપૂર્વકનો દૈન્યભાવ નિશ્છલ રીતે અભિવ્યક્ત કરે છે કે કવચિત્ પોતાની ભૂતકાલીન ભૂલો કે આચરેલી દુર્જનતા બદલ પ્રાયશ્ચિત કરે છે. પરમાત્મા એને મન જગતસ્વામી છે, જ્યારે પોતે તો દાસ બનવાને પણ યોગ્ય નથી. આથી દાસતાની યાચના સાથે તે તેમને શરણે જાય છે અને પોતાનું સર્વસ્વ એમના ચરણમાં સમર્પી ધન્યતા અનુભવે છે, નિશ્ચિંત બને છે. ભક્તકવિ પોતાને બાળકતુલ્ય માની પરમપિતા ઈષ્ટદેવ પ્રતિ વાત્સલ્ય અને આસક્તિપૂર્ણ ભક્તિનિષ્ઠા દાખવે છે. તેની આસક્તિ માત્ર દેવતા પરત્વે જ નહિ, દેવતા સાથે સંબદ્ધ સર્વ પદાર્થો પણ એને પ્રિય થઈ પડે છે. આવી પ્રબળભાવનાઓના પ્રકાશન દ્વારા કવિ પોતાનું ભાવવિભોર હૈયું દૈવીતત્ત્વ સમક્ષ ખુલ્લી કિતાબની જેમ ધરી દે છે. સ્તોત્રોમાં નિરૂપતિ આવી ભાવનાઓનાં કેટલાંક ઉદાહરણો નીચે પ્રમાણે છે.

પ્રત્યેક સ્તોત્રમાં કવિ પોતાનાં પાપ, દોષ, પામરતા, અસહાયતા કે અધમસ્થિતિનું માર્મિક નિરૂપણ કરીને આરાધ્ય દેવતાની કૃપા યાચવા યુક્તિપૂર્વક પ્રયાસ કરે છે. અપરાધક્ષમાપન - સ્તોત્રોમાં આ ભાવના પ્રમુખ હોય છે. કેટલાંક ઉદાહરણો નોંધપાત્ર છેઃ

સ્તોત્રકવિ જીવનભર આચરેલ દુષ્કૃત્યોના વિચારથી આરાધ્ય સમક્ષ લજ્જિત થાય છે. તે પોતાને 'અજ્ઞાનવારિધિ-ધુરધંર' અને 'અકિંચનસાર્વભૌમ' માને છે.[૧૪]

જગતમાં એક પણ એવું નિદ્ય કર્મ નથી, જે તેણે ન આચર્યું હોય. એવા એકરારપૂર્વક કવચિત્ ભક્તકવિ 'સ્તોત્ર' દ્વારા કરુણ રુદન કરે છે, સ્વજાતને ધિક્કારે છે.[૧૫] એક કવિ પોતાને પામીશિરોમણિ માની દેવતાને વીનવે છેઃ 'હે ભગવાન, તારી ક્ષમાવૃત્તિ અપરિમિત છે. જગતના લોકોનાં એ પાપ તારી એ વૃત્તિ માટે પર્યાપ્ત નથી. હું જ એક એવો પાપી છું જેનાથી એ તૃપ્તિ થઈ શકે તેમ છે.'[૧૬] પોતાના અધમ ચરિતનું નિરૂપણ કરતાં ભક્ત કહે છેઃ હે માતા ગંગા! પૃથ્વી ઉપર જેનો ઉદ્ધાર કરવામાં તીર્થો પણ લજ્જિત થાય છે અને શિવાદિ દેવો પણ કાને હાથ દઈ દે છે એવા મને પવિત્ર કરનારી તું દેવો અને તીર્થોના પાપનાશના ગર્વનું ખંડન કરે છે.[૧૭] વ્યાકુળ કવિ અંતે પોકારે છેઃ હે ભગવાન, તારો ચરણસેવાનો રસપ્રવાહ મારાં દુષ્કર્મોના દાવાગ્નિ અને દુઃખ ક્યારે સમાવશે?[૧૮] વળી એક કવિ, પોતાના ગત જીવનની દુર્દશા પર અશ્રુ સારતાં કહે છેઃ 'શિશુઓ સાથે ખેલવામાં મારું શૈશવ ચાલી ગયું, લલનાઓ સાથે સેંકડો કામક્રીડાઓમાં યુવાની સમાપ્ત થઈ ગઈ અને વિષયરૂપી મૃગતૃષ્ણાથી વાર્ધક્ય પણ જીર્ણ બની ગયું છે. દુર્ગુણી એવા મેં તારું કદાપિ ચિંતન પણ ન કર્યું, જિહ્વાથી તારો યશ ન ગાયો, શ્રુતિ દ્વારા તારું શ્રવણમધુર નામ પણ ન સાંભળ્યું અને નયનથી તારું દર્શન પણ ન કર્યું. તો હે માતા! આ દુસ્તર ભવસાગર મારાથી કેવી રીતે તરાશે? મારી શી દશા થશે.'[૧૯]

## (૬) સ્તોત્રમાં ભક્તિ-માહાત્મ્યઃ

ભક્તકવિને મન તો આરાધ્ય દેવતા જ માતા, સ્વામી કે પ્રિયતમ છે. ભક્તનું દિલ ભક્તિભાવથી ઉભરાય છે. એની દૃષ્ટિએ જીવનનું સાફલ્ય તો ઈષ્ટદેવની આરાધના કે ભક્તિમાં જ છે. કર્મ અને જ્ઞાન કરતાં તે તો ભક્તિને જ ઉચ્ચતર માને છેઃ 'હે ભગવાન! તારાં શ્રવણ, દર્શન, પૂજન ઈત્યાદિ તો કર્યાં, પણ હૃદયમાં ભક્તિભાવ ધારણ ન કર્યો. પરિણામે હું જગમાં દુઃખી થયો. સાચે જ ભાવ વિનાની ક્રિયા નિષ્ફળ થાય છે.'[૨૦] ભક્તકવિ તો આરાધ્ય-આરાધક વચ્ચે માતા-પુત્રનો વાત્સલ્યપૂર્ણ સંબંધ સ્થાપે છેઃ 'હે માતા, આપત્તિમાં હું તારું જ સ્મરણ કરું છું. ભૂખ્યાં તરસ્યાં બાળકો માતાની પાસે જ જાય છે. કરોડો અપરાધ કર્યા હોવા છતાં માતા તેમની ઉપેક્ષા કરી શકતી નથી.'[૨૧] ભક્ત તો આરાધ્ય ભગવાન પ્રત્યે હંમેશ નિશ્ચલ ભક્તિની જ કામના સેવે છે.

ભક્તને તો પરમાત્મા પ્રત્યે જ આસક્તિ હોય છે. તે હંમેશાં દેવતાના ચરણે રહેવા ઝંખે છે. માતા દ્વારા ક્રોધપૂર્વક તિરસ્કૃત બાળક માતાના ચરણોને છોડી શકતું નથી. તેમ ભક્ત ભલે તિરસ્કૃત કે ધિક્કાર પાત્ર બન્યો હોય, છતાં સદૈવ દેવતાનું સાંનિધ્ય જ વાંચ્છે છે.[૨૨] દેવતાના અમૃતઝરતા ચરણમાં આસક્તભક્ત બીજું તો કેવી રીતે ઈચ્છે! સાચે જ રસસભર કમળ હોય ત્યારે ભ્રમર શેરડીના સાંઠા તરફ નજર પણ કરતો નથી.[૨૩] ભક્ત તો વાત્સલ્યભાવે દેવતામાં જ માતાનું સ્વરૂપ નિહાળે છે.: ''પિતાની જેમ તારા સ્વામી અપરાધી એવા મારા પ્રત્યે ક્રુધ્ધ થાય છે. પરંતુ આ શું છે? જગતમાં કોણ નિર્દોષ છેઃ એવું કહીને તું અમારાં પાપ તારા સ્વામી દ્વારા ભૂલાવી દે છે. તેથી જ તો તું અમારી માતા છે.''[૨૪] માત્ર આરાધ્ય દેવતા જ નહિ, તેમની સાથે સંબદ્ધ સ ર્વ પદાર્થો પણ કવિને મન આસક્તિજનક થઈ પડે છે, જ્યારે દેવતાનાં સંપર્ક વિનાની ઉત્તમ વસ્તુ પણ તેને રુચિકર બનતી નથી.[૨૫]

## (૭) સ્તુત્ય દેવતાની પ્રપતિ અને આત્મસમર્પણ :

સ્તોત્રકવિને મતે દેવતા જ શરણ્ય છે. તે તો ભગવાનનો દાસ છે. તે હંમેશ પરમાત્માનું જ શરણ શોધે છે, બીજાનું નહિ, તેને મન દેવતાના ચરણારવિંદ જ સર્વને માટે અનન્ય આશ્રયસ્થળ છે. દૈવી તત્ત્વની કૃપા વિના તો તે નિરાધાર છે. પછી તે કોનું શરણું શોધે.[૨૬] ભક્ત તો ઈષ્ટ દેવતાનો અનન્ય શરણાગત છેઃ 'હું ધર્મનિષ્ઠ નથી, આત્મવેત્તા નથી, ભક્તિમાન નથી, પણ અકિંચન છું, આત્મગતિ છું. તેથી તમારા ચરણે જ શરણે આવું છું. હું જે કંઈ છું અથવા મારું જે કંઈ હોય તે બધું જ ખરેખર તારું છે. તું જ પિતા, માતા, દયિત, પુત્ર, પ્રિયમિત્ર, ગુરુ અને જગતની ગતિ છે. હું તો તારો સેવક કે પરિજન છું, તારો જ શરણાગત છું.'[૨૭] આવા નિરૂપણમાં વૈષ્ણવી ભક્તિની પ્રપત્તિ અનુભવાય છે.

કવિનું મન તો વૃંદાવનવિહારી, સૌંદર્યનિકેતન કૃષ્ણનું શરણ લેવા આતુર છે. તેના પ્રાણનાથ તો પરમાત્મા છે. તે તો પ્રેમલક્ષણાભક્તિમાં જ તન્મય બને છેઃ હું તો પરમાત્માના ચરણોમાં સમર્પિત થયો છું. ભલે તેઓ મને ભેટે કે કચડી દે અથવા મારાથી દૂર જાય. ભલે ગમે તે કરે. મારા પ્રાણનાથ તો તે જ છે. બીજા કોઈ નહિ. દેવતાનો આશ્રય લઈ તે નિશ્ચિંત બને છેઃ તું રક્ષા કરે છે તો અન્ય રક્ષકોનું શું કામ છે! અને જો તું રક્ષા ન કરે તો પણ અન્ય રક્ષકોથી શું? આવો નિશ્ચય કરી હંમેશ હું તારો જ આશ્રય લઉં છું![૨૮] પરમાત્માના ચરણોમાં સમર્પિત ભક્ત પોતાની સર્વ ચિંતાઓનો ભાર તેમના શિરે નાખીને હળવો બને છેઃ પરલોક મેળવવાની કામનાવાળા કેટલાક લોકો પરોપકારી અને કેટલાક પરમાત્મા બને છે. પરંતુ હે માતા, બંને લોકનો ભાર હંમેશ માટે તારા ઉપર નાખીને આ જગન્નાથ તો સુખેથી સૂતો છે.[૨૯] પુષ્ટિસંપ્રદાયનાં સ્તોત્રોમાં તો સર્વત્ર દાસતાની જ ભાવના સુંદર રીતે વ્યક્ત થઈ છે.[૩૦] ભક્તનું ભાવુક દિલ તો વિવિધ રીતે રાધા-કૃષ્ણની સેવા કરવા તલસે છેઃ ''જન્મ, મરણ, બંધન, મોક્ષ વગેરેનું યથેચ્છ ફળ આપનાર એક માત્ર તું જ 'પ્રભુ' છે અને હું તો તારો દાસ છું; તેથી તારે જે કરવું હોય તે કર.''[૩૧] ભક્તના દિલનો આવો ધ્વનિ પ્રાયઃ સ્તોત્રોમાં સંભળાય છે.

## (૮) 'સ્તુત્ય' અને 'સ્તુતિકર્તા'ની એકરૂપતા :

ભક્ત-ભગવાન વચ્ચેનો સંબંધ તો વિલક્ષણ છે. ભક્તકવિ આરાધ્ય પરમાત્માનાં ગુણગાન કરતી વખતે ક્યારેક ભાવસમાધિ - પ્રેમસમાધિમાં લીન બને છે. એવી ભાવુક સ્થિતિમાં ભક્ત સર્વથા તે દેવતામાં જ તન્મય બની અદ્વૈતનો આનંદ માણવા તલસે છે. આરાધ્ય અને આરાધક બંને વચ્ચેનું અંતર ભક્તકવિ સમજતો હોવા છતાં, એવી ભાવુક સ્થિતિમાં અંતર ભૂલાઈ જાય છે. સ્તોતા, સ્તુત્ય અને સ્તુતિની એકરૂપતા સધાય છે. પોતાનાં મન, વચન, કર્મ અને શરીર આરાધ્યમાં જ લીન બને. આરાધ્યના જ ભૂષણવાળાં બને, એ જ ભક્તની અભિલાષા હોય છે.[૩૨] આવી પ્રેમસભર અવસ્થામાં મર્યાદાનું ઉલ્લંઘન કરીને કવચિત્ સ્તોત્રકાર પરમાત્માને ઉપાલંભ પણ દઈ દે છે. ઉપાલંભ ભક્ત-ભગવાનની એકતાની પ્રતીતિ કરાવે છે. સ્તોત્રકાર તો પરમાત્માને પણ પશુ, કલંકિત કે ચાડિયા ઠરાવવાની ધૃષ્ટતા કરે છેઃ 'હે શિવ! આપ મને જો પશુ માનતા હો, તો આપ જ પશુ (પોઠિયા) પર બિરાજેલા છો; અથવા મને જો કલંકિત માનતા હો તો આપ જ માથે ચંદ્રનું કલંક ધારણ કરો છો. અથવા મને બે જીભવાળો માનતા હો, તો તે તો આપના જ કંઠનું આભૂષણ છે.'[૩૩]

કવિ ગોકુલનાથ તો પોતાના આખા સ્તોત્રમાં વ્યંગ્યાત્મક કે ઉપાલંભપ્રધાન શૈલીમાં ભગવાનને દોષિત ઠરાવે છે. છતાં પ્રકારાન્તરે તેમના મહિમાનાં ગુણગાન કરી દે છે. જેમકે 'હે પરમેશ્વર, મેં સ્વર્ગ-નર્કનાં નિમિત્તરૂપ સર્વ કર્મરૂપી બીજ આપને અર્પણ કરી દીધાં છે.' જો તે બીજ સુખદુઃખાદિ રૂપ ફલ પેદા કરે છે, તો આપણે બંનેએ વહેંચી લેવાં જોઈએ. એ જ ઉચિત છે. છતાં હું જ એકલો શા માટે દુઃખી બન્યો છું?'[૩૪] પોતાના દોષ માટે ભગવાનને ઠપકો આપતા ભક્તની કેવી તર્કપૂર્ણ યુક્તિ! આજ્ઞાપાલક ભક્તને બંધનમાં નાખતા ભગવાનને તે કંજૂસ પણ કહે છે. ક્યાંક ભક્ત કવિ દેવતાની મીઠી મજાક પણ કરતો લાગે છે. 'હે માતા, અત્યાર સુધી તમે કોઈ એવો ભયંકર પાતકી નથી જાણ્યો, જેનો ઉધ્ધાર કરવાથી જગતને અત્યંત વિસ્મય થાય, મારા મનમાં દીર્ઘકાળથી રહેલી એવી કામવાને પરિપૂર્ણ કરવા હું તારી પાસે આવ્યો છું, તો કર મારો ઉદ્ધાર'[૩૫]

## (૯) સ્તોત્રમાં નિરૂપિત દેવતાનું બાહ્ય સ્વરૂપ અને માહાત્મ્ય :

સ્તોત્રમાં ભક્તકવિ ભગવાનની સ્તુતિ કરે છે. પરમેશ્વરનાં નામ, ધામ, રૂપ, ગુણ, પરાક્રમ અને દિવ્ય લીલાનો મહિમા વર્ણવતાં રોમાંચિત થાય છે, કૃતકૃત્ય બનીને ખોવાઈ જાય છે.

સ્તુત્ય દેવનાં સો, એકસોઆઠ કે સહસ્ત્ર નામોના નિર્દેશપૂર્વક રચાયેલાં નામાવલિસ્તોત્રોમાં મુખ્યત્વે નામસ્મરણનો મહિમા રજૂ થયો હોય છે. રામાયણ, મહાભારત અને પુરાણોમાં આવાં અસંખ્ય સ્તોત્રો છે. સ્વતંત્ર કાવ્યશૈલીમાં રચાયેલાં સ્તોત્રોમાં પણ સ્તોત્રકાર ઈશ્વરના નામના સ્મરણ કે કીર્તન દ્વારા તેનો મહિમા ગાય છે.

ભક્તકવિને મન કૃષ્ણનામ તો અમૃતસમું ઔષધ છે, તેના પાનથી નિર્વાણ કે મોક્ષ પમાય છે. તેથી જ તે સદૈવ નામરસાયણનું પાન કરવા ઝંખે છે.[૩૬] પરમાત્માના નામના સ્મરણથી નિર્ધનતા નષ્ટ થાય છે, તત્કાળ સર્વ પાપ અદૃશ્ય થાય છે અને મોક્ષપ્રાપ્તિ થાય છે.[૩૭] તેથી જ સ્તોત્રકાર નામગુણ - સ્મરણ કરતાં જીવન વ્યતીત કરવા ઈચ્છે છે. પોતાની જિહ્વાને 'ગોવિંદ-દામોદર-માધવ'નું રટણ કરવા કહે છે.'[૩૮] દ્વિવર્ણી 'કૃષ્ણ' નામ તો મહાપાતકોનું વજ્ર છે. સંસારના ઉગ્ર વ્યાધિનું સિદ્ધ ઔષધ છે. મિથ્યાજ્ઞાનની રાત્રિના અંધકારને હરનાર સૂર્યબિંબ અને મોક્ષધામનું દ્વાર છે. તેથી જ સ્તોત્રકાર યોગેક્ષેમના નિર્વાણ માટે કૃષ્ણનામરૂપ રસાયણનું પાન કરવાનો બોધ આપે છે.[૩૯] નામ સ્મરણ અને કીર્તનનો મહિમા વર્ણવવા લક્ષ્મીસહસ્ર નામના સ્તોત્રમાં રામાનુજીય કવિ વેંકટાધ્વરીએ એક આખું નામવૈભવ સ્તબક રચ્યું છે.

મોટાભાગનાં સ્તોત્રો વર્ણનપ્રધાન છે. દેવતામાં મનુષ્યાકૃતિનું આરોપણ કરનારી કવિબુદ્ધિ, તેનાં અંગ-ઉપાંગો તેમજ વસ્ત્રાભૂષણના વર્ણન દ્વારા ઈષ્ટદેવતાની કાલ્પનિક રૂપમૂર્તિ સર્જે છે. કેટલાંક સ્તોત્રોની રચના ભક્તો દ્વારા અર્ચનામૂર્તિ સમક્ષ બેસીને પણ કરાઈ છે.

સ્તોત્રોમાં અંગ-ઉપાંગોના સૌન્દર્યવર્ણનની મુખ્ય બે પદ્ધતિઓ દૃષ્ટિગોચર થાય છેઃ (૧) દેહના એક કે અધિક અંગોનું ક્રમરહિત વર્ણન (૨) નખશિખવર્ણન (ક્રમિક વર્ણન)

કેટલાંક સ્તોત્રોમાં દેવતાનાં એક કે અધિક અંગોનું વર્ણન હોય છે. એમાં કોઈ નિશ્ચિત ક્રમ હોતો નથી. બાણભટ્ટ 'ચંડીશતક'માં મહિષાસુરને હણતી દેવીના શક્તિવંત ચરણની વિવિધ રીતે પ્રશસ્તિ કરે છે. સૌર્ય-સ્તોત્રમાં સૂર્યનાં કિરણ,

સૂર્યાશ્વ, સારથિ, અરુણ, સૂર્યબિંબ વગેરેનો પ્રભાવે વર્ણવાયો છે. શંકરાચાર્યના 'ત્રિપુરસુંદરીસ્તોત્ર'માં દેવી ભવાનીનાં અંગોનું લાલિત્યસંપન્ન વર્ણન છે. એક જ અંગના વર્ણન માટે પણ કેટલીકવાર આખું સ્તોત્ર રચાતું હોય છે.

કેટલાંક સ્તોત્ર નખશિખવર્ણન આપે છે. તેમાં દેવતાના ચરણનખથી આરંભી ક્રમશઃ એક પછી એક એમ સર્વ અંગોનું ભવ્ય વર્ણન થયું હોય છે. નખશિખવર્ણનમાં પ્રાયઃ ચરણ, ચરણનખ, જંઘા, જાનુ, ઉરુ, જઘન, કટિ, નાભિ, ત્રિવલિ, રોમાવલી, વક્ષસ્થળ, સ્તન, હસ્ત, અંગુલિ, કંઠ, મુખ, અધરોષ્ઠ, દંત, નાસિકા, નેત્ર, કપાલ, કર્ણ, લલાટ, ભ્રુ, કેશ વગેરેનું તેમજ આ અંગો સાથે સંકળાયેલ વસ્ત્રાભૂષણોનું વર્ણન હોય છે. આમાં બે પ્રકારનાં વર્ણનો હોય છેઃ પાદાદિકેશાન્તવર્ણન અને કેશાદિપાદાન્ત વર્ણન. દેવીના નખશિખવર્ણનવાળાં સ્તોત્રોમાં સૌદર્ય અને શૃંગારનો સમન્વય થયો હોય છે.'

સ્તોત્રકવિ દેવતાના નામ અને અંગોનો જ નહિ, પરંતુ તેનાં નિવાસસ્થાન, કર્મભૂમિ કે આસનનો મહિમા વર્ણવી હર્ષવિભોર બને છે. શંકરાચાર્યને નામે પ્રાપ્ત 'ત્રિપુરસુંદરીસ્તોત્ર'માં શિવપત્ની ત્રિપુરસુંદરીનું નિવાસસ્થાન કદંબવનનું વર્ણન, વેદાંતદેશિકની 'શ્રી સ્તુતિ'માં લક્ષ્મીના આસનરૂપ કમળનું વર્ણન,[૪૧] તથા રૂપગોસ્વામી દ્વારા સંપાદિત 'શ્રી પદ્યાવલી'ના શ્લોક ૧૨૦ થી ૧૨૪માં કૃષ્ણની કર્મભૂમિ મથુરાનગરીનું વર્ણન પ્રાપ્ત થાય છે.

દેવતાના અંગવર્ણનનો મુખ્ય હેતુ રૂપ કે સૌન્દર્યના ચિત્રણનો છે. દેવતાનું રૂપવર્ણન કરતાં કવિ થાકતો નથી. કવચિત્ તે અતિશયોક્તિ અને કલ્પનાનો સહયોગ લે છે. સ્તોત્રકવિની દૃષ્ટિએ ઈષ્ટદેવતા સૌન્દર્યનિધિ છે. તેના જેવું સૌન્દર્ય અન્ય ક્યાંય નથી. આનું કાવ્યાત્મક કારણ કવિ કલ્પે છેઃ 'હે જિનેન્દ્ર, આપના દેહની રચના જે પુદ્ગલોથી થઈ છે, તે પુદ્ગલ સંસારમાં એટલાં જ હતાં. જો અધિક હોત, તો આપના જેવું રૂપ અન્યનું હોત. વાસ્તવમાં આપના જેવું સુંદર પૃથ્વી પર કોઈ નથી.'[૪૨] સૂર્યમંડળનું સુંદર શબ્દચિત્ર આલેખવા કવિ સૂર્યનું રૂપાત્મક વર્ણન કરે છેઃ 'પ્રાતકાળે જગતના અલંકારસ્વરૂપ, તપ્ત સુવર્ણની ઉજજવળ ક્રાન્તિયુક્ત પર્વતને પદ્મરાગમણિ સદૃશ બનાવનાર, ભ્રમરસમૂહથી આકાશનીલકમળના પરાગકેશરપુંજરૂપ, કાલસર્પના મણિસ્વરૂપ અને દિવસના મસ્તકે રહેલ મહાનરત્નસ્વરૂપ સૂર્યમંડળ આપની રક્ષા કરે.'[૪૩]

સ્તોત્રમાં દેવતા સાથે સંકળાયેલ વસ્ત્રાભૂષણ, આયુધ, ચિહ્નો વગેરેનું પણ વર્ણન હોય છે. નખશિખવર્ણનવાળાં સ્તોત્રોમાં તો આવું વર્ણન હોય છે, પરંતુ અન્ય સ્તોત્રોમાં પણ આવાં વર્ણનો પ્રાપ્ત થાય છે. જેમ કે 'વાંકડિયા વાળ, રત્નજડિત મુકુટ, કુંડળ, બાજુબંધ, કંકણ અને ઘુઘરીઓવાળા શ્યામસુંદરને હું ભજું છું.'[૪૪] માત્ર આયુધ કે આભૂષણોનું વર્ણન કરતાં પણ સ્તોત્રો રચાયાં છે.

સ્તોત્રમાં દેવતાનાં કાર્યો, પ્રસંગો, દશાવતાર ઈત્યાદિનું નિરૂપણ થયેલું જોવા મળે છે. માતૃચેટના 'અધ્યર્ધ્ધશતક' અને હેમચંદ્રાચાર્યના વીતરાગસ્તવ (શ્લોક ૫, ૧૨)માં હિંસ્રોના મુખમાંથી પોતાની જાતના ભોગે પણ પ્રાણીઓની રક્ષા કરતા કરુણાર્દ્ર બુદ્ધ અને જિનેન્દ્રના ચરિતનો નિર્દેશ છે. સોમેશ્વરના 'રામશતક'માં જન્મથી આરંભી અયોધ્યામાં પુનરાગમન સુધીના રામના જીવનના બનાવોનું ક્રમબદ્ધ વર્ણન છે. રામપાણિવાદના 'શિવશતક'માં શિવનું તાંડવનૃત્ય, ત્રિપુરદહનની કથા, દક્ષયજ્ઞ, શિવ-પાર્વતી વિવાહ વગેરેનું ચિત્રણ છે. વેંકટાધ્વરીના 'લક્ષ્મીસહસ્ર'માં લક્ષ્મી-વિષ્ણુનું જીવનવૃત્ત સવિસ્તર નિરૂપિત થયું છે.

## (૧૦) ઈષ્ટદેવતાનું દાર્શનિક સ્વરૂપ :

સ્તોત્રકાર પોતાના ઈષ્ટદેવને પરબ્રહ્મસ્વરૂપ માની, સાંપ્રદાયિક વિશેષતાઓના સ્પર્શ સાથે દેવતાના દાર્શનિક કે તાત્ત્વિક સ્વરૂપનું પ્રતિપાદન કરે છે. પરમતત્વ તો એક જ છે, પછી ભલે તેનાં નામ-રૂપ ભિન્ન ભિન્ન હોય. હેમચંદ્રાચાર્ય કહે છે. 'જે તે સંપ્રદાયમાં, જે તે પ્રકારે તું જે હોય તે ભલે હોય, પરંતુ જો તું નિર્દોષ છે, તો એ બધા રૂપમાં તે ભગવાન, છેવટે તું એક જ રૂપ છે.' મયૂર કવિ સૂર્યશતકમાં કહે છેઃ 'સૂર્ય ભગવાન તો યોગીઓ દ્વારા જ જ્ઞાનગમ્ય, નશ્વર હોવા છતાં નિત્ય, સમીપસ્થ છતાં દૂરસ્થ, પ્રત્યક્ષ છતાં પરોક્ષ, વિસ્તીર્ણ છતાં અણુરૂપ તેમ જ તીવ્ર હોવા છતાં મોક્ષના હેતુરૂપ છે.'[૪૫] શંકરાચાર્યના મતે શ્રીકૃષ્ણ પરબ્રહ્મસ્વરૂપ છે.[૪૬] ભટ્ટનારાયણના 'સ્તવચિન્તામણિ', જગધ્ધરભટ્ટના 'સ્તુતિકુસુમાંજલિ' અપ્પયદીક્ષિતના 'પંચરત્નસ્તુતિ', રામપાણિવાદના 'શિવશતક' ઈત્યાદિ સ્તોત્રોમાં શૈવસિદ્ધાન્ત પ્રમાણે શિવના તાત્ત્વિક સ્વરૂપનું નિરૂપણ થયું છે. મધ્યકાલીન વૈષ્ણવ અને શૈવ સંપ્રદાયનાં સ્તોત્રો દાર્શનિકતાથી સભર છે. રામાનુજીય સ્તોત્રકારો પોતાનાં સ્તોત્રોમાં વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્ત પ્રમાણેનું બ્રહ્મસ્વરૂપ વર્ણવે છે.

## (૧૧) સ્તોત્રમાં ભક્તહૃદયની યાચનાઃ

સ્તોત્રમાં પ્રાર્થના કે યાચનાનો અંશ હોય છે. ભક્તકવિ સ્તુત્યદેવ પર અતૂટ શ્રદ્ધા રાખીને પોતે કરેલા પાપોની ક્ષમા યાચે છે; તો ક્યાંક ઘોર વિપત્તિમાં પોતાની રક્ષા કરવા વિનવે છે. ક્યાંક ઇષ્ટની દયા કે કરુણાની કામના કરે છે, ક્યાંક પ્રભુના મનોહર રૂપનાં દર્શન માગે છે. ક્યાંક સેવક બનીને ઇષ્ટનું સાંનિધ્ય યાચે છે, તો ક્યાંક મોક્ષની ઈચ્છા વ્યક્ત કરે છે. આમ વિવિધ યાચનાઓ કરે છે. આવી યાચનામાં ભક્તહૃદયની પામરતા પ્રગટે છે. સ્તોત્ર-કવિઓની યાચનાઓમાં કેટલાંક દૃષ્ટાંત અહીં પ્રસ્તુત છેઃ

ભક્તકવિ ઈષ્ટદેવ સમક્ષ પોતાનાં દૂષણો કે અપરાધાનું નિષ્કપટ નિવેદન કરી ક્ષમા યાચે છે. 'દેવ્યપરાધક્ષમાપન', 'શિવાપરાધક્ષમાપન', 'દત્તાત્રેયાપરાધક્ષમાપન' વગેરે સ્તોત્રોમાં આ ભાવ કેન્દ્રવર્તી છે.

રક્ષાની યાચના બે પ્રકારની છેઃ વ્યક્તિગત અને સમષ્ટિગત. સમષ્ટિગત યાચના આશીર્વાદાત્મક હોય છેઃ જેમાં આવા દેવ આપની રક્ષા કરે એવી નિરૂપણ શૈલી હોય છે. 'સૂર્યશતક', 'ચંડીશતક', 'વક્રોકિતપંચાશિકા' વગેરે સ્તોત્રોમાં આવી શૈલીના પ્રયોગ દ્વારા અન્ય માટે રક્ષાયાચના થઈ છે. સ્તોત્રકાર પોતાની રક્ષા પણ યાચે છે. અપાર સાગરમાંથી રક્ષા કરવા શંકરાચાર્ય કૃષ્ણને વિનંતી કરે છે.[૪૭] યમરાજના વિકરાળ મુખના દર્શનના ભયથી, આ દેહ પંચત્વ ન પામે, ત્યાં સુધી રક્ષા કરવા કવિ જાણે પોકારે છે.

ઈષ્ટદેવનું સ્વરૂપ તો અચિંત્ય છે. તેથી સ્તોત્રકવિ તેમની પાસે માત્ર કૃપા યાચે છેઃ ક્યાંક કવિ યુક્તિપૂર્વક દયાની ભિક્ષા માગે છેઃ 'તારા સિવાય હું અનાથ નથી અને મારા સિવાય તું દયાળુ નથી. વિધિનિર્મિત આ અન્વય છેઃ તેથી હે ભગવન્, મારી રક્ષા કર, ત્યાગ ન કર.'[૪૯] કરુણતાભરી વાણી હૃદયસ્પર્શી બની રહે છેઃ હે કરુણાસાગર પ્રિયતમ! આ અયોગ્ય માણસ ઉપર પણ અવશ્ય કૃપા કરો. મુખમાં અંગુઠો ઘાલીને આ જીવ આર્તસ્વરે વિલાપ કરી રહ્યો છે, આથી હે સ્વામી, કરુણાનો એક નાનકડો કણ અવશ્ય ફેંક. અતિમંદબુદ્ધિ હું, ક્રદંન કરતો, દીનવાણીમાં

આપને પ્રાર્થું છું કે આપ કરુણાપૂર્ણ હૃદયથી મારા ઉપર કરુણાની એક નાનકડી લહરી અવશ્ય રેલાવી દો.[૫૦] જગન્નાથની 'કરુણાલહરી', વેદાંતદેશિક કૃત 'દયાશતક' જેવાં સ્તોત્રો તો શીર્ષકાનુસાર દયાયાચનાને જ કેન્દ્રવર્તી બનાવે છે.

ભક્તકવિ પોતાના ઈષ્ટદેવ પાસે પોતાનાં પાપ, તાપ, અજ્ઞાનના નાશ માટે પ્રાર્થના કરે છે. વાદિરાજના 'પ્રાર્થનદશક'ના બધા જ શ્લોકોમાં દેવ પાસે કોઈને કોઈ યાચના કરવામાં આવી છે. આચાર્ય ચૈતન્ય 'જગન્નાથાષ્ટક'માં પ્રભુને પ્રાર્થે છેઃ 'આ અસાર સંસાર હરી લે, પાપોની હારમાળા હરી લે. પંડિત જગન્નાથ 'સુધાલહરી'માં તાપ, પાપ અને અજ્ઞાન નષ્ટ કરવા સૂર્યને વિનંતી કરે છે.'

સ્તોત્રકવિને મન ભક્તિ જ સર્વસ્વ છે. તેથી સ્તોત્રમાં ભક્તકવિ આરાધ્ય પાસે કેવળ ભક્તિની કામના રાખે છે. કવિ કુલશેખર 'મુકુન્દમાલાના શ્લોક ૧૧માં ભગવાન પાસે ભક્તિરૂપી નૌકાની જ યાચના કરે છે. આચાર્ય ચૈતન્ય 'શિક્ષાષ્ટક'ના શ્લોક-૮માં કહે છેઃ 'હું ધન, જન, સુંદરી કે કવિતાની કામના રાખતો નથી, પણ પ્રતિજન્ય નિર્વ્યાજ ભક્તિની જ યાચના કરું છું.' વેદાંતદેશિક 'વરદરાજ પંચાશત્'માં કહે છે કે 'હે વરદરાજ, તારામાં ભાવથી બંધાયેલા વ્યક્તિ મોક્ષની કામના પણ છોડી દે છે.'[૫૧] પંડિત જગન્નાથ ગંગાલહરીના શ્લોક-૬માં કહે છે કે માતા ગંગાના અમૃતથી પણ વધારે મધુર જળનું પાન કરનાર માણસોનો આનંદ મોક્ષમાર્ગને પણ હસી કાઢે છે.

ભક્તકવિ પોતાના આરાધ્યના દર્શનની પ્રબળ ઈચ્છા સ્તોત્રમાં વ્યક્ત કરે છે. શંકરાચાર્ય દેવીને સંબોધીને કહે છે કે આપનું કૃપાકટાક્ષયુક્ત દર્શન મને સત્વરે આપો.[૫૨] ચૈતન્યાચાર્ય કહે છેઃ 'હું રાજ્ય, કનકમાણિક્યવૈભવ તેમજ સુંદર વધૂ યાચતો નથી. સદૈવ જગન્નાથ મારા દૃષ્ટિમાર્ગમાં રહે.'[૫૩] રૂપ ગોસ્વામીકૃત 'કાર્પણ્યપંજરિકા સ્તોત્ર'ના શ્લોક ૨૮ થી ૪૨માં અત્યંત દીન વચનોમાં કૃષ્ણ-રાધાના દર્શનની ઝંખના વ્યક્ત થઈ છે.

ભક્ત તો સદૈવ દેવતા પાસે સેવક રૂપે રહેવા ઝંખે છે. આચાર્ય યામુનાચાર્ય કહે છેઃ હે મહેશ, ક્રોધથી તરછોડવામાં આવેલું બાળક જેમ માતાના ચરણોને છોડતું નથી તેમ તું મારો તિરસ્કાર કરે, તો પણ હું તારા ચરણકમળ છોડવા સમર્થ નથી.[૫૪]

ભક્તકવિ પોતાના આરાધ્ય પાસે પોતાના પતિત, પાપી જીવની મુક્તિયાચના કરતો હોય છે. જગન્નાથની 'ગંગાલહરી'નાં ઘણાં પદોમાં મોક્ષ-ઉદ્ધારની યાચના હૃદયસ્પર્શી છે. વેદાંતદેશિક સ્તોત્રરત્નના શ્લોક-૨૫માં ચાતુર્યપૂર્ણ ઉદ્ધારની યાચના કરે છેઃ હું સર્વ દુઃખો સહન કરીશ, પણ હે નાથ, તારે શરણે આવેલાઓનો પરાભવ તને અનુરૂપ નથી.

### (૧૨) સ્તોત્રાન્તે ફલકથનઃ

પૌરાણિક અને તાંત્રિક સ્તોત્રોના ઉપસંહારાત્મક શ્લકોમાં સ્તોત્રપાઠનું ફળ બતાવવામાં આવ્યું હોય છે. આ પ્રથા સ્વતંત્ર કાવ્યશૈલીમાં લખાયેલાં સ્તોત્રોમાં પણ જળવાય છે; જેમ કે આ સ્તોત્રમાલિકા કંઠે ધારણ કરવાથી મોક્ષરૂપ લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. (ભક્તામરસ્તોત્ર, શ્લોક-૪૮) સૂર્યશતકના મનોયોગપૂર્વકના પાઠથી પાપમુક્તિ તેમજ આરોગ્ય, સત્કવિત્વ, બુદ્ધિ, અતુલબળ, આયુષ્યવૃદ્ધિ, ઐશ્વર્ય ઈત્યાદિની પ્રાપ્તિ સૂર્યકૃપા દ્વારા થાય છે

(સૂર્યશતક-૧૦૧). ક્યાંક કવિ વિનયપ્રકાશન દ્વારા સ્તોત્રનો ઉપસંહાર કરે છે, જેમકે 'હે નાથ, તારા ગુણો અક્ષય છે, જ્યારે મારી શક્તિ ક્ષયશીલ છે. તેથી લંબાણના ભયને લીધે વિરમું છું, નહિ કે સ્તુતિજન્ય તૃપ્તિને લીધે.'[૫૫]

સામાન્યતઃ પ્રત્યેક શિષ્ટ-સ્તોત્રમાં ઉપર્યુક્ત લક્ષણો વત્તી-ઓછી માત્રામાં દૃષ્ટિગત થાય છે. સ્તોત્રનાં આવાં બંધારણીય લક્ષણો કહેવાય.

**'સ્તોત્ર'ના પ્રકાર :**

સંસ્કૃત સાહિત્યમાં સ્તોત્રકાવ્યના અનેક પ્રકાર અસ્તિત્વમાં આવ્યા. સ્તોત્રકાવ્યનાં ઉદ્ભવ, વિકાસ અને સ્વરૂપના પર્યાલોચનના આધારે એમ કહી શકાય કે સ્તોત્રના મુખ્ય ભેદ નીચે પ્રમાણે છે.

**(૧) યુગાનુસારી સ્તોત્ર :**

સમયને આધાર માની સ્તોત્રોનું વિભાજન કરી શકાયઃ (૧) વૈદિક સ્તોત્રો, (૨) પૌરાણિક સ્તોત્રો (૩) તાંત્રિક સ્તોત્રો, (૪) શિષ્ટકાલીન સ્વતંત્રકાવ્યશૈલીયુક્ત સ્તોત્ર.

**(૨) ઈષ્ટદેવતાનુસારી સ્તોત્ર :**

**(અ) હિન્દુ દેવતાઓને લગતાં સ્તોત્રો**

(૧) શૈવસ્તોત્રો - શિવ, ગણપતિ, કાર્તિકેય ઈત્યાદિનાં સ્તોત્રો શૈવસ્તોત્ર કહી શકાય.

(૨) વૈષ્ણવ સ્તોત્ર - વિષ્ણુ અને તેમનાં અવતારી રૂપો તેમજ સીતા, રાધા લક્ષ્મી ઈત્યાદિનાં તથા તેમના સ્વરૂપોને વર્ણવતાં સ્તોત્રોને વૈષ્ણવ સ્તોત્ર કહી શકાય.

(૩) શાક્ત સ્તોત્ર - દેવી શક્તિનાં વિવિધ સ્વરૂપોનાં સ્તોત્રો શાક્ત સ્તોત્ર કહેવાય.

(૪) સૌર્ય સ્તોત્ર - સૂર્યને લગતાં સ્તોત્રો.

(૫) નવગ્રહસ્તોત્ર

(૬) નદીસ્તોત્ર

(૭) તીર્થસ્તોત્ર

(૮) ગુરુસ્તોત્ર

**(બ) જૈન સ્તોત્ર**

ચોવીસ તીર્થંકરોને ઉદ્દેશી લખાયેલાં સ્તોત્રો.

(ક) બૌદ્ધસ્તોત્ર (ગૌતમ બુદ્ધને ઉદ્દેશીને લખાયેલાં.)

## (૩) વિષયાનુસારી સ્તોત્રો :

સ્તોત્રના વિષયને અનુલક્ષીને સ્તોત્રોનું વર્ગીકરણ કરી શકાયઃ

(i)માનસપૂજાસ્તોત્ર (ii) એકાંગી વર્ણનસ્તોત્ર

(iii) નખશિખવર્ણનસ્તોત્ર (iv) મહિમન્સ્તોત્ર

(v) અપરાધક્ષમાપનસ્તોત્ર (vi) રક્ષાસ્તોત્ર (કવચ, વર્મ, પંજરિકા વગેરે)

(vii) લહરીસ્તોત્ર (viii) પ્રાતઃ સ્મરણસ્તોત્ર

(IX) પ્રપતિ, ન્યાસસ્તોત્ર (X) નામાવલિસ્તોત્ર

(XI) આયુધસ્તોત્ર (XII) અંજલિસ્તોત્ર

વિષયાનુસારી સ્તોત્રોનું ભક્તિપ્રધાન, દર્શનપ્રધાન અને શૃંગારપ્રધાન એવું પણ વર્ગીકરણ થઈ શકે.

## (૪) પદસંખ્યાનુસારી સ્તોત્ર.

(૧) પંચક (૨) ષટ્ક (૩) અષ્ટક (૪) દશક (૫) વિંશિકા (૬) દ્વાત્રિંશિકા (૭) ષટ્ત્રિંશિકા (૮) પંચાશત્ (૯) શતક (૧૦) અધ્યર્દ્ધશતક (૧૧) ચતુઃશતક (૧૨) પંચશતી (૧૩) સહસ્ર.

આમ સ્તોત્રની પદસંખ્યા અનુસાર વર્ગીકરણ કરી, નામાભિધાન કરાય છે.

## (૫) ગદ્યસ્તોત્રઃ

ગદ્યસ્તોત્રોનું દંડક અને ચૂર્ણક એવાં નામે મળે છે. આવાં સ્તોત્રો ખૂબ જ ઓછી સંખ્યામાં મળે છે.

## (બ) સ્તોત્રકાવ્યઃ વિકાસની પરંપરા :

## (૧) સંસ્કૃત સ્તોત્રકાવ્યઃ ઉદ્ભવની પૃષ્ઠભૂમિઃ વૈદિક સૂક્તોઃ

સ્તોત્ર તો આર્યભૂમિની પ્રાચીનતમ કે આદિ કવિતા છે. 'આદિકવિતા' શબ્દ પ્રયોગ એ સંદર્ભમાં છે કે જો ઋગ્વેદને વિશ્વનો પ્રાચીનતમ ગ્રંથ સ્વીકારીએ, તો કહી શકાય કે આ સ્તોત્રકવિતા વિશ્વમાં પ્રાયઃ સર્વપ્રથમ ભારતીય ભૂમિ પર અંકુરિત થઈને સમયના જળસિંચનથી વિકસિત થઈ. સ્તોત્રકાવ્ય આર્યના ઋષિની પ્રથમ અભિવ્યક્તિ છે, એમ કહી શકાય.

વિશ્વના સર્જનકાળથી માનવ અને પરમતત્ત્વ પરમાત્મા વચ્ચે વિલક્ષણ રાગાત્મક સંબંધ બંધાયો છે. એની ઝાંખી વેદાદિ અતીવ પ્રાચીનતમ કૃતિઓમાં થાય છે. હાર્દિક રાગાત્મક સંબંધમાંથી નીપજેલું વાણીરૂપ તે સ્તોત્ર.

ભક્ત કવિ આરાધ્ય દેવના પ્રત્યે ચકિત બનીને પોતાના ભાવ-ભાવના-સભર હૃદયોદ્‌ગાર વાણી દ્વારા પ્રગટ કરતો રહ્યો છે. આ અનાયાસ હૃદયોદ્‌ગાર જ સ્તોત્રનિર્માણનું અંગીભૂત તત્ત્વ છે.

પરમ તત્ત્વ કે દૈવી તત્ત્વો પ્રત્યેના આવા ભક્તિસભર ઉદ્‌ગાર સ્તોત્ર-સર્જનનું પ્રધાન સોપાન છે. સ્તોત્ર મનુષ્ય હૃદયનો પ્રથમ ઉદ્‌ગાર છે. આપણો પ્રાચીનતમ ગ્રંથ 'ઋગ્વેદ' આની સાક્ષી પૂર છે. 'ઋગ્વેદ' મહદંશે સ્તોત્ર સંગ્રહનું રૂપ વ્યક્ત કરે છે, તેથી કહી શકાય કે સંસ્કૃત સાહિત્યનો શુભારંભ સ્તોત્ર-સાહિત્યથી થાય છે. વેદ એટલે મંત્રોનો સમુચ્ચય. વૈદિક મંત્ર અને સ્તોત્ર સ્તુતિવિધાનપરક છે. વેદના મંત્રો ગેય, છંદોબધ્ધ અને સ્તવનમૂલક છે. 'સ્તોત્ર' શબ્દ સર્વપ્રથમ ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે.[૫૬] સ્તોત્ર અર્થવાચી બીજા બે શબ્દો 'સ્તોમ' અને 'उक्थ' મળે છે.[૫૭] ઋગ્વેદનાં ઘણાંખરાં સૂચનો સ્તુત્યાત્મક છે. સૂક્તની ઋચાઓથી વૈદિક ઋષિ યજ્ઞપ્રસંગે દેવતાનું આવાહન કરે છે, અને દેવતાનાં અંગ, રૂપ, અને કાર્યના વર્ણન સાથે પોતાની કામનાઓની અભિવ્યક્તિ કરે છે. એમાં ઉત્તરકાલીન સ્તોત્રકાવ્યનાં પ્રારંભિક લક્ષણો દૃષ્ટિગોચર થાય છે. વેદ મહદંશે પ્રાકૃતિક તત્ત્વોનું દૈવીકરણ કરી તેમના પ્રત્યે પોતાની હૃદયની ભાવનાઓ સ્તોત્રના માધ્યમથી પ્રગટ કરે છે.

ઋગ્વેદના પ્રત્યેક સૂક્તમાં કવિ આરાધ્ય દેવતાનાં અંગ, રૂપ અને ગુણનું વર્ણન કરવાનું ચૂકતો નથી. એ સ્તોત્રકાવ્યનું સામાન્ય  લક્ષણ છે. ઈન્દ્રનાં અંગ ઉપાંગો જેવાં કે મસ્તક, ભૂજાઓ, શરીર, ઉદર વગેરેનાં વર્ણનો સૂક્તોમાં પ્રાપ્ત થાય છે.[૫૮] મરુતના સ્વરૂપનું વર્ણન કરતાં કવિ કહે છે કે તેમના સ્કંધ ઉપર વિશિષ્ટ આયુધ, બન્ને ભૂજાઓનાં શત્રુસંહારક શક્તિ, શિર પર મુકુટ અને રથ પર ધ્વજ શોભે છે. (ઋગ્વેદ - ૫-૫૭-૬) પૂર્વ દિશામાં પ્રગટ થતી ઉષા કવિની નજરે સદ્યસ્નાતા આભૂષણમંડિત સુંદરી છે.[૫૯] ઉષાની સ્તુતિઓમાં ઋષિઓની સૌન્દર્યદષ્ટિ અને મોહક કલ્પના દૃષ્ટિગોચર થાય છે. ઈન્દ્રનાં સ્વરૂપવર્ણન અને ગુણકીર્તનનાં સ્તોત્રોમાં ભક્તિનું આરંભિક સ્વરૂપ લક્ષિત થાય છે. ઈન્દ્રના પરાક્રમોના ઉલ્લેખ સાથે કવિ તેમની અપ્રતિમ શક્તિનો એવો મહિમા વર્ણવે છે,[૬૦] જે પૌરાણિક સ્તોત્રોની ભૂમિકા બની રહે છે. દેવતાનો અપરંપાર મહિમા બતાવવો એ સ્તોત્રનું લક્ષણ છે, જે આવાં કેટલાંક વૈદિક વિધાનોમાંથી અનુભવી શકાય છે.

આરાધ્ય દેવતાનાં અંગ-ઉપાંગોનું વર્ણન એ સ્તોત્રકાવ્યનું સામાન્ય લક્ષણ છે, જે વૈદિક સ્તોત્રમાં સર્વત્ર દેખાય છે. જો કે વર્ણનમાં કોઈ નિશ્ચિત ક્રમ કે વ્યવસ્થા દેખાતાં નથી. આહવાન સમયે જે તે દેવતા સ્તોતાને મન સર્વોત્કૃષ્ટ બની રહે છે. જેમકે આરાધન સમયે કવિને સર્વ દેવોમાં અગ્નિ સર્વોત્કૃષ્ટ જ્ઞાની અને અનન્ય પ્રતીત થાય છે.[૬૧] અન્ય દેવો કરતાં ઈષ્ટદેવની અનન્યતા એ પાછળના શિષ્ટકાલીન સ્તોત્રકાવ્યનું પ્રધાન લક્ષણ વૈદિક સ્તોત્રોમાં અંકુરિત થયેલું દેખાય છે.

વરુણનાં સ્તોત્ર કાવ્યતત્ત્વ અને ભક્તિભાવથી રચાયાં છે. એમાં સ્તુતિકર્તાનું હૃદય અપરાધની ભાવનાથી દ્રવીભૂત થઈ જાય છે અને પોતાના અપરાધની ક્ષમાયાચના કરે છે.[૬૨] અજ્ઞાનવશ દેવતાના કર્મમાં રહી ગયેલી ત્રુટિ અને દેવતાના જાણે-અજાણે થયેલા અપરાધો બદલ પોતાની હિંસા ન કરવા કવિ વરુણને પ્રાર્થે છે.[૬૩] આવાં નિવેદનોમાં સ્તુતિકારની માનસિક વ્યગ્રતા વ્યક્ત થઈ છે. વરુણને તેઓ કરુણામૂર્તિ માને છે. વરુણ સર્વજ્ઞ હોવાથી મનુષ્યનાં પાપો અને અપરાધોને જાણે છે. તે અપરાધ સ્વીકારનારને માફી પણ આપે છે. ઉત્તરવર્તી સ્તોત્રસાહિત્યમાં ઈષ્ટ દેવતા પાસે અપરાધોની ક્ષમાયાચના, મહત્ત્વનું લક્ષણ બની રહે છે.

વૈદિક કવિ અગ્નિને માતા-પિતા અને પોતાને પુત્ર સમજે છે. (ઋ ૬-૧-૫) દેવી ઉષાને કવિ માતા માનીને તેની પાસે પુત્રવત્ સ્નેહની અભિલાષા રાખે છે.[૬૪] ઋષિને મન ઈન્દ્ર જ માત્ર મિત્ર છે અને તેની મિત્રતામાં જ સુખની પ્રાપ્તિ થાય છે. (ઋ. ૬-૪૪-૧૦,૧૧) અનેક સૂક્તોમાં કવિ દેવતાને પોતાના અપરાધથી ક્રુધ્ધ થયા સિવાય પોતાની સાથે મિત્રતા સ્થાપિત કરવા કહે છે. ઉત્તરવર્તી વૈષ્ણવ સ્તોત્રકાવ્યોનો અતિ પ્રસિદ્ધ 'સખ્યભાવ' આમ છેક વેદયુગમાં કંઈક અંશે પ્રતીત થાય છે.

પોતાની પામરતાનો અને દેવતાની ઉચ્ચતાનો વૈદિક કવિને ખ્યાલ છે. તેથી ઈન્દ્ર અને વરુણનાં સૂક્તોમાં દાસ્યભાવ અને આત્મનિવેદન સાહજિક રીતે વ્યક્ત થયાં છે, જે સ્વતંત્ર સ્તોત્ર કાવ્ય-પરંપરામાં લક્ષણ તરીકે વિકસ્યાં છે. વૈદિક સૂક્તોમાં ઉત્તરવર્તી વૈષ્ણવ સ્તોત્રોની પ્રપત્તિ-ભાવનાનું આદિ સ્વરૂપ દેખાય છે. વૈદિક સ્તોત્રમાં ધર્મ અને કાવ્યનો સમન્વય થયો છે. ઘણાંખરાં સૂક્તોમાં સ્થુળ અને ઐહિક સુખ-સંપત્તિની યાચના જ સ્તોત્રનું મુખ્ય પ્રયોજન હોય તેવું લાગે છે. તે યાચનાભાવ ઉત્તરવર્તી સ્તોત્રોમાં વિકાસ પામ્યો છે.

'અથર્વવેદ'માં આશીર્વાદાત્મક પૌષ્ટિક સૂક્તો, પુત્રોત્પત્તિ અને સંતાનરક્ષા માટેનાં સૂક્તો ઈત્યાદિ મળે છે. આમાંથી પ્રેરણા લઈ પૌરાણિક યુગમાં કવિઓએ કવચ-સ્તોત્રોના સર્જનનો આરંભ કર્યો. પ્રાયશ્ચિત સૂક્તોમાં અપરાધના પ્રાયશ્ચિતનું વિધાન હોય છે. સ્તોત્રકાવ્યનું એક આવશ્યક લક્ષણ છે - ઈષ્ટદેવતા સમક્ષ અપરાધનો એકરાર અને પ્રાયશ્ચિત. એનું આરંભિક રૂપ અથર્વવેદનાં આવાં સૂક્તોમાં જોઈ શકાય છે.

સ્તોતવ્ય દેવ પ્રત્યે અનન્ય પ્રપત્તિ, દેવતાનું ઉદાત્ત અને ભવ્ય મહિમાગાન, અને પોતાના કષ્ટોના નિવારણ માટે આર્જવપૂર્ણ પ્રાર્થના જેવાં પરવર્તી સ્તોત્રકાવ્યનાં લક્ષણો વૈદિક સૂક્તોમાં અનેક સ્થળે પ્રાપ્ત થાય છે. ઈન્દ્ર અને વરુણનાં સૂક્તોમાં દાસ્યભાવ અને આત્મનિવેદન સહજ રીતે વ્યક્ત થયાં છે. ભાવસંવેદના અને ઉત્તમ કાવ્યકલાને કારણે ઋગ્વેદનાં અનેક સૂક્તો ઊર્મિકાવ્યોનાં મનોરમ ઉદાહરણ બન્યાં છે. તેથી ભક્તિ, દર્શન અને કાવ્યતત્ત્વનો સુભગ સમન્વય ધરાવતાં વૈદિક સૂક્તોમાંથી સંસ્કૃત સ્તોત્રકાવ્યનો ઉદ્ભવ માનવામાં કશું અનુચિત નથી. બીજા શબ્દોમાં એમ પણ કહી શકાય કે વૈદિક-મંત્રોની પૃષ્ઠભૂમિ પર સ્તોત્રકાવ્ય-પ્રકાર ધીરે ધીરે અસ્તિત્વમાં આવે છે.

## (૨) ઈતિહાસ-પુરાણ અને તંત્રનું સ્તોત્ર-સાહિત્ય :

ખાસ કરીને ઋગ્વેદનાં સૂક્તોમાં સ્તોત્રકાવ્યનું આરંભિક સ્વરૂપ કેટલેક અંશે લક્ષિત થાય છે. વૈદિક ઋષિઓની ભક્તિમાં કર્મકાંડની પ્રધાનતા હોવાથી તેમાં ક્યાંક માધુર્યનો અભાવ વર્તાય છે. ઈતિહાસ-પુરાણકાળમાં કર્મકાંડ પ્રત્યે ઉપેક્ષા થતાં ભક્તિનો ઉદય થયો. ધાર્મિક માન્યતાઓ બદલાતી ગઈ. નવાં દેવ-દેવીઓનું માહાત્મ્ય સ્વીકારાયું. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની સર્વોપરિતાના સ્વીકાર સાથે તેમના અવતારોની ઉપાસના શરૂ થઈ. પૌરાણિક પંચાયતનમાં સૂર્ય, ગણેશ, દેવી, શિવ અને વિષ્ણુનો સમાવેશ થયો. વિવિધ સંપ્રદાયો અસ્તિત્વમાં આવતાં તત્સંબંધી દેવ-દેવીઓ, નદીઓ, તીર્થસ્થાનો અને સ્થાનદેવતાઓ ઉપાસનાનો આધાર બન્યાં. આ યુગના કવિઓમાં કૃત્રિમતાને સ્થાને ભાવના મુખ્ય બની. લૌકિક સમૃદ્ધિના સ્થાને પારલૌકિક જીવનની સમૃદ્ધિ પ્રાપ્ત કરવાની ઝંખના ઉદાય પામી. વૈદિક યુગોમાં જોવા ન મળતો શરણાગતિ-ભાવ અને આર્તનાદ સ્તોત્રમાં વણાઈ જવાથી સ્તોત્રકાવ્યોની ભાવાત્મકતામાં વૃદ્ધિ થઈ.

પૌરાણિક સ્તોત્રમાં વિભિન્ન દેવતાઓનાં સ્વરૂપ, કાર્ય, ગુણકીર્તન અને માહાત્મ્યનું ભાવકતાપૂર્ણ વર્ણન પ્રાપ્ત થાય છે. આ જ 'ભાવ' ઉતરવર્તી સાહિત્યમાં 'ભક્તિરસ' રૂપે પરિણત થયો. વેદયુગની આરંભિક સ્થૂળ ભક્તિ અને ઉત્તરવર્તી પૂર્ણપરિષ્કૃત ભક્તિના સંયોજક તરીકે પુરાણકાલીન સ્તોત્ર મહત્ત્વપૂર્ણ બની રહે છે. ભારતીય ભાષાઓનો ભક્તિકાળ પુરાતાકાલીન સાહિત્ય પર પ્રતિષ્ઠિત થયો.[૬૫]

ભારતીય સાહિત્યના મધ્યકાલીન ભક્તિરસનો મૂળ સ્રોત પૌરાણિક સ્તોત્ર-સાહિત્ય છે. વૈદિક કર્મકાંડના સ્થાને હાર્દિક પ્રેમ અને શ્રદ્ધાથી સમન્વિત આરાધનાપદ્ધતિ પ્રબળ બની. એમાં ભાવુક ભક્તના હૃદયનું સ્પંદન વર્તાય છે. પુરાણો સામાન્યતઃ જનસમાજનું સાહિત્ય ગણાય છે. પરિણામે વૈદિક સ્તોત્ર કરતાં પૌરાણિક સ્તોત્રો ભાષા શૈલીની મધુરતાની સરળતા સાથે ભાવમાધુર્ય લઈને આવે છે. પુરાણોમાં ભક્તકવિની ભક્તિવિષયક તેમજ વેદાંતજ્ઞાનની વિચારધારાઓનો એવો કાવ્યાત્મક સંયોગ સધાય છે કે જે સ્તોત્રને ક્રમશઃ ઉચ્ચતર ભૂમિકાએ લઈ જાય છે.[૬૬]

પુરાણ-સાહિત્યનો મુખ્ય સ્તોત્ર પ્રકાર આઠ કે નવ શ્લોકમાં રચાયેલાં અષ્ટકો છે. વામનપુરાણમાં અચ્યુતાષ્ટક, મત્સ્યપુરાણમાં પ્રમયાગાષ્ટક, સ્કન્દપુરાણમાં પ્રદોષસ્તોત્રાષ્ટક, અને શીતલાષ્ટક પદ્મપુરાણમાં સરસ્વત્યાષ્ટક અને સંકટનામાષ્ટક, ગણેશપુરાણમાં ગણેશાષ્ટક વગેરે અષ્ટક પ્રકારના સ્તોત્રો છે. પુરાણોનાં કેટલાક કવચ-સતોત્રો જાણીતાં છે. સ્કદપુરાણના બ્રહ્મોત્તરખંડમાં 'શિવકવચ' મળે છે, તો ભાગવતપુરાણના સ્કંધ ૬ થી ૮માં અતિ લોકપ્રિય 'નારાયણકવચ' તો કવચોમાં શિરોમણિ સમું છે. માર્કણ્ડેય પુરાણનું દેવીકવચ, ગણેશકવચ તથા બ્રહ્માંડ પુરાણનું 'શ્રીહનુમાનકવચ' અને તુલસીકવચ જાણીતાં છે. 'કવચ' દ્વારા કવિ ઈષ્ટદેવ પાસે રક્ષાની યાચના કરે છે.

ઘણાંખરાં પૌરાણિક સ્તોત્રો નામાવલિ પ્રકારનાં છે. ઈષ્ટદેવતાનાં જુદાં જુદાં નામોનો એમાં નિર્દેશ છે. આમાં ૮, ૧૦, ૨૫, ૧૦૦, ૧૦૮, ૧૧૦ કે ૧૦૦૦ નામો દ્વારા ઈષ્ટદેવની સ્તુતિ કરાય છે. જેમકે અષ્ટનામ સ્તોત્ર જેવાં કે 'ગણેશનામાષ્ટક' (બ્રહ્મવેવર્ત પુ.), વિષ્ણોરષ્ટનામસ્તોત્ર (વામન પુ.) વગેરે, જ્યારે વિષ્ણોઃશતનામસ્તોત્ર (વામન પુ.) 'શતનામ' પ્રકારનું સ્તોત્ર છે. વળી ગંગાસહસ્રનામ સ્તોત્ર (સ્કંદ પુ.), સૂર્યસહસ્રનામસ્તોત્ર (ભવિષ્યોત્તર પુ.) વગેરે સહસ્રનામવાળાં સ્તોત્રો છે. આવાં સ્તોત્રોમાં ઈષ્ટદેવ કે દેવીનાં વિભિન્ન નામોની જાણે હારમાળા રચાય છે.

પુરાણસાહિત્યમાં અનેક નોંધપાત્ર સ્તોત્રો જોવા મળે છે. જેમકે ભવિષ્યોત્તરપુરાણમાં કૃષ્ણાર્જુનસંવાદમાં ૧૭૦ શ્લોકોમાં 'આદિત્યહૃદયસ્તોત્ર'માં સાહિત્યિકતા અને ધાર્મિકતાનો સુભગ સમન્વય સધાયો છે.[૬૭] પુરાણની શક્રાદિસ્તુતિ લોકપ્રચલિત છે. સ્કદપુરાણનું 'શિવમહિમ્નસ્તોત્ર' મહિમા-સ્તોત્રોની પરંપરાનો નિર્દેશ કરે છે. ભાગવત પુરાણમાં વિષ્ણુના અવતારોને લગતાં સ્તોત્રો નોંધપાત્ર છે. જેવાં કે 'મત્સ્યસ્તોત્ર', ઉપજાતિમાં 'કૂર્મસ્તોત્ર', વંશસ્થવિલમાં 'વરાહસ્તોત્ર' અને વસંતતિલકા છંદમાં વામનસ્તોત્ર તથા ભિન્ન ભિન્ન છંદમાં રચાયેલું 'નૃસિંહસ્તોત્ર' વિશિષ્ટ શૈલીનાં છે. આ ઉપરાંત વિભિન્ન પુરાણોમાં નવગ્રહસ્તોત્રો પણ ઉપલબ્ધ થાય છે.

પંચાયતન દેવોનાં અસંખ્ય સ્તોત્રો પુરાણોમાં પ્રાપ્ત થાય છે. પ્રત્યેક પુરાણમાં વિભિન્ન દેવ-દેવીઓનાં અનેક સ્તોત્રો ઉપલબ્ધ થાય છે. 'સ્તોત્ર' તો મહાપુરાણનું એક લક્ષણ બની રહે છે.

## તંત્રસાહિત્યમાં સ્તોત્ર :

તાંત્રિક સિદ્ધાંતો અને રહસ્યને સ્પષ્ટ કરવાં એ તંત્રગ્રન્થોના સ્તોત્રોનું મુખ્ય પ્રયોજન હોવા છતાં કેટલાંક સ્તોત્ર કાવ્યાત્મક અને ભાવપ્રવણ બન્યાં છે. રુદ્રયામલતંત્રના ઉમામહેશ્વરસંવાદમાં આવતા 'શિવષડક્ષરસ્તોત્ર'માં નકાર, મકાર, શકાર, વકાર, અને યકારવાળા શિવને અનુક્રમે ન, મ, શિ, વ, ય અક્ષરોથી આરંભાતા શ્લોકો દ્વારા કવિ નમન કરે છેઃ नमः शिवाय। તાંત્રિક સ્તોત્રોમાં સાધક કવિઓની આવી શબ્દક્રીડાઓ મનભર બની રહે છે. ત્રૈલોક્યમંગલ નામના 'સૂર્યકવચ'ના પ્રભાવથી ભૂતપ્રેતાદિ તેમજ અનિષ્ટોનું નિવારણ થાય છે, એવો મહિમા ગાયો છે.[૬૮] નીલતંત્રના 'તારાષ્ટક', શ્રી સિધ્ધેશ્વરીતંત્રના 'દુર્ગાપદુધ્ધારસ્તોત્ર', રુદ્રયામલતંત્રના સરસ્વતીસ્તોત્ર તથા કાર્તિકેયસ્તોત્ર તથા કાલિકાકુલસર્વસ્વનું 'કાલિકાસહસ્રનામસ્તોત્ર' અને 'મહાલક્ષ્મીહૃદય' વિશ્વસારતંત્રનું 'કમલાકવચ', શારદાતિલકનું 'ગણપતિસ્તોત્ર', વિશ્વસારનું 'દુર્ગાસ્તવરાજ', પ્રપંચસારનું 'ત્રિપુરાસ્તવ' વગેરે તંત્રગ્રન્થોમાં ઉલ્લેખનીય સતોત્રો કહી શકાય.

## રામાયણ - મહાભારતનાં સ્તોત્રો :

રામાયણ સંધિકાળની રચના હોવાથી તેમાં પૂર્વવર્તી વૈદિકકાવ્યની વર્ણનાત્મકતાને સ્થાને મનોભાવોનું ચિત્રણ પ્રવેશે છે અને ઉત્તરવર્તી કાવ્યની ગીતાત્મકતાનું પ્રારંભિક રૂપ એમાં અંકુરિત થતું પ્રતીત થાય છે. બહિર્મુખતાને સ્થાને આંતર્મુખતા અને વર્ણનને સ્થાને માનસિક સ્થિતિનું દર્શન રામાયણી સ્તોત્રોમાં થાય છે. વાલ્મીકિ રામાયણનું 'આદિત્યહૃદય' એક પ્રસિદ્ધ સ્તોત્ર છે.[૬૯] એમાં શક્તિસૂચક વિભિન્ન નામો દ્વારા સૂર્યનો મહિમા અગસ્ત્યે ગાયો છે, અને આ સ્તોત્ર શિષ્ટ સંસ્કૃત સાહિત્યનું આદિસ્તોત્ર કહેવાય છે.

પરમાત્માનાં સહસ્રનામ કલ્પીને આરાધનાની એક વિશિષ્ટ પદ્ધતિ અસ્તિત્વમાં આવતાં 'સહસ્રનામ' સ્તોત્રકાવ્ય પ્રકાર બને છે. રામાયણનું 'સીતાસહસ્રનામસ્તોત્ર', મહાભારતનું 'વિષ્ણુસહસ્રનામસ્તોત્ર' અને 'શિવસહસ્રનામસ્તોત્ર' તેનાં ઉદાહરણો છે. સહસ્રનામસ્તોત્રોમાં વિવિધતાને સ્થાને પ્રાયઃ એકવિધતા જ જણાય છે. એમાં ઈષ્ટદેવતા પર સર્વ દૈવી સ્વરૂપો તેમજ શક્તિઓનું આરોપણ કરવામાં આવે છે. મહાભારતના શાંતિપર્વનું ૧૧૩ શ્લોકનું 'ભીષ્મસ્તવરાજ' એક જાણીતું સ્તોત્ર છે. તેમાં બાણશય્યા પર સૂતેલા ભીષ્મ પિતામહે કરેલી કૃષ્ણની સ્તુતિ છે. શ્રીકૃષ્ણના શરણે જઈ રૂપકાત્મક શૈલીમાં કવિ સ્તોત્રરૂપ પરમાત્માને વંદે છે.[૭૦]

રામાયણ-મહાભારતના સ્તોત્રોમાં વૈદિક યુગમાં જોવા ન મળતો શરણાગતિભાવ પ્રથમ વાર અનુભવાય છે, જે ઉત્તરવર્તી સ્તોત્રકાવ્યનું એમાંય સવિશેષ વૈષ્ણવ સ્તોત્રનું મુખ્ય લક્ષણ છે. વૈદિક સ્તોત્રોમાં જોવા મળતી સીધી યાચના હવે હૃદયંગમ બની છે, એ પ્રતીત થયા સિવાય રહેશે નહિ. ઈતિહાસ-પુરાણકાલીન સ્તોત્રકાવ્યના અંતે સ્તોત્રમહિમા કે સ્તોત્રપાઠનું ફળ બતાવવામાં આવે છે. તે આ યુગના સ્તોત્રની એક લાક્ષણિકતા છે, પરંતુ તેમાં ચીલા-ચાલુ શૈલી જોવા મળે છે. વૈદિક સ્તોત્રોમાં ન સંભળાતું કવિનું ક્રંદન હવે મહાભારતમાં સંભળાય છે. તે સ્તોત્રની ભાવાત્મકતામાં અભિવૃદ્ધ કરે છે. રામાયણ મહાભારતમાં સ્તોત્રકાવ્ય વિકાસશીલ દેખાય છે. કેટલાક નવા પ્રકારો અસ્તિત્વમાં આવે છે. શરણાગતિભાવ, આર્તનાદ ઈત્યાદિ ભાવનાઓ હવે પ્રબળ બનતી જાય છે. તે સ્તોત્રના ભાવસૌન્દર્યમાં ઉપકારક બની રહે છે.

## (૩) મહાકાવ્યમાં સ્તોત્ર :

સંસ્કૃત મહાકાવ્યકારોએ તેમની કૃતિઓમાં પ્રસંગાનુરૂપ સ્તોત્રમુક્તકો ગુંથ્યાં છે. આ સ્તોત્ર મહાકાવ્યનો એક ભાગ હોવા છતાં કવિની ઉત્કૃષ્ટ કાવ્યપ્રતિભાનો સ્પર્શ પામીને આસ્વાદી શકાય તેવી કાવ્યકૃતિઓ બન્યાં છે. કાલિદાસના 'રઘુવંશ'ના દશમા સર્ગની 'વિષ્ણુસ્તુતિ', 'કુમારસમ્ભવ'ના બીજા સર્ગમાં દેવો દ્વારા થતી બ્રહ્માસ્તુતિ, ભારવિના 'કિરાતાર્જુનીય'માં અર્જુને કરેલી 'શિવસ્તુતિ', માઘના 'શિશુપાલવધ'ના ચૌદમા સર્ગની ભીષ્મોક્ત 'કૃષ્ણસ્તુતિ' આનાં કમનીય ઉદાહરણો છે. વળી 'રત્નાકર'ના 'હરવિજય' કાવ્યમાં દેવો દ્વારા ૧૬૭ શ્લોકોમાં કરાયેલી 'ચંડીસ્તુતિ' પણ પ્રાપ્ત થાય છે.

મહાકાવ્યોમાંનાં આ સ્તોત્રોમાં આત્મનિવેદનાત્મક ભક્તિ દેખાતી નથી. ભગવાનના તાત્ત્વિક સ્વરૂપનું નિરૂપણ એ મહાકાવ્યોના સ્તોત્રોનો પ્રમુખ વિષય છે. તેમ છતાં એમાં દાર્શનિક સિદ્ધાંતોની જટિલતા કે કલ્પનાની કૃત્રિમતા નથી. વળી આવાં સ્તોત્ર પ્રાચીન સાહિત્યિક સ્તોત્ર પરંપરાનો પણ નિર્દેશ કરે છે.

## (૪) શિષ્ટ સંસ્કૃત કવિઓનાં સ્તોત્રકાવ્યોની વિકાસ-પરંપરા

### પૃષ્ઠભૂમિ:

ઈતિહાસ - પુરાણ તેમ જ તંત્રગ્રન્થોમાં કથાનકના પ્રવાહમાં આવશ્યકતાનુસાર સ્તોત્રોનો સમાવેશ થયો છે. પરંતુ સ્વતંત્ર શૈલીમાં રચાયેલ સ્તોત્રકાવ્યની સુદીર્ઘ પરંપરા પણ પ્રાપ્ત થાય છે. ઈસ્વીસનના આરંભમાં સંસ્કૃત કાવ્ય પુરાણું ખોળિયું તજીને નવીન વસ્ત્રાભૂષણોથી સજ્જ થવા લાગ્યું. યુગાનુસાર કવિઓના દષ્ટિકોણમાં પરિવર્તન થયું. ધર્મોભિમુખ કવિતા જનાભિમુખ થવા લાગી. કવિતામાં સ્થૂળતાને સ્થાને રાગાત્મકતાને પ્રવેશ મળ્યો. જનાભિ-મુખ કવિતા નારીસૌન્દર્યમાં આસક્ત બનતાં, તેને કામિનીના કમનીય રૂપ અને કોકિલકંઠીની મધુર સુરાવલિઓથી પણ સંપન્ન થવું પડ્યું. આ રૂપપરિવર્તન આ યુગનાં સ્તોત્રોમાં લક્ષિત થાય છે.[૭૨]

ઈ. સ. પૂર્વેની પાંચમી-છઠ્ઠી સદીમાં વૈદિક યજ્ઞપ્રધાન અને જ્ઞાનપ્રધાન હિન્દુધર્મના પ્રતિકારમાં બૌદ્ધ અને જૈન ધર્મોનો ઉદ્ભવ થયો. હવે મસ્તિષ્કને બદલે હૃદયને પ્રધાનતા મળતાં હૃદયસંસ્કારની સરળ ધાર્મિક વિચારસરણી પ્રબળ બની. હિન્દુધર્મમાં ભક્તિમાર્ગ પ્રવર્તિત થતાં વિભિન્ન દેવતાઓનાં સ્તોત્રોનું સર્જન વિપુલ પ્રમાણમાં થવા લાગ્યું. નિરીશ્વરવાદી બૌદ્ધધર્મ પણ સ્તોત્રસર્જનમાં બાધક ન બનતાં ઉપકારક બની રહ્યો. બુદ્ધના નિર્વાણ પછી તેમનાં વિવિધ દૈવી સ્વરૂપોની પૂજા-ઉપાસના થવા લાગી અને ઘણાં બૌદ્ધ સ્તોત્રોનું સર્જન થયું. સ્વતંત્ર સ્તોત્ર કાવ્યશૈલીનો પ્રારંભ કરવામાં પ્રાચીન બૌદ્ધ ભિક્ષુ કવિઓ અગ્રેસર છે. હિન્દુ, જૈન અને બૌદ્ધ ત્રણેય સ્તોત્રપરંપરાઓ એક સાથે વિકસતી અને પરસ્પર પ્રભાવિત થતી જોવા મળે છે. બૌદ્ધ સ્તોત્રોમાં અશ્વઘોષની બુદ્ધસ્તુતિ, માતૃચેટનુ ચતુઃસ્તવ, હર્ષવર્ધનનું સુપ્રભાતસ્તોત્ર અતિમહત્ત્વનાં છે.

બૌદ્ધ ધર્મ કરતાં જૈન ધર્મમાં અધિક સ્તોત્રો રચાયાં છે. જેમાં સમન્તભદ્ર રચિત 'સ્વયંભૂ-સ્તોત્ર', સિદ્ધસેન દિવાકરનું 'કલ્યાણ મંદિર' અને માનતુંગાચાર્યનું 'ભક્તામરસ્તોત્ર' જૈન ધર્મનાં અતિ પ્રભાવક સ્તોત્રો છે. જ્યારે બ્રાહ્મણધર્મનાં સ્તોત્રકાવ્યોની અતિ ઉજ્જવલ પરંપરા સંસ્કૃત સાહિત્યમાં જોવા મળે છે. હિન્દુ ધર્મમાં શૈવ, વૈષ્ણવ

અને શાક્ત સંપ્રદાયોને લગતાં અનેક સ્તોત્રો રચાયાં. આદ્ય શંકરાચાર્યના નામે ૩૦૦ સ્તોત્રો ચઢાવવામાં આવ્યાં છે. આ ઉપરાંત ભક્તકવિ પુષ્પદંતનું 'શિવમહિમ્નસ્તોત્ર', ઉત્પલદેવનું 'શિવસ્તોત્રાવલી', ઉપમન્યુકૃત 'શિવસ્તોત્ર' રાવણકૃત 'શિવતાંડવસ્તોત્ર' શિવસ્તોત્રોમાં ઉલ્લેખનીય છે.

વૈષ્ણવ સ્તોત્રની પરંપરામાં દાક્ષિણાત્ય વૈષ્ણવ સંતો - આલવરોની કોટિમાં ગણાવેલા કુલશેખર રચિત 'મુકુન્દમાલા', યામુનાચાર્ય રચિત 'આલવન્દારસ્તોત્ર' તથા વલ્લભાચાર્યકૃત મધુરાષ્ટક, નંદકુમારાષ્ટક, કૃષ્ણાષ્ટક વગેરે જાણીતાં છે. દૈવી સ્તોત્રોમાં બાણભટ્ટનું 'ચંડીશતક', આનંદવર્ધનનું દેવીશતક અને વેંકટાધ્વરી રચિત 'લક્ષ્મીસહસ્રસ્તોત્ર' અગત્યનાં છે.

ઈતિહાસ-પુરાણ તેમજ તંત્રગ્રન્થોમાં કથાનકના પ્રવાહમાં આવશ્યકતાનુસાર સ્તોત્રોનો સમાવેશ થયો છે. પરંતુ શિષ્ટ-સંસ્કૃત કવિઓ દ્વારા રચાયેલાં સ્તોત્રકાવ્યોની તો સુવિકસિત પરંપરા પ્રાપ્ત થાય છે. ઈસ્વીસનના પ્રારંભમાં સંસ્કૃતકાવ્ય પુરાણું ખોળિયું તજીને નવા રૂપે-રંગે સજ્જ થવા લાગ્યું. કાવ્યની ઉપાદાનસામગ્રી સંબંધે કવિઓના દષ્ટિકોણમાં યુગાનુસાર પરિવર્તન થયું. ધર્માભિમુખ કવિતા જનાભિમુખ થવા લાગી. કવિની માનસિક ચેતના બાહ્ય પ્રકૃતિને પૃષ્ઠભૂમિમાં રાખી માનવના અંતઃકરણને સ્પર્શવા લાગી, જેનો અણસાર વૈદિક યુગમાં પણ વર્તાતો હતો. કવિતામાં સ્થુળતાને સ્થાને રાગાત્મકતાને પ્રવેશ મળ્યો. જનાભિમુખ કવિતા નારી-સૌંદર્યના ચિત્રણમાં આસક્ત બનતાં, તેને કમનીય રૂપ અને મધુર સૂરાવલિઓથી પણ સંપન્ન થવું પડ્યું. કવિતાનું આ રૂપપરિવર્તન આ યુગનાં સ્તોત્રોમાં લક્ષિત થાય છે.

હિન્દુ, જૈન અને બૌદ્ધ ત્રણેય સ્તોત્રપરંપરાઓ એક સાથે વિકસતી અને પરસ્પર પ્રભાવિત થતી રહી હોવા છતાં બૌદ્ધ કવિઓની પ્રબળ ભાવાનુભૂતિ બ્રાહ્મણ અને જૈન ધર્મોના કવિઓની અપેક્ષાએ ઊંચા પ્રકારની રહી છે. એની પ્રતીતિ ત્રણેય પરંપરાઓનાં આરંભિક સ્તોત્રો કરાવે છે. એટલું જ નહિ એ પ્રાચીન બૌદ્ધ સ્તોત્રકારોને આદર્શ માનીને ઉત્તરવર્તી કવિઓ સ્તોત્રસર્જન કરે છે. બૌદ્ધોની સ્તોત્રરચનાની પ્રવૃત્તિ માત્ર આરંભિક યુગની જ નથી. પરંતુ એનો મૂળ સ્રોત ઈ. સ. પૂર્વે પાંચમી-છઠ્ઠી સદીની થેર-અને થેરી ગાથાઓ છે. તેમાં ભિક્ષુ અને ભિક્ષુણીઓની વૈયક્તિક અનુભૂતિઓનું માર્મિક પ્રકાશન થયું છે. આ ગાથાઓ ભારતીય ગીત-કાવ્યનાં ઉત્તમ ઉદાહરણો છે.[૭૨] આ ગાથાઓની ભાવ-સમુદ્ધિનું વિકસિત રૂપ આ યુગનાં બૌદ્ધ સ્તોત્રોમાં દષ્ટિગોચર થાય છે.

સ્તોત્રકાવ્ય શૈલીનું બીજારોપણ ઈસુની આરંભિક સદીમાં થયું નથી એમ કહી શકાય નહિ. ભલે કૃતિઓ ઉપલબ્ધ ન હોય, પરંતુ એ નિઃશંક છે કે ઈ.સ.ની પૂર્વે ઘણાં વર્ષોથી સ્તોત્રકાવ્યની અસ્ખલિત પરંપરા અસ્તિત્વમાં હતી. 'ગેય કાવ્યની એક સુસંબદ્ધ અને પ્રબળ પરંપરા ઈ. સ.ની લગભગ અને એનાથી પણ પૂર્વે મોજુદ હતી.'[૭૩]

ઈસ્વીસનની આરંભિક સદી પછી લગભગ પાંચમી-છઠ્ઠી સદી સુધીની બહુ જ થોડીક સ્તોત્રકૃતિઓ ઉપલબ્ધ હોવાના કારણે એ સમય દરમ્યાનનો સ્તોત્રસાહિત્યનો ઈતિહાસ તિથિરાચ્છન્ન છે. ઈ.સ. પૂર્વેથી અસ્ખલિત રૂપે ચાલી આવતી સ્તોત્રપરંપરાનો એ સમયમાં વિચ્છેદ થયો હોય, એવું માની શકાતું નથી. વાસ્તવમાં અન્ય કાવ્ય પ્રકારોની સાથે સ્તોત્રકાવ્યનું પણ વિપુલ પ્રમાણમાં સર્જન થયું હશે, જે કાળના ગર્તમાં લુપ્ત થઈ ગયું છે. હરિષેણની પ્રશસ્તિ અને ગુપ્તકાલીન ઉત્કીર્ણ લેખોની સાહિત્યકૃતિઓ ઉપરથી જણાય છે કે છઠ્ઠા સૈકાથી ઓછામાં ઓછા બસો

વર્ષ પૂર્વે જ એ સાહિત્ય વિકાસ પામી ચૂક્યું હતું.[૭૪] મેકડોનલનું આ વિધાન સાહિત્યિક સ્તોત્રોની પ્રાચીન પરંપરાનો પણ નિર્દેશ કરે છે. અનિશ્ચિતકાલીન પણ વિક્રમની બીજી સદીના ગણાતા જૈનાચાર્ય સમન્તભદ્રની 'સ્તુતિવિદ્યા' (સ્તોત્ર)માં તેમજ અન્ય જૈન સ્તોત્રોમાં પ્રયુક્ત ચિત્રબંધો અલંકારપ્રધાન સ્તોત્રોની પૂર્વકાલીન પરંપરાનો સંકેત કરે છે.

## શિષ્ટ સંસ્કૃત કવિઓનાં પ્રમુખ સ્તોત્રો : સમીક્ષાત્મક પરિચયઃ

શિષ્ટ સંસ્કૃત કવિઓનાં પ્રમુખ અને જાણીતાં સ્તોત્રોનો અહીં કાળક્રમાનુસાર સંક્ષિપ્ત પરિચય આપ્યો છે.

### (૧) અશ્વઘોષ : (ઈ.સ. ૭૮)

બ્રાહ્મણકવિ હોવા છતાં બૌદ્ધ ભિક્ષુ થયેલા અશ્વઘોષના 'બુદ્ધચરિત'ના ૧૭મા સર્ગમાંની બુદ્ધસ્તુતિ અનુપલબ્ધ છે, પરંતુ અશ્વઘોષના નામે 'ગંડીસ્તોત્રગાથા' પ્રાપ્ત થાય છે. તેમાં સ્રગ્ધરા છંદના ૨૯ શ્લોકોમાં બૌદ્ધ સંઘના ઘંટની સ્તુતિદ્વારા આધ્યાત્મિક અનુભૂતિની પ્રેરણા આપવામાં આવી છે. એનું કાવ્યાત્મક મૂલ્ય ભલે નહિવત્ હોય, પરંતુ સ્વતંત્ર સ્તોત્રકાવ્ય તરીકે એને પ્રાચીનતમ કહી શકાય. સ્તોત્રમાં બૌદ્ધ ધર્મની એક ગાથા વણી લેવામાં આવી છે.

### (૨) માતૃચેટ - (ઈ.સ. ૧૦૦)

અશ્વઘોષના અનુયાયીઓમાં સમ્રાટ કનિષ્કના દરબારી કવિ માતૃચેટ આરંભિક સ્તોત્રકારોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. માતૃચેટની બે સ્તોત્રકૃતિઓ પ્રસિદ્ધ છેઃ (૧) ચતુઃશતક (ચારસોપદ) (૧) અધ્યર્દ્ધશતક (૧૫૩ પદ). બંને કૃતિઓ અનલંકૃત શૈલીમાં રચાયેલી પવિત્ર ધાર્મિક કૃતિઓ છે. સાંપ્રદાયિક સંકુચિતતાઓથી આ સ્તોત્ર સંપૂર્ણપણે મુક્ત છે. ગેયતાનું તત્ત્વ સ્તોત્રને વિશુદ્ધ ઊર્મિગીતની કક્ષાએ લઈ જાય છે. અધ્યર્દ્ધશતક ૧૩ વિભાગોમાં રચાયું છે. સરળ શબ્દોમાં માર્મિક ભાવોની અભિવ્યક્તિ આ સ્તોત્રની વિશેષતા છે. માતૃચેટનાં સ્તુતિપદોમાં હૃદયને સ્પર્શ કરવાની ક્ષમતા છે. ગૌતમ બુદ્ધના ઉચ્ચ સિદ્ધાંતોને સુબોધ શબ્દોમાં, સરળ શૈલીમાં પ્રગટ કરવાનું સામર્થ્ય આ સ્તોત્રમાં છે.

### (૩) નાગાર્જુન (અશ્વઘોષ અને માતૃચેટના ઉત્તરવર્તી)

બૌદ્ધ દર્શનની શૂન્યવાદી માધ્યમિક શાખાના પ્રવર્તક નાગાર્જુને બુદ્ધની સ્તુતિમાં રચેલાં ચાર સ્તવ 'ચતુઃસ્તવ' રૂપે પ્રકાશમાં આવ્યાં છે. તિબેટના રૂપાંતરના આધારે ઈ.સ. ૧૯૧૪માં પ્રો. પૂસિને ફ્રેન્સ અનુવાદ સાથે આ સંગ્રહ પ્રગટ કર્યા છે. આ ચાર સ્તવ સંબંધી વિવાદ પ્રવર્તે છે. પ્રો. પૂસિન (૧) નિરૂપમસ્તવ, (૨) લોકાતીતસ્તવ, (૩) પરમાર્થસ્તવ અને (૪) નિરુત્તરસ્તવ બતાવે છે, જ્યારે કેટલાક છેલ્લા બે અચિન્ત્યસ્તવ અને સ્તુત્યતીસ્તવ બતાવે છે. નાગાર્જુને જુદાં જુદાં સ્વતંત્ર સ્તોત્રો રચ્યાં હતાં. પણ પાછળથી કોઈકે એ ચારનો સંગ્રહ કરી 'ચતુઃસ્તવ' એવું નામ આપ્યું છે.[૭૫]

નિરુપમસ્તવ અને લોકાતીતસ્તવ અનુક્રમે ૨૫ અને ૨૬ શ્લોકો ધરાવે છે. પ્રત્યેકમાં બુદ્ધની પ્રશસ્તિ સાથે તેમના સિદ્ધાન્તો અને માધ્યમિક શૂન્યવાદનું શુષ્ક નિરૂપણ છે. નિરૂપમસ્તવના પ્રારંભે કવિ નિરૂપમ બુદ્ધને નમસ્કાર

કરી તેમની વીતરાગતા અને કૃપાત્મકતાનો નિર્દેશ કરે છે.[૭૬] લોકાતીતસ્તવ સ્તોત્રની દૃષ્ટિએ ઉતરતી કોટિનું છે. તેમાં માત્ર ગૌતમે ઉપદેશેલા સિદ્ધાન્તોનું સરળ નિરૂપણ છે.

## (૪) કાલિદાસ - (ઈ. સ. પૂર્વે ૨૦૦ થી ઈ. સ. ૨૦૦)

પ્રાચીનતમ સ્તોત્રકૃતિ તરીકે કાલિદાસનું 'શ્યામલાદંડક' ગણાયું છે. દંડક ગદ્ય અને પદ્યનું મધ્યમ સ્વરૂપ છે. સંસ્કૃતમાં 'શ્યામલા' અને 'કાલી' જેવા દંડકના ભેદ મળે છે. કાલિદાસનું દંડક શ્યામલા પ્રકારનું છે. આ સ્તોત્રના પાંચ પાદ દ્વારા માતંગી દેવીની સ્તુતિ કરાઈ છે. પ્રારંભિક શ્લોકમાં લલિત-મધુર અંગોવાળી માતંગકન્યા (ભવાની)નું સ્મરણ કરાયું છે. સ્તોત્રમાં સર્વત્ર દેવીનાં પ્રલંબ વિશેષણો - સંબોધનોની લયાત્મકતા મોહક બની છે. દેવી માતંગીના નખશિખવર્ણનમાં શૃંગારી ભાવનાઓનો સમાવેશ થયો છે, જે પ્રાકૃત સાહિત્યની 'ગાથાસપ્તશતી'નો પ્રભાવ હોય, એવું પ્રતીત થાય છે.

સંસ્કૃત સ્તોત્ર સાહિત્યમાં દંડક પ્રકારના સ્તોત્રનો આરંભ 'શ્યામલાદંડક'થી થયો છે. જો કે આના કર્તૃત્વ સંબંધી સંદિગ્ધતા પ્રવર્તે છે; કેમકે મહાકવિ કાલિદાસની રચનાઓમાં આ સ્તોત્રકાવ્યની ગણના થતી નથી. આ ઉપરાંત થિયોડોર ઑફ્રેટની સૂચિમાં કાલિદાસના નામે 'અંબાસ્તવ', 'કાલિસ્તોત્ર', 'લઘુસ્તવ', 'ગંગાષ્ટક', 'ચંડિકાદંડકસ્તોત્ર' વગેરેનો ઉલ્લેખ થયો છે. પરંતુ આ બધી કૃતિઓ કોઈ અન્ય કાલિદાસની હશે, એમ મનાય છે. કાલિમાતાના ઉપાસક મહાકવિએ દેવી કાલિકાની સ્તુતિમાં અનેક કૃતિઓ રચી હશે, પરંતુ હાલ તે પ્રાપ્ય નથી.

## (૫) આચાર્ય સમન્તભદ્રઃ (ઈ. સ. બીજી સદી)

સંસ્કૃત સ્તોત્રસાહિત્યના આરંભિક યુગમાં જૈન સ્તોત્રકારોએ પણ સ્તોત્રને લોકપ્રિય કરવામાં નોંધપાત્ર સહયોગ આપ્યો છે. જૈન - પરંપરામાં પ્રાચીન સ્તોત્રકાર તરીકે આચાર્ય સમન્તભદ્રનું નામ જાણીતું છે. તેમણે 'સ્વયંભૂસ્તોત્ર' (૧૪૩ શ્લોક) અને 'સ્તુતિવિદ્યાસ્તોત્ર'ની રચના કરી. 'સ્વયંભૂસ્તોત્ર'નાં પદોની ઋજુતા અને મધુરતા નોંધપાત્ર છે. ભગવાનના ગુણસ્મરણથી મન પાપોથી મુક્ત થાય છે.[૭૭] એવું આચાર્યશ્રીનું કથન છે. 'સ્તુતિવિદ્યા' (જિનસ્તુતિશતક)માં કવિનું કાવ્યકૌશલ પ્રગટ થયું છે. એમાં તીર્થંકરદેવની સો શ્લોકોમાં સ્તુતિ કરાઈ છે.

## (૬) સિધ્ધસેન દિવાકર : (પાંચમી સદી)

સમન્તભદ્રની સાથે જૈનાચાર્ય સિધ્ધસેન દિવાકરનું નામ પણ લેવાય છે. શ્વેતામ્બર અને દિગ્મ્બર બંને પરંપરાઓ આ બે આચાર્યોને માન્ય રાખે છે. સિધ્ધસેન દિવાકરનું 'કલ્યાણમંદિર' પ્રાચીન જૈન સ્તોત્રોમાં અત્યંત લોકપ્રિય છે. આ સ્તોત્રના ઉચ્ચારણથી શિવમૂર્તિમાંથી તીર્થંકરની પ્રતિમા નીકળેલી એવી દંતકથા પ્રવર્તે છે. વૈદર્ભી શૈલીમાં રચાયેલ 'કલ્યાણમંદિર' વસંતતિલકાનાં ૪૪ પદોમાં રચાયું છે. એમાં ભાવોની હૃદયંગમ અભિવ્યક્તિ સ્તોત્રને ઋજુ-મધુર બનાવે છે. પ્રભુગુણ-વર્ણનની અશક્તિના નિરૂપણ સાથે પોતાની વિનમ્રતાનું પ્રકાશન કરતાં કવિ કહે છે કે દિવાંધ ઘૂવડ રવિકિરણનું વર્ણન કેવી રીતે કરી શકે.[૭૮] ભાવાનુરૂપ ભાષાની સરળતા નોંધપાત્ર છે. ભાવોની તીવ્રતા, નિર્મળતા અને ભાષાની નૈસર્ગિક શૈલી કૃતિને વાસ્તવિક સ્તોત્ર બનાવે છે. આજે પણ જૈનધર્માનુયાયીઓ 'કલ્યાણમંદિર'નો નિત્ય પાઠ કરે છે. જૈન સ્તોત્રોમાં આ વિશેષ પ્રભાવક રહ્યું છે.

## (૭) વિદ્યાનંદ પાત્રકેશરી (છટ્ઠી સદી)

જૈન સ્તોત્રોમાં વિદ્યાનંદ પાત્રકેશરી રચિત 'પાત્રકેશરીસ્તોત્ર' પ્રસિધ્ધ છે. એમાં કવિએ ૫૦ પદોમાં ભગવાન મહાવીરની સ્તુતિ કરી છે.

## (૮) આચાર્ય માનતુંગ (સમય અનિશ્ચિત)

જૈનાચાર્ય માનતુંગનો સમય અનિશ્ચિત છે. એક જૈન પરંપરા તેમનો સમય ત્રીજી સદીનો, જ્યારે બીજી પરંપરા પાંચમી સદીથી નવમી સદીનો માને છે. સામાન્યતઃ માનતુંગને બાણભટ્ટના સમકાલીન (સાતમીસદી) માનવામાં આવે છે. ઋષભદેવની પ્રશંસા માટે રચાયેલ તેમનું 'ભક્તામર' પ્રાપ્ત થાય છે. આરંભના શ્લોકમાં કવિ ઋષભદેવની ચરણવંદના કરી પોતાની પામર સ્થિતિનું આલેખન કરે છે. કવિની દૃષ્ટિએ ઋષભદેવ જ પુરુષોત્તમ છે. તેઓ જ બુદ્ધ, શંકર અને વિષ્ણુ છે.[૭૯] રત્નજડિત સિંહાસન પર શોભતા ભગવાન ઉદયાચલ શિખર પર રહેલ સૂર્યબિંબની શોભા ધારણ કરે છે.[૮૦] રૂપવર્ણનની કલ્પનશક્તિનાં દર્શન આવાં માર્મિકપદોમાં થાય છે. તે જોઈને ડૉ. કીથને પણ કહેવું પડ્યું કે માનતુંગ કોઈ નગણ્ય કવિ નથી, પરંતુ કાવ્યશૈલીની બારીકીના વાસ્તવિક આચાર્ય છે. સિધ્ધસેનના 'કલ્યાણમંદિર' અને માનતુંગના 'ભક્તામરસ્તોત્ર'માં અનેક સમાનતાઓ છે.

## (૯) બાણભટ્ટ (ઈસુની છટ્ઠી સદી)

બ્રાહ્મણધર્મની સ્તોત્રાત્મક કવિતાની પ્રારંભિક રચનાઓમાં બાણભટ્ટનું 'ચંડીશતક' શતક પ્રકારનાં સ્તોત્રોની પરંપરાનો સૂત્રપાત કરી પૌરાણિક પંચક - અષ્ટકાદિ સ્તોત્રોને બૃહદ્ બનાવે છે. 'ચંડીશતક'માં શિવપત્ની કાલીસ્વરૂપ ભવાનીની સ્તુતિમાં સ્રગ્ધરા છંદના ૧૦૨ શ્લોક છે. મહિષાસુરનો સંહાર કરવાની દેવીની અપ્રતિમ શક્તિના ગૌરવભાન નિમિત્તે આની રચના થઈ છે.

પોરાણિક સ્તોત્રોમાં દૃશ્યમાન ઈષ્ટદેવતાનું સ્વરૂપવર્ણન 'ચંડીશતક'માં પણ પ્રાપ્ત થાય છે. તેમાં ચંડીના રૌદ્ર સ્વરૂપનુ ભવ્ય આલેખન છે. દેવીએ પોતાના શક્તિસંપન્ન ડાબા ચરણથી મહિષાસુરનો સંહાર કર્યો, પરિણામે ચરણની અદ્ભુત શક્તિનું આલેખન કવિ અનેક રીતે કરે છે.

બાણનું 'ચંડીશતક' 'કલ્યાણમંદિર', 'અધ્યર્દ્ધશતક' 'ભક્તામર' વગેરે જૈન-બૌદ્ધ સ્તોત્રોની મધુરતા નિષ્પન્ન કરી શક્યું નથી. મહાભારત અને પુરાણોમાં મળતી મહિષાસુર-સંહારની કથાને બાણે માત્ર અલંકૃત ગૌડી શૈલીમાં રજૂ કરી છે. આમ છતાં, આ એક સાહિત્યિક-ગુણસંપન્ન એક ઉત્તમ દેવીસ્તોત્ર ગણાયું છે.

## (૧૧) મયૂર કવિ (ઈ.સ. ૬૦૬-૬૪૬)

શતકસ્તોત્ર પરંપરામાં બાણભટ્ટ પછી મયૂર કવિનું 'સૂર્યશતક' આવે છે. શાપ મુક્તિના પ્રયોજનથી મયૂરે 'સૂર્યશતક'ની રચના કરી. પરંપરાગત કથા અનુસાર મયૂરે પોતાની પુત્રીના સૌન્દર્યનું એટલું શૃંગારિક વર્ણન કર્યું કે તેણે ગુસ્સામાં પિતાને કોઢનો શાપ આપી દીધો. કોઢ દૂર કરવા મયૂર 'સૂર્યશતક'ની રચના કરે છે. 'સૂર્યશતક'માં સ્રગ્ધરા છંદના ૧૦૦ શ્લોકો છે. ઉપમા, રૂપક, શ્લેષ, ઉત્પ્રેક્ષા અને વ્યતિરેક વગેરે અલંકારોનો ઉપયોગ થયેલો છે.

મયૂરકવિ બાણના સમકાલીન કોઈ તેમની રચના પર બાણ ભટ્ટની શ્લેષઘના, સમાસબહુલા ગૌડી શૈલીનો પ્રભાવ વર્તાય છે. સૂર્યસ્તોત્રોની પરંપરામાં આ શતકને પ્રથમ હરોળમાં મૂકી શકાય છે. સાહિત્યિક મૂલ્ય ધરાવતી આ એક ઉત્તમ સ્તોત્રકૃતિ છે, એમ કહી શકાય.

## (૧૨) હર્ષવર્ધન (ઈ.સ. ૬૦૬-૬૪૮)

સમ્રાટ હર્ષવર્ધન જીવનના ઉત્તરાર્ધમાં બૌદ્ધ થયેલા, તેમણે બે બૌદ્ધ સ્તોત્રોની રચના કરી છેઃ 'સુપ્રભાતસ્તોત્ર' અને 'અષ્ટમહાશ્રીચૈત્યસ્તોત્ર'. 'સુપ્રભાતસ્તોત્ર' પ્રભાતસ્તોત્રોની પરંપરાનો નિર્દેશ કરે છે. 'સુપ્રભાતસ્તોત્ર' બુદ્ધને સંબોધિત પ્રભાતસ્તુતિ છે. તેમાં માલિની છંદનાં ૨૪ પદ છે. પ્રાપ્ત પુણ્ય અન્યને માટે હિતકારી બને, એવી કામના પ્રાયઃ બૌદ્ધ સ્તોત્રોના અન્તે જોવા મળે છે. તે બૌદ્ધ સ્તોત્રકારોની અનુકરણાત્મક વૃત્તિનું નિદર્શન છે.

## (૧૩) આદિ શંકરાચાર્ય : (ઈ. સ. ૭૮૮-૮૨૦)

આદિ શંકરાચાર્યના યુગમાં જૈન, બૌદ્ધ, સાંખ્ય વગેરે નિરીશ્વરવાદી તેમજ વેદવિરોધી સંપ્રદાયો, શૈવપંથના વજ્રમુખ, કાપાલિક જેવા વિકૃત સંપ્રદાયોનું કલુષિત વાતાવરણ પ્રવર્તતું હતું. આ વાતાવરણને શાસ્ત્રાર્થ દ્વારા ઉચ્છેદી બ્રહ્મજ્ઞાનનો પ્રચાર કરવા શંકરાચાર્યે ઉપનિષદોના તાત્ત્વિક સિદ્ધાંતોને મનોહર રીતે સ્તોત્રમાં ગુંથી લીધા. શંકરના અવતાર સમા આચાર્ય શંકર મુખ્યત્વે શૈવમાર્ગી હોવા છતાં તેમણે ઉપનિષદના નિર્ગુણ જ્ઞાનમાર્ગનો અને તેને અનુકૂળ સગુણ ઈશ્વરની ઉપાસનાનો માર્ગ કંડાર્યો. શંકરાચાર્યે વિભિન્ન દેવ-સ્વરૂપોનાં ભક્તિસભર અનેક સ્તોત્રોની રચના કરી છે. બ્રહ્મનું સ્વરૂપ જાણવા જ્ઞાનની આવશ્યકતા હોય છે. પરંતુ એ સ્વરૂપ જાણ્યા પછી ભક્તિ - ઉપાસના વિના તે પરમતત્ત્વ પ્રત્યે નિર્મળ-નિષ્કામ પ્રેમનો પ્રાદુર્ભાવ શક્ય નથી. એ સત્ય એમનાં સ્તોત્રોમાંથી પ્રગટ થાય છે. પરિણામે તેમનાં સ્તોત્રો બે પ્રકારનાં છે. (૧) ભક્તિપ્રધાન અને (૨) જ્ઞાનપ્રધાન.

લગભગ ૨૦૦ જેટલા સ્તોત્રો શંકરાચાર્યના નામે પ્રાપ્ત થાય છે. જગદ્‌ગુરુ શંકરાચાર્યનાં સ્તોત્રોમાં ભક્તિ અને વેદાંતજ્ઞાનનો મન્વય થયો છે. અદ્વૈત સિદ્ધાંત કે ઉપનિષદીય જ્ઞાનમાર્ગ તેમનાં સ્તોત્રોમાં સરળ ભાષામાં અભિવ્યક્તિ પામ્યો છે. 'ब्रह्म सत्यं जगन्मिथ्या' તત્ત્વને ઓળખી આત્મજ્ઞાન પ્રાપ્ત કરી, બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી બ્રહ્મપદ પ્રાપ્ત કરવાનો વેદાંતી સંદેશ કવિ 'દ્વાદશપંજરિકા સ્તોત્ર'માં આપે છે. આ જ સ્તોત્રના ચતુર્થ પદમાં માયાવી સંસારની નિરર્થકતા નિરૂપિત થઈ છે. 'सर्व खल्विदं ब्रह्म' એ શ્રુતિવચન સાર્થક દલીલ દ્વારા કવિ રજૂ કરે છે. 'ભવાન્યષ્ટક'માં 'गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानी'ના ઉદ્‌ગારોમાં કવિની અનન્ય શરણાગતિ પ્રગટ થાય છે, તો 'દેવ્યાપરાધક્ષમાપન' 'कुपुत्रो जायते कवचिदपि कुमाता न भवति'ના આર્તનાદમાં બાળક જેવી નિર્મળ હૈયાની ક્ષમાયાચના સંભળાય છે. આ ઉપરાંત શંકરાચાર્યના 'વેદાન્તસાર - શિવસ્તવ' 'નિર્વાણાષ્ટક' 'શિવાપરાધક્ષમાપન' 'આનંદલહરી' વગેરે જાણીતાં સ્તોત્રો છે.

આચાર્ય શંકર વેદાંતી હોવા છતાં એમનાં સ્તોત્રોમાં શુષ્કતાને સ્થાને પ્રાસાદિકતા, મધુરતા અને સંગીતની માધુરીની કોમળતા જળવાય છે. પરિણામે તેઓ વાસ્તવિક ગીતકાર અને સ્તોત્રકારનું અગ્રિમ સ્થાન પ્રાપ્ત કરે છે. તેમણે અનેક સ્તોત્ર - પ્રકારોનું ખેડાણ કરીને સ્તોત્રકાવ્યને વ્યાપક સમાજમાં લોકપ્રિય બનાવ્યું.

## (૧૪) મૂકકવિ (શંકરાચાર્યના સમકાલીન અથવા ઉત્તરવર્તી)

આદિ શંકરાચાર્યના સમકાલીન કે તે પછીના મનાતા દ્રવિડદેશીય મૂકકવિનું ૫૦૦ ગેમ પદોમાં રચાયેલું 'પંચશતી' સ્તોત્ર ધાર્મિક ભાવનાની સાથે કામાક્ષી દેવીના સૌન્દર્યવર્ણનમાં શૃંગારિક ભાવનાઓનો સ્પષ્ટ રીતે સમાવેશ કરે છે.

'પંચશતી'માં કાંચીપુરની અધિષ્ઠાત્રી દેવી કામાક્ષીની મનોહારિતાનું વર્ણન છે. આ સ્તોત્ર (૧) કટાક્ષશતક (૨) મંદસ્મિત શતક (૩) પાદારવિન્દશતક (૪) આર્યાશતક અને (૫) સ્તુતિશતક એ શતકપંચક દ્વારા 'પંચશતી' બન્યું છે. કવિએ શિખરિણી, વસંતતિલકા અને શાર્દૂલવિક્રીડિત જેવા છંદમાં એક-એક શતક લખ્યું છે. 'પંચશતી'માં સર્વત્ર મૂકકવિની કલ્પના-શક્તિ અને રૂપક અલંકાર નિરૂપણની ક્ષમતા નોંધપાત્ર છે. સાહિત્યિક ગુણોથી સંપન્ન આ એક પ્રસિદ્ધ સ્તોત્રકૃતિ છે. શતક-સ્તોત્રના પ્રકારને વિસ્તારીને કવિએ પંચશતક પ્રકારનું સ્તોત્ર રચ્યું છે.

## (૧૫) આનંદવર્ધન (નવમી સદી)

શતકસ્તોત્ર કાવ્યની પરંપરામાં કાવ્યશાસ્ત્રીય ગ્રંથ 'ધ્વન્યાલોક'ના કર્તા સુપ્રસિદ્ધ ધ્વનિકાર આનંદવર્ધનનું 'દેવીશતક' આવે છે. પાર્વતીની સ્તુતિમાં લખાયેલ આ સ્તોત્રમાં દેવીની મહત્તા વિવિધરૂપે રજૂ થઈ હોવા છતાં ગૌડી રચનાશૈલીથી સ્તોત્રકાવ્યની મોહકતા અને નૈસર્ગિક ભાવાભિવ્યક્તિનો અભાવ ખટકે છે. 'દેવીશતક'માં આનંદવર્ધનનાં એ રૂપો પ્રગટ થયાં છે - આચાર્ય અને ભક્તિકવિનાં, દેવીને અલંકૃત કરવા કવિએ સાહિત્યિક ઉપકરણોનો પ્રયોગ પ્રચુર માત્રામાં કર્યો છે. તો બીજી બાજુ ભક્તકવિનું હૃદયમાધુર્ય પણ ઘણાં પદોમાં પ્રતિબિંબિત થયું છે. પરિણામે સ્તોત્રકાવ્ય તરીકે 'દેવીશતક' સામાન્ય ભૂમિકા કરતાં કંઈક ઊંચે જાય છે. અનેક સાહિત્યિક કરામતોથી પ્રસ્તુત દેવી-સ્તોત્રમાં પ્રયોજાઈ છે.

## (૧૬) રત્નાકર (ઈસુની નવમી સદી)

'હરવિજય' મહાકાવ્યના કર્તા રાજાનક રત્નાકર કાશ્મીરના રાજા અવંતીવર્મા (ઈ.સ. ૮૫૮-૮૮૪)ના રાજકાળ દરમિયાન વિદ્યમાન હતા. તેમણે વિદ્યાપતિ વાગીશ્વરનું બિરુદ મેળવેલું. તેમનું 'વક્રોકિતપંચાશિકા' શાર્દુલવિક્રીડિત છંદના ૫૦ શ્લોકોમાં રચાયેલું વક્રોકિતસંપન્ન સ્તોત્રકાવ્ય છે. તેમાં શ્લેષ-રચનાથી શિવ-પાર્વતીનો દ્વિ-અર્થી સંવાદ નિરૂપિત છે. 'વક્રોકિત' અલંકારને કેન્દ્રમાં રાખી રચાયેલું આ એક વિશિષ્ટ પ્રકારનું સ્તોત્ર કહી શકાય.

## (૧૭) ભટ્ટનારાયણ - (નવમી સદી)

ભટ્ટનારાયણનું 'સ્તવચિન્તામણિ' અનુષ્ટુપ છંદના ૧૨૦ શ્લોકોમાં રચાયેલું શૈવસ્તોત્ર છે. તેમાં શૈવ શાસ્ત્રોમાં પ્રતિપાદિત ભગવાન શિવના સ્વરૂપનું સ્તુતિપૂર્વક નિરૂપણ થયું છે. પરિણામે સ્તોત્રકાવ્ય કહેવા કરતાં આ દાર્શનિક કાવ્ય કહેવું વધારે ઉચિત છે.

## (૧૮) આચાર્ય ઉત્પલદેવ (નવમી સદી)

કાશ્મીરી શૈવદર્શનની પ્રત્યભિજ્ઞા શાખાના આચાર્ય ઉત્પલદેવરચિત 'શિવસ્તોત્રાવલી'માં શિવની સ્તુતિમાં રચાયેલાં ૨૦ સ્તોત્રો છે. ઉત્પલદેવની અનન્ય શૈવીભક્તિ સ્તોત્રનાં ભાવપ્રધાન પદોના માધ્યમથી સ્પંદિત થઈ છે. શિવના મહિમાવર્ણન સાથે ભક્તિભાવની મહત્તાનું પ્રકાશન સરળ મધુર પદો દ્વારા થયું છે; પરિણામે આ એક ઉત્તમ ઊર્મિકાવ્યની કક્ષાને પામ્યું છે.

## (૧૯) પુષ્પદંત (ઈ. સ. ૯ મી સદી)

એક અતિ લોકપ્રિય અને કેટલાય ટીકાકારોએ જેનું વિશ્લેષણ કરવા કલમ ચલાવી છે, તે શિવમહિમ્નઃ સ્તોત્ર ગંધર્વરાજ શૈવાચાર્ય પુષ્પદંતના નામે જાણીતું થયું છે. મહિમ્નસ્તોત્રોની પરંપરામાં શિવમહિમ્નઃ સ્તોત્ર અગ્રસ્થાને છે. સ્કન્દપુરાણમાં મળી આવતા શિવમહિમ્નસ્તોત્રની પરંપરાને આ સ્તોત્ર વિકસિત કરે છે. સ્તોત્રના રચના-પ્રયોજન સંબંધી ટીકાકારો વિવિધ મતો આપે છે. જનશ્રુતિ પ્રમાણે કહેવાય છે કે કાશીનરેશના પ્રમદવનમાં ચોર તરીકે પ્રવેશેલો કવિ શિવનિર્માલ્ય (બિલ્વ-પત્ર)ની અવગણના કરતાં ગતિશક્તિહીન બને છે. ને અંતે શિવની આરાધનાથી તેના પર શિવની પ્રસન્નતા ઉતરે છે. શિવમહિમ્નઃ સ્તોત્રનો ૩૭મો શ્લોક આનું સમર્થન કરે છે. સ્તોત્રના અંતભાગમાં સ્તોત્રરચયિતા તરીકે પુષ્પદંતનું નામ મળે છે. અમરેશ્વર મંદિરની દીવાલ પર આ સ્તોત્રના ૩૨ શ્લોકો કોતરાયેલા મળે છે.

શિવમહિમ્નઃ સ્તોત્રના કુલ શ્લોકો ૪૩ છે. આરંભના ૩૨ શ્લોકો શિખરિણી છંદમાં અને શેષ ૧૧ શ્લોકો પાઠફળના જુદા જુદા છંદોમાં છે. કદાચ આ શ્લોકો ક્ષેપક પણ હોય. અમરેશ્વર - મંદિર પર અંકિત સ્તોત્ર પણ આનું સમર્થન આપે છે. અલંકૃત શૈલીમાં રચાયેલા પ્રસ્તુત સ્તોત્રમાં શિવના સગુણ અને નિર્ગુણ સ્વરૂપનો મહિમા પુષ્પદંતે ભાવાતિરેકથી ગાયો છે. વેદાન્તનાં સિદ્ધાંતોને પણ ગૂંથી લીધા હોઈ કાવ્ય ગૂઢ અને વિદ્વત્તાસંપન્ન બન્યું છે. પ્રથમ નજરે આ કાવ્યમાં શિવસ્તુતિ હોવા છતાં ગહન દૃષ્ટિએ જોતાં વિષ્ણુપક્ષે પણ અર્થ ઘટાવી શકાય છે. આ સ્તોત્ર શિવ-વિષ્ણુનો અભેદ સિદ્ધ કરે છે. શિવના અપરંપાર મહિમાની સ્તુતિ અશક્ય છે. એવી વિનયશીલતા સાથે કવિ શિવનું નિર્ગુણ અને સગુણ સ્વરૂપ વેદાંતી શૈલીમાં નિરૂપે છે. નિરીશ્વરવાદીઓના કુતર્કોનો પરિહાસ કરીને કવિ બતાવે છે કે સર્વ શાસ્ત્રોનું એક પરમાત્મા શિવમાં જ પર્યવસાન છે, જેમ સર્વ સરિતાઓનું સ્થાન સાગર છે તેમ. સ્તોત્રનો ઉપસંહાર કરતાં કવિ શિવના અનંત ગુણોનો મહિમા ગાય છે. એમાં કલ્પના-સૌન્દર્યની સુષમા વર્તાય છે. શિવમહિમ્નઃ સ્તોત્રમાં ભાવના, દાર્શનિકતા અને કલાનો ત્રિવેણી સંગમ સ્વાભાવિક રીતે થયો હોઈ મધુરસ્તોત્ર કાવ્યની પદવીથી આ સ્તોત્ર વિભૂષિત થઈ શકે છે.

## (૨૦) કુલશેખર : (સમય અનિશ્ચિત : ૭ થી ૧૨મી સદી)

પ્રાચીન દાક્ષિણાત્ય વૈષ્ણવસંતો - આલવારોની કોટિમાં પરિગણિત કવિ કુલશેખરનું 'મુકુન્દમાલાસ્તોત્ર' ૩૩ શ્લોકોમાં રચાયેલું એક નાનકડું કાવ્ય હોવા છતાં વૈષ્ણવ સ્તોત્રોમાં અતિ લોકપ્રિય છે. મુકુન્દ-શ્રીકૃષ્ણની આ સ્તુતિમાં વૈષ્ણવી ભક્તિ પ્રગટ થઈ છે.

## (૨૧) યામુનાચાર્યઃ (ઈ. સ. ૯૧૫-૧૦૪૦)

દક્ષિણ ભારતમાં પ્રાચીનકાળથી વિદ્યમાન વિશિષ્ટાદ્વૈતી પરંપરા અને પ્રાચીન આલવાર સંતોની ભક્તિધારાને પુનઃ નવા સ્વરૂપે સ્થાપિત અને પ્રચારિત કરનાર યામુનમુનિનું 'આલવન્દારસ્તોત્ર' કે 'સ્તોત્રરત્ન' ૬૫ શ્લોકોમાં રચાયેલું છે. તેમાં વૈષ્ણવી પ્રપત્તિપ્રધાન ભક્તિનું મનોહર નિરૂપણ છે. યામુનાચાર્યના 'ચતુઃશ્લોકી' સ્તોત્રમાં લક્ષ્મીનો મહિમા વર્ણિત થયો છે.

## (૨૨) રામાનુજાચાર્ય (ઈ. સ. ૧૦૧૭ - ૧૧૩૭)

યામુનાચાર્યના પ્રસિદ્ધશિષ્ય રામાનુજાચાર્યનો વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સિદ્ધાંત પ્રતિષ્ઠિત છે. એમનાં ત્રણ ગદ્યસ્તોત્રો પ્રસિદ્ધ છેઃ 'શરણાગતિગદ્ય', 'શ્રીરંગગદ્ય' અને 'શ્રી વૈકુંઠ ગદ્ય'. આચાર્ય રામાનુજ ગદ્યસ્તોત્રોની પરંપરાને વિકસિત કરે છે. ગદ્યમાં સ્તોત્ર-રચના કરીને, રામાનુજે સ્તોત્રને નવું રૂપ આપ્યું છે.

## (૨૩) શ્રીવત્સાંકમિશ્ર - (ઈ. સ.ની ૧૧ મી સદી)

રામાનુજાચાર્યના મુખ્ય શિષ્ય શ્રીવત્સાંકમિશ્રની પાંચ સ્તોતકૃતિઓ ધરાવતી 'પંચસ્તવી' પ્રસિદ્ધ છે. તેમાં વૈકુઠસ્તવ, અતિમાનુષસ્તવ. સુંદરબાહુસ્તવ, વરદરાજસ્તવ અને શ્રીસ્તુતિનો સમાવેશ થાય છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવી ભક્તિ અનેક રૂપે આમાં અભિવ્યક્ત થઈ છે.

## (૨૪) પરાશરભટ્ટ - (ઈ. સ. ૧૦૯૭ - ૧૧૪૮)

શ્રીવત્સાંકમિશ્રના સુપુત્ર પરાશરભટ્ટની ચાર સ્તોત્રકૃતિઓ જાણીતી છેઃ શ્રીરંગરાજસ્તવ, શ્રીગુણરત્નકોશ, અષ્ટશ્લોકી તેમજ શ્રીરંગનાથસ્તોત્ર. આ સ્તોત્રોમાંથી 'શ્રીરંગરાજસ્તવ' અને 'ગુણરત્નકોશ' નોંધપાત્ર છે. આ સ્તોત્રોમાં કવિતા અને ભક્તિનો સુભગ સમન્વય વર્તાય છે.

## (૨૫) વેંકટનાથ - વેદાંતદેશિક - (ઈ.સ. ૧૨૬૮-૧૩૬૭)

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોની પરંપરામાં વેંકટનાથ વેદાંતદેશિક વૈષ્ણવી ભક્તિભાવનાથી સભર ત્રીસેક જેટલાં સ્તોત્રોની રચના કરી આચાર્ય અને ભક્ત તરીકે મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરે છે. વેંકટનાથ વેદાંતદેશિક અષ્ટક, દશક, વિંશતિ, પંચાશત, શતક, સહસ્ર ઈત્યાદિ વિવિધ સ્તોત્રપરંપરાઓને વિકસિત કરે છે. આવાં જુદા જુદા પ્રકારોમાં અનેક સ્તોત્રોની રચના કરીને વેદાંતદેશિક સ્તોત્ર-સાહિત્યના ઈતિહાસમાં નોંધપાત્ર સ્થાન પ્રાપ્ત કરે છે.

## (૨૬) વેંકટાધ્વરી - (ઈ. સ. ૧૫૯૦-૧૬૬૦)

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સંપ્રદાયના કવિ વેંકટાધ્વરી પણ ખાસ કરીને કુલશેખર, યામુનાચાર્ય, રામાનુજાચાર્ય, શ્રીવત્સાંકમિશ્ર, પરાશર ભટ્ટ અને વેદવિદેશિકનાં સ્તોત્રોમાંથી પ્રેરણા લઈ 'લક્ષ્મીસહસ્ર'ની રચના કરે છે.

'લક્ષ્મીસહસ્ર' સ્તોત્ર કુલ ૨૫ સ્તબકો અને ૧૦૧૮ શ્લોકપુષ્પોમાં ગ્રથિત છે. સંસ્કૃત સાહિત્યનું આ એક બૃહત્તમ સ્તોત્ર છે. એનાં વિવિધ સ્તબકોમાં રામાનુચાર્યનો વિશિષ્ટાદ્વૈતી સિદ્ધાન્ત સુપેરે ફલિત થયો છે. દર્શન અને કવિતાના ઉત્તમ સમન્વયથી આ એક સાહિત્યિક ગુણવત્તાસંપન્ન બૃહદ્કાય સ્તોત્રગ્રંથ છે.

## (૨૭) લીલાશુક અથવા બિલ્વમંગળ

ગૌડીય વૈષ્ણવ સંપ્રદાયના ભાવપ્રધાન સ્તોત્રોની પૃષ્ઠભૂમિકાનું નિર્માણ કરનાર લીલાશુકના જીવન-સમય વિશે અનેક દંતકથા હોવા છતાં તેમનો સમય દશમી સદીથી તેરમી સદી સુધીનો માની શકાય. સામાન્ય મત તેમને અગિયારમી સદીના માને છે.

લીલાશુક કે બિલ્વમંગળ નામે અનેક સ્તોત્રો પ્રાપ્ત થાય છે. પરંતુ તેમનું 'કૃષ્ણકર્ણામૃત' સ્તોત્ર અતિ પ્રસિદ્ધ છે. ચૈતન્ય સંપ્રદાય અને ગૌડીય વૈષ્ણવ સ્તોત્રો તેમજ પુષ્ટિમાર્ગીય સ્તોત્રો લીલાશુકના 'કૃષ્ણકર્ણામૃત'થી પ્રભાવિત છે. બારમી સદીના જયદેવના 'ગીતગોવિંદ'ની શૈલીનું પૂર્વરૂપ પણ લીલાશુકનું પ્રસ્તુત સ્તોત્ર નિર્ધારિત કરે છે.

શ્રીકૃષ્ણની સ્તુતિમાં રચાયેલ આ સ્તોત્ર ગીતાત્મક છે, ઊર્મિગીત છે. કર્ણ-મધુર પદાવલિઓથી સભર આ કૃતિ એના શીર્ષકને સાર્થક કરે છે.

## (૨૮) જયદેવ (બારમી સદી)

કૃષ્ણની વૃન્દાવન લીલાઓને કેન્દ્રમાં રાખી 'ગીતગોવિંદ' જેવા અમર ગીતિકાવ્યનું સર્જન જયદેવ કરે છે. 'ગીતગોવિંદ' જો કે વાસ્તવિક રીતે સ્તોત્ર નથી, પણ અર્ધસ્તોત્રાત્મક મહાન ગીતિકાવ્ય છે. કૃતિના આરંભમાં બે સુંદર સ્તોત્રો મળે છેઃ 'દશાવતાર' અને 'જય જય દેવ હરે'. બંને સ્તોત્રો અતીવ પ્રસિદ્ધ છે. 'ગીતગોવિંદ'નું પદમાધુર્ય હૃદયને પ્રસન્ન કરી દે તેવું છે. ગીતિકાવ્યનો ઉત્કૃષ્ટ નમૂનો એટલે 'ગીતગોવિંદ'.

## (૨૯) મહાપ્રભુ ચૈતન્ય - (ઈ.સ. ૧૪૮૫-૧૫૩૩)

બંગાળના ગૌરાંગ મહાપ્રભુ ચૈતન્યે ભાગવતપુરાણ પર આધારિત રાધાકૃષ્ણની કીર્તન-માધુર્ય ભક્તિ પ્રવર્તિત કરી. ચૈતન્યનાં માત્ર બે સ્તોત્રો પ્રકાશમાં આવ્યાં છે.: 'શિક્ષાષ્ટક' અને 'જગન્નાથાષ્ટક'. વિવિધ છંદોમાં રચાયેલ 'શિક્ષાષ્ટક'માં અહૈતુકી ભક્તિ, દાસ્ય અને નામકીર્તનના આનંદની સરળ મધુર શબ્દોમાં અભિવ્યક્તિ થઈ છે. જ્યારે 'જગન્નાથાષ્ટક'માં દીન, અનાથ અને પામર ભક્તની જગન્નાથ-કૃષ્ણના દર્શનની ઉત્કટ અભિલાષા પદે-પદે રજૂ થઈ છે. કીર્તન-માધુર્ય-ભક્તિ આ સ્તોત્રોમાં મધુર પદો દ્વારા પ્રગટ થાય છે.

## (૩૦) રઘુનાથ : (સોળમી-સત્તરમી સદી)

વૃંદાવન ક્ષેત્રના ચૈતન્ય મતાનુયાયી રઘુનાથે 'સ્તવાવલી' નામનું સ્તોત્ર રચ્યું છે. વૃંદાવનની કૃષ્ણ-લીલાઓના વર્ણ્ય વિષયને આધારે રાગાત્મિકા ભક્તિની મનોહર અભિવ્યક્તિ થઈ છે. કૃતિમાં વિભિન્ન છંદોમાં રચાયેલાં કુલ ૨૯ સ્તોત્રોનો સંગ્રહ થયો છે.

## (૩૧) રૂપ ગોસ્વામી (ઈ. સ. ૧૪૮૯ - ૧૫૬૪)

રૂપ ગોસ્વામીનું 'મુકુન્દમુક્તાવલી' ઉત્કૃષ્ટ સ્તોત્રકાવ્યનો નમૂનો છે. રૂપ ગોસ્વામીનાં સ્તોત્રોમાં કંઈક કષ્ટસાધ્ય કલાત્મક ચાતુરી કે શબ્દક્રીડાનું દર્શન થાય છે. 'મુકુન્દમુક્તાવલી'ના પરીક્ષણથી આ સત્યની પ્રતીતિ થાય છે. ત્રીસ પદોમાં રચાયેલી આ કૃતિમાં સળંગ ઝડઝમકનો ચમત્કાર સર્જાય છે. ભક્તિરસ કે મધુર-રસ પ્રવર્તિત કરનાર રૂપ ગોસ્વામીના પ્રસ્તુત સ્તોત્રમાં પણ ભક્તિરસની મનહર અભિવ્યક્તિ થઈ છે.

ઉપર્યુક્ત લીલાશુક, જયદેવ, ચૈતન્ય, રઘુનાથ અને રૂપગોસ્વામીને કીર્તન-માધુર્ય-ભક્તિના સ્તોત્રકારો કહી શકાય.

## (૩૨) વલ્લભાચાર્ય (ઈ. સ. ૧૪૭૯)

વૈષ્ણવી વલ્લભાચાર્યનો દાર્શનિક સિદ્ધાંત 'શુદ્ધાદ્વૈત' અને ભક્તિમાર્ગ 'પુષ્ટિમાર્ગ' તરીકે ઓળખાય છે. પુષ્ટિમાર્ગનાં અનેક સ્તોત્રો અષ્ટક પ્રકારનાં છે. વલ્લભાચાર્યરચિત 'યમુનાષ્ટક' ઈત્યાદિ વૈષ્ણવોમાં અતિપ્રિય બન્યાં છે. તેમનાં સ્તોત્રોમાં વસંતતિલકા, શિખરિણી વગેરે છંદનો ઉપયોગ થયેલો છે. એમાં વૈદર્ભી શૈલીની સાહજિકતા અને શરણાગતિ ભક્તિ પણ જોવા મળે છે. આરાધ્ય દેવતા શ્રીકૃષ્ણ, યમુના વગેરેને કેન્દ્રમાં રાખી આ સ્તોત્રોની રચના થઈ છે.

## (૩૩) વિઠ્ઠલેશઃ (ઈ. સ. ૧૫૧૬-૧૫૮૬)

પુષ્ટિમાર્ગીય આચાર્ય વલ્લભાચાર્યના સુપુત્ર વિઠ્ઠલેશ નામે અનેક સ્તોત્રો મળે છે. તેમાં ભુજંગપ્રપાત છંદના ભુજંગપ્રયાતાષ્કમાં અનુપ્રાસ-યમક-સંપન્ન પદાવલીઓનું સૌન્દર્ય જોવા મળે છે. 'યમુનાષ્ટપદી'માં વલ્લભના 'યમુનાષ્ટક'નું અનુસરણ છે. અન્ય 'શ્રી સર્વોત્તમસ્તોત્ર, વલ્લભાષ્ટક અને સ્ફૂરત્કૃષ્ણપ્રેમામૃત' મહત્ત્વનાં છે. 'સર્વોત્તમસ્તોત્ર'માં શુદ્ધાદ્વૈત અને પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તોની મનોહર અભિવ્યક્તિ થઈ છે. વલ્લભાચાર્ય, વિઠ્ઠલેશ ઈત્યાદિ પુષ્ટિ-સંપ્રદાયના સ્તોત્રકાવ્યો છે. આ રીતે વિભિન્ન સંપ્રદાયના કવિઓએ સાંપ્રદાયિક સ્તોત્રો રચ્યાં છે.

## (૩૪) કલ્હણ : (૧૨મી સદી)

'રાજતરંગિણી' જેવી ઐતિહાસિક કૃતિના સર્જક, બારમી સદીના કાશ્મીરના પ્રસિદ્ધ શૈવ મતવાદી કલ્હણે ભગવાન-શિવના અર્ધનારીશ્વર સ્વરૂપની સ્તુતિમાં 'અર્ધનારીશ્વરસ્તોત્ર'ની રચના કરી છે. આચાર્ય શંકરનાં અર્ધનારીશ્વર રૂપની પ્રશંસા કરતાં ઘણાં સ્તોત્રો મળે છે. એવાં સામાન્ય કોટિનાં સ્તોત્રોમાં કલ્હણનું પ્રસ્તુત સ્તોત્ર નોંધપાત્ર વિશેષતાઓ ધરાવે છે. શાર્દુલવિક્રીડિતના ૧૮ પદોમાં કલ્પનાની સુંદરતા હોવા છતાં લાલિત્ય અને મધુરતાનો અભાવ વર્તાય છે. શૈવી દર્શનના કેટલાક સિદ્ધાન્તો આમાં પ્રતિફલિત થયા છે.

## (૩૫) જગધ્ધર ભટ્ટ (૧૪મી સદી)

કાશ્મીરના શૈવ-કવિ જગદ્ધર ભટ્ટ રચિત 'સ્તુતિકુસુમાંજલિ'માં ભગવાન શિવનાં કુલ ૩૮ સ્તોત્રોનો સંગ્રહ થયો છે. વિવિધ વૃત્તોમાં આપેલ કુલ ૧૨૪૫ શ્લોકો છે. કૃતિના શીર્ષક અનુસાર, શિવના અનન્ય ભક્તકવિએ

સ્તોત્રને કુસુમ કલ્પી એની અંજલિ આરાધ્ય દેવતાને અર્પી છે. પ્રત્યેક સ્તોત્ર કુસુમસમ ઋજુ, આકર્ષક અને શૈવી ભક્તિથી સુરભિત છે. સંપૂર્ણ કૃતિ કરુણાપૂર્ણ આત્મનિવેદનથી સભર છે. સ્તોત્રકાવ્યનો આ એક ઉત્તમ નમૂનો છે. શૈવી તત્ત્વજ્ઞાનના સિદ્ધાન્તો એમાં અભિવ્યક્તિ પામ્યા છે.

## (૩૬) અપ્પય દીક્ષિત - (ઈ.સ. ૧૫૫૪ - ૧૬૨૬)

દક્ષિણ ભારતીય કવિ અપ્પય દીક્ષિત અદ્વૈતવાદી શૈવ તરીકે પ્રસિદ્ધ હોવા છતાં સાંપ્રદાયિક વિદ્વેષ કે સંકુચિત વૃત્તિથી પર હતા. તેથી જ તેમનાં સ્તોત્રોમાં તેમનું શૈવ અને વૈષ્ણવ તરીકેનું ઉત્તમ સ્વરૂપ નિષ્પન્ન થાય છે. અપ્પય દીક્ષિતનાં શૈવ સ્તોત્રોમાં ‘બ્રહ્મતર્કસ્તવ’, ‘પંચરત્નસ્તુતિ’ અને ‘આત્માર્પણસ્તુતિ’ પ્રસિદ્ધ છે. ‘બ્રહ્મતર્કસ્તવ’માં કુલ બાવન શ્લોક છે. શ્લોક ૧ થી ૫૦ વસંતતિલકામાં અને છેલ્લા બે શ્લોકો મંદાક્રાન્તા છંદમાં છે. પ્રસ્તુત સ્તોત્રમાં અપ્પય દીક્ષિતનું ભક્તરૂપ કે કવિરૂપ કરતાં દાર્શનિકરૂપ સવિશેષ સંક્રાન્ત થયું છે. ‘પંચરત્નસ્તુતિ’ પણ ‘બ્રહ્મતર્કસ્તવ’ જેવી જ છે. અપ્પય દીક્ષિતના વૈષ્ણવ સ્તોત્ર ‘વરદરાજસ્તવ’માં ભક્તિ અને કાવ્યનો મધુર સંયોગ થયો છે. એમાં દક્ષિણના વરદરાજ વિષ્ણુની સ્તુતિ છે.

## (૩૭) સામરાજ દીક્ષિત (૧૬ મી સદી)

ઉત્તર ભારતના મથુરા નિવાસી સામરાજ દીક્ષિતનું ‘ત્રિપુરાસુંદરીપૂજન’ માનસપૂજા સ્તોત્રોની પરંપરામાં રચાયેલું સ્તોત્ર છે. એમાં ભક્ત કવિ ૭૦ શ્લોકો દ્વારા અંબિકા (પાર્વતી)ની માનસિક પૂજા કરે છે. સ્તોત્રમાં તાંત્રિક દેવી ત્રિપુરાસુંદરીનું રૂપ પ્રગટ થાય છે.

## (૩૮) નીલકંઠ દીક્ષિત - (૧૭મી સદી)

શિવ સંપ્રદાયના શ્રીકંઠમતના વિદ્વાન શૈવ કવિ નીલકંઠ દીક્ષિતે મદુરાના સુંદરનાથ શિવની પ્રિયતમા મીનાક્ષીની સ્તુતિમાં ‘આનંદસાગસ્તવ’ કુલ ૧૦૮ શ્લોકોમાં રચના કરી. તેમનું બીજું પ્રસિદ્ધ સ્તોત્ર ‘શિવોત્કર્ષમંજરી’ કુલ ૫૨માં શિવના વિવિધગુણો અને પરાક્રમોનું ભવ્ય આલેખન માટે રચાયું છે. આ ઉપરાંત ‘રઘુવીરસ્તવ’ અને ‘ગુરુરાજસ્તવ’ સ્તોત્ર ઊર્મિ - ગીતની કક્ષાએ પહોંચે છે. નીલકંઠનાં સ્તોત્રોમાં શૈવ દાર્શનિક સિદ્ધાન્તોની અભિવ્યક્તિ થઈ છે.

## (૩૯) સોમેશ્વર - (૧૩મી સદી)

ગુર્જરભૂમિના અણહિલવાડ પાટણના ચાણુક્ય રાજવીઓના પુરોહિત અને વસ્તુપાળના આશ્રિત કવિ સોમેશ્વરે સ્રગ્ધરા છંદમાં રામાયણકથાને આધારે રામની સ્તુતિમાં ‘રામશતક’ (૧૦૧માં શ્લોક)ની રચના કરી. સ્તોત્રમાં જન્મથી આરંભી અયોધ્યામાં પુનરાગમન સુધીના રામના જીવનની ઘટનાઓનું ક્રમબદ્ધ સ્તુત્યાત્મક વર્ણન છે. સ્તોત્રની અભિવ્યક્તિ શૈલી કાવ્ય-ગુણોથી સંપન્ન છે.

## (૪૦) પંડિત જગન્નાથ (ઈ. સ. ૧૫૯૦-૧૬૬૫)

‘રસગંગાધર’ના કર્તા આંધ્રના વૈષ્ણવ કવિ-પડિત જગન્નાથ શાસ્ત્રપંડિત હોવા છતાં ‘લહરી’ નામે પાંચ

સ્તોત્રકૃતિઓના માધ્યમથી પોતાના ભાવપૂર્ણ ભક્તિસ્નિગ્ધ હૃદયની અભિવ્યક્તિ કરે છે. તેમનાં 'ગંગાલહરી' (૫૨ શ્લોક, શિખરિણી છંદ), 'કરુણાલહરી' (૬૦ શ્લોક, શાર્દૂલવિક્રીડિત, વંશસ્થ, ઔપચ્છંદસિક છંદો), 'અમૃતલહરી' (૧૧ પદ શાર્દુલવિક્રીડિત છદ), 'સુધાલહરી' (૩૦ પદ સ્રગ્ધરા છંદ) અને લક્ષ્મીલહરી (૪૧ શ્લોક શિખરિણી છંદ) અતીવ પ્રસિદ્ધ છે. આદિ શંકરાચાર્યે પ્રવર્તિત કરેલ લહરી-સ્તોત્રોની પરંપરાને પં. જગન્નાથ વિકસિત કરે છે.

## (૪૧) નારાયણ ભટ્ટ - (ઈ. સ. ૧૫૬૦ થી ૧૬૬૬)

'નારાયણીય' સ્તોત્રના રચયિતા કેરળ પ્રદેશના નારાયણભટ્ટ છે. 'નારાયણીય' (કુલ ૧૦૩૬ શ્લોક)ની રચના દ્વારા સ્તોત્રનું બૃહત્સ્વરૂપ રજૂ કરી સ્તોત્ર સાહિત્યના ઈતિહાસમાં તેઓ ગૌરવભર્યા સ્થાનના અધિકારી બને છે. નારાયણ ભટ્ટ સંપૂર્ણ ભાગવતકથાના આધારે દક્ષિણના ગુરુવાયુરમંદિરની કૃષ્ણ (નારાયણ) પ્રતિમાને ઉદ્દેશી ઈ. સ. ૧૫૯૦માં 'નારાયણીય સ્તોત્ર'ની રચના કરે છે. 'નારાયણીય'માં ભાગવત-કથા સ્તુત્યાત્મક શૈલીમાં પ્રસ્તુત થઈ છે. આ સહસ્રશ્લોકી સ્તોત્ર કહી શકાય.

## (૪૨) રામપાણિવાદ (૧૮મી સદી)

કેરાલાના રામપાણિવાદનું 'શિવશતક' ખૂબ જ પ્રસિદ્ધ છે. શિવચરિતની ઘટનાઓનું વર્ણન કરતું આ એક સામાન્ય સ્તોત્ર છે. સ્તોત્રની શૈલી અલંકૃત છે, પણ આત્મનિવેદનની મોહકતાથી રહિત છે. શિવના સંધ્યાકાલીન તાંડવનૃત્યનું વર્ણન ધ્વન્યાત્મક છે.

અઢારમી સદી પછી પણ આજ સુધીમાં અસંખ્ય સ્તોત્ર-કૃતિઓ રચાઈ છે, પરંતુ એ બધી કૃતિઓનો પરિચય સ્થાનાભાવે અહીં શક્ય નથી.

ઉપર્યુક્ત પરિશીલનને આધારે સ્પષ્ટ થાય છે કે -

(૧) વૈદિક સૂક્તોની પૃષ્ઠભૂમિ પર સ્તોત્રનું બીજારોપણ થાય છે.

(૨) ઈતિહાસ-પુરાણમાં સ્તોત્રો વાર્તા-પ્રવાહમાં, પ્રસંગાનુસાર જુદાં જુદાં પાત્રો દ્વારા ઉચ્ચારાયાં છે. પુરાણો મુખ્યત્વે બે પ્રકારનાં છે. વૈષ્ણવ અને શૈવ, પરિણામે પુરાણ - સાહિત્યમાં અસંખ્ય વૈષ્ણવી અને શૈવી સ્તોત્રો મળે છે..

(૩) એક સ્વતંત્ર કાવ્ય-પ્રકાર તરીકે પણ 'સ્તોત્ર' અસ્તિત્વમાં આવે છે. છેક આરંભિક સદીથી આજપર્યંત અનેક કવિઓ દ્વારા આવાં અસંખ્ય સ્તોત્રો રચાયાં છે.

(૪) સાંપ્રદાયિક આચાર્યો અને કવિઓએ પોત-પોતાના સંપ્રદાયોના સિદ્ધાન્તોને કેન્દ્રમાં રાખી સ્તોત્ર-રચના કરી છે; તેથી આવાં સ્તોત્રોમાં ભક્તિ અને તત્ત્વજ્ઞાનનો સમન્વય સધાય છે.

(૫) કેટલાક એવા કવિઓ થયા છે કે જેમણે કોઈ સંપ્રદાયનાં દેવ-દેવીને કેન્દ્રમાં રાખ્યા સિવાય પોતાના ઈષ્ટદેવોની સ્તુતિમાં સ્તોત્રો રચ્યાં છે. આવા કવિઓનાં સ્તોત્રોમાં શુદ્ધ કવિતાનું સ્વરૂપ નિષ્પન્ન થાય છે.

■

## પાદટીપ

(૧) अनु. मंगलदेव शास्त्री – संस्कृत साहित्यका इतिहास, पृ. २५२
संस्कृत सहित्य का इतिहास, पृ. ३४६ – ४७
(૨) Aspects of Sanskrit Literature, P. 101, 102
(૩) A History of Sanskrit Literature, Chapter, XIV
(૪) संस्कृत साहित्य का इतिहास, पृ. ८९९, ९०७
(૫) A History of Indian Literature, Vol. III, Part - I. P. 135-36.
(૬) संस्कृत साहित्य का नवीन इतिहास, अनु. विनयकुमारराय, अ. १३
(૭) संस्कृत गीतिकाव्य का विकास, पृ. २६७, ६८
(૮) संस्कृत साहित्यकी प्रवृत्तियाँ, पृ. २१४–१५
(૯) માનતુંગાચાર્ય, ભક્તામરસ્તોત્ર - શ્લોક-૩
(૧૦) સિદ્ધસેન દિવાકર, કલ્યાણ મંદિર-૬
(૧૧) अतीत: पन्थानं तव च महिमा वाङ्मनसयो –
मन: कस्य न वच: शिवमहिम्न – श्लोक–२
(૧૨) जानन्ननादि वहितानपराधगर्वान्
स्वामिन्भयात्किमपि वकतुमहं न शक्त: ।
अव्याजवत्सल तथापि निरङ्कुशं मां
वात्सल्यमेव भवतो मुखरीकरोति ।।
વેદાંતદેશિક, વરદરાજપંચાશત્-૩
(૧૩) મધુસૂદન સરસ્વતી, આનન્દમન્દાકિની, શ્લોક-૧-૨.
(૧૪) વેદાંતદેશિક, દેવનાયકપંચાશત્ - ૪૯.
(૧૫) યામુનાચાર્ય, સ્તોત્રરત્ન ૨૩, ૪૭
(૧૬) વેદાચાર્ય, ક્ષમાષોડશી ૩.
(૧૭) જગન્નાથ, ગંગાલહરી-૨૮.
(૧૮) વેદાન્તદેશિક, વરદરાજપંચાશત્, શ્લોક-૪૧
(૧૯) કૃષ્ણનાથ સાર્વભૌમ, દેવીશતક-૧૦, ૧૭, ૧૯, ૮૨
(૨૦) કલ્યાણમંદિર, શ્લોક-૩૮
(૨૧) શંકરાચાર્ય, દેવ્યપરાધક્ષમાપન, શ્લોક-૧૦, ૧૧
(૨૨) યામુનાચાર્ય, સ્તોત્રરત્ન. ૨૬
(૨૩) યામુનાચાર્ય, સ્તોત્રરત્ન. ૨૭
(૨૪) પરાશરભટ્ટ, શ્રીગુણરત્નકોશ
(૨૫) ઉત્પલદેવ, શિવસ્તોત્રાવલી
(૨૬) શંકરાચાર્ય, દેવ્યપરાધક્ષમાપન શ્લોક-૫

(૨૭) યામુનાચાર્ય, સ્તોત્રરત્ન, ૨૨,૫૩,૬૦
(૨૮) વેદાંતદેશિક, કામાસિકાષ્ટક, શ્લોક-૮
(૨૯) જગન્નાથ, ગંગાલહરી, શ્લોક-૩૬
(૩૦) વલ્લભાચાર્યનું કૃષ્ણાષ્ટક અને હરિદાસનું દાસાષ્ટક.
(૩૧) ગોકુલનાથ, શિવસ્તુતિ, શ્લોક-૧૨
(૩૨) ભટ્ટનારાયણ, સ્તવચિન્તામણિ - ૧૧૯.
(૩૩) શંકરાચાર્ય, શિવભુજંગપ્રયાતસ્તોત્ર-૧૨.
(૩૪) ગોકુલનાથ, શિવસ્તુતિ, શ્લોક-૨૪
(૩૫) જગન્નાથ, ગંગાલહરી, શ્લોક-૩૦
(૩૬) કુલશેખર, મુકુન્દમાલા, શ્લોક - ૧૮, ૨૧
(૩૭) મધ્વાચાર્ય, દ્વાદશસ્તોત્ર, તૃતીય
(૩૮) યામુનાચાર્ય, સ્તોત્રરત્ન ૫૮
બિલ્વમંગળ, ગોવિંદદામોદરસ્તોત્ર
(૩૯) જગન્નાથ, કરુણાલહેરી, શ્લોક-૫૭-૫૮
(૪૦) શંકરાચાર્ય, ત્રિપુરસુંદરીસ્તોત્ર, શ્લોક-૪
(૪૧) વેદાંતદેશિક, શ્રીસ્તુતિ, શ્લોક-૧૩
(૪૨) માનતુંગાચાર્ય, ભક્તામરસ્તોત્ર, શ્લોક-૧૨
(૪૩) મયૂર, સૂર્યશતક, શ્લોક-૭૫
(૪૪) શંકરાચાર્ય, અચ્યુતાષ્ટક, શ્લોક-૮
(૪૫) મયૂર, સૂર્યશતક - શ્લોક-૨૯.
(૪૬) શંકરાચાર્ય, ગોવિન્દાષ્ટક, શ્લોક-૧
(૪૭) શંકરાચાર્ય, ચર્પટપંજરિકા, શ્લોક-૮
(૪૮) સામ્બ કવિ, સામ્બપંચાશિકા, શ્લોક-૪૯
(૪૯) યામુનાચાર્ય, સ્તોત્રરત્ન-૨૧
(૫૦) રૂપ ગોસ્વામી, કાર્પણ્યપંજરિકા, શ્લોક ૨૧ થી ૨૩
(૫૧) વેદાંતદેશિક, વરદરાજપંચાશત, શ્લોક-૨૯
(૫૨) શંકરાચાર્ય, આનંદલહરી, શ્લોક-૧૦
(૫૩) ચૈતન્યાચાર્ય, જગન્નાથાષ્ટક, શ્લોક-૭
(૫૪) યામુનાચાર્ય, સ્તોત્રરત્ન, શ્લોક-૨૬
(૫૫) અધ્યર્ધ્ધશતક, શ્લોક-૧૫૦
(૫૬) महि स्तोत्रमव आगन्म सूरेरस्माकं सु. मधवन्वौधि गोपा:

ऋ - ३-११-१४

अधि स्तोत्रमस्य सरव्यस्य गातन शुभं यातामनु रथा अवृत्सत

ऋ ५-५५-९

(૫૭) ऋ ૪-૧૦-૧, ૩-૪૧-૪, ૩-૪૨-૪, ૪-૨૨-૧, ૬-૧-૧૦,

(૫૮) ऋ ૩-૪૫-૧,

(૫૯) एषा शुभ्रा न तन्वो विदानोर्ध्वेव स्नाती दृशये नो अस्थात् ।
अप द्वेषो बाधमाना तमांस्युषा दिवो दुहिता ज्योतिषागात् ।।
ऋ-५-८०-५

(૬૦) ऋ. ६-१८-३, ६-३१-३

(૬૧) अग्नि – रिद्धि प्रचेता अग्निर्वेधस्तम ऋषिः ।
अग्निं होतारमीलते यज्ञेषु मनुषो विशः ।। ऋ ६-१४-२,

(૬૨) अव दुग्धानि पित्र्या सृजा नोऽव या वयं चकृमा तनुभिः ।
अव राजन्पशुतृपं न तायुं सृजा वत्सं न दाम्नो वसिष्ठम्।।
ऋ – ७.८६-५.

(૬૩) यत्किं चेदं वरुण दैव्यं जनेऽभिद्रोहं मनुष्यारुश्चरामसि ।
अचित्ती यत्तव धर्मां युयोपीन मा नस्तभादेनसो देव रीरिषः ।।
ऋ – ७.८९-५

(૬૪) तस्यास्ते रत्नभाज ईमहे वयं स्याम मातुर्न सूनवः। ऋ – ७-८१-४.

(૬૫) પ્રા. ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ, સંસ્કૃત સ્તોત્ર કાવ્યઃ ઉદ્ભવ, વિકાસ અને સ્વરૂપ, પૃ. ૫.

(૬૬) S. K. De; Aspects of Sanskrit Litereture, P-102.

(૬૭) यन्मण्डलं दीप्तिकरं विशालं, रत्नप्रभं तीव्रमनादिरूपम् ।
दारिद्रयदुःखक्षयकारणं च, पुनातु मां तत्सवितुर्वरण्येम् ।।
(बृहत्स्तोत्ररत्नाकर, पृ. १०४)

(૬૮) श्रीपदं कान्तिदं नित्यं धनारोग्यविवर्धम्।
कुष्ठादिरोगमनं महाव्याधिविनाशनम् ।। (बृहत्स्तोत्ररत्नाकर पृ. ११०)

(૬૯) वा. रा. ६/१०७/४-२६

(૭૦) यः सुपर्णो यजुर्नाम छन्दोगात्रस्त्रिवृच्छिरा ।
रथंतरं बृहत्साम तस्मै स्तोत्रात्मने नमः ।।४४।।

(૭૧) ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ, સંસ્કૃત સ્તોત્ર કાવ્યઃ ઉદ્ભવ, વિકાસ અને સ્વરૂપ, પૃ. ૨૧

(૭૨) M. Winternitz, Indian Literature, Vol. 2, P. 100

(૭૩) ए. बी. कीथ, संस्कृत साहित्यका इतिहास, पृ. ४८

(૭૪) એ. મેકડોનલ, સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ
(અનુ. એમ. પી. દવે), પૃ. ૪૧૧

(૭૫) The Indian Historical Quarterly.
Vol. X : Chatuhstava of Acharya Nagarjun by Prabhudas Patel, P-82-89

(૭૬) सत्त्वसंज्ञा च ते नाथ सर्वथा न प्रवर्तते ।
दुःखतेषु च सत्त्वेषु त्वमतीव कृपात्मकः ।।

सुखे दु:खे तथा नित्यानित्यादिषु प्रभो तव ।
विकल्पैर्विविधैरेवं चितं नैव विषज्जते ।।

निरुप्मस्तम, ५,१०

(७७) न पूजयार्थस्त्वयि वीतरागे न निन्दया नाथ दिवान्तवैरे ।
तथापिडते पुण्यगुणस्मृतिर्न: पुनाति चित्तं दुरितां जनेभ्य: ।।

श्लोक – ६७

(७८) सामान्यतोऽपि तव वर्णयितुं स्वरूपमस्मादृशा:
कथमधीश भवंत्यधीशा: ।
धृष्टोऽपि कौशिकशिशुर्यदि वा दिवान्धो रूपं
प्ररूपयति किं किल धर्मरश्मे: ।।३।।

(७९) श्लोक–२५

(८०) सिंहासने मणिमयूखशिखाविचित्रे विभ्राजते
तव वपु: कनकावदात्तम् ।
बिम्बं वियद्विलसदंशुलतावितानं
तुङगोदयाद्रिशिरसीव सहत्ररश्मे: ।।२९।।

(८१) श्लोक–७

# પ્રકરણ : ૨
# વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્ય-કવિઓ અને તેમનાં સ્તોત્રો : સમીક્ષાત્મક પરિચય

(अ) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સંપ્રદાય

(ब) વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકારો અને તેમનાં સ્તોત્રો :

૧. કુલ શેખર

૨. યામુનાચાર્ય

૩. રામાનુજાચાર્ય

૪. શ્રીવત્સાંક મિશ્ર

૫. પરાશરભટ્ટ

૬. વેંકટનાથ વેદાંતદેશિક

૭. વેંકટાધ્વરી

# પ્રકરણ : ૨
# વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્ય - કવિઓ અને તેમનાં સ્તોત્રો : સમીક્ષાત્મક પરિચય

## (અ) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સંપ્રદાય

વિશિષ્ટાદ્વૈત સંપ્રદાય દક્ષિણ ભારત (તામિલનાડુ પ્રદેશ)માં લગભગ ઈ.સ. ૧૦૦૦માં અસ્તિત્વમાં આવ્યો. સમય જતાં શ્રી રામાનુજ દ્વારા તે વિશેષ પ્રચાર પામ્યો અને રામાનુજે તેને વ્યવસ્થિત પણ બનાવ્યો. આ સિદ્ધાંત માટેના પ્રમાણભૂત આધારો દ્વિવિધ છે. એક આધાર તે વેદ, ઉપનિષદો, પુરાણો, પંચરાત્ર, આગમ વગેરેનો અને બીજો આધાર તે તામિલભાષામાં ઉપલબ્ધ દક્ષિણ ભારતનું સાહિત્ય જેમાં વેદના ઉપદેશ ઉપરાંત કેટલાક અવૈદિક વિચાર પ્રવાહો પણ મળેલા છે. આ સમયના સંસ્કૃતજ્ઞ પ્રતિભાશાળી વિદ્વાનોએ તામિલ જનતામાં શ્રી યા લક્ષ્મી અને વિષ્ણુની ભકિતનો પ્રચાર કરવાનું પ્રશંસનીય કાર્ય કર્યું. આ વિદ્વાન આચાર્યોએ આલ્વારોની ભકિતની સાથે વેદપ્રતિપાદિત જ્ઞાન તથા કર્મનો પણ સુંદર સમન્વય સાધ્યો. તામિલવેદ અને સંસ્કૃત વેદનું ગહન અધ્યયન કરી બન્નેના સિદ્ધાંતોમાં રહેલ સામંજસ્ય દર્શાવ્યું, પ્રપત્તિમાર્ગની પ્રતિષ્ઠા કરી એક નવીન વૈખ્ણવમત ચલાવ્યો, જે શ્રી વૈષ્ણવ નામે પ્રસિદ્ધ છે. આ કાર્યોમાં નીચેના આચાર્યોનો ફાળો વિશેષ ઉલ્લેખનીય છે : (૧) રંગનાથમુનિ જેઓ નાથમુનિ તરીકે વૈષ્ણવ જગતમાં વિખ્યાત છે. તેમણે લુપ્તપ્રાય 'તામિલવેદ'નો પુનરુદ્ધાર કર્યો, પણ તેમનું લખાણ હજુ મળતું નથી. દ્રવિડ દેશમાં પ્રસરેલો તેમનો મત કાશ્મીર સુધી ફેલાયો હતો. (૨) નાથમુનિના પૌત્ર યામુનાચાર્ય કે આલવન્દારના અનેક ગ્રંથો વિશિષ્ટાદ્વૈતના પ્રધાન સિદ્ધાંતોને નિરૂપતા શ્રેષ્ઠ સારસંગ્રહો છે. તેમના પ્રસિદ્ધ ગ્રન્થોમાં ગીતાર્થસંગ્રહ, શ્રીચતુઃશ્લોકી, સિદ્ધિત્રય, મહાપુરુષનિર્ણય, આગમપ્રમાણ વગેરે છે. યામુનાચાર્યના ગ્રન્થોમાં સૌથી અધિક લોકપ્રિય આલવન્દાર સ્તોત્ર ગણાય છે.

નિગમ અને આગમ એમ ભારતીય શાસ્ત્રોના બે મુખ્ય વિભાગો છે. વેદ તથા વેદમૂલક જ્ઞાન તથા ક્રિયાપ્રધાન શાસ્ત્રને 'નિગમ' કહે છે. 'આગમ'માં સામાન્યતઃ બધાં શાસ્ત્રોનો સમાવેશ થાય છે, પણ ખાસ કરીને જયારે તે 'નિગમ' સાથે પ્રયોજાય છે, ત્યારે તેનો અર્થ તંત્રશાસ્ત્ર યા શકિત કે ભક્તિશાસ્ત્ર એવો કરવામાં આવે છે. 'વાસુદેવમત' એમ કહીને આગમ જોડે વૈષ્ણવ-સંપ્રદાયનો સંબંધ પણ સ્પષ્ટ જોડેલો છે. આ શાસ્ત્ર પૂર્વે શિવ-પાર્વતીના સંવાદરૂપે હતું. જ્ઞાન, ક્રિયા, ઈચ્છા વગેરેનો સમાવેશ ભક્તિમાં થઈ જાય છે. ભક્તિ તો એથી પણ આગળ વધે છે. મોક્ષનો ખ્યાલ પણ ભક્તિમાં સમાઈ જાય છે. હરિની ભક્તિ એ તો મહાદેવી છે અને મુક્તિ, ભક્તિ વગેરે તો તેની દાસીઓ છે. આથી મોક્ષની ઈચ્છાવાળાએ પણ ભક્તિનો જ આશ્રય લેવો જોઈએ. ભક્તિશાસ્ત્રના અનેક આચાર્યો થઈ ગયા, પરંતુ તેમના ગ્રન્થો ઉપલબ્ધ નથી. આપણે માત્ર નારદ તથા શાંડિલ્યના ભક્તિસૂત્રોથી પરિચિત છીએ. પંચરાત્ર તથા ભાગવત સંપ્રદાયો આ ભક્તિશાસ્ત્ર પર જ ઊભા છે. આ બંને મળી વૈષ્ણવ સંપ્રદાય તરીકે જ પ્રસિદ્ધ છે.

પ્રાચીન સમયથી વૈષ્ણવ સંપ્રદાય નીચે મુજબ ચાર વિભાગોમાં વહેંચાયેલ છે.

### (૧) શ્રી સંપ્રદાય :

'શ્રી' કહેતાં લક્ષ્મીએ પ્રવર્તાવેલો અર્થાત્ ભગવાનનો આશ્રય કરી રહેલી ભગવદ્ વિભૂતિ (શક્તિ)ના ચિંતનમાંથી ઉદ્ભવેલો. તેના મુખ્ય સંસ્થાપક રામાનુજાચાર્ય છે. એનો દાર્શનિક મત 'વિશિષ્ટાદ્વૈત' નામે પ્રસિદ્ધ છે.

### (૨) હંસ સંપ્રદાય :

મુખ્ય સંસ્થાપક નિમ્બાર્કાચાર્ય છે. ત્યારબાદ હરિવ્યાસ સ્વામીએ તેનો પ્રચાર કર્યો. તેનો દાર્શનિક મત દ્વૈતાદ્વૈત, યા ભેદાભેદ નામથી પ્રસિદ્ધ છે.

### (૩) બ્રહ્મસંપ્રદાય :

પ્રધાન પ્રવર્તક બ્રહ્મા અને સંસ્થાપક મધ્વાચાર્ય. પછી ગૌડ સ્વામીએ તેનો વિશેષ પ્રચાર કર્યો. તેનો દાર્શનિક મત દ્વૈતવાદ તરીકે જાણીતો છે.

### (૪) રુદ્ર સંપ્રદાય :

તેના પ્રધાન પ્રવર્તક વિષ્ણુસ્વામી અને ત્યારબાદ શ્રી વલ્લલભાચાર્યે વિશેષરૂપે પ્રચલિત કર્યો તેનો દાર્શનિક મત 'શુદ્ધાદ્વૈત' નામથી જાણીતો છે.

દક્ષિણ ભારતમાં કાવેરી તટે અને તેની આસપાસના પ્રદેશોમાં કેટલાક વૈષ્ણવ સંતો થઈ થયા. તે આળવારને નામે ઓળખાય છે. આળવાર એટલે 'ઈશ્વરના પ્રેમમાં લીન થઈ ગયેલ'. સંભવતઃ ઈ.સ.ની સાતમી અને આઠમી સદીમાં તેઓ થયા. સમગ્ર દક્ષિણ ભારતને ભક્તિરસની છોળોથી તેમણે તરબોળ કર્યું. આળવારોએ ભક્તિ સંપ્રદાયનો પ્રચાર શરૂ કર્યો. તામિલભાષામાં રચાયેલા નમ્માળવાર (શઠકોપ) ના જે ચાર ગ્રન્થો છે તેને દક્ષિણ ભારતના વૈષ્ણવો ચાર વેદ સમાન ગણે છે. તેમણે ઈશ્વરસાક્ષાત્કારનો ગહન અનુભવ કર્યો હતો અને તેમના એ અનુભવને ભાવસભર ભક્તિગીતોમાં વ્યક્ત કર્યો. ત્યારપછીના આચાર્યોએ ગૂઢાનુભૂતિ દ્વારા થયેલા પોતાના તત્ત્વદર્શનને વ્યવસ્થિત રીતે સમજાવ્યું છે. આલવારોનું સ્થાન ભગવદ્ગીતા અને રામાનુજ બેની વચ્ચે ગણી શકાય. કારણ કે વૈષ્ણવભક્તિનો ઝરો ગીતામાં ઉગમ પામે છે, આલવારોનાં પદોમાં વહે છે, રામાનુજનાં તત્ત્વદર્શનમાં પાણી ભેગાં કરે છે. આલવારો અસંખ્ય હતા, પરંતુ તેમાં મુખ્ય આલવરોની સંખ્યા બારેકની ગણાય છે. આ આલવારોનાં રચેલાં સ્તોત્રો (ભક્તિગીતો) 'નાલાચિરમ્' અને 'દિવ્ય પ્રબંધ' મનાય છે.

વિશિષ્ટાદ્વૈત સંપ્રદાયના પ્રથમ આચાર્ય પરંપરા અનુસાર ભગવાન નારાયણ મનાય છે. ભગવાન નારાયણે આનો ઉપદેશ મહાલક્ષ્મીને આપ્યો. ત્યારબાદ પરંપરામાં વૈકુંઠપાર્ષદ, વિષ્વકસેન, શઠકોપમુનિ, નાથમુનિ,

પુંડરીકાક્ષસ્વામી, રામમિશ્ર, યામુન, રામાનુજ અને વેદાંતદેશિકની ગણના થાય છે. આમાં શકકોપ, નાથમુનિ, યામુન, રામાનુજ અને વેદાંતદેશિક સુપ્રસિદ્ધ છે. આ સંપ્રદાયના કવિ વેકટાધ્વરી પોતાની કૃતિઓમાં આ ગુરુઓ પ્રત્યે પૂજ્યભાવ વ્યક્ત કરે છે.

શઠકોપમુનિ પ્રાચીન સમયના મનાતા પ્રસિદ્ધ બાર તામિલ-સંતો (આલવારો) માંના એક છે. તેઓ બકુલાભરણ કે નમ્માલવાર તરીકે પણ ઓળખાય છે. એમનો મહિમા વેંકટાધ્વરી વિસ્તારથી ગાય છે.[૧] વેંકટાધ્વરી નોંધે છે કે શઠકોપાદિ દ્રવિડ પ્રબંધકર્તાઓ પૂર્ણજ્ઞાની અને શમ-ગુણના ધની હતા.[૨] તેઓ દયાનિધિ હતા. ઉપનિષદોનું તાત્પર્ય સમજવું સામાન્ય જનસમાજ માટે કઠિન હોઈ, દ્રવિડ-પ્રબંધો (૪૦૦૦ તામિલગીતો)નું સર્જન કરી તેમણે વૈષ્ણવધર્મને ભક્તિપ્રધાન અને લોકભોગ્ય બનાવ્યો.[૩અ] તામ્રપર્ણી નદીના તટે આવેલ કુરુકાનગરીનું તિન્તીડીવૃક્ષ શઠકોપ મુનિની તપોભૂમિ હતી. ત્યાં બેસી તેમણે સહસ્ત્રશાખી દ્રવિડવેદ 'તિરુવાયમોલિ'નું સર્જન કરેલું. એ વૃક્ષને પૂજ્ય માની વેંકટાધ્વરી ગુરુને પ્રણામ કરે છે.[૩બ] શઠકોપ મુનિની નિવાસભૂમિ કુરુકાપુરીનું પણ તે વર્ણન કરે છે.

શઠકોપમુનિના અનુગામી નાથમુનિ (ઇ.સ. નવમી - દશમી સદી) રંગનાથ મુનિ તરીકે પણ ઓળખાય છે. તેઓ ચિદમ્બરમ્ સમીપના વીરનારાયણપુર ગામના નિવાસી હતા. યામુનાચાર્યના 'સ્તોત્રરત્ન'ની પ્રશસ્તિને આધારે સ્પષ્ટ છે કે નાથમુનિ પરમ ભક્ત, દાર્શનિક અને યોગી હતા.[૪] આલવાર-સંતોના ગીતોના સંગ્રહ 'પ્રબંધ' ને તેમણે સંગીતાત્મક રૂપ પણ આપ્યું, એમ કહેવાય છે. 'યોગરહસ્ય' અને 'ન્યાયતત્ત્વ'ની તેમણે રચના કરી છે. વાસ્તવિક રીતે નાથમુનિ પ્રથમ વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્ય છે. તેમણે આલવાર સંતોની ભક્તિભાવનાને તાત્ત્વિક રૂપ પ્રદાન કર્યું છે.

નાથમુનિના પૌત્ર યામુનાચાર્ય (ઇ.સ. ૯૧૮ - ૧૦૩૮) વીરનારાયણપુરના નિવાસી હતા. તેમનું તામિલ નામ આલવન્દાર છે. આચાર્ય પરંપરામાં નાથમુનિ અને યામુનને વેંકટાધ્વરી મધ્યવર્તી કહે છે. એનો અર્થ એ પણ થાય કે આ બન્ને તે પરંપરામાં કેન્દ્રસ્થાને - મહત્ત્વપૂર્ણ છે. 'ચતુઃશ્લોકી' અને 'સ્તોત્રરત્ન' યામુનાચાર્યનાં લોકપ્રિય સ્તોત્રો છે. દક્ષિણ ભારતમાં પ્રાચીનકાળથી વિદ્યમાન વિશિષ્ટાદ્વૈતી પરંપરા અને પ્રાચીન આલવાર સંતોની ભક્તિગંગાને પુનઃ નવા સ્વરૂપે સ્થાપિત અને પ્રચારિત કરનાર યામુનમુનિને ભાગવત કે વૈષ્ણવ સંપ્રદાયના એક પ્રધાન આચાર્યનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

યામુનાચાર્યના શિષ્ય રામાનુજ (ઇ.સ. ૧૦૧૭-૧૧૩૭) ભૂતપુરી (શ્રી પેરુમ્બુરુ) ના નિવાસી હતી. રામાનુજે વૈષ્ણવ વિશિષ્ટાદ્વૈત - પ્રતિપાદક 'બ્રહ્મસૂત્રભાષ્ય', ગીતાભાષ્ય ઇત્યાદિ ગ્રન્થોની રચના દ્વારા વેદ-ઉપનિષદોમાં વર્ણિત ધર્મ અને આલવારો દ્વારા પ્રચારિત ભક્તિમાર્ગનો સમન્વય કરી દાર્શનિક ક્ષેત્રે વિશિષ્ટાદ્વૈત મત (શ્રી સંપ્રદાય) પ્રતિષ્ઠિત કર્યો. તેમણે શૈવમત, સાંખ્યમત, કુમારિલભટ્ટ - સિદ્ધાંત તેમજ બૌદ્ધવાદનો પ્રતિવાદ કરી વૈષ્ણવ ધર્મને વ્યવસ્થિત કર્યો.[૫] વેંકટાધ્વરી રામાનુજના ઉજ્જવળ વ્યક્તિત્વને ભાવસભર અંજલિ અર્પે છે.[૬] રામાનુજ સંપ્રદાયના વૈષ્ણવોના પાછળથી બે વર્ગો થયા : તેંગલે અને વડઘલે.

રામાનુજાચાર્યના અનુયાયી વેંકટનાથ વેદાન્તાચાર્ય (ઇ.સ.ની ૧૪મી સદી) વેદાંતદેશિક તરીકે વૈષ્ણવસમાજમાં સુપ્રસિદ્ધ છે. તેમની શિષ્યપરંપરામાં કવિ વેંકટધ્વરી આવે છે. વેદાંતદેશિકને વિશિષ્ટાદ્વૈત -

સિદ્ધાંત - પ્રતિષ્ઠાપક, કુદૃષ્ટિ - સર્પ - ગરુડ અને ત્રયન્તવિદ્યાગુરુ બતાવીને વેંકટાધ્વરી તેમની પાસે કલ્યાણની કામના સેવે છે.[૭] વેંકટાધ્વરીની દૃષ્ટિએ પોતાના આ કાંચી - નિવાસી ગુરુથી બીજો કોઇ ચઢિયાતો નથી.[૮] કરુણાળુ વેદાન્તાચાર્ય વેંકટનાથ સંસારમાં અવતીર્ણ ન થયા હોત તો સમસ્ત વિશ્વ ભક્તિ અને શાસ્ત્રજ્ઞાનરહિત તેમજ અવૈદિક થઇ જાત એવા વર્ણનમાં વેંકટાધ્વરીની અનન્ય ગુરુભક્તિ લક્ષિત થાય છે.[૯] વેંકટાધ્વરીએ પોતાના આ 'કવિતાર્કિકસિંહ' બિરુદધારી ગુરુની પ્રશસ્તિમાં 'આચાર્યપંચાશત્' નામક સ્તોત્ર પણ રચ્યું છે. તેમાં કવિ તેમના કાર્યનું મૂલ્યાંકન કરી તેમને હાર્દિક નમસ્કાર કરે છે.

વિશ્વામિત્રકુલોત્પન્ન વેંકટનાથ ભગવાન વિષ્ણુના ઘંટાવતાર તરીકે સન્માનિત થયા, પૂજાયા. સુદૂર પ્રસરતા ઘંટારવને અનુરૂપ વેદાન્તસૂરિ વેંકટનાથે વિશિષ્ટાદ્વૈતી - દર્શન તેમજ વૈષ્ણવ ધર્મનો વ્યાપક પ્રચાર કરી, વેદાંતવિરોધી કુમતોનું ખંડન કરી, માનવસમાજમાંથી દુષ્કૃત્ય કે અજ્ઞાન રૂપ પિશાચને દૂર કરી, પોતાની કૃતિઓના માધ્યમથી શ્રુતિમધુર વાણીનો ઉન્મેષ કર્યો. આથી જ વિદ્વાનોએ યોગ્ય રીતે વિષ્ણુઘંટાવતાર રૂપે તેમને આલેખ્યા.

વેંકટનાથે 'ન્યાયકુલિશ'ના કર્તા વિદ્વાન આત્રેય, રામાનુજ તેમજ પિતા અનંતસૂરિ અને વત્સ વરદાચાર્ય જેવા વિદ્વાનો પાસે શિક્ષણ પ્રાપ્ત કરી સર્વ શાસ્ત્રોમાં પ્રાવીણ્ય પ્રાપ્ત કર્યું. તેમણે વૈશેષિક, ન્યાય, મીમાંસા, સાંખ્ય અને યોગશાસ્ત્રોનો ગહન અભ્યાસ કર્યો હતો. ઉત્તરમીમાંસા, રામાનુજ-દર્શન અને શ્રીભાષ્ય તો તેમના અતીવ પ્રિય વિષય હતા. તેમણે રચેલાં ત્રીસ જેટલાં સ્તોત્રો તથા ન્યાયપરિશુદ્ધિ, તત્ત્વમુક્તાકલાપ, સર્વાર્થ-સિદ્ધિ, સેશ્વરમીમાંસા, સાંખ્યકારિકા, સાંખ્યતત્ત્વકૌમુદી, તત્ત્વટીકા, ગીતાભાષ્ય, તાત્પર્યચંદ્રિકા ઇત્યાદિ ગ્રન્થો તેમનું દાર્શનિક - જ્ઞાન સૂચવવા પર્યાપ્ત છે.

રામાનુજાચાર્યના અનુયાયી વેંકટનાથ વેદાન્તાચાર્યની શિષ્ય-પરંપરામાં વેંકટાધ્વરી વિભિન્ન વિષયક અસંખ્ય કૃતિઓના રચયિતા મનાય છે. તેમના વંશજો કૃતિઓની સંખ્યા ૧૦૮ ની માને છે. આજે સામાન્ય રીતે નીચેની કૃતિઓ પ્રાપ્ત થાય છેઃ લક્ષ્મીસહસ્ર, શ્રવણાનંદ, શ્રીનિવાસસહસ્ર, આચાર્યપંચાશત્ જેવાં સ્તોત્રો, સુભાષિતકૌસ્તુભ, રાઘવ-યાદવીય, તથા ચમ્પૂકાવ્યો જેવાં કે - વિશ્વગુણાદર્શ, વરદાભ્યુદ, ઉત્તરરામચરિત, શ્રીનિવાસવિલાસ, નાટ્યકૃતિઓ જેવી કે પ્રદ્યુમ્નાનંદ, સુભદ્રાપરિણય, કાંચી-ભાણ, શૃંગારદીપિકા, મુકુન્દવિલાસ, યથોકતકારિભાણ મીમાંસા - વિધિત્રય-પરિત્રાણ, મીમાંસામકરન્દ, ન્યાયયજ્ઞ તથા વૈષ્ણવધર્મશાસ્ત્ર યતિપ્રતિવંદનખંડન; વ્યાકરણ વિષયક મહાભાષ્યસ્ફૂર્તિ, યઙ્લૂક પ્રકાશિકા, વ્યુત્પત્તિ સુબોધ, તથા તર્કશાસ્ત્રનો ગ્રંથ મણિસારખંડન અને ટીકા તરીકે રામાયણ-વ્યાખ્યા-વાલ્મીકિહૃદય.

ઇ.સ. ની ૧૪ મી સદીથી શરૂ કરી ૧૮મી સદી સુધીમાં વિશિષ્ટાદ્વૈતી અનેક આચાર્યો થયા છે. તેમાં મુખ્ય આચાર્યો આ પ્રમાણે છે. દેવરાજાચાર્ય, વરદાચાર્ય, સુદર્શનસૂરિ ભટ્ટાચાર્ય, વરદાચાર્યબીજા, વીરરાઘવાચાર્ય, રામાનુજાચાર્ય, વાદિહંસામ્બુચાર્ય, વેંકટનાથ વેદાંતાચાર્ય, શ્રીમલ્લોકાચાર્ય, આચાર્ય વરદગુરુ, વરદનાયક સૂરિ, અનન્તાચાર્ય, રામાનુજદાસ, સુદર્શનગુરુ, શ્રીનિવાસાચાર્ય પ્રથમ, શ્રીનિવાસાચાર્ય બીજા, શ્રીનિવાસાચાર્ય ત્રીજા તથા વેંકટાચાર્યનો સમાવેશ થાય છે.

## વિશિષ્ટાદ્વૈતનો અર્થ :

રામાનુજના મતે ચિત્ તત્ત્વ (જીવો) અને અચિત્તત્ત્વ (જડમાત્ર) એ બેય ઈશ્વરનાં શરીર કે વિશેષણો છે. કારણ કે ઈશ્વર વિશેષ્ય છે અને એમાં રહેલા છે એ બેય તત્ત્વોના અન્તર્યામી છે. એટલે જેમ શરીર અને મનથી યુક્ત આત્મા એ એક જ માણસ છે, તેમ ચિત્ - અચિત્ - વિશિષ્ટ ઈશ્વર એક જ તત્ત્વ છે. આ જાતના એકતત્ત્વને વિશિષ્ટાદ્વૈત નામ આપવામાં આવેલ છે.[૧૦] આ મતને શ્રી સંપ્રદાય પણ કહેવામાં આવે છે; કારણકે નારાયણ (વિષ્ણુ) ની સાથે શ્રી (લક્ષ્મી) પણ પૂજવા લાયક છે. શ્રી અને વિષ્ણુની યુગલોપાસનાનું આ સંપ્રદાયમાં મહત્ત્વપૂર્ણ સ્થાન છે.

## વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતનો ટૂંકસાર :

રામાનુજ વેદાન્તના ત્રણ પાયાના સિદ્ધાંતો છેઃ

(૧) પરમેશ્વર, ચિત્ અને અચિત્ એવા ત્રણ પદાર્થો (તત્ત્વત્રયી) છે. તેમાં ચિત્ (જીવ) અને અચિત્ (જડ) તે પરમેશ્વરનાં વિશેષણો છે અને પરમેશ્વર વિશેષ્ય છે.

(૨) અચિત્ (જગત) પરમેશ્વર વડે ઉત્પત્તિ, સ્થિતિ અને લયને પામે છે. આવું જગત સત્ય છે.

(૩) જીવ તે ચિદ્રૂપ છતાં અણુ-અંશરૂપ છે અને પરમેશ્વર (વાસુદેવ) પોતાના ભક્ત બનેલા જીવને પુનરાવૃત્તિ વિનાનું પોતાનું અક્ષય આનંદરૂપ ધામનું ફળ આપે છે.[૧૧]

## (બ) વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકારો અને તેમનાં સ્તોત્રો

શંકરાચાર્યના અદ્વૈતવાદના વિરોધમાં વિભિન્ન આચાર્યોએ દાર્શનિક સંપ્રદાયો પ્રવર્તિત કર્યા. મધ્યકાલીન ભક્તિપ્રવાહને તેમણે સ્તોત્રસર્જન દ્વારા પુષ્ટ કર્યો. પરિણામે અગિયારમી સદીથી સત્તરમી સદી પર્યન્ત વિપુલ પ્રમાણમાં સાંપ્રદાયિક સ્તોત્રોનું સર્જન થયું છે. આ સંપ્રદાયો 'ભાગવત' પુરાણથી સવિશેષ પ્રભાવિત છે. એમાંય 'ભાગવત' ના તરુણ (બાળ) કૃષ્ણની ગોપીઓ સાથેની શૃંગારી ક્રીડાઓ તેમજ વૃન્દાવનલીલાઓ સાંપ્રદાયિક આચાર્યો અને કવિઓના આકર્ષણનું કેન્દ્ર બની. તેથી તે યુગનાં સ્તોત્રોમાં દાર્શનિકતા અને ભક્તિની સાથે શૃંગારનો પ્રચુર માત્રામાં સમાવેશ થયો. લલિત શૃંગારી વિષયના પ્રવેશને લીધે આ યુગનું વૈષ્ણવ સ્તોત્ર સાહિત્ય રંગીનતાની અનુભૂતિ કરાવે છે. શૈવ સ્તોત્રમાં કૃષ્ણના રંગીન વ્યક્તિત્વને અવકાશ ન હોઈ, એ સ્તોત્રો શૃંગારી પ્રવૃત્તિથી પ્રાયઃ દૂર રહ્યાં છે. આ યુગનાં ઘણાખરાં સ્તોત્રો સાંપ્રદાયિક છે તેમ છતાં કેટલાક એવા કવિઓ પણ થયા જેમણે કોઈ વિશિષ્ટ સંપ્રદાયની પરિધિમાં બંધાયા સિવાય ઉત્તમ કોટિનાં સ્તોત્રોની રચની કરી. મધ્યકાલીન વૈષ્ણવ સંપ્રદાયોમાં વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો અગત્યનું સ્થાન ધરાવે છે.

### ૧. કુલશેખર :

કુલશેખર નામધારી અનેક રાજવીઓ કેરાળામાં થયા હોઈ, કેરાળાના રાજા મનાતા કે પ્રાચીન દાક્ષિણાત્ય સંતો - અલવારોની કોટિમાં પરિગણિત કવિ કુલશેખરના સમય બાબતે વિદ્વાનોમાં એક મત નથી. સાતમીથી બારમી સદીમાં તેમને મુકવાનો પ્રયત્ન થયો છે. તેમનું એક માત્ર 'મુકુન્દમાલાસ્તોત્ર' પ્રાપ્ત થાય છે.

### * મુકુન્દમાલાસ્તોત્ર :

'મુકુન્દમાલા સ્તોત્ર' ૩૩ શ્લોકોમાં રચાયેલું એક નાનકડું કાવ્ય હોવા છતાં વૈષ્ણવ સ્તોત્રોમાં અતિ લોકપ્રિય બન્યું છે. 'બૃહત્સ્તોમુક્તાહાર' માં[૧૨] આ સ્તોત્ર ૨૨ શ્લોકનું પ્રાપ્ત થાય છે. તેના શ્લોક ક્રમાંક ૨ અને ૧૦ થી ૧૧ પ્રક્ષિપ્ત મનાય છે; કેમકે આમાંનો એક શ્લોક વલ્લભદેવ પોતાની ''સુભાષિતાવલી''માં ક્ષેમેન્દ્રના નામે ઉધ્ધૃત કરે છે. બીજા પણ કેટલાક શ્લોક પુરાણાદિ ગ્રંથોમાં દેખાય છે.[૧૩]

'મુકુન્દમાલાસ્તોત્ર' વૈષ્ણવી ઊર્મિલ ભક્તિથી પ્રસાદિક બન્યું છે. સંસારસાગરમાં તણાતા કવિ તો માત્ર મુકુન્દના ચરણારવિંદ પ્રત્યેની ભક્તિનૌકાની યાચના કરે છે.[૧૪] અહીં સંસાર-સાગરનું રૂપક દર્શનીય છે. વિષ્ણુની ભક્તિમાં આત્મવિસ્તૃત કવિ અંજલિપૂર્વક ગદ્ગદકંઠે, વિષ્ણુના ચરણધ્યાનરૂપી અમૃતનો આસ્વાદ કરતાં કરતાં જીવનયાપન કરવા ઇચ્છે છેઃ

बद्धेनाञ्जलिना नतेन शिरसा गात्रैः सरोमोद्गमैः
कण्ठेन स्वरगद्गदेन नयनोनोद्गीर्णबाष्पाम्बुना ।
नित्यं त्वच्चरणारविन्दयुगलध्यानामृतास्वादिना-
मस्कामं सरसीरुहाक्ष सततं संपद्यतां जीवितम् ।।[१५]

આમાં કવિની વિષ્ણુ પ્રત્યે દ્રઢ નિષ્ઠા અને ભક્તિભાવના વ્યક્ત થાય છે. કવિનું મુકુન્દવંદન બ્રહ્મપ્રાપ્તિ, નરકમાંથી ઉદ્ધાર કે રમણી-ઉપભોગ માટે નહિ, પરંતુ હૃદય-ભવનમાં વિષ્ણુની ભાવના માટે છે.[૧૬] કવિ પ્રત્યેક જન્મમાં સર્વ કામનાઓનો ત્યાગ કરી માત્ર વિષ્ણુના ચરણે અવિચલ ભક્તિની જ યાચના કરે છે. (શ્લોક-૬) મૃત્યુવેળાએ એક માત્ર વિષ્ણુના ચરણકમળના ચિંતનની અભિલાષા રાખતો કવિ અનન્ય શરણાગત બની, ભાવ-વિભોર થઈ જાય છે. (શ્લોક-૭). ગોપાલચુડામણિ, શ્રીકૃષ્ણમંત્ર અને શ્રીકૃષ્ણનામૈષધ (શ્લોક-૨૮, ૨૯, ૩૦) નો મહિમા ગાતો કવિ અંગોની સાર્થકતા વિષ્ણુસ્તુતિમાં જ બતાવે છે.[૧૭] એમાં કવિની અનન્ય ભક્તિનાં દર્શન થાય છે. વિવિધ છંદોમાં રચાયેલ આ કાવ્ય વૈદર્ભી શૈલીની ચારૂતા જાળવી સ્તોત્રકાવ્યનાં પ્રમુખ લક્ષણોને ચરિતાર્થ કરે છે.

## ૨. યામુનાચાર્ય (યામુનમુનિ) (ઇ.સ. ૯૧૫-૧૦૪૦)

દક્ષિણ ભારતમાં પ્રાચીન કાળથી વિદ્યમાન વિશિષ્ટાદ્વૈતી પરંપરા અને પ્રાચીન આલવાર સંતોની ભક્તિગંગાને પુનઃ નવા સ્વરૂપે સ્થાપિત અને પ્રચારિત કરનાર યામુન મુનિએ વૈષ્ણવ સંપ્રદાયના એક પ્રધાન આચાર્યનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

નાથમુનિએ યમુના કાંઠે કેટલોક વખત નિવાસ કર્યો હતો એના સ્મરણરૂપે એ કહેતા ગયા હતા કે પોતાના પુત્ર ઈશ્વરમુનિના પુત્રનું નામ 'યામુન' પાડવું. તે પ્રમાણે એ ઈશ્વરમુનિને ઇ.સ. ૯૧૬માં પુત્ર થયો તેનું નામ યામુન પાડવામાં આવ્યું.[૧૮] એ રામાનુજાચાર્યના ગુરુ યામુનાચાર્ય. યામુન મુનિએ મહાભટ્ટ નામના ગુરુને ત્યાં રહી વિદ્યાભ્યાસ કર્યો અને વેદવેદાંગાદિ સર્વ શાસ્ત્રનું જ્ઞાન એમણે બહુ સહેલાઈથી અને કુશળતાથી પ્રાપ્ત કર્યું.

न वयं कवयस्तु केवलं, न वयं केवलतन्त्रपारगाः ।
अपि तु प्रतिवादिभीकरप्रकटातोविपाटनक्षमाः ॥

એ શ્લોક પુરોહિતને મોકલી પાંડ્યરાજાની સભામાં વિદ્વજ્જનકોલાહલ નામના દિગ્વિજયી પંડિતને પોતાની પ્રતિભાથી પરાજિત કરી અર્ધાસન મેળવ્યું. વૈભવમાં જીવન પસાર કરતાં તેમને ચાર પુત્રો થયા, પરંતુ નાથમુનિએ પોતાના શિષ્ય પુંડરીકાક્ષને શાસ્ત્રનું રહસ્ય યામુનમુનિને આપવા કહ્યું હતું. તે જ્ઞાન રામમિશ્ર દ્વારા યામુનાચાર્ય પાસે પહોંચ્યું અને તેમણે સંસાર ત્યજી શ્રીરંગમાં નિવાસ કર્યો.

યામુનાચાર્યની મુખ્ય ૭ કૃતિઓ પ્રાપ્ત થાય છે.

(૧) સિદ્ધિત્રય

(૨) પુરુષનિર્ણય (યામુનના ‘રાગમપ્રામાણ્ય’માં નિર્દિષ્ટ, પણ અત્યારે અનુપલબ્ધ)

(૩) આગમપ્રામાણ્ય

(૪) કાશ્મીરાગમપ્રામાણ્ય (યામુનના આગમપ્રામાણ્યમાં નિર્દિષ્ટ, પણ અધુના અનુપલબ્ધ)

(૫) ગીતાર્થસંગ્રહ

(૬) સ્તોત્રરત્ન (આળવન્દાર સ્તોત્ર)

(૭) શ્રીસ્તુતિ અથવા ચતુઃશ્લોકી

(૮) નામમૌતિકમાલા (હસ્તપ્રત સ્વરૂપે, અપ્રકાશિત)

યામુનમુનિનાં બે સ્તોત્રોનો પરિચય નીચે પ્રમાણે છે.

## સ્તોત્રરત્ન (આળવન્દારસ્તોત્ર)

યામુનાચાર્યનું સ્તોત્રરત્ન ‘આળવન્દારસ્તોત્ર’ તરીકે વૈષ્ણવોમાં અતિ પ્રિય બન્યું છે. તેમને ‘આળવન્દાર’ બિરૂદ પણ પ્રાપ્ત થયું છે. સ્તોત્રરત્ન વિવિધ છંદના ૬૫ શ્લોકોમાં રચાયેલું છે. પ્રસ્તુત સ્તોત્ર વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્ત અનુસાર વિષ્ણુસ્વરૂપ અને વૈષ્ણવી પ્રપત્તિપ્રધાન ભક્તિનું મનોહર નિરૂપણ કરે છે. આરંભમાં કવિ પોતાના ગુરુ નાથમુનિને નમસ્કાર કરે છે. પાપોનો એકરાર કરતા નિરાધાર કવિનું ક્રંદન સ્તોત્રને, ઊર્મિપ્રધાન બનાવે છે.[૧૯] શિશુતુલ્ય અબોધભાવ વ્યક્ત કરી કવિ વિષ્ણુના ચરણકમળમાં જ આસક્તિ ઝંખે છે, જેમ કે

निरासकस्यापि न तावदुत्सहे महेश हातुं तव पादपङ्कजम्
रुषा निरस्तोऽपि शिशुस्स्तनन्धयो न जातु मातुश्चरणौ जिहासति ।।૯।।

વિષ્ણુના રૂપનું વર્ણન કરી કવિ વિષ્ણુના દાસ બનવાનો તલસાટ વ્યક્ત કરે છે. વિષ્ણુનું દાસત્વ જ એમને

મન મુક્તિ છે.[૨૦] યોગીઓ અને દેવો દ્વારા પણ ધ્યાન ન ધરી શકાય એવા વિષ્ણુ ક્યાં અને તેમનો સેવક-ભાવ યાચતો પોતાના જેવો દુર્ગુણી કેવો[૨૧] એવા નિરૂપણમાં આત્મતિરસ્કાર વ્યક્ત થાય છે. 'જો તું મારા ઉપર દયા નહિ બતાવે તો તને મારા જેવો દયાપાત્ર મળવો મુશ્કેલ છે'[૨૨] અહી કવિની યાચના ચાતુર્યપૂર્ણ છે. શ્લોક-૧૭ અને ૧૮ માં પરમાત્માનું વિશિષ્ટાદ્વૈતી સિદ્ધાંત અનુસારનું વર્ણન થયું છે. કવિનું ભક્તિસંપન્ન હૃદય સમગ્ર સ્તોત્રમાં સ્પંદિત થાય છે.[૨૩] પ્રાસાદિકતા હોવા છતાં કુલશેખરના 'મુકુન્દમાલા' સ્તોત્ર કરતાં આ સ્તોત્ર કંઈક ઉતરતી કોટિનું વર્તાય છે. આનું કારણ સંભવતઃ એ છે કે યામુન મુનિ મુખ્યત્વે આચાર્ય છે, નહિ કે કવિ.

## (૨) શ્રીસ્તુતિ (ચતુઃશ્લોકી)

ચાર શ્લોકની આ એક લઘુ-સ્તોત્રકૃતિ છે.

આ એક લઘુ-સ્તોત્ર-કૃતિ હોવા છતાં દક્ષિણ ભારતીય શ્રીવૈષ્ણવ સાહિત્યમાં એનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે, કેમકે એમાં આચાર્યશ્રીએ નારાયણ ભગવાનની પ્રિયતમા તરીકે લક્ષ્મીનું ભવ્ય સ્થાન પ્રસ્થાપિત કરીને તેણીને ભગવાન વિષ્ણુ અને ભક્ત વચ્ચે મધ્યસ્થીરૂપી નિરૂપી છે. દાક્ષિણાત્ય શ્રીવૈષ્ણવી સ્તુતિ-સાહિત્યની આ પ્રથમ કૃતિ તરીકે પણ તેનું મૂલ્ય છે. વેંકટનાથ વેદાન્તદેશિકે આના પર ભાષ્ય પણ રચ્યું છે. શ્રીવૈષ્ણવ તત્ત્વજ્ઞાનમાં 'લક્ષ્મી' સંબંધી જે વિચારણા થઈ રહી છે, તે મુખ્યત્વે 'શ્રીસ્તુતિ' પર આધારિત છે.

## ૩. રામાનુજાચાર્ય (ઈ.સ. ૧૦૧૭-૧૧૩૭)

શ્રીસંપ્રદાયના પુનરુધ્ધારના ઈતિહાસ પછી  કાળક્રમે ત્રીજું મોટું નામ હોય તો તે રામાનુજાચાર્યનું છે.

યામુનાચાર્યના શિષ્ય રામાનુજાચાર્યનું જન્મનું નામ લક્ષ્મણ-લક્ષ્મણાચાર્ય હતું. તે ઈ.સ. ૧૦૧૭ ની ચૈત્ર શુકલ પંચમી ને ગુરુવારે મધ્યાહન સમયે શ્રી પેરમબુદુર (ભૂતપુરી) નામના ગામમાં જન્મ્યા હતા. એમના પિતાનું નામ કેશવ-કેશવાર્ય અને માતાનું નામ કાન્તિમતી હતું. તેમના પિતા વેદાભ્યાસ કરાવી, ગૃહસ્થાશ્રમ મંડાવી રામાનુજાચાર્ય ૧૬ વર્ષના હતા ત્યારે મૃત્યુ પામ્યા. ત્યારબાદ તેઓ શ્રીકાંચીપુરમમાં આવી યાદવપ્રકાશ નામના ગુરુ પાસે મીમાંસાદિ ભણવા લાગ્યા. ત્યાંથી તેઓ શ્રીયામુનાચાર્યના પ્રિય શિષ્ય કાંચીપૂર્ણની સાથે કાંચીનગરીમાં શ્રી વરદરાજ (વિષ્ણુ)ની સેવામાં જોડાયા. ત્યાંથી તેઓ શ્રીરંગ ગયા. વરદરાજની સેવા છોડી તેમણે યામુનાચાર્યને નિરાશ કર્યા.

શ્રીયામુનાચાર્યનો જીવ શ્રીરામાનુજમાં ભરાયો હોવાથી અંતિમ સમયમાં શ્રીરામાનુજ કાંચીથી શ્રીરંગ આવ્યા, પરંતુ અંતિમ સમયે યામુનાચાર્યને મળી ન શક્યા. પરંતુ યામુનાચાર્યના શબ પાસે તેમણે ત્રણ પ્રતિજ્ઞા લીધી : (૧) તમિલ કવિ નમ્માલવારને શ્રદ્ધાંજલિ આપવી, (૨) બ્રહ્મસૂત્રો ઉપર વિશિષ્ટાદ્વૈતી ભાષ્ય રચવું અને (૩) વ્યાસ-પરાશર મુનિની ચિરંજીવ સ્મૃતિ રહે એવું કંઈક કરવું. તે પ્રતિજ્ઞાઓ પૂર્ણ કરી એકસો વીસ વર્ષનું આયુષ્ય ભોગવી વૃદ્ધ વયે તેમણે દેહ છોડ્યો.

રામાનુજાચાર્યના નામે નીચેના ગ્રન્થો પ્રાપ્ત થાય છેઃ

(૧) શ્રીભાષ્ય

(૨) વેદાન્તદીપ

(૩) વેદાન્તસાર

(૪) વેદાર્થ (વેદાન્તાર્થ) સંગ્રહ (ઉપનિષદોના અદ્વૈતવાદી અર્થનું ખંડન)

(૫) ભગવદ્‌ગીતાભાષ્ય

(૬) શરણાગતિગદ્ય (સ્તોત્ર)

(૭) શ્રીરંગગદ્ય (સ્તોત્ર)

(૮) શ્રીવૈકુંઠગદ્ય (સ્તોત્ર)

યામુનાચાર્યના પ્રસિધ્ધ શિષ્ય રામાનુજાચાર્યનો વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સિધ્ધાંત 'રામાનુજમત' તરીકે પ્રતિષ્ઠિત થયો. આચાર્ય રામાનુજ ગદ્યસ્તોત્રોની પરંપરાને વિકસિત કરે છે. એમનાં નીચેનાં ત્રણ ગદ્ય સ્તોત્રો પ્રસિધ્ધ છે. આ ત્રણેય ગદ્યસ્તોત્રો ઉપર વેંકટનાથ વેદાંત દેશિકે સવિસ્તર ભાષ્યો રચ્યાં છે.

## (૧) શરણાગતિગદ્ય

'શરણાગતિગદ્ય' ગદ્યપદ્યાત્મક છે. એના આરંભિક ભાગમાં આચાર્ય રામાનુજ લક્ષ્મી અને વિષ્ણુનાં માહાત્મ્યસૂચક વિશેષણો પ્રયોજી તેમની શરણાગતિ સ્વીકારે છે. સ્તોત્રનું આ પદ તો લોકકંઠે વસી ગયું છે :

त्वमेव माता च पिता त्वमेव बन्धुश्च गुरुस्त्वत्वमेव
त्वमेव विद्या द्रविणं त्वमेव सर्वं मम देव देव ।।८।।[२४]

શરણાગત એવા પોતાને તારવા તેઓ ભગવાન વિષ્ણુને વિનંતી કરે છે.[૨૫] વિષ્ણુના નિત્ય કિંકર બની રહેવાની એમની કામનામાં પ્રપત્તિભક્તિની પરાકાષ્ઠા વર્તાય છે - तथाविध भगवदनुभवजनितानवधिकातिशयप्रीतिकारिताशेषावस्थोचिताशेषशेष तैकरतिरूपनित्यकिङ्करो भवानि ।[२६]

નિશ્છલ હૈયે એમણે રજૂ કરેલી પામરતામાં ભાવસાન્દ્રતાનું દર્શન થાય છે.[૨૭]

## (૨) શ્રીરંગગદ્ય -

શ્રીરંગનગરીમાં વિરાજમાન રંગનાથ ભગવાનને ઉદ્દેશી રચાયેલા 'શ્રીરંગગદ્ય' માં વિશિષ્ટાદ્વૈતી સિદ્ધાંત અનુસારનું પરમાત્મસ્વરૂપ રજૂ થયું છે. રામાનુજ તો ચેતનાચેતન વિશિષ્ટ, કલેશકર્માદિ દોષથી અસ્પૃષ્ટ, પરબ્રહ્મસ્વરૂપ તેમજ ષડ્‌ગુણાદિથી સંપન્ન શ્રીરંગભગવાનના નિત્ય કિંકર બની રહેવાની નિર્મળ

કામના વ્યક્ત કરે છે.[૨૮] અનન્યગતિ આચાર્યની વિષ્ણુદાસત્વની ઝંખનામાં ભક્ત હૈયાની ભાવુકતાનો અનુભવ થાય છે.

### (૩) શ્રીવૈકુંઠગદ્ય -

રામાનુજના 'શ્રીવૈકુંઠગદ્ય'માં બ્રહ્મસ્વરૂપ, ઈશ્વરના ગુણ તેમજ રૂપનું પ્રલંબ વર્ણન થયું છે. રામાનુજ મુખ્યત્વે વૈષ્ણવ આચાર્ય છે, નહિ કે સાહિત્યાચાર્ય. પરિણામે તેમનાં સ્તોત્રોમાં સાહિત્યિક સૌન્દર્યનો અભાવ વર્તાય છે. તેમ છતાં ભાવની ઉદાત્તતા અને વિશુદ્ધ દિલની આર્તવાણી પ્રતીતિજનક બને છે.[૨૯]

## ૪. શ્રીવત્સાંક મિશ્ર - (૧૧મી સદી)

કૂરનગરના જાગીરદાર શ્રીવત્સાંક મિશ્ર જે 'કૂરેશ' નામથી સંપ્રદાયના ઈતિહાસમાં પ્રસિદ્ધ થયા છે. એ રામાનુજાચાર્યના મુખ્ય શિષ્ય હતા. શ્રીવત્સાંક મિશ્ર વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં અભિવૃદ્ધિ કરે છે. તેમની વૈકુંઠસ્તવ, અતિમાનુષસ્તવ, સુંદરબાહુસ્તવ, વરદરાજસ્તવ અને શ્રીસ્તુતિ આ પાંચ સ્તોત્રકૃતિઓ ધરાવતી 'પંચસ્તવી' પ્રસિદ્ધ છે.

### (૧) વૈકુંઠસ્તવ -

વૈકુંઠના, વિષ્ણુના મહિમાનું ગાન કરતું એમનું 'શ્રીવૈકુંઠસ્તવ' વસંતતિલકા છંદમાં રચાયેલ શતકસ્તોત્ર છે. સ્તોત્રના આરંભે ગુરુ રામાનુજને વંદન કરી સ્તુતિકર્તા વિનયભાવ પ્રકટ કરે છે. સ્તોત્રના પૂર્વાર્ધમાં વેદાદિ ગ્રન્થોમાં નિરૂપિત વિષ્ણુના તાત્ત્વિક સ્વરૂપનું તેમજ તેમના ક્ષમા, વાત્સલ્ય, ઉદારતા ઈત્યાદિ ગુણોનું આલેખન થયું છે. વિષ્ણુરૂપમૂર્તિના દર્શનની પ્રબળ ઝંખના કવિના ભક્તિભાવને વ્યક્ત કરે છે.[૩૦] સ્તોત્રના અંતિમભાગના શ્લોક આત્મનિવેદનપ્રેરક છે. દુર્ગુણો અને અપરાધોનો એકરાર કરી કવિ પોતાને દયાપાત્ર માને છેઃ

सत्कर्म नैव किल किञ्चन सच्चिनोमि
विद्याऽप्यवद्यरहिता न च विद्यते मे ।
किञ्च त्वदञ्चियतपदाम्बुजभक्तिहीनः
पात्रं भवामि भगवन् भवतो दयायाः ।।[३१]

ક્યારેક કવિના નિર્વેદ-પ્રકાશનમાં કરુણવાણી પણ સંભળાય છે.[૩૨]

### (૨) અતિમાનુષસ્તવ -

વસંતતિલકાના ૬૧ શ્લોકોમાં ગ્રથિત 'અતિમાનુસ્તવ'માં શ્રીરંગનગરીના અધિષ્ઠા દેવ રંગરાજ (વિષ્ણુ)ના નરસિંહ, રામ, કૃષ્ણ આદિ અવતારોનાં મહાન કાર્યોના આલેખન સાથે એમનો ગુણ વૈભવ પ્રગટ થયો છે, તેથી જ શ્રીવત્સંક મિશ્ર કહે છે કે દયાસિંધુ પરમાત્મા ક્ષુદ્ર જનોને દર્શન આપવા

શ્રીરંગક્ષેત્રમાં અવતીર્ણ થયા છે.[૩૩] વિષ્ણુના ચરણદર્શનની આતુરતા સાથે અનન્યગતિ કવિ વિષ્ણુની પ્રપત્તિ સ્વીકારે છે.[૩૪]

## (૩) સુંદરબાહુસ્તવ -

'સુંદરબાહુસ્તવ' કુલ ૧૩૨ પદમાં રચાયેલું સ્તોત્ર છે. તેમાં નર્દટક, પુષ્પિતાગ્રા, શાર્દુલવિક્રીડિત, વંશસ્થવિલ ઈત્યાદિ વિવિધ છંદોનો પ્રયોગ શ્રીવત્સાંકમિશ્રે કર્યો છે. આ સ્તોત્રમાં દક્ષિણના વેંકટગિરિ (વૃષશૈલ) ઉપર પ્રતિમા સ્વરૂપે બિરાજમાન ભગવાન સુંદરબાહુ (વિષ્ણુ) નો મહિમા રજૂ થયો છે. વેંકટ પર્વતનું વર્ણન કરી શ્રીવત્સાંકમિશ્ર ભગવાન સુંદરબાહુ - વિષ્ણુનું વેદાદિગ્રન્થોમાં પ્રતિપાદિત તાત્ત્વિક સ્વરૂપ સ્પષ્ટ કરી વિષ્ણુના ષડ્ગુણનો મહિમા ગાય છે. તેમાં વર્ણ્ય અંગો આ પ્રમાણે છે : એકાવલિ, ઊર્ધ્વપુંડ્ર, ભ્રમર, નયન, નાસિકા, મુખ, કપોલ, કર્ણ, બાહુ, હથેળી, વક્ષઃસ્થળ, નાભિ, કટિ, ઊરુ, જાનુ, જંઘા તેમજ ચરણ. રૂપ વર્ણનમાં કવિની કલ્પના દર્શનીય છેઃ

सुचारु चापद्वयविभ्रमं भ्रूवोर्युगं सुनेत्राह्वसहस्रपत्रयोः ।
उपान्तगं वा मधुपावलीयुगं विराजते सुन्दरबाहुसंस्रयत् ।।[૩૫]

શ્લોક ૯૨ થી ૧૨૦ માં વિષ્ણુના દશાવતારનું ચિત્રણ થયું છે. એમાં કેટલાંક સુંદર શબ્દચિત્રો પણ પ્રાપ્ત થાય છે. નૃસિંહનું સાનુપ્રાસિક શબ્દચિત્ર નોંધપાત્ર છે.[૩૬] સ્તોત્રના અંતિમ ભાગના શ્લોકોમાં કવિના નિર્વેદનું પ્રકાશન થયું છે.[૩૭] સમાન વિચારોની પુનઃ પુનઃ રજૂઆત થવાથી સ્તોત્ર પુનરુક્તિ - દોષયુક્ત છે.

## (૪) વરદરાજસ્તવ

શ્રીવત્સાંકમિશ્રનું 'વરદરાજસ્તવ' કાંચીનગરીના હસ્તગિરિ ઉપર વિરાજમાન વરદરાજ (વિષ્ણુ) ને ઉદ્દેશી રચાયેલું શતકસ્તોત્ર છે. આ સ્તોત્રમાં શિખરિણી, રથોધ્ધતા, પુષ્પિતાગ્રા, વંશસ્થવિલ જેવા વિવિધ છંદોનો પ્રયોગ થયો છે. વેદાદિગ્રંથોમાં નિરૂપિત વિષ્ણુના તાત્ત્વિક સ્વરૂપનું આલોકન કરી કવિ શ્લોક ૩૬ થી ૬૦ માં વરદરાજ (વિષ્ણુ)નું કેશાદિપાદાન્તવર્ણન આપે છે. એમાં કલ્પનાસૌન્દર્ય નિષ્પન્ન થયું છે. નાસિકા-સેતુ અને અધરપલ્લવ પર દંતચંદ્ર - ચંદ્રિકાની કલ્પના દર્શનીય છે.[૩૮] સ્તોત્રના અંતભાગમાં કવિ નિર્વેદ પ્રગટ કરી ભરન્યાસ પ્રકારના પ્રપત્તિનું અવલંબન લે છે.[૩૯]

## (૫) શ્રીસ્તવ - (શ્રીસ્તુતિ)

શ્રીસ્તવમાં કવિએ ૧૨ શ્લોકોમાં વિષ્ણુપત્ની લક્ષ્મીનો મહિમા રજૂ કર્યો છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં જે લક્ષ્મીની સ્તુતિઓ પ્રાપ્ત થાય છે તેમાં શ્રીસ્તુતિ નાની હોવા છતાં અગત્યની છે. વિશિષ્ટાદ્વૈત સંપ્રદાયમાં શ્રી (લક્ષ્મી) અને વિષ્ણુની યુગલોપાસનાનું મહત્ત્વ છે. એમાં પણ 'શ્રી' (લક્ષ્મી) કેન્દ્ર-સ્થાને છે. એની પ્રતીતિ પ્રસ્તુત સ્તોત્ર કરાવે છે.

## ૫. પરાશરભટ્ટ (ઈ.સ. ૧૦૯૭-૧૧૪૮)

શ્રી વત્સાંકમિશ્રના સુપુત્ર પરાશરભટ્ટની ચાર સ્તોત્રકૃતિઓ જાણીતી છેઃ

(૧) શ્રીરંગરાજસ્તવ

(૨) શ્રીગુણરત્નકોશ

(૩) અષ્ટશ્લોકી

(૪) શ્રીરંગનાથસ્તોત્ર

ઉપરોક્ત ચાર સ્તોત્રમાંથી શ્રીરંગરાજસ્તવ અને ગુણરત્નકોશ એ બે કૃતિઓ નોંધપાત્ર છે, સાહિત્યિક દૃષ્ટિએ ગુણવત્તાસંપન છે.

### (૧) શ્રીરંગરાજસ્તવ

શ્રીરંગરાજસ્તવ બે શતકોમાં વિભક્ત છે : પૂર્વશતક અને ઉત્તરશતક, બંનેની શ્લોક સંખ્યા અનુક્રમે ૧૨૭ અને ૧૦૫ ની છે. શ્રીરંગનગરીના મંદિરમાં અધિષ્ઠિત રંગનાથ (વિષ્ણુ) ભગવાનને ઉદ્દેશી બન્ને શતકોની રચના થઈ છે. પૂર્વશતકના આરંભિક ભાગમાં વિશિષ્ટાદ્વૈતી ગુરુઓ રામાનુજ, યામુન તેમજ નાથમુનિને વંદન કરી પરાશરભટ્ટ સ્તોત્રરચના સંબંધી વિનયભાવ પ્રગટ કરે છે. સ્તોત્રમાં શ્રીરંગનગરી, કાવેરી તેમજ શ્રીરંગ મંદિરનું વર્ણન પણ થયું છે. ઉત્તરાર્ધના શ્લોક ૯૧ થી ૧૨૭ માં રંગ ભગવાનનું કેશાદિપાદાન્ત વર્ણન થયું છે. કાવેરી નદીના વર્ણનમાં ઝડઝમક સંપન્ન પદાવલીઓનું દર્શન થાય છે.[૪૦] રંગરાજરૂપી ભ્રમરની કલ્પના મનોહર છે.[૪૧]

પાદાદિકેશાન્ત વર્ણનમાં કવિકલ્પના કેટલાંક સુંદર શબ્દચિત્રોનું સર્જન કરે છે. એના નિદર્શન તરીકે શ્રીરંગ ભગવાનના મુખસરોવરનું રૂપક દર્શનીય છે.[૪૨]

‘શ્રીરંગરાજસ્તવ’ના ઉત્તરશતકના પૂર્વાર્ધમાં મુખ્યત્વે વિરોધી દાર્શનિક મતોનું ખંડન કરી કવિ વિશિષ્ટાદ્વૈતી સિદ્ધાંત પ્રમાણેનું વિષ્ણુનું સ્વરૂપ આલેખે છે. શ્લોક ૬૦ થી ૭૩ સુધી વિષ્ણુના મત્સ્ય-કૂર્માદિ દશાવતારોનું નિરૂપણ થયું છે. સ્તોત્રના અંત ભાગમાં વિષ્ણુના ક્ષમાદયાદિ ગુણોના મહિમાવર્ણન સાથે આત્મનિવેદનપરક પ્રપત્તિભક્તિનું રૂપ પ્રગટ થયું છે.

### (૨) શ્રીગુણરત્નકોશ

‘શ્રીગુણરત્નકોશ’ એક ઉત્તમ લક્ષ્મીસ્તોત્ર છે. એમાં વિવિધ છંદના ૬૧ શ્લોકોના માધ્યમથી વિશિષ્ટાદ્વૈતી-સિદ્ધાંત પ્રમાણેનું વિષ્ણુપત્ની લક્ષ્મીના સ્વરૂપનું પ્રતિપાદન થયું છે. સ્તોત્રના વિષયની રૂપરેખા આ પ્રમાણે છેઃ

વિશ્વસર્જનમાં હરિને પ્રેરક લક્ષ્મી (શ્લોક-૧), મંગળદીપરેખા-સ્વરૂપ શ્રીની શરણાગતિ (શ્લોક-૨), કૃપાકટાક્ષની યાચના (શ્લોક-૪), લક્ષ્મીનો ગુણવૈભવ અને કવિની પામરતા (શ્લોક-૫,૬), લક્ષ્મી પાસે વાણીની યાચના શ્લોક-૮, વેદ ઉપનિષદ તેમજ ઈતિહાસ-પુરાણોમાં નિરૂપિત લક્ષ્મીસ્વરૂપ શ્લોક-૧૦ થી ૧૪, લક્ષ્મીકૃપાથી ઐશ્વર્યની પ્રાપ્તિ શ્લોક-૧૫ થી ૧૮, લક્ષ્મીના વિહારાર્થે શ્રીહરિનું સૃષ્ટિ સર્જન શ્લોક-૧૯, જીવ-ઈશ્વર વચ્ચે શેષ-શેષિભાવ શ્લોક-૨૨, વિષ્ણુ અને લક્ષ્મીનું એકરાજ્યત્વ શ્લોક-૨૩, વિષ્ણુનું ગૌરવ લક્ષ્મીને આધીન શ્લોક-૨૮, ૩૧, વિષ્ણુ-લક્ષ્મીનો સરખો ગુણભંડાર શ્લોક-૩૨, વિષ્ણુમાં પુરુષસુલભ ગુણ, જ્યારે લક્ષ્મીમાં સ્ત્રીસુલભ ગુણ, શ્લોક-૩૪, લક્ષ્મીનાં મુખ, કટાક્ષ, સ્તનાદિ અંગ-ઉપાંગો તેમજ આભૂષણોનું રૂપવર્ણન શ્લોક-૩૬ થી ૪૯, લક્ષ્મીના ક્ષમા ગુણનો મહિમા શ્લોક-૫૦, અપરાધી પ્રત્યે કુધ્ધ હરિને આર્દ્ર બનાવતી લક્ષ્મીનું માતૃત્વ શ્લોક-૫૨, વિષ્ણુના રામાવતારમાં સંહારાદિ કાર્યોમાં લક્ષ્મીનો મનોરથ કારણભૂત શ્લોક-૫૪, ભક્તોની રક્ષાર્થે શ્રીરંગધામમાં લક્ષ્મીનું અવતરણ શ્લોક-૫૬, લક્ષ્મીના ઔદાર્ય, કારુણ્ય, વાત્સલ્યાદિ ગુણો શ્લોક-૫૭, કવિના નિર્વેદનું પ્રકાશન શ્લોક-૫૯, તેમજ શરણાગતિ શ્લોક-૬૦-૬૧.

વિશિષ્ટાદ્વૈતી લક્ષ્મીસ્તોત્રોમાં સામાન્યતઃ આવા વિષયો મહદંશે દૃષ્ટિગોચર થાય છે. લક્ષ્મીના સૌંદર્યનિરૂપણમાં કવિકલ્પનાનો ઉન્મેષ થયો છે. લક્ષ્મી-કલ્પલતાનું રૂપકચિત્ર રમ્ય છે.[૪૩] ભગવાનના સમુદ્ર-મંથનના શ્રમનું અપહરણ કરતી લક્ષ્મીનયનની સ્મિતસુધા-ચંદ્રિકાની કલ્પના પણ ભાવપ્રવણ છે.[૪૪] યાચનાભાવમાં કવિકુશળતાનું દર્શન થાય છે.[૪૫]

## ૬. વેંકટનાથ - વેદાંતદેશિક (ઈ.સ.૧૨૬૮-૧૩૬૭)

ભગવાન વરદરાજના પરમ ભક્ત વેંકટનાથ વેદાંતદેશિકનો જન્મ વડઘલે ગુરુ પરંપરા પ્રમાણે સપ્ટેમ્બર ઈ.સ. ૧૨૬૮ મનાય છે.[૪૬] બીજા મતાનુસાર તેમનો જન્મ પ્રમોદ વત્સરમાં કન્યા માસના આદિમહિને ભાદ્રપદ શુકલ દ્વાદશી, શુક્રવાર એટલે કે તા. ૨૯-૮-૧૨૭૦ માં થયો છે.[૪૭] 'ન્યાયપરિશુદ્ધ' ના ઉપોદ્ઘાતમાં શ્રીમંત શ્રીનિવાસાચાર્ય તેમનો જન્મ ઈ.સ. ૧૨૭૦ જણાવે છે, જ્યારે શ્રીશૈલતાતાચાર્યે 'પાદુકાસહસ્ત્ર' ના ઉપોદ્ઘાતમાં ઈ.સ. ૧૨૬૮-૧૩૬૯ ના સમયનો ઉલ્લેખ કર્યો છે.

વિશ્વમૈત્રેય દેશિકના પ્રપિતામહનું નામ અનંતસોમયાજિન હતું. પિતામહનું નામ પુંડરીકાક્ષ પ્રસિદ્ધ છે, જેઓ સોમયજ્ઞકર્તા અને વિદ્વત્પંક્તિમાં સ્થાન પામેલા વિદ્વાન મનાય છે.[૪૮] તેમના સુપુત્ર અનન્તાર્ય થયા. તેઓ અનંતગુણસંપન્ન, સ્વભાવે ગંભીર અને વેદવેદાંતતત્ત્વજ્ઞ બહુશ્રુત હતા.[૪૯]

આ અન્તાવર્ય વેંકટનાથના પિતાશ્રી છે. તેમને અનંતસૂરિ અથવા અનંતાર્યના નામે પણ ઓળખવામાં આવે છે. તેઓ ઉમદાચરિત્રવાળા હતા. તેમની પ્રશસ્તિ કરતાં પુત્ર વેંકટનાથ તેમના ઉદાત્ત ગુણનિધિને અભિવ્યક્ત કરે છે.[૫૦]

વેંકટનાથ વેદાન્તદેશિકનાં માતાનું નામ પરંપરા જણાવે છે તે પ્રમાણે 'તોતારમ્મા' અથવા 'તોતારમ્બા' અથવા 'તોતાડ્યમ્બા' જાણીતું છે.[૫૧] તેઓ 'ન્યાયકુલિશ'ના રચયિતા અને પ્રસિદ્ધ વિશિષ્ટાદ્વૈતી આત્રેય રામાનુજ (ઈ.સ. ૧૨૨૧)નાં બહેન થાય. આમ માતુશ્રી વૈષ્ણવોમાં આદરણીય મનાય છે.[૫૨]

માતા તોતારમ્બા અને પિતા અનંતાચાર્યનું દામ્પત્ય જીવન સુખી હતું, પરંતુ બાર વર્ષના લાંબા સમય દરમ્યાન સંતાનની ખોટ વર્તાતી હતી. તે સમયે એક રાત્રિએ ભગવાન વેંકટેશ્વર અને દેવી પદ્માવતીએ સ્વપ્નમાં આવીને તેમને તિરુપતિની યાત્રા કરવાનો નિર્દેશ કર્યો. તે યાત્રાથી સંતાન પ્રાપ્તિ થશે.[૫૩] આમ યાત્રાએ જતાં ભગવાન વેંકટેશ્વરે માતા તોતારમ્બાને ઘંટની ભેટ આપી. તેની પ્રસાદીરૂપે પુત્રપ્રાપ્તિ થઈ.

કવિશ્રીનાં અનેક નામ પ્રચલિત થયાં છે. તેમાં (૧) વેંકટનાથ (૨) વેંકટેશ (૩) વેદાંતદેશિક (૪) વેદાંતાચાર્ય (૫) નિગમાન્ત મહાદેશિક (૬) Tuppil Pillai (ટુપિલ પિલ્લઈ) (૭) દેશિક (૮) શ્રીમદ્ વેંકટનાથ (પિતા દ્વારા નિર્ધારિત થયેલું નામ છે), જ્યારે વેંકટેશ વગેરે નામો ગુરુ દ્વારા પ્રસિદ્ધ થયાં છે.[૫૪] તિરુપતિમાં પ્રસ્થાપિત વેંકટેશ્વરની કૃપાપ્રસાદીથી તેમનો જન્મ થતાં તેમનાં માતા-પિતાએ તેમનું નામ વેંકટનાથ રાખ્યું. તત્પશ્ચાત્ વેદાન્તાચાર્ય તરીકે પ્રસિદ્ધિ મળતાં 'વેંકટનાથ વેદાંતદેશિક' તરીકે ઓળખાયા.

આવાં વિવિધ નામ-ઉપનામધારી વેંકટનાથનું માદરે વતન દક્ષિણ ભારતના તામિલનાડુ પ્રદેશના કાંચીપુરમનો પરા વિસ્તાર (Tuppil) અગ્રહાર તુટિપલ છે, કે જે તિરૂત્તંકા અથવા હિમવન તરીકે સુવિખ્યાત છે. પરંતુ તેમના જીવનનાં વધુ વર્ષો કાંચીપુરમ્ - તિરૂવાહિન્દ્રપુરમ અને શ્રીરંગમાં પસાર થયેલાં જણાય છે.[૫૫]

શિક્ષણ અને સાંપ્રદાયિક જ્ઞાનદાતા, તેમના મામા અને સંપ્રદાયગુરુ આત્રેય રામાનુજનું ઈ.સ. ૧૨૯૫માં નિધન થયું, તેથી વૈષ્ણવ સંપ્રદાયની કાંચીગાદીના અધિપતિ સ્થાને વેંકટનાથ પ્રસ્થાપિત થયા. આમ તેઓને આચાર્યપદની પ્રાપ્તિ થઈ. ગુરુપરંપરા પ્રમાણે રામાનુજ વિષ્ણુના 'શેષાવતાર' તરીકે મનાય છે, તો વેદાંતદેશિક 'ઘંટાવતાર' મનાય છે.

ઘંટાવતાર-સર્વતંત્રસ્વતંત્ર વેદાંતદેશિક વિશિષ્ટાદ્વૈત સંપ્રદાયના શ્રીવૈષ્ણવવાચાર્યોની પરંપરામાં મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. વેદાંતદેશિક સંબંધી રચાયેલાં પ્રશસ્તિ કાવ્યોમાં તેમનું ભવ્ય વ્યક્તિત્વ જોવા મળે છે. તેમનું યશોગાન માત્ર વડઘલે સંપ્રદાયના અનુયાયીઓએ જ કર્યું નથી, તેલંગ સંપ્રદાયના અનુયાયીઓએ પણ પ્રશંસા કરેલી છે. બંને સંપ્રદાયમાં તેમણે પ્રીતિ અને કીર્તિ પ્રાપ્ત કરી છે.

વેંકટનાથ વેદાંતદેશિક પ્રકાંડ પંડિત હતા. તેમની વિદ્વતાનાં દર્શન તેમની કૃતિઓની આલોચનાથી થશે. તેમનામાં જ્ઞાન, કર્મ અને ધર્મનો ત્રિવેણી સંગમ થયેલો હોવાથી તેઓ સાચા અર્થમાં આચાર્ય હતા. તેમણે ન્યાય, મીમાંસા, વૈશેષિક, સાંખ્ય અને યોગ દર્શન ઉપરાંત અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. તેઓ કવિ અને વિવેચક પણ હતા. 'શ્રીભાષ્ય' તેમને મન સર્વસ્વ હતું. તેમના પ્રસિદ્ધ શિષ્ય કવિ વેંકટાધ્વરીએ એમના જીવન અને વ્યક્તિત્ત્વનું સર્વાંગી મૂલ્યાંકન 'આચાર્યપંચાશત્' તથા 'વિશ્વગુણાદર્શચમ્પૂ'માં કર્યું છે.

વેંકટનાથ વેદાંતદેશિકાનો નશ્વર દેહ ઈ.સ. ૧૩૬૯ના નવેમ્બર માસની ૧૪મી તારીખે આ દુનિયામાંથી વિદાય થયો, એમ પરંપરા જણાવે છે.[૫૬] તેઓ કાર્તિકપૂર્ણિમાના દિવસે શ્રીરંગમાં નિર્વાણ પામ્યા હતા, એમ કહેવાય છે. બીજા મત અનુસાર તેઓ તા. ૧૭-૧૨-૧૩૬૯ના રોજ વિષ્ણુ-ચરણ પામ્યા એવું વિદ્વાન ટી. ટી. શ્રીનિવાસગોપાલાચાર્ય 'ન્યાયપરિશુદ્ધ' માં પ્રતિપાદિત કરે છે.[૫૭] આ દૃષ્ટિએ વેદાંતદેશિકનો જીવનકાળ ઈ.સ.

૧૨૬૮ થી ૧૩૬૯ અથવા ઈ.સ. ૧૨૭૦ - ૧૩૬૯ ગણી શકાય. લગભગ સો વર્ષનું આયુષ્ય ભોગવી તેઓ દિવંગત થયા.

## વેંકટનાથ-વેદાંતદેશિકની કૃતિઓ

સાંપ્રદાયિક માન્યતા પ્રમાણે વેદાંતદેશિક શતાધિક ગ્રન્થોના કર્તા છે. વેદાંતદેશિકના સુપ્રસિદ્ધ શિષ્ય કવિ વેંકટાધ્વરી પણ જણાવે છેઃ ''માત્ર છ-સાત કૃતિઓ અનેક વર્ષોનો પ્રયાસ કરીને રચનારા અને એ રીતે ગર્વોન્મત્ત બનેલા કવિઓ જો પ્રશંસાને પાત્ર બને, તો વિના પ્રયાસે સો પ્રબંધરત્નોનું સર્જન કરનાર વેદાંતદેશિક કયા પંડિત દ્વારા પ્રશંસનીય નથી.''[૫૮]

તેમની સ્તોત્રેતર કૃતિઓ આ પ્રમાણે છે.

### ૧. કાવ્યપ્રબંધો

(૧) યાદવાભ્યુદય (મહાકાવ્ય)

(૨) હંસસંદેશ (દૂતકાવ્ય, ખંડકાવ્ય)

(૩) સુભાષિતનીવી  (નીતિકાવ્ય)

(૪) સંકલ્પસૂર્યોદય (દૃશ્ય કાવ્ય)

### (૨) વેદાન્તગ્રન્થો

૧. મીમાંસાપાદુકા

૨. સેશ્વરમીમાંસા

૩. શતદૂષણી

૪. ચકારસમર્થન

૫. ન્યાયપરિશુદ્ધિ

૬. ન્યાયસિદ્ધાંજન

૭. તત્ત્વમુક્તાકલાપ

૮. સર્વાર્થસિદ્ધિ

૯. દ્રવિડોપનિષત્તાત્પર્યરત્નાવલી

૧૦. દ્રુમિડોપનિષત્સાર

૧૧. પરમભંગ

૧૨. વાદિત્રયખંડન

## (૩) ટીકાગ્રન્થો

૧. શ્રીસ્તોત્રભાષ્ય

૨. શ્રીસ્તોત્રરત્નભાષ્ય

૩. ગીતાર્થસંગ્રહરક્ષા

૪. તાત્પર્યચંદ્રિકા

૫. તત્ત્વટીકા

૬. અધિકરણદર્પણ

૭. અધિકરણસારાવલી

૮. શ્રીગદ્યત્રયભાષ્ય

૯. ગીતાર્થસંગ્રહ

૧૦. ચતુઃશ્લોકીભાષ્ય

૧૧. ઈશાવાસ્યોપનિષદ્-ભાષ્ય

૧૨. વેદાર્થસંગ્રહવ્યાખ્યાન

## વેંકટનાથ વેદાંતદેશિકની સ્તોત્રકૃતિઓ[૫૯]

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોની પરંપરામાં, વેંકટનાથ વેદાંતદેશિક વૈષ્ણવી ભક્તિભાવથી સભર ત્રીસેક જેટલાં સ્તોત્રોની રચના કરી આચાર્ય અને ભક્ત તરીકે મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરે છે. સ્તોત્રકૃતિઓ આ પ્રમાણે છેઃ

૧. ગરુડદંડક

૨. ગરુડપંચાશત્

૩. શ્રીહયગ્રીવસ્તોત્ર

૪. ગોપાલ-વિંશતિ

૫. દેવનાયકપંચાશત્

૬. અચ્યુત-શતક

૭. દેહલીશસ્તુતિ

૮. દયાશતક

૯. રઘુવીરગ્રન્થ

૧૦. વરદરાજપંચાશત્

૧૧. યથોક્તકારિસ્તોત્ર

૧૨. અષ્ટભુજાષ્ટક

૧૩. કામાસિકાષ્ટક

૧૪. યતિરાજસપ્તતિ

૧૫. પરમાર્થસ્તુતિ

૧૬. સુદર્શનાષ્ટક

૧૭. ષોડશાયુધસ્તોત્ર

૧૮. ગોદાસ્તુતિ

૧૯. શ્રીસ્તુતિ

૨૦. અભીતિસ્તુતિ

૨૧. ભૂસ્તુતિ

૨૨. ભગવદ્ધ્યાનસોપાન

૨૩. દશાવતારસ્તોત્ર

૨૪. પાદુકાસહસ્ર

૨૫. ઘાટીપંચક

૨૬. દિવ્યમંગલાશાસનપંચક

૨૭. સપર્યાપ્તમૃત-સ્તુતિ

૨૮. કિંગૃહેશસ્તુતિ

૨૯. નીલાસ્તુતિ

૩૦. ન્યાસદશક

૩૧. શરણાગતિદીપિકા

૩૨. ન્યાસતિલક

૩૩. ન્યાયવિંશતિ

૩૪. વૈરાગ્યપંચક

પ્રત્યેક સ્તોત્ર-કૃતિનો સંક્ષિપ્ત પરિચય નીચે પ્રમાણે છે.

## ૧. શ્રી હયગ્રીવસ્તોત્રમ્

આ સ્તોત્રમાં તિરુવાહીન્દ્રપુરમ્‌ના વૈષ્ણવ સંપ્રદાયના વિદ્યાના આરાધ્ય દેવ હયગ્રીવની સ્તુતિ કરવામાં આવી છે. તેઓ લક્ષ્મીહયવદન તરીકે પણ કેટલાંક દાક્ષિણાત્ય મંદિરોમાં વિદ્યાના દેવ રૂપે પૂજવામાં આવે છે. આ સ્તુતિ દ્વારા બ્રહ્મવિદ્યા સંબંધી જ્ઞાન પ્રગટાવવામાં આવે છે. આ કૃતિ વેદાંતદેશિકની પ્રથમ સ્તોત્ર-રચના મનાય છે. એની મહત્તા આજે પણ યાત્રિકોને સ્થળની મુલાકાત લેતાં સમજાય છે. બ્રહ્મોત્સવની ઉજવણી પ્રસંગે તિરુવાહીન્દ્રપુરમ્‌ના વડઘલેપંથના શ્રીવૈષ્ણવો દ્વારા આ સ્તોત્ર ભાવમય રીતે ગવાય છે.

'હયગ્રીવસ્તોત્ર' કુલ ૩૨ શ્લોકોમાં રચાયેલ છે. ઘણાખરા શ્લોક ઉપજાતિ છંદના છે. સ્તોત્ર ભાવ અને કલ્પનાથી સભર છે. સ્તોત્રના આરંભિક પાંચ શ્લોકમાં વિદ્યાના દેવ હયગ્રીવનો મહિમા રજૂ થયો છે. એમાં હયગ્રીવનું તાત્ત્વિક સ્વરૂપ પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. કવિની દૃષ્ટિએ હયગ્રીવ તો જ્ઞાનાનંદસ્વરૂપ, નિર્મલ સ્ફટિક્સમ આકૃતિવાળા, સર્વવિદ્યાઓના આધારરૂપ, સ્વતઃ સિદ્ધ, સર્વવેદોના સારરૂપ અને યજ્ઞદૃષ્ટિની અપૂર્વ અંજનશ્રી સ્વરૂપ છે. વિશુદ્ધ વિજ્ઞાન-સ્વરૂપ અને માનવો માટે શરણ્ય એવા હયગ્રીવની શરણાગતિ સ્વીકારીને કવિ પ્રપતિ-મહિમા પણ સમજાવી દે છે. વિશુદ્ધ વિજ્ઞાનના આધાર સ્વરૂપ, વિજ્ઞાનયુક્ત ભગવાન હયગ્રીવ દયાના સાગર છે. માનવો માટે શરણ્ય છે. એવા હયગ્રીવના શરણે કવિ જાય છે.[૬૦]

કવિનું ભાવવિગલિત હૃદય અનેક પદોમાં સ્પંદિત થતું અનુભવાય છે. કવિ કહે છે 'આપની મૂર્તિ આનંદરૂપ અમૃતની જનની છે. વિદ્વાનોના ચિત્તમાં આનંદ ઉપજાવી આકર્ષણ પેદા કરનાર છે. ક્ષીર સાગરની ભરતીની જેમ તે વિદ્વાનોના ચિત્તને ભાવવિહ્વળ બનાવી દે છે.[૬૧] શ્લોક-૧૯ થી ૨૫ સુધી હયગ્રીવનાં અંગઉપાંગો તેમજ અન્ય ઉપકરણોનું કાવ્યાત્મક વર્ણન થયું છે. અંતિમ શ્લોકમાં કવિએ વાગર્થસિદ્ધિનું પ્રયોજન દર્શાવ્યું છે. કવિ વેદાંતદેશિકનું ભાવપૂર્ણ હૈયું સાર્થક ઉપમા દ્વારા વ્યંજિત થાય છે. હયગ્રીવભગવાનની આ સ્તુતિ વાણી અને તેના અર્થની સિદ્ધિ માટે ભક્તિપૂર્વક રચી છે.

## (૨) દશાવતારસ્તોત્ર

'દશાવતારસ્તોત્ર'માં વેદાંતદેશિક શ્રીરંગના ભગવાન રંગનાથના દશ અવતારોનું નિરૂપણ કરે છે. આ દશે મૂર્તિઓ રંગનાથ-ક્ષેત્રમાં વિરાજમાન છે. શાર્દૂલવિક્રીડિત છંદના ૧૩ શ્લોકમાં રચાયેલ આ સ્તોત્રમાં રંગનાથ પ્રત્યે હાર્દિક ભક્તિની મનોહર અભિવ્યક્તિ થઈ છે. વૈષ્ણવ સંપ્રદાયોમાં બારમી સદીથી કૃષ્ણ પૂર્ણ પરબ્રહ્મ સ્વરૂપે પ્રસ્થાપિત થયા અને તેમના દશ અવતારો મનાયા. આમાં આઠમા અવતાર તરીકે કૃષ્ણને બદલે બળરામ અને નવમો અવતાર બુદ્ધનો ગણાય છે. જોકે રામાનુજીય સંપ્રદાયની વિશિષ્ટાદ્વૈત શાખામાં આ દશ અવતારોમાં બલરામ અને કૃષ્ણને ઉભય અવતાર માન્યા છે. શ્રીવત્સાંકમિશ્ર કૃત 'સુંદરબાહુસ્તવ', પરાશર ભટ્ટ કૃત 'રંગરાજસ્તવ' વગેરે સ્તોત્રોમાં મત્સ્ય કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, બલરામ, કૃષ્ણ અને કલ્કિ આ દશ અવતારોનું નિરૂપણ થયું છે.

ભાગવતમાં વિષ્ણુના અવતારોને લગતાં 'મત્સ્યસ્તોત્ર' 'કૂર્મસ્તોત્ર', 'વરાહસ્તોત્ર', 'વામનસ્તોત્ર', 'નૃસિંહસ્તોત્ર' ઈત્યાદિ ઉપલબ્ધ થાય છે. આ પરંપરામાં દશાવતારસ્તોત્ર પ્રસિદ્ધ છે. આ સ્તોત્રમાં શ્રીરંગનાથ (વિષ્ણુ) ભગવાનના ભિન્ન ભિન્ન દશ અવતારો - દેવતાનાં કાર્યો અને પ્રસંગોનું વર્ણન શ્રી વૈષ્ણવ સંપ્રદાયના સિદ્ધાંતોને અનુરૂપ છે.

અંતિમ બે શ્લોકોમાં વિવિધ અવતારધારી ભગવાન ભક્તોને પુણ્ય પ્રાપ્ત કરાવે એવી અંતરેચ્છા વ્યક્ત કરી છે. જેમકે :-

इच्छामीन विहारकच्छप महापोत्रिन्यदृच्छाहरे
रक्षावामन रोषराम करुणाकाकुस्थ हेलाहलिन् ।
क्रीडावल्लव कल्कवाहनदशाकल्किन्निति प्रत्यहं
जल्पन्तः पुरुषाः पुनन्ति मुवनं पुण्यौघपण्यापणाः ।।१२।।

## (૩) શ્રી ભગવદ્ધ્યાનસોપાન

'ભગવદ્ધ્યાનસોપાન'માં કવિ મંદાક્રાન્તા છંદના ૧૨ શ્લોકોમાં શ્રીરંગમ્‌ના રંગનાથ (વિષ્ણુ)ની દિવ્યતાને પામવા તેમની પ્રતિમાના અંગોને ધ્યાનસોપાન બનાવી તેમનું ગૌરવ વર્ણવે છે. કવિ આલવાર સંતોના ભક્તિભાવને અનુસરે છે. રંગનાથની પ્રેમમસ્તીમાં મગ્ન કવિ દૈવીસૌંદર્યનું પાન કરવા ઝંખે છે. એમની ભાવના-દીર્ઘિકામાં ભગવાનનાં ચરણકમળ પ્રતિબિંબિત થાય છે. આ સ્તોત્રમાં વિષ્ણુમૂર્તિનાં અંગો તેમજ આભૂષણોનું પાદાદિકેશાન્ત વર્ણન થયું છે. એક ઉદાહરણ દર્શનીય છે :

''આજાનાનુબાહુધારી ભગવાનનો એક હાથ લીલાયુક્ત છે. મુખારવિન્દ હાસ્યયુક્ત છે. અધરોષ્ઠ અતિ સુંદર લાગે છે. સુવર્ણ રંગના તિલકથી અલંકૃત થયા છે. નેત્રો કરુણાસભર છે. પુષ્પોની માલાઓની સુગંધ ફેલાય છે. મસ્તક ઉપર રત્નજડિત મુગુટ ધારણ કરેલો છે. આથી મારું ચિત્ત અને મનની વૃત્તિ આ રાજાધિરાજ રંગનાથના સ્વરૂપમાં સ્થિરતા પામે છે.''[૬૩]

## (૪) ગોપાલવિંશતિ -

વિવિધ છંદોમાં રચાયેલ 'ગોપાલવિંશતિ'માં મુખ્યત્વે બાલકૃષ્ણની ચેષ્ટાઓ, ક્રીડાઓ વગેરેનું માર્મિક વર્ણન થયું છે. શ્રીકૃષ્ણ તરફના દાર્શનિક આદર્શો માટેની શ્રદ્ધામાંથી આ કૃતિ રચાઇ છે. શ્રીકૃષ્ણના બાલ-સ્વરૂપમાં તેમણે જે બાલ સહજ પ્રવૃત્તિ-લીલાઓ કરી તેનું ખેલદિલ વર્ણન આ સ્તોત્રમાં થયું છે.

વૃન્દાવનમાં વિહાર કરનાર, વૈજયન્તિ-માલાથી વિભૂષિત અને વિજયપ્રાપ્તિના ધ્યાનસમા ગોપીજનવલ્લભની વન્દના સાથે સ્તોત્રનો મંગલ પ્રારંભ થયો છે. તેમના બાલસ્વરૂપનું વર્ણન શ્લોક-૨ અને ત્રણમાં વિશદતાથી આપ્યું છે. યમુનાજીમાં સ્નાન કરતી બાલકન્યાઓના વસ્ત્રો હરી કંદબવૃક્ષની શાખા ઉપર બેસીને ગોપકન્યાઓને શિક્ષા કરતા ગોપાલ પ્રભુનું શબ્દાલેખન સુંદર થયેલું છે. કૃષ્ણનું રૂપવર્ણન પણ ચિત્રાત્મક છે.[૬૪] આ રીતે ભાવનાસભર બાલકૃષ્ણનું વર્ણન કરવામાં આવ્યું છે.

## (૫) શ્રીસ્તુતિ :

આ સ્તોત્રમાં 'શ્રી' (લક્ષ્મી)ની પ્રાર્થના છે. ભગવાન વિષ્ણુની સાથે જ 'શ્રી' દેવીની પ્રતિમાને સ્થાન છે, એવા વૈષ્ણવધર્મના સિદ્ધાંતને અહીં રજૂ કરવામાં આવ્યો છે. શ્રી વૈષ્ણવ સંપ્રદાયના કવિ વેદાંતદેશિક પૂર્વે પણ અન્ય કવિઓ દ્વારા 'શ્રી' અથવા 'લક્ષ્મી' દેવીની સ્તુતિરચના થયેલી જોવા મળે છે. વિષ્ણુતત્ત્વ સાથે જ 'શ્રી' તત્ત્વની ચર્ચા કરવામાં આવે છે, જેનું સ્તવન આ સ્તોત્રમાં થયેલું છે.

'શ્રીસ્તુતિ'માં મંદાક્રાન્તા છંદમાં રચાયેલ ૨૫ શ્લોકોમાં વિષ્ણુ-પ્રિયા લક્ષ્મીના મહિમાનું ગાન છે. કવિ જણાવે છે : લક્ષ્મી અને વિષ્ણુનું દાંપત્ય દૈવી છે. લક્ષ્મીના નામમાં મોક્ષદાયક શક્તિ છે. નારાયણ અને લક્ષ્મી તો શરણાગતના સંરક્ષણરૂપ યજ્ઞમાં દીક્ષિત છે. લક્ષ્મી અને વિષ્ણુનું શાશ્વત સાહચર્ય છે. લક્ષ્મી તો વિભુ છે. આર્ત, અર્થાર્થી, જિજ્ઞાસુ અને જ્ઞાની ભક્તોને વૈભવ, ધન, શ્રેય તેમજ મોક્ષ આપતી કરુણામયી લક્ષ્મીનો મહિમા અપરંપાર છે.

આમ, આ સ્તોત્રમાં કવિ મંગલાચરણથી આરંભ કરી આરાધ્યદેવીની સ્તુતિ, વંદના, પોતાની કાર્યક્ષમતા પ્રગટ કરી, દેવીના ગુણગાન ગાઈ, તેમનો મહિમા પ્રશંસીને, વૈભવ દર્શાવીને ઉપાસના-ફળ રજૂ કરે છે. શરણાગતિ - પ્રયત્તિભાવ વ્યક્ત કરવો એ કવિનો મુખ્ય આશય છે. એક ઉદાહરણ દૃષ્ટવ્ય છેઃ ''કલ્યાણની અચલનિધિ, નિત્ય આનંદમયી, અનંત કરુણામય જેમની વાણી વેદવચન સમી છે, મુકુટ ઉપર મંદાર પુષ્પની સુગંધમાલા છે. સકલભુવનવાસીઓ માટે પ્રાર્થના કરવા લાયક કામધેનું સમાન શ્રીદેવી સદૈવ હૃદયસ્થ બનો અને આપનું સામીપ્ય મારા માટે સુંદર વિજયદાતા અને દિવ્ય સંપત્તિમય બનો''.[૬૫]

## (૬) ગોદાસ્તુતિ

'ગોદાસ્તુતિ'માં  કુલ ૨૭ શ્લોકોમાં નીલાદેવીના અવતાર સ્વરૂપે ગોદાદેવીની સ્તુતિ શ્રીવૈષ્ણવ પરંપરા પ્રમાણે કરવામાં આવી છે. કવિ 'ગોદા' દેવીને 'સોના', 'સરસ્વતી', 'વિરજા', 'નર્મદા', 'તુંગભદ્રા' અને 'ગોદાવરી'ના

નામે સુવિખ્યાત માને છે. શ્રી વૈષ્ણવમંદિરોમાં તેની દેવી તરીકે પૂજા થાય છે. તેનું ભક્તિગીત 'ગોદાસ્તુતિ'માં રજૂ થયું છે. આ સ્તોત્રની રચના શ્રીરંગમાં થઈ છે.

ગોદાદેવી કરુણા અને ક્ષમાયુક્ત લક્ષ્મીસ્વરૂપા છે અને શરણ્ય છે તેથી સ્તોત્રના આરંભમાં કવિ શરણાગતિભાવ સહિત અંતઃકરણની ભાવના રજૂ કરે છે. ભગવાન કૃષ્ણને કાલિંદી યમુનાની જેમ જ ગોદાદેવી પ્રિય છે. સરસ્વતીની જેમ પાપનાશિની છે. કવિ તેના અંગોનું વર્ણન પણ સુંદર શબ્દોમાં વર્ણવે છે. સ્તોત્રના અંતમાં કવિએ દૈન્યભાવ દર્શાવીને દેવીનું હૃદયમાં સામીપ્ય ઈચ્છયું છે. ગોદાદેવી કરુણા અને ક્ષમાયુક્ત લક્ષ્મીસ્વરૂપા છે, અને શરણ્યા છે. તેથી જ કવિ કહે છે : 'તમારા સ્વયંવરમાં નાગ ઉપર શયન કરનારા, સુંદર શરીરધારી, ગરૂડ પક્ષી જ જેમનો રથ છે તેવા પુરાણપુરુષ પરમાત્માને પતિ તરીકે પ્રાપ્ત કર્યા છે, એમ સખીઓને પ્રેમપૂર્વક પરિહાસયુક્ત વાણી બતાવો છો''[૬૬]

## (૭) ભૂસ્તુતિ :

'ભૂસ્તુતિ'માં ૩૨ શ્લોકો દ્વારા વરાહ ભગવાનની પત્ની સ્વરૂપા ભૂદેવીની સ્તુતિ કરવામાં આવી છે. સમગ્ર ભારતવર્ષની ભવ્યતાનાં દર્શન 'ભૂસ્તુતિ'માં થાય છે. અકિંચનની કામધેનુ અને વિશ્વની માતા ભૂદેવી વિશ્વંભરા અને અશરણનું શરણ છે. સ્તોત્રના આરંભમાં કવિ વિનમ્રભાવે પ્રાર્થના કરે છે કે 'હે દેવી ! જેમ માતા ધાવણા બાળક ઉપર તેની વૃદ્ધિ વિશે વિચાર કરી તેનું પોષણ કરે છે, તેમ તમે પણ નિરંતર વિશ્વનાં હિતાહિતનાં કર્તા છો.[૬૭] કવિએ વિશ્વંભરા, વિપુલા, વસુન્ધરા આદિ નામોથી તેમનો મહિમા કર્યો છે. સમગ્ર સ્તુતિમાં વિષ્ણુ-લક્ષ્મીનો મહિમા રજૂ થયો છે. 'ભૂસ્તુતિ'ના પરિશીલનથી વૈદિક 'ભૂમિસૂક્ત'નું સ્મરણ થાય.

## (૮) સુદર્શનાષ્ટક :

અષ્ટક સ્તોત્રની પરંપરામાં 'સુદર્શનાષ્ટક' અગત્યનું છે. 'સુદર્શનાષ્ટક' સ્તોત્રમાં ભગવાન વિષ્ણુના હાથમાં શોભતા અને તેમના આયુધ તરીકે ગણાતા સુદર્શનચક્રના મહિમાને ગૌરવાન્વિત કર્યો છે.

'સુદર્શનાષ્ટક' ની શરૂઆત કવિએ સુદર્શનચક્રનાં અપરિમિત કાર્યોના વર્ણનથી કરી છે. સમગ્ર દુષ્કર્મનું નાશક, ઉત્પન્ન થયેલાં ભયસ્થાનોનું રક્ષક, જગતનાં ઉત્પત્તિ, સંહારાદિ સ્થાનોનું કારણભૂત અને વેદપ્રતિપાદિત સત્ ધર્મને દર્શાવનાર શ્રીસુદર્શન ગણાય છે.[૬૮] સુદર્શનની યશોગાથા સમગ્ર સ્તોત્રમાં વર્ણિત થયેલ છે.

## (૯) વૈરાણ્યપંચક

વિજયનગરના રાજાએ કવિસભામાં શ્રીવેદાંતદેશિકને આમંત્રણ આપ્યું હતું ત્યારે તેમણે શ્રીહરિની અનન્ય ભક્તિ અને આરાધનાને શ્રેષ્ઠ ગણાવીને સાચું શરણું શ્રીહરિનું જ છે, તેમ દર્શાવી તેમના સાદગીભર્યા અને ઉચ્ચકોટિના સ્વભાવની પ્રતીતિ કરાવતા આ સ્તોત્રની રચના કરી કવિ આ સ્તોત્રમાં પોતાનું સર્વસ્વ ભગવાન વરદરાજ છે, અને મરણપર્યન્ત શ્રીહરિનું આરાધન કરવું જ શ્રેષ્ઠતમ છે, તે દર્શાવે છે.

## (૧૦) ન્યાસદશક

'ન્યાસદશક'માં શ્રીરામાનુજ અને યામુનાચાર્યની પ્રપત્તિ ભાવના - શરણાગતિનો વૈષ્ણવી આદર્શ રજૂ થયો છે.

'ડાહ્યા માણસો પોતાના રક્ષણનો ભાર અને રક્ષણનું સઘળું ભગવાન લક્ષ્મીપતિને સોંપે છે. અકિંચનજન પ્રભુને અનુકુળ થઇ, સ્વભારરહિત બનીને, વિશ્વાસપૂર્વક આત્મરક્ષાની જવાબદારી શ્રીહરિને સોંપે છે.[૬૯] આમાં આત્મસમર્પણનો ભાવ વ્યક્ત થયો છેઃ હું તમારે શરણે આવ્યો છું. દેહનું અવસાન થતાં મને તમારા ચરણમાં સમાવી લેશો એવી આર્તનાદે પ્રાર્થના કરી છે.[૭૦] અંતિમ શ્લોકમાં પણ પ્રપત્તિનો ભાવ સ્ફૂટ થાય છે. નાનકડું સ્તોત્ર હોવા છતાં શરણાગતિ ભાવ માટે આ અગત્યનું છે. 'ન્યાસ' એટલે જ આત્મ-સમર્પણ.

## (૧૧) વરદરાજપંચાશત્ -

પંચાશત્ સ્તોત્રની પરંપરામાં આચાર્ય વેંકટનાથ વેદાંતદેશિકનાં ત્રણ સ્તોત્રો પ્રાપ્ત થાય છે : 'વરદરાજ પંચાશત્', 'દેવનાયકપંચાશત્' અને 'ગરુડાપંચાશત્'.

કાંચીનગરીના હસ્તગિરિ ઉપર પ્રતિમા સ્વરૂપે પ્રતિષ્ઠિત વરદરાજ (વિષ્ણુ)ને સંબોધી રચાયેલ 'વરદરાજપંચાશત્' નાં બહુસંખ્ય પદોમાં વસંતતિલકા છંદ વપરાયો છે. માલિની, મન્દાક્રાન્તા ઈત્યાદિ પણ પ્રયોજાયા છે. સ્તોત્રરચનાના આરંભે કવિ પામરતાનો અનુભવ કરી નમ્રતા પ્રગટ કરે છે. મંગલાચરણમાં - લક્ષ્મી-નારાયણને વંદના કરી કલ્યાણની યાચની કરી છે. ભગવાન વરદરાજના ગુણગાન ગાવા આતુર કવિ બુદ્ધિ અને સરસ્વતીની પ્રસન્નતા ઈચ્છે છે.[૭૧] કવિ પોતાની કવિત્વ શક્તિમાં વરદરાજની પ્રસન્નતાને જુએ છે. ખરેખર કવિઓનું (શિક્ષકોનું) હૃદય પાંજરામાં રહેલા પોપટની જેમ સામી-સામી ઉચ્ચારેલી વાણીથી આહ્લાદિત બને છે.[૭૨] વરદરાજના તાત્ત્વિક સ્વરૂપનું આલેખન અને વરાહ, નૃસિંહ, વામનાદિ અવતારોનું નિરૂપણ પરંપરાગત છે. વિષ્ણુના કારુણ્યાદિ ગુણોનો મહિમા કવિ ભાવવિભોર થઇ ગાય છે.[૭૩] નિર્વેદભાવનું પ્રકાશન કરતી પદાવલીઓ માર્મિક છે.[૭૪] સ્તોત્રના અંતે વિષ્ણુ-ભક્તિની મહત્તાનું ગાન થયું છે. (શ્લોક-૪૩, ૪૫ વગેરે) સમગ્ર સ્તોત્ર વૈષ્ણવધર્મ અને આગમના મુખ્ય સિદ્ધાંતોનું પ્રતિપાદન કરે છે. આ સ્તોત્રની ગણના પ્રપત્તિકાવ્ય તરીકે થઈ છે. આમાં વરદરાજના બ્રહ્મોત્સવ પ્રસંગનું પણ સુંદર ચિત્રણ કરેલું છે. અનન્ય ભક્તિસભર આ સ્તોત્રમાં કવિના ભક્તિભાવ, પ્રપત્તિભાવ અને આત્મનિવેદન સાથે જન્મસાર્થકતા વ્યક્ત થઇ છે.

## (૧૨) દેવનાયકપંચાશત્

વસંતતિલકા છંદના 'દેવનાયકપંચાશત્' માં તિરુપતિના વેંકટગિરિના દેવનાયક (વિષ્ણુ)નો મહિમા રજૂ થયો છે. આ સ્તોત્રને બ્રહ્મોત્સવ પ્રસંગે સમૂહમાં ભાવિકો ગાતાં ભાવવિભોર બને છે. ગુરુ-પરંપરા તેમજ વાલ્મીકિને નમસ્કાર કર્યા પછી સ્વવિનય પ્રગટ કરી ભક્તકવિ વિષ્ણુનું વેદાદિગ્રંથોમાં નિર્દિષ્ટ સ્વરૂપ નિરૂપે છે. શ્લોક ૧૬ થી ૪૮ માં દેવનાયકની મૂર્તિનાં અંગો તેમજ આભૂષણોનું કેશાદિપાદાન્ત શૈલીમાં કલ્પના મંડિત વર્ણન થયું છે. રૂપ સૌન્દર્યના નિરૂપણમાં લાલિત્ય અને ભાવસૌન્દર્યની નિષ્પત્તિ થઇ છે. કવિ કહે છે : ઊર્ધ્વપુંડ્ર

તો અંધકારગ્રસ્ત વિશ્વના પ્રદીપસ્વરૂપ છે.[૭૫] ભોગવિલાસથી સંતપ્ત બુદ્ધિ તો પરમાત્માને પામીને જ શીતળ બને છે.[૭૬]

દેવનાયક અને લક્ષ્મી સાથેનો સુભગ સમન્વય દર્શાવતાં કવિ કહે છે : 'હે સુપતિ, લક્ષ્મી સહિત વિરાજતું આપનું સ્વરૂપ લાવણ્યથી ભરપુર અને એમાં દેખાતું લક્ષ્મીયુક્ત ચિત્ર જેમનું છે એવા આપ ગોવાળોના આંગણામાં વિચરો છો, તો તમારી ચાલતી વેળાના બંને સાથળોની શોભાને મારું ચિત્ત ત્યજી શકતું નથી' (શ્લોક-૩૯). શ્લોક ૪૧ થી ૪૬ માં ચરણનો મહિમાગાયો છે. અકિંચનભાવ પ્રગટ કરતાં કવિએ રક્ષણનો ભાર પ્રભુને સોંપ્યો છે. આત્મદોષનો એકરાર અને દૈન્યભાવ વ્યક્ત કરતાં કવિ પ્રહલાદ, ગજેન્દ્ર, ગોકુળ અને પરીક્ષિતનાં ઉદાહરણો આપે છે. આમ સમગ્ર સ્તોત્રમાં ગીતિકાવ્યનો ઉન્મેષ થયો છે.

## (૧૩) ગરુડપંચાશત્

પરવ્યૂહ, અમૃતહરણ, નાગદમન, પરિષ્કાર અને અદ્‌ભૂત એ પાંચ વર્ણકોમાં વિભક્ત અને સ્રગ્ધરા છંદમાં રચાયેલ 'ગુરુડપંચાશત્' ભગવાનના વાહનરૂપ ગરુડનો મહિમા વર્ણિત થયો છે.

પરવ્યૂહવર્ણક આઠ શ્લોકોનું બનેલું છે. પ્રથમ છ શ્લોકોમાં દશ દિશાઓમાં શુદ્ધ અસ્ત્રબંધ કરે છે જે વડે વિઘ્નોથી રક્ષણ મળી શકે તે હેતુ છે. આ અસ્ત્રબંધ મહાન પવિત્ર છે, જે પ્રતિપક્ષને મુગ્ધ કરે છે. આ ગારુડી મંત્રોથી યજન થતાં અગ્નિ પત્ની સ્વાહાને અનુસરવાનું છે, જેને જાણવાથી સ્વાર્થપરાયણ લોકો બાહ્ય અને આંતર અભિવ્યક્તિને પામી શકે છે. ગરુડના અદ્‌ભૂત પરાક્રમનું કવિ વર્ણન કરે છે. ગરુડ અમારું અમંગળ કરનાર શત્રુઓનો વિનાશ કરે છે. ગરુડ દિવ્ય પ્રદાન વડે જયકારી બને છે. ગરુડ ત્રિગુણ જલવિધિનું ઉલ્લંઘન કરી સનાથ બને છે. ત્રિકાળમાં ઉપસ્થિત થતા ત્રિધામના દેવોના જે શત્રુઓ છે તેઓને ભગવાનનું વાહન-ગરુડ મોહ પમાડે છે. આમ સમગ્ર સ્તોત્રમાં સુંદર ભાવવાહી શબ્દોથી ગરુડ પ્રત્યે ભક્તિ પ્રગટ થાય છે.

## (૧૪) હરિદિનતિલક

કયા દિવસે પ્રથમ હરિદિન (એકાદશીવ્રત) કરવું તેનું આ સ્તોત્રમાં વેંકટનાથ શાસ્ત્રોક્ત રીતે વર્ણન કરે છે. સમગ્ર સ્તોત્રમાં વ્રતનું પાલન કેવી રીતે કરવું, વ્રતનું ફળ કેવી રીતે પ્રાપ્ત થાય છે, તે વર્ણિત થયું છે. મુનિઓને માન્ય દ્વાદશીયુક્ત એકાદશીવ્રત કરવાનું કહ્યું છે. એકાદશીના દિવસે આહાર ન કરવો, એનું વિવિધ સ્મૃતિકારો સમર્થન આપે છે. હરિદિન વ્રતથી ભગવાન વરદરાજ - નારાયણ પ્રસન્ન થાય છે. એકાદશી માહાત્મ્ય આ સ્તોત્રમાં સુપેરે વ્યક્ત થયું છે.

## (૧૫) વેગાસેતુસ્તોત્ર

'વેગાસેતુ' સ્તોત્રમાં આઠ શ્લોકોમાં વેગા નદી (સરસ્વતી)ના સેતુની સ્તુતિ છે. વેગાવતી નામની નદીના મધ્યમાં હાથરૂપી પર્વત દેખાય છે. ઇચ્છિત સ્થાને જવા માટે વિચ્છિન્ન ન થાય તેવો આ સેતુ છે. સ્તોત્રમાં વિષ્ણુ અને લક્ષ્મીનું સાયુજ્ય દર્શાવ્યું છે. શેષશય્યા ઉપર સૂતેલા ભગવાન-નારાયણનું શરણ સ્વીકારવા

કવિ આતુર છે. વેગાસેતુ વિશ્વની રક્ષા કરવાના એક હેતુભૂત છે. સ્તોત્રના અંતે ફલપ્રદાન સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

## (૧૬) અષ્ટભૂજાષ્ટક

આલવાર સંત યૈયાલ્વાર અને તિરુમગૈયાલ્વાર દ્વારા તામિલ ભાષામાં રચાયેલ 'અત્તયુયાકર' નો આધાર લઈને 'અષ્ટભૂજાષ્ટક' સ્તોત્રની વેદાંતદેશિકે રચના કરી છે. આ એક ભક્તહૃદયનું ઊર્મિ-ગીત છે.

કાંજીવરમના યથોક્તકારિન દેવાલયના સામીપ્યમાં સ્થિત થયેલા અષ્કબાહુ મંદિરમાં પ્રસ્થાપિત ભગવાન વિષ્ણુ કે ગજેન્દ્રવરદની આ સ્તોત્રમાં સ્તુતિ છે. ભગવાન વિષ્ણુ કે જેમણે આઠ હસ્ત ધારણ કરેલા છે તેમની ભાવપૂર્વક સ્તુતિ ગાઈ છે. વિષ્ણુની ધ્યાનાત્મક આરાધના કરી છે. કવિએ શ્લોક ૫ થી ૮ માં અનન્ય શરણાગતિ અને દાસ્યભાવ બતાવ્યો છે. 'હે નાથ ! જન્મ મૃત્યુના ભયથી રહિત થવા માટે આપના સિવાય અન્ય કોઈનો હું આશ્રય કરવાનું વિચારતો નથી. શ્રીયુક્ત રક્ષણહાર આપ છો. આપના અનુગ્રહ દ્વારા મને અભિલાષા થઈ કે મારા આ દેહનું પતન થાય ત્યારે મારા અપરાધ દૂર કરીને આપનો અનન્ય દાસ મને બનાવજો.'

## (૧૭) કામાસિકાષ્ટક

કાંજીવરમના કામાસિકા મંદિરમાં બિરાજેલા નૃસિંહ ભગવાનની સ્તુતિ પ્રસ્તુત સ્તોત્રમાં છે કવિએ મંદિર અને તેના દેવની અમરતાને ગાવાનો પ્રયાસ કર્યો છે. ભગવાન વિષ્ણુએ નૃસિંહ સ્વરૂપે અવતાર ધારણ કર્યો તેનું સુંદર શબ્દોમાં આલેખન થયું છે. સ્તોત્રના આરંભે કામાસિક મંદિરના સ્થાનનો નિર્દેશ થયો છે. તેમાં વિષ્ણુ સ્વરૂપ વસે છે. તેમના પ્રતિ ઉપાસ્યભાવે સ્તુતિ કરી છે.

## (૧૮) ષોડ઼શાયુધ સ્તોત્ર

આ સ્તોત્રમાં ભગવાન વિષ્ણુના સુદર્શન સહિત સોળ શસ્ત્રોનું વર્ણન અનુષ્ટુપ વૃત્તમાં જોવા મળે છે. આ શસ્ત્રો માનવમાત્રની રક્ષા કરનારાં છે. આ મૂર્તિ શ્રીરંગના મંદિરમાં આવેલી છે. સમગ્ર સ્તોત્રમાં ચક્ર, પરશુ, કંતુ, અંકુશ, ગદા, હેતી વગેરે સોળ આયુધ ધારણ કરનાર સુંદર દર્શનીય ભગવાન નારાયણ પાસે કવિએ રક્ષણ માગ્યું છે. ગદાને વિશ્વ સંહારવાની શક્તિ માની છે. મુશલ મોહનાશક છે. ત્રિશુલ શૂલ નામના વ્યાધિમાંથી મુક્ત કરે છે. આવા ષોડશ-સોળ આયુધ ધારણ કરનાર સુંદર દર્શનીય ભગવાન નારાયણ પાસે કવિએ રક્ષણ માગ્યું છે. (શ્લોક ૧૪ થી ૧૮) કલ્યાણનો હેતુ દર્શાવી સ્તોત્ર વિરામ પામે છે.

## (૧૯) ન્યાસતિલક :

શ્રીવૈષ્ણવ સંપ્રદાયમાં શરણાગતિના માર્ગની મહત્તા છે. તે શરણાગતિ ભાવ સાથે 'ન્યાસતિલક'માં લક્ષ્મી-નારાયણનું સ્મરણ કરવામાં આવ્યું છે. શ્રીરંગની ભક્તિ અને તેમનામાં સમર્પણ જ સર્વ સાધ્ય કરે છે, તેવા ભાવને

આ સ્તોત્રમાં સુંદર પદાવલીઓ દ્વારા વ્યક્ત કર્યો છે. જેમકે - જે સ્વયં સિદ્ધ છે, અમિત ગુણ ધારણ કરે છે, દર્પાદ્ર બની બ્રહ્માદિ દેવો આજ્ઞા કરે છે તેમના શરણે જનાર ભક્ત ભજન અને પ્રણામ કરવાથી જ સરળતા પ્રાપ્ત કરે છે. મોક્ષ ઈચ્છનાર તે દેવના શરણે હું જાઉં છું, એમ ભાવના કરે છે.[૭૭]

## (૨૦) ન્યાસવિશંતિ -

શ્રીવૈષ્ણવ સંપ્રદાયમાં ગુરુના સ્થાનનું મહત્ત્વ અનેરું છે. તેમના ગુણોનું વર્ણન ન્યાસવિંશતિમાં કરવામાં આવ્યું છે. ગુરુ સ્થિર બુદ્ધિવાળા, નિષ્પાપ, વેદવિદ્, બ્રહ્મનિષ્ઠ, સત્ત્વગુણી, સત્યવક્તા, સમયાનુસાર પ્રવૃત્તિયુક્ત, સાધુવૃત્તિયુક્ત, દંભ, ઈર્ષાથી મુક્ત, શબ્દાદિ વિષયો પર વિજયી, વિશ્વબંધુત્વ દયાયુક્ત, સ્વ અને પરહિતકારી છે.

દેવની જેમ આચાર્યશ્રીને ઉપાસ્ય ગણવામાં આવે છે. અજ્ઞાનરૂપી અંધકારના અવરોધને હરનાર અને આત્મસામ્યતત્ત્વને વહન કરનાર, જન્મ મરણના ચક્કરને દિવ્યદૃષ્ટિના પ્રકાશથી નાશ પમાડનાર, અપરિગ્રહી, અનૃશંસ્યમાં પ્રીતિ દાખવનાર અને નિરંતર શ્રીરંગસ્વામીના યોગયુક્ત આચાર્યશ્રી ઉપાસ્ય છે.[૭૮] ગુરુ કેવા હોવા જોઈએ તે બાબતમાં જણાવાયું છે કે સદ્‌બુદ્ધિમય, સાધુપુરુષોના સંગથી સમ્યક્, શીલવાન, તત્ત્વના ઉપદેશદષ્ટા, સેવાપરાયણ, ત્યાગી, માની, જ્ઞાતા, શાન્ત, દાન્ત, અસૂયારહિત, શરણાગત, શાસ્ત્રમાં વિશ્વાસુ, શિષ્યની પરીક્ષા કર્યા પછી પોતાની ઈચ્છાપૂર્વક તત્ત્વપૂર્ણ શિક્ષણ આપનાર ગુરુ હોવો જોઈએ.[૭૯] સ્તોત્રમાં પ્રપત્તિના અંગોનું વર્ણન કવિએ તાત્ત્વિક રીતે કર્યું છે. અકિંચન, સેવા, શરણ્ય, આત્મવૃત્તિ, પ્રાયશ્ચિત, નિવૃત્તિને પ્રાધાન્ય આપ્યું છે. અંતે પ્રપત્તિનો મહિમા બતાવી ગુરુચરણમાં પોતાનો ભાર મૂકી નિર્ભય બનવાની કવિની યાચના છે.

## (૨૧) અભીતિસ્તવ :-

શ્રીરંગના રંગનાથની પૃથ્વી છંદમાં રચાયેલી આ સ્તુતિ છે. ભક્તિયમય ઊર્મિના વહન માટે ભગવાનનાં પાંચ આયુધો અને ભયમુક્ત થવા માટે સ્વરક્ષણાર્થે સ્તુતિ કરવામાં આવી છે. પ્રભુપાદમાં સર્વસ્વ સમર્પિત કરવાથી અભયપદની પ્રાપ્તિ થાય છે. તેવા ભાવને રજૂ કરવા પ્રહલાદ, કાગ, હસ્તિ, (ગજેન્દ્ર) દ્રૌપદી, વિભીષણ, સર્પ, ગોપાલકો (વ્રજવાસીઓ) અને રાજા અમ્બરીષ વગેરેનાં દૃષ્ટાંતો આપ્યાં છે.

પ્રારંભના ચાર શ્લોકોમાં શરણાગતિનો મહિમા ગાયો છે. તેનાથી અભયવચન પણ પ્રાપ્ત થાય છે. રમા (લક્ષ્મી) જેઓની પત્ની છે એવા રંગક્ષેત્રની ભૂમિમાં રમણ કરતા ભક્તજનો હે કૃષ્ણ, હે વિષ્ણુ, હે હરે, હે ત્રિવિક્રમ, હે જનાર્દન, હે ત્રિયુગનાથ, હે નારાયણ એવા શુભનામોનું જે રટણ કરે છે, તેમને યમયાશ કે નરકપાતનો ડર ક્યાંથી હોય?[૮૦] અર્ધમાચરણનુ ફળકથન સળંગ પાંચ શ્લોકોમાં સમજાવ્યું છે.

કવિ આત્મનિવેદન કરે છે : હે પ્રભુ! આપ મારા પર દયા કરશો નહિ તો પછી મારા માટે અન્ય કોણ દયાળુ હોઈ શકે! પ્રપત્તિની મહત્તા રજૂ કરી સંસારસાગરની કઠિનતા દુસ્તર હોવા છતાં પ્રભુકૃપાથી સુલભ બને છે. પ્રભુ શરણાગતના પ્રેમને વશ થાય છે. દૃષ્ટાંતમાં કહ્યું છેઃ પ્રહલાદ, જયંત, ગજરાજ, દ્રૌપદી, વિભીષણ, કાલીય, વ્રજગોપાંગનાઓ અને અમ્બરીષ વગેરે ભગવદાશ્રિતો હે પ્રભુ, તમારા વડે ભયમુક્ત બન્યા છે.

कयाधुसुतवायसद्विपुङ्गवद्रौपदी –
विभीषणभुजङ्गमव्रजगणाम्बरीषादयः ।
भवत्पदसमाश्रिता भयविमुक्तिमापुर्यथा
लभेमहि तथा वयं सपदि रङ्गधुर्य त्व ॥१९॥

અંતે શ્રીરંગક્ષેત્રમાં પુનઃ ધર્મચક્રની સ્થિતિ સ્થપાય એવી પ્રાર્થના છે.

## (૨૨) ગરુડદંડક -

કાલિદાસના નામે મળતા 'શ્યામલાદંડક'ની પરંપરામાં આ સ્તોત્રનો સમાવેશ કરી શકાય. દંડક ગદ્ય અને પદ્યનું મધ્યમ સ્વરૂપ છે. એમાં વિશેષણોની અધિકતા દ્વારા ગતિશીલતા, લય અને ગેયતા ઉત્પન્ન કરીને સ્તુત્ય દેવતાનું ગુણકથન થાય છે. સંસ્કૃતમાં 'શ્યામલા' અને 'કાલી' જેવા દંડકના ભેદ પ્રાપ્ત થાય છે. દંડકમાં લઘુ-ગુરુ વર્ણોનું વિશિષ્ટ વિધાન હોય છે. એમાં સર્વત્ર પાદપ્રારંભે બે 'ન' ગણ અને ત્યારબાદ અનિયમિત સંખ્યામાં 'ર' ગણ હોય છે. કાંચીવરમમાં મદારીએ ગરુડમંત્ર વડે ભયાનક સાપથી બચવાની ક્ષમતા માટે કવિને પડકાર કર્યો તેના પ્રત્યુત્તર રૂપે કવિએ 'ગરુડદંડક'ની રચના કરીને સ્વરક્ષણ કર્યું હતું. 'ગરુડ' પંખી ભગવાન વિષ્ણુનું વાહન મનાય છે.

સ્તુતિપાત્ર ગરુડનું પ્રારંભમાં નખશિખવર્ણન છે. પછી ગરુડની કાર્યક્ષમતાનું વર્ણન કરી કવિ દાસભાવ વ્યક્ત કરે છે. કવિએ વિષ્ણુરથ દંડક વ્યુહરચનાનો વિનાશ કરવા માટે અને ગરુડધ્વજ (વિષ્ણુ)ની પ્રસન્નતા માટે આ સ્તોત્ર રચ્યું છે.[૮૧]

## (૨૩) અચ્યુતશતક :-

શ્રી વૈષ્ણવધર્મના વિશિષ્ટાદ્વૈતી મતના સિદ્ધાંતોનું પ્રતિપાદન કરતાં ભગવાન દેવનાયક કે અચ્યુત માટે પ્રોષિતભર્તુકાની મિલનતત્પરતા આ શતકમાં જોવા મળે છે.

કવિ મંગલાચરણ દ્વારા અચ્યુત ભગવાનને નમન કરે છે. પાંજરામાં પૂરાયેલા પોપટનું બોલવું પ્રસન્નતા આપે છે, તેમ મારા જેવા બાળકે કરેલી સ્તુતિથી આપ પ્રસન્ન થાવ. શેરીઓમાંથી વહેતુ પાણી ગંગાજીના પ્રવાહમાં પડવાથી ગંગાજળ તુલ્ય બને છે, તેવી રીતે મારાથી અશુધ્ધોચ્ચારણ થાય તો આપની કીર્તિરૂપી પ્રકાશ તેના પર પડવાથી વિશુદ્ધ બને છે.[૮૨] પ્રારંભમાં દેવનાયક, અચ્યુતનું માહાત્મ્ય બતાવી શ્લોક-૨૧ થી ૨૫ માં ભગવાનની ગુણરાશિ બનાવી છે તથા શ્લોક ૩૧ થી ૩૩ માં અચ્યુત ભગવાનનો મહિમા ગાયો છે. અચ્યુત, પુરુષ એ વેદવિદિત નામો છે. અચ્યુતનાં પરાક્રમો જાણીતાં છે. પરમાત્મા તો પરમધર્મની સંસ્થાપના અને સજ્જનોના સંરક્ષણાર્થે અવતાર ધારણ કરે છે. 'અચ્યુતશતક'માં શ્લોક-૫૦થી ભગવાનના અંગવર્ણન અને વસ્ત્ર પરિધાનનું શબ્દચિત્ર આલેખ્યું છે.[૮૩] ભક્તની જીવન્મુક્તિ અને શરણાગત ભાવના પણ સુંદર રીતે વ્યક્ત થઈ છે.

ભગવાનના ભક્તોમાં માન, મદ, ઈર્ષ્યા, મત્સર, દંભ, અસૂયા, ભય, ક્રોધ, લોભ, માયા જેવા દોષો દેખાતા નથી. ભક્તજનોનો મહિમા ગાતાં કવિ ભગવાન અચ્યુતનો કૃપાપ્રસાદ પ્રાપ્ત કરે છે. (શ્લોક-૫૧ થી ૫૪)

ભક્તોની ગતિ તથા તેમની મોક્ષ આકાંક્ષા વિશે કહ્યું છે કે ''હે અચ્યુત! તમારા મુખકમળની તેજસ્વિતાથી આપ ભક્તોને છોડતા નથી.'' હે અચ્યુત! ભક્તો તમારા સેવારસથી ભરપૂર અને મોક્ષની આકાંક્ષાયુક્ત છે. સકલની રક્ષા કરવાની ઉત્સુક રૂચિવાળા આપ છો; જેથી તમારા વિષે હૃદયાર્પિત થયેલાં ભક્તોને લાંબા સમય સુધી ધારણ કરો છો.''[૮૪] શ્લોક-૬૨ થી ૬૮ સુધી ભક્તજનની ભગવાન દ્વારા સ્વીકૃતિ દર્શાવી છે અને શ્લોક-૭૦ માં ભક્તોની મોક્ષગતિનો ખ્યાલ આપ્યો છે. તેમાં શ્લોક-૬૬માં કહ્યું છે કે તમે નમસ્કારથી સુલભ છો. સમાધિનો જે પદક્રમ (યમ, નિયમ, આસન, પ્રાણાયામ, ધ્યાન, ધારણા અને સમાધિ) માં વિલંબ થતો હોય ત્યારે વિમુખ થયેલા મુચુકંદ રાજા આદિ ભક્તો-તમારા શરણને પામીને મુક્ત થયા છે. અહીં પ્રપત્તિભાવ રજૂ કરવામાં આવ્યો છે.

અચ્યુત જ એક આરાધ્યદેવ છે અને તેની આરાધના એ જ પ્રસાદ. આવો અનન્ય શરણ્યભાવ આર્દ્ર હૃદયે કવિએ શ્લોક-૭૨ થી ૭૫માં વ્યક્ત કર્યો છે.

કવિ અનન્ય ભાવથી કહે છે કે ''હે અચ્યુત! અમે તમારી કરુણાના પૂર્ણપાત્ર છીએ. આપના ગુણોની ક્યારેય પણ ગણના પૂરી થઈ શકતી નથી, તેમ મારામાં રહેલાં દોષોની પણ ગણના અપાર છે. છતાં જય મેળવવાને મથતા જનો તમારામાં લીન થાય છે તે ખરેખર અશક્ત નથી.''[૮૫] શ્લોક ૮૧ થી ૯૦ સુધી ભક્તજનની મુક્તિયાચના, શરણાગતિ અને સ્વીકૃતિ ભાવના રજૂ કરવામાં આવી છે.

સ્તોત્રના અંતમાં કવિ અભયવચનની આરાધના કરે છેઃ ''હે અચ્યુત! શરણાગત જે થાય છે તેનું આપ રક્ષણ કરો છે એમ લોકાપવાદમાં સંભળાય છે. જેમ સાગરકિનારે, સાગરનો ઘોષ નિશ્ચય થાય છે તેમ તમારું વચન છે, તો પછી મારુ રક્ષણ તમે નહીં કરો?''[૮૬]

## (૨૪) રઘુવીરગદ્ય

વેદાંતદેશિકના 'રઘુવીરગદ્ય'ને 'મહાવીર વૈભવ'ના નામે પણ ઓળખવામાં આવે છે. 'રામાયણ'ના સાતમા કાંડ માંથી ભગવાન રામના સદ્‌ગુણોને ઉદ્ધત કરીને, અહીં ગદ્યશૈલીમાં વ્યક્ત કર્યા છે. આ રચના વેદાંતદેશિકના 'સંકલ્પસૂર્યોદય' નામના નાટકના આઠમાં અંકમાં જોવા મળે છે. રામાનુજાચાર્યના 'રંગ-ગદ્ય' માંથી પ્રેરણા લઈ 'રઘુવીરગદ્ય'ની રચના થઈ છે. ભગવાન રામના સત્કાર્યોનું સુભગ આલેખન કવિએ કર્યું છે. વિષ્ણુના અવતારોનું સમર્થન અહીં કરાયું છે.

કવિ મંગલાચરણ કરતાં શ્રીરામનો વિજય ગાય છે. 'અત્યંત દુઃખોથી ઢંકાયેલા આશ્રિતો અકળાઈ જાય છે. ત્યારે જે દુઃખ આપનાર અસુરાદિ, પાપીઓનો નાશ કરવામાં જેમનો ઉદય છે એવા સીતાદેવીના તેજથી શ્રેષ્ઠ આકાશમાં વ્યાપ્ત ભાસ્કર (સૂર્ય) સ્વરૂપ ભગવાન શ્રીરામ જયકારી થાવ''.[૮૭]

''હે મહાવીર! તમારો જય થાવ, જય થાવ, જેમનો મહિમા દેવ અને અસુરોના યુદ્ધ સમયે સમગ્ર દેવતાઓએ નિર્ધારિત કર્યો છે.'' શ્રીરામનો પ્રતાપ અને શક્તિ વર્ણવી છે. રામ તો રાવણને પરાભવ આપનાર અને સૂર્યવંશના કુળકમળના દિવાકર છે. દશરથરાજાએ કૈકેયીને આપેલાં બે વચનોને આધારે ચૌદ વર્ષ વનવાસરૂપી ઘોર યાતના સહન કરીને પિતાને ઋણમુક્ત શ્રીરામે કર્યા હતા. વિશ્વાસમિત્રના યજ્ઞનું રક્ષણ

કરનાર, પરશુરામના ગર્વને છેદનાર, ઈન્દ્રાદિક દેવો અને દિગ્ગજોને તાબે કરનાર, દશાનનનું દમન કરનાર વગેરે ગુણો શ્રીરામના છે.

'રઘુવીરગદ્ય'માં ભગવાન શ્રીરામના સાહસ, પરાક્રમ અને વીરતાનું વર્ણન છે. રામાયણપ્રેરિત અનેક સ્વરૂપોનું સ્તુત્યાત્મક વર્ણન વેદાંતદેશિકે કર્યું છે.

## (૨૫) દેહલીશસ્તુતિ :

આ સ્તોત્રમાં ભગવાન ત્રિવિક્રમના નિવાસસ્થાન (દેહલી)ની પ્રશંસા કરવામાં આવી છે. ભગવાન મહાબલિના આશીર્વાદથી વામન અવતારરૂપે ભગવાન ત્રિવિક્રમ પ્રગટ થયા હતા. તેમની સ્તુતિ 'દેહલીશસ્તુતિ'માં પ્રાપ્ત થાય છે. ત્રિવિક્રમ ગોપપુરના રાજા છે. તેમણે જગતમાં પરાક્રમ વડે વિજય મેળવ્યા છે અને જેને જગતનું પરમ કારણ માનવામાં આવે છે, તથા જે શાંતિદાતા અને વિવિધ અર્થોનું સાફલ્ય છે. તેવા ત્રિવિક્રમ પાસે કવિ રક્ષણની યાચના કરે છે.

સ્તુતિની શરૂઆતમાં દેહલીના અધીશ્વરનું ઈશ્વરપણું, તથા તેના સ્વરૂપ અને આયુધોનું વર્ણન કરવામાં આવ્યું છે. ત્યારબાદ તેમના ઉદ્ભવ માટે કહ્યું છે કે 'વૈરોચનની સભામાં જયારે તમે વામન સ્વરૂપની ભૂમિકા ભજવી ત્યારે તો તાંડવ રસ વડે બગાસાં ખાધાં, તમે તો કર્ણપાસ-મકરાકૃતિ કુંડલ ધારણ કર્યાં હતાં અને જાણે કે શ્યામમેઘથી સર્વલોક ભરી દીધા. આવા વિશાળ સ્વરૂપથી લોકો વિસ્મિત થયા' (શ્લોક-૮).

વામન અવતારરૂપ ત્રિવિક્રમે ત્રણ પગલાથી માપેલા વિશ્વનું ત્રિલોક થયું તેમાં આશ્ચર્ય નથી. કવિ ભગવાનના અલંકારનું સુંદર વર્ણન પણ કરે છે. ભગવાનના પરાક્રમનું વર્ણન કરતાં કવિ કહે છે : 'બ્રહ્માજી આપના ચરણોનો સત્કાર કરે છે અને તમારું પાદોદક શિવજી મસ્તકે ધારણ કરે છે. તે તમે જ છો, તમારું પરાક્રમ દર્શાવતું આવું બેવડું સ્વરૂપ એક જ સમયે એક કલામય છે, જે પૃથ્વી ઉપર દેહલીશ તરીકે પ્રસિદ્ધ છે. ભક્તો જ્યારે તમારા ચરણકમળોને પખાળે ત્યારે મંદાકિનીની મકરંદધારા વિગલિત થઈ જાય છે. ભગવાનની કેતુપટિકા, ધજા અને પાદુકાનો મહિમા પણ ગાયો છે. (શ્લોક-૧૪)

સ્તોત્રના અંતે કવિ કહે છે : શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જેવા વિષયોરૂપી સમુદ્રનાં મોજાઓમાં અટવાતો એવો હું તમારી દયાને પાત્ર છું. તમારા સિવાય અન્ય કોણ મારા પ્રતિ અનુકંપા કરવાને યોગ્ય છે.'' કવિની અનન્ય શરણાગતિ અનેક પદોમાં પ્રગટ થાય છે, જેમકે-

मन्ये दयार्द्रहृदयेन महाधनं मे
दत्तं त्वयेदमनपायमकिंचनत्वम् ।
येत स्तनंधयमिव स्वहितानभिज्ञं
न्यासीकरोषि निजपादसरोरुहे माम् ।।२५।।

આ સ્તોત્ર સંસારરૂપી મરુભૂમિમાં તૃષ્ણા અને લોભથી વ્યાકુળ થતા જનોને અભીષ્ટ ફળ આપનારું બને છે, એમ કવિ અંતે પ્રાર્થે છે.

## (૨૬) પરમાર્થસ્તુતિ :-

'પરમાર્થસ્તુતિ'માં ભગવાન 'વિજયરાઘવ'ને સંબોધીને સ્તોત્રગાન કરવામાં આવ્યું છે. ભગવાન વિષ્ણુ પ્રત્યે પ્રપન્નભાવથી નિત્ય-નિયમ તરીકે ગાવામાં આવતી શ્રીવૈષ્ણવધર્મની આ અગત્યની પ્રાર્થના છે. આ સ્તોત્રને 'વિજયરાઘવસ્તુતિ' ના નામે પણ ઓળખવામાં આવે છે. તેમાં ભગવાન પ્રત્યેનો ભક્તિભાવ અને શરણાગતિ ભાવ રજૂ થયો છે.

સ્તુતિમાં લક્ષ્મી સહિત ભગવાન વિષ્ણુની પ્રાર્થના છે. 'તમારી ધર્મપત્ની કમલા છે. સ્વયં કરુણાદિ, ગુણો ઋત્વિજો છે. આશ્રિતોના આદ્ય-રક્ષક છો. આવો ધર્મ અનન્યપણે સેવવા યોગ્ય છે.[૮૮] સ્તોત્રના અંતે પ્રપત્તિભાવના રજૂ કરવામાં આવી છે.

## (૨૭) દયાશતક :-

શતકસ્તોત્રપરંપરામાં 'દયાશતક' વિશિષ્ટ છે. વેંકટપતિ (વિષ્ણુ)ની દયાને સંબોધી રચાયેલું આ ઊર્મિપ્રધાન સ્તોત્ર છે.

પ્રારંભમાં દયા અને શરણાગતિ દર્શાવી છે. જે મૂર્તિમાંથી સાકર જેવો શેરડીનો રસ નીસરે છે એવા ભગવાન શ્રીનિવાસની દયા વડે કવિ ગિરિવરને શરણે જાય છે. શરૂઆતના દશ શ્લોક સુધી કવિ ચૈતન્યમયી, જગન્માતા, વૃષગિરિજની પત્ની, નીલાદેવીને વંદના કરે છે. ભગવાનના સ્વરૂપ તથા નામસંકીર્તનથી ગુણગાન કર્યાં છે. શ્લોક-૨૧ થી ૨૫માં શરણાગત ખેડૂતોનું અનાજ-પાણીથી પોષણ કરો છો તેવો ભાવ વ્યક્ત થયો છે.

ભગવાન લક્ષ્મીનારાયણના અનુગ્રને ઈચ્છતા સંતો ભજે છેઃ હે કરુણાનિધિ! પાપાચારી આશ્રિતો તરફ તમે ઉદાસ બનો છો. કવિ પોતાને અપરાધનો સમ્રાટ માને છે. હે કરુણે! તમે ગુણોના સમ્રાટ છો. હે વિદુષી! મારી સ્વયં આ પ્રમાણેની સ્થિતિ છે તો મને વૃષશૈલેશ્વરનાં ચરણમાં પહોંચાડો.[૮૯] અહીં કવિએ દૈન્યભાવ રજૂ કર્યો છે.

કવિ પ્રત્યેક શ્લોકમાં દયાની યાચના કરે છે. સાથે-સાથે તેમની દયાથી તેમના સ્વરૂપ, ગુણ, વિભાવ વગેરેનું વર્ણન પણ કરે છે.

સમગ્ર સ્તોત્રમાં ભગવાન વેંકટનાથ (વિષ્ણુ) તથા લક્ષ્મીનું સ્વરૂપ તથા ગુણોનું સુંદર રીતે વર્ણન થયું છે તથા પ્રપત્તિભાવના સુંદર રીતે વ્યક્ત થઈ છે. શૈલીની વિશેષતા માટે ઘણા ઉત્તમ શ્લોક પ્રાપ્ત થાય છે. જેમકે જેની નાભિમાં પદ્મ છે એવા ભગવાનની અએ દયાની શોભા નીલ કમળની શોભા તુલ્ય છે.[૯૦]

વૃષગિરપતિનો મહિમા ગાતા કવિ કહે છે કે ક્યાં નિષાદનું નેતૃત્વ, ક્યાં વાનરોના કુલપતિ, ક્યાં શબરી, ક્યાં બદચાલની કુબ્જા, ક્યાં વ્રજયુવતિઓ સાથેની ગોષ્ઠી, આ બધા નિમ્ન કોટિનાં હોવા છતાં વૃષગિરિપતિની ઉન્નતિ જ હોય છે.[૯૧]

સમગ્ર સ્તોત્રમાં કવિનો વિવેકશીલ સ્વભાવ જણાય છે. તેઓ પ્રસન્નતા અને મુક્તિ ઈચ્છે છે. સ્તુતિરચનાનો આરંભ વૃષગિરિની દયાથી થયો છે. એમ કવિ માની પોતાની મંદબુદ્ધિનું સાહસ ગણે છે. આ દયાશતકની રચનાથી કવિને 'વેદાંતદેશિક' પદ પ્રાપ્ત થયું છે. (શ્લોક-૧૦૪) આ સ્તોત્રના પદ્યોને ભગવત્સંકલ્પરૂપ કલ્પવૃક્ષ સમાન ફળદાયી અને સુગંધ પ્રસરાવનાર ગણ્યાં છે. અંતે દોષાપરાધ પ્રગટ કરી કવિ વિરમે છે.

## (૨૮) યતિરાજસપ્તતિ :-

ગુરુસ્તોત્રોની પરંપરામાં મહાન શ્રીવૈષ્ણવાચાર્ય અને દર્શનશાસ્ત્રી રામાનુજાચાર્ય વિશે 'યતિરાજસપ્તતિ' ની રચના થઈ છે. આ સ્તોત્રની રચનાથી વેદાંતદેશિકે ગુરુ રામાનુજાચાર્યની સ્તુતિ કરી છે.

શ્રીરામાનુજને ભગવાન 'વિષ્ણુ'ના પાંચ શસ્ત્રોરૂપે, તેમના મુખ્ય દેવદૂતરૂપે, શ્રી વિશ્વકસેનરૂપે અને શેષશય્યારૂપે અવતાર ધારણ કરનાર વર્ણવ્યા છે. શરૂઆતના દશ શ્લોકોમાં ગુરુવંદના અને તેમની યશોગાથા વ્યક્ત થઈ છે. નાથમુનિ, યામુન, તથા લક્ષ્મણમુનિની સાથે રામાનુજનું સુંદર વર્ણન થયું છે.

નિગમાન્તાચાર્ય રામાનુજ યતિરાજના વચનો ભયંકર સંસારના જવરથી પીડિત લોકો માટે પથ્યકારી અને મીઠાં જણાય છે.

आकर्षणानि निगमान्तसरस्वतीना –
मुच्चाटनानि बहिरन्तरुप्यल्वानाम् ।
पथ्यानि धोरभवसंज्वरपीडितानां
हृद्यानि भान्ति यतिराजमुनेर्वचांसि ।।२६।।

કવિનો યતીશ્વરના મતમાં અતિવિશ્વાસ અને થાય છે. 'યતીશ્વરની વાણીથી જેઓના મન સુગંધિત થયા છે. તેવા સંતોના ચરણોને મસ્તક વડે નમસ્કાર કરી યતીશ્વરના મતને ધારણ કરું છું. યતીશ્વરના મત સિવાયનો મત દુર્મત છે. દુર્મતથી જેમનું ચિત્ત જ્વલિત થયું છે એવા વાદીઓના મસ્તક ઉપર કવિએ પગ મૂક્યો છે.

यतीश्वरसरस्वतीसुरमिताशयानां सतां
वहामि चरणाम्बुजं प्रणतिशालिना मौलिना
तदन्यमतदुर्मतज्वलितवेतसां वादिनां
शिरस्सु निहितं मया पदमदक्षिणं लक्ष्यताम् ।।४१।।

## (૨૯) શરણાગતિદીપિકા :

ભગવાન વિષ્ણુની છત્રછાયા તળે 'આત્મનિક્ષેપ'ની પૂર્વે દેવી લક્ષ્મી સન્મુખ શરણાગતિ સ્વીકારવી, પરિણામે મોક્ષની પ્રાપ્તિ સરળતાથી થાય. આવી સમજ અને પ્રયત્તિના સિદ્ધાંતની રજૂઆત આ સ્તોત્રમાં છે. આમાં ભગવાન 'દીપપ્રકાશ'ની પ્રશસ્તિ કરવામાં આવી છે. રામાનુજ દર્શન અને શ્રીવૈષ્ણવધર્મના મુખ્ય સિદ્ધાંતોનું પ્રતિપાદન થયું છે. વિશિષ્ટાદ્વૈતી સંપ્રદાયના આચાર્યોમાં પૂર્વનિષ્ઠા રાખવી એ શ્રી વૈષ્ણવની પવિત્ર ફરજ ગણાય છે. માનવજીવનની અંતરખોજ માટે 'દીપકરુપ' આ સ્તોત્ર કાર્ય કરે છે.

સ્તોત્રના આરંભમાં પદ્માપતિ નિરંતર લક્ષ્મી અને વસુધા વડે સેવાયેલા છે. વેદાન્ત જ્ઞાનથી પ્રકાશિક થતાં, વેગવતીના સમીપમાં દીપ-પ્રકાશ છે. ભગવાનના પ્રભાવનું વર્ણન કર્યું છે. તમે જ વિશ્વનિયંતા, લક્ષ્મીપતિ અને જગતમાં તમે પુરુષોત્તમ છો આ વિશ્વ એ આપનું શુભાશ્રયયુક્ત શરીર છે. સર્વ વેદવિધિઓ તમારા અનુગ્રહ અર્થે છે. તમારા જ્ઞાન, બલ, નિયમન, ક્ષમતા, વીર્ય, શક્તિ, તેજ વગેરે ષડ્ગુણો છો. (શ્લોક-૮)

સમગ્ર શ્લોકમાં અનન્ય શરણાગતિ વ્યક્ત થઈ છે. તમે માતા-પિતા સુહૃદયોમાં નિવાસ છો. તમે જ ગતિ છો, અપાર સુખના પ્રકાશદાત્વ છે. દીપ-પ્રકાશરૂપ છો, પ્રાણીઓની ઉત્પત્તિમાં બ્રહ્મા, શિવથી જોડાયેલા હોઈ શગાદિ રજો ગુણનાં યોગવાળા છો. 'હે મુકુન્દ તમે વૃદ્ધ, વ્યાપક, જડ અંધાદિને પોતાનામાં સમાવવા માટે દયાસહિત યત્ન કરો છો. ભક્તિ પ્રાપ્તિ અથવા શરણાગતિ એ ઉક્તિને હે ભગવન્ ઈષ્ટાશ્રય પમાડવા કલ્પના કરો છો. અને બંનેમાંથી એક આપ છો અને ભવાબ્ધિથી એ પ્રમાણે રક્ષણ કરો છો.

भक्तिः प्रपत्तिरथ वा भगवस्तुदुत्ति
स्तन्तिष्टसंश्रय हतीव विकलप्यमनम् ।
यत्किंचिदेकभुपपादयता त्वयैव
त्रातास्तरन्त्यवसरे भविनो भवाब्धिम् ।।१६।।

## (૩૦) દિવ્યદેશમંગલાશાસન :-

આ રચનામાં શ્રીવૈષ્ણવ સંપ્રદાયના પ્રસિદ્ધ ચાર મંદિરની મહત્તા વર્ણવી છે. આમાં શ્રીરંગ, તિરુપતિ, કાંજીવરમ અને તિરુનારાયણપુર જેવા ધાર્મિક સ્થળોનો મહિમા દર્શાવ્યો છે. આ સ્થળોમાં વસતા શ્રીવૈષ્ણવધર્મના દેવોનો ઉલ્લેખ કર્યો છે.

શ્રીરંગમાં રંગનાથ ભગવાનની ઉત્સવોમાં વિધિયુક્ત પૂજા થાય છે. આ નગરી વિત્તદોષરહિત અને ધનધન્યો અને ઉત્સવોમાં હર્ષઘેલી છે. ભગવાન નિત્ય રંગધામની રક્ષા કરે છે. આમ શ્રીરંગની શાશ્વત શોભા છે. (શ્લોક-૧) આમ ચારેય ધામોની પ્રશસ્તિ કરવામાં આવી છે.

## (૩૧) પાદુકાસહસ્ત્ર :-

કવિ શ્રી વેંકટનાથ વેદાંતદેશિકરચિત 'પાદુકાસહસ્ત્ર' સંસ્કૃત સ્તોત્ર સાહિત્યમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

કવિએ ૩૨ પદ્ધતિઓ અને ૧૦૦૮ શ્લોકગુચ્છ દ્વારા કૃતિનો મહિમા વધાર્યો છે. શ્રીરંગ પ્રભુના ચરણકમળનું રક્ષણ કરવામાં સર્વોત્કૃષ્ટ પાદુકા છે. તેને કેન્દ્રમાં રાખીને આ સ્તોત્રની રચના કરવામાં આવી છે.

સ્તોત્રની ૩૨ પદ્ધતિઓના નામ આ પ્રમાણે છેઃ

(૧) પ્રસ્તાવનામપદ્ધતિ - ૨૦ શ્લોક

(૨) સમાખ્યાપદ્ધતિ - ૧૦ શ્લોક

(૩) પ્રભાવપદ્ધતિ - ૭૦ શ્લોક

(૪) સમર્પણપદ્ધતિ - ૨૦ શ્લોક

(૫) પ્રસ્થાનપદ્ધતિ - ૨૦ શ્લોક

(૬) અધિકારપરિહારપદ્ધતિ - ૪૦ શ્લોક

(૭) અભિષેકપદ્ધતિ - ૩૦ શ્લોક

(૮) નિર્માતનપદ્ધતિ - ૩૦ શ્લોક

(૯) બંદિવૈતાલિકપદ્ધતિ - ૧૦ શ્લોક

(૧૦) શૃંગારપદ્ધતિ - ૧૦ શ્લોક

(૧૧) સંસારપદ્ધતિ - ૬૦ શ્લોક

(૧૨) પુષ્પપદ્ધતિ - ૩૦ શ્લોક

(૧૩) પરાગપદ્ધતિ - ૩૦ શ્લોક

(૧૪) નાદપદ્ધતિ - ૧૦૦ શ્લોક

(૧૫) રત્નસામાન્યપદ્ધતિ - ૫૦ શ્લોક

(૧૬) બહુરત્નપદ્ધતિ - ૫૦ શ્લોક

(૧૭) પદ્મરાગપદ્ધતિ - ૩૦ શ્લોક

(૧૮) મુક્તાપદ્ધતિ - ૫૦ શ્લોક

(૧૯) મરકતપદ્ધતિ - ૨૦ શ્લોક

(૨૦) ઈન્દ્રનીલપદ્ધતિ - ૩૦ શ્લોક

(૨૧) બિમ્બપ્રતિબિમ્બપદ્ધતિ - ૨૦ શ્લોક

(૨૨) કાંચનપદ્ધતિ - ૨૦ શ્લોક

(૨૩) શેષપદ્ધતિ - ૧૦ શ્લોક

(૨૪) દ્વન્દ્વપદ્ધતિ - ૨૦ શ્લોક

(૨૫) પાદુકાસંનિવેશપદ્ધતિ - ૨૦ શ્લોક

(૨૬) પત્રિકાપદ્ધતિ - ૧૦ શ્લોક

(૨૭) રેખાપદ્ધતિ - ૧૦ શ્લોક

(૨૮) સુભાષિતપદ્ધતિ - ૧૦ શ્લોક

(૨૯) પ્રકીર્ણપદ્ધતિ - ૮૦ શ્લોક

(૩૦) ચિત્રપદ્ધતિ - ૪૦ શ્લોક

(૩૧) નિર્વેદપદ્ધતિ - ૨૦ શ્લોક

(૩૨) ફલ (પ્રાપ્તિ) પદ્ધતિ - ૩૮ શ્લોક

## (૧) પ્રસ્તાવનામપદ્ધતિ :-

મંગલાચરણમાં કવિ ભગવાન શ્રીરંગપ્રભુના ચરણકમળનું રક્ષણ કરનાર પાદુકા અને તેમની પદરેણુનો જયકાર કરે છે. ભુવનત્રાણ-રંગનાથના ચરણ-કમળની રજને ભગવદ્ભક્તો-સંતો પોતાના મસ્તકે ધારણ કરે છે. આવા ભક્તોમાં ભરતનું સ્થાન અનન્ય છે. તેમણે ભગવાન રામચંદ્રજીની પાદુકાનો પ્રભાવ પૃથ્વી ઉપર પ્રસિદ્ધ કર્યો છે. આવા ભરતની કવિ વંદના કરે છે. શઠકોપમુનિની પણ કવિ સ્તુતિ કરે છે. કવિ આ સ્તોત્રસર્જનને પોતાનું સાહસ ગણાવે છે. આ માટે શ્રી રંગપતિની મણિપાદુકાની પ્રેરણા પ્રાપ્ત થયેલી કવિ માને છે. 'તમારી સ્તુતિ' કરવાની મારી શક્તિ નથી. આમ કહી કવિએ પોતાનો વિનય અને સ્તોત્રરચનાની અસમર્થતા પ્રગટ કરી છે. કવિ પોતાની પામરતા-ક્ષુદ્રતા દર્શાવવા માટે કૂતરાનું ગંગાજળ આપવાનું દૃષ્ટાંત વ્યક્ત કરે છે. શ્રી રંગનાથના ચરણ-કમળનું રક્ષણ કરનાર પાદુકા અનાદિ અને વેદકાલીન છે. કવિ તેવી પાદુકાની યાચના કરે છે.

## (૨) સમાખ્યાપદ્ધતિ :-

સમાખ્યા પદ્ધતિમાં દ્રવિડોપનિષદર્શન રહસ્યોપદેશાદિ વડે વિશ્વ માન્યતા માટે પરંકારુણિક ભગવાન શઠકોપમુનિ વડે પ્રાપ્ત થયેલ ગુણોને પાદુકાસ્તુતિમાં સમાવિષ્ટ કરે છે.

ભગવાન વિષ્ણુના ચરણમાં આસક્ત અને દ્રવિડવેદના દૃષ્ટા એવા શઠકોપમુનિને તેમજ પાદુકાને કવિ વંદે છે. પૂજનીય શઠકોપમુનિ સ્વયં પાદુકાત્મારૂપે પ્રગટ થયા છે. શઠકોપાવતારનું પાદુકાસંબંધ વડે પૂજન એ સત્ય છે. કવિ કહે છે કે 'હે મણિપાદુકે! શઠકોપ એવી સંજ્ઞા વડે તમે પ્રસિદ્ધ થયેલાં છો. તમે ભગવાન મધુસૂદનનાં દાસભૂત છો.

## (૩) પ્રભાવપદ્ધતિ :-

આમાં શ્રીરંગનાથ પ્રભુના પાદુકા-યુગલનો પ્રભાવ ૭૦ શ્લોકોમાં કવિએ વર્ણવ્યો છે. પાદુકાને નમન કરનાર ઉન્નતિ પામે છે. આકાશતલ જેટલી પત્રિકા, લેખન માટે ભૂમિતલ, સાત સમુદ્રો જેટલી શાહી અને સહસ્રવદન દ્વારા પાદુકાનો મહિમા વ્યક્ત કરી શકાય તેમ છે.

શ્રીરંગનાથ ભગવાનની ચરણ રક્ષણ કરનારી પાદુકા અહલ્યા સ્વરુપે નારી થઈ. ભગવાન રંગનાથે ત્રિવિક્રમાવતારે પગમાં પાદુકાઓ ત્રણ પગલાં ભરવા માટે ધારણ કરી હતી. શ્રીરંગનાથના ચરણ-કમળની પરાગ વડે સુગંધિત વેદાન્તવૈદ્ય પાદુકાને અજ્ઞાનથી પણ સેવવાથી બ્રહ્માલિખિત દુર્ભાગ્ય પણ પલટાઈ જાય છે. દેવગણ કે મનુષ્યગણ એકવાર પણ પાદુકા મસ્તકે ધારણ કરે તો તેની મુક્તિ થઈ જાય છે.

''હે પાદાવનિ! કમલાસના લક્ષ્મી તથા શંખચક્રગદાયુક્ત મુરારિના ચરણ તમોને પામીને તમે અમારાં ઉપાસ્ય થયાં છો. બ્રહ્મા, રુદ્ર સર્વ તમારા આશ્રિત છે. તમે અન્યના આશ્રિત નથી. આનાથી વિશેષ તમારો પ્રભાવ કેવો હોય?''

## (૪) સમર્પણપદ્ધતિ :-

સમર્પણ પદ્ધતિમાં પાદુકા તરફનો સમર્પણ ભાવ ૨૦ શ્લોકોમાં કવિએ વ્યક્ત કર્યો છએ. દંડકારણ્યમાં રામ-ભરતના મિલાપ પ્રસંગે રામે ભરતને ચરણપાદુકા સોંપી અને તેને ભરતે મસ્તક પર ધારણ કરી. ત્રણેય લોકમાં રામની પાદુકાનો મહિમા પ્રભાવ વિશેષ મનાયો છે. ભગવાન ત્રિવિક્રમના ચરણકમળથી નીકળેલી ગંગાજી ભગવાન શંકરના મસ્તકે શોભે છે. માટે પાદુકા જ જગતમાં સર્વશ્રેષ્ઠ છે.

## (૫) પ્રસ્થાનપદ્ધતિ :-

ભરત પાદુકા ગ્રહણ કરીને ચિત્રકુટ પર્વતથી અયોધ્યા પ્રતિ પ્રસ્થાન કરે છે. તે સમયે પાદુકાનાં ગુણગાન ગાવામાં આવ્યાં છે. શ્રીરંગનાથ પ્રભુના પાદરક્ષણમાં પ્રીતિભાજક પાદુકાનો મહિમા બતાવ્યો છેઃ

''હે મણિપાદરક્ષે! માત, તમારા આગમનરૂપ મંગલ ઈચ્છતી અયોધ્યાની પ્રજા-સ્ત્રીઓ તેમનાં ચંચલ નેત્રોથી પાદુકાદર્શન માટે નેત્રરૂપી ભમરાઓથી શોભતા-કમળ જેમ જોતા રહ્યાં.''

## (૬) અધિકારપરિગ્રહપદ્ધતિ :-

ભરત દ્વારા પાદુકાને અયોધ્યામાં લાવવામાં આવી. તે અયોધ્યાની અધિકારી બની છે. તે કોશલ દેશવાસીઓ માટે ઉપાસ્ય બની છે. રામની પાદુકા ચૌદ વર્ષ પર્યન્ત દેવતુલ્ય આરાધનીય બનશે. ભરતે તેને સિંહાસન પર આરૂઢ કરી છે. તે ભૂમિને ભોગવી તેનું રક્ષણ કરવા સમર્થ છે.

કવિ પાદુકાની ઉત્કૃષ્ટ અને અનન્ય ભક્તિ પ્રદર્શિત કરે છે. ભરતની આજ્ઞાનું પાલન કરતાં મગધ અંગ, કલિંગ, બંગદેશના અધિપતિઓને જીતે છે. લોકપાલ ઈન્દ્ર પાદુકાને રત્નસિંહાસન ઉપર જાણે સાક્ષાત્ લક્ષ્મી બિરાજમાન હોય તેમ જુએ છે.

''હે રત્નપાદુકે, તમારા અધિકાર પ્રાપ્ત કરવાના સમયે જગતસ્રષ્ટા, સૂર્યસમા શરીરવાળા તમે મનુષ્યોના ગાઢ અંધકાર અને તમોગુણોનો નાશ કરો છો.''

## (૭) અભિષેકપદ્ધતિ :-

શ્રીરામે અભિષેકના પાત્રની પ્રદક્ષિણા કરી તે પાત્ર વડે ભરતજીએ પાદુકાનો અભિષેક કરી પવિત્ર તીર્થોદકથી સ્નાન કરાવી સિંહાસન પર સ્થાપન કર્યું હતું. રામની ચરણ પાદુકાના અભિષેક પ્રસંગે પાદુકાનો પ્રભાવ અને મહિમા કવિએ ૩૦ શ્લોકોમાં વર્ણિત કર્યો છે.

## (૮) નિર્પાતનાપદ્ધતિ :-

શ્રીરામે ભરતને પોતાની પાદુકા આપી. ભરતે પાદુકાને રત્નસિંહાસન ઉપર અભિષેક કરી પ્રત્યર્પણોત્સવ કર્યો તેથી સર્વને આનંદ પ્રાપ્ત થયો. પાદુકા વંદનીય બની. કવિએ પાદુકાઉપાસનાનું ફલ જણાવ્યું છે. સીતાની જેમ હનુમાન પણ પાદુકાને પ્રણામ કરે છે. પાદુકાના અભિષેકથી દેવલોકની દેવીઓ પણ ગ્લાનિનો ત્યાગ કરે છે. સર્વત્ર રાજ્યમાં ઊભા થયેલા કંટકો નિર્મૂલ થયા. પાદુકા તરફનો પ્રપત્તિભાવ પ્રગટ થયો છે. પાદુકાને વિશ્વંભરી ગણી છે. પાદુકા શ્રીરામ (રંગનાથ)ના સ્વરૂપભૂત છે. વિષ્ણુપુરાણમાં જણાવ્યું છે કે 'દુર્વાસાના શાપથી અંતર્હિત થયેલાં તમે (પાદુકા) સમુદ્રમંથનથી પદ્મના મધ્યમાંથી નીકળી વિષ્ણુના વક્ષઃસ્થળમાં આશ્રિત થયેલાં લક્ષ્મીરૂપ તમે ત્રણેય ભુવનનું કલ્યાણ કરનારા છો.'

## (૯) બંદિવૈતાલિકપદ્ધતિ :-

પાદુકાને પુરુષો માટે સંસાર સાગર પાર કરવાના સેતુરૂપ માની છે. સ્તુતિપાઠકો (બંદિ) અને વેદાન્ત વૈતાલિકો બોધપ્રદ સ્તુતિ રજૂ કરે છે.

પ્રારંભમાં શ્રીરંગનાથ પ્રભુની પ્રાર્થના છે. ચરણકમળની સેવારૂપ સુખ સામ્રાજ્ય ભોગવનારાં અને 'શ્રી' મુક્ત છો. લક્ષ્મીનું સાયુજ્ય એ વિશિષ્ટાદ્વૈતી સંપ્રદાયની વિશેષતા ગણાય છે. ભગવાનની સેવામાં પાદુકા અને કમળની શોભા અગ્રસ્થાને છે.

## (૧૦) શૃંગારપદ્ધતિ :-

પાદુકા અને ભગવાનના પ્રિય વ્યાપારભેદનું આલંબન કરીને દામ્પત્યસુખની અભિવ્યક્તિ કરવામાં આવી છે. શૃંગારચેષ્ટાના રમણીય વ્યાપારનું રંગનાથ પ્રભુ પાદુકા સહ સેવન કરે છે. એટલે શ્રીરંગનાથ પ્રભુ અને પાદુકા વચ્ચે પરસ્પર રતિજન્ય વિલાસ યોજાય છે. અંતઃપુરમાં આવવા-જવા માટે પાદુકા પરિધાન કરે છે. પાદુકા ભગવાનની સહચરી છે અને ભગવદ્પાદનું સેવન કરનાર છે.

## (૧૧) સંચારપદ્ધતિ :-

ભગવાનની લીલાસંચારનું વર્ણન કરતાં કવિ પાદુકાનું મહત્ત્વ વધારે છે. પાદુકા સહિત ભગવાનનું ધ્યાન કરવાથી રજો-સત્ત્વ અને તમો ગુણની વૃત્તિ શાંત થાય છે. પાદુકા તરફનો આદર વ્યક્ત થયો છે. અગાધ-પુણ્યના પરિપાકયુક્ત પાદુકાને શ્રારંગનાથના ચરણસ્પર્શ વડે મસ્તકે ધર્યો છે. ભક્તજનો અનન્ય ભાવે સેવા કરે છે. શ્રીરંગનાથ પ્રભુના પગોના (ચરણનું) ભૂષણરૂપ પાદુકા છે.

ભગવાન લીલાસંચાર માટે પ્રથમ પાદુકાને સેવે છે. શ્રીરંગનાથ પ્રભુની લીલાગતિને જોનારા સંસારરૂપી જંગલમાં જન્મ-મરણના ફેરા વારંવાર ન થાય તે માટે પાદુકાને ભજે છે.

વિવિધ અવતારોમાં પાદુકા હંમેશાં ભગવાનની સાથે રહી છે. કવિએ પાદુકાનો મહિમા ગાયો છે. કવિ અંતમાં લક્ષ્મીયુક્ત શ્રીરંગનાથ પ્રભુની પ્રીતિ પ્રાપ્ત થાય તેવી પાદુકાને પ્રાર્થના કરે છે. પાદુકા શ્રીરંગનાથની યાત્રા, ઉત્સવ, ગરૂડની ગતિમાં અને અનેક સ્થળોએ ભગવાનની સાથે વિચરણ કરે છે. એમાં પાદુકાની મહત્તા છે.

## (૧૨) પુષ્પપદ્ધતિ :-

પાદુકાપૂજન વિવિધ પ્રકારનાં પુષ્પો વડે કરીને કવિએ પાદુકાનું સ્તવન રજુ કર્યું છે.

શ્રીકૃષ્ણના વિહારમાં સ્વર્ગમાંથી પુષ્પવૃષ્ટિ થાય છે તે અહીં પાદુકા ઉપર જ પડે છે. લક્ષ્મી-નારાયણના વિહારમાં પણ પાદુકા મહત્ત્વની છે. દિવ્ય તથા પ્રાકૃત દંપતિઓ લક્ષ્મીના હસ્તકમળ અને ભગવાનના ચરણ-કમળોનું પ્રતિદિન પૂજનરૂપ ભજન કરે છે. પાદુકાનું પૂજન પુષ્પાદિ વડે વૈકુંઠ, સત્યલોક, સરયુકિનારે, અયોધ્યાપુરીમાં, કાવેરી મધ્યે, શ્રીરંગ પ્રભુને આશ્રયે થાય છે. અપ્સરાઓ નિરંતર સૌભાગ્યની ઉત્કૃષ્ટતા માટે દેવપુષ્પોથી, સદાશિવ કેતકી પુષ્પોથી, વિભૂતિ ઈચ્છતા પુરુષો ભાવપૂર્વક પુષ્પોથી, વિષનિગ્રહ કરવા માટે દુર્વાંકુરોથી, ઈન્દ્ર બનવા માટે સહસ્ર તુલસીપત્ર અને કમળપુષ્પથી આમ વિવિધ પુષ્પોથી પાદુકાનું અર્ચન થાય છે.

''હે મુકુંદપાદુકા, મલ્લિકાદિ પુષ્પોથી પૂજાયેલાં અને તુલસીદલ વડે શોભતાં કામધેનુ જેવાં દેખાઓ છો. પાદુકાને શિવમસ્તકે રહેલી ગંગા અભિષેક કરે છે. શિવજીના હસ્તે રાજવૃન્ત પુષ્પની પરાગરજ વડે આપનું સ્નાન થાય છે.''

## (૧૩) પરાગપદ્ધતિ :-

પદ્મનાભપ્રભુની પાદુકા ઉપરની પરાગરજ શિલા પર પડવાથી ગૌતમ પત્ની અહલ્યાનો દેહનિર્માણ થયો તે પરાગ રક્ષણ કરવા સમર્થ છે. શ્રીરંગનાથના પદારવિંદભૂત પાદુકાની પરાગ વિશ્વનું કલ્યાણ કરનાર પવિત્ર છે. આ પરાગરજનું દેહ પર લેપન કરવાથી અનાદિ-વાસનાગત અહંકાર નાશ પામે છે. લોકપાલો પરાગરજને મસ્તક પર ધારણ કરી દાનવોને પરાજિત કરે છે.

કવિના આધ્યાત્મિક તાપનું શમન કરનાર પાદુકાની પરાગ યથાર્થ છે. કવિ મૃત્યુ સમયે પ્રભુપાદુકાને ચોંટેલી પરાગ પોતાના પર મુકવાની અંતરેચ્છા વ્યક્ત કરે છે.

''હે પદ્મેક્ષણ પાદરક્ષે! ભક્તોની સમીપ જનારી તમારી પરાગરજને ભક્તો પામીને સંસારરૂપી સમુદ્ર તરી જાય છે.''

## (૧૪) નાદપદ્ધતિ :-

ભગવાનના આલંબનથી ઉત્પન્ન થયેલા નાદથી પાદુકાના મહિમામાં વૃદ્ધિ થઈ છે. પાદુકાના સંચારથી ઉદ્ભવેલો રત્નોનો નાદ જાણે પાદુકાને વેદગ્રન્થ દ્વારા અભિવાદન કરે છે.

પાદુકા પ્રાણીમાત્રના અશુભત્વની શાંતિ માટે મંત્રજાપ કરે છે અને શ્રુતિગાન કરે છે. મનનશીલ યોગીઓ યમનિયમ વડે પાદુકાના પ્રણવની ઉપાસના કરણમંત્રની સીમા પામે છે. અને પછી તો પ્રણવનું પણ ચિંતન કરતા નથી.

હે મણિપાદુકે! તમે રંગપતિના વિહાર સમયે સન્મુખ આવતા જનોને સુંદર નાદ વડે મધુર લાગે તેમ ઉત્તર આપો છો. મનોજ્ઞ નાદ વડે કાનને તત્ત્વહિતના બોધપ્રદ શબ્દો વડે વારણા કરાવે છે. તમારો ઝણકાર કરતો શબ્દ અમૃત સ્વરૂપા ચંદ્રકલાને અનુસરે છે. સાધુપુરુષો તમારો શબ્દ શ્રવણ કરીને, મુખ વડે પાન કરીને અલ્પ સમયમાં અજરામરત્વ મોક્ષથી પામે છે. ખલજનો અનર્થક અને ખોટા શબ્દો સાંભળવાથી દૂષિત થયેલા કાનને પાદુકાના નાદથી નિર્દોષ બનાવે છે. પાદુકાના સ્વરથી ભક્તજનોને ભગવાનના આગમનની જાણ થાય છે.

પાદુકાને પ્રયોજકકર્તા તરીકે સ્થાપીને 'પાદુકાસહસ્ર' ગ્રંથ રચવાની પ્રતિજ્ઞા કવિએ પ્રગટ કરી છે. પાદુકા નાદનો પ્રભાવ સર્વત્ર જાણીતો છે. પાદુકાના ગર્ભરત્ન વડે ઉત્પન્ન થયેલા નાદથી રંગનૃપતિના દર્શનમાં ઉત્સુક નગરસુંદરીઓ મંત્રમુગ્ધ બને છે. પાદુકાનાદથી ઈન્દ્રિયજન્ય વિષયીજનોને મોહ થાય છે.

શ્રીરંગનાથ પ્રભુ ત્રણે જગતનું રક્ષણ કરવા માટે યાત્રા કરે છે. ત્યારે પાદુકાનાદ પ્રાણીમાત્રના કાનને સુખપ્રદ અને આશીર્વાદરૂપ બને છે. મુમુક્ષુજનો પાદુકાનાદનું શ્રવણ કરતા દેવયાને પ્રયાણ કરે છે.શ્લોક-૬૦

આમ કવિએ ૧૭૦ શ્લોકોમાં પાદુકાના નાદનો મહિમા પ્રગટ કર્યો છે.

## (૧૫) રત્નસામાન્યપદ્ધતિ :-

પાદુકાના અવયવ સમાન રત્નોનું વર્ણન કવિએ ૫૦ શ્લોકોમાં કર્યું છે.

હે રંગેન્દ્ર પાદાવનિ, તમારા મણિઓમાંથી કાંતિ બહાર આવે છે. તે રશ્મિઓ યમકિંકરોના ત્રાસમાંથી બચાવે છે. તમારા રત્નોની પ્રભા ભક્તજનોને ધર્માદિ ૭ફળો વડે આશ્રય આપનારી છે. તમારાં ઉત્કૃષ્ટ મણિકિરણો શ્રીરંગનાથ ભગવાનને જોવાની ઈચ્છાવાળા યોગીઓને યોગદશામાં ધ્યાનસ્થ અને જ્ઞાનદીપરૂપ છે. તમારા રત્નોની પ્રભા વડે સમાધિ સેવનારા તમોગુણ પ્રધાન - પ્રકૃતિના અંધકારને દૂર કરનાર દીપિકા સમાન છે. હે મણિપાદુકે, સમસ્ત વિશ્વના અંધકારને તમારા મણિકિરણો વડે નાશ કર્યો. તમે દીપકણિકા રૂપ ભગવાનનાં ગુણરૂપ છો. ભક્તિ એ જ ભગવાનને પ્રાપ્ત કરવાનું સાધન છે અને ભક્તજનો પાદુકાના આશ્રય વડે ભક્તિમય બને છે. પાદુકા ભક્તિ દ્રવ્ય વડે મોક્ષ આપનારી વેપારી છે.

હે મણિપાદુકે, તમોએ ધારણ કરેલ રત્નોનાં કિરણો વડે અલંકૃત ભગવાન મુરારિનું પાદારવિંદ મારા કઠિન હૃદય-ચિત્તમાં મુકવાની તમે કૃપા કરો.(૩૫) હે પાદુકે, તમે તમારા રત્નોનાં રશ્મિ વડે મારા અપરાધોને ભૂંસીને મને શ્રીસહિત ભગવાન રંગસ્વામીના ચરણ કમળોમાં મને સમર્પિત કરો.(૩૭) હે કેશવપાદરક્ષે, પ્રાણીઓને તમે તમારા રત્નપ્રકાશપૂંજથી તેમના હૃદયમાં પ્રકાશ પ્રસરાવીને અંતકાળે હૃદયાવલંબિની મુખ્ય સુષુમ્ણા નાડી દ્વારા ભગવત્પ્રાપ્તિ કરાવો છો, જે મોક્ષ-પ્રદ થાય છે.(૪૦)

પાદુકાની રત્નપ્રભાની માયા વડે ઉત્સવોમાં ઉન્નત ગૃહશિખરો ઉપર ધ્વજો પ્રકાશે છે. પાદુકાને મૂલ્યવાન મણિઓ કલ્યાણવાંચ્છુઓ માટે અક્ષયનિધિરૂપ છે. પાદુકાની રત્નકાન્તિ તાપત્રયને (આધ્યાત્મ, આધિભૌતિક, આધિદૈવિક) રોકનારી છે, ચંદ્રતુલ્ય છે, પાપનાશક અગ્નિસમી સૂર્યરૂપ છે.

## (૧૬) બહુરત્નપદ્ધતિ :-

ભગવાને મુખ, બાહુ, ઉરુ, અને પાદ એ ચાર અંગો થકી ચારવર્ણની (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર) ઉત્પત્તિ કરી છે. તે વર્ણો ભગવાન રંગનાથની પાદુકાના રત્નોના રંગો ઉપરથી ઉત્પન્ન કરવામાં આવ્યા છે. આવી પાદુકાને શરણે જવા માટે કવિ પોતાની ઈચ્છા વ્યક્ત કરે છે.

પાદુકાનાં વિવિધ રત્નો સત્ય, દ્વાપર, ત્રેતા અને કલિ એમ ચાર યુગ અને નવરત્નો વડે નવખંડનો નિર્દેશ કરે છે. પાદુકાનું જન્મસ્થાન ભગવત્ચરણ છે.

હે પાદુકે, તમારા હરિજાલ મૌક્તિની કાંતિ વડે ભગવાનના ચરણાવિંદની શોભા વધે છે. પાદુકાના શ્વેત, નીલા અને અરુણ રંગના મણિઓની પ્રભામાં કાવેરીના તટે આવેલા બગીચાના સમૂહો શોભતા જણાય છે.

હે પાદાવનિ, તમે મૌક્તિક, શોણમણિ, પદ્મરાગમણિ, ઈન્દ્રનીલમણિની પ્રભા વડે ભગવાન રંગનાથના નખોની રુચિ-શ્રેણીની યોગ્ય શોભા ઉત્પન્ન કરો છો.(૫૦)

## (૧૭) પદ્મરાગપદ્ધતિ :-

પાદુકા કમળમાં જેનો વાસ છે એવાં લક્ષ્મીતુલ્ય છે. લક્ષ્મીજી ભગવાનના હૃદય-વક્ષઃસ્થલમાં રહે છે, જ્યારે પાદુકા ભગવત્ ચરણને સેવે છે. આવી પદ્મરાગયુક્ત ભગવાન રંગનાથની પાદુકાનું વર્ણન (સ્તુતિ) કવિએ ૩૦ શ્લોકોમાં કર્યું છે.

લક્ષ્મીના હાથ મધ્યે વિકાસ પામેલી પદ્મરાગયુક્ત પાદુકા સુગંધી પુષ્પાસવનો સ્વાદ આપે છે.

## (૧૮) મુક્તાપદ્ધતિ :-

સંસારાસક્ત જીવો, સંસારત્યાગી જીવન્મુક્ત જીવો અને જેમણે ક્યારેય સંસારનો સ્પર્શ કર્યો નથી તેવા જીવોનો ઈશ્વર સાથેનો સંબંધ પાદુકામાં જડેલાં મુક્તામૌક્તિકોથી થાય છે. સ્વામી-દાસત્વનો ભાવ પ્રત્યક્ષ જણાય છે. તેમનો મોક્ષ પણ સિદ્ધ થાય છે.

કવિએ મુક્તામણિનાં કિરણોને ઝરણા સમાન બતાવ્યાં છે. આ પદ્ધતિમાં કવિએ ૫૦ શ્લોકોમાં પાદુકામાં જડેલાં મૌક્તિકોનો મહિમા ગાયો છે. પાદુકાના સ્પર્શથી મોતીઓ સંસાર માત્રના પ્રાણીઓના સંબંધ રંગનાથ સાથે બાંધવા સક્ષમ છે.

પાદુકાના મોતીઓની રશ્મિ વડે આ વિશ્વ દિવસે પણ ચંદ્રિકાપ્રચુર લાગે છે.

## (૧૯) મરકતપદ્ધતિ :-

કવિએ ૨૦ શ્લોકોમાં મરકતમણિથી અલંકૃત કરેલ પાદુકાનું વર્ણન પ્રસ્તુત કર્યું છે. ભગવદ્‌વહનરૂપ વ્યાપાર જેમનો છે, અને ગરુડ જેવી મરકતમણિના પથ્થરમાં ગર્ભરૂપ લીલોમણિ રહેલો છે, એવી પાદુકાને કવિ વંદન કરે છે.

હે પાદુકે, તમે રંગસ્વામીના પદ્મકમળ સમીપે શ્યામ એવા મરકતમણિનાં કિરણો વડે રમ્ય નલિનીપત્ર-પંક્તિને ધારણ કરો છો. તમારાં કિરણો વ્યાપ્ત થવાથી કમળપત્રોની ઝાંખી કરાવે છે. પાદુકાના મરકતદલોમાં શ્રીરંગનાથ વિલક્ષણરૂપે દેખાય છે.

## (૨૦) ઈન્દ્રનીલપદ્ધતિ :-

શ્રીરંગનાથની પાદુકા હરિનીલરત્નજડિત છે. હરિરત્નનાં કિરણો વૃદ્ધાવસ્થાજનિત માથાના વાળની સફેદાઈને મટાડે છે. તેથી કવિ અહીં ઈન્દ્રનીલરત્નજડિત પાદુકાની સ્તુતિ કરે છે.

હરિનીલથી ઉત્પન્ન થતાં કિરણો વડે હરિના સારૂપ્યનું સંપાદન થાય છે. તે મોક્ષદાયક છે. ભગવાન રંગનાથ તેમના નિધિને પ્રાપ્ત કરાવે છે. ઈન્દ્રનીલરત્નજડિત પાદુકાઓ મોક્ષ આપનારી તથા ભગવાન રંગનાથનું લાવણ્ય વધારનારી છે. તેથી કવિ ઈન્દ્રનીલરત્નજડિત પાદુકાનું ધ્યાન કરે છે.

## (૨૧) બિમ્બપ્રતિબિંબપદ્ધતિ :-

આ પદ્ધતિમાં મણિમય પાદુકામાં સ્વનિર્મિત પ્રતિબિંબની યોગ્યતાના આલંબનથી પાદુકાનું વર્ણન કરવામાં આવ્યું છે.

પ્રારંભમાં મૂર્તિમંત પાદુકાનું ધ્યાન કરવામાં આવ્યું છે. મણિપાદુકાના પ્રતિબિંબને પામીને ગરુડ રંગસ્વામીને પોતાના પર બેસાડવા ઈચ્છે છે. દિગ્‌પાલો પાદુકાની મણિપંક્તિમાં આત્મબિંબને નિહાળે છે. એક જ વખતે બિંબિત થયેલા ચરણો હિંડોળામાં ક્રીડા કરતા હોય તેવો રસ (પ્રીતિ) ઉત્પન્ન કરે છે. દેવો પોતાના વાહનોમાં આરૂઢ થયા હોવા છતાં પાદુકાના બિમ્બને લીધે પાદુકારૂઢ હોય તેમ જણાય છે.

## (૨૨) કાંચનપદ્ધતિ :-

આ પદ્ધતિમાં ૨૦ શ્લોકોમાં સુવર્ણમય પાદુકાનું વર્ણન છે. સુવર્ણનું જેનું શરીર છે એવી શુભાત્મિકા સુવર્ણની કાન્તિને ભજે છે એવી શૌરિપાદુકાને વંદન કરવામાં આવ્યાં છે.

અનેકવિધ ઉપમાઓ દ્વારા કવિએ સુવર્ણ (કાંચન) પાદુકાનો મહિમા વ્યક્ત કર્યો છે.

## (૨૩) શેષપદ્ધતિ :-

શ્રીરંગનાથની પાદુકાને શેષરૂપ માની કવિએ તેમની સ્તુતિ કરી છે.

હે પાદુકે! અનંત વડે શેષ રહે તે સદાશેષ, પૃથ્વી પર ઉત્પન્ન થયેલાં શ્રીરંગનાથની સદા સેવામાં રહે છે. ભગવાનની ચરણની સેવારૂપ પાદુકારૂપ સર્જન છે.

હે પાદાવનિ, અનંતનામે - નાગરાજસ્વરૂપ તમે બહુમુખ વડે બહુસુખયુક્ત છો. અન્યત્ર બહુમુખ સહસ્ત્રવદન જેનું છે એવા તમારું દાસભૂત અનંત આત્માઓ વડે સેવન થાય છે.

## (૨૪) દ્વન્દ્વપદ્ધતિ :-

પાદુકાસ્વરૂપ ભગવાનના પ્રણવરૂપનું અ કાર અને મ કાર યુગલની સ્તુતિ કરી, ચરાચર જે જંગમ સ્થાવર પ્રપંચની રક્ષા કરનાર, મુરારિની અનુકંપા-દયા શાન્તિના અવતાર પેઠે રહેલ મણિપાદુકાનું યુગલ મારું નિરંતર મંગલ કરો, એવી કવિની અભિપ્સા છે.

કવિ મુરારિના બે ચરણોને પામનારી બંને પાદુકાની અહીં સ્તુતિ કરે છે.

## (૨૫) પાદુકાસંનિવેશપદ્ધતિ :-

૨૦ શ્લોકોમાં કવિએ પાદુકાસંનિવેશનું વર્ણન કર્યું છે. અણુ, અંતર્યામી વિગ્રહ વામનાદિ અવતાર યુક્તતાનું શરીર ભગવાનનાં ચરણ અનુગ્રહથી નાનું તે ભગવદ્ચરણકૃપાથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને મહાનતામાં મહાનપણું તે ચરણોનો પ્રતાપ છે. પંચરાગશાસ્ત્રો ભગવાનનાં ચરણોમાં સંનિવેશ પામે છે.

હે મણિપાદુકે, સુવર્ણકમળની જે કર્ણિકારૂપ પદ્મપીઠ પર રહેલા છો છતાં મધ્યભાગે પાતળા છો. તમે કમલાસનની શોભારૂપ વિલક્ષણ જણાવ છો, નર્તનકાળે લક્ષ્મીરૂપ થાવ છો.

## (૨૬) યંત્રિકાપદ્ધતિ :-

જેમાં ભગવાનનાં ચરણો મુકાયેલ છે તે યંત્રિકાની સ્તુતિ કવિએ ૧૦ શ્લોકોમાં કરી છે.

ભગવાન વિષ્ણુનાં ચરણ મુકવાનું જે પ્રસાધન છે, અને ઊંચા અગ્રભાગથી આંગળીઓને અવલંબન મળ્યું છે તેવી પાદુકાને કવિ વંદે છે.

હે ચરણાવનિ, તમે ભગવાનનાં પદકમળની નીચેના ભાગે રહીને કાંટા, લોઢાના તીક્ષ્ણાગ્ર ખીલા વગેરેને બળપૂર્વક રોકીને શૌરીપાદને ઉચિત છાયા - શોભાના પ્રતિક રૂપ થાવ છો તેમાં શંકા નથી. ભગવાનના ચરણોની આંગળીઓના અનલંબન અર્થે યંત્રિકાનું આલેખન કરી પાદુકાનું વર્ણન કરવામાં આવ્યું છે.

## (૨૭) રેખાપદ્ધતિ :-

પોતાની રેખા વડે લખવા માટે નહીં, પણ અધ્યયન માટે ગ્રાહ્ય વેદાત્મિકા મુક્તિ સૂચવતી અપ્રિતમ સૌંદર્યને અનુરૂપ શૌરીપાદુકાનો આશ્રય કરે છે.

હે મણિપાદુકે, દેવતાઓના સુવર્ણ મુકુટોના સેવનથી વૈવિધ્યપૂર્ણરૂપ અને કમલાપતિના ચરણકમળોના યોગથી સામ્રાજયના સારરૂપ ચિહ્નને વહન કરો છો. તમારી રેખાનો વિસ્તાર પ્રથમ કલ્પમાં મુરવૈરી-શ્રીરંગનાથના ચરણાવિંદો આરૂઢ થવાથી વજઅંકુશથી ચિહિનત પ્રતિનિધિરૂપ તમે છો. તમે પ્રણામ કરતા દેવોના શિરોપટમાં રત્નદીપ્તિ વડે જણાતી રેખાનું અદ્‌ભૂત રીતે વહન કરો છો.

## (૨૮) સુભાષિતપદ્ધતિ :-

શ્રી રામ દ્વારા અપાયેલ પાદુકા ભરત દ્વારા સાકેતના સિંહાસન પર બિરાજમાન છે. વિદ્યામાં ઉત્કર્ષ પામતો જન પૃથ્વીના અભ્યુદયને પામે છે. આમ પાદુકાની સુંદર સ્તુતિ ૧૦ શ્લોકમાં કવિએ કરી છે.

## (૨૯) પ્રકીર્ણપદ્ધતિ :-

કવિ વેદાંતદેશિકે ૮૦ શ્લોકોમાં પ્રકીર્ણ પદ્ધતિમાં પાદુકાની સ્તુતિ કરે છે.

હે શૌરપદાવનિ, તમે અનિષ્ટનો નાશ કરવામાં અને આશ્રિતોના સમગ્ર ઉપદ્રવોની શાંતિ પ્રયોજન કર્મને આચરો છો. તમે ત્રિવિક્રમ અવતાર સમયે વૃદ્ધિ પામતાં સ્થૂલ રત્નો વડે આકાશમાં ઉગતા સૂર્યની શોભા ધારણ કરો છો.

કવિએ ઉપમા, ઉત્પ્રેક્ષા અને યમક અલંકારનો સહારો લઈ પાદુકાની સ્તુતિ અહીં રજૂ કરી છે.

## (૩૦) ચિત્રપદ્ધતિ :-

વિચિત્ર પ્રપંચાધાર હોવાથી સર્વ ચિત્રોને ધારણ કરનાર શ્રીરંગનાથની મણિ પાદુકા પ્રતિષ્ઠિત છે. હે પાદુકા તમારું શબ્દચિત્ર બહુ આશ્ચર્યવાળું છે. તેનો સંદર્ભ ઉલ્લેખનીય છે. વિવિધ વર્ણયુક્ત મણિઓ વડે શુદ્ધ સત્ત્વમયી પાદુકા ભગવાન શ્રીરંગનાથના કૃત ત્રેતાદિક અનુક્રમે થતા વર્ણો સ્વયં અવતાર ભેદનો અનાદર કરીને ધારણ કરે છે. દેવો અને અસૂરો વડે પૂજાયેલ છે. ભગવાન સંચરણ કરે તે વિષયમાં શીઘ્રતાપૂર્વક પરસ્પર

સંગવાળા છે. સત્પુરુષોએ ઉપાસ્ય છે. મનોવાંછિત ફળ અને કામદ છે. દેવતાઓનાં કાર્ય કરનારી દેવી ક્રીડાયુક્ત-કાંતિયુક્ત છે. સન્માર્ગમાં ગતિ કરતી રંગધૂરિજા પાદુકા છે.

ભરતે પૂજન કરેલ પાદુકા સંસારતાપ - આધિ-વ્યાધિ-ઉપાધિવાળાઓને વંદન કરવા યોગ્ય છે.

## (૩૧) નિર્વેદપદ્ધતિ :-

કવિ પાદુકાસહસ્રમાં પોતાનો નિર્વેદ ૨૦ શ્લોકોમાં વ્યક્ત કરે છે.

હે પાદુકા, હું પ્રતિબંધ રહિત કર્મ વડે તમારા પૂજનરૂપ બીજા જન્મે પણ થઈશ. જન્માન્તરે મોક્ષરૂપ થઈશ. આ પ્રમાણે તમારા સેવકરૂપ થઈશ. હે માત પાદુકા, મુકુંદ ભગવાન આશ્રિતને પાપથી મુક્ત કરે છે. કરુણાળુ છો તો પછી મારા પાપોથી વિશેષ કોઈ પ્રતિબંધ શક્તિવાળું છે?

હે માતા, કાંચનપાદરક્ષા, ભગવાન મુકુંદના ચરણમાં ભાર મુકીને તે ભાર જેણે તેમને અર્પણ કર્યો છે એવા મને ફરીથી કંઈ પણ અશુભ થાય ત્યારે તમોને અર્પણ થયેલાના પરિભક્ષણ કરવાની દીક્ષાવાળા નિયમવાળા તમારી કીર્તિ શું લાજ નહીં પામે! મને તો કોઈ હાનિ નથી.

આમ કવિએ સુંદર રીતે પોતાનો નિર્વેદ વ્યક્ત કર્યો છે.

## (૩૨) ફલપદ્ધતિ :-

વેદાંતદેશિક પાદુકાસહસ્ર દ્વારા સ્તુતિ કરીને પોતાના જન્મની સાર્થકતાનો અનુભવ કરે છે. સ્તોત્રસર્જન દ્વારા કવિ સર્વ મનોરથોની પૂર્તિનો આનંદ વ્યક્ત કરે છે. કવિ કહે છે કે ગુણગ્રાહી ભક્તો મારી સ્તુતિ પસંદ કરે, એ મને ખૂબ રુચે છે. કવિ અંતે પોતાના સ્તોત્રના ગુણોનો પણ નિર્દેશ કરે છે. પાદુકાસહસ્રની ફલપદ્ધતિમાં કવિ પોતાની પામરતાનો એકરાર કરતાં જણાવે છે કે વાણી અને મનથી અગોચર એવી પાદુકાના મહિમાનું ગાન કરતો પોતે તો મંદબુદ્ધિ બાળક તુલ્ય છે.

વેંકટનાથ વેદાંતદેશિક રામાનુજીય વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્ય - કવિ છે. તેથી પાદુકાસહસ્રની રચનામાં તેમનો પ્રધાન ઉદ્દેશ વિશિષ્ટાદ્વૈતી દાર્શનિક વિચારો અને વૈષ્ણવી પ્રપત્તિપ્રધાન ભક્તિના નિરૂપણનો છે. લક્ષ્મી-વિષ્ણુના અભિન્ન-દાંપત્યનું પ્રતિપાદન અને તેમના મહિમાનું ગાન કવિને અભીષ્ટ છે. 'પાદુકાસહસ્ર'માં ચિત્રકુટ નામક સ્થળે રામે-ભરતને અર્પણ કરેલ બે પાદુકાઓ કેન્દ્રમાં છે. અહીં પાદુકા અને ભગવાન રંગનાથ (રામ) અનુક્રમે લક્ષ્મી અને વિષ્ણુનાં પ્રતિરૂપ છે. પાદુકાના સોંદર્યનું વર્ણન કવિએ સુંદર રીતે કર્યું છે.

## ૭. વેંકટાધ્વરી (૧૫૯૦ થી ૧૬૬૦)

દક્ષિણભારત વૈષ્ણવ અને શૈવ સંત વિદ્વાનોની ભૂમિ છે. તેમાં કવિ વેંકટાધ્વરી રામાનુજીય વિશિષ્ટાદ્વૈત સંપ્રદાય સાથે સંકળાયેલ છે. ખાસ કરીને કુલશેખર, યામુનાચાર્ય, રામાનુજાચાર્ય, શ્રીવત્સાંકમિશ્ર, પરાશરભટ્ટ અને વેદાંતદેશિકનાં સ્તોત્રોમાંથી પ્રેરણા પ્રાપ્ત કરી તેમણે સ્તોત્રોની રચના કરી છે.

દાક્ષિણાત્ય 'વેંકટ' નામક અનેક ગ્રંથકારોમાં 'લક્ષ્મીસહસ્ર'ના કવિ પ્રાયઃ 'વેંકટાધ્વરી' નામે ઓળખાય છે. તેમની કૃતિઓના પ્રારંભ-અંતમાં તેઓ પોતાનાં વંશ-માતા-પિતા ઈત્યાદિના ઉલ્લેખપૂર્વક પોતાના નામનો નિર્દેશ કરે છે. તેથી તેઓ અન્ય વેંકટનામધારી કવિઓથી અલગ ઓળખાણ આપે છે. તેમનું વાસ્તવિક નામ 'વેંકટ' છે.[૯૨] પરંતુ તે અત્રિ ગોત્રના યાજ્ઞિક બ્રાહ્મણ હોવાના કારણે તેમના નામની પાછળ 'અધ્વરિન્' શબ્દ જોડાયો છે.[૯૩] યાજ્ઞિક અર્થસૂચક 'યજવન્', મખિન તેમજ આર્ય, આચાર્ય, દીક્ષિત જેવા વિશેષતાસૂચક શબ્દો પણ તેમના નામ પાછળ જોડાયેલ છે.

કવિ વેંકટાધ્વરી આત્રેયવંશી છે. 'બ્રહ્મસૂત્ર' પરના 'શ્રીભાષ્ય' ના કર્તા આચાર્ય રામાનુજ (ઈ.સ. ૧૦૧૭-૧૧૩૭) ના પ્રખ્યાત શિષ્ય આત્રેયગોત્રીય પ્રણતાર્તિહરાચાર્યને કવિ વંશના આદિ પ્રર્વતક માને છે. આ જ આત્રેય વંશમાં શ્રીનિવાસાધ્વરીના પુત્ર રઘુનાથદેશિક ઉત્પન્ન થયા. રઘુનાથના પુત્ર તરીકે કવિ પોતાને ઓળખાવે છે.[૯૪]

આ વંશના કાંચી - નિવાસી વાદિહંસ-જલદાચાર્યનું મૂળ નામ આત્રેય રામાનુજ (ઇ.સ. ૧૨૨૧-૧૨૯૫) છે. તેઓ વેંકટનાથ વેદાંતદેશિક (ઇ.સ. ૧૨૬૮-૧૩૬૭) ના ગુરુ અને વિશિષ્ટાદ્વૈતીવાદી રામાનુજાચાર્ય (ઇ.સ. ૧૦૧૭-૧૧૩૭) ના ચતુર્થ વંશજ છે.[૯૫] તેમની બહેન તોતારમ્બાનાં લગ્ન અનંતસૂરિ સાથે થયેલાં. તોતારમ્બાના પુત્ર તે વેંકટનાથ વેદાંતદેશિક. કવિના સુપ્રસિદ્ધ સ્તોત્ર 'લક્ષ્મીસહસ્ર'નાં સમાપ્તિ વચનો આ પ્રમાણે છે. ''કાંચીનગરીના નાયક તાતાચાર્યના ભાગિનેય (ભાણેજ) વાજપેયસર્વપૃષ્ઠાદિયજ્ઞકર્તા અને આત્રેય વંશના ભૂષણરૂપ અપ્પયાચાર્યના પુત્ર શ્લેષ-યમક-ચક્રવર્તી - કવિ રઘુનાથાધ્વરીના પુત્ર વેંકટાચાર્ય દ્વારા વિરચિત શ્રીમત્ લક્ષ્મીસહસ્ર''[૯૬]

કવિના પિતાનું નામ રઘુનાથ (રઘુનાથાચાર્ય, રઘુનાથદીક્ષિત, રઘુનાથાર્યયજવન્ કે રઘુનાથદેશિક) છે. વેંકટાધ્વરીની માતાનું નામ સીતામ્બા છે. કવિ સ્વયં પોતાના ગ્રંન્થનાં સમાપ્તિવચનોમાં તે પ્રમાણે જણાવે છે.

કવિનું જન્મ સ્થાન અરશાણિપાલૈ તરીકે ઓળખાય છે. કેમકે તેમનો જન્મ દક્ષિણ ભારતના કાંચી (કોજીવરમ્)થી આઠ માઈલ દૂર, બાહા અને ક્ષીર નદીના કિનારે આવેલ અર્શનપલ્લી (અરશાણિપાલ) નામક અગ્રહારમાં થયો હતો. કવિનું જન્મસ્થાન અરશાણિપાલ હતું, પણ તેઓ ઘણાં વર્ષ કાંચીમાં નિવાસ કરીને રહ્યા હતા. પોતાની કેટલીક કૃતિઓના ઉપસંહારમાં કવિ પોતાને કાંચીનિવાસી બતાવે છે.[૯૭]

વિભિન્ન વિદ્વાનોએ પોતાના ગ્રંથોમાં વેંકટાધ્વરીના અલ્પ પરિચય સાથે તેમના સમયની અછડતી નોંધ કરી છે. તદાનુસાર કવિનો જીવનકાળ સામાન્યતઃ ૧૬મી સદીના અંતભાગથી ૧૭મી સદીના મધ્યભાગ સુધીનો અંકિત થયો છેઃ

(૧) વી. વરદાચાર્ય - ઈ.સ. ૧૬૫૦ લગભગ

(૨) એમ. કૃષ્ણમાચારિયર - ૧૭મી સદીના મધ્યભાગથી પાછળ

(૩) એસ. કે. ડે - ૧૭મી સદીનો પૂર્વાર્ધ

(૪) ઈ. વી. વીર રાઘવાચાર્ય - ૧૭મી સદીનો પૂર્વાર્ધ

(૫) કે શ્રી નિવાસાચારી - ૧૭મી સદીનો મધ્યભાગ

(૬) કૃષ્ણચૈતન્ય - ૧૬મી સદીનો ઉત્તરાર્ધ[૯૮]

આમ કવિનો સમય ૧૬મી સદીના અંતભાગથી ૧૭મી સદીના મધ્યભાગ સુધીનો એટલે કે લગભગ ઈ.સ. ૧૫૯૦ થી ૧૬૬૦ નિશ્ચિત થાય છે.

## વેંકટાધ્વરી અનેક કૃતિઓના કર્તા :-

કવિ વેંકટાધ્વરી વિભિન્ન વિષયક અસંખ્ય કૃતિઓના રચયિતા કહેવાય છે. તેમનાં વંશજો કવિ-કૃતિઓની સંખ્યા ૧૦૮ની માને છે. એમાંની ઘણીખરી કૃતિઓ આજે અનુપલબ્ધ છે. એટલું જ નહિ, કેટલીક કૃતિઓનાં નામ પણ અજ્ઞાત છે. કવિ દ્વારા નિર્મિત બહુ-વિષયક કૃતિઓના સંકેત તેમના ગ્રન્થોમાં દષ્ટિ-ગોચર થાય છે.

વિદ્વાનોના ઉલ્લેખો, હસ્તલિખિત - ગ્રંથ - સૂચિઓ તેમજ પ્રકાશિત કૃતિઓના આધારે કહી શકાય કે વેંકટાધ્વરીના નામે કુલ-૨૬ જેટલી કૃતિઓનાં નામ પ્રકાશમાં આવ્યાં છે.[૯૯] તે કૃતિઓનું વિષયાનુસારી વર્ગીકરણ આ પ્રમાણે છે.

### (૧) સ્તોત્ર કાવ્યો :-

૧. લક્ષ્મીસહસ્ર　　૨. શ્રવણાનંદ

૩. શ્રીનિવાસસહસ્ર　　૪. આચાર્ય-પંચાશત્

### (૨) સુભાષિત કાવ્ય :-

સુભાષિતકૌસ્તુભ

### (૩) વિલોમકાવ્ય :-

૧. રાઘવ - યાદવીય (કવિની ટીકા સહિત)

### (૪) ચમ્પૂ કાવ્ય :-

(૧) વિશ્વગુણાદર્શ (૨) વરદાભ્યુદય (હસ્તગિરિ) (૩.) ઉત્તરરામચરિત (૪) શ્રીનિવાસવિલાસ

### (૫) નાટ્યકૃતિઓ :-

૧. પદ્યુમ્નાનંદ (નાટક)　　૨. સુભદ્રાપરિણય (નાટક)

૩. કાંચી - (ભાણ)

૪. શૃંગાર - દીપિકા

૫. મુકુન્દવિલાસ

૬. યથોક્તકારિભાણ

## (૬) મીમાંસા :-

૧. વિધિત્રય - પરિત્રાણ

૨. મીમાંસામકરન્દ

૩. ન્યાયપદ્મ

## (૭) વૈષ્ણવધર્મશાસ્ત્ર :

૧. યતિપ્રતિવંદનખંડન

## (૮) અનુવાદ :-

૧. તિરુવાયમોલિનો - સંસ્કૃતમાં અનુવાદ

## (૯) વ્યાકરણ :-

૧. મહાભાષ્યસ્ફૂર્તિ

૨. યઙ્લુકપ્રકાશિકા

૩. વ્યુત્પતિસુબોધ

## (૧૦) તર્કશાસ્ત્ર

૧. મણિસાર - ખંડન

## (૧૧) ટીકા

રામાયણ વ્યાખ્યા - વાલ્મીકિ હૃદય

# વેંકટાધ્વરીના સ્તોત્ર કાવ્યોનો પરિચય

(૧) લક્ષ્મીસહસ્ર સ્તોત્ર

સંસ્કૃત સાહિત્યમાં બૃહત્તમ સ્તોત્રકાવ્યમાં અગ્રસ્થાને વિરાજતા 'લક્ષ્મીસહસ્ર' દ્વારા કવિ વેંકટાધ્વરીએ કુલ ૨૫ સ્તબકોમાં ગ્રથિત ૧૦૧૮ શ્લોકપુષ્પોની વિષ્ણુ પત્ની ભગવતી લક્ષ્મીની સ્તુતિમાળા રચી છે. દક્ષિણના તિરુપતિના શેષાચલ ઉપર વિરાજમાન ભગવાન વેંકટેશ (વિષ્ણુ)ની પ્રિયા લક્ષ્મીને કેન્દ્રમાં રાખી પ્રસ્તુત સ્તોત્રનું સર્જન કર્યું છે.

૨૫ સ્તબકોનાં નામ આ પ્રમાણે છે.

(૧) પ્રારંભસ્તબક (૨૯ શ્લોક)

(૨) પ્રાદુર્ભાવસ્તબક (૨૩ શ્લોક)

(૩) વક્ષઃ સ્થલાવસ્થાનસ્તબક (૨૬ શ્લોક)

(૪) કારુણ્યસ્તબક (૨૩ શ્લોક)

(૫) કટાક્ષસ્તબક (૬૪ શ્લોક)

(૬) પ્રયત્નસ્તબક (૩૯ શ્લોક)

(૭) મંગલસ્તબક (૧૩ શ્લોક)

(૮) સૌંદર્યસ્તબક (૨૩૫ શ્લોક)

(૯) શૃંગારસ્તબક (૫૦ શ્લોક)

(૧૦) ઐશ્વર્યસ્તબક (૧૯ શ્લોક)

(૧૧) ક્ષાન્તિસ્તબક (૩૦ શ્લોક)

(૧૨) ઉત્સવસ્તબક (૫૦ શ્લોક)

(૧૩) ઔદાર્યસ્તબક (૨૦ શ્લોક)

(૧૪) યમકસ્તબક (૬૧ શ્લોક)

(૧૫) નક્ષત્રસ્તબક (૨૭ શ્લોક)

(૧૬) વિચિત્રસ્તબક (૧૧ શ્લોક)

(૧૭) નામવૈભવસ્તબક (૪૨ શ્લોક)

(૧૮) સ્થલવૈભવસ્તબક (૪૦ શ્લોક)

(૧૯) અભીતિસ્તબક (૩૦ શ્લોક)

(૨૦) પરિસંખ્યાસ્તબક (૩૦ શ્લોક)

(૨૧) દશાવતારસ્તબક (૩૬ શ્લોક)

(૨૨) ચિત્રસ્તબક (૫૫ શ્લોક)

(૨૩) સંકીર્ણસ્તબક (૩૦ શ્લોક)

(૨૪) નિર્વેદસ્તબક (૧૨ શ્લોક)

(૨૫) ફલસ્તબક (૧૮ શ્લોક)

## (૧) પ્રારંભસ્તબક :-

ભગવાન વેંકટબ્રહ્મને નમસ્કારપૂર્વક મંગલાચરણ કરી કાવ્યના આરંભે કવિ ક્રમશઃ દેવી લક્ષ્મી, ગુરુવર્ગ, વાલ્મીકિની અમૃત ઝરતી વાણી, 'વિષ્ણુપુરાણ'ના રચયિતા પરાશર મુનિ અને પોતાની વેદાંતવિદ્યાના ગુરુ વેંકટનાથ દેશક મણિ (વેદાંતદેશિક) ને વંદે છે. દેવી લક્ષ્મીની સ્તુતિ કરવાને પ્રવૃત્ત થયેલ કવિ પોતાને માણેકસમૂહના બજારમાં ચણોઠી વેચનાર જેવો માની પોતાની નમ્રતા પ્રગટ કરે છે.

કવિઓના સ્તોત્રોના મધુરરસના આસ્વાદથી આવેલી ભગવતીની શ્રવણજડતાને પરિહરવા અમ્લરસનો આસ્વાદ પણ જરૂરી છે. એ ન્યાયે કવિ પોતાની કટુ-અમ્લવાણી દેવી સમક્ષ પ્રગટ કરે છે. પોતાના ગુરુ વેદાંતદેશિકના 'પાદુકાસહસ્ર' ની જેમ પોતાના મુખમાં સહસ્રપદ્મ અંકુરિત કરવાને લક્ષ્મીની કૃપાદષ્ટિની યાચના રાખતો કવિ પોતાનું આસ્વાદ્ય, ગુણાલંકારયુક્ત અને સહસ્રશ્લોકી કાવ્યપદ્મ કવિઓના અવલોકનથી ખીલી ઊઠે એવી કામના સેવે છે.

## (૨) પ્રાદુર્ભાવસ્તબક :-

લક્ષ્મીના ઉદ્ભવ-સ્થાન ક્ષીરસાગરને વંદન કરી કવિ લક્ષ્મીની ઉત્પત્તિ વર્ણવે છે. લક્ષ્મીના પ્રાદુર્ભાવમાં ચતુર્મુખાદિ શિશુઓના પોષણનો હેતુ છે. ક્ષીરસાગરમાંથી ઉત્પન્ન કૌસ્તુભમણિ અને ચન્દ્ર બંને લક્ષ્મી સાથેના ઉદયના કારણે જ અનુક્રમે વક્ષઃસ્થળ અને શિવ-મસ્તકના અધિકારી બને છે. એવું લક્ષ્મી માહાત્મ્ય વર્ણવી કવિ શ્લેષથી ભગવતી લક્ષ્મીનું ચંદ્રમૂર્તિ સાથે સામ્ય બતાવે છે. કવિ સર્વ રત્નોમાંથી લક્ષ્મીની પ્રધાનતા સિદ્ધ કરે છે. 'सहोदराः सोदरश्रियं वहन्ति' એ ન્યાયે સર્વે સમુદ્રીય રત્નોની શોભા લક્ષ્મીના અંગોમાં નિવાસ કરે છે.

લક્ષ્મીના જન્મનું આવું કલ્પનાવૈભવપૂર્ણ વર્ણન આપીને કવિ પ્રાદુર્ભૂત લક્ષ્મીનું ધ્યાન ધરે છે, સ્મરે છે અને તેના ઈષ્ટદાયી કટાક્ષોની યાચના કરીને લક્ષ્મીના નારાયણ સાથેના વિવાહનો પ્રસંગ વર્ણવે છે.

### (૩) વક્ષઃ સ્થલાવસ્થાનસ્તબક :-

ભગવાન વેંકટાચલપતિના વક્ષઃ સ્થલ પર વિરાજમાન લક્ષ્મીના વર્ણન આરંભે અનન્યશરણ કવિ દેવીની શરણાગતિ સ્વીકારે છે. પાપીજનો પ્રત્યે હરિના દિલમાં ક્રોધ ન જન્મે એવા ઉદાત્ત આશયથી લક્ષ્મી હરિના હૃદયમાં વસે છે. હરિના વક્ષઃસ્થળ પર લક્ષ્મી નિવાસનાં એવાં કાવ્યત્મક કારણો આપી કવિ લક્ષ્મીને કામધેનું સિદ્ધ કરે છે.

### (૪) કારુણ્યસ્તબક :-

ભગવતીનું નિઃસીમ કારુણ્ય બતાવવાના આરંભે કવિ ધ્યાનમૂર્તિસાગરસુતાને વંદન કરી તેના આવિર્ભાવનું કારણ આપતાં કહે છે તે રાવણાદિ શત્રુઓથી પીડિત જગતને જીવાડવા જ તે જનકયજ્ઞમાં ઉત્પન્ન થઈ. 'કરુણા' દેવી રાવણનાશક બની 'કરુણા' સાબિત થઈ. એમ વ્યાજસ્તુતિપૂર્વક કવિ દેવીને દુર્જન - સંહારક અને સજ્જન-રક્ષક રૂપે સ્થાપે છે. આવા ઉલ્લેખોથી કવિ દેવીનું શરણાગત પ્રત્યેનું કારુણ્ય વર્ણવે છે. કવિ દેવીને નૈસર્ગિક દયાળુ સિદ્ધ કરે છે. સંસાર-સાગરમાં ભમતો અનાથ ભક્ત-કવિ ભગવતી લક્ષ્મીની સ્થિર દયારૂપી નાવનું અવલંબન સ્વીકારી નિશ્ચિંત બને છે.

### (૫) કટાક્ષસ્તબક :-

લક્ષ્મીનો કટાક્ષમહિમા વર્ણવતો કવિ લક્ષ્મીનું કટાક્ષ-કલ્પવૃક્ષ પોતાની આંકાક્ષાઓ પૂર્ણ કરે એવા મંગલાચરણ સાથે દેવીનો કટાક્ષપાત્ર વ્યક્તિ શિવ, બ્રહ્મા, વિષ્ણુ કે ભૂપતિ બને છે અને કટાક્ષરહિત અકિંચન બને છે, એવો મહિમા ગાય છે. કવિ દેવીના શીતળ કટાક્ષોની યાચના કરે છે. કટાક્ષપાતનાં ઉત્તમ ફળ પ્રાપ્ત કરનાર ભક્તકવિની નજરે દેવીના કટાક્ષો દીનતાના પિશાચ માટે વેત્રયષ્ટિરૂપ, ભક્તિલતા માટે અમૃતવર્ષી મેઘ અને અજ્ઞાનને વિદારવામાં ચંદ્રકિરણ-સ્વરૂપ છે. કટાક્ષપાતથી વિવિધ ફળ પ્રદાન કરતી ભગવતીને છોડીને અન્યની ઉપાસના કરવી એ તો સુરભિત-સ્વાદુ જળયુક્ત સરોવર છોડી મૃગતૃષ્ણિકાના આશ્રય જેવું છે. એમ માની કવિ દેવીના કટાક્ષોને શરણે જઈ રક્ષણ યાચે છે.

### (૬) પ્રયત્નસ્તબક :-

આ સ્તબકમાં વિષ્ણુના રામાવતારનું કાર્યવર્ણન રામાયણી કથાને આધારે કરીને કવિ રામના સર્વ પ્રયત્નોનો આશ્રય સીતા (લક્ષ્મી)ની પ્રાપ્તિ માટેનો જ હતો એવું પ્રતિપાદિત કરે છે. વિષ્ણુના રામાવતારના કાર્યના આરંભમાં કવિ અહલ્યા-ઉદ્ધારના કાર્યનું યુક્તિપૂર્વકનું કારણ આપતાં જણાવે છે કે 'नाऽदत्तमुपतिष्ठते' એ ન્યાયે વૈદેહીની પ્રાપ્તિ માટે રામે અહલ્યાનો ઉદ્ધાર કરી ગૌતમને કન્યાદાન કર્યું. આ ઉપરાંત શિવધનુષ્યભંગ, જટાયુ ઉદ્ધાર, સુગ્રીવની મિત્રતા, વાલીવધ, રાક્ષસોનો સંહાર, રાવણવધ વગેરે રામનાં પ્રસિદ્ધ કાર્યોની કવિએ આલોચના કરી છે. અંતે કવિ લક્ષ્મીનો મહિમા ગાતાં કહે છે કે દેવીના અપત્યરૂપ જગતની રક્ષા અર્થે જ ભગવાને દશાવતાર ધારણ કર્યા.

## (૭) મંગલસ્તબક :-

આ સ્તબકમાં કવિ દેવી લક્ષ્મીની મંગળતાનું નિરૂપણ કરે છે. મંગળોના પણ મંગળ સમી તેને કવિ વંદે છે. લક્ષ્મી તો સર્વત્ર મંગળ વિસ્તારનારી છે તેથી તેના નામના વર્ણ-લેશ પણ મંગળતાને પામે છે. કવિ આ માટે 'દુર્વાદિ'નું ઉદાહરણ આપે છે. 'રમા'ના નામનો રેફ 'દુર્વા'માં છે. પરિણામે દુર્વાઘાસ પણ મંગલકારી મનાય છે. એનું 'શ્રી' નામ પણ દોષનિવારણ માટે સમર્થ છે. તેથી જ કવિજનો પોતાના કાવ્યના આરંભે ગણ અને વર્ણોના દોષ પરિહાર માટે 'શ્રી' શબ્દ પ્રયોજે છે. પાર્વતી પણ વિશ્વમાં 'સર્વમંગલા' તરીકે પ્રસિદ્ધ થઈ. તેના કારણમાં કવિ લક્ષ્મીના ચરણ-કમળનું માંગલ્ય બતાવે છે. 'વિષ્ણુપુરાણ'ની કથાના આધારે કવિ આનું દૃષ્ટાંત આપે છે કે દેવીની પ્રસાદમાળાના તિરસ્કારથી લક્ષ્મીહીન બનેલ ઈન્દ્ર પણ દેવીસ્તુતિ દ્વારા પુનઃ ધનસંપન્ન બને છે. આ જ દેવીની મંગળતાનું પ્રસિદ્ધ દૃષ્ટાંત છે. ક્ષીરસાગરની કન્યા (લક્ષ્મી)નું રૂપ તો મંગળોનું પણ મંગળ કરનાર છે. લક્ષ્મીના શુભ રૂપને જે ઉપાસે છે તે પરલોકમાં પણ દિક્પાલોની સમૃદ્ધિ પ્રાપ્ત કરે છે.

## (૮) સૌંદર્યસ્તબક

સૌન્દર્યની સીમાભૂમિ સમી દેવી લક્ષ્મીની અંગ-ઉપાંગોમાં વિલસતા સૌન્દર્યના આલેખન માટે કવિ આ સ્તબકમાં દેવીનું 'કેશાદિપાદાન્ત' ભવ્ય વર્ણન આપે છે.

- કેશકલાપ-વર્ણન (અઢાર શ્લોક)

કવિ દેવીના કેશકલાપનું મનોહારી વર્ણન આપે છે. લક્ષ્મીનો કેશકલાપ ભ્રમર સમૂહની મૈત્રી કરે છે. દેવી લક્ષ્મીની કેશકલાપાકૃતિ અલકાપુરીની જેમ શોભે છે. કવિ કેશનું વાદળ, શેવાલ, બ્રહ્મા અને આમલકવૃક્ષ સાથેનું સામ્ય વર્ણવે છે.

- વદનવર્ણન (દશ શ્લોક)

દેવીના વદનનું સામ્ય ચંદ્ર પ્રાપ્ત કરી શકતો નથી એવા શ્રુતિ - વર્ણનને આધારે કવિ દેવીના મુખમાં મહાન આદર્શલીલા નિહાળે છે. કવિ મુખ-કમળની પ્રસિદ્ધ ઉપમાનું ખંડન કરે છે. ચંદ્ર અને કમળ કરતાં પણ દેવીનું મુખ અધિક સુંદર છે. કેમકે ચંદ્ર સાગરમાંથી બે રીતે જન્મ્યો : સ્વ આકારસ્વરૂપ અને દેવીના વદન સ્વરૂપ!

- ભમર વર્ણન :- કવિની નજરે ભગવતી લક્ષ્મીની બે ભમરો સેતુ સ્વરૂપ છે. સ્વભાવ વૈરીઓની જન્માન્તરે પણ મૈત્રી ન થાય, એ હેતુ સિદ્ધ કરવા દેવીના નેત્રરૂપે અને મુખરૂપે જન્મેલા કમળ અને ચંદ્રની વચ્ચે બે ભમર સેતુ બનીને વસે છે. લક્ષ્મીના કર્ણાન્ત સુધી વ્યાપ્ત નયન-યુગલ સંપૂર્ણ મુખને આચ્છાદિત ન કરી બેસે માટે નયન પ્રદેશની સીમાઓ નિશ્ચિત કરવા બ્રહ્માએ જાણે તેમના ઉપર શિલાઓરૂપી ભમરો મુકી અંતમાં કવિ ભમરોનું વક્રત્વ અને હરિને વશ કરવાનું તેમનું સામર્થ્ય પ્રતિપાદિત કરે છે.

- નયનવર્ણન (દશ શ્લોક)

કવિની દૃષ્ટિ હવે દેવીનાં નયનો ભણી જાય છે. કવિએ નયનોનું ઉત્પ્રેક્ષાથી સુંદર વર્ણન કર્યું છે. દેવીના નયનથી જીતાયેલ હરણ ચંદ્ર પાસે, ચંદ્ર પણ જીતાતાં શિવ પાસે અને શિવ પણ દેવીના મુખ અને નેત્રના શતસ્વરૂપ ચંદ્ર અને હરણને મસ્તક અને હાથ પર ધારણ કરી ભિક્ષાટન કરી રહ્યા છે. આ કલ્પના કેટલી મનોહર છે!

- કર્ણાલંકાર વર્ણન (છ શ્લોક)

માતા લક્ષ્મીનો કર્ણાલંકાર 'તાટંક' ભયહારક છે. કવિને કર્ણાભૂષણ સૂર્યસમાન પ્રતીત થાય છે.

- કર્ણવર્ણન (છ શ્લોક)

કવિ લક્ષ્મીના જમણા કર્ણને વેદ તુલ્ય બતાવી ડાબા કર્ણને હરિને વશ કરનાર માને છે. કર્ણાભૂષણ 'તાટંક' તો કવિને મુનિસ્વરૂપ પ્રતીત થાય છે.

- નાસિકાવર્ણન (નવ શ્લોક)

કવિની નજરે માતા લક્ષ્મીની નાસિકા તિલ-તુલ્ય છે અને તેના ઉપરનું મોતી હિમ-બિંદુ છે. વળી નાસિકામાં કવિ વંશલતાનું દર્શન કરે છે. નાસિકા મુખસાગરમાં વિચિત્ર રીતિવાળો સેતુ છે. લક્ષ્મીનું મુખ ચંદ્ર છે, અધરોષ્ઠ સંધ્યા છે. નાસિકાનું લટકતું મુક્તાફળ નક્ષત્રની શોભા પામે છે.

- હાસ્યવર્ણન (પાંચ શ્લોક)

માતા લક્ષ્મીની સ્મિત ચંદ્રિકા પોતાના સંતાપ નિવારણાર્થ બને એવી કામના સાથે કવિ સ્મિતને હરિની કીર્તિ-ક્રાન્તિ અથવા દેવીના જિહ્વાગ્રે વસતી સરસ્વતીના દેહનો કિરણ સમૂહ માને છે.

- દેવીની વાણીનું વર્ણન (અગિયાર શ્લોક)

માતા લક્ષ્મીની વાણી દ્રાક્ષ, મકરન્દરસ, પીયૂષ અને કંદલીફળથી પણ મધુર છે. અમૃત કરતાં પણ વાણીની અધિક મધુરતાનું પ્રતિપાદન કરી કવિ લક્ષ્મીને માધવી-લતા સમી બતાવે છે. તેનો મકરન્દ દેવીનાં સ્વાદુ સુભાષિતો છે. સુધા-સાગરની પુત્રી, ચંદ્રની ભગિની અને મધુરાધિપની પ્રિયા લક્ષ્મીની વાણી કંદબફળને પરાસ્ત કેમ ન કરે!

- દંત-વર્ણન (પાંચ શ્લોક)

લક્ષ્મીના અત્યંત શુભ દંતને કવિ મૌક્તિક અને જિહ્વાગ્રે વિરાજમાન સરસ્વતીની મંદારપુષ્પ-માળા માને છે. તેનાં દંત કુંદ, નક્ષત્ર અને મૌક્તિક તુલ્ય છે. તેનાં દાડમકળી - શા દંતને વર્ણવવા કવિ મનોહર કલ્પના કરે છે.

- જિહ્વાવર્ણન (ચાર શ્લોક)

દેવીની જિહ્વા અધિક રક્તિમ છે. તેનાં કારણ કવિ શોધી કાઢે છે. સરસ્વતી દેવીના નિત્ય-નૃત્યના પ્રહારથી અને અપરાધી જનો પ્રત્યે ક્રોધાયમાન શ્રીહરિનો ક્રોધ શાંત કરવા માટે વારંવાર ઉચ્ચારણ શ્રમથી તે જિહ્વા રક્તવર્ણી બની છે.

- ઓષ્ઠવર્ણન (આઠ શ્લોક)

લક્ષ્મીના અધરોષ્ઠમાં કવિને મુખપદ્મનો પ્રકાશ અને અરુણોદય દેખાય છે. તેનું 'વચન' શુક દ્વારા અને 'અધર' પલાસકુસુમ દ્વારા આદરણીય છે. ઓષ્ઠમાં બંધુજીવ - કુસુમ અને બિંબફળથી પણ અકદેરું આરુણ્ય વર્ણવી કવિ વિરોધલક્ષણા દ્વારા તેમાં અમૃતથી પણ અધિક માધુર્ય બતાવે છે.

- કપોલવર્ણન (બે શ્લોક)

કવિએ લક્ષ્મીના કપોલયુગલનું સુંદર વર્ણન કર્યું છે.

- કંઠવર્ણન (ત્રણ શ્લોક)

લક્ષ્મીનો કંઠ શંખતુલ્ય છે. રતિ સમયે તે ગ્રીવા કૂંજન કરે છે.

- કુચવર્ણન (ત્રેવીસ શ્લોક)

ભગવતી લક્ષ્મીના વક્ષ:સ્થળે વિરાજમાન સ્તનદ્વયને પયોજ (કમળ) અમૃત કળશ અને કંદુક સમાન વર્ણવે છે.

- લક્ષ્મીના હારનું વર્ણન (ચાર શ્લોક)

શિવના મસ્તકની જેમ હારરૂપી મંદાકિની દેવીના સ્તનપર્વત પર ઓળોટે છે.

- હસ્તવર્ણન (ચૌદ શ્લોક)
- નખવર્ણન (ચાર શ્લોક)
- કરકમળવર્ણન (એક શ્લોક)
- રોમાવલીવર્ણન (પંદર શ્લોક)
- ત્રિવલીવર્ણન (ચાર શ્લોક)
- નાભિવર્ણન (ત્રણ શ્લોક)
- કાંચીવર્ણન (આઠ શ્લોક)
- વસ્ત્રાવૃતકટિભાગવર્ણન (બાર શ્લોક)
- નિતંબ, જઘન અને મદન મંદિર વર્ણન (ત્રણ શ્લોક)

- ઊરુવર્ણન (નવ શ્લોક)
- ચરણવર્ણન (ઓગણત્રીસ શ્લોક)

## (૯) શ્રૃંગારસ્તબક

હરિને મન રમા શૃંગાર - રસનું સર્વસ્વ છે. વિલાસ-ચેષ્ટાઓમાં નિત્યનવીન છે. શ્રીહરિ અને રમાની વિવિધ વિલાસક્રીડાના ક્રમિક આરંભે કવિ શૃંગારના માન, સ્તંભ ઈત્યાદિ સાત્ત્વિક ભાવોનું આલેખન કરે છે. આલિંગન બધ્ધ દેવીના કંઠમાંથી સુંદર શબ્દો નીકળે છે. એના વર્ણનમાં કવિ વ્યાકરણસૂત્રોની વાતો કરે છે. રતિક્રીડા પછી શ્રીહરિ અને લક્ષ્મી જલક્રીડા કરે છે તેનું વર્ણન તથા વનક્રીડાનું વર્ણન કવિએ સુંદર રીતે કર્યું છે. માતા લક્ષ્મીના વિવિધ વિલાસોની સ્તુતિ કરવા કોઇ સમર્થ નથી. એવા વિનય સાથે કવિ આ સ્તબક પૂર્ણ કરે છે.

## (૧૦) ઐશ્વર્યસ્તબક :

આ સ્તબકમાં વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ કવિ વેંકટાધ્વરી વેદ, ઉપનિષદો, ઈતિહાસ, પુરાણ તેમજ અન્ય ગ્રન્થોમાં પ્રતિપાદિત દેવીના ઐશ્વર્યનું નિરૂપણ કરે છે. બ્રહ્મવાદીઓ દેવીને વિશ્વંભર સમાન ઐશ્વર્યસંપન્ન અને વિશ્વજનની માને છે. દેવી અને મુરારિનું જગતનેતૃત્વ સમાન છે. કવિ સ્વીકારે છે કે લક્ષ્મીનું ઐશ્વર્ય પોતે વર્ણવ્યું નથી. પણ તે વેદમાં વર્ણિત છે. વેદના 'શ્રીસૂક્ત' થી માનવો દેવીના અવર્ણનીય ઐશ્વર્યને જાણે છે. લક્ષ્મી અને નારાયણનું દાંપત્ય અવિભાજ્ય છે. લક્ષ્મીનો ભગવાન સાથે નિત્ય સંબંધ છે. લક્ષ્મી તો સ્વેચ્છાએ વિવિધ સ્વરૂપો ધારણ કરનારી લોકેશ્વરી છે.

## (૧૧) ક્ષાન્તિસ્તબક

કવિ પોતાને મહા-અપરાધી સમજી ભગવતીના ક્ષમાશીલ સ્વભાવનું આલેખન કરે છે. દેવી તો કવિને મન મૂર્તિમંત ક્ષમા છે. પાપીઓ માટે ક્ષમાભૂમિ છે. પોતાના અપરાધોની ક્ષમાપ્રાર્થના કરી કવિ લક્ષ્મીને આત્મસમર્પણ કરે છે. અપરાધ-સાગર કવિને ક્ષમા આપવા એક માત્ર ભગવતી જ સમર્થ છે. કેમકે ક્ષમા એની સખી હોઈ તે ક્ષમાધર છે. ક્ષમા, કરુણા અને વિદ્યાના ગુણોવાળી દેવીના આશ્રયથી મનુષ્ય ઐહિક સંપત્તિ પામી ઈન્દ્રની સમૃદ્ધિને પણ તુચ્છ માને છે. કવિ પાપ - વ્યસની છે, તો દેવી ક્ષમા-વ્યસની છે. પાપોના વિનાશ માટે તથા યમરાજથી બચાવવા કવિ દેવીને વિનંતી કરે છે.

## (૧૨) ઉત્સવસ્તબક

આ સ્તબકમાં કવિ શેષાચલ પર વિરાજમાન મંદિરમાં સ્થિત દેવી લક્ષ્મીના મહોત્સવનું વર્ણન કરે છે.

લક્ષ્મીમહોત્સવના ફળનું પ્રતિપાદન કરતાં કવિ કહે છે કે ઉત્સવમાં દેવીની પૂજા કરનાર યમ-ભયથી મુક્ત બને છે, ઉત્સવદર્શન કરનાર પાપમુક્ત બને છે અને સ્તુતિ કરનાર શત્રુ રહિત અને સંપત્તિયુક્ત બને છે. કવિની

દૃષ્ટિએ દેવીના ઉત્સવને ન નિહાળનારનાં નેત્ર વ્યર્થ છે. 'મહોત્સવ'નું વર્ણન કરવા માટે અમારા જેવા કવિઓ કેવી રીતે સમર્થ થાય એવી નમ્રતા સાથે કવિ આ સ્તબક પૂર્ણ કરે છે.

## (૧૩) ઔદાર્યસ્તબક :-

માતા લક્ષ્મીના ઔદાર્યવર્ણનના આરંભે કવિ પોતાની અસમર્થતા અને પામરતાનું નિવેદન કરે છે. કવિની દૃષ્ટિએ કલ્પવૃક્ષ તો પંચત્વ (મૃત્યુ, પાંચની સંખ્યા) ને પામેલું છે. તેથી દેવીની ઉદારતા જ આશ્રિતોને માટે સર્વફળદાયક છે. કલ્પવૃક્ષ અને કામધેનુની ઉદારતા લક્ષ્મી સાથે જન્મ લેવાને કારણે છે. નૃસિંહ કરતાં પણ દેવી અધિક ઉદાર છે. કવિને સર્વ-ઈષ્ટપ્રદા દેવી સિવાય અન્યત્ર ઔદાર્યગુણ દેખાતો નથી. કવિ કુનૃપતિઓની સ્તુતિ અને સેવા છોડી એક માત્ર લક્ષ્મીની સેવા - સ્તુતિ માટે ઝંખે છે અને તેનું શરણ સ્વીકારે છે.

## (૧૪) યમક - સ્તબક

લક્ષ્મીને વિભુષિત કરવા કવિ આ સ્તબકમાં યમક-અલંકારનો સહયોગ લે છે. કાવ્યશાસ્ત્રીઓએ આપેલ યમક અલંકારના વિભિન્ન ભેદોના નિરૂપણ સાથે કવિ દેવીનું માહાત્મ્ય વર્ણવી તેના પ્રત્યે પોતાના અંતઃકરણનો નિર્મળ ભક્તિભાવ પ્રદર્શિત કરે છે. પોતાની સ્તુતિના સ્વીકારની વિજ્ઞપ્તિ સાથે કવિ અમંગળ, આપત્તિ, પાપ, વ્યથા વગેરેના નિવારણ માટે દેવી પાસે નમસ્કારપૂર્વક યાચે છે. નૃપને છોડીને એકમાત્ર લક્ષ્મીને શરણે જઈ પ્રણામ કરતા કવિને યમની ચિંતા નથી. પોતાની બુદ્ધિ પાપ-સંયુક્ત ન બને, એવી યાચના સાથે કવિ એક માત્ર માતા લક્ષ્મીને નમસ્કાર કરવાની કામના રાખે છે.

## (૧૫) નક્ષત્રમાલા સ્તબક

આ સ્તબકમાં પ્રત્યેક સ્તુતિપદમાં કવિ યુક્તિપૂર્વક નક્ષત્રનું નામ ગૂંથી 'નક્ષત્રમાલા' રચે છે. ૨૭ નક્ષત્રોથી ગ્રથિત કુલ-૨૭ શ્લોકોની 'નક્ષત્રમાલા' એક વિશિષ્ટ સ્તોત્રપ્રકાર પણ બને છે.

રમાની કટાક્ષ-કૃપાથી વડવા (અશ્વિની) અને હસ્તિયુક્ત સંપત્તિનો ઉદય થાય. કવિ વેંકટપતિ વિષ્ણુના વક્ષઃસ્થળે અલંકારભૂત (આભરણીધૂતાં) ભગવતીનું શરણ સ્વીકારે છે. લક્ષ્મીના પુત્ર ચંદ્રને મસ્તક પર ધારણ કરતા શિવ ઐશ્વર્યદાતા હોવા છતાં મૃગચર્મધારી ભિક્ષુક (कृतिको भिक्षुः) બન્યા. ભગવતીની કટાક્ષપંક્તિ વૈકુંઠની સોપાન પરંપરા ( वासुदेवनिलयाऽधिरोहिणीम्) છે.

આમ વિચિત્ર પદરૂપી મણિખંડોથી ગુંફિત આ 'નક્ષત્રમાલા' ભગવતીના વક્ષઃસ્થળે પ્રકાશી રહે. એવી કામના સાથે કવિ સ્તબક પૂર્ણ કરે છે.

ઉપર્યુક્ત નિરૂપણમાં વેંકટાધ્વરીએ નક્ષત્રનામ છુપાવી પોતાનું શ્લેષ-કૌશલ્ય પ્રગટ કર્યું છે. ૨૭ શ્લોકોમાં કુલ ૨૭ નક્ષત્રોનાં નામ પ્રાપ્ત થાય છે. એ નામ છે - અશ્વિની, ભરણી, કૃતિકા, રોહિણી, મૃગશીર્ષ,

આર્દ્રા, પુનર્વસુ, પુષ્પ, આશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, મૂળ, પૂર્વાષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષક્ (શતતારકા), પૂર્વભાદ્રપદ, ઉત્તરભાદ્રપદ અને રેવતી.

## (૧૬) વિચિત્રસ્તબક

આ સ્તબકમાં કવિ લક્ષ્મીના વિચિત્ર અદ્ભુત ચરિતનું વર્ણન કરે છે. ભગવતી એક રૂપવાળી હોવા છતાં હનુમાનના પુચ્છાગ્નિને તે શીતળ કરે છે. અગ્નિમાં પ્રવેશીને પણ તેમનો દેહ બહાર નીકળ્યો. એ વિચિત્ર છે. પોતાને કષ્ટ આપનાર રાક્ષસીઓને પણ તે હનુમાનના ભક્ષણમાંથી બચાવે છે. તેના કૃપાકટાક્ષથી ઈન્દ્રપુત્ર જયંત રક્ષાય છે. તે સકળલોકની જનની હોવા છતાં કવિને રક્ષે છે. આ બધી બાબતો કવિની દૃષ્ટિએ અસામાન્ય અને વિચિત્ર છે.

## (૧૭) નામવૈભવસ્તબક

દુષ્ટ રાજવીઓના ગુણ-વર્ણનથી ત્રસ્ત કવિ લક્ષ્મીના નામ-સંકીર્તનનો મહિમા ગાય છે. અન્ય કર્મો તેમજ શાસ્ત્રાદિના જ્ઞાનથી વંચિત કવિને મન દેવીનું નામ ઔષધરૂપ છે, અમૃતરૂપ છે. કળિયુગમાં જડબુદ્ધિને માટે પણ તેના નામનો જપ ઈચ્છિત આપનાર બને છે. સામગાન કરતાં પણ દેવીનું નામ ઉત્કૃષ્ટ છે. દેવીના નામમાં કામધેનુ કે કલ્પતરુનું દર્શન કરતાં કવિ નામરૂપી પુષ્પોની સ્તુતિમાળા રચે છે. અન્ય મંત્રો કરતાં દેવીનું નામ જ ઉત્કૃષ્ટ છે. તેનું એક દ્વિ - વર્ણી નામ બ્રાહ્મણ ક્ષત્રિયાદિ ચારેય વર્ણને પવિત્ર કરે છે. અન્યના બહાને ઉચ્ચારેલું તે નામ પણ અનિર્વચનીય સંતોષ આપે છે. હરિના નામથી પણ તેનું નામ શ્રેષ્ઠ છે. જડબુદ્ધિ મનુષ્ય લક્ષ્મીનું નામ છોડી અન્યની ઉપાસના કરે છે. લક્ષ્મીનું એકાક્ષરી નામ પણ મોક્ષ આપવાને સમર્થ છે. તેથી કવિ પ્રાણત્યાગ સમયે પણ પોતાની જિહ્વા 'લક્ષ્મીનારાયણ' નો જપ કરે એવી કામના વ્યક્ત કરે છે.

## (૧૮) સદ્મવૈભવસ્તબક

કમળવનને વંદન કરી લક્ષ્મીના નિવાસ સ્થાન કમળનો વૈભવ કવિ વર્ણવે છે.

ભ્રમર-સમૂહ દેવી લક્ષ્મીના કમળગૃહના દ્વારપાળ છે. દેવીના ગૃહ-કમળ પ્રત્યે પ્રીતિ રાખનાર ઐશ્વર્યસંપન્ન અને દ્વેષ રાખનાર દારિદ્રય સંપન્ન બને છે. વરાહ અવતારમાં પ્રભુએ પૃથ્વીના પંકમાં નિવાસ કર્યો, તેથી પતિધર્મને અનુસરવા લક્ષ્મી પણ જાણે (પંકમાંથી ઉત્પન્ન) પંકજમાં નિવાસ કરે છે. પરમહંસ-યોગી તુલ્ય હંસ-સમૂહ તેના કમળ-સદનને સેવે છે. તેનું કમળ વૈંકુંઠરૂપ છે. કમળસાનિધ્ય સર્વને શુભ ગતિ આપે છે. કમલાસના દેવીની ઉપાસનાથી કમલાસનપદ (બ્રહ્મત્વ)ની પ્રીતિ થાય છે. ચંદ્રોદયથી કમળ બીડાય છે. કારણ કે પોતાના ભાઈ ચંદ્રનું દર્શન સેંકડો વર્ષોથી વિચ્છિન્ન થયું છે, પરિણામે તેનું દર્શન ત્યજવા દેવી તેના ઉદય સમયે જાણે પોતાનું કમળ-ગૃહ બંધ કરી દે છે.

## (૧૯) અભીતિસ્તબક

લક્ષ્મીના અભયદાયી સ્વભાવનું આલેખન કરતાં કવિ ભવરોગ-ભયહારી દેવીને પ્રારંભમાં વંદન કરે છે.

શ્રીહરિએ તો માત્ર પ્રહ્લાદનો ભય દૂર કર્યો, પરંતુ દેવીએ તો સમગ્ર જગતને નિર્ભય કર્યું. ભગવતીને અનુસરનાર શ્રીહરિ ભયભીતને અભીતિ આપે છે. ભયથી અતિ ચંચળ એવી દેવીનો ઉપાસક ભયથી ચંચળ બનતો નથી. એ કવિને મન વિચિત્ર છે. દેવીને નમસ્કાર કરનાર વ્યક્તિ આ લોકમાં રાજ્યાસન અને પરલોકમાં સમૃદ્ધિ પ્રાપ્ત કરે છે. આર્તજનો માટે દેવી ગતિ-સ્વરૂપા છે. સંસારાગ્નિથી સંતપ્ત કવિ લક્ષ્મીના ખોળામાં નિર્ભય બને છે. સાચે જ બળવાનના આશ્રયથી નિર્બળ પણ નિર્ભય થાય છે.

અનેક દુર્ગુણોથી ભયભીત દેવીના આશ્રયે જાય છે, કેમકે અધાર્મિક અને ભયભીતને માટે દેવી તો નરકનો પણ ભય નાશ કરનારી બને છે. હનુમાન અને જયંત-કાકના દૃષ્ટાંતો બતાવે છે કે દેવીના ચરણકમળમાં આશ્રિતને માટે રાક્ષસસમૂહ પણ ભયજનક નથી. મૃત્યુભણી જઈ રહેલ કવિ યમરાજ અને તેમના સેવકોથી ભયભીત થઈ લક્ષ્મી પાસે અભયદાન અને શીતળ કટાક્ષોની યાચના કરે છે અને તેમનું શરણ સ્વીકારે છે.

## (૨૦) પરિસંખ્યાસ્તબક

મીમાંસા દર્શનની 'પરિસંખ્યા' અનુસાર કવિ આ સ્તબકમાં અન્ય દેવતાઓનો પ્રતિષેધ કરી લક્ષ્મીનું માહાત્મ્ય વર્ણવે છે. જેની કૃપા વિના સર્વ દેવો રક્ષણ કરવા અસમર્થ છે. એ દેવીને પ્રારંભમાં કવિ વંદે છે. દેવી દ્વારા અરક્ષિત કે રક્ષિત માનવોને સંતોષ કે વિપત્તિ આપવા કયા દેવ સમર્થ છે, એમ કહી કવિ ક્રમશઃ વિવિધ દેવોનો નિષેધ કરી એકમાત્ર ભગવતી લક્ષ્મીને જ ભજે છે. આશ્રિતોને દિવ્ય સમૃદ્ધિ પ્રદાન કરતી અને શીતળ સ્વભાવવાળી દેવીને છોડીને આશ્રિતનાશક ઉષ્ણ અગ્નિ દેવને કોણ ઉપાસે? અગ્નિના નાશક પવનદેવ, યમનગરમાં પહોંચાડનાર વરુણને છોડી કવિ રક્ષણ-પ્રદાયિની કમળાને જ શરણે જાય છે. દેવીના ચરણકમળમાં આસક્ત વ્યક્તિ અન્ય દેવ પ્રત્યે આદર કેવી રીતે કરે! દેવીને એકવાર પૂજી હોય તો પણ સામ્રાજ્ય આપે છે, જ્યારે અન્ય દેવોની વારંવાર પૂજા પણ વ્યર્થ બને છે. દેવીના ચરણમાં શાશ્વત ધન સંપાદિત કરનારી વ્યક્તિઓ અન્ય દેવોથી પ્રાપ્ત થનાર સુંદરીના કટાક્ષ સમાન ચંચળ ધનની આકાંક્ષા કેવી રીતે રાખે? માતા લક્ષ્મી અપરાધીને પણ દયાથી રક્ષે છે, જ્યારે અન્ય દેવો તો અલ્પ અપરાધ કરનાર પ્રત્યે પણ ક્રુદ્ધ બને છે. તેથી જ સજ્જનો માતા લક્ષ્મીને આશ્રિત થઈ અન્ય દેવોનું સેવન કરતા નથી.

## (૨૧) દશાવતારસ્તબક

વિષ્ણુના દશ અવતારોના નિરૂપણ સાથે લક્ષ્મી-માહાત્મ્ય વર્ણવવાના આરંભે કવિ લક્ષ્મીને વંદન કરે છે. વિષ્ણુ પોતાના પ્રત્યેક અવતારમાં દેવીના કોઈક સ્વરૂપના સંબંધથી સજ્જનોનાં કાર્યો સિદ્ધ કરે છે. એવી કવિની માન્યતા છે. અવતારની મહત્તા દેવીને કારણે છે એ પ્રત્યેક પદનો કેન્દ્રવર્તી વિચાર છે.

કવિ લક્ષ્મીના અંગોમાં દશાવતાર વર્ણવે છે. દેવીના કટાક્ષો મત્સ્ય સમાન, નિર્બળ-રક્ષક, ભગવાનને હર્ષપ્રદ, ભગવાનના મુખ પ્રતિ આસક્ત, સુંદર શ્યાવર્ણ, હરણની શોભા હરનાર, કામદેવને અનુરૂપ, નીલવર્ણ અને પાપ-નાશક છે. એવા નિરૂપણમાં કવિ વિષ્ણુના દશ અવતારોને પણ સૂચવી દે છે. દેવીના એક-એક

અંગમાં કવિ વિષ્ણુના એક-એક અવતારનું દર્શન કરે છે. દેવીનો કેશકલાપ કૃષ્ણ (કૃષ્ણાવતાર) છે. નયન મત્સ્યાકારી (મત્સ્યાવતાર) છે. ઓષ્ઠ અમંદ-રાગી (કૂર્માવતાર) છે. ભૂજાઓ શોભાયમાન (વરાહાવતાર) છે. મુખ ચંદ્રરૂપી (નૃસિંહાવતાર) છે. ત્રિવલીની શોભા કટિથી (વામનાવતાર) પ્રાપ્ત થઈ છે. શરીરકાન્તિ સ્ત્રીઓમાં શ્રેષ્ઠ (પરશુરામવતાર) છે. રોમાવલી યમુનાનો ગર્વ હરનારી (બલરામાવતાર) છે. જંઘાઓ ઉત્તમ શોભા સંપન્ન (રામાવતાર) છે.

## (૨૨) ચિત્રસ્તબક

કવિ વેંકટાધ્વરી વિવિધ ચિત્રબંધો દ્વારા લક્ષ્મીના ચિત્ર-વિચિત્ર ચરિતનું આલેખન આ સ્તબકમાં કરે છે.

સરસ્વતી પણ જેના દાસત્વને પામે છે, તે દેવી લક્ષ્મી તો વેદસ્વરૂપા છે. ભક્તોની રક્ષા માટે શેષાચળ પર તે નિત્ય શોભે છે. કવિ દેવી પાસે પાપ-તાપ નાશની યાચના કરે છે. લક્ષ્મી તો અનિર્વચનીય મોક્ષ-પ્રદીપિકા છે, તેનું નામસંકીર્તન કામાદિ વિકારોને હણે છે. કવિ પોતાના મન અને શરીરને દેવીની આરાધના કરવાનું કહે છે. સેવાથી પ્રસન્ન કરતાં લક્ષ્મી આત્માનો ઉદ્ધાર કરે છે. તે નરકભયને નષ્ટ કરનારી ઈશ્વરી અને હરિની નાયિકા છે.

કવિ વેંકટાધ્વરી ચિત્રકાવ્યના અનેક પ્રકારોનાં ઉદાહરણોનું સર્જન કરી એમાં વિવિધ રીતે દેવીને દયાવતી, સંસારરોગનાશિની, પાપસંહારિકા, કાન્તિ-બુદ્ધિની પાલિકા, સંસારતારિકા, કળિયુગથી કલુષિતજનોની રક્ષિકા તેમજ લોકમાતા સ્વરૂપે નિરૂપે છે. વેંકટાધ્વરી એક ઉત્તમ ચિત્ર કવિ છે, એની પ્રતીતિ આ સ્તબક કરાવે છે.

## (૨૩) સંકીર્ણસ્તબક

કવિ આ સ્તબકમાં દેવીની વૈદર્ભીરીતિ, નાટ્ય, ન્યાય, વ્યાકરણ, કર્મકાંડ, ઉત્તરકાંડ, શ્રુતિ, અમૃત-તરંગિણી વગેરેની સાથે સમાનતાનું પ્રતિપાદન કરે છે.

કવિ વિવિધ રીતે દેવીની મહત્તા વર્ણવે છે. વક્રતા, કઠિનતા, દારિદ્રય, રાગ, તમ, ચાંચલ્ય, મંદગતિ, મુગ્ધતા વગેરે દોષોએ પણ ગુણતાને પામવા અનુક્રમે ભમર, સ્તન, કટિ, અધરોષ્ઠ, કેશ, નયન, પાદ અને મુખ એ દેવી અંગોમાં સ્થાન પ્રાપ્ત કર્યું. દેવીના કૃપાકટાક્ષથી કાવ્ય રચવાને સમર્થ કવિ હવે દેવીની પાસે બ્રહ્મજ્ઞાનની આશા રાખે છે. કવિ દેવી પાસે સ્વર્ગ, મોક્ષ કે સુખ નહિ, પણ માત્ર ભક્તિ યાચે છે. દેવી તો સૌન્દર્યનિધિ, સંપત્તિની મંજૂષા, કળા-જલનિધિ, ક્ષમાસ્થળ, દાક્ષિણ્યસ્થાન, તૃષાતુર માટેની પરબ, મોહ છોડવનાર ઔષધિ, મોક્ષસીડી, પારિજાતલતા, કલ્પવૃક્ષ, કવિઓ માટે કામધેનુ, દરિદ્રની પ્રાણ-પ્રતિષ્ઠા, શ્રુતિપિંજરની દિવ્યસારિકા, ગુણરત્નોની મંજૂષા, દયાની તરંગિણી, અજ્ઞાન-મેધને દૂર કરવામાં શરદ, મોક્ષસંપત્તિની પ્રસ્તાવના અને હરિને વશ કરવાની ઔષધિ છે. એની પ્રપત્તિ કવિ સ્વીકારે છે.

## (૨૪) નિર્વેદસ્તબક

અનુચિત કર્માચરણથી તેમજ સંસારનાં સંકષ્ટોથી ખિન્ન બનેલો કવિ પોતાના નિર્વેદ-ભાવનું પ્રકાશન

કરીને નિર્વેદશમન માટે માતા લક્ષ્મીને પ્રાર્થે છે. દેવીની ચરણ સેવા છોડી અન્ય કર્મો આચરતા કવિને પોતાના સેંકડો જન્મ અને દિવસો વ્યર્થ પ્રતીત થાય છે. પોતાને દુર્જન-મધ્યે દેવીએ કેવી રીતે સ્થાપ્યો એના આશ્ચર્ય સાથે કવિ પોતાનો અતિશય નિર્વેદભાવ પ્રગટ કરે છે. વિષયોમાં રાચતો કવિ ખિન્ન થતાં દેવી સમક્ષ રોદન કરવા બેસે છે. સંસારતરણની નાવ સ્વરૂપ દેવીનું ધ્યાન ધર્યું નથી. તેથી કવિને પોતાનાં ઉચ્ચવંશ, આગમશાસ્ત્રોનું જ્ઞાન, પંડિતો સાથેનો વાદ-વિજ્ય વગેરે વ્યર્થ પ્રતીત થાય છે. છેવટે કવિ પોતાના નિર્વેદનો ત્યાગ કરી, ધૈર્ય ધારણ કરી લક્ષ્મીયુક્ત હરિને શરણે જાય છે. દેવી પણ પોતાના શીતળ કટાક્ષોથી કવિને સીંચે છે અને હરિશરણે શરણ આપે છે.

## (૨૫) ફલ-સ્તબક

અંતિમ સ્તબકમાં કવિ સ્તોત્ર-ફળનું નિરૂપણ કરે છે. સંસારાટવીના વિષયોમાં હરણ-શિશુ સમાન રખડતો કવિ લક્ષ્મી પાસે શરણ-સંપત્તિ અને કૃપા-કટાક્ષ પામીને પોતાને કુમાર્ગમાંથી નિવૃત્ત કરવા વિનંતી કરે છે. શ્રુતિ-સ્મૃતિ અનુસાર દેવીને વંદન કરવા પોતાને મુક્તિ કેમ ન મળે એવા દૃઢ-વિશ્વાસ સાથે કવિ એક માત્ર તેને જ રક્ષિકા માને છે, અન્ય દેવોને નહિ. પોતાના જેવો બીજો કોઈ દયાપાત્ર નથી એવું કહેતા કવિ દેવી પાસે દયાની ભિક્ષા યાચીને, અપરાધી પ્રત્યે કુદ્ધ હરિને પ્રસન્ન કરતી ભગવતી લક્ષ્મીની પ્રપત્તિ સ્વીકારીને શ્રીહરિ-ચરણે આત્મ-સમર્પણ કરે છે. કવિ હવે પોતાને સફળ-મનોરથ માને છે.

'लक्ष्मीसहस्र' કવિને મન કલ્પતરુ છે. એના શ્રવણથી સર્વ સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. સરસ્વતી પણ આ સ્તોત્રની પ્રશંસા કરે છે. લક્ષ્મીના સ્તવનનો પાઠ કરવાથી અશેષ ફળની પ્રાપ્તિ થાય છે. જેઓ આનું નિત્ય ગાન કરે છે, તેમના ગૃહમાં લક્ષ્મી સદૈવ વિહાર કરે છે અને તેમને ભયરહિત અને સુખસંપન્ન બનાવે છે.

## (૨) શ્રવણાનંદ :-

શ્રવણાનંદ સ્તોત્રકાવ્ય છે. કૃતિના એક ભાગમાં તામિલનાડુના વિષ્ણુકાંચી-નગરીના હસ્તિશૈલ પર પ્રતિમા સ્વરૂપે વિરાજમાન વરદરાજસ્વામી (વિષ્ણુ)ની અને બીજા ભાગમાં તિરુપતિના વેંકટગિરિ (તિરુમલે, શૈષાશલ) પર સ્થિત ભગવાન વેંકટેશ્વર (શ્રી નિવાસવિષ્ણુ કે બાલાજી)ની પ્રશસ્તિ છે.

'શ્રવણાનંદ'ની ગવર્નમેન્ટ ઓરિએન્ટલ મેન્યુસ્ક્રિપ્ટ્સ લાયબ્રેરી, મદ્રાસની અપૂર્ણ હસ્તપ્રસ્ત નં. આર ૨૧૧૭માં સ્તોત્રના પ્રથમ અંશના ૮૮ શ્લોકો પ્રાપ્ત થાય છે. એમાં વિષ્ણુકાંચીના સુપ્રસિદ્ધ વરદરાજ મંદિરના હસ્તિગિરિ પર શ્યામવર્ણ ચતુર્ભુજ-પ્રતિમા સ્વરૂપે વિરાજમાન ભગવાન વરદરાજ (વિષ્ણુ)નું ગૌરવગાન થયું છે. કાંચીનગરીની ઉત્પત્તિ તેમજ હસ્તિગિરિ પર વરદરાજના અવતરણ સંબંધી પૌરાણિક બ્રહ્મ-યજ્ઞની કથા સંકળાયેલી છે. આ કથાનું સવિસ્તર નિરુપણ વેંકટાધ્વરીએ 'વરદાભ્યુદયચમ્પૂ' માં કર્યું છે. આ સ્તોત્રમાં પણ એ પૌરાણિક ઘટનાના નિર્દેશો સાથે વરદરાજનું મહિમા ગાન થયું છે.

'શ્રવણાનંદ'ના આ ભાગમાં વરદરાજના મહિમા વર્ણન સાથે વૈષ્ણવ પ્રપત્તિ-ભાવના અને વિશિષ્ટાદ્વૈતી દાર્શનિક સિદ્ધાંતોની મનોહર અભિવ્યક્તિ થઈ છે. સ્તોત્રમાં કવિના જીવન સંબંધી પણ કેટલાક સંકેત પ્રાપ્ત થાય છે. રાજવીઓ અને મદાંધ ધનિકોની પ્રશસ્તિઓ કરી-કરીને થાકેલા અને રાજકીય કટુ અનુભવોથી ઉદ્‌વિગ્ન બનેલા કવિ હવે વરદરાજનું શરણ સ્વીકારી સ્તુતિ કરતા હોઈ, 'શ્રવણાનંદ' એમના ઉત્તરજીવનની એટલે કે 'લક્ષ્મીસહસ્ર' ના રચના-કાળની કૃતિ હોય, એમ પ્રતીત થાય છે.

## (૩) શ્રીનિવાસસહસ્રમ્

ભગવાન વેંકટેશ્વર (વિષ્ણુ)ની પ્રશસ્તિમાં સહસ્ર શ્લોકોમાં રચિત આ સ્તોત્ર વેંકટાધ્વરીનું માનવામાં આવે છે, પણ તે અપ્રાપ્ય હોવાથી તેમજ તેની હસ્તપ્રતનો પણ ક્યાંય ઉલ્લેખ ન હોવાથી તેના કર્તૃત્વ તેમજ વિષય-વસ્તુ સંબંધી કંઈ કહી શકાય તેવી સ્થિતિ નથી. 'લક્ષ્મીસહસ્ર'માં લક્ષ્મીની સાથે શ્રીનિવાસ વિષ્ણુના માહાત્મ્યનું પ્રતિપાદન ઘણાં પદોમાં થયું છે. 'વિશ્વગુણાદર્શ'ની રચનાથી અભિશપ્ત કવિએ પુનર્દષ્ટિ પ્રાપ્ત કરવા લક્ષ્મીસહસ્રની રચના કરી. આ જ બાબત શ્રી નિવાસસહસ્ર સાથે પણ સંબદ્ધ કરવામાં આવી છે. આવાં કારણોસર લક્ષ્મીસહસ્રનું જ અપર નામ શ્રીનિવાસસહસ્ર પણ હોઈ શકે. આ સત્ય હોય તો કૃતિને અલગ માનવાની જરૂર નથી.

## (૪) આચાર્યપંચાશત્

દુર્નરેશો અને ધનિકોની સ્તોત્રરચનાથી ઉદ્‌વિગ્ન કવિએ વિશિષ્ટાદ્વૈતી આચાર્ય પરંપરાના પોતાના ગુરુ વેંકટનાથ વેદાંતાચાર્ય (વેદાંત દેશિક)ની પ્રશંસામાં 'આચાર્યપંચાશત' સ્તોત્રની રચના કરી છે. વિવિધ છંદના ૫૪ શ્લોકોમાં ગ્રથિત આ સ્તોત્રના આરંભે વેદાંત-દેશિકને વંદન કરી પોતાનાં પ્રાયશ્ચિત અને ઉદ્વિગ્નતા વ્યક્ત કરી, કવિ નમ્રતાપૂર્વક પોતાનો ગુરુ પ્રત્યે અનન્ય ભક્તિભાવ પ્રદર્શિત કરે છે. કવિ તેમની કૃતિઓનો મહિમા ગાઈને અન્ય કવિઓ કે પંડિતો કરતાં પોતાના ગુરુની ઉત્કૃષ્ટતા વર્ણવે છે. વિશિષ્ટાદ્વૈતની વિરોધી મતોનું ખંડન કરતા વેદાંત-દેશિકની અન્ય પંડિતો કરતાં સરસાઈ પ્રતિપાદિત કરી કવિ તેમના જીવન અને કાર્યની પ્રશંસાત્મક મૂલવણી કરે છે.

સ્તોત્રના અંતે કવિ પરિચય અને સ્તોત્ર-પાઠના ફળનું આલેખન થયું છે.

■

# પાદટીપ

૧ कुरुकानगरीश्रीशठकोपमुनिवर्णनम्। वि.गु. ४१

२ प्रबन्धारः प्रौढाः शठमथनमुख्याः शमधनाः। वि.गु. २४५

૩અ सहस्रशासं द्रविडगमं सृजन स यस्य मूलं समुपाश्रितो मुनिः ।। वि.गु. ४९१

૩બ गुरवे करवाम नित्यमस्मै शठकोपाय महर्षये प्रणामान् ।। वि.गु. ४८९

४ भूयो नमोऽपरिमिताच्युतभक्तितत्त्वज्ञानामृताब्धिपरिवाहशु.............. नाथमुनये यमिनां वराय ।। स्तोत्ररत्न,३

५ वि.गु. ५८८

६ कामादिवैरिगणभीमानवद्यनिजनामाभिलाषगरिमा
वैमानिकार्यसमभूवा मतौ वचनसीमातिलङ्घिमहिमा।
श्रीमाननूनकलसोमाननो विमलधामवभानितरविः
क्षेम्यानि जृम्भयुतु भूमावमुन्न च स रामानुजो यतिपतिः ।। वि.गु.२२४

७ दद्यादद्य कुदृष्टिसर्पगरुडत्रय्यन्तविद्यागुरुः
श्रीमान् वेङ्कटनाथदेशिकमणिः श्रेयांसि भूयांसि मे।
वत्से दृष्टिबलेन देवि भजतां या त्वं विभुत्वं रमे
तस्या हन्ता तवापि येन विभुता सुष्ठु प्रतिष्ठापिता ।। ल.स. १/७

८ वि.गु. २९२

९ वि.गु. २९५

૧૦ દુર્ગાશંકર કે. શાસ્ત્રી; વૈષ્ણવધર્મનો સંક્ષિપ્ત ઈતિહાસ, પૃ. ૧૭૩

૧૧ ન. દે. મહેતા; હિન્દ તત્ત્વજ્ઞાનનો ઈતિહાસ (ઉત્તરાર્ધ), પૃ. ૨૭૯

૧૨ બૃહત્સ્તોત્રમુક્તાહાર, ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ મુંબઈ, ઈ.સ. ૧૯૧૨

૧૩ પ્રા. ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ, સંસ્કૃત સ્તોત્ર કાવ્ય : ઉદ્ભવ, વિકાસ અને સ્વરૂપ - પૃ. ૫૬

૧૪ तृष्णातोये मदनपवनोद्धूत मोहोर्मिमाले
दारावर्ते सहजहीनयग्राहस घाकुले च।
संसाराख्ये महति जलधौ मज्जतां नस्त्रिधधमन्यादाम्भोजे
वरद भवतो भक्तिनावे प्रसीद ।।११।।

૧૫ મુકુન્દમાલાસ્તોત્ર; શ્લોક,૧૯

૧૬ મુકુન્દમાલાસ્તોત્ર; શ્લોક,૫

૧૭ यत्कृष्णप्रणिपातधूलिधवलं तद्वै शिरः स्याच्छुभं
ते नेत्रे तमसोनिज्शते सुरुचिरे याभ्यां हरिर्दश्यते ।

सा बुद्धिर्नियमैर्यमैश्च विमला या माधवध्यायिनी
सा जिह्वामृतवर्षिणी प्रतिपदं मा स्तौति नारायणम् ।।२७।।

૧૮ સ્વ. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ, શ્રીભાષ્યમ્

૧૯ સ્તોત્રરત્ન, શ્લોક-૨૩
न निन्दितं कर्म तदस्ति लोके सहस्त्रशो यन्न मया व्यधापि।
सोऽहं विपाकावसरे मुकुन्दक्रन्दाभि सम्प्रत्यगतिस्तवाग्रे।।

૨૦ સ્તોત્રરત્ન, શ્લોક-૨૬

૨૧ સ્તોત્રરત્ન, શ્લોક-૪૬

૨૨ धिगशुचिमविनीतं निर्दयं मामलज्जं
परमपुरुष योडहं योगिवर्याग्रगण्यैः ।
विधिशिवसनकाद्यैध्यातुमत्यन्तदूरं
तव परिजनभावं कामये कामवृचः।।४७।।

૨૩ સ્તોત્રરત્ન, શ્લોક-૫૦

૨૪ શરણાગતિગદ્ય, શ્લોક-૮

૨૫ 'शरणागतोऽस्मि, तवास्मि दासः' इति वकतारं मां तारय ।।१३।।

૨૬ શરણાગતિ ગદ્ય, ગદ્ય-૧૬

૨૭ एवंभूतमत्कैङ्कर्यप्राप्त्युपायतयाऽवकलृप्तसमस्तवस्तुविहीनोऽपि, अनन्ततद्विरोधिपापाक्रान्तोडपि, अनन्तमदपचारयुक्तोडपि... गद्य-१७ ।।

૨૮ स्वाधीनत्रिविधचेतनाचेतनस्वरुपस्थितिप्रवृत्तिभेदं क्लेशकर्माद्यशेषदोषासंस्पृष्टं स्वाभाविका नवधिकातिशयज्ञानबलैश्वर्य शक्तितेजस्सौशील्यवात्सल्यमार्दवार्जवधसौहार्दसाम्यकारुण्यमाधुर्यगाम्भीर्योदार्य.... नित्यकिङ्करो भवानि ।।१।।

૨૯ श्रीमत्या वैजयन्त्या वनमालया विराजितम्, शंखचक्रगदाऽसिशार्ङ्गादिदिव्यायुधैः सेव्यमानम् ......४

૩૦ भ्रूविभ्रमेण मृदुशीतविलोकितेन मन्दस्मितेन मधुराक्षरयां च वाचा।
प्रेमप्रकर्षपिशुनेन विकासिना च संभावयिष्यसि कदा मुखपंकजेन।।६९।।

૩૧ શ્રીવૈકુંઠસ્તવ, શ્લોક-૮૮

૩૨ त्वत्कीर्तनस्तुतिनमस्कृतिवेदनेषु श्रद्धा न भक्तिरपि शक्तिरथो न चेच्छा ।
नैवानुतापमतिरेष्वकृतेषु किन्नु भूयावहो! परिकरः प्रतिकुलपक्षे।।९६।।

૩૩ અતિમાનુષસ્તવ, શ્લોક-૧૦

૩૪ અતિમાનુષસ્તવ, શ્લોક-૨૯,૫૯

૩૫ સુંદરબાહુસ્તવ, શ્લોક-૪૨

૩૬ नरवक्रककचकप्रधिक्रथितदैत्यवक्षः स्थली
समुत्थरुचिच्छताच्छुरितबिम्बितं खं वपुः।
विलोक्य रुषितः पुनः प्रतिमृगेन्द्रशङ्कावशाद्य
एष नरकेसरी स इह दृश्यते सुन्दरः।।९७।।

૩૭ સુંદરબાહુસ્તવ, શ્લોક-૧૨૩,૧૨૪,૧૨૫ વગેરે

૩૮ करुणारसवाहिवीक्षणोर्मेवरद! प्रेममय प्रवाहभाजः ।
तव तीरवनावली भ्रुवो दृकवलसिन्धोस्तव नासिकैव सेतुः ।।३६।।
अरुणाधरपल्लवे लसन्ती वरदासौ द्विजचन्दचन्दिका वै ।
अधिविद्रुममस्तनिस्तलालीरुचमाविष्कुरुते हि पुष्कराक्ष ।।३७।।

૩૯ विषयविषधरव्रजव्याकुले जननमरणनक्रचक्रास्पदे।
अगतिरशरणो भवाब्धौ लुठन वरद! शरणामित्यहं त्वां वृणे।।८२।।

૪૦ શ્રીરંગરાજસ્તવ, શ્લોક-૨૧,૨૪

૪૧ लक्ष्मीकल्पलतोत्तुङ्गस्तनस्तबककचञ्चलः।
श्रीरंगराजभृङ्गो मे रमतां मानसाम्बुजे।।९०।।

૪૨ શ્રીરંગરાજસ્તવ, શ્લોક-૧૦૨

૪૩ अनुकलतनुकाण्डालिङ्गनारम्भशुम्भत्
प्रतिदिशभुजशाखश्रीसखानोकहर्धिः।
स्तननयनगुलुच्छस्कारपुष्प द्विरेफा
रचयतु मदि लक्ष्मीकल्पवल्ली कटाक्षान् ।। श्लोक-३

૪૪ શ્લોક - ૪૯

૪૫ ऐश्वर्यमक्षरगतिं परमं पदं वा
कस्मैचित् अञ्जलिभरं वहते वितीर्य।
अस्मै न किञ्चिदुचितं कृतमित्यथाम्ब
त्वं लज्जसे कथय कोऽयमुदारभावः।। श्लोक-५८।।

૪૬ M. Krishnamacharya, History of Classisal Sanskrit Literature, P. 208

૪૭ વિદ્વાન ટી. ટી. શ્રીનિવાસ ગોપાલાચાર્ય, યાદવાભ્યુદય - પ્રસ્તાવના પૃ.૩

૪૮ तस्यां युयाँ द्विजश्रेष्ठः पुण्डरीकाक्ष भक्तिमान् ।
पुण्डरीकाक्ष नामाऽऽसीद् यज्वा वेदविदग्रणीः ।। वेंकटनाथ चरित्र ९-१३

૪૯ तस्य पुत्रो महानांसीदनन्तार्य इति श्रुतः।
अनन्तगुण गम्भीरो वेदवेदाङ्ग तत्त्ववित् ।। वें.च. १-१५

૫૦ श्रीमतो वेंकटनाथगुरोः पिता अनन्तसूरिः पितामह पुण्डरीकाक्ष सूरिः।
तत्त्वमुक्ताकलाप, भूमिका । पृ. ४

૫૧ तत्कृपालब्धवेदान्तरहस्यार्थविशारदः।
तस्य पत्नी विशालाक्षी तोतारम्बेति विश्रुता ।। वें.च. १.१६

૫૨ तत्त्वमुक्ताकलाप, भूमिका पृ.४

૫૩ प्रसन्नः स्वप्न आहेदं स्वपरत्वं प्रकाशयन्।
श्रीमद् भाद्रपदे मासे चित्रायां मे ध्वजोत्सवः ।।
श्रवणान्तो वेङ्कटाद्रौ भविष्यति ममानध ।
तत्सेवार्थं त्वमागच्छ तदाऽभीष्टं भविष्यति ।। वें.च. १-१९.२०

૫૪ तत्त्वमुक्ताकलाप, श्लोक-२

૫૫ श्रीमान् वेङ्कटनाथ गुरुः श्रीकाञ्चीनगरसन्निहितेन तुप्पुलनाम्ना अग्रहारेण स्वावतारपरिभूषितेन धरणीमण्डलं मण्डयितुमारभत् । तत्त्वमुक्ताकलाप – भूमिका पृ. ५

૫૬ Mr. Krishnamachari History of classical Sanskrit Literature - P. 208

૫૭ श्रीमद्भगवद्रामानुजसिद्धान्तविजयध्वजीभूतात्मीयपुत्ररत्नवरदार्यवर्यसन्ततसमुपासितचरणपङ्करुहाः ( A.D. 29-8-1270 - 17-11-1369) शतसंवत्सरपरिमितजगतीतलालङ्करणसमयकृतार्थीकृतशिष्यनिकुरुम्बः कवितार्किकसिंह – सर्वतंत्र स्वतंत्रश्रीमद्दान्ताचार्येत्याद्य परिमितान्वर्थबिरुदपरिभूषिताः श्रीमन्निगमान्त–महादेशिकादि सुगृहिताभिधानैरनिशमनुसन्धीयमानाः श्रीमद्वेङ्कटनाथाचार्य इति सुप्रतीतम्।। यादवाभ्युदय, प्रस्तावना पृ. ४

૫૮ આચાર્યપંચાશત્ શ્લોક-૨૧

૫૯ 'વેદાંતદેશિકસ્તોત્રમાલા' શ્રીવૈકુંઠનાથ દેવસ્થાન
૧૨-એ, કાલીકૃષ્ણ ટાગોર સ્ટ્રીટ, કલકત્તા-૭ પ્રકાશિત, પ્રથમ સંસ્કરણ સ. ૨૦૨૬

૬૦ विशुध्धविज्ञानधनस्वरूपं
विज्ञानविश्राणनबध्धदीक्षम्।
दयानिधिं देहभृतां शरण्यं
देवं हयग्रीवमहं प्रपद्ये ।।५।।

૬૧ मुग्धेन्दु निष्यन्दे विलोभनीयां
मूर्तिं तवान्दसुधाप्रसूतिम्।
विपश्चितस्वेतसि भावयन्ते
वेलामुदारामिव दुग्धसिन्धोः ।।१३।।

૬૨ દશાવતારસ્તોત્ર, ૧૨

૬૩ माल्यैरन्तःस्थिरपरिमलैर्वल्लभास्पर्शमान्यैः
कुप्यच्चोलीवचनकुटिलैः कुन्तलैः श्लिष्टमूले ।
रत्नापीडद्युतिशबलिते रङ्गभर्तुः किरीटे
राजन्वत्यः स्थितिमधिगताः वृत्तयश्चेतसो मे ।।६ ।।

૬૪ ગોપાલવિંશતિ, શ્લોક-૧૮

૬૫ कतयाणानामविकलनिधिः कापि कारुण्यसीमा
नित्यामोदा निगमवचसां मौलिमन्दारमाला ।
सम्पधिव्या मधुविजयिनः संनिधत्तां सदा मे
सेषां देवी सकलभुवनप्रार्थनाकामधेनुः ।।२५ ।।

૬૬ नागशयः सुतनु पक्षिरथः कथं ते
जातः स्वयंवरपतिः पुरुषः पुराणः ।
एवंविधाः समुचितं प्रणयं भवत्याः
संदर्शयन्ति परिहासगिरः सखीनाम् ।।१३ ।।

૬૭ नित्यं हिताहितविपर्ययबद्धभावे
त्वद्वीक्षणैकविनिवर्त्यबहुव्यपाये।
मुग्धाक्षरैरखिलधारिणि मोदमाना
मातः स्तनंन्धयधियं मयि वर्तयेथाः ।।३ ।।

૬૮ સુદર્શનાષ્ટક, શ્લોક-૧

૬૯ न्यस्याम्पकिंचनः श्रीमन्ननुकूलोऽन्यवर्जितः ।
विश्वासप्रार्थनापूर्वमात्मरक्षाभरं त्वयि ।।२ ।।

૭૦ શ્લોક-૪

૭૧ શ્લોક-૫

૭૨ स्तोत्रं मया विरचितं त्वदधानवाचा
त्वत्प्रीतये वरद यत्तदियं न चित्रम् ।
आवर्जयन्ति हृदयं खलु शिक्षकाणां
मंजूनि पंजरशुकन्तविजल्पितानि ।।६ ।।

૭૩ જુઓ, શ્લોક-૩૬

૭૪ निर्वापयिष्यति कदा करिशैलधामन्
दुर्वारकर्मपरिपाककमहादवाग्निम् ।

प्राचीनदुःखमपि मे सुखयन्निव त्वत्-
पादारविन्दपरिचाररसप्रवाहः ।।४१।।

७५ लावण्यवर्षिणि ललाटतटे धनाभे
बिभ्रत्तदिद्गुणविशेषमिवोर्ध्वपुण्ड्रम्।
विश्वस्य निर्जरपते तमसावृतस्य
मन्ये विभावयसि माङ्गलिकप्रदीपम् ।।२०।।

७६ જુઓ, શ્લોક-૪૯-૫૧

७७ स्वतः सिद्धः श्रीमानमितगुणभूमा करुणया
विधाय ब्रह्मादीन्वितरति निजादेशमपि यः।
प्रपत्त्या साक्षाद्वा भजनशिरसा वापि सुलभं
मुमुक्षुर्देवेशं तमहमधिगच्छामि शरणम् ।। श्लोक-६

७८ જુઓ, શ્લોક-૨
अज्ञानध्वान्तरोधादधपरिहरणादात्मसाम्यावहत्वाज्जन्मप्रध्वंसिजन्मप्रदगरिमतया दिव्यदृष्टिप्रभावात्।
निष्प्रत्यूहानृशंस्यान्नियतरसतया नित्यशेषित्वयोगादाचार्यः सद्भिरप्रत्युपकरण धिया देववत्स्यादुपास्य ।।
श्लोक-२

७९ શ્લોક-૩

८० શ્લોક-૭

८१ विचित्रसिद्धिदः सोऽयं वेंकटेशविपश्चिता ।
गरुडध्वजतोषाय गीतो गरुडदण्डकः ।।

८२ શ્લોક-૩

८३ परिहसितपूर्णचन्द्रं पद्मसदृक्षप्रसन्नलोचनयुगलम्।
संकल्पितदुरितान्ययि संस्मृतं हरति दाससत्य तव मुखम् ।।३५।।

८४ भक्तास्तावकसेवारसभरिताः सकलरक्षणोत्सुकरुचिना
करणानि धरन्ति चिरं काङ्क्षितमोक्षा अप्ययुत त्वया स्थापिता ।।६१।।

८५ शरणागत इति जनिते
जनवादेऽपि यद्यच्युत न रक्षसि माम्।
भवेत्खलु सागरघोषः
सागरपुलिने तादृशं तव वचनम् ।।९८।।

८६ अच्युत तव गुणानां
मम दोषाणामयि नास्ति कुत्रापि गणना।
तथापि जय: प्रथमाना
मधिकं लीलानां भवति न खलु दौर्बल्यम् ।।७७।।

८७ जयत्वाश्रितसंगासध्वान्तविध्वंसनोदय:।
प्रभावान्सीतया देव्या परमव्योमभास्वर: ।।१।।

८८ कमला निरपायधर्मपत्नी
करुणाद्या: स्वयमृत्विजो गुणास्ते ।
अवनं श्रयतामहीनमाद्यं
स च धर्मस्त्वदनन्यसेवनीय: ।।५।।

८९ अहमस्म्यपराधचक्रवर्ती
करुणे त्वं च गुणेषु सार्वभौमी।
विदुषी स्थितिमीदृशीं स्वयं मां
वृषशैलेश्वर पादसात्कुरुत्वम् ।।३०।।

९० नाभीपद्मस्फुरणसुभगानव्यनीलोत्पलाभा
क्रीडाशैलं कमपि करुणे वृण्वती वेंङ्कटाख्यम्।
शीता नित्यं प्रसदनवती श्रद्धानावगाह्या
दिव्या काचिञ्जयति महति दीर्धिका तावकीना ।।४३।।

९१ निषादानां नेता कपिकुलपति: कापि शवरी
कुचेल: कुब्जा सा व्रजयुवतयो माल्यकृदिति।
अमीषां निम्नत्वं वृषगिरिपतेरुन्नतिमपि,
प्रभूतै: स्त्रोतोभि: प्रसभमनुकम्पे शमयसि ।।६५।।

९२ प्रबन्धोऽयं ग्राह्य: पदुचटुगिरो वेंकटकवि: । वरदराजचम्पू:, ४

९३ व्यक्तं विश्वगुणादर्शं विधत्ते वेंकटाध्वरी । वि.गु., श्लोक.३

९४ प्रख्यात: प्रणतार्तिहृदगुरुरिति श्रीभाष्यकर्तुमुने–
र्यो माहानसिकस्तदुक्तिरसिक: श्रीमान्स यत्राभवत् ।
वंशे तत्र हि वादिहंसजलदाचार्यादिभिर्भूषिते
यज्वाऽभूद्रधुनाथदेशिकमणि: श्री श्रीनिवासेष्टिन: ।।
तनुभव: कवेस्तस्य तनोत्यत्रिकुलोद्भव: ।
विधित्रयपरित्राणं वेंकटाचार्यदीक्षित: ।। विधित्रयपरित्राण– ५,६

૯૫ વેદાન્તદેશિક, મીમાંસાપાદુકા, ૧૧

૯૬ इतिश्रीमत्कांचीनगरनायकताताचार्यभागिनेयवाजपेयसर्वपृष्ठोऽप्यतोर्यामादियाज्यात्रियवंशमौक्तिकी-भवदाप्याचार्यतनुभवस्य श्लेष-यमक-चक्रवर्तिनो रघुनाथाचार्ययज्वनः पुत्रेण वेंकटाचार्येण विरचिते श्रीमल्लक्ष्मीसहस्रे फलस्तबकः पञ्चविंशो ग्रन्थश्च संपूर्णतागमगमत् लक्ष्मीसहस्रम् ।

૯૭ ... सीताम्बागर्भसंभवस्य श्रीमत्काञ्चीनगरवास्तव्यस्य महाकवि श्रीमद् वेंकटाध्वरिणः कृतौ विश्वगुणादर्शचम्पूः समाप्तिमगात् । विश्वगुणादर्शचम्पूः

૯૮ १ संस्कृत साहित्य का इतिहास, पृ. १२२

२ Hist. of Classical Sanskrit Lit. p-513

૩ Hist. of Sanskrit Lit. Vol. I, P.341

४ Indian Cilture, Vol. VI, P. 226

५ राघवयादवीय, भूमिका – मद्रास, १९६६

६ संस्कृत साहित्यका नविन इतिहास, पृ. ४४७

૯૯ 'लक्ष्मीसहस्रम्' એક અધ્યયન, ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ

■

# પ્રકરણ-૩

# વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં ભક્તિતત્ત્વ

(અ) ભક્તિ : સ્વરૂપ અને ઉદ્ભવ-વિકાસ

- પ્રસ્તાવના

(૧) ભક્તિનું સ્વરૂપ અને પ્રકારો

* ભક્તિનું સ્વરૂપ
* ભક્તિના પ્રકારો

શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મ-નિવેદન

(૨) ભક્તિનો ઉદ્ભવ-વિકાસ

* વૈદિક સાહિત્યમાં ભક્તિ
* બ્રાહ્મણ-ઉપનિષદ્‌માં ભક્તિ
* રામાયણ-મહાભારતમાં ભક્તિ
* વૈષ્ણવ ધર્મ, પાંચરાત્ર, સંતો અને આચાર્યોનો ભક્તિમાર્ગ
* પૌરાણિક ભક્તિ
* ચૈતન્ય સંપ્રદાય અને ભક્તિ

(બ) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં પ્રપત્તિ

* પ્રાચીન સાહિત્યમાં પ્રપત્તિ

આલવાર સંતો અનુસાર પ્રપત્તિનું સ્વરૂપ

- આલવાર સંતોની પ્રપત્તિની ભાવના - યામુનાચાર્ય - રામાનુજાચાર્ય - વડઘલે અને તેંગલે શાખા અનુસાર પ્રપત્તિ - વેંદાતદેશિક - વેંકટાધ્વરી - પ્રપત્તિ (શરણાગતિ)ના અંગ - અનુકૂળ બનવાનો સંકલ્પ - પ્રતિકૂળતાનો ત્યાગ - રક્ષા કરશે એવો વિશ્વાસ - ગોપ્તૃત્વવરણ - કાર્યણ્ય - આત્મનિક્ષેપ - વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં વૈષ્ણવી ભક્તિનું પ્રતિપાદન - શ્રી અને ભગવાનની પ્રપત્તિ સંબંધી મતાન્તર - પ્રપત્તિ પ્રધાન ભક્તિનિષ્ઠા અને ભક્તિ માહાત્મ્ય - કવિ-વિનયનું પ્રકાશન - પ્રપન્ન ભક્તનો દૈન્યભાવ - પ્રાયશ્ચિત, અપરાધ-એકરાર અને યાચના ભાવ - વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં ભક્તિના પરંપરિત પ્રકારો - શ્રવણ, કીર્તન અને સ્મરણ-પાદસેવા, અર્ચન અને વંદન - દાસ્યભાવ, સખ્યભાવ અને આત્મનિવેદન - શાંતા ભક્તિ - વાત્સલ્ય ભક્તિ - મધુરાભક્તિ

# પ્રકરણ-૩
# વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં ભક્તિતત્ત્વ

## (અ) ભક્તિઃ સ્વરૂપ અને ઉદ્‌ભવ-વિકાસ

**પ્રસ્તાવના :**

ભક્તિ જ એક એવું સાધન છે જેને સર્વ લોકો સહજતાથી આચરી શકે છે. ભક્તિ એ સર્વ મનુષ્યોનો આધાર છે. આ કલિયુગમાં ભક્તિની સમાન આત્મોધ્ધાર અને પ્રભુને પામવા માટે બીજો કોઇ સહેલો ઉપાય નથી, કેમકે જ્ઞાન, યોગ, તપ અને યાગ વગેરેની સિધ્ધિ ખૂબ જ કઠિન છે. વળી આ સમયે આની સહાયક સામગ્રીનાં સાધન પણ મળવાં મુશ્કેલ છે. માટે મનુષ્યોએ કટિબદ્ધ થઈ કેવળ ઇશ્વરની ભક્તિને સાધન બનાવી આત્માનો ઉધ્ધાર કરવો જોઈએ. સંસારમાં ધર્મને માનનારા અધિકાંશ લોકો ઇશ્વર-ભક્તિને પસંદ કરે છે. હવે આપણને એ વિચાર થશે કે ઇશ્વર શું છે અને તેની ભક્તિ શું છે.

જે સર્વને સમાન ભાવે રાખે છે; જે સર્વજ્ઞ, સર્વશક્તિમાન, સર્વાન્તર્યામી છે, સદાચાર અને ન્યાય જેનો કાયદો છે; જે સર્વના સાક્ષી અને સર્વને જ્ઞાન, બુદ્ધિ અને શિક્ષા આપનારા છે તથા ત્રણે ગુણોથી પર હોવા છતાં લીલીમાત્રથી ગુણોના ભોક્તા છે, જેમની ભક્તિથી મનુષ્ય સંપૂર્ણ દુર્ગુણ, દુરાચાર અને દુઃખોથી મુક્ત થઇ પરમ પવિત્ર બની જાય છે, સાકાર રૂપથી પ્રત્યક્ષ પ્રગટ થઈ ભક્તજનોને તેમની ઇચ્છાનુસાર દર્શન આપી આહ્‌લાદિત કરે છે, તે પ્રેમમય નિત્ય અવિનાશી, સર્વવ્યાપી હરિને ઇશ્વર માનવો જોઈએ. પરમાત્મામાં જે પરમ પ્રેમ રાખે છે, તે અમૃત છે અને તે જ ખરી ભક્તિ છે. દેવર્ષિ નારદે ભક્તિસૂત્રમાં કહ્યું છે કે 'सा त्वस्मिन् परमप्रेमरूपा'[૧] પરમેશ્વરમાં અતિશય પ્રેમરૂપતા રાખવી તે જ 'ભક્તિ' છે અને તે 'अमृतस्वरूपा च'[૨], 'તે અમૃત સ્વરૂપ છે.' નારદે પણ ભક્તિનો મહિમા આ પ્રકારે બતાવ્યો છે. પ્રેમ જ તેની પરાકાષ્ઠા છે. પ્રેમ માટે જ સેવા કરવામાં આવે છે, તેથી ભગવાનમાં અનન્ય પ્રેમનું હોવું તે જ ભક્તિ છે. ઇશ્વરની ભક્તિમાં સર્વ જીવોનો અધિકાર હોવો જોઈએ, કેમ કે હનુમાન, જામ્બવન્ત, ગજેન્દ્ર, ગરુડ, જટાયુ વગેરે પશુ-પક્ષી પણ ભગવાનની ભક્તિના પ્રતાપથી પરમપદને પામ્યાં હતાં. પરંતુ મનુષ્ય સિવાય પશુ-પક્ષી વગેરેમાં જ્ઞાન-સાધનાનો અભાવ હોવાથી તે ઇશ્વર-ભક્તિ કરી શકતાં નથી. એટલા માટે શાસ્ત્રકારો ઈશ્વર-ભક્તિમાં મનુષ્યનો અધિકાર બતાવે છે. ભક્તિપ્રિય પ્રભુ તો કેવળ ભક્તિથી જ સંતુષ્ટ થાય છે. સદાચાર અને સદ્‌ગુણ ભક્તમાં ભક્તિ અનાયાસે જ આવી જાય છે. તેથી ઇશ્વર-ભક્તિ પરમ ઔષધ છે. શાસ્ત્રોમાં ભક્તિના ભિન્ન-ભિન્ન પ્રકારો બતાવ્યા છે. ભક્ત આ સર્વ પ્રકારોમાંથી કોઇ એક પ્રકારની ભક્તિ કરે તો પણ પરમપદને પ્રાપ્ત કરે છે. મહર્ષિ શાંડિલ્યે પણ ભક્તિ વિશે કહ્યું છે કે -'सा परानुरक्तिरीश्वरे'[૩] ઇશ્વરમાં પરમ અનુરાગ એટલે કે પરમ પ્રેમ તે જ ભક્તિ.

ભક્તિનો મહિમા વૈદિકકાળથી ચાલ્યો આવે છે. વેદના ઋષિઓ પણ ભક્તિ દ્વારા પરમપદને પામ્યા હતા. આ ઉપરાંત પૌરાણિક ભક્તિ પણ વિશેષ મહત્ત્વ ધરાવે છે. તેમાંય વૈષ્ણવ પુરાણોમાં ભક્તિની પ્રચુરતા છે. પુરાણોમાં ભક્ત અને ભગવાન વિશેનો સંબંધ પ્રત્યક્ષ અને પરોક્ષ સ્વરૂપ જોવા મળે છે. વૈષ્ણવ સ્તોત્રોમાં પણ ભક્તો પ્રભુની પ્રત્યક્ષ ભક્તિ કરે છે. હવે ભક્તિનું સ્વરૂપ અને તેના પ્રકારોનો વિસ્તૃત અભ્યાસ કરીએ.

## (૧) ભક્તિનું સ્વરૂપ અને પ્રકારો :-

### ભક્તિનું સ્વરૂપ :

'ભક્તિ' શબ્દને વિવિધ રીતે સમજાવવામાં આવ્યો છે. વિવિધ ભક્તિસૂત્રોના આધારે ભક્તિ વિષેની વિભાવના અલગ-અલગ તારવવામાં આવી છે. ભક્તિ શબ્દ 'भज् सेवायाम्' ધાતુમાં 'क्तिन्' પ્રત્યય લગાવીને થયો છે. 'क्तिन्'નો અર્થ થાય છે, 'ભગવાનની સેવાનો પ્રકાર'. 'भज् सेवायाम्' (भ्वा. उभयपदी) ધાતુમાંથી પાણિનિના સૂત્ર 'स्त्रियां क्तिन्' (अष्टाध्यायी ૩.૩.૯૪) અનુસાર 'क्तिन् (ति)'પ્રત્યયથી (भज्+ति=भक्ति) 'भक्ति' શબ્દનો ઉદ્‌ભવ થાય છે. આ સિવાય 'भञ्जो आमर्दने' (रूधादिगण – ૭મો ગણ) આ સપ્તગણીય ધાતુ ઉપરથી ભક્તિ શબ્દ સિદ્ધ થાય છે અને જે તત્ત્વ દ્વારા વ્યાવહારિક આકર્ષણો વગેરેનું આમર્દન (ભંજન) થાય તેને ભક્તિ કહે છે.

પ્રભુસેવાની ઇચ્છાથી ઈષ્ટદેવ પ્રત્યે ભક્તના હૃદયમાં શ્રદ્ધાયુક્ત રાગ અને આસક્તિમાંથી વાસ્તવિક ભક્તિ જન્મે છે. ભક્તિ-સિદ્ધાંતમાં ભક્તિનાં ત્રણ તત્ત્વો મનાયાં છે : પ્રેમ, અનુગ્રહ અને ભક્તિ. પત્ની પ્રત્યેનો જે સ્નેહ હોય છે તેને પ્રેમ કહે છે, પુત્ર અને શિષ્ય પ્રત્યેના સ્નેહને અનુરાગ કહે છે. અને પોતાના આરાધ્યગુરુ વગેરે પ્રત્યેના સ્નેહને ભક્તિ કહે છે. વાસ્તવિક રીતે ભક્તિના કેન્દ્રસ્થાને સ્નેહ હોય છે. ભાગવતમાં જણાવ્યું છે કે 'નિષ્કામભાવે સ્વભાવની પ્રવૃત્તિ સત્યસ્વરૂપ ભગવાનમાં વિલીન થઈ જાય તેને ભક્તિ કહે છે.[૪] મનમાં ભગવત્પ્રેમ સિવાય કોઈ અભિલાષા ન હોય એવી અનુકુળતાપૂર્વક કૃષ્ણની સેવા કરવી તે ઉત્તમ ભક્તિ છેઃ

अन्याभिलाषिताशून्यं ज्ञानकर्माद्यनावृतम् ।
आनुकूल्येन कृष्णानुशीलनं भक्तिरूत्तमा ।। [૫]

આવી વ્યાકુળતા ભાગવતકાર પણ વર્ણવે છે : 'જ્યારે કોઈ ગ્રહગ્રસ્તની જેમ હસે, ક્યારેક રડે, ક્યારેક ધ્યાન કરે, ક્યારેક પ્રણામ કરે અને વારંવાર દીર્ઘ નિશ્વાસ નાખી, નિઃસહાય આત્મબુદ્ધિથી હે હરે, હે જગત્પતે, હે નારાયણ કહે, ત્યારે ભક્તિનો ઉદ્રેક જાણવો.[૬] નારદ પંચરાત્રમાં જણાવવામાં આવ્યું છે કે 'સર્વ ઉપાધિઓથી મુક્ત તત્પરતાપૂર્વક ઈન્દ્રિયો વડે ભગવાનની વિશુદ્ધ સેવા એ જ ભક્તિ છે.

सर्वोपाधिविनिर्मुक्तं तत्परत्वेन निर्मलम् ।
हृषीकेण ऋषिकेशसेवनं - भक्तिरुच्यते ।।[૭]

શાંકરદર્શનમાં પ્રતિપાદિત પારમાર્થિક, વ્યાવહારિક અને પ્રાતિભાસિક એ ત્રણ દશાઓ પૈકી વ્યાવહારિક દશામાં આચાર્ય શંકર પરમ ભક્ત રૂપે સિદ્ધ થયા છે. તેમણે લખેલાં વિવિધ દેવોની સ્તુતિ કરતાં અનેક સ્તોત્રો આ

બાબતને ટેકો આપે છે. આ દૃષ્ટિએ જોતાં શ્રીશંકરાચાર્ય ભક્તિની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે. 'મોક્ષની કારણ-સામગ્રીમાં ભક્તિ જ સર્વશ્રેષ્ઠ છે. પોતાના સ્વરૂપનું અનુસંધાન જ ભક્તિ છે. (આ પરાભક્તિ છે, દેવાદિવિષયક ભક્તિ અપરા ભક્તિ છે.)

मोक्षकारणसाग्रयां भक्तिरेव गरीयसी ।
स्वस्वरुपानुसंधानं भक्तिरित्यभिधीयते ।।[૮]

સ્વ (આત્મા) અને આત્મા (પરમાત્મા)ના અનુસંધાનને આચાર્ય ભક્તિ કહે છેઃ स्वात्त्मतत्त्वानुसंधानं भक्ति –रित्यपरे जगु: ।[૯] મહર્ષિ વ્યાસ જણાવે છે કે 'ભગવાનની પૂજા આદિમાં અનુરાગ હોવો એ ભક્તિ છે.' पूजादिष्वनुराग इति पाराशर्य: ।[૧૦] ગર્ગાચાર્યના મતાનુસાર 'ભગવાનની કથા આદિમાં અનુરાગ હોવો તે ભક્તિ છેઃ कथादिष्विति गर्ग: ।[૧૧] શાંડિલ્યઋષિ અનુસાર 'આત્મરતિના અવિરોધી વિષયમાં અનુરાગ હોવો એ જ ભક્તિ છે. आत्मरत्यविरोधेनेति शाण्डिल्य: ।[૧૨] મધુસૂદન સરસ્વતી અનુસાર 'ભગવાનના ગુણ-લીલાદિના શ્રવણથી દ્રવિત થયેલા ચિત્તની ભગવાનની તરફ (થયેલી) અવિરત વૃત્તિને ભક્તિ કહે છે.

द्रुतस्य भगवद्धर्माद्धारावाहिकतां गता । सर्वशे भुनसोवृत्तिर्भक्तिरित्यभिधीयते ।।[૧૩] રૂપ ગોસ્વામીકૃત 'ભક્તિરસામૃતસિન્ધુમાં જણાવ્યા અનુસાર 'આરાધ્ય પ્રત્યે અસીમ પ્રેમ તેમ જ દાસ્યથી યુક્ત એકાંતિક ભક્તિ શ્રેષ્ઠ છે. ભગવાન પ્રત્યે સ્વાભાવિક પ્રેમ-પૂર્વક આવેશ અને તન્મયતાથી યુક્ત ભક્તિ જ રાગાત્મિકા ભક્તિ કહેવાય છે.

इष्टि स्वारसिको राग: परमाविष्टता भवेत् ।
तन्मयी या भवेद् भक्ति: साऽत्र रागात्मिकोदिता ।।[૧૪]

નિશ્ચલ અપૂર્વ પ્રેમ ભક્તિનો પ્રાણ છે. તે ભક્તના પ્રેમપૂર્ણ હૃદયમાં પરમાત્મા પ્રત્યે મમત્વ જન્માવે છે અને સ્નેહના વિવિધ સંબંધોમાં વ્યક્ત થાય છે. ''હે હરે! તમે જ જગતના પિતા, માતા, પ્રિયપુત્ર, પ્રિયમિત્ર, ગુરુ અને ગતિ છો, હું તમારો સંબંધી, તમારો દાસ, તમારો સેવક, તમને જ ગતિ-સ્વરૂપ માનનાર અને તમારો શરણાગત છું, હવે મારો બધો જ ભાર તમારા પર છે.''[૧૫] વલ્લાભાચાર્યના મતાનુસાર ભગવાનના મહિમાના જ્ઞાનપૂર્વક તેમના પ્રત્યે અચળ અને સર્વાધિક પ્રેમ તે ભક્તિ. આ પ્રકારની ભક્તિ દ્વારા જ જીવની મુક્તિ થાય છે, બીજી કોઈ રીતે નહીં.

माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढ सर्वतोऽधिक: ।
स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा ।।[૧૬]

છાંદોગ્ય ઉપનિષદ્‌માં પરમાત્માભક્તિને સર્વોત્કૃષ્ટ રસ કહ્યો છે. એ એવો રસ છે જે પોતાના માધુર્યથી મનરૂપી ચાતકને મસ્ત કરી દે છે.

स एष रसानां रसतम: परम: परार्ध्या ।[૧૭]

ચૈતન્યસંપ્રદાયના રૂપગોસ્વામીએ 'ભક્તિરસામૃતસિન્ધુ' અને 'ઉજ્જવલનીલમણિ' નામના ગ્રન્થો લખીને

ભક્તિની રસ તરીકે સ્થાપના કરી છે, તે ખરેખર એક આશ્ચર્યકારક ઘટના છે. આમાં ભક્તિની વિવેચના આલંકારિક સ્વરૂપે કરવામાં આવી છે. ઉપાસના એ ભક્તિની અભિવ્યક્તિનો મુખ્ય માર્ગ છે. ઉપાસનાનો સામાન્ય અર્થ 'પાસે જઈને બેસવું' એવો થાય છેઃ उपगम्य आसनं इति उपासना । 'મન, કર્મ અને વચનથી હંમેશાં સર્વ સ્થિતિઓમાં આરાધ્ય દેવની સમીપ રહીને સેવા કરતી તેને ઉપાસના કહેવાય''[૧૮] કેટલાક ભક્તિગ્રન્થોમાં પૂજા, સેવામાં ઉપસ્થિત થવું ઇત્યાદિ અર્થમાં ઉપાસના શબ્દનો પ્રયોગ થયેલો છે. રામાનુજાચાર્યના મતે ઉપાસનાનાં પાંચ અંગો છેઃ અભિગમન, ઉપાદાન, ઈજ્યા, સ્વાધ્યાય અને યોગ. આ પાંચ અંગોના સહયોગથી પરમાત્માનું દર્શન થાય છે. પરમાત્મતત્ત્વનાં મુખ્ય બે સ્વરૂપો છેઃ ૧. સગુણ અને ૨. નિર્ગુણ. તેથી ઉપાસનાનાં પણ બે પ્રકાર થઈ શકે :

(ક) સગુણોપાસના અને (ખ) નિર્ગુણોપાસના.

આમાં સગુણોપાસના બે પ્રકારની છે (૧) પ્રભુનાં નામ, રૂપ, લીલા અને ધામના મહિમાનું ધ્યાનપૂર્વક વર્ણન કરવું અને (૨) પ્રભુ સાથે સંબંધ જોડવો. આ પ્રકારના સંબંધના પાંચ પ્રકાર છે.

(૧) શાંતભાવ - શમ-દમપૂર્વક દેવત્વની ઉપાસના

(૨) દાસ્યભાવ - પ્રભુના સેવક બની તેમની સેવા કરવી.

(૩) સખ્યભાવ - પ્રભુ સાથે મિત્રભાવ રાખવો.

(૪) વાત્સલ્યભાવ - પ્રભુ પ્રત્યે પુત્ર કે શિષ્યવત્ સ્નેહ

(૫) શૃંગારભાવ - ગોપીઓની જેમ આરાધ્યને પતિ કે પ્રિયતમ માનવા.

આ સિવાય ઉપાસનાનાં બીજાં ચાર અંગો છેઃ (અ) અર્ચના, (બ) સ્તુતિ (ક) જપ અને (ડ) ધ્યાન.

અર્ચનાનો સામાન્ય અર્થ પૂજા થાય છે. તે માટે મૂર્તિની જરૂર પડે છે અને તેવી મૂર્તિ મનોકલ્પિત હોય તો પણ ચાલે. 'स्तु' ધાતુમાંથી 'स्तुति' શબ્દ નિષ્પન્ન થાય છે. તેનો અર્થ થાય છે - 'આરાધ્યના ગુણોની પ્રશંસા કરવી'. કોઈપણ પદાર્થ, વ્યક્તિ કે પરમતત્ત્વમાં વિદ્યમાન ગુણોનું યથોચિત વર્ણન કરવું તે 'સ્તુતિ'. સ્તુતિના પણ ચાર પ્રકાર છે : વૈદિકી, પૌરાણિકી, તાંત્રિકી અને લૌકિકી. જપ મંત્રાત્મક હોય છે. સામાન્યતઃ જપમંત્રના આરંભે ઓમ અને અંતે નમઃ પદ મૂકાય છે. જેમકે ૐ सरस्वत्यै नमः।' ભક્તિનું એક બીજું મહત્ત્વનું અંગ પરમાત્મા કે દેવતાની પૂજા છે. 'पूज्' ધાતુમાંથી બનેલ શબ્દ 'पूजा' પુષ્પાદિ દ્વારા અર્ચના, ગંધ-માળા-વસ્ત્ર-પાનાદિ દ્વારા સત્કાર; પુણ્ય, ફળ, આહાર તથા વસ્ત્રાદિ દ્વારા ઉપચાર વગેરે ક્રિયાઓ કરવાના અર્થમાં વપરાયો છે.[૧૯] પૂજાના લગભગ ૧૬, ૧૮ કે ૬૪ જેટલા ઉપચારો બતાવવામાં આવ્યાં છે. વૈષ્ણવ સંપ્રદાયમાં અર્ચાવતારમાં આહ્વાન, આસન, પાદ્ય, અર્ધ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, યજ્ઞોપવિત, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, તામ્બુલ, પ્રદક્ષિણા અને વિસર્જન એ મુખ્ય ૧૬ ઉપચારો છે. ઇષ્ટમંત્રો દ્વારા પરમાત્માના આ ઉપચારો કરાય છે. ભક્તિમાર્ગમાં વળેલો

ભક્ત કોમળ હૃદયનો હોય છે. તે ભગવાનની લીલા, દયાળુતા, ઉદારતા આદિનું વર્ણન સાંભળીને દ્રવિત થઈ જાય છે. તે રડવા લાગે છે, તેનું ગળુ રુંધાઈ જાય છે અને શરીર રોમાંચિત થઈ જાય છે. આવા કોમળ હૃદયના જીવમાં ભક્તિના ફળસ્વરૂપે ઇહ-લોક અને પરલોકના સુખની પ્રાપ્તિ થાય છે.

**ભક્તિના પ્રકારો :**

ભક્તિ સાથે જોડાયેલ સાહિત્યમાં ભક્તિના વિવિધ પ્રકારો જોવા મળે છે. ભક્તિના પ્રમુખ બે પ્રકારો છે :

(૧) સાધનરૂપ ભક્તિ

(૨) સાધ્યરૂપ ભક્તિ

સાધનરૂપ ભક્તિને વૈધી અને નવધાના નામથી ઓળખવામાં આવે છે, જ્યારે સાધ્યરૂપ ભક્તિને પ્રેમા-પ્રેમલક્ષણા કહેવાય છે. નવધા સાધનરૂપ છે અને પ્રેમા સાધ્યરૂપ. હવે આપણને પ્રશ્ન થાય કે વૈધી ભક્તિ કોને કહી શકાય? પરમાત્મા જેનાથી સંતુષ્ટ થાય, તેવા પ્રકારના ભાવથી ભાવુક થઈને તેમની આજ્ઞાનુસાર આચરણ કરવું તે વૈધીભક્તિ છે. સાહિત્યમાં તેનાં અનેક પ્રકારનાં લક્ષણો બતાવ્યાં છે. શ્રીમદ્ ભાગવતના સાતમા સ્કન્ધમાં પ્રહલાદે ભગવાન વિષ્ણુની ભક્તિના નવ પ્રકારો બતાવ્યા છે, જે નીચે પ્રમાણે છે :

(૧) શ્રવણ - પરમાત્માના ગુણ, લીલા અને નામાદિનું શ્રવણ કરવું.

(૨) કીર્તન - પરમાત્માના ગુણ, લીલા અને નામાદિનું કીર્તન કરવું.

(૩) સ્મરણ - પરમાત્માના ગુણ, લીલા અને નામાદિનું સ્મરણ કરવું.

(૪) પાદ-સેવન - પરમાત્માના ચરણોની સેવામાં ઉપસ્થિત થવું

(૫) અર્ચન - પરમાત્માની મૂર્તિની પૂજા કરવી.

(૬) વન્દન - પરમાત્માને વંદન કરવાં.

(૭) દાસ્ય - દાસભાવે પરમાત્માની ભક્તિ

(૮) સખ્ય - સખા ભાવે પરમાત્માની ભક્તિ

(૯) આત્મ-નિવેદન - આત્મદોષના એકરારપૂર્વક પરમાત્માની શરણાગતિ સ્વીકારવીઃ

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ।।[२०]

આ નવ પ્રકારની ભક્તિને નવધાભક્તિ કહે છે આને જ વૈધી, સાધનભક્તિ અથવા મર્યાદાભક્તિ એવા

નામે ઓળખવામાં આવે છે. આ પ્રકારની ભક્તિથી કર્મગ્રંથિ છિન્ન થઈ જાય છે, અશુભ વાસનાઓ નષ્ટ થઈ જાય છે. સત્ત્વગુણ પ્રગટ થાય છે. આરાધ્યના સ્વરૂપ અને આરાધકના ભાવને આધારે નવધા ભક્તિનું વિશ્લેષણ નીચે પ્રમાણે કરવામાં આવ્યું છે.

(अ) શ્રવણ, કીર્તન અને સ્મરણનો સંબંધ પરમાત્માના નામ સાથે હોય છે, એટલે કે શ્રવણ, કીર્તન અને સ્મરણ પરમાત્માના નામનું જ કરવામાં આવે છે.

(ब) પાદસેવન, અર્ચન અને વંદનનો સંબંધ પરમાત્માની સુંદરતા (રૂપ) સાથે રહેલો છે, કારણ કે અહીં ભક્તના સામે રહેલાં પરમાત્માના સ્વરૂપને - તેમની મૂર્તિને ઉદ્દેશીને જ તેનું ચરણપૂજન, અર્ચન અને વંદન કરવામાં આવે છે. ભક્તની સામે પરમાત્માનું કોઇ સ્વરૂપ જ ન હોય તો આ ત્રણ અંગો ચરણપૂજન, અર્ચન અને વંદનનું કોઇ સાર્થક્ય રહેતું નથી. એ તો સ્વાભાવિક જ છે કે માનવમાત્ર સુંદરતાના સ્વરૂપ સાથે સંકળાયેલો છે. તેથી તેના આલંબન રૂપે જે તત્ત્વ છે તે પણ નામરૂપધારી હોવું જોઈએ. આથી આ ત્રણેનો સંબંધ પરમાત્માની સુંદરતા (રૂપ) ની સાથે છે.

(क) દાસ્ય, સખ્ય તથા આત્મનિવેદનનો સંબંધ ભક્તના હૃદયગત ભાવોની સાથે રહેલો છે. ઉપરના છ પ્રકારોથી આ ત્રણ પ્રકારો અલગ તરી આવે છે. આ ત્રણે ભાવો કોઈ ભાવાત્મક જગતનાં તત્ત્વો સાથે સંબંધ ધરાવતાં હોવાથી તેનાં દાસ્યભાવ, સખ્યભાવ અને આત્મનિવેદનભાવ એવાં નામ આપવામાં આવ્યાં છે.

પરમાત્માના નામની સાથે સંબંધ ધરાવતાં સાધનો (શ્રવણ, કીર્તન, સ્મરણ) શ્રદ્ધા અને વિશ્વાસની વૃદ્ધિનાં સહાયક છે. તો પ્રભુની સુંદરતાની સાથે સંબંધ ધરાવતાં સાધન (પાદસેવન અર્ચન, વંદન) વૈધી ભક્તિનાં વિશિષ્ટ અંગ બને છે અને ભક્તના મનોભાવો સાથે સંબંધ ધરાવનાર સાધન (દાસ્ય, સખ્ય, આત્મનિવેદન) અનુરાગાત્મિકા ભક્તિ સાથે ઘનિષ્ટ સંબંધ ધરાવે છે. નવધા ભક્તિ સાધકની દૃષ્ટિથી ત્રણ વર્ગોમાં વિભક્ત થઈ છે;

(૧) કાયિક - શ્રવણ, પાદસેવન, અર્ચન અને વંદન

(૨) વાચિક - કીર્તન

(૩) માનસિક - સ્મરણ, સખ્ય, દાસ્ય તથા આત્મનિવેદન.

ભક્તિના આ નવે પ્રકારોમાંથી ભક્ત કોઈ પણ એક પ્રકારથી પણ પરમાત્માનું શરણ સ્વીકારે તો તેનો ઉદ્ધાર અવશ્ય થાય છે. હવે નવ પ્રકારોને વિસ્તૃત રીતે સમજીએ.

### (૧) શ્રવણ :-

ભગવાનના પ્રેમી ભક્તો દ્વારા કહેવામાં આવેલાં ભગવાનનાં નામ, રૂપ, ગુણ, પ્રભાવ, લીલા, તત્ત્વ અને રહસ્યમયી અમૃતરૂપી કથાઓનું શ્રદ્ધા અને પ્રેમપૂર્વક શ્રવણ કરવું તેને શ્રવણ-ભક્તિ કહે છે. શ્રદ્ધા અને પ્રેમપૂર્વક

મહાપુરુષોને સાષ્ટાંગ પ્રણામ, તેમની સેવા તથા તેમના બતાવેલા માર્ગ અનુસાર આચરણ કરવામાં તત્પર રહેવું આ શ્રવણ ભક્તિને પ્રાપ્ત કરવાની વિધિ છે.

શ્રવણભક્તિમાં અમુક પ્રકારના ચોક્સાઈપૂર્વકના નિયમોનું પાલન કરવાનું હોય છે. ભાગવતમાહાત્મ્ય અનુસાર 'કથા શ્રવણના વ્રતવાળાએ બ્રહ્મચર્યનું પાલન કરવું, નીચે સૂવું, નિત્ય કથાશ્રવણ કર્યા પછી વૃક્ષના પાનમાંથી બનાવેલ પત્રાવલિમાં ભોજન કરવું. ચોખા, મધ, તેલ ભારે અન્ન, દુષ્ટવૃત્તિઓથી જોવાયેલું અને વાસીઅન્ન, કામ, ક્રોધ, મદ, માન, મત્સર, લોભ, દંભ, મોહ અને દ્વેષનો ત્યાગ કરવો; વેદોની, વૈષ્ણવોની, ગુરુઓની, ગાયોની, વ્રતધારીઓની, સ્ત્રીઓની, રાજાઓની, તથા મહાત્માઓની નિંદા કરવી નહીં. તેમ જ રજસ્વાલા, ચાંડાલ, મ્લેચ્છા, પતિત, અસંસ્કારી, બ્રાહ્મણદ્વૈષી અને વેદબાહ્ય (નગ્ન) મનુષ્યો સાથે વ્યવહાર રાખવો નહીં. સત્ય, પવિત્રતા, દયા, મૌન, સરળતા વિનય-વિવેક, તેમજ મનની ઉદારતા રાખવી.[૨૧] આ પ્રકારના નિયમો શ્રવણ ભક્તિમાં આચરવાના હોય છે.'

મનુષ્ય જેવો સંગ કરે છે, તેવા સંગ અનુસાર જ તેના પર એવો જ પ્રભાવ પડે છે. શ્રવણ ભક્તિ પણ સત્સંગીને જ મળે છે. કેમ કે સત્સંગ જ શ્રવણ ભક્તિનો મુખ્ય હેતુ છે. સત્પુરુષોનું દર્શન, ભાષણ, સ્પર્શ, ચિંતન અને તેમના સંગથી પાપી મનુષ્ય પણ પરમ પવિત્ર બની જાય છે. મહાપુરુષોની કૃપા સિવાય કોઈપણ મનુષ્ય પરમપદને પ્રાપ્ત કરી શકતો નથી. 'મહાપુરુષોનો સંગ દુર્લભ, અગમ્ય અને અમોઘ છે.' એટલા માટે ભગવત્પ્રાપ્તિની ઈચ્છાવાળા ભક્તે આવા સત્પુરુષોનો સંગ અવશ્ય કરવો જોઈએ. મહર્ષિ નારદ પણ કહે છે કે - महत्सङ्गास्तु दुर्लभोङ्गम्योऽमोधश्च ।[૨૨] 'મહાપુરુષોનો સંગ દુર્લભ, અગમ્ય અને અમોઘ છે.' અને तदेव साध्यताम्, तदेव साध्यताम् । તે સત્સંગથી સાધના કરો - સત્સંગની સાધના કરો. અર્થાત્ સંત-મહાપુરુષોનો સંગ, સેવા અને આજ્ઞાનું પાલન કરો. મંદબુદ્ધિ ભક્તો પોતે ન જાણતા તત્ત્વને બીજા જાણનારા પુરુષો પાસેથી સાંભળી ઉપાસના કરે છે. તેવા શ્રવણપરાયણ ભક્ત પણ આ મૃત્યુરૂપ સંસાર-સાગરને નિઃસંદેહ તરી જાય છે. નારદ ભાગવતમાહાત્મ્યમાં સનકાદિ મુનિઓને કહે છે :

श्रवणं सर्वधर्मेभ्यो वरं मन्ये तपोधनाः ।
वैकुण्ठस्थो यतः कृष्णः श्रवणाद् यस्य लभ्यते ।।[२३]

'હે તપોધનો, હું ભગવાનના ગુણાનુવાદના શ્રવણને સર્વ ધર્મોથી શ્રેષ્ઠ માનું છું, કેમકે ભગવાનના ગુણાનુવાદ સાંભળવાથી વૈકુંઠમાં રહેલા ભગવાનની પ્રાપ્તિ થાય છે. કેવળ શ્રવણભક્તિ કરવાથી પણ ભગવાનની પ્રાપ્તિ થાય છે. તેવાં શાસ્ત્રોમાં ઘણાં પ્રમાણ મળે છે. ઈતિહાસ અને પુરાણોમાં આવાં અનેક ઉદાહરણ છે. રાજા પરીક્ષિત ભાગવતને સાંભળીને જ પરમપદને પામ્યા હતા. શ્રીમદ્ ભાગવતમાહાત્મ્યમાં લખ્યું છે કે -

असारे संसारे विषयविषसङ्गानुकलधियः ।
क्षणार्द्धं क्षेमार्थं पिबत शुकगाथातुलसुधाम् ।।
किमर्थ व्यर्थं भो व्रजत कुपथे कुत्सितकथे ।
परीक्षित्साक्षी यच्छ्रवणगतमुक्त्युक्ति कथने ।।[२४]

''હે વિષયરૂપ વિષયના સંસર્ગથી વ્યાકુળ બુદ્ધિવાળા પુરુષો! શા માટે ખરાબ કાર્યો રૂપી કુમાર્ગે વ્યર્થ ઘૂમી રહ્યા છો! આ અસાર સંસારના કલ્યાણ માટે શુકદેવજીના મુખમાંથી નીકળેલી કથારૂપી અમૃતનું અડધી ક્ષણ માટે પણ પાન કરો. તેના શ્રવણથી મુક્તિ મળે છે - આ કથનનું પરીક્ષિત પ્રમાણ છે.'' શૌનકાદિ ઘણા ઋષિઓ પુરાણ અને ઈતિહાસનું શ્રવણ કરવામાં જ પોતાના સમયને વ્યતીત કરતા. આ મનુષ્ય-જીવન માટે બીજો કોઈ પણ વિષય આનાથી વધારે આનંદદાયક-શ્રવણીય નથી. અને તે મહાપુરુષોના સંગથી પ્રાપ્ત થાય છે. એટલા માટે મહાપુરુષોના સંગ સિવાય આનંદદાયક, લાભપ્રદ આ સંસારમાં કોઈ પણ પદાર્થ મનુષ્યો માટે નથી. શ્રવણ ભક્તિનું ફળ ચિત્તશુદ્ધિ છે. ભાગવત-માહાત્મ્યમાં જણાવ્યા અનુસાર 'યમદેવ પોતાના પાશધારી સેવકોને તેમના કાનમાં કહે છે કે : ''ભગવાનનાં ચરિત્રોમાં મસ્ત રહેનારા પુરુષોનો ત્યાગ કરજો, તેમને અહીં લાવશો નહિ, કેમકે હું બીજા મનુષ્યોનો સ્વામી છું. વૈષ્ણવોનો નહિ'' :

स्वपुरुषमपि वीक्ष्य पाशहस्तं वद्ति यमः किल तस्य कर्णमूले ।
परिहर भगवत्कथासुमत्तान् प्रभुरहमन्यनृणां न वैष्णवानाम् ।।[२५]

ભાગવત ઉપરની ભાવાર્થદીપિકાપ્રકાશ નામની ટીકામાં ગુણ-શ્રવણ નહિ કરનાર પુરુષ અવજ્ઞાનું પાત્ર બની કૂતરા સમાન બને છે. પાપ અને વિષયોમાં આસક્ત હોવાથી ભૂંડ જેવો છે, કાંટા સમાન વિષયોમાં પ્રેમ રાખતો હોવાથી ઊંટ જેવો છે અને સંસારનો વૃથા ભાર ઉપાડનારો હોઈ ગધેડા જેવો છે.

શ્રીજીવગોસ્વામી અને વંશીધર શ્રવણ ભક્તિ માટે કહે છે કે શ્રવણ અંતઃકરણની શુદ્ધિ માટે આવશ્યક છે. અંતઃકરણ શુદ્ધ થતાં, પરમાત્માના રૂપની ઝાંખી થાય છે અને ભવ્યતા વગેરેનું શ્રવણ થતાં (પરમાત્માના) રૂપના આવિર્ભાવની યોગ્યતાવાળો ભક્ત બને છે. ત્યારપછી રૂપનો ઉદય થતાં પરમાત્માના સંનિધાનમાં એક મુખ્ય સ્વરૂપની સાથે રહેલાં અન્ય સ્વરૂપોની વિશિષ્ટતાને લીધે તેનાં મુખ્ય સ્વરૂપમાં વૈશિષ્ટય આવે છે. પછી નામ, રૂપ, ગુણ અને પરિકર જ્યારે સારી રીતે સ્ફૂરણા પામી ગયાં હોય છે, ત્યારે ભગવાનની લીલાઓનું રુચિજનક સુંદરરીતે સ્ફૂરણ થાય છે. આ અભિપ્રાય મનમાં રાખીને સાધનક્રમ (રૂપશ્રવણ, ગુણશ્રવણ, લીલાશ્રવણ) જણાવવામાં આવ્યો છે.[૨૭]

ભક્તે પોતાનું સર્વસ્વ મહાપુરુષોના સંગમાં રહેતાં પરમાત્માના નામ, રૂપ, ગુણ, પ્રેમ, પ્રભાવ, લીલા, ધામ, રહસ્ય અને તત્ત્વની અમૃત-સમાન કથાઓનું નિરંતર શ્રવણ કરવામાં લગાડવું જોઈએ.

## (૨) કીર્તન :

પરમાત્માનાં નામ, રૂપ, ગુણ, પ્રભાવ, લીલા અને રહસ્યનું શ્રદ્ધા અને પ્રેમપૂર્વક ઉચ્ચારણ કરતાં-કરતાં શરીરમાં રોમાંચ, કંઠાવરોધ, અશ્રુપાત, હૃદયની પ્રફુલ્લતા, મુગ્ધતા વગેરેનું હોવું તે કીર્તન ભક્તિનું સ્વરૂપ છે. કથા વ્યાખ્યાનાદિ દ્વારા ભક્તોની સામે ભગવાનના પ્રેમ-ભાવનું કથન કરવું, એકાંતમાં અથવા સમૂહમાં તેમના નામના જપ અને ઊંચા સ્વરમાં કીર્તન કરવું. પરમાત્માના ગુણ, પ્રભાવ અને ચરિત્ર આદિથી શ્રદ્ધા અને પ્રેમપૂર્વક ધીરે-ધીરે અથવા ઊંચા સ્વરથી, ઊભા-ઊલ્ટા અથવા બેસીને વાદ્ય-નૃત્ય સહિત દિવ્ય સ્તોત્ર તથા પદો દ્વારા પરમાત્માની સ્તુતિ-પ્રાર્થના કરવી. આ ભક્તિને પ્રાપ્ત કરવાનો ઉપાય છે.

ભાગવત પરની વીરરાઘવવ્યાખ્યા અને બાલપ્રબોધિની પરની ટીકામાં કહ્યું છે : 'કીર્તન ભક્તિ એટલે પરમાત્માનાં નામ, રૂપ, ગુણ અને લીલાનું કીર્તન. कीर्तनं नामोच्चारणाधात्मकम् । विष्णुमाहात्म्यस्य कीर्तनम् ॥[૨૮] મનુષ્ય તપ, યોગ કે સમાધિથી જે ફળ મેળવતો નથી, તે ફળ કળિયુગમાં શ્રીકૃષ્ણકીર્તનથી મેળવે છે. यत्फलं नास्ति तपसा न योगेन समाधिना । तत्फलं लभते सम्यक्कलौ केशव-कीर्तनात् ।।[૨૯] પરમાત્માના ભક્તો દ્વારા તેમના પ્રેમ, પ્રભાવ, તત્ત્વ અને રહસ્યને સાંભળવાથી અને તેનું અધ્યયન કરવાથી પરમાત્મામાં શ્રદ્ધા પેદા થાય છે, ત્યારે મનુષ્ય ઉપર્યુક્ત કીર્તન-ભક્તિને પ્રાપ્ત કરી શકે છે. કેવળ કીર્તન-ભક્તિથી પણ મનુષ્ય પરમાત્માની દયાથી તેમને અનન્ય પ્રેમ કરી તેને પામી શકે છે. ગીતામાં ભગવાન જણાવે છે કે

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्य: सम्यग्व्यवसितो हि स: ।।
क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ।
कौन्तेय प्रति जानीहि न मे भक्त: प्रणश्यति ।।[૩૦]

''કોઈ અતિશય દુરાચારી પણ અનન્ય ભાવથી મારો ભક્ત બની મને ભજે છે, તો તે સાધુ જ મનાય છે, કેમકે તે યથાર્થ નિશ્ચયવાળો છે, અર્થાત્ તેણે નિશ્ચય કરી લીધો હોય છે કે પરમાત્માનું ભજન કરવા સમાન બીજું કંઈ પણ નથી. એટલે તે તરત જ ધર્માત્મા બની જાય છે અને સદા રહેનારી પરમ શાંતિને પ્રાપ્ત કરે છે. ''હે અર્જુન! તું નિશ્ચયપૂર્વક સત્ય જાણ કે મારો ભક્ત કદી નષ્ટ થતો નથી.'' મહર્ષિ પંતજલિ પાતંજલયોગમાં કીર્તનરૂપભક્તિની સમજ આપતાં જણાવે છે કે - तस्य वाचक: प्रणव:[૩૧], તે પરમાત્માનું નામ ઓમકાર છે. तज्जपस्तदर्थभावनम् ।[૩૨] તે પરમાત્માના નામનો જપ અને તેમના અર્થની ભાવના અર્થાત્ તેમના સ્વરૂપનું ચિંતન કરવું: तत: प्रत्येकेचतनाधिगमोऽप्यन्तराया भावश्च ।[૩૩] ઉપર્યુક્ત સાધનોથી સંપૂર્ણ વિઘ્નોનો નાશ અને પરમાત્માની પ્રાપ્તિ પણ થાય છે. કીર્તનભક્તિથી પૂર્વકાળમાં ઘણા ભક્તો પરમપદને પામ્યા હતા. ઈતિહાસ અને પુરાણોમાં તથા રામાયણમાં આનાં ઘણાં ઉદાહરણ પ્રાપ્ત થાય છે. ભગવાનનાં નામ અને ગુણરૂપ કીર્તનના પ્રતાપથી પૂર્વકાળમાં નારદ, વાલ્મીકિ, શુકદેવ આદિ અનેક ભક્તો પરમપદને પામ્યા હતા. તેમના જીવનનો ઈતિહાસ વિખ્યાત છે. પરમ ભક્ત તો ભગવાનને પામે જ છે, પરંતુ જે મહાપાપી હોય તે પણ ભગવાનમાં પ્રેમ થવાથી પરમપદને પામે છે.

આમ પરમાત્માનાં નામ અને ગુણોનું કીર્તન કરવામાં નિત્ય-નિરંતર તત્પર રહેવું જોઈએ.

## (૩) **સ્મરણ :**

સ્મરણ ભક્તિમાં પરમાત્માનાં નામ, રૂપ, લીલા આદિનું મનથી અનુસંધાન કરવું. આવું જ મંતવ્ય ભાગવતના ટીકાકારોનું પણ છે. स्मरणं यत्किञ्चिन्मनसाऽनुसन्धानम् ।[૩૪] स्मरणं स्वरूपादिविषयकमेव ।[૩૫] विष्णो: स्मरणं तस्य तल्लीलाविशिष्टास्वरुपस्मरणम् ।[૩૬] સ્મરણ ભક્તિમાં શ્રદ્ધા અને પ્રેમપૂર્વક શ્રવણ અને પઠન કરવામાં આવે છે અને આ પ્રમાણે મનન કરતાં-કરતાં ભગવાનના સ્વરૂપમાં ધ્રુવની માફક તલ્લીન થઈ જવું તે સ્મરણ ભક્તિનું સ્વરૂપ છે.

સ્મરણ ભક્તિ માટે એકાન્ત અને પવિત્ર સ્થાનમાં સુખપૂર્વક સ્થિર, સરળ આસન ઉપર બેસી ઇન્દ્રિયોને વિષય-રહિત કરી, કામના અને સંકલ્પનો ત્યાગ કરી, પ્રશાન્ત અને વૈરાગ્યયુક્ત મનથી સ્વાભાવિક શુદ્ધ અને સરલભાવથી ભગવાનના સગુણ-નિર્ગુણ, સાકાર-નિરાકાર આદિ તત્ત્વોને જાણીને ગુણ અને પ્રભાવસહિત ભગવાનના સ્વરૂપનું ચિંતન કરવું, ભગવાનનાં નામનું મનથી સ્મરણ કરવું. ભગવાનની લીલાઓનું સ્મરણ કરી મુગ્ધ થવું, દિવ્ય સ્તોત્ર અને પદોથી મન દ્વારા સ્તુતિ અને પ્રાર્થના કરવી. આ પ્રમાણે સ્મરણના અનેક પ્રકાર બતાવવામાં આવ્યા છે. પ્રેમી ભક્તો દ્વારા ભગવદ્-વિષયક ધાર્મિક સાહિત્યનું પઠન કરવું, ભગવાનના નામનો જપ અને કીર્તન કરવું, પરમાત્મામાં ધ્યાનસ્થ બની કરુણાભાવથી સ્તુતિ-પ્રાર્થના કરવી. આ સર્વ બાબતો સ્મરણ ભક્તિને પ્રાપ્ત કરવા માટે છે. સ્મરણ ભક્તિથી સર્વ પાપ, વિઘ્ન, અવગુણ અને દુઃખોનો અત્યંત અભાવ જોવા મળે છે. ભગવદ્-સ્મરણથી મનુષ્ય જે કંઇ ચાહે તે પ્રાપ્ત કરી શકે છે. ભગવદ્પ્રાપ્તિરૂપ પરમ-શાંતિની પ્રાપ્તિ પણ અતિ શીઘ્ર અને સહજતાથી થાય છે. શ્રુતિ, સ્મૃતિ, ઇતિહાસ, પુરાણ, સંત અને મહાત્માઓએ ભગવદ્ સ્મરણ (ધ્યાન)નો મહિમા બતાવ્યો છે. કઠોપનિષદ્માં કહ્યું છે કે -

एतद्धयेवाक्षरं ब्रह्म एतद्धयेवाक्षरं परम् ।
एतद्धयेवाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत् ।।[३७]

''આ ઓમકાર અક્ષર જ બ્રહ્મ છે. તે જ પરબ્રહ્મ છે. આ જ ઓમકાર અક્ષરને જાણીને જે મનુષ્ય જે વસ્તુને ચાહે છે તેને તે મળે છે.'' ભગવદ્-ગીતામાં ભગવાને કહ્યું છે કે - પુરુષ સંપૂર્ણ ભૂતોમાં સર્વના આત્મારૂપ મને વાસુદેવને જ વ્યાપક રીતે જુએ છે અને સંપૂર્ણ ભૂતોને મારા અંતર્ગત જુએ છે. તેના માટે હું અદૃશ્ય થતો નથી અને તે મારા માટે અદૃશ્ય થતો નથી.

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ।।[३८]

સ્મરણ કરનારા ભક્તોનાં શાસ્ત્રોમાં ઘણાં નામો આવે છે. સનકાદિ, ધ્રુવ, ભીષ્મ, કુન્તી વગેરે સ્મરણ ભક્તિથી પરમપદને પામ્યાં હતાં. આ જ પ્રમાણે જટાયુ નામના પક્ષીને પણ ભગવદ્-સ્મરણથી જ પરમ-ગતિ પ્રાપ્ત થઇ હતી. ગુણ, પ્રભાવ અને પ્રેમસહિત ભગવાનના સ્વરૂપના ધ્યાન જેવું આ સંસારમાં શીઘ્ર ઉદ્ધાર કરનાર કોઇ બીજું સાધન નથી, પ્રાયઃ સર્વ સાધનોનું ફળ પરમાત્માનું સ્મરણ કરવું તે છે. માટે ભક્તે પોતાનું સમગ્ર જીવન ઉપર્યુક્ત પ્રકારના ભગવદ્ચિંતનમાં વિતાવવું જોઇએ. પરમાત્માની પ્રાપ્તિની ઇચ્છાવાળા સાધકે સર્વ કાર્યો કરતાં ગાય જેમ વાછરડાનું, કામી સ્ત્રીનું, લોભી ધનનું, નટી પોતાના ચરણોનું ધ્યાન રાખે તેવી રીતે પરમાત્માનું ધ્યાન રાખવું જોઇએ. વંશીધર જણાવે છે કે આ નામાદિના સંબંધને લીધે આ સ્મરણ ઘણા પ્રકારનું હોય છે. તેના પાંચ પ્રકાર છેઃ

(૧) કીર્તન દ્વારા પરમાત્માના સ્વરૂપનું અનુસંધાન

(૨) સ્મરણ

(૩) સર્વ બાજુએથી ચિત્તને ખેંચીને સામાન્ય રૂપે પરમાત્મ-તત્ત્વમાં મનની ધારણા

(૪) વિશેષ ધારણા થતાં તે-તે વિશેષ રૂપનું ચિંતન

(૫) ધ્યાન

આ રીતે સ્મરણના પાંચ પ્રકાર બતાવ્યા છે.

''અમૃતધારાની માફક સતત પ્રવાહિત એવું સ્મરણ એને જ નિશ્ચલ અનુસ્મરણ કહે છે. તે ધ્યેયનું સ્ફુરણ છે, અન્યનું નહિ, કેમકે સ્મરણ જ સમાધિ છે.''

तदेव नामादिसम्बन्धित्वेन बहुविधं भवति । तच्च पञ्चविधं युक्तिं चिदनुसन्धानं स्मरणं सर्वतश्चित्तमाकृष्य सामान्याकारे मनोधारणं धारणा–विशेषतो रूपादिचिन्तनं ध्यानम् । अमृतधारावदवच्छिन्नं तत् ध्रुवानुस्मृतिः ध्येयमात्र स्फुरणं समाधिरिति।[૩૯]

આ રીતે સ્મરણ ભક્તિની મીમાંસા વિવિધ શાસ્ત્રગ્રન્થોમાં મળે છે.

## (૪) પાદસેવન :

શ્રી ભગવાનના દિવ્ય મંગલમય સ્વરૂપની ધાતુ વગેરેની મૂર્તિ, ચિત્ર અથવા માનસ મૂર્તિના મનોહર ચરણોનું શ્રદ્ધાપૂર્વક દર્શન, ચિંતન, પૂજન અને સેવન કરતાં-કરતાં ભગવત્પ્રેમમાં તન્મય બની જવું તેને પાદ-સેવન કહે છે. વારંવાર અતૃપ્ત નયનોથી ભગવાનના ચરણારવિન્દનું દર્શન કરવું, બન્ને હાથોથી પરમાત્માના ચરણોનું પૂજન અને સેવન કરવું તથા ચરણામૃત લેવું, મનથી ભગવત્ચરણોનું ચિંતન, પૂજન, સેવન કરવું, ભગવાનની ચરણ-પાદુકાઓ, ચરણરજને મસ્તક પર ધારણ કરવી જે વસ્તુને ભગવાનનો ચરણસ્પર્શ થયો હોય, તે વસ્તુનો હૃદયથી આદર કરવો અને તેને મસ્તક પર ધારણ કરવી. વગેરે પાદસેવન ભક્તિના જ વિભિન્ન પ્રકાર છે. શ્રીધર અને વંશીધર નામના ટીકાકારો જણાવે છે કે - પાદસેવન એટલે હરિના સ્વરૂપની ચરણ સેવા.[૪૦] देशकालाद्युचितपरिचर्या ।[૪૧] જ્યારે વીરરાઘવનો મત એમ છે કે - 'પાદસેવન એટલે અર્ચન માટે અભિપ્રેત સ્વરૂપના ચરણોની ભક્તિપૂર્વક આરાધના.'' 'આરાધના' એ પાદસંવાહન શબ્દથી વિવક્ષિત છે. પાદસેવન એટલે બે ચરણોનું સંવાહન. તે અર્ચાવિગ્રહ અને તેનાં બે ચરણોનું એમ સમજવું જોઇએ. કારણ કે પર, વ્યૂહ, વિભવ વગેરે ઇન્દ્રિયોથી પર હોવાથી તેમના ચરણોનું સેવન અસંભવ છે :

पादयोः संवाहनं तच्चार्चाविग्रहतदीयपादयोश्चेति वेदितव्यं परव्यूहविभवादेरतीन्द्रत्वेन तत्पादसेवना–सम्भवात् ।।[૪૨]

મમતા, અહંકાર અને અભિમાન આદિ નાશ પામી પ્રભુના ચરણોમાં અનન્ય પ્રેમની પ્રાપ્તિ થવાના ઉદ્દેશ્યથી પાદ-સેવન કરવામાં આવે છે. ભગવાન શ્રીરામનાં ચરણચિહ્ન, ચરણરજ અને ચરણપાદુકાનાં દર્શન તથા સેવનથી ભરતને કેટલો આનંદ પ્રાપ્ત થાય છે અને તેમની કેવી પ્રેમતન્મય દશા થઇ જાય છે! ત્યાં તેમણે સર્વ

બાજુએ શ્રીરામચંદ્રજીનાં વજ્ર, અંકુશ, કમળ અને ધ્વજા આદિનાં ચિહ્નોથી સુશોભિત તથા પૃથ્વી માટે અત્યંત મંગલમય ચરણચિહ્નો જોયાં. તેમને જોઇ શત્રુઘ્નની સાથે તેઓ આ ચરણરજ જોવા લાગ્યા અને મનોમન કહેવા લાગ્યા - 'અહો! હું પરમ ધન્ય છું, જે આજે ભગવાન શ્રીરામજીનાં ચરણાવિન્દનાં ચિહ્નોથી વિભૂષિત થયેલી ભૂમિને જોઇ રહ્યો છું, જેની ચરણરજને દેવતા અને શ્રુતિઓ પણ સદા શોધતી રહે છે.

स तत्र वज्राङ्कुशवारिजाञ्जितध्वजादिचिह्नानि पदानि सर्वतः ।
ददर्श रामस्य भुवोऽतिमङ्गलान्यचेष्टयत्पादरजःसु सानुजः ।।
अहो सुधन्योऽह्मभूनि रामपादारविन्दाङ्कित भूतलानि ।
पश्यामि यत्पादरजो विमृग्यं ब्रह्मादिदेवैः श्रुतिभिश्च नित्यम् ।।[४३]

પરમાત્માના અનન્ય ભક્તોનો સંગ કરવાથી પરમાત્માની ચરણસેવાનું તત્ત્વ, પ્રભાવ, સાંભળવા મળે છે, તથા તેમાં શ્રદ્ધા રાખવાથી ભક્તિ પ્રાપ્ત થાય છે, પરમાત્માના કેવળ ચરણરજની સેવા કરવાથી અનન્ય પ્રેમને પ્રાપ્ત કરનારા અનેક ભક્તોનું વર્ણન પુરાણ-શાસ્ત્રોમાં જોવા મળે છે. તેથી પરમાત્માનાં પવિત્ર ચરણોમાં શ્રદ્ધાપૂર્વક મન લગાવી તેમનું નિત્ય સેવન કરવું જોઇએ.

## (૫) અર્ચન :

પરમાત્માના ભક્તો પાસેથી સાંભળેલ, શાસ્ત્રોમાંથી પઠન કરેલા, ધાતુ આદિની મૂર્તિના રૂપમાં જોયેલા એવા પોતાના મનને રુચે તેવા કોઇ પણ પરમાત્માના સ્વરૂપનું બાહ્ય સામગ્રીઓથી શ્રદ્ધાભક્તિપૂર્વક સેવા-પૂજા કરવી અને તેમના પ્રભાવને સમજી પ્રેમમાં મુગ્ધ થવું તે અર્ચનભક્તિ છે. ભગવાને સ્વયં ગીતામાં કહ્યું છે કે - 'હે અર્જુન! જે કોઇ ભક્ત મારા માટે પત્ર, પુષ્પ, ફળ, જળ વગેરે પ્રેમથી અર્પણ કરે છે, તે શુદ્ધબુદ્ધિ નિષ્કામ પ્રેમી ભક્તની પ્રેમપૂર્વક અર્પણ કરેલ પત્ર-પુષ્પાદિ હું સગુણરૂપથી પ્રકટ થઇ પ્રીતિ સહિત સ્વીકારું છું,

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भकत्युपहृतमश्नामि प्रयतात्मनः ।।[४४]

આ સર્વ સામગ્રીથી પરમાત્માની પ્રતિમાનું શ્રદ્ધાપૂર્વક પૂજન કરવું. ભગવાનની પ્રીતિ માટે શાસ્ત્રોક્ત યજ્ઞાદિ ક્રિયા કરવી. દુઃખી અને અનાથોની યથાશક્તિ શ્રદ્ધા અને સત્કારપૂર્વક સર્વને ભગવત્સ્વરૂપ સમજી, પરમાત્મા પ્રાપ્તિ માટે સેવા આદિ બાહ્ય પૂજા કરવી. ગીતામાં ભગવાને પોત-પોતાના કર્મો દ્વારા પરમાત્માની પૂજાથી ભગવત્પ્રાપ્તિ થાય છે, તેમ જણાવ્યું છે. 'જે પરમેશ્વરથી સંપૂર્ણ પ્રાણીઓની ઉત્પત્તિ થઇ છે અને જેનાથી આ સર્વ જગત વ્યાપ્ત છે, તે પરમેશ્વરની પોતાના સ્વાભાવિક કર્મો દ્વારા પૂજા કરી મનુષ્ય પમરસિદ્ધિને પ્રાપ્ત કરે છે.''

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ।।[४५]

શ્રીધર, વંશીધર, જીવગોસ્વામી જેવા ટીકાકારો પણ આવો જ મત ધરાવે છે. જ્યારે ભગવદ્પ્રસાદાચાર્ય જણાવે છે કે (પ્રભુના અર્ચન માટે) એકત્ર કરેલી વિવિધ સામગ્રી (પત્ર, પુષ્પ, પુષ્પમાલા, નૈવેધ આદિ ઉપચારો) વડે ભગવાનનું આરાધન (પૂજન) કરવું તે અર્ચન ભક્તિમાં આવે છે - मिलितोपचारैः पूजाविधानं ।[૪૬] અર્ચનમાં ભગવાનની મૂર્તિ, સદ્‌ગુરુ તથા ભક્તજન એ ત્રણેને ભગવાનનું સ્વરૂપ સમજી શ્રદ્ધા-ભક્તિ સાથે પોતાનું સર્વસ્વ અર્પણ કરવું પડે છે. ષોડશ ઉપચાર (હિન્દુ પૂજા પદ્ધતિમાં ષોડશ ઉપચારથી પૂજન કરવાની પદ્ધતિ પ્રચલિત છે) તો અર્ચનનું બાહ્ય રૂપ છે, પરંતુ માનસિક અર્ચનમાં તે બાહ્ય ઉપચારની આવશ્યકતા રહેતી નથી. ભગવાનનું ધ્યાન અને આત્મ-સમર્પણ જ તેના જ ઉપચાર છે. અર્ચન ભક્તિ શ્રદ્ધા પ્રમાણે ફળ આપે છે. પરમાત્માનું પૂજન શ્રદ્ધાને યોગ્ય ફળ આપવામાં મુખ્ય કારણભૂત હોવાથી નિષ્ફળ જતું નથી. વૈષ્ણવ સંપ્રદાયમાં ખાસ કરીને વલ્લભસંપ્રદાયમાં અર્ચના ભક્તિનું મહત્ત્વ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. વલ્લભાચાર્યના પુષ્ટિમાર્ગમાં ''यशोदोत्संगलालितबाल- स्वरुपः'' એવા મુકુન્દને પ્રાધાન્ય આપવામાં આવેલું છે. શ્રીકૃષ્ણની દિવસના આઠ પ્રહરોમાં, ઉત્સવોમાં, વિવિધ ઋતુઓમાં ભિન્ન-ભિન્ન કપડાં, ભોગસામગ્રી, ફૂલ, ફૂલડોળ, શણગાર તથા વિવિધ પ્રકારની સામગ્રીથી ભક્ત દ્વારા અર્ચન થાય છે. રાજા પૃથુ, અમ્બરીષ આદિએ વિધિપૂર્વક વિવિધ ઉપચારોથી અને મન-ઇન્દ્રિયોથી પરમાત્માની પૂજા કરીને અનાયાસે જ પરમેશ્વરને પ્રાપ્ત કર્યા હતા.

આમ ભગવાનના પ્રેમમાં વિહ્‌વળ થઇ શ્રદ્ધાપૂર્વક પોત-પોતાની રુચિ અને ભાવના અનુસાર પરમેશ્વરની અર્ચના કરવી જોઇએ, એનું ભાગવતાદિ પુરાણો કહે છે.

## (૬) વંદન :

પરમાત્માની મૂર્તિ, શાસ્ત્રવર્ણિત સ્વરૂપ કે ભગવાનના નામ આદિને મનમાં ધારણ કરી શ્રદ્ધાપૂર્વક સાષ્ટાંગ પ્રણામ કરવા અથવા સમસ્ત ચરાચર ભૂતોને પરમાત્માનું સ્વરૂપ માની શ્રદ્ધાપૂર્વક શરીર તથા મનથી પ્રણામ કરી મુગ્ધ થવું તે વંદનભક્તિ છે. પિતામહ ભીષ્મ ભગવાનની સ્તુતિ કરતાં જણાવે છે કે - 'ભગવાન શ્રીકૃષ્ણને કરવામાં આવેલ એક પણ પ્રણામ દશ અશ્વમેધ યજ્ઞોની સમાન છે. અને દશ અશ્વમેધ કરનારને તો પાછો જન્મ લેવો પડે છે, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણને પ્રણામ કરનારને ફરીથી જન્મ લેવો પડતો નથી.

एकोऽपि कृष्णस्य कृतः प्रणामो दशाश्वमेधावभृथेन तुल्यः ।
दशाश्वमेधी पुनरेति जन्म कृष्णप्रणामी न पुनर्भवाय ।।[૪૭]

દેવમંદિરોમાં જઇને કે પોતાના ઘરોમાં પરમેશ્વરની પ્રતિમાને ભગવાનનું સ્વરૂપ સમજી, હૃદયમાં ચિંતન કરી, વિનયપૂર્વક શ્રદ્ધા ભક્તિથી ગદ્‌ગદભાવથી પ્રભુને પ્રણામ કરવામાં આવે છે. આને વંદન ભક્તિ કહે છે. વંદન ભક્તિનો લગભગ બધા જ ટીકાકારો 'નમસ્કાર' એવો અર્થ કરે છે. જ્યારે શ્રીગિરિધરલાલ જણાવે છે કે વંદન એટલે વાણીથી પરમાત્માનું નામ લઈ 'તને નમસ્કાર હો' એ રીતનું ઉચ્ચારણ અને શરીરથી દંડવત્ પ્રણામ કરવા તેને વંદન કહે છે - विष्णोर्वन्दनं वाचा नामसहित–नमस्कारोच्चारणं कायेन दण्डवत्प्रणामश्च ।[૪૮]

વંદન ભક્તિમાં ભગવાનનાં વિનય, અનુનય, સ્તોત્ર-પાઠ, પ્રાર્થના આદિનો સમાવેશ થાય છે. પિતામહ ભીષ્મ ગદ્‌ગદ થઈ ભગવાનને નમસ્કાર કરે છે ત્યારે ભગવાન તેને પોતાનું દિવ્યજ્ઞાન આપે છે. જેનું મન

ભગવાનમાં તન્મય થઇ ગયું છે, એવા ભીષ્મે અનેક પ્રકારની સ્તુતિ કર્યા પછી નમઃ કૃષ્ણાય એટલું કહી ભગવાનને પ્રણામ કર્યા, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે યોગશક્તિ દ્વારા ભીષ્મની ભક્તિને જાણીને ત્રિલોકીને પ્રત્યક્ષ જોઇ શકે, તેવું દિવ્ય જ્ઞાન આપ્યું -

एतावदुक्त्वा वचनं भीष्मस्तद्गतमानसः ।
नमः इत्येवं कृष्णाय प्रणाममकरोत्तदा ॥
अभिगम्य तु योगेन भक्तिं भीष्मस्य माधवः ।
त्रैलोक्यदर्शनं ज्ञानं दिव्यं दत्त्वा ययौ हरिः ॥[૪૯]

આમ પરમાત્માના પ્રેમમાં વિભોર બની ઉપર્યુક્ત પ્રકારની પરમાત્માની વંદના ભક્તિ કરનાર ભક્ત પરમપદને પામે છે, એવું પુરાણાદિનું કથન છે.

## (૭) દાસ્ય :

પરમાત્માનાં ગુણ, તત્ત્વ, રહસ્ય અને પ્રભાવને જાણી પ્રેમપૂર્વક તેમની સેવામાં દાસભાવે ઉપસ્થિત થવું તથા તેમની આજ્ઞાનું પાલન કરવું તેને દાસ્ય-ભક્તિ કહે છે. મંદિર આદિની સફાઇ કરવી, મનથી પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરવું, તેમની સેવા કરવી, ગીતા આદિ શાસ્ત્રો અનુસાર આચરણ કરવું અને જે કર્મ ભગવાનની રુચિ, પ્રસન્નતા અને ઇચ્છાને અનુકુળ હોય તેવાં કર્મો કરવાં, તે દાસ્ય-ભક્તિના પ્રકારો છે.

પરમાત્માના રહસ્યને જાણનાર પ્રેમી ભક્તોના સંગ અને સેવનથી દાસ્ય ભક્તિ પ્રાપ્ત થાય છે. લક્ષ્મણ, હનુમાન, અંગદ આદિ આ દાસ્ય ભક્તિનાં આદર્શ ઉદાહરણ છે. હનુમાનજીએ તો પોતાનું સમગ્ર જીવન શ્રીરામની સેવામાં સમર્પિત કર્યું હતું. આ સર્વેએ પરમાત્મામાં અનન્ય પ્રેમની પ્રાપ્તિ અને નિત્ય-નિરંતર સેવા માટે ભગવાનના સાંનિધ્યમાં રહેવાના ઉદ્દેશ્યથી દાસ્ય-ભક્તિ સ્વીકારી છે. કેવળ આ દાસ્ય ભક્તિ કરવાથી પણ મનુષ્ય સહજ રીતે ભગવાનની પ્રાપ્તિ કરે છે. દાસ્ય ભક્તિ માનસિક છે. 'હું દાસ છું' એવી ગૌરવપૂર્ણ જે ભક્તિ છે તે દાસ્યભક્તિ એમ વંશીધર જણાવે છે - तद्दासोऽस्मीत्यभिमानः ।[૫૦] તો શ્રીધર એમ જણાવે છે કે, 'જે કાંઇ કર્મ કરવામાં આવે તે પરમેશ્વરને આકર્ષણ થાય તે દાસ્યભક્તિ - कर्मार्पणम् ।[૫૧] જ્યારે શ્રીગિરિધરલાલ ઉપર્યુક્ત મત ઉપરાંત 'પ્રભુને અનુકૂળ એવું આચરણ' એને દાસ્યભક્તિ કહે છે.

स्वस्मिंस्तद्दासत्वभावनया तदनुकूलाचरणं कृतस्य कर्मणस्तस्मिन्नर्पणं च ।[૫૨]

આમ પરમાત્મામાં પ્રેમવિહ્‌વળ થઇ તન-મન-ધન સર્વ અર્પણ કરી ભગવાનની દાસ્ય-ભક્તિ સ્વીકારવી જોઇએ.

## (૮) સખ્ય :

પરમાત્માની સાથે, વિશ્વાસપૂર્વક, મિત્રભાવથી તેમની રુચિ અનુસાર બની જવું, તેમને અનન્ય પ્રેમ કરવો અને તેમના ગુણ, રૂપ પર મુગ્ધ બની નિત્ય-નિરંતર પ્રસન્ન રહેવું તે સખ્ય-ભાવ છે. પોતાનું અત્યંત

આવશ્યક કાર્ય છોડીને પણ પ્રભુના કાર્યમાં તત્પર રહેવું, પોતાનાં જીવન, ધન અને દેહાદિ પોતાના પ્યારા પ્રભુના કાર્યમાં લગાવવાં તે સખ્ય ભાવ છે. પ્રભુની સાથે નિરંતર રહેવાની ઇચ્છા, તેમનાં દર્શન, ચિંતન અને સ્પર્શથી તેમના પ્રેમમાં મગ્ન બની જવું, તેમનાં નામ, રૂપ, ગુણ, ચરિત્રોને સાંભળી, કહી અને યાદ કરી અત્યંત પ્રસન્ન થવું, મિત્રતાનો સંદેશ પામી અત્યંત પ્રસન્ન થવું અને તેના વિયોગમાં વ્યાકુળ થવું તથા પ્રતિક્ષણ તેને મળવાની આશા અને પ્રતિક્ષા કરતા રહેવું તે સખાભાવના પ્રકાર છે.

પ્યારા પ્રેમીને પરમ સુખ થાય, તેનામાં પોતાનો સખ્યપ્રેમ ખૂબ જ વધી જાય, તેનાથી કદી વિયોગ ન થાય તે ઉદ્દેશ્યથી સખ્ય ભક્તિ કરવામાં આવે છે. સખ્ય ભક્તિની સિદ્ધિ અર્જુન અને શ્રીકૃષ્ણની મિત્રતામાં જોવા મળે છે. અર્જુન અને શ્રીકૃષ્ણની મિત્રતાનો ગાઢ સંબંધ અહીં પ્રસ્થાપિત થયેલો જોવા મળે છે. અશ્વત્થામા જ્યારે ઉત્તરાના ગર્ભસ્થ બાળક પરીક્ષિતને મારે છે ત્યારે શ્રીકૃષ્ણ કહે છે : 'આ સત્ય હોય કે હું પોતે જાણતો હોવા છતાં અર્જુન સાથે ક્યારેય પણ પોતાની મિત્રતામાં વિઘ્ન ન આવવા દીધું હોય, તે આ મૃત્યુ પામેલ બોળક સજીવ થાઓ''

यथाहं नाभिजानामि विजयेन कदाचन ।
विरोधं तेन सत्येन मृतो जीवत्वयं शिशुः ।।[५३]

આ ઉપરાં આવી સખ્યભક્તિનાં અનેક ઉદાહરણ પ્રાપ્ત થાય છે, જેમકે વિભીષણ, સુગ્રીવ, ઉધ્ધવ, અર્જુન, સુદામા, શ્રીદામા તેમજ ગોપબાળો શ્રીકૃષ્ણના પરમ મિત્રો છે. અર્જુનના સખ્ય ભાવની ગીતામાં ભગવાન સ્વયં ઘોષણા કરે છે 'તું મારો ભક્ત અને મિત્ર છે' - भक्तोऽसि मे सखा चेति ।[૫૪] તું મારો અત્યંત પ્રિય છે' इष्टोऽसि मे दृढमिति ।[૫૫] આમ બંને વચ્ચેનો મિત્રભાવ તરી આવે છે. સખ્યભક્તિવિષયક મતો જુદા-જુદા વિદ્વાનો, ટીકાકારોએ પોત-પોતાની રીતે આપવાનો પ્રયત્ન કરેલો છે. શ્રીધરના મતાનુસાર 'પ્રભુ પર વિશ્વાસ तद्विश्वासादि [૫૬] એમ અર્થ થાય છે, જ્યારે વંશીધર જણાવે છે કે 'બંધુભાવ રાખી પરમેશ્વરના હિતનું જ નિરૂપણ કરવું' बन्धुभावेन तदीयहिताशंसनम् ।[૫૭] ગિરિધરલાલ એવો મત પ્રસ્થાપિત કરે છે કે ''મિત્રતાની ભાવના રાખીને તેના ઉપર દૃઢ વિશ્વાસ રાખવો'' मित्रत्वभावनया द्रढविश्वासादि ।[૫૮] એવો કરે છે. પરમેશ્વના પરમ પવિત્ર ભક્તો અને ભગવાનના પ્રેમી સખાઓનું સેવન, તેમનો સંગ, તેમના જીવનચરિત્રોનું અધ્યયન કરવું જોઇએ. કેવળ સખ્ય ભક્તિથી પણ મનુષ્યના દુઃખ અને દોષોનો નાશ થાય છે અને પરમેશ્વરની પ્રાપ્તિ તથા તેમના પ્રત્યે પરમ પ્રેમ થઇ જાય છે. આ પ્રેમથી પરમેશ્વર ભક્તને આધીન બની જાય છે, ત્યારે ભક્તના આનંદ અને શાંતિનો પાર રહેતો નથી.

આ સખ્યભક્તિ ભક્તના મનના ભાવો સાથે જોડાયેલી હોવાથી માનસિક છે.

## (૯) આત્મનિવેદન :

પરમાત્માનાં તત્ત્વ, રહસ્ય, પ્રભાવ અને મહિમાને સમજી મમતા અને અહંકાર રહિત થઇ પોતાનું સર્વસ્વ તથા કર્મો શ્રદ્ધા અને પરમ પ્રેમપૂર્વક પરમાત્માને સમર્પણ કરી દેવાં તે આત્મનિવેદન ભક્તિ છે. 'વિષ્ણુસહસ્ર'

અનુસાર 'જે મનુષ્યે ભગવાન વાસુદેવનો આશ્રય લીધો છે અને જે તેમના પરાયણ છે, તેમનું અંતઃકરણ સર્વથા શુદ્ધ બની જાય છે અને તે સનાતક બ્રહ્મને પ્રાપ્ત થઈ જાય છે' -

वासुदेवाश्रयो मर्त्यो वासुदेवपरायणः ।
सर्वपापविशुद्धात्मा याति ब्रह्म सनातनम् ।।[५९]

લાભ-હાનિ, જય-પરાજય, યશ-અપયશ, માન-અપમાન, સુખ-દુઃખ આદિને ભગવાને મોકલેલ પુરસ્કાર માની પ્રસન્ન રહેવું; ઇન્દ્રિય, મન, બુદ્ધિ આદિ સર્વથી પર એકમાત્ર પરમેશ્વરનો જ અધિકાર સમજવો. પરમાત્માની વસ્તુ જ ભગવાનને અર્પણ કરવામાં આવી છે, તેવો ભાવ હોવો, કોઈ પણ પ્રકારે ભગવાનની સેવા થાય તેમ કરતા રહેવું, સર્વ પ્રભુને અર્પણ કરવાથી સ્વાદ, શોક, વિલાસ, આરામ, ભોગ આદિ ઇચ્છાનો અત્યંત અભાવ થઈ જાય છે. સર્વત્ર, સર્વદા અને સર્વથા એક ભગવાનનો જ અનુભવ કરવો. ભગવાનની ઇચ્છા વિરુદ્ધ કોઈ પણ ઇચ્છા ન રાખવી, ભગવાનના ભરોસા પર સદા નિર્ભય, નિશ્ચિન્ત અને પ્રસન્ન રહેવું, ભગવાનની ભક્તિને છોડી મુક્તિની પણ ઇચ્છા ન કરવી. આ સર્વ આત્મનિવેદન ભક્તિના પ્રકાર છે. ભગવાને સ્વયં આ આત્મનિવેદનરૂપા શરણભક્તિનું મહત્ત્વ પ્રકટ કરતાં ગીતામાં કહ્યું છે : 'ગુણમયી એવી મારી આ દૈવી માયાને પાર કરવી મુશ્કેલ છે, જેઓ મારા શરણે આવે છે તે જ આ માયાને તરી જાય છે -

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ।।[६०]

વધુમાં ભગવાન જણાવે છે કે - ''સર્વ ધર્મોનો ત્યાગ કરીને મારા એકને શરણે જા, હું તને પાપમાંથી મુક્ત કરીશ, તું શોક ન કર''.

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।।[६१]

આમ પરમેશ્વરમય બનેલો ભક્ત સંસારમાં પરમ પ્રેમમય અને પરમ આનંદમય લાગે છે. તે જે માર્ગે જાય છે તે માર્ગમાં શ્રદ્ધા, પ્રેમ, ભક્તિ, આનંદ, સમતા અને શાંતિનો પ્રવાહ વહેવા લાગે છે. આવા ભક્તને ધારણ કરી ધરતી ધન્ય બની જાય છે. પિતૃગણ આનંદિત થઈ જાય છે અને દેવતાઓ નાચવા લાગે છે -

मोदन्ते पितरो नृत्यन्ति देवताः सनाथा चेयं भूर्भवति ।[६२] અધ્યાત્મશાસ્ત્રમાં જેને જ્ઞાનકર્મ-સમુચ્ચય અથવા બ્રહ્માર્પણપૂર્વક કર્મ કહેવામાં આવે છે, તેને જ ભક્તિમાર્ગમાં પરમાત્માર્પણ કહેવામાં આવે છે. ભાગવતના ટીકાકાર શ્રીધર આત્મનિવેદનનો અર્થ 'સ્વશરીર સમર્પણ કરે છે. તેઓ જણાવે છે કે એકવાર ગાય અને અશ્વને વેચી દેવામાં આવ્યા પછી તેમનાં ભરણપોષણની ચિંતા કરવામાં આવતી નથી, તેમ પરમાત્માને દેહ સમર્પિત કર્યા પછી તે દેહની ચિંતા કરવામાં આવતી નથી. स्वशरीरसमर्पणम् यथा विक्रीतस्य गवाश्वादेर्भरणपालनादिचिन्ता न क्रियते तथा देहं तस्मै सपर्प्स तच्चिन्तार्जनमित्यर्थः ।[६३] ટીકાકાર વંશીધર જણાવે છે કે શ્રીવિષ્ણુની શ્રવણ (ભક્તિ)માં પરીક્ષિત, કીર્તનમાં શુકદેવ, સ્મરણમાં પ્રહ્‌લાદ, પાદસેવનમાં લક્ષ્મી, અર્ચનમાં પૃથુરાજા,

વંદનમાં અક્રૂરજી, દાસ્યભક્તિમાં હનુમાન, સખ્યમાં અર્જુન અને આત્મનિવેદનમાં બલિરાજા મુખ્યત્વે થઈ ગયા :

श्री विष्णुः श्रवणे परीक्षितदभवद् वैयासकिः कीर्तने ।
प्रह्लादः स्मरणे तदङ्घ्रिभजने लक्ष्मीः पृथु पूजने ।।
अक्रूरस्त्वभिवन्दने कपिपतिर्दास्येऽथ सख्येऽर्जुनः ।
सर्वस्वात्मनिवेदने बलिरभूत् कृष्णाप्तिरेकैकतः ।।[६४]

એ જ રીતે જીવગોસ્વામી જણાવે છેઃ 'દેહ વગેરેથી પરમાત્મામાં અર્પણ - देहादिशुद्धात्मपर्यन्तस्य सर्वतोभावेन तस्मिन्नेवार्पणम् ।[६५] આ જ આત્મનિવેદનને બીજી રીતે પ્રપત્તિ (प्र पद् (આશ્રય લેવો, ૪થો ગણ)+ति) પણ કહે છે. આત્મનિવેદનભક્તિમાં ગોપીઓ, રાજા બલિ આદિ પરમભક્તો છે.

આ નવધા ભક્તિની વિસ્તૃત છણાવટ ભાગવતની ટીકાઓ વગેરેમાં આ રીતે કરવામાં આવી છે. મનુષ્ય પરમાત્માનો પરમ ભક્ત બની આ નવે પ્રકારોમાંથી કોઈપણ એક પ્રકારથી પરમેશ્વરની ભક્તિ કરે, તો તે આ ભવબંધનમાંથી છૂટી પરમેશ્વરના પરમપદને પ્રાપ્ત કરે છે. શાસ્ત્રોમાં જણાવ્યાનુસાર આ રીતે ભક્તિ કરી અનેક ભક્તો પરમાત્માને પામ્યાનાં ઉદાહરણો આપણે ઉપર્યુક્ત ચર્ચામાં જોયાં. ભક્તિમાર્ગમાં ભક્તિ જ ઉત્તમ પુરુષાર્થ છે, માટે મોક્ષની પ્રાપ્તિની ઈચ્છાવાળાએ પણ ભક્તિમાર્ગ જ અપનાવવો જોઈએ. ભક્તિ એ અદ્વૈતતત્ત્વને પામવાનું સાધન પણ છે. આમ આ નવધા ભક્તિનો માર્ગ અપનાવી મનુષ્ય એક ઉત્તમ ભક્ત બની શકે છે અને હંમેશા પરમાત્મામય બની પરમપદને પામે છે.

### (૨) ભક્તિનો ઉદ્‌ભવ અને વિકાસ :

## વૈદિક સાહિત્યમાં ભક્તિ :

ભારતીય સંસ્કૃતિમાં ભક્તિનો ઉદ્‌ભવ ક્યારે અને ક્યાં થયો તે શોધવું મુશ્કેલ છે. પરંતુ ભક્તિનાં બીજ આપણને વૈદિક સાહિત્યમાંથી પ્રાપ્ત થઈ શકે તેમ છે. વિશ્વનું પ્રાચીન સાહિત્ય હોવાથી વેદોમાંથી જ ભક્તિનો ઉદ્‌ભવ થયો હોવો જોઈએ. વૈદિક સાહિત્યના અનુશીલનથી એ સ્પષ્ટ થાય છે કે કર્મ તથા જ્ઞાનનું આદિ ઉદયસ્થળ ઋગ્વેદ છે. તે જ રીતે ભક્તિનું ઉદ્‌ગમસ્થાન પણ ઋગ્વેદ છે.

ભારતીય પરંપરા અંતર્ગત એવી માન્યતા છે કે - 'वेदोऽखिलो धर्ममूलम् ।' વેદ એ કર્મ, જ્ઞાન તથા ભક્તિનું ઉદ્‌ગમ સ્થાન છે. વેદમાં ભક્તિનો સિદ્ધાંત પૂર્ણરૂપે ભલે ન વિકસ્યો હોય, પરંતુ વેદનાં સૂક્તોમાં ભક્તિની છાંટ જરૂર જણાય છે. કેટલાક વિદ્વાનોએ વૈદિક સંહિતાઓમાં 'ભક્તિ' શબ્દ શોધી કાઢ્યો છે. 'અથર્વવેદ'ના એક મંત્રમાં પ્રયોજાયેલ 'ભક્તિ' શબ્દ સ્નેહ કે પ્રીતિસૂચક છે - तस्य ते भक्तिवांसः स्याम ।[६६] ઋગ્વેદની ઋચાઓમાં અમુક વિશિષ્ટ દેવોની સ્તુતિ કરવામાં આવી છે. આ સ્તુતિઓમાં ભક્તિની માર્મિકતાનો અનુરાગ વ્યક્ત થયા વગર રહેતો નથી. દેવોની સ્તુતિ કરતી વખતે ઋષિ તેમની સાથે માતા-પિતા, બંધુ વગેરેના મનોરમ અને હૃદયંગમ સંબંધની સ્થાપના કરે છે. આવા કેટલાક ઉલ્લેખો ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે. વૈદિક ઋષિ ઈન્દ્ર,

અગ્નિ, વરુણ, ઉષા, સવિતા આદિ પ્રાકૃતિક તત્ત્વોને દેવતાપદે કલ્પીને તેમના પ્રત્યે પોતાની હૃદયગત ભાવનાઓ વ્યક્ત કરે છે. આ પ્રકારની હાર્દિક ભાવનાઓમાં ભક્તિના સ્વરૂપની ઝાંખી થાય છે. વૈદિકઋષિ અગ્નિને માતા-પિતા અને પોતાને પુત્ર સમજે છે.

त्वां वर्धन्ति क्षितयः पृथिव्यां त्वां राय उभयासो जनानाम् ।
त्वं त्राता तरणे चेत्यो भूः पिता माता सदमिन्मानुषाणाम् ।।[૬૭]

આ જ રીતે સામવેદમાં પ્રતિપાદિત થયું છે કે ભક્તિપૂર્વક પરમાત્માનો આશ્રય લેવાથી મનુષ્ય સર્વ બંધનોને કાપી મુક્ત થાય છે - उपास्यतां श्रियमव्यक्तसंज्ञां भक्त्या मर्त्यो मुच्यते सर्वबन्धनः ।[૬૮] આમાંથી માલુમ પડે છે કે ભક્તિનું બીજ વૈદિક સંહિતાઓમાં રહેલું છે. વૈદિક કવિ ઉષાને માતા માનીને તેની પાસે પુત્રવત્ સ્નેહની યાચના કરે છે - तस्यास्ते रत्नभाज इमहे वयं स्याम मातुर्न सूनवः ।[૬૯] પોતાના અપરાધથી ક્રોધાયમાન થયા વિના પોતાની સાથે સખ્ય સ્થાપના માટે ઋષિ મરુતદેવને વિનવે છે -

मृळत नो मरुतो मा वधिष्टनाऽस्मभ्यं शर्म बहुलं वि यंतन ।
अधि स्तोत्रस्य सख्यस्य गातन शुभं यातामनु रथा अवृत्सत ।।[૭૦]

વૈષ્ણવભક્તિનો અતિ પ્રસિદ્ધ સખ્યભાવ છેક વેદયુગમાં પણ અનુભવી શકાય છે. ઋષિઓએ ઈન્દ્રની સાથે બહુ જ અંતરંગ પ્રેમાળ સંબંધ બાંધેલો જણાય આવે છે, કેમકે ઈન્દ્રને પિતાની સાથે માતા પણ કહ્યો છે - त्वं हि नः पिता वसो त्वं माता शतक्रतो बभूविथ ।[૭૧] આ ઉપરાંત તેને પિતૃઓમાં સર્વશ્રેષ્ઠ કહ્યો છે.

त्राता नो बोधि ददृशान आपिरभिख्याता मर्डिता स्तेम्यानाम् ।
सखा पिता पितृतमः पितृणां कर्तेमु लोकमुशते वयोधाः ।।[૭૨]

ખાસ કરીને વરુણનાં સૂક્તોમાં ભક્તિભાવ ખૂબ જ પ્રમાણમાં વિકાસ પામેલો જોવા મળે છે. તેમાં સ્તુતિ કરતા ઋષિનું હૃદય અપરાધની ભાવનાથી દ્રવિત થઈ જાય છે. અને પોતે કરેલા અપરાધોની ક્ષમા યાચવાનું કહે છે -

अव दुग्धानि पित्र्यो सृजा नोऽव्व या वयं चकृमा तनूभिः ।
अव राजन्यशुतृपं न तायुं सृजा वत्सं न दाम्नो वसिष्ठम् ।।[૭૩]

અજ્ઞાનના કારણે દેવકાર્યમાં રહી ગયેલ ક્ષતિ અને દેવોના જાણે-અજાણે થઈ ગયેલા અપરાધોને માફ કરી પોતાની હિંસા ન કરવા ઋષિ વરુણને પ્રાર્થના કરે છે -

यत्किं चेद् वरुण देव्यै जनेऽभिद्रोहं मनुष्यारूश्चरामसि ।
अचित्ती यत्तव धर्मो युयोपीम मा नस्तस्मादेनसो देव रीरिषः ।।[૭૪]

આ પ્રકારના મંત્રોમાં ઉત્તરવર્તી ભક્તિ સાહિત્યમાં જોવા મળતી અપરાધોની ક્ષમાયાચનાનો ધ્વનિ સંભળાય છે. ઋગ્વેદનાં કેટલાક સૂક્તોમાં તો આ ભક્તિસંબંધ દેવ સાથેનો પ્રેમ (શૃંગાર) સુધી પહોંચી ગયો છે.

ઋગ્વેદની એક ઋચામાં ઋષિ કહે છે કે, 'જેમ જાયા પતિને આલિંગન કરે તેમ અમારી મતિ ઈન્દ્રનું આલિંગન કરે છે -

अच्छा म इन्द्रं मतयः स्वर्विदः सध्रीचीर्विभव उशतीरनूषत ।
परि ष्वजन्ते जनयो यथा पतिं मर्यं न शुन्ध्युं मघवानमूतये ।।[૭૫]

આમાં વૈદિક ઋષિનાં કવિ અને ભક્ત એમ બંને સ્વરૂપ દૃષ્ટિગોચર થાય છે. ઋષિ આગળ જણાવે છે કે, 'હે વરુણ! મારાથી એવો કયો અપરાધ થયો છે કે જેના કારણે તમે મારા મિત્ર સ્તુતિકર્તાનો વધ કરવા ચાહો છો. મને તે બતાવો જેથી હું શુભકર્મોવાળો બની આપને નમસ્કાર કરતો તમારી પાસે પહોંચું.

किमाग आस वरुण जयेष्ठं यत्स्तोतारं जिधांससि सखायम् ।
प्रतन्मे वोचो दूलभ स्वधावोडव त्वानेना नमसा तुर इयाम् ।।[૭૬]

ભક્તની ભાવનાઓ આ મંત્રમાં રજૂ થયેલી છે.

વૈદિક ઋષિઓ વરુણનું નામ-સંકીર્તન ઝંખે છે -

प्र तत्ते अद्य शिपिविष्ट नामार्यः शंसामि वयुनानि विद्वान् ।
त्वं त्वा गुणाभि तवसमतव्याक्षन्क्षयन्तमस्य रजसः पराके ।।[૭૭]

આ પ્રકારના વૈદિકસૂક્તોમાં કીર્તન-ભક્તિનું સ્વરૂપ વ્યક્ત થયેલું જોવા મળે છે. મરુત દેવની પૂજા-આરાધના કરવા કે તેમના વીરત્વનું કીર્તન કરવા કોણ સમર્થ બને છે એવા પ્રકારના નિરૂપણમાં ભક્તઋષિનો દૈન્યભાવ કાવ્યાત્મક રીતે પ્રગટ થયો છે.

को वो महान्ति महताभुदश्नवत्कस्याव्यो मरुतः को ह पौंस्या ।
यूयं ह भूमिं किरणं न रेजथ प्र यद् भरध्वे सुविताय दावने ।।[૭૮]

ઋગ્વેદમાં ઈન્દ્રનું માતા-પિતાના સ્વરૂપમાં વર્ણન થયેલું જોવા મળે છે.[૭૯] વૈદિક ઋષિઓમાં આ રીતે અગ્નિ અને ઈન્દ્રનું માતા-પિતાના સ્વરૂપમાં વર્ણન કરવું તે જ બતાવે છે કે તેમનાંમાં સ્વાભાવિક રીતે જ ભક્તિ-ભાવ તરી આવે છે. શાંડિલ્ય-ભક્તિસૂત્ર भक्तिः प्रमेया श्रुतिभ्यः[૮૦] માં પણ ભક્તિનું વૈદિક તત્ત્વ જોવા મળે છે. આ ભક્તિસૂત્રની વ્યાખ્યામાં ટીકાકાર નારાયણતીર્થે ભાગવતમાં પ્રતિપાદિત થયેલા શ્રવણાદિ ભક્તિના પ્રકારોનું સમર્થન કરતા મંત્રો ઉદ્ધૃત કર્યા છે. આથી સ્પષ્ટ થાય છે કે વેદમાં ભક્તિના શ્રવણાદિ પ્રકારોનો નિર્દેશ થયેલો છે. આ જ પ્રમાણે ઋગ્વેદના ૭-૧૦૦-૪ મંત્રમાં સ્મરણ અને કીર્તન ભક્તિનું પ્રતિપાદન થયું છે. વૈદિકઋષિ સરસ્વતીને સર્વશ્રેષ્ઠ આશ્રયસ્થાન માને છે અને તેનો આશ્રય પ્રાપ્ત કરવા તે તત્પર છે. तव शर्मन्द्रियतमे दधाना उपस्थेयाम शरणं न वृक्षम् ।[૮૧] એ જ રીતે ખૂબ જ પરિશ્રમ કરી થાકેલો મનુષ્ય જેમ છાયાનો આશ્રય લે છે, તેમ વૈદિક ઋષિ અગ્નિનો આશ્રય ઝંખે છેઃ उप च्छायाभिव घृणेरगन्मशर्म ते वयम्। अग्ने हिरण्यसन्दृशः ।।[૮૨]

ભક્તિનો મૂળ સ્રોત વૈદિક ઋચાઓ છે. આ વૈદિક ઋચાઓમાં ભક્તિનું પ્રારંભિક સ્વરૂપ જોવા મળે છે. વૈદિક યુગ પછી ભક્તિભાવનાનો ખૂબ જ વિકાસ થયેલો જોવા મળે છે. વૈદિક ભક્તિ કંઈક અંશે કર્મકાંડના પ્રકારની હોવાથી તેમાં સરળતા, મધુરતા અને સહજતા જોવા મળતી નથી, પરંતુ ત્યારબાદ ઈતિહાસ - પુરાણકાળમાં કર્મકાંડ પ્રત્યેની ઉપેક્ષાવૃત્તિને લીધે વિશુદ્ધ ભક્તિનો ઉદ્ભવ થયો. આમ વૈદિકયુગમાં ભક્તિનો ઉદ્ભવ અને તેનાં બીજ રોપાયેલાં જોવા મળે છે.

## બ્રાહ્મણ-ઉપનિષદ્માં ભક્તિ :

બ્રાહ્મણયુગ યજ્ઞપ્રધાન હોવાથી તેમાં ભક્તિતત્ત્વ અને ઉપાસનાની ભાવના દૃઢ સ્વરૂપે જોવા મળે તે સ્વાભાવિક છે. જ્યારે ઉપનિષદ્માં જ્ઞાન અને તત્ત્વજ્ઞાનનું પ્રાધાન્ય હોવા છતાં, ભક્તિનો નિર્દેશ વારંવાર થયેલો જોવા મળે છે. કઠોપનિષદમાં પ્રાપ્ત થતા 'વરુણ'અને 'પ્રસાદ'આ બંને શબ્દો ભક્તિના સંદર્ભમાં ખૂબ જ મહત્ત્વના છે. તેમાં જણાવ્યું છે કે, 'આ આત્મા શાસ્ત્રાધ્યયન વડે પામી શકાય નહિ, ગ્રંથના અર્થને ધારણ કરવાની શક્તિ વડે નહિ, બહુ જ શ્રવણ વડે નહિ, પણ પરમાત્મા જેનું વરણ કરે છે તે જ સાધકની સામે આ પરમાત્મા પોતાના સ્વરૂપનું દર્શન કરાવે છે :

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणते तनूर्स्वाम ।।[૮૩]

મુંડકોપનિષદમાં એક ઠેકાણે કહ્યું છે કે, પ્રણવ એ ધેનુ છે, આત્મા બાગ છે, બ્રહ્મ એ લક્ષ્યસ્થાન (વેદ) છે. આથી સાધકે પ્રમાદરહિત થઈને જેમ શર લક્ષ્યમાં ઓતપ્રોત અનુસ્યુત થાય છે, તેવી રીતે સાધકે પોતાના શરસ્થાનીય આત્માને બ્રહ્મ સાથે અનુસ્યુત કરવો જોઈએ.

प्रणवो धनु: शरो ह्यात्मा ब्रह्म तल्लक्ष्यमुच्यते ।
अप्रमत्तेन वेदितव्यं शरवत्तन्मयो भवेत् ॥[૮૪]

આ જ બાબતનો વિસ્તાર કરતાં આગળ કહ્યું છે કે 'આત્મારૂપી બાણને ઉપાસનાની શિલા પર તીક્ષ્ણ બનાવીને આ બ્રહ્મીભવનમાં એકરૂપતા સાધવી જોઈએ' અહીં ઉપાસના શબ્દ ભક્તિની ખૂબ જ નજીક છે, જે ભક્તિસ્વરૂપ જ છે -

धनुर्गृहीत्वौपनिषदं महास्त्रं शरं ह्युपासानिशितं सन्धयीत ।
आयम्य तद्भावगतेन चेतसा लक्ष्यं तदेवाक्षरं सोम्य विध्धि ।।[૮૫]

શ્વેતાશ્વતર ઉપનિષદમાં તો 'ભક્તિ' શબ્દનો સ્પષ્ટ નિર્દેશ થયેલો જોવા મળે છે અને તેમાં ભક્તિની મહત્તા બતાવેલી જોવા મળે છે. 'જે પુરુષને દેવમાં ઉત્કૃષ્ટ ભક્તિ હોય છે તથા દેવની જેમ ગુરુમાં પણ ભક્તિ હોય છે, તે માહાત્માની આગળ આ સર્વ અર્થો સ્વયં પ્રગટ થાય છે :

यस्य देवे पराभक्तिर्यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्था: प्रकाशन्ते महात्मन: ।।[૮૬]

બ્રાહ્મણ અને ઉપનિષદ સાહિત્યમાં ઉપર્યુક્ત ઉદાહરણો પરથી જણાય છે કે, ભક્તિનો ઉદ્‌ભવ વેદમાં થયો, પરંતુ તેના વિકાસની કડી અહીંથી શરૂ થયેલી જોવામાં આવે છે. આ સાહિત્યમાં બુદ્ધિ અને જ્ઞાનની સાથે-સાથે ભક્તિનો પણ વિકાસ થતો રહ્યો છે.

## રામાયણ-મહાભારતમાં ભક્તિ :

રામાયણ અને મહાભારતમાં ભક્તિનું સર્વશ્રેષ્ઠ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ બંને મહાકાવ્યોમાં 'ભક્તિ' તત્ત્વ ખૂબ જ સારા પ્રમાણમાં જોવા મળે છે. રામાયણમાં રામ સાક્ષાત્ પરમેશ્વરના સ્વરૂપે પ્રતિપાદિત થયેલા જોવા મળે છે.[૮૭] રામ પૂર્ણબ્રહ્મ પરમેશ્વર હોવા છતાં તે માતા-પિતા, ગુરુ, મિત્ર, સેવક આદિની સાથે મર્યાદા જાળવીને વર્તે છે. મર્યાદાપૂર્ણ વ્યવહારના કારણે જ તેઓ મર્યાદાપુરુષોત્તમ કહેવાયા. વૈષ્ણવાચાર્યો રામાયણને મુખ્યત્વે રામભક્તિ-પ્રતિપાદક શાસ્ત્ર સ્વરૂપે સ્વીકારે છે. રામાયણમાં શરણાગતિ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. તેથી ભક્તિનું ઉત્તમ ઉદાહરણ આમાં પ્રકટ થયેલું જોઈ શકાય છે.

सकृदेव प्रपन्नाय तवास्मीति च याचते ।
अभयं सर्वभूतेभ्यो ददाम्येतद् व्रतं मम ।।[८८]

આ શ્લોક વૈષ્ણવ સંપ્રદાયમાં મોક્ષના સાધનરૂપ ભક્તિના સ્વરૂપ તરીકે સ્વીકારવામાં આવ્યો છે. આ ઉપરાંત અન્ય રામાયણોમાં પણ ભક્તિનું પ્રતિપાદન થયેલું જોવા મળે છે. અધ્યાત્મરામાયણમાં કાકભૂશુંડિએ ગરુડને કહ્યું છે કે 'જે મનુષ્યો યથા યોગ્ય રીતે હરિનું ભજન કરે છે, તે આ દુષ્કર સંસાર-સાગરને સરળતાથી તરી જાય છે.'

विनिश्चितं वदामि तेन अन्यथा वचांसि मे ।
हरि नरा भजन्ति येऽतिस्तरं तरन्ति ते ।।[८९]

આ જ પ્રમાણે ભગવાન લક્ષ્મણને ઉદ્દેશીને કહે છે - 'મારા પ્રત્યે ભક્તિથી જોડાયેલા ભક્તો માત્ર જ્ઞાન, વિજ્ઞાન કે વૈરાગ્ય જ પ્રાપ્ત નથી કરતા, પરંતુ અનાયાસે જ મુક્તિ મેળવે છે -

अतो भद्‌भक्तस्य ज्ञानं विज्ञानमेव च ।
वैराग्यं च भवेच्छीध्रं ततो मुक्तिमवाप्नुयात् ।।
भक्तौ संजातमात्रायां मत्तत्वानुभवस्तदा ।
मम तु भवसिद्धस्य मुक्तिस्तत्रैव जन्मनि ।।[९०]

રામાયણમાં આગળ જણાવવામાં આવ્યું છે કે સર્વવ્યાપક અને શરણાગત-પ્રિય એવા શ્રીરામને જ ભજવા જોઈએ.

विष्णोहि भक्तः सुविशोधनं धियस्ततो भवेज्ज्ञानमतीव निर्मलम्।
विशुद्धतत्त्वानुभवो भवेत्ततः सम्यग् विदित्वा परमं व्रजेत् ।।

अतो भजस्याद्य हरिं रमापतिं रामं पुराणं प्रकृतेः परं विभुम् ।
विसृष्य मौर्ख्यं हृदि शत्रुभावनां भजस्व रामं शरणागतप्रियम् ।।[९१]

વળી રામાયણની બ્રહ્મસ્તુતિમાં પ્રતિપાદિત થયું છે કે જે ભક્તો સર્વતોભાવે શ્રીપુરુષોત્તમ રામને ભજે છે, તે આ લોક અને પરલોકની સર્વ કામનાઓને પૂર્ણ કરે છે.

ये त्वां ध्रुवं भक्ताः पुराणं पुरुषोत्तमम् ।
प्राप्नुवन्ति तथा कामानिह लोके परत्र च ।।[९२]

રામાયણમાં ઉદ્ભવેલી ભક્તિનું બીજ ઉપર્યુક્ત રીતે જોવા મળે છે. એમાં ભક્તિનો સંપૂર્ણ સર્વાંગી ઉદય થયેલો જોવા મુળે છે.

મહાભારત તો ભારતીય સંસ્કૃતિનો રત્નભંડાર છે, મહાકોષ છે. ભક્તિ-સિદ્ધાંતનું પ્રતિપાદક મુખ્યશાસ્ત્ર પાંચરાત્ર છે, પરંતુ એ પાંચરાત્રનું મૂળ મહાભારત છે. મહાભારતના અનુશાસનપર્વમાં કહ્યું છે કે ભક્તો અનન્ય ભક્તિથી મહેશ્વર, લોકાધ્યક્ષ અને પરમપુરુષોત્તમને સતત ભજે છે. તે દૈહિક, દૈવિક અને ભૌતિક અને ત્રિવિધ દુઃખોમાંથી મુક્ત થઇ જાય છે -

तमेव चार्चयन्नित्यं भक्त्या पुरुषमव्ययम् ।
ध्यायन् स्तुवन्नमस्यंश्च यजमानस्वमेव च ।।
अनादिनिधनं विष्णुं सर्वलोकमहेश्वरम् ।
लोकाध्यक्षं स्तुवन्नित्यं सर्वदुःखातिगो भवेत् ।।[९३]

જે ભક્તો જગતના કર્તા, હર્તા અને ભર્તા એવા પરમેશ્વરને ભજે છે, તે આ સંસારસાગરમાં પડતા નથી.

विश्वेश्वरमजं देवं जगतः प्रभवाव्ययम् ।
भजन्ति ये पुष्कराक्षं न ते यान्ति पराभवम् ।। [९४]

મહાભારતના એકભાગરૂપ તથા સર્વ મનુષ્યોના હૃદયરૂપ ભગવદ્ગીતામાં જણાવવામાં આવ્યું છે કે સમગ્ર બ્રહ્માંડના અધિપતિ ભક્તિપ્રિય પરમાત્મા માત્ર ભક્તિ કરવાથી જ શીઘ્ર પ્રાપ્ત થાય છે.

पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ।
यस्यान्तः स्थानि भूतानि येन सर्वमिदं ततम् ।। [९५]

ભગવદ્ગીતા સગુણોપાસનાને ઉચ્ચતર ગણે છે. ગીતાના બારમા અધ્યાયમાં ભક્તિની કક્ષાઓ તથા ભક્ત જે પ્રકારથી પરમાત્માની ભક્તિ કરતો હોય તે પ્રકારે ન કરી શકે ત્યારે અન્ય વિકલ્પો સૂચવવામાં આવ્યા છે. શ્રીકૃષ્ણે 'ગીતા' દ્વારા ભક્તિને યોગની કક્ષાએ પહોંચાડી છે.

## વૈષ્ણવધર્મ, પાંચરાત્ર, સંતો અને વિશિષ્ટાદ્વૈતી આચાર્યોનો ભક્તિમાર્ગ :

વૈષ્ણવધર્મમાં ભક્તિનો વિકાસ ખૂબ જ સારા પ્રમાણમાં થયેલો જોવામાં આવે છે. આ વૈષ્ણવધર્મમાં રામાનુજ, મધ્વ, નિમ્બાર્ક, વલ્લભાચાર્ય વગેરેએ ભક્તિનો ખૂબ જ મહિમા બતાવ્યો છે. વૈષ્ણવભક્તોમાં પણ ભક્તિનું પ્રમાણ તથા પ્રસાર સારા પ્રમાણમાં જોવા મળે છે. અને સાથે-સાથે શરણાગતિનું પણ ગૌરવ અધિક માનવામાં આવેલું છે. શરણાગતિમાં ભગવાન જ સાધ્ય હોય છે, અને તે જ સાધન હોય છે. ભક્તને તો કેવળ તેના શરણે જવાની આવશ્યકતા રહે છે. મંત્રબ્રાહ્મણાત્મક વેદના જ્ઞાન-કર્મ અને ભક્તિસ્વરૂપ ત્રણ કાંડમાં જે ઉપાસનાભક્તિ જોવા મળી છે, તેનો પૂર્ણરૂપે વિકાસ આગમગ્રન્થો (પાંચરાત્ર સંહિતાઓ)માં પ્રાપ્ત થાય છે. આવા આગમગ્રન્થો વૈષ્ણવાચાર્યોના મતે અસંખ્ય છે. આ પ્રકારના ગ્રન્થોમાં ખાસ કરીને વૈખાનસ સંહિતા અને પાંચરાત્ર સંહિતામાં વૈષ્ણવી ઉપાસનાનું પ્રતિપાદન થયું છે. પાંચરાત્ર સંહિતાની અંતર્ગત નારદ-પાંચરાત્રમાં શ્રીકૃષ્ણની વાત્સલ્ય, સખ્ય, અને મધુરા ભક્તિ વિશદ રીતે જોવા મળે છે. વાત્સલ્ય અને સખ્યનાં બે ઉદાહરણો દૃષ્ટવ્ય છે.

> योधमन्तं क्वचिद्गोपान् व्यहरन्तं गवां गणम् ।
> दण्डयाशोधतकरैर्गोपालैरुपशोभितम् ।।
> व्रजगोपालिका चेतो मोहयन्तं पुनः पुनः ।
> बल्लभीवदनाम्भोजमधुपानमधुव्रतम् ।। [९६]
> क्षोभयन्तं मनस्तासां सस्मेरायान्नवीक्षणैः ।
> यौवनोद्भिन्नदेहाभिः संसृक्ताभिः परस्परम् ।
> विचित्राम्बरभूषणाभिर्गोपनारीभिरावृत्तम् ।।[९७]

આ સંહિતામાં શ્રીકૃષ્ણની પરમપ્રેયસી રાધાના પ્રેમનું ઉત્તમ નિરૂપણ થયેલું છે. માહેશ્વરતંત્રમાં સગુણ અને નિર્ગુણ બ્રહ્મ અને તેની લીલાનું ભક્તિરસ રૂપે વર્ણન થયેલું છે. સગુણ-નિર્ગુણ બ્રહ્મની લીલાના વર્ણનમાં આ તંત્ર મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. પાંચરાત્ર સંહિતાઓમાં મુખ્યત્વે શરણાગતિ (પ્રપત્તિ) ભક્તિનું નિરૂપણ થયું છે. શરણાગતિની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે : 'હું અપરાધોનું સ્થાન છું, અકિંચન અને આશ્રયહિન છું, આવી સ્થિતિમાં તમે જ માત્ર મારા ઉપાયરૂપ બનો.'

> अहमस्म्यपराधानामालयोऽकिंचनोऽगतिः ।
> त्वमेवोपायभूतो मे भवेति प्रार्थनामतिः शरणागतिरित्युक्ता ।।[९८]

આમ પરમેશ્વરની આવી નિષ્કપટ પ્રાર્થના એ જ શરણાગતિ (પ્રપત્તિ) છે. પ્રપત્તિ-પ્રધાન ભક્તિના છ પ્રકારો બતાવવામાં આવ્યા છે.

(૧) પરમાત્માને અનુકૂળ થાય તે રીતે પોતાની જાતનું પરિવર્તન કરી ભક્તિનો દૃઢ સંકલ્પ કરવો.

(૨) પરમાત્માને જે અનુકૂળ ન હોય તેવા દુર્ગુણો અને કુકર્મોનો ત્યાગ કરી ભક્તિનો સ્વીકાર કરવો.

(૩) ભક્ત જેનું આરાધન કરે છે તેવા આરાધ્ય દેવ પાસેથી પોતાની રક્ષા પ્રાપ્ત કરવાનો વિશ્વાસ.

(૪) પરમેશ્વરનો ભક્ત દ્વારા રક્ષક તરીકે સ્વીકાર.

(૫) પરમાત્મા પ્રત્યે અનંત દૈન્યભાવ પ્રકટ કરવો.

(૬) આત્મનિક્ષેપઃ આત્મનિવેદન પૂર્ણ આત્મ સમર્પણ, પરમાત્માને આધીન થવું.

आनुकूलस्य संकल्पः प्रातिकूल्यस्य वर्जनम् ।
रक्षिष्यतीति विश्वासो गोप्तृत्ववरणं तथा ॥
आत्मनिक्षेपकार्यण्ये षड्विद्या शरणागतिः ।[૯૯]

પ્રપત્તિનું મહત્ત્વ બતાવતાં કહેવામાં આવ્યું છે કે સાંખ્ય, યોગ કે ભક્તિ જેવાં અન્ય સાધનોથી જે પરમપદની પ્રાપ્તિ થતી નથી તે પ્રપત્તિથી સાધી શકાય છે. તપ, યજ્ઞ, તીર્થ આદિ કરતાં ન્યાસ (પ્રપત્તિ) સ્વરૂપ તપ ઉત્કૃષ્ટ છે.[૧૦૦]

દક્ષિણભારતીય શઠકોપાદિ જેવા આલવાર સંતોની ભક્તિ આત્મસમર્પણયુક્ત અને પ્રેમમયી છે. આ સંતોનો સમય નિશ્ચિત નથી. તેમણે તામિલ-ભાષામાં એવાં કેટલાક પદ્યો (ગીતો) ની રચનાઓ કરી છે, જે કારુણ્ય અને ભક્તિરસથી સભર છે. તેથી જ તે ગ્રન્થોને પવિત્ર વૈષ્ણવ વેદ તરીકે ઓળખવામાં આવે છે.[૧૦૧] આલવાર સંતોની ભક્તિ અને પ્રપત્તિભાવનાના ઉદાહરણ તરીકે આલવાર સંત કુલશેખરની 'મુકુન્દમાલા' સ્તોત્ર કૃતિ ઉત્તમ નમૂનારૂપ સાબિત થયેલી છે. આમાં કુલશેખરની દૃષ્ટિએ કર્મ અને જ્ઞાન કરતાં ભક્તિ ઉચ્ચકોટિની છે. વિષ્ણુના ચરણકમળની ભક્તિ વિના વેદાધ્યયન કરવું તે અરણ્યમાં રોદન કરવા બરાબર છે. વ્રતો, પૂર્તની ક્રિયાઓ અને તીર્થસ્થાનો એ અનુક્રમે મેદને કાપવા સમાન, ભસ્મમાં હોમ કરવા સમાન અને ગજસ્નાન સમાન નિરર્થક છે.[૧૦૨]

એક માન્યતા એવી પ્રવર્તે છે કે વૈષ્ણવી ભક્તિનો સ્રોત ભગવદ્ગીતામાંથી ઉદ્ભવ્યો હોવો જોઇએ, કારણકે આ સ્રોત આલવાર સંતોનાં ગીતોમાં પ્રવાહિત થયેલો જોઇ શકાય છે. ત્યારબાદ રામાનુજ-સિદ્ધાંતમાં પૂર્ણકક્ષાએ પહોંચીને પાછળથી સંપૂર્ણ ભારતમાં તેનો વિકાસ થયો.[૧૦૩] આલવાર સંતોનાં પ્રેમમય ભક્તિપ્રધાન ગીતો ભગવદ્ગીતા અને દાક્ષિણાત્ય વિશિષ્ટાદ્વૈતી આચાર્યોની વચ્ચે એક કડીસ્વરૂપ છે. આલવાર સંતોની ભક્તિભાવના તત્ત્વજ્ઞાનના પ્રકાશમાં વિશિષ્ટાદ્વૈતી રામાનુજાચાર્ય, વેદાન્તદેશિક અને યામુનાચાર્યનાં સ્તોત્રોમાં નિરૂપિત થયેલી જોઇ શકાય છે.[૧૦૪] આ આચાર્યોમાં મુખ્ય છે રામાનુજ. આઠમી સદીના શંકરાચાર્યે અઅપેલ પૂર્ણ બ્રહ્મના તત્ત્વજ્ઞાનમાં ધર્મ અને ભક્તિનો સમન્વય જોઇએ તેવો સધાયો નથી. આનાથી વિરુદ્ધ રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈતમાં તત્ત્વજ્ઞાન અદ્વૈત સિદ્ધાંતમાંથી પ્રેરણા લે છે, જ્યારે તેમનો ધાર્મિક સિદ્ધાંત આલવારોના ઈશ્વરજ્ઞાનથી પ્રેરિત થયો છ. વિશિષ્ટાદ્વૈતી આચાર્યોના સર્વ ગ્રન્થોમાં મુખ્યત્વે પ્રપત્તિભક્તિનાં સર્વ અંગોનું કાવ્યાત્મક નિરૂપણ થયું છે. રામાનુજના અનુયાયીઓનાં બે વર્ગ છે : વડઘલે (ઉત્તરીશાખા) અને તેંગલે (દાક્ષિણાત્ય શાખા). આલવાર સંતોની પરંપરાનું અનુસરણ કરનાર તેંગલે શાખાના મતે પ્રપત્તિ મુક્તિનો એકમાત્ર ઉપાય છે. ભક્તની નિષ્ક્રિયતા પણ તેમાં બાધક

બનતી નથી. પરમેશ્વરની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારવાથી પરમેશ્વર સ્વયં ભક્તનો ઉદ્ધાર કરે છે.[૧૦૫] તેંગલે પોતાનો સિદ્ધાંત 'માર્જર-ન્યાય'થી સ્પષ્ટ કરે છે. જેમ બિલાડી સ્વયં પોતાના બચ્ચાંને પકડીને રક્ષા કરે છે અને તેમાં જેમ બચ્ચાંને કોઇ પ્રયાસ કરવો પડતો નથી તેમ પ્રપત્તિમાં પણ ભક્તના પ્રયાસ સિવાય જ ભગવાન સ્વયં તેને રક્ષે છે, તેને સ્વીકારી લે છે, પરંતુ આ માટે પૂર્વે ઈશ્વર સમક્ષ આત્મસમર્પણ આવશ્યક છે.[૧૦૬]

આનાથી વિપરિત વડઘલે શાખાનો એવો મત છે કે મોક્ષપ્રાપ્તિ માટે ભક્તનો સ્વપ્રયાસ પણ જરૂરી છે. આ મત તેઓ મર્કટન્યાય દ્વારા સ્પષ્ટ કરે છે. જેમ વાંદરીના બચ્ચાને સ્વયં પ્રયાસ કરી પોતાની માતાના પેટને ચીપકી રહેવું પડે છે અને તો જ તેની રક્ષા થાય છે, તેમ પ્રપત્તિમાં પણ આધ્યાત્મિક સાધકને સ્વપ્રયત્ન કરવો પડે છે. તેને સક્રિય રહેવું પડે છે. તો જ ઈશ્વર દ્વારા તેની રક્ષા થાય છે. મુક્તિનો આરંભ સ્વયં ભક્તિથી થવો જોઈએ.[૧૦૭] વાસ્તવમાં આ બન્ને મતોમાં તાત્ત્વિક ભેદ નથી. ઈશ્વર જ સર્વ કંઇ છે એવું માનનાર પવિત્ર ભક્ત જ્યારે અકિંચન્ય અનુભવે છે. ત્યારે ભગવાન સ્વયં તેવા ભક્ત પ્રતિ અસીમ કૃપા દાખવે છે. ભગવદ્‌ગીતાનો પણ આ જ સિદ્ધાંત છે. સ્વવ્યક્તિત્વ નિઃશેષ કરી દિવ્યસત્તામાં ખોવાઇ જવું એ પ્રપત્તિ ભક્તિની ઊંચામાં ઊંચી અવસ્થા છે. તેથી જ ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણે પણ આ જ વાત કરી છે - सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।

## પૌરાણિક ભક્તિ :

इतिहासपुराणाभ्यां वेदं समुयबृंहयेत् ન્યાયે વેદમાં બીજ સ્વરૂપે નિષ્પન્ન થયેલ ભક્તિ પુરાણગ્રન્થોમાં વિકસિત થયેલી જોવા મળે છે. અનેક શાખા-પ્રશાખામાં વિસ્તરે છે. સ્કન્દપુરાણમાં ભક્તિના ત્રણ પ્રકારો દર્શાવવામાં આવ્યા છેઃ લૌકિક, વૈદિક અને આધ્યાત્મિક. વળી લૌકિક ભક્તિના મન, વાણી અને કાયાના આધારે પાછા ત્રણ પ્રકારો પાડ્યાં છે. એમાં ધ્યાન, ધારણા, વેદાર્થસ્મરણ દ્વારા સર્જાતી બ્રહ્મપ્રીતિભરી ભક્તિ માનસિક ભક્તિ કહેવાય છે. શ્રદ્ધા, ચિંતન, જપ અને સ્તુતિ દ્વારા કરાતી ભગવદ્‌પ્રીતિ તે વાચિકી ભક્તિ તેમજ આત્મેન્દ્રિયના નિરોધપૂર્વક ચાંદ્રાયણાદિ વ્રત-ઉપવાસ ઇત્યાદિ નિયમોથી કરાતી બ્રહ્મપ્રીતિ એ કાયિકી ભક્તિ કહેવાય છે. વેદાધ્યયન વગેરેથી તેમ જ વૈદિક યજ્ઞયાગાદિ ક્રિયાઓથી કરવામાં આવતી ભક્તિ તે વૈદિકી ભક્તિ. સાંખ્ય અને યોગ એવા ભેદથી આધ્યાત્મિક ભક્તિ બે પ્રકારની છે. વળી તે સાત્ત્વિક, રાજસી અને તામસી એમ ત્રણ પ્રકારની પણ થાય છે. બ્રહ્મવૈવર્તપુરાણમાં નવધાભક્તિનું વર્ણન થયેલું જોઇ શકાય છે.[૧૦૮] તે જ પ્રમાણે ગરુડપુરાણમાં આ ભક્તિ આઠ પ્રકારની દર્શાવવામાં આવી છે. भक्तिरष्टाविधा....स च पण्डितः ।।[१०९] નારદ પુરાણમાં ભક્તિને સર્વ પ્રકારની સિદ્ધિઓના પરમકારણ તરીકે બતાવવામાં આવી છે. નારદ પુરાણના ચોથા અધ્યાયમાં જણાવવામાં આવ્યું છે કે - 'જેમ પ્રકાશને પ્રાણીઓનું કાર્ય કરવાના કારણ તરીકે માનવામાં આવે છે, તે જ પ્રકારે સર્વ પ્રકારની સિદ્ધિઓનું પરમકારણ ભક્તિ જ છે. અર્થાત્ જેવી રીતે પ્રકાશ દ્વારા મનુષ્યો પોતાના કર્મોમાં લાગી જાય છે, તે જ પ્રકારે ભક્તિ દ્વારા મનુષ્ય પોતાના કાર્યોમાં સફળ થઇ જાય છે. જે પ્રમાણે સર્વ સિદ્ધિઓનું જીવન જળ છે, તે જ પ્રમાણે સર્વ સિદ્ધિઓનું જીવન પણ ભક્તિ જ છે.

यथासमस्तलोकानां जीवनं सलिलं स्मृतम् ।
तथा समस्तसिद्धिनां जीवनं भक्तिरिष्यते ।।[११०]

વિષ્ણુપુરાણમાં પણ ભક્તિનું માહાત્મ્ય જોવા મળે છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે ‘જે નિર્મળ બુદ્ધિવાળાનું ચિત્ત આ કજિયા-કંકાસથી મલિન નથી બનતું અને જેણે પોતાના હૃદયમાં શ્રીજનાર્દનને વસાવ્યા છે, તે મનુષ્યને ભગવાનનો અત્યંત પ્રિય ભક્ત માનવો.

कलिकलुषमलेन यस्य नात्मा
विमलमतेर्मलीनीकृतस्तमेनम् ।
मनसि कृतजनार्दनं मनुष्यं
सततमवेहि हरेरतीवभक्तम् ।।[१११]

વિષ્ણુભક્તિની જેમ પુરાણોમાં શિવભક્તિનું પણ પ્રચુરમાત્રામાં આલેખન થયું છે. શિવભક્તિનું પ્રતિપાદન થયું હોવાથી જ વાયુપુરાણ એ શિવપુરાણ પણ કહેવાય છે.[૧૧૨] લિંગપુરાણમાં કહ્યું છે કે ભગવાન શિવની ભક્તિ કરવાથી જ સંસાર-સાગરમાં બંધાયેલા જીવો મુક્ત થઇ શકે છે. શિવવચન પ્રમાણે તે જ ભક્તિથી બંધનમુક્ત થયેલા જીવો શિવની પ્રાપ્તિ કરે છે. भक्तिगम्यस्त्वहम् ।।[૧૧૩] શૈવીભક્તિ ત્રણ પ્રકારની છે : કાયિક, વાચક અને માનસિક.[૧૧૪] કાયિક, વાચિક અને માનસિક એવા ઉપાયોથી ભક્તિ સાધ્ય છે. શિવપુરાણમાં ભક્તિને સેવાનું સ્વરૂપ કહેવામાં આવે છે.[૧૧૫] ભક્તિથી જ સંસારનું બંધન નષ્ટ પામે છે.[૧૧૬] શિવપુરાણમાં આ જ ભક્તિ ક્યારેક સગુણ-નિર્ગુણના ભેદસ્વરૂપે તો ક્યારેક વૈધી સ્વાભાવિક-ભેદે, ક્યારેક નૈષ્ઠિકી-અનૈષ્ઠિક ભેદે અને ક્યારેક સાંગ-નિરંગ ભેદે વિભક્ત કરી છે.[૧૧૭] ભાગવતમાં તો મુખ્ય પ્રતિપાધ્ય વિષય જ ભગવદ્ભક્તિ છે. ભાગવતનો અર્થ જ ભગવદ્ભક્તિયુક્ત ભક્તજન અથવા ભગવદ્ભક્તિમય એવો થાય છે. ભગવદ્ભક્તિનું પ્રતિપાદન કરનાર ભાગવતમાં વર્ણિત નવધા ભક્તિના આધાર સ્વરૂપ ભગત્કથા છે. ભક્તો ભગવત્કથા દ્વારા સમાધિ-સુખ અનુભવે છે. ભાગવતમાં કહ્યું છે કે સંસારના ક્લેશોથી ત્રસ્ત માનવો માટે ભગવાન પુરુષોત્તમના લીલાકથારસના સેવન વિના સંસાર-સાગર તરવાનો કોઈ અન્ય માર્ગ નથી.[૧૧૮] ભક્તિ સાક્ષાત્ રસ સ્વરૂપ છે, એમ ભાગવતમાં અનેક સ્થળે કહેવાયું છે. એ જ પ્રમાણે બ્રહ્મવૈવર્તપુરાણમાં પણ विष्णुभक्तिरस-परम् ।[૧૧૯] વગેરેથી ભગવદ્ભક્તિરસની સર્વોત્કૃષ્ટતા પ્રતિપાદિત કરી છે.

ભાગવતાદિ પુરાણ ગ્રન્થોમાં નિરૂપિત ભક્તિના આધારે જ ચૈતન્ય સંપ્રદાયના જીવ-ગોસ્વામી, રૂપ ગોસ્વામી વગેરેએ ભક્તિ-રસની કાવ્યશાસ્ત્રીય પદ્ધતિથી સ્થાપના કરેલી છે. આમાં ખાસ કરીને રૂપગોસ્વામીએ ‘ભક્તિરસામૃતસિંધુ’ અને ‘ઉજ્જવલ-નિલમણિ’ એ બે ગ્રન્થો દ્વારા ભરતરસમૂત્રની શૈલીમાં અને ભરતે બતાવેલાં રસતત્ત્વોના ઉપલક્ષ્યમાં ભક્તિરસ અને તેનાં સર્વતત્ત્વોનું તાત્ત્વિક વિવેચન કર્યું છે. આ રીતે ચૈતન્ય સંપ્રદાયે ભક્તિને શાસ્ત્રીય રૂપ પ્રદાન કરવામાં મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો છે. રામાનુજ સંપ્રદાયે પ્રપત્તિ ભક્તિની સ્થાપના કરી, તો વલ્લભાચાર્યે પોતાનાં ષોડષ ગ્રન્થોમાં પુષ્ટિભક્તિનું નિરૂપણ કરેલું છે. ભક્તિના ઉદ્ભવ અને વિકાસનું પરિશીલન કરતાં સ્પષ્ટ જણાય છે કે બીજ સ્વરૂપે વૈદિકભક્તિ ભગવદ્ગીતામાં સર્વાંગ સંપૂર્ણ તાત્ત્વિક સ્વરૂપમાં વિકસી, ઈતિહાસ-પુરાણ ગ્રન્થોમાં કથાઓના માધ્યમથી વિશદ રીતે વિસ્તાર પામી અને ભિન્ન-ભિન્ન દાર્શનિક આચાર્યોના દર્શનગ્રન્થોમાં તે તત્ત્વજ્ઞાનના પ્રકાશમાં ઉજ્જવળતા અને તાત્ત્વિકતાથી સંયુક્ત બને છે.

## ચૈતન્ય સંપ્રદાય અને ભક્તિ :

ભાગવતના આધારે ચૈતન્ય સંપ્રદાયના વિવિધ આચાર્યોએ ભક્તિને (ભક્તિરસને) તેની પૂર્ણકથાએ પહોંચાડી છે. આ પ્રકારના આચાર્યોમાં : (૧) રૂપગોસ્વામી અને (૨) મધુસૂદન સરસ્વતી પ્રમુખ છે. રૂપ ગોસ્વામીએ ભક્તના હૃદયમાં શ્રીકૃષ્ણ પ્રત્યે પ્રીતિ (રતિ) ના આધારે ભક્તિના મુખ્ય પાંચ પ્રકાર આપ્યા છે : શાંત, દાસ્ય, સખ્ય, વાત્સલ્ય અને મધુર. આ બધામાંથી મધુરભક્તિને પ્રેમભક્તિ તરીકે ઓળખવામાં આવે છે, જે સર્વશ્રેષ્ઠ ગણાય છે. જ્યારે રૂપગોસ્વામીએ ભક્તિના સામાન્યા અને ઉત્તમા એવા બે ભેદ આપ્યા છે. એમાં ઉત્તમા ભક્તિનું લક્ષણ આપતાં કહ્યું છે કે અન્ય સર્વકામનાઓથી રહિત તેમ જ જ્ઞાન અને કર્મો આદિથી અનાચ્છાદિત, અનુકૂળભાવનાથી, કૃષ્ણનું સેવન કરવું તે ઉત્તમા ભક્તિ છે.[૧૨૦] ઉત્તમા ભક્તિના ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે. સાધનભક્તિ, ભાવભક્તિ અને પ્રેમભક્તિ. ઉત્તમાભક્તિ ભોગોપાસના અને મોક્ષભાવનાથી રહિત હોય છે, તેમજ જ્ઞાન તથા કર્મથી મુક્ત હોય છે.

अन्याभिलाषिता शून्यं ज्ञान कर्माद्यनावृतम् ।
आनुकूल्येन कृष्णानशीलनं भक्तिरुत्तमा ।।[१२१]

સાધનભક્તિ ભક્તિની પ્રાથમિક અવસ્થા છે અને ભાવભક્તિ સાધનભક્તિ દ્વારા વિકસિત થાય છે. આ ભાવભક્તિ આંતરિક ભાવના ફળસ્વરૂપ હોય છે. ભાવભક્તિ પ્રેમમયી નથી, પરંતુ પ્રેમભક્તિ ઉત્પન્ન કરનારી છે. ભાવભક્તિનું લક્ષણ આપતાં રૂપગોસ્વામી કહે છે કે પ્રેમરૂપ સૂર્યના કિરણોની સમાન ઉજ્જવળ પોતાની કૃષ્ણ-પ્રાપ્તિની અભિલાષા-સ્વરૂપ કાન્તિ દ્વારા થતાં ચિત્તના દ્રવીભાવને ઉત્પન્ન કરનારને ભાવભક્તિ કહેવામાં આવે છે.[૧૨૨]

પ્રેમાભક્તિનું લક્ષણ આપતાં કહેવાયું છે કે અંતઃકરણને અત્યંત દ્રવીભૂત કરી દેનાર અને અત્યધિક મમતાથી યુક્ત પ્રગાઢ ભાવને જ વિદ્વાનો પ્રેમાભક્તિ કહે છે :

सम्यक्मसृणित स्वान्तो ममत्वातिशयाङ्कितः ।
भावः स एव सान्द्रात्मा बुद्धैः प्रेमा निगद्यते ।।[१२३]

આને જ મધુરભક્તિ કહેવામાં આવે છે. શૃંગારરસમાં સર્વાધિક માધુર્ય હોવાથી મધુરભક્તિ અર્થાત્ પ્રેમભક્તિ સર્વશ્રેષ્ઠ છે. મધુર-ભક્તિમાં શાંત, હાસ્ય, સખ્ય અને વાત્સલ્ય ભાવોની સાથે કાન્તાભાવનું પ્રાધાન્ય હોય છે. તેથી જ મધુરરસના આચાર્યોની દૃષ્ટિએ સર્વે રસોમાં મધુરભક્તિરસ સર્વશ્રેષ્ઠ ગણાય છે.

## (બ) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં પ્રપત્તિ :

ભક્તકવિની આત્માભિવ્યક્તિ સ્તોત્રકાવ્યનું પ્રધાન અંગ છે. સ્તોત્ર ધાર્મિક ગીતિ કાવ્ય છે. પરિણામે સ્તોત્રકવિની આત્માભિવ્યક્તિમાં ભક્તિભાવ કેન્દ્રસ્થાને રહે છે. કવિની આરાધ્ય પ્રત્યેની નિશ્ચલભક્તિ વિનય, દૈન્ય, પ્રાયશ્ચિત, અપરાધએકરાર, ક્ષમાયાચના ઈત્યાદિના પ્રકાશન દ્વારા અભિવ્યક્ત થાય છે.

દાક્ષિણાત્ય વૈષ્ણવી ભક્તિના કેન્દ્રમાં પ્રપત્તિ અર્થાત્ ઈશ્વરની શરણાગતિનો સિદ્ધાંત રહેલો છે. પ્રપત્તિપ્રધાન ભક્તિ-ભાવનાના ભાવન માટે પ્રપત્તિસ્વરૂપ સમજાવનાર પ્રાચીન સાહિત્ય, અલવારસંતો તેમજ વિશિષ્ટાદ્વૈતી સંપ્રદાયના આચાર્યોના પ્રપત્તિ વિષયક વિચારોનું અવલોકન આવશ્યક છે.

## (૧) પ્રાચીન સાહિત્યમાં પ્રપત્તિ :

પ્રપત્તિ સિદ્ધાંતનું આરંભિક સ્વરૂપ વેદાદિ પ્રાચીન ગ્રન્થોમાં પણ દૃષ્ટિગોચર થાય છે. પ્રપત્તિ શ્રુતિ, સ્મૃતિ, ભગવદ્‌ગીતા ઈત્યાદિથી તેમજ આચાર્યો દ્વારા સિદ્ધ થયેલી છે.[૧૨૪]

ઋગ્વેદના ખિલભાગના 'શ્રીસૂક્ત'માં શ્રી (લક્ષ્મી)ની શરણાગતિનું સ્પષ્ટ વિધાન છે.[૧૨૫] શરણાગતિમાં સર્વ સંબંધ ઈષ્ટદેવતા સાથે જોડવાના હોય છે. દેવતા જ માત્ર રક્ષક છે તેવો દૃઢ વિશ્વાસ ભક્તને ભગવાન પ્રતિ સમર્પિત કરે છે. આવી ઉચ્ચ નિર્મળ મનોદશામાં ભક્ત માટે પરમાત્મા માત્ર રક્ષક જ નહિ, પણ માતા-પિતા તુલ્ય બની જાય છે. ઋગ્વેદમાં આવાં ઘણાં વિધાનો પ્રાપ્ત થાય છે. જેમકે ''આ સંસાર-સાગરમાંથી પાર ઉતારનાર અગ્નિદેવ! મનુષ્યોનાં માતા-પિતા તથા રક્ષક તમે જ છો.''[૧૨૬] અર્થવવેદમાં પણ આવો જ વિચાર વ્યક્ત થયો છે.[૧૨૭] શ્વેતાશ્વતર ઉપનિષદ, રામાયણ, ભાગવતાદિ પુરાણો, પાંચરાત્રસંહિતાઓ, તથા શ્રીમદ્ ભગવદ્‌ગીતા શરણાગતિનો આદેશ આપે છે.[૧૨૮] ભાગવતાદિ પુરાણોમાં આ ભાવનાનું નિરૂપણ થયું છે.'' कं वा दयालु शरणं व्रजेमा – (ભા.પુ. ૩-૨-૨૩) પાંચરાત્ર સંહિતામાં તો પ્રપત્તિનાં છ અંગો પણ બતાવ્યાં છે : आनुकुल्यस्य संकल्पः प्राति–कुल्यस्य वर्जनम् । रक्षिष्यतीति विश्वासो गोप्तृत्ववरणं तथा ।। आत्मनिक्षेप कार्यण्ये षड्‌विधा शरणागतिः । (અહિ. સં. ૩૭-૨૮, ૨૯) પ્રપત્તિની વ્યાખ્યા પણ અહી મળે છે: ''હું અપરાધોનું સ્થાન છું, અકિંચન તથા નિરાશ્રય છું, આવી સ્થિતિમાં તમે જ માત્ર મારા ઉપાયરૂપ બનો'' ભગવાનની આ નિષ્કપટ પ્રાર્થના તે શરણાગતિ. (અહિ.સ. ૩૭-૩૦, ૩૧)

## (૨) આલવાર સંતો અનુસાર પ્રપત્તિનું સ્વરૂપ અને તેનાં અંગો.

### આલવાર સંતોની પ્રપત્તિ-ભાવના :

દાક્ષિણાત્ય આલવાર સંતોની ભક્તિ આત્મસમર્પણાત્મક અને પ્રેમમયી છે. આ સંતોનો સમય અનિશ્ચિત છે. તેમણે તામિલમાં પ્રબંધોની રચના કરી. તે પ્રબંધો અનુકંપા તેમજ ભક્તિથી પરિપૂર્ણ તથા ધાર્મિક-સત્યોથી યુક્ત છે. તે ગ્રન્થ પવિત્ર વૈષ્ણવ-વેદ કહેવાય છે.[૧૨૯]

કવિ વેંકટાધ્વરી ''વિશ્વગુણાદર્શ''માં સત્ત્વગુણ-સમન્વિત શઠકોપમુનિપ્રભૃતિ આલવાર સંતોએ રચેલી દ્રવિડગાથાઓનું વિવરણ કરે છે. વૈષ્ણવ ગુરુ શઠકોપ મુનિએ દિવ્ય દ્રવિડ-સંહિતાનું સર્જન કર્યું. તે વેદતુલ્ય કહેવાય છે.[૧૩૦] તે ગાથાઓ પાપનિવારક, ઉપનિષદોના અભિપ્રાયને જણાવનાર, વિષ્ણુને વશ કરનાર, મોક્ષદાયક અને અમૃતતુલ્ય છે. તે ગાથામયી વાણી વૈરાગ્યની ગોષ્ઠી, વિષ્ણુભક્તોની રંગભૂમિ, મોક્ષની સીડી, પુણ્યકર્મોના પરિપાકનું ફળ, શરણાગતિની ઉપવનધારા, વેદવાણીની પ્રિય સખી અને ચિત્તરૂપી અંકુરની ભૂમિ છે.[૧૩૧] કવિ

વેંકટાધ્વરીનાં આ વિધાનો આલવાર સંતોમાં તેમજ તેમની વાણીમાં રહેલ નિર્મળ ભક્તિભાવના અને પરમાત્મા પ્રત્યે આત્મસમર્પણાત્મક પ્રેમભાવનાનું દિગ્દર્શન કરાવે છે. આલવારોનો ભક્તિમાર્ગ વેદ-ઉપનિષદ સમંત છે. પરંતુ શ્રુતિ સાહિત્ય સર્વભોગ્ય ન હોઇ તે સંતોએ ભક્તિપ્રધાન દ્રવિડ-ગીતોનું સર્જન કર્યું. તે ગીતોએ પ્રપત્તિ-પ્રધાન વૈષ્ણનીભક્તિનું સ્વરૂપ નિર્ધારિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો. 'ભગવદ્ગીતા'ની પ્રેમમૂલક સમર્પણાત્મક ભક્તિ આલવાર સંતોનાં ભજનોમાં પ્રગાઢતાને પામી.

વૈષ્ણવી ભક્તિનો સ્રોત ભગવદ્ગીતામાંથી ઉત્પન્ન થયો અને રામાનુજ સિદ્ધાંતમાં તે પૂર્ણતાએ પહોંચી પાછળથી સંપૂર્ણ ભારતમાં વિસ્તર્યો.[૧૩૨]

આલવાર સંતોની ભક્તિ અને પ્રપત્તિ-ભાવનાના દિગ્દર્શન માટે આલવાર સંત કે કેરાળાના રાજા મનાયેલ કુલશેખરનું 'મુકુન્દમાલા' સ્તોત્ર પ્રયાપ્ત છે. તેમાં વિષ્ણુ પ્રત્યે ભક્તિ અને શરણાગતિની ભાવના કાવ્યાત્મક શૈલીમાં ભવ્ય રીતે અભિવ્યક્તિ થઈ છે. કુલશેખર, કર્મ અને જ્ઞાન કરતાં ભક્તિને વધારે મહત્ત્વ આપે છે. ''વિષ્ણુનાં ચરણકમળની ભક્તિ વિના વેદાભ્યાસ અરણ્ય-રોદન છે. કૃચ્છ્ર આદિ વ્રતો, પૂર્તની ક્રિયાઓ અને તીર્થ-સ્નાન અનુક્રમે મેદને કાપવા સમાન, ભસ્મમાં હોમ કરવા સમાન અને ગજ-સ્નાન સમાન નિરર્થક છે.[૧૩૩] ભગવાનની પરમભક્તિથી સેવા કરનાર કદાપિ સંસારમાં મોહગ્રસ્ત બનતો નથી. કેમકે ભક્તિ સંસાર-તારક છે.[૧૩૪] ભગવાન પ્રત્યે દૃઢ વિશ્વાસ એ શરણાગતિનું એક આવશ્યક અંગ છે, તેનું આ સ્તોત્રમાં હૃદયસ્પર્શી નિરૂપણ છે : 'જે નારાયણ લોકોનાં દુઃખ દૂર કરનાર છે, તે શું પોતાના દાસ-ભક્તનાં દુઃખો દૂર કરવાને યોગ્ય નથી?[૧૩૫] વૈષ્ણવી પ્રપત્તિપ્રધાન ભક્તિમાં શ્રીહરિને જ રક્ષક રૂપે માનીને તે અવશ્ય રક્ષા કરશે એવો વિશ્વાસ કેળવવામાં આવે છે, જેનું દર્શન કુલશેખર કરાવે છે. તેમની દૃષ્ટિએ વિષ્ણુરૂપી નાવ જ સંસાર-સાગરમાં રક્ષા કરવાર છે.[૧૩૬] પરિણામે તે માત્ર શ્રીહરિની શરણાગતિ સ્વીકારે છે. અને પોતાનાં સર્વકર્મો નારાયણને સમર્પિત કરે છે. તેમાં આત્મ-નિક્ષેપ પ્રકારની 'પ્રપત્તિનું દર્શન થાય છે. શઠકોપ, કુલશેખર ઇત્યાદિ આલવાર સંતોની ભક્તિ-ભાવના વિશિષ્ટાદ્વૈતી કવિઓનાં સ્તોત્રોમાં અભિવ્યક્ત થઇ છે.

## (૩) વિશિષ્ટાદ્વૈતી આચાર્યો અને સ્તોત્રકારોની પરંપરા અને પ્રપત્તિ :-

## (૧) યામુનાચાર્ય

આલવર સંતોનાં ગીત ભગવદ્ગીતા અને દાક્ષિણાત્ય વિશિષ્ટાદ્વૈતી આચાર્યોની વચ્ચે કડીરૂપ છે. આલવાર સંતોની ભક્તિભાવના તત્ત્વજ્ઞાનની પ્રકાશમાં આચાર્યો તેમજ સ્તોત્રકારોના ગ્રન્થોમાં નિરૂપિત થઈ છે. આચાર્ય પરંપરાના પ્રથમ પ્રમુખ આચાર્ય છે યામનમુનિ. તેમણે 'ચતુઃશ્લોકી' અને 'સ્તોત્રરત્ન' જેવાં સ્તોત્રોમાં ભક્તિ અને પ્રપત્તિને કાવ્યાત્મક અભિવ્યક્તિ આપી છે.

યામુનાચાર્ય ઉપર આલવાર સંત કુલશેખરનો તીવ્ર પ્રભાવ વર્તાય છે. મુકુન્દમાલ સ્તોત્રનો શ્લોક-૧૩ યામુનમુનિના 'સ્તોત્રરત્ન'નો શ્લોક-૪૮ મો બને છે. તેમાં શરણાગતિની ભાવના અભિવ્યક્ત થઈ છે. 'સ્તોત્રરત્ન'નો આ શ્લોક કદાચ પ્રક્ષિપ્ત હોય કેમકે યામુન જેવા આચાર્ય મુકુન્દમાલાનું અક્ષરશઃ અનુસરણ કરે એ શક્ય નથી.

છતાં 'સ્તોત્રરત્ન' અને 'મુકુન્દમાલા'માં વિચારોનું ઐક્ય અને અભિવ્યક્તિની એકરૂપતાના આધારે એકવાત સ્પષ્ટ છે કે આચાર્યોનું હૃદય આલવારસંતોની ભક્તિથી પ્રભાવિત છે. માત્ર યામુન જ નહિ, પણ તે પછીના રામાનુજાદિ આચાર્યો અને એમના અનુયાયી કવિઓમાં આલવાર-સંતોની પરમાત્મા પ્રતિ પ્રેમમૂલક પ્રપત્તિપ્રધાન દૃઢ ભક્તિ અને નિષ્ઠાનું રૂપ અવતીર્ણ થયું છે.

કવિ વેંકટાધ્વરી જણાવે છે કે ઉપનિષદોનું તાત્પર્ય અત્યંત કઠિન વિચારીને દયાનિધિ શઠકોપમુનિએ દ્રવિડ પ્રબંધની રચના કરી (વિ.ગુ. શ્લોક-૨૪૩). આનાથી સ્પષ્ટ થાય છે કે જ્ઞાનમાર્ગ ભક્તિમાર્ગ કરતાં કઠિન છે. આચાર્ય યામુને પણ કહ્યું છે : 'હું ધર્મ-નિષ્ઠ નથી, આત્મવેત્તા નથી કે ભક્તિમાન્ નથી. તેથી અકિંચન અને અનન્યગતિ એવો હું હે ભગવાન, તમારા ચરણે-શરણે આવું છું.'[૧૩૭] આ વિધાન સૂચવે છે કે કર્મ, જ્ઞાન અને ભક્તિને અનુસરવા જે સમર્થ નથી અને જેમને માટે મોક્ષની અન્ય કોઇ ગતિ નથી, તેમના માટે શરણાગતિ કે પ્રપત્તિ રાજમાર્ગ છે. સ્તોત્રરત્નના ભાષ્યકાર વેદાંતદેશિક આ સંબંધી કહે છે કે - 'શાસ્ત્રોના સાચા જ્ઞાનમાંથી કર્મયોગ ઉદ્‌ભવે છે કે જે માનવને મનવિજેતા અને પરમાત્માનું ધ્યાન ધરનાર બનાવી જ્ઞાનયોગમાં પરિણમે છે. આ જ્ઞાનયોગ સાક્ષાત્ કર્મયોગથી પણ પ્રાપ્ત કરી શકાય. આવો જ્ઞાનયોગી ભક્તિયોગ માટે અધિકારી બને છે અને તેની પ્રાપ્તિ કરે છે'':[૧૩૮] વળી આ જન્મમાં કર્મયોગના અભાવમાં પૂર્વજન્મના કર્મથી પણ જ્ઞાનયોગ સિદ્ધ થાય છે. આ બંનેના અભાવમાં પૂર્વજન્મનો ભક્તિયોગ પણ મોક્ષપ્રાપ્તિ માટે પર્યાપ્ત છે.[૧૩૯] વેદાંતદેશિક 'સ્તોત્રરત્ન'ના ૨૨મા શ્લોકમાં 'પ્રપત્તિ'નાં કાર્પણ્ય, રક્ષાવિશ્વાસ ગોપ્તૃત્વવરણ, ભરન્યાસ ઈત્યાદિ સર્વ અંગોનું દર્શન કરાવે છે.[૧૪૦] શરણાગતિની આવી તીવ્ર અનુભૂતિની સાથે સાથે યામુન વિષ્ણુ પાસે ભક્તિની યાચના કરે છે.[૧૪૧] આખરે 'પ્રપત્તિ' એ 'ભક્તિ'નું જ અંતિમ પરિણામ છે. યામુનની 'ચતુઃશ્લોકી'માં શ્રી અર્થાત્ લક્ષ્મીની પ્રપત્તિનો સિદ્ધાંત છે.[૧૪૨] તેનું સવિસ્તર નિરૂપણ વેંકટાધ્વરીએ 'લક્ષ્મીસહસ્ર' સ્તોત્રમાં કર્યું છે

## (૨) રામાનુજાચાર્ય

૮મી સદીના શંકરાચાર્ય દ્વારા ઉદ્‌ઘાટિત પૂર્વબ્રહ્મના તત્ત્વજ્ઞાનમાં ધર્મ અને ભક્તિનું સાંમજસ્ય જોઇએ તેવું સધાયું નથી. આનાથી વિરુદ્ધ રામાનુજનું વિશિષ્ટાદ્વૈતદર્શન તત્ત્વજ્ઞાન અને ધર્મ વચ્ચે સમતુલા જાળવે છે. તેમનું પરબ્રહ્મ વિષેનું તત્ત્વજ્ઞાન અદ્વૈત-સિદ્ધાંતમાંથી પ્રેરણા લે છે. જ્યારે તેમનો ધાર્મિક સિદ્ધાંત આલવારોના ઈશ્વરજ્ઞાનથી પ્રેરિત થયો છે.[૧૪૩] રામાનુજ જેવા આચાર્યો શરણગમનરૂપી ધનથી સંતુષ્ટ છે અને વિષ્ણુની દાસતાને કારણે તેજસ્વી છે.[૧૪૪]

રામાનુજના 'શરણાગતિગદ્ય' સ્તોત્રના આરંભનો પરિચ્છેદ 'શ્રી' લક્ષ્મીની પ્રપત્તિનો સિદ્ધાંત આપે છે, તે યામુનની 'ચતુઃશ્લોકી'નો પ્રભાવ છે. ભક્તિ માટે જ્ઞાનયોગ અને કર્મયોગ આવશ્યક છે.[૧૪૫] ભક્તિનાં સાત અંગ છે. વિવેક, વિમોક, અધ્યાસ, ક્રિયા, કલ્યાણ, અનવસાદ અને અનુદ્ધર્ષ. આ સપ્તાંગી ભક્તિને મુખ્ય બે વર્ગોમાં વહેંચી શકાયઃ સાધન (ઉપાય) ભક્તિ અને પરમાભક્તિ. સાધનભક્તિ દ્વારા જીવ અને ઈશ્વરની સાચી ઓળખ થાય છે. પરમાભક્તિમાં ભક્ત પરમસત્તા અને એકરૂપ બની પોતાનાં સર્વ કાર્યો તેને સમર્પિત કરે છે. પરમાભક્તિ પ્રપત્તિમાં પરિણમે છે.

પ્રપત્તિ (ન્યાસવિદ્યા) એ વિદ્યાનું એકરૂપ હોઈ મુક્તિનું સાધન છે. ન્યાસવિદ્યામાં અનુકૂળતાનો સંકલ્પ, પ્રતિકૂળતાનું વર્જન, રક્ષા કરશે એવો વિશ્વાસ, ગોપ્તૃત્વવરણ, કાર્પણ્ય તેમજ આત્મનિક્ષેપ - આ છ અંગોનો સમાવેશ થાય છે.[૧૪૬]

રામાનુજના 'શરણાગતિગદ્ય' સ્તોત્રમાં પ્રપત્તિ-સ્વરૂપ અભિવ્યક્ત થાય છે. ભગવાનના ચરણોમાં એકાન્તિક અને આત્યન્તિક પરાભક્તિ, પરમજ્ઞાન અને પરમાભક્તિથી ભગવદ્-સાક્ષાત્કાર સિદ્ધ થાય છે. આવી સ્થિતિમાં ભક્તમાં આરાધ્યપ્રીતિ જન્મે છે. આ પ્રીતિ નિત્ય કૈંકર્યને જન્મ આપે છે. કૈંકર્યમાં અશેષશેષતા અને પરમાનંદ હોય છે. આવું કૈંકર્ય પ્રાપ્ત કરવાની અપેક્ષાથી આચાર્ય ભગવાનની શરણાગતિની કામના સેવે છે.[૧૪૭] આ સૂચવે છે કે શરણાગતિની સ્થિતિમાં પ્રપન્નભક્ત પરમાભક્તિ, પ્રીતિ, નિત્યકૈંકર્ય, અશેષશેષતા અને પરમાનંદની અનુભૂતિઓથી પરિપૂર્ણ બનતો હોય છે. ભક્ત અન્ય કામનાઓમાંથી મુક્ત થઈ માત્ર અશેષશેષતા ઝંખે છે. વિશિષ્ટાદ્વૈત અનુસાર ભગવાન શેષી છે, અને જીવ કે ભક્ત શેષ (સેવક) છે. અશેષશેષતા એટલે ભક્તનું સંપૂર્ણતઃ ઈશ્વરનું દાસત્વ કે કૈંકર્ય, જેમાં એક માત્ર ભગવાનના દિવ્યપ્રેમની જ કામના હૃદયમાં વિલસે છે. આવી સ્થિતિમાં ભક્તના દિલમાં દૃઢ શ્રદ્ધા હોય છે કે ભગવાન જ માત્ર રક્ષક, પ્રણતાર્તિહર, આશ્રિતવાત્સલ્યૈકજલધિ અને અશરણ્યશરણ્ય છે.[૧૪૮] અનન્ય શરણ ભક્ત તેમનું શરણ સ્વીકારી નિશ્ચિંત બને છે.[૧૪૯] શરણાગત વિપરીત જ્ઞાન અને એવા જ્ઞાનની જનની માયાથી મુક્ત થવા માગે છે.[૧૫૦]

'શ્રીરંગગદ્ય' સ્તોત્રમાં પણ રામાનુજ અશેષશેષનામાં એક માત્ર રતિવાળી નિત્ય-કિંકરતા ઝંખે છે.[૧૫૧] અશેષશેષતામાં એકમાત્ર રતિયુક્ત નિત્યકૈંકર્યમાં ઉપાયભૂત ભક્તિ છે. ભક્તિનો ઉપાય સમ્યક્-જ્ઞાન છે અને જ્ઞાનનો ઉપાય યોગ્ય ક્રિયા છે.[૧૫૨] આમ અશેષશેષતા અને કૈંકર્ય સંપન્ન પ્રપત્તિમાં ભક્તિ, જ્ઞાન અને ક્રિયા ઉપાયરૂપ છે. આમ રામાનુજની દૃષ્ટિએ ભક્તિ, ભક્તિથી પરમાત્માની અનુભૂતિ, એ અનુભૂતિથી પરમાત્મા પ્રત્યે પ્રીતિ, પ્રીતિથી દાસતા અને અશેષશેષતામાં રતિ એ પ્રપત્તિનાં લક્ષણ છે. પ્રપન્ન ભક્તમાં ઈશ્વરદર્શનની અને એની સાથે એકરૂપ થવાની તીવ્ર ઝંખના ઉદ્ભવે છે.[૧૫૩]

રામાનુજની દૃષ્ટિએ ઈશ્વર-પ્રાપ્તિનો ઉપાય પ્રપત્તિ છે. જ્ઞાન, ભક્તિ અને કર્મરહિત પાપી ભક્તિ પણ શરણાગતિથી ઈશ્વરની દયા પ્રાપ્ત કરી મુક્તિનો અધિકારી બને છે.[૧૫૪]

## (૩) પ્રપત્તિ સંબંધી વડઘલે અને તેંગલેના વિચારો :

### તેંગલેના વિચારો :

રામાનુજના અનુયાયીઓના બે વર્ગ છે : વડઘલે (ઉત્તરીશાખા) અને તેંગલે (દાક્ષિણાત્ય શાખા), આલવાર સંતોની પરંપરાનું અનુસરણ કરનાર તેંગલે શાખાના મતે પ્રપત્તિ કે અકિંચન્ય મુક્તિનો એકમાત્ર ઉપાય છે. ભક્તિની નિષ્ક્રિયતા પણ એમાં બાધક બનતી નથી. ઈશ્વરની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારવાથી ઈશ્વર સ્વયં ભક્તનો ઉદ્ધાર કરે છે.[૧૫૫] તેંગલે પોતાનો સિદ્ધાંત 'માર્જાર-ન્યાય'થી સ્પષ્ટ કરે છે. જેમ બિલાડી સ્વયં પોતાના બચ્ચાને પકડીને રક્ષા કરે છે. અને તેમાં જેમ બચ્ચાંને કોઈ પ્રયાસ કરવો પડતો નથી, તેમ પ્રપત્તિમાં પણ ભક્તના

પ્રયાસ સિવાય જ ભગવાન સ્વયં તેને રક્ષે છે. તેને સ્વીકારી લે છે. આ મત અનુસાર ભક્તની પ્રપત્તિની મનઃસ્થિતિમાં મુક્તિની પ્રક્રિયાનો આરંભ ઈશ્વરથી થાય છે. જો કે આના માટે કર્મ, ભક્તિ અને જ્ઞાનની આવશ્યકતા રહે છે. પરંતુ આની પૂર્વે ઈશ્વર સમક્ષ આત્મસમર્પણ જરૂરી બને છે.[૧૫૬]

આનાથી વિરુદ્ધ વડઘલે શાખાનો એવો મત છે કે મોક્ષપ્રાપ્તિ માટે ભક્તનો સ્વપ્રયાસ પણ જરૂરી છે. પ્રપત્તિ એ નિષ્ક્રિયતાનો ધર્મ નહિ, પણ ક્રિયાશીલતાનો ધર્મ છે. આ મત તેઓ 'મર્કટ-ન્યાય' દ્વારા સ્પષ્ટ કરે છે. જેમ વાનરીના બચ્ચાને સ્વયં પ્રયાસ કરી પોતાની માતાના પેટને ચીપકી રહેવું પડે છે અને તો જ તેની રક્ષા થાય છે, તેમ પ્રપત્તિમાં પણ આધ્યાત્મિક-સાધકને સ્વપ્રયત્ન કરવો પડે છે, સક્રિય રહેવું પડે છે. તો જ ઈશ્વર દ્વારા તેની રક્ષા થાય છે. મુક્તિનો આરંભ સ્વયં ભક્તથી થવો જોઈએ. પ્રપત્તિનાં છ અંગોનું આચરણ કરવું આવશ્યક છે. આનાથી પ્રપત્તિ ભાવના પૂર્ણતાને પામે છે.[૧૫૭]

વાસ્તવમાં આ બંને મતોમાં તાત્ત્વિક ભેદ નથી. સર્વસ્વ ઈશ્વરનું માનનાર પવિત્ર ભક્ત જ્યારે અકિંચન્ય અનુભવે છે. ત્યારે ભગવાન સ્વયં તેવા ભક્ત પ્રતિ અસીમ કૃપા દાખવે છે. સ્વવ્યક્તિત્વ નિઃશેષ કરી સોત્સાહ દિવ્યસત્તામાં ખોવાઈ જવું, એ પ્રપત્તિની ઉચ્ચતમ અવસ્થા છે.

## (૪) વેદાંતદેશિકના મતે પ્રપત્તિ સ્વરૂપ :-

રામાનુજના વિશિષ્ટાદ્વૈતના અનુયાયીઓના આનંદરૂપ અને વેદાંતવિદ્યાના આચાર્ય અને સ્તોત્રકાર વેંકટનાથ શ્રી વૈષ્ણવ સંપ્રદાયમાં આચારભક્તિ અને ક્ષમાના મહાન પ્રચારક છે.[૧૫૮] ''તેઓ ભૂતળ પર અવતીર્ણ ન થયા હોત તો સમસ્ત વિશ્વ ભક્તિથી અજ્ઞાત, શાસ્ત્રજ્ઞાન રહિત અને અવૈદિક બની જાત.''[૧૫૯] વેંકટાધ્વરીનાં આવાં કથન વેદાંતદેશિકની શાસ્ત્રસંમત ભક્તિ અને શ્રીવૈષ્ણવ મતના પ્રચારમાં તેમના ભગીરથ કાર્યનાં સૂચક છે.

પ્રપત્તિ સિદ્ધાંત આલવાર સંત શઠકોપ, નાથમુનિ, યામુનાચાર્ય અને રામાનુજાચાર્ય દ્વારા પ્રવર્તિત કે પ્રચારિત થઈ વેંકટનાથ વેદાંતદેશિકમાં અવતીર્ણ થયો.

વેદાંતદેશિકે 'ન્યાસદશક' 'ન્યાસવિંશતિ', 'નિક્ષેપરક્ષા' 'ન્યાસતિલક', 'શરણાગતિદીપિકા' ઈત્યાદિ સ્તોત્રકૃતિઓના માધ્યમથી પ્રપત્તિ-સિદ્ધાંત સમજાવ્યો છે. પ્રપત્તિમાં ભગવાનને અનુકૂળ બની, અન્ય સર્વ છોડી, અકિંચન બની વિશ્વાસ અને પ્રાર્થનાપૂર્વક પોતાની રક્ષાનો ભાર પરમાત્માને સોંપવાનો હોય છે.[૧૬૦] શેષતા કે દાસ્યથી સર્વ નિષિધ્ધ કામનાઓમાંથી મુક્ત બની, એક માત્ર પરમતત્ત્વની પ્રાપ્તિના પ્રયોજન સાથે પરમાત્માના નિત્ય કિંકર બનવું એ પ્રપત્તિનો આદર્શ છે.[૧૬૧] પ્રપન્ન ભક્ત અકૃત્યો તેમજ અપરાધોનો એકરાર કરી પ્રણતાર્તિહર ભગવાન પાસે ક્ષમા યાચે છે.[૧૬૨] રામાનુજ પછી વૈષ્ણવ ધર્મના આચાર્યોમાં ભક્તિ અને પ્રપત્તિના સંબંધ બાબતે વિવાદ ઉપસ્થિત થયો. પરંતુ વેદાંતદેશિકે તે બંનેનો સંબંધ સ્થિર કરવા પરાભક્તિનું સમર્થન કર્યું. પ્રપત્તિ એ ભક્તિનું પરિણામ છે. કર્મયોગ પોતાની સિદ્ધિ માટે જ્ઞાનમાર્ગમાં અને જ્ઞાનમાર્ગ ભક્તિમાર્ગમાં જ્યારે ખોવાઈ જાય ત્યારે ભક્તિમાર્ગ અંતે પરાભક્તિ કે પ્રપત્તિમાં એકરૂપ થઈ જાય છે.[૧૬૩] તેથી પ્રપત્તિ જ્ઞાન, કર્મ અને

ભક્તિની પરાકાષ્ઠા છે. પ્રપત્તિ એ 'અંગીપ્રપત્તિ' છે અને કર્મ, જ્ઞાન અને ભક્તિ 'અંગ પ્રપત્તિ' છે, એમ કહી શકાય.

''અહિર્બુદન્યસંહિતા' જેવા ગ્રન્થોમાં પ્રતિપાદિત પ્રપત્તિનાં છ અંગો વેદાંતદેશિકની 'ન્યાસવિંશતિ', 'શરણાગતિદીપિકા' (શ્લોક-૨૭) ઇત્યાદિ કૃતિઓમાં પણ પ્રાપ્ત થાય છે.[૧૬૪] વેદાંતદેશિક સંહિતાદિ ગ્રન્થોની પ્રપત્તિવિષયક વ્યાખ્યાઓ પણ આપે છે. અપરાધી, અકિંચન અને અનન્યગતિ ભક્તની પ્રાર્થના સમયની માનસિક દશા એ પ્રપત્તિ છે. ભક્તિના પર્યાય વંદન, ધ્યાન, ઉપાસના, અર્ચન વગેરે છે, જ્યારે શરણાગતિના પર્યાય પ્રપદન, ત્યાગ, આત્મ-નિક્ષેપણ, ન્યાસ ઈત્યાદિ છે.[૧૬૫] પ્રપન્નભક્ત અન્ય વિષયોથી વિમુખ અને શ્રદ્ધાધની હોય છે, તેમજ પરમાત્માની અનુભૂતિમાં વિલંબ થતાં ભયભીત પણ થાય છે.[૧૬૬]

## (૫) વેંકટાધ્વરીના મતે પ્રપત્તિ સ્વરૂપ :

વેંકટાધ્વરી 'લક્ષ્મીસહસ્ર' સ્તોત્રમાં મુખ્યત્ત્વે લક્ષ્મીવિષયક પ્રપત્તિ સિદ્ધાંત અભિવ્યક્ત કરે છે. શ્રી અને વિષ્ણુની પ્રપત્તિ સંબંધી વિશિષ્ટાદ્વૈતી વિચારસરણીને કવિ આ કૃતિમાં અનુસરે છે.

કવિ વેંકટાધ્વરીના 'લક્ષ્મીસહસ્ર'માં ભક્તિ-પ્રપત્તિવિષયક આ વિચારસરણી પ્રતિબિંબિત થઈ છે. વેંકટાધ્વરીના મતે કર્મયોગમાર્ગ ક્લિષ્ટ છે, જ્યારે ભક્તિમાર્ગ સરળ અને ટૂંકો છે. તપસ્વી ભારે તપના અંતે કૌબરી-સંપત્તિ પામે છે, જ્યારે ભક્ત સુદામા ભગવાનને મુઠ્ઠીભર ધાન્ય આપીને તેવી સંપત્તિ સહજમાં પ્રાપ્ત કરી છે એ એનું નિદર્શન છે.[૧૬૭] લક્ષ્મીની ભક્તિ યોગવિદ્યાથી પણ ઉત્કૃષ્ટ છે, કેમકે તેવી ભક્તિ અપરાધીને પણ આકાંક્ષામાત્રથી યોગીઓ દ્વારા પણ અસાધ્ય એવું સ્થાન આપે છે.[૧૬૮] કર્મ અને જ્ઞાન સિવાય માત્ર ભક્તિથી મોક્ષપ્રાપ્તિ શક્ય છે એમ જણાવતાં કવિ કહે છે : 'અમે નિત્ય સંધ્યોપાસનાદિ કર્મોનું અનુષ્ઠાન, કે જ્ઞાનવાર્તા જાણતા નથી. તથાપિ હે લક્ષ્મી! તારો અપરિચિત ક્ષમા ગુણ જાણનાર અમે સ્વર્ગ અને મોક્ષ હાથવેંતમાં જ માનીએ છીએ.''[૧૬૯] પ્રપન્ન ભક્ત માટે તો લક્ષ્મી કામધેનુ છે.[૧૭૦] અલ્પ તેજવાળા અને કુત્સિત હૃદયવાળા ભક્તને પણ તે વૈકુંઠલોકે પહોંચાડે છે.[૧૭૧] ભક્તિ-માહાત્મ્યનું પ્રતિપાદન કરતાં કવિ કહે છે કે લક્ષ્મીની સેવા-ભક્તિ વેદોક્ત શતસંવત્સરનું આયુષ્ય, નિરુપમ-નીરોગી-ભાગ્ય, નિર્મર્યાદ ઐશ્વર્ય, રમણીયવિદ્યા, ગુણ-પૂર્ણતા, સુકીર્તિ અને વિષ્ણુ-ભક્તિથી ભક્તને પોષે છે.૧૭૨ કવિનું આ વિધાન એ પણ સ્પષ્ટ કરે છે કે વેદાંતદેશિક જેમ કહે છે તેમ લક્ષ્મી-પ્રપત્તિ વિષ્ણુ પ્રપત્તિની પ્રથમ સ્થિતિ છે. નિષ્કામ ભક્તિ જ પ્રપત્તિનું મૂળ છે. બધ્ધ જીવોમાંના મુમુક્ષોઓમાં કેટલાક માત્ર ત્રણ પુરુષાર્થની ઝંખના સેવે છે, મોક્ષની નહિ. આ તથ્ય કવિનાં આવાં વિધાનોથી સમજાય છે. રામાનુજના મતે કેટલાક ભક્તો એવા હોય છે કે જેઓ ભક્તિમાર્ગ પર ચાલવામાં અશક્ત અને અસહાય હોવાથી પોતાને ઈશ્વરેચ્છા પર છોડી દે છે. આ પ્રકારની પ્રપત્તિનું આચરણ ચારે વર્ગના લોકો કરી શકે છે. વેંકટાધ્વરી પણ જણાવે છે કે ભક્તિનો માર્ગ તો ચારેય વર્ણોને પવિત્ર કરે છે.[૧૭૩]

મોક્ષ પ્રાપ્તિ માટેનો એકમાત્ર ઉપાય પ્રપત્તિ છે. તેથી ભવાબ્ધિમાં ડૂબતો કવિ પણ સંસાર-સાગર તરવા લક્ષ્મીનો શરણાગત બને છે અને લક્ષ્મીની નિર્મર્યાદ દયાને પાત્ર બને છે.[૧૭૪] લક્ષ્મીશરણાગતિનો મહિમા બતાવતાં

કવિ કહે છે કે : ''અમારાં મનસા-વચસા-કર્મણા પાપોને ગણકાર્યા સિવાય તું અમને સંસારમાંથી બચાવે છે અને 'શરણ' એ શબ્દમાત્રથી તું સ્વામીને ક્ષાન્તિયુક્ત કરે છે.''[૧૭૫]

રામાનુજને અનુસરી વેંકટાધ્વરી પણ વેદાંત અને ભક્તિનો સમન્વય સાધે છે.

આલવાર સંતો તેમજ વિશિષ્ટાદ્વૈતી આચાર્યોના ભક્તિ-પ્રપત્તિ વિષયક વિચારોનો નિષ્કર્ષ એ છે કે ભક્તિમાર્ગ કરતાં કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ દુષ્કર છે. કર્મ, જ્ઞાન અને ભક્તિને અનુસરવા જેઓ સમર્થ નથી તેમના માટે પ્રપત્તિનો માર્ગ છે. વળી કર્મયોગ અને જ્ઞાનયોગથી ભક્તિયોગ પૂર્ણતાને પામે છે. પ્રપત્તિએ ભક્તિ કે પરમાભક્તિનું અંતિમ પરિણામ છે. જે ભક્તિ પરાભક્તિમાં એકરૂપ થઈ જાય તે પ્રપત્તિ. ભક્તિ, જ્ઞાન અને ક્રિયા આ ત્રણે પ્રપત્તિના ઉપાય રૂપ છે. કર્મ અને જ્ઞાન સિવાય પણ પ્રપન્ન ભક્ત મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

## 'પ્રપત્તિ' (શરણાગતિ)નાં અંગ :

આગમ-ગ્રન્થ તેમજ વેદાંતદેશિકાદિ આચાર્યો દ્વારા પ્રતિપાદિત પ્રપત્તિનાં આ છ અંગ છે : (૧) અનુકૂળતાનો સંકલ્પ (૨) પ્રતિકૂળતાનો ત્યાગ, (૩) રક્ષા કરશે એવો વિશ્વાસ, (૪) ગોપ્તૃત્વવરણ (૫) કાર્પણ્ય અને (૬) આત્મનિક્ષેપ

## (૧) અનુકૂળ બનવાનો સંકલ્પ :-

પરમાત્માને અનુકૂળ પોતાની જાતને પરિવર્તિત કરવાનો ભક્તનો દૃઢ સંકલ્પ તે 'आनुकूल्यस्य संकल्पः' આવા સંકલ્પમાં આરાધકના અંતઃકરણમાં આરાધ્ય પ્રતિ સમર્પિત થવા સેવા, પ્રેમ અને શ્રદ્ધાનો સંગમ સધાય છે. હૃદયમાં ઈશ્વર પ્રતિ નિર્મળ પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક એમની સેવામાં આત્મસમર્પણ કરવાની ભક્તની મનોવૃત્તિ તે ભક્તને સર્વ રીતે પરમાત્માને અનુકૂળ બનાવી દે છે. એક માત્ર આરાધ્યની સેવામાં નિરંતર રહેવાની ભક્તની અદમ્ય ઝંખના આમાં સવિશેષ રહે છે.

## (૨) પ્રતિકૂળતાનો ત્યાગ :

પરમાત્માને જે અનુકૂળ નથી, તેવા દુર્ગુણો અને કુસેવા કે કુકર્મોનો સદંતર ત્યાગ તે ''प्रतिकूल्यस्य वर्जनम्''। આરાધ્યને અનુકૂળ બનવાના સંકલ્પ પછી, તેના આચરણ માટે પ્રતિકૂળતાનો ત્યાગ અનિવાર્ય છે.

## (૩) આરાધ્ય પાસેથી રક્ષાપ્રાપ્તિનો વિશ્વાસ :-

સાધક પરમાત્માનું સ્વરૂપ વાસ્તવિક રીતે પિછાણે છે. સંપૂર્ણ વિશ્વમાં તે જ એકમાત્ર સર્વશક્તિમાન છે એવા ખ્યાલમાંથી આરાધક અનુભવે છે કે ક્લેશમય સંસારમાંથી રક્ષા કરનાર માત્ર પરમાત્મા જ છે. આવી સ્થિતિમાં તે સાધકના અંતઃકરણમાં પરમાત્મા પ્રતિ વિશ્વાસ અને દૃઢ શ્રદ્ધાનો રણકાર અનુભવાય છે. આ વિશ્વાસ અને શ્રદ્ધામાંથી પ્રપત્તિની ઉચ્ચતમ ભાવના આવિર્ભૂત થાય છે. અને પછી તો સાધકને સાંસારિક ક્લેશ કે ભયપ્રદ વિષયોનો પણ કોઈ ભય રહેતો નથી, તે નિશ્ચિંત બને છે અને એનું ખુમારીભર્યું વ્યક્તિત્વ નિષ્પન્ન થાય છે.

## (૪) આરાધ્યનું રક્ષક રૂપે વરણ :

આરાધ્ય પાસેથી રક્ષાપ્રાપ્તિના વિશ્વાસમાંથી ભક્ત આરાધ્યને જ એકમાત્ર રક્ષક રૂપે સ્વીકારે છે, આવી દશામાં ભક્ત પરમાત્મા સાથે એકત્વનો ભાવ અનુભવે છે. આને જ ગોપ્તૃત્વવરણ કહે છે.

## (૫) કાર્પણ્ય :- (અત્યંત દૈન્ય કે અકિંચનત્વ)

આરાધ્યની મહાનતા અને પોતાની પામરતા કે ક્લેશમયતાના ખ્યાલમાંથી ભક્ત અત્યંત દૈન્યભાવ કે અકિંચનત્વનો અનુભવ કરી એ દીનતા કે વ્યાધિજન્ય નિરાશાના નિરસન માટે પોતાના વ્યક્તિત્વને પરમાત્મામાં એકરૂપ કરે છે અને પોતાના દૈન્યના પ્રકાશનથી આરાધ્યને પ્રસન્ન કરી કૃપાપાત્ર બને, તેને કાર્પણ્ય કહે છે.

## (૬) આત્મનિક્ષેપ :- (પૂર્ણ આત્મસમર્પણ)

આરાધકનું આરાધ્યના ચરણોમાં સંપૂર્ણ આત્મસમર્પણ તે આત્મનિવેદન કે આત્મનિક્ષેપ. સર્વ કામનાઓમાંથી મુક્ત બની પોતાનો સમસ્ત ભાર પરમાત્માને સોંપી નિશ્ચિતતા અનુભવવામાં ભક્તિની પરાકાષ્ઠા છે. પ્રપત્તિભાવ આ સ્થિતિમાં પૂર્ણતાને પામે છે.

## વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં વૈષ્ણવી ભક્તિનું પ્રતિપાદન :-

પ્રપત્તિ-સિદ્ધાંત આલવાર સંત શઠકોપ, નાથમુનિ, યામુનાચાર્ય અને રામાનુજાચાર્ય દ્વારા પ્રવર્તિત કે પ્રચારિત થઈ વેંકટનાથ-વેદાંતદેશિકમાં અવતીર્ણ થયો, આ પરંપરાને વેંકટાધ્વરી પણ અનુસરે છે.

રામાનુજના વિશિષ્ટાદ્વૈતના અનુયાયીઓના આનંદરૂપ અને વેદાંત-વિદ્યાના આચાર્ય વેંકટનાથ શ્રી વૈષ્ણવ સંપ્રદાયમાં આચારભક્તિ અને ક્ષમાના મહાન પ્રચારક છે. ''તેઓ ભૂતળ પર અવતીર્ણ ન થયા હોત તો સમસ્ત વિશ્વ ભક્તિથી અજ્ઞાત, શાસ્ત્રજ્ઞાન રહિત અને અવૈદિક બની જાત. વેદાંતદેશિકે 'ન્યાયદશક' 'ન્યાયવિંશતિ', 'નિક્ષેપરક્ષા', 'ન્યાસતિલક', 'શરણાગતિગદ્યદીપિકા' વગેરે કૃતિઓના માધ્યમથી પ્રપત્તિ-સિદ્ધાંત સમજાવ્યો છે. પ્રપત્તિમાં ભગવાનને અનુકૂળ બની, અન્ય સર્વ છોડી, અકિંચન બની વિશ્વાસ અને પ્રાર્થનાપૂર્વક પોતાની રક્ષાનો ભાર પરમાત્માને સોંપવાનો હોય છે. શેષતા કે દાસ્યથી સર્વ નિષિદ્ધ કામનાઓમાંથી મુક્ત બની, એકમાત્ર પરમતત્ત્વની પ્રાપ્તિના પ્રયોજન સાથે પરમાત્માના નિત્ય કિંકર બનવું એ પ્રપત્તિનો આદર્શ છે.

## (૧) શ્રી અને ભગવાનની પ્રપત્તિ સંબંધી મતાન્તરઃ

શ્રી અને વિષ્ણુની પ્રપત્તિ સંબંધી વિશિષ્ટાદ્વૈતી વિચારસરણીને બધા જ સ્તોત્ર કવિઓ અનુસર્યા છે.

રામાનુજના 'શરણાગતિગદ્ય' સ્તોત્ર ટીકામાં વેદાંતદેશિક સ્પષ્ટ કરે છે કે શ્રી (લક્ષ્મી)ની પ્રપત્તિ વિષ્ણુ-પ્રપત્તિનું મૂલ્ય ઘટાડતી નથી.[૧૭૬] આ સંબંધી વેદાંતદેશિક કેટલાક વિરોધી મતો આપી તેનું નિરાકરણ કરે છે.

એક મત એવો છે કે લક્ષ્મી-શરણથી જે પ્રાપ્ત કરી શકાય છે તે બધું જ સકળ ફળદાતા ભગવાનની શરણાગતિથી મેળવી શકાય છે, તો લક્ષ્મી પ્રપત્તિનો શો અર્થ છે. આ મતાનુસાર લક્ષ્મીનું શરણ આવશ્યક નથી. પરંતુ વેદાંતદેશિક સ્પષ્ટ કહે છે શરણાગતિના માર્ગમાં લક્ષ્મી ભગવાન અને ભક્ત વચ્ચે પુરુષકાર (મધ્યસ્થી) રૂપે રહે છે. લક્ષ્મી પોતાના શરણાગત ભક્તને મોક્ષ આપવા ભગવાન વિષ્ણુને પ્રાર્થના કરે છે. લક્ષ્મીની વિનંતીથી, તેની પુરુષકારતાથી ભગવાન ભક્તને શરણ આપીને મોક્ષ પ્રદાન કરે છે.

પ્રપત્તિ સંબંધી બીજો મત એવો છે કે પ્રપત્તિનો શાસ્ત્રીય અર્થ સમજવો મુશ્કેલ છે. વેદાંતદેશિક આ સંબંધી કહે છે કે પ્રપત્તિમાં દુષ્કર કર્મોનો અભાવ હોવાથી તે સરળ છે. તેમ છતાં ભગવાનની રક્ષા-શક્તિ સંબંધી મહાવિશ્વાસનો ભક્તમાં જો અભાવ હોય, તો પ્રપત્તિનું કાર્ય સિદ્ધ થઈ શકતું નથી. ભગવાન જ એક રક્ષક છે, એવો દૃઢ વિશ્વાસ ભક્તમાં હોય, તો પ્રપત્તિનું કાર્ય સરળ બની જાય છે. લક્ષ્મી-પ્રપત્તિ અને વિષ્ણુ પ્રપત્તિ વચ્ચે કોઈ વાસ્તવિક ભેદ નથી. લક્ષ્મી-પ્રપત્તિ એ વિષ્ણુ-પ્રપત્તિની પ્રથમ સ્થિતિ છે.[૧૭૭] મધ્યવર્તી લક્ષ્મીના શરણની આવશ્યકતા યામુનાચાર્યે પણ પોતાના સ્તોત્રમાં બતાવી છે કે લક્ષ્મી દયા અને સુપ્રાપ્યતાના ગુણો ધરાવે છે, જે પ્રપત્તિ આચરવા લલચાવે છે.[૧૭૮]

વિશિષ્ટાદ્વૈતવાદ શ્રીવિષ્ણુને સર્વોચ્ચ પરમતત્ત્વ રૂપે નિરૂપે છે. વિષ્ણુ પરમતત્ત્વ હોવા છતાં ભક્તજનો માટે તે સુલભ છે. યામુન, રામાનુજ, વેદાંતદેશિક વગેરે કવિ-આચાર્યોએ વિષ્ણુની સર્વોપરિતા પોતાના સ્તોત્રોમાં રજૂ કરી છે. વેંકટાધ્વરી 'શ્રવણાનંદ' સ્તોત્રમાં વિષ્ણુની પ્રપત્તિ રજૂ કરે છે. વિષ્ણુનું ચરિત્ર અપૂર્વ છે. તે દુર્લભ હોવા છતાં સુલભ પણ છે. જેમને સંયમી નિપુણ ઋષિ-મહર્ષિઓ દહર-કમળમાં નિહાળે છે, તે જ પરમદેવતા અજ્ઞાન, નિઃસહાય સામાન્ય વ્યક્તિઓ માટે કાંચીના હસ્તિગિરિ પર વરદરાજ સ્વરૂપે સુલભ બને છે.[૧૭૯] આમ તો મુનીન્દ્રો અને નિગમ-ગ્રન્થોથી પણ તેઓ અપ્રાપ્ય-અબોધ્ય છે, પરંતુ ભક્તો માટે તો તેઓ કરુણા-સાગર અને વાત્સલ્ય નિકેતન છે.[૧૮૦] વેદાંતદેશિકે 'વરદરાજપંચાશત્'માં વરદરાજને સર્વદેવોના સાર રૂપ કહ્યા છે.

## (૨) પ્રપત્તિપ્રધાન ભક્તિનિષ્ઠા અને ભક્તિમાહાત્મ્ય

આલવાર સંતો તેમજ વિશિષ્ટાદ્વૈતી આચાર્યોના ભક્તિ-પ્રપત્તિ-વિષયક વિચારોનો નિષ્કર્ષ એ છે કે ભક્તિમાર્ગ કરતાં કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ દુષ્કર છે. કર્મ, જ્ઞાન અને ભક્તિને અનુસરવા જેઓ સમર્થ નથી તેમના માટે પ્રપત્તિનો માર્ગ છે. વળી કર્મયોગ અને જ્ઞાનયોગથી ભક્તિ-યોગ પૂર્ણતાને પામે છે. પ્રપત્તિ એ ભક્તિ કે પરમાભક્તિનું અંતિમ પરિણામ છે. ''જે ભક્તિ પરાભક્તિમાં એકરૂપ થઈ જાય તે પ્રપત્તિ''. ભક્તિ, જ્ઞાન અને ક્રિયા આ ત્રણે પ્રપત્તિના ઉપાય રૂપ છે. કર્મ અને જ્ઞાન સિવાય પણ પ્રપન્ન ભક્ત મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

કવિ વેંકટાધ્વરીના 'લક્ષ્મીસહસ્ર' સ્તોત્રમાં ભક્તિ-પ્રપત્તિવિષયક આ વિચારસરણી પ્રતિબિંબિત થઈ છે. વેંકટાધ્વરીના મતે કર્મમાર્ગ ક્લિષ્ટ છે, જ્યારે ભક્તિમાર્ગ સરળ અને ટૂંકો છે. તપસ્વી ભારે તપના અંતે કૌબેરી-સંપત્તિ પામે છે, જ્યારે ભક્ત સુદામા ભગવાનને મુઠ્ઠીભર ધાન્ય આપીને તેવી સંપત્તિ સહજમાં પ્રાપ્ત કરે છે, એવું નિદર્શન છે.[૧૮૧] લક્ષ્મીની ભક્તિ યોગવિદ્યાથી પણ ઉત્કૃષ્ટ છે, કેમકે તેવી ભક્તિ અપરાધીને પણ આકાંક્ષામાત્રથી યોગીઓ દ્વારા પણ અસાધ્ય એવું સ્થાન આપે છે.[૧૮૨] કર્મ અને જ્ઞાન સિવાય માત્ર ભક્તિથી મોક્ષપ્રાપ્તિ શક્ય છે

એમ જણાવતાં કવિ કહે છે, ''અમે નિત્ય સંધ્યોપાસનાદિ કર્મોનું અનુષ્ઠાન કે જ્ઞાનવાર્તા જાણતા નથી, તથાપિ હે લક્ષ્મી, તારો અપરિચિત ક્ષમા ગુણ જાણનાર અમે સ્વર્ગ અને મોક્ષ હાથવેંતમાં જ માનીએ છીએ.''[૧૮૩] ભક્તિમાહાત્મ્યનું પ્રતિપાદન કરતાં કવિ કહે છે કે લક્ષ્મીની સેવાભક્તિ વેદોક્ત શતસંવત્સનું આયુષ્ય, નીરોગી-ભાગ્ય, નિર્મર્યાદ ઐશ્વર્ય, રમણીય વિદ્યા, ગુણપૂર્ણતા, સુકીર્તિ અને વિષ્ણુ ભક્તિથી ભક્તને પોષે છે.[૧૮૪] રામાનુજના મતે કેટલાક ભક્તો એવા હોય છે કે જેઓ ભક્તિમાર્ગ પર ચાલવામાં અશક્ત અને અસહાય હોવાથી પોતાને ઈશ્વરેચ્છા પર છોડી દે છે. આ પ્રકારની પ્રપત્તિનું આચરણ ચારે વર્ગના લોકો કરી શકે છે.

મોક્ષ-પ્રાપ્તિ માટેનો એકમાત્ર ઉપાય પ્રપત્તિ છે. તેથી ભવાબ્ધિમાં ડૂબતો કવિ પણ સંસાર-સાગર તરવા લક્ષ્મીનો શરણાગત બને છે અને લક્ષ્મીની નિર્મર્યાદ દયાને પાત્ર બને છે.[૧૮૫] આવી સ્થિતિમાં વેંકટાધ્વરી લક્ષ્મીની પાસે ભક્તિની જ યાચના કરે છે. તે કહે છેઃ લક્ષ્મીનાં ચરણકમળ મને ભક્તિ પ્રદાન કરે, જેથી અન્યમાં મારું હૃદય ન લાગે. ભક્તિયાચનામાં  આર્તનાદનો અનુભવ કરાવતાં તે પોકારી ઊઠે છે : ''હે અંબા, હું દુર્ગમ મોક્ષ યાચતો નથી, સ્વર્ગની પણ કામના નથી, અન્ય સુખની પણ વાંચ્છા નથી, કિન્તુ હે હરપ્રિયા, તારી પાસે માત્ર ભક્તિ યાચું છું. એટલું જ માત્ર પ્રદાન કરવામાં તું વિચાર કરીશ તો મારી શી ગતિ થશે?''[૧૮૬]

અન્ય સ્તોત્રકારોએ પણ ભક્તિનું મહત્ત્વ બતાવ્યું છે. કુલશેખર 'મુકુંદમાલા'માં આરાધ્ય પ્રત્યે સદૈવ નિશ્ચલ ભક્તિની જ કામના રાખે છે. ''ધર્મ, ધન કે કામોપભોગમાં મારી આસ્થા નથી, જે થવાનું હોય તે થાય પરંતુ જન્માન્તરોમાં મારી નિશ્ચલ ભક્તિ તારા ચરણકમળમાં રહે એ જ કામના, તારી ભક્તિ જ ભવજલધિમાંથી મને અવશ્ય તારશે.''[૧૮૭] ભક્તને તો આરાધ્ય પ્રત્યે જ આસક્તિ હોય છે, તે સદૈવ દેવતાના શરણે જ રહેવાને ઝંખતો હોય છે. માતા દ્વારા ક્રોધપૂર્વક તિરસ્કૃત બાળક માતાના ચરણોને છોડી શકતું નથી. તેમ ભક્ત, ભલે તિરસ્કૃત કે ધિક્કારપાત્ર બન્યો હોય, છતાં સદૈવ દેવતાનું સાન્નિધ્ય વાંચ્છે છે.[૧૮૮]

પ્રપત્તિપ્રધાન ભક્તિમાં ભક્તના વિનય, દૈન્ય, અપરાધ-એકરાર અને યાચનાભાવનું પ્રકાશન ભાવાવેશ પ્રધાન હોય છે.

## (૩) ભક્તિના એક અંગ વિનયનું પ્રકાશન :

અપરંપાર ગુણસાગર અને મહિમામંડિત ઈષ્ટદેવની સ્તુતિ કરવા માટે પ્રવૃત્ત થયેલ ભક્ત-કવિ પ્રાયઃ સ્તોત્રરચના સંબંધી પોતાની અસમર્થતા કે અનભિજ્ઞતાના નિવેદનપૂર્વક પોતાની વિનય-ભાવના કે નિરહંકારિકા વ્યક્ત કરતો જણાય છે. ભક્તામરસ્તોત્રમાં માનતુંગાચાર્ય જિનેન્દ્રની સ્તુતિ કરતાં પોતાને જળમાં ચન્દ્રના પ્રતિબિંબને પકડવાનો પ્રયાસ કરતા બાળક જેવો કહે છે; તો વેદાન્તદેશિક કહે છે કે 'અપૌરુષેય વેદાદિ ગ્રન્થોથી પણ જેમનો મહિમા અદૃશ્ય રહ્યો છે, તેવાની સ્તુતિ કરતાં કવિ મુગ્ધતા અનુભવે છે.[૧૮૯] પરંતુ ભગવાનનું ભક્ત પ્રત્યેનું નિર્વ્યાજ વાત્સલ્ય જ તેને બળપૂર્વક મુખરિત કરે છે.[૧૯૦]

કવિ વેંકટાધ્વરી પણ મંગલાચરણ અને ગુરુવંદના પછી સ્વવિનય પ્રદર્શિત કરે છે. અપરિમિત ગુણસંપન્ન વિરાટ દેવતા સમક્ષ ભક્તકવિ પોતાનું વામનત્વ અભિવ્યક્ત કરે છે. 'લક્ષ્મીસહસ્ર' ની આરાધ્ય દેવતા લક્ષ્મીના

ગુણાનુવાદના આરંભે પંગુતાનું ચાંચલ્ય અનુભવી પોતાની નમ્રતા પ્રદર્શિત કરે છે. વેદચતુષ્ટયી, બ્રહ્મા અને શેષનાગ પણ લક્ષ્મીના ગુણો વર્ણવવા સમર્થ નથી. આવી સ્થિતિમાં પણ કવિ લક્ષ્મીની સ્તુતિ રચવા કૃતનિશ્ચયી બન્યા છે. પરિણામે હનુમાનાદિથી પણ અનુલ્લંઘનીય જલધિને તરવા સમુત્કંઠ બનેલ પંગુની બેચેની તે અનુભવે છે.[૧૯૧] લક્ષ્મીનો મહિમા તો વેદવાણી અને દેવો દ્વારા પણ અવર્ણ્ય છે ત્યાં કવિનું શું ગજું? વેંકટાધ્વરી આ બાબત ભક્તિભાવપૂર્વક સ્વીકારે છે, તેથી જ પોતાના પામરતાભર્યા ઉદ્‌ગારો કવિ વારંવાર રજૂ કરે છે, ''હે માતા લક્ષ્મી! તમારી સમક્ષ મંદગતિ એવો હું તમારી આડંબરી સ્તુતિ સંભળાવતો માણેકસમૂહનો બજારમાં ચણોઠી વેચનારની પદવી પામું છું.''[૧૯૨] 'અલ્પમતિ અને મુક હોવા છતાં સહસ્રશ્લોકથી તારી સ્તુતિ કરતા મને નિહાળીને પ્રાજ્ઞજનો વિસ્મિત કેમ ન થાય?''[૧૯૩] જૈનકવિ સિદ્ધસેન દિવાકર, પુષ્પદંત, યામુનમુનિ, વેદાંતદેશિક, અપ્પયદીક્ષિત, મધુસૂદન સરસ્વતી ઈત્યાદિ કવિઓનાં સ્તોત્રોમાં આવી ભાવના અભિવ્યક્ત થઈ છે.[૧૯૪] પોતાનું સ્તોત્ર નીરસ અને હાસ્યાસ્પદ છે, તે વેંકટાધ્વરી જાણે છે. સ્તોત્રરચનાનું ચાતુર્યપૂર્ણ કારણ આપતાં તેઓ કહે છે કે વ્યાસાદિ પુરાતન કવિઓનાં અમૃત-સ્વાદના મદને પણ ઓગાળી નાખનાર મધુર સ્તોત્રો વારંવાર સાંભળી-સાંભળી લક્ષ્મીના કર્ણ જાણે જડ બની ગયા છે. એ જડતા-અરુચિને દૂર કરવા પોતે હાસ્યાસ્પદ પદોથી સ્તુતિ રચે છે.[૧૯૫] આવા નિરૂપણમાં કવિ-નમ્રતાની સાથે સાથે સ્તોત્રની ઉત્તમતા પણ વ્યંજિત થાય છે.

લક્ષ્મીના ગુણાનુવાદમાં વેંકટાધ્વરી વાસ્તવમાં પંગુ નથી, પણ પારંગત છે. પામર નથી પણ સમર્થ છે. ભલે તેઓ પોતાને ન્યાયપ્રણેતા કે ભાષ્યકાર પતંજલિ ન માનતા હોય, પણ ન્યાયશાસ્ત્ર, મીમાંસા, વ્યાકરણ વગેરે ગ્રન્થોના નિર્માણમાં એમનું શાસ્ત્રજ્ઞાન કે પાંડિત્ય વ્યક્ત થયું છે. કવિનો વિનયભાવ પરંપરાગત છે. એમાં સ્પષ્ટ થાય છે કે વેંકટાધ્વરીમાં કવિત્વ અને પાંડિત્યનો મણિ-કાંચન-યોગ સધાયો હોવા છતાં તેમની નમ્રતા પ્રપત્તિયુક્ત વૈષ્ણવી ભક્તિને અનુરૂપ છે.

## (૪) પ્રપન્નભક્તનો દૈન્યભાવ :

કવિના દૈન્યભાવનું પ્રકાશન સ્તોત્રકાવ્યનું એક પ્રમુખ લક્ષણ છે. પ્રાયઃ પ્રત્યેક સ્તોત્રમાં કવિ પોતાના દોષ, પામરતા, અસહાયતા કે અધમ સ્થિતિનું માર્મિક નિરૂપણ કરીને આરાધ્યની કૃપા યાચવા યુક્તિપૂર્વકનો પ્રયાસ કરતો હોય છે. અપરાધક્ષમાપન-સ્તોત્રમાં તો આ ભાવના પ્રમુખ બનતી હોય છે. સ્તોત્રકવિ યામુન એકરાર કરે છે કે જગતમાં એક પણ નિંદિત કર્મ નથી, જે મેં ન આચર્યું હોય. એવા એકરારમાં કરુણાપૂર્ણ ક્રંદન કરી સ્વજાતને ધિક્કારે છે.[૧૯૬] સ્તોત્રકવિ વેદાન્તદેશિક જીવનભર આચરેલ દુષ્કૃત્યોના વિચારથી ક્વચિત્ આરાધ્ય સમક્ષ લજ્જિત થાય છે. તે પોતાને અજ્ઞાનવારિધિધુરંધર અને અકિંચન-સાર્વભૌમ માને છે.[૧૯૭] કવિ વિષયભોગમરીચિકાથી ભ્રાન્ત થઈ દેવની કૃપા-દૃષ્ટિ યાચે છે.[૧૯૮] કવિ ગુણસાર્વભૌમ પરમાત્મા સમક્ષ પોતાને અપરાધચક્રવર્તી ગણાવે છે.[૧૯૯] અને અંતે કવિ પોકારે છે કે : ''હે ભગવાન, તારો ચરણસેવાનો રસપ્રવાહ મારાં દુષ્કર્મોના દાવાગ્નિ અને દુઃખ ક્યારે શમાવશે''[૨૦૦] અમર્યાદ ક્ષુદ્ર અસૂયાનું પ્રભવસ્થાન કૃતઘ્ની, દુર્માની, કામપરવશ, વંચનાત્પર, નૃશૈસ અને પાપિષ્ઠ એવો પોતાનાથી દુઃખજલધિમાંથી કેવી રીતે ઉત્તીર્ણ થવાશે, એવો પશ્ચાત્તાપપૂર્વકનો અફસોસ કવિ વ્યક્ત કરે છે.[૨૦૧] જીવનભર કલા અને તીર્થોથી વંચિત રહેનાર ભક્ત કવિ આજે દયાપાત્ર બન્યો છે.[૨૦૨]

કવિ વેંકટાધ્વરી 'લક્ષ્મીસહસ્ર' સ્તોત્રના નિર્વેદસ્તબકમાં પોતાની ગ્લાનિ-વિવશતા-પ્રાયશ્ચિત ઈત્યાદિ ભાવનાઓ પ્રકાશિત કરી લક્ષ્મી પ્રત્યેની પોતાની દઢનિષ્ઠાની પ્રતીતિ કરાવે છે. 'લક્ષ્મીસહસ્ર' પ્રપન્નભક્તનું સાચું દર્શન કરાવે છે. પોતાના ભૂતકાળ ભણી દૃષ્ટિપાત કરતાં કવિ પશ્ચાત્તાપની દાહક ભાવનાથી સંતપ્ત બને છે. પોતાની ભૂતકાલીન દારુણ સ્થિતિનું આલેખન કરી દેવીની કૃપા યાચે છે, તેની શરણાગતિ સ્વીકારે છે. દેવીની શરણાગતિ, તેની ચરણસેવા એ જ સર્વસ્વ છે. એ આધ્યાત્મિક સત્ય કવિને હવે સમજાયું છે. પરિણામે લક્ષ્મીની ચરણસેવા વિનાના દિવસો અને સેંકડો જન્મ વૃથા થયા છે, એવો અફસોસ વ્યક્ત કરે છે.[૨૦૩] જન્મભરના પોતાનાં દુષ્કર્મોના એકરારપૂર્વક પોતાનો નિર્વેદ-ભાવ કરુણાપૂર્ણ શબ્દોમાં તે આલેખે છે : ''મારું ચિત્ત મલિન વિષયોનું વારંવાર સ્મરણ કરી પરિશ્રાન્ત થયું છે. દુષ્ટોના ઘરે રખડી રખડીને મારા ચરણ ખિન્ન થયા છે. દુર્જનોની સ્તુતિઓ રચી રચીને મારી જિહ્વા ક્લેશસંપન્ન બની છે. હે માતા, હું તને વારંવાર શું વિજ્ઞાપન કરુ?''[૨૦૪] ક્યારેક કવિની આત્માભિવ્યક્તિ આર્તનાદનું સ્વરૂપ ધારણ કરે છે : 'સમસ્ત નિંદ્ય કર્મ આચરતો અને વિધિબોધિત કર્મ તજતો અને તેનાં દુષ્પરિણામો ભોગવતો હું ક્યાં સુધી આવા જન્મ ધારણ કરતો રહીશ.'[૨૦૫] વિષયમાં રાચતા ને ખિન્ન થતા કવિનો કરુણ ક્રંદન-ધ્વનિ સ્તોત્રમાં વારંવાર સંભળાય છે. જેમકે : ''હે રમા, જગતમાં કેટલાક ધન્ય લોકો કલત્રાદિ વિષયોનો ત્યાગ કરી, તને નમસ્કાર કરી દિવ્યગતિ પામે છે, જ્યારે હું વિષયરૂપી વિષયંત્રમાં અટવાતો રોદન કરું છું''[૨૦૬] ભગવતીના ધ્યાન વિનાનું સર્વસ્વ નકામું છે એ રહસ્ય સમજાતાં કવિ રાજાનું સેવન છોડી પોતાનું મન માત્ર લક્ષ્મીમાં જ રમમાણ થાય એવી કામના સેવે છે.[૨૦૭]

## (૫) ભક્તની હૃદયાભિવ્યક્તિ :

## પ્રાયશ્ચિત, અપરાધ-એકરાર અને યાચનાભાવ

અપરાધ-એકરાર અને ક્ષમા-યાચના એ સ્તોત્રકાવ્યનું વ્યાવર્તક લક્ષણ ગણી શકાય. સંસ્કૃત સાહિત્યમાં 'અપરાધક્ષમાપન' સ્તોત્રોની પરંપરા પણ પ્રાપ્ત થાય છે. ઈષ્ટ દેવતાની સ્તુતિ કે ગુણવર્ણન માટે ઉદ્યત થયેલ ભક્તિભાવપૂર્ણ કવિ આરાધ્યના ગુણમહિમા અને સર્વસમર્થતાના સંદર્ભમાં, પામરતા કે દીનતા અનુભવે છે. પરિણામે તે એકરારપૂર્વકનો દૈન્યભાવ અભિવ્યક્ત કરે છે. ક્યારેક પોતાની ભૂતકાલીન ભૂલો કે આચરેલી દુર્જનતા બદલ પ્રાયશ્ચિતની ભાવના અનુભવે છે. પરમાત્મા એને મન જગત્સ્વામી છે, જ્યારે પોતે તો દાસ બનવાને પણ યોગ્ય નથી. આથી તે દાસતાની યાચના સાથે તે એમને શરણે જાય છે અને પોતાનું સર્વસ્વ તેમના ચરણે સમર્પિત કરી કૃતકૃત્યતા અનુભવે છે.

વેંકટાધ્વરીના 'લક્ષ્મીસહસ્ર' માં 'ક્ષાન્તિસ્તબક' અપરાધ-એકરાર અને યાચનાભાવ માટે જ લખાયું છે. અપરાધ આચરણમાં પણ વેંકટાધ્વરીની ચતુર્થપૂર્ણ સ્વાર્થ-સાધના દૃષ્ટિગોચર થાય છે, તેથી જ તો તે કહે છે : ''જો હું નિઃસીમ અપરાધ ન આચરું તો હે માત, તારા ક્ષમાગુણનો લાભ કેવી રીતે મળે?''[૨૦૮] દેવીના ક્ષમાગુણમાં દોષારોપણ કરનારા વેંકટાધ્વરીના યાચનાભાવની કુશળતા નોંધપાત્ર છે : ''હે, કમળનિલયે, વિહિતકર્મને ત્યજતા અને નિષિદ્ધ કર્મને આચરતા એવા અમારો શો દોષ! કેમકે મારો એવો કોઈ અપરાધ નથી કે જે તને અગોચર હોય. તેથી અમે ઘણા અપરાધ આચરીએ છીએ. આમાં તારા ક્ષમાગુણનો જ દોષ છે.''[૨૦૯] કવિ જેવા ભયંકર પાપીઓની સંપૂર્ણ શુદ્ધિ શક્ય નથી. સંસાર-કાદવમાં પડનારાઓનું અવલંબન લક્ષ્મી જ છે, તે જ ક્ષમાભૂમિ છે.

અપરાધ-સાગર કવિને મન લક્ષ્મી સિવાય કોઈ અન્ય રક્ષક નથી. ક્ષમા-નિધિ હોઈ દેવી લક્ષ્મી જ તેના સેંકડો અપરાધની ક્ષમા આપવા યોગ્ય છે.[૨૧૦]

અપરાધોનું પ્રાયશ્ચિત એ પવિત્રતા તરફ જવાનો આરંભ છે, પરંતુ કવિના અપરાધો એટલા જઘન્ય છે, કે તેમનું પ્રાયશ્ચિત શક્ય નથી. પરિણામે વ્યાકુળ બની તે કેવળ દેવીની ક્ષમા જ યાચે છે. કવિ વિવિધ રીતે લક્ષ્મી પાસે દયા અને રક્ષાની યાચના કરે છે. લક્ષ્મીની કટાક્ષરૂપી દિવ્ય ઔષધિ સંસાર વિપત્તિ સ્વરૂપ રોગોમાંથી રક્ષણ કરે એવી કામના કવિના અંતઃકરણમાં અહર્નિશ વિદ્યમાન છે.[૨૧૧] જડ એવા પોતાના તરફ કટાક્ષદૃષ્ટિ નાખવા માટેનું કવિ બુદ્ધિગમ્ય કારણ આપે છે : ''હે જનની, પીડિત અને મૂઢ એવા મને પણ કૃપાપુરથી વિકસિત શીતળ કટાક્ષના આનંદથી કૃતાર્થ કર, એમાં તને શો દોષ લાગવાનો છે? કેમકે વાદળ તો મરુભૂમિ અને મેરુ પર્વત પર સમાન માત્રામાં જ વરસે છે''[૨૧૨] કૃપાયાચના માટે આવી જ તર્કસંગત દલીલ કરતાં કવિ કહે છે કે : ''હે જગન્માત, લોકોપકારમાં મગ્ન ધન્યપુરુષોની જેમ સકળ અપકાર કરવામાં સમર્થ એવા મારા પર અતીવ શીતળ કૃપા વરસાવ. પનસ અને આમ્રાદિ વૃક્ષો પર પુષ્કળ પાણી વરસાવનારી મેઘમાળા શું વિષવૃક્ષ ઉપર પણ વૃષ્ટિ નથી કરતી?[૨૧૩]

પાપ-તાપ-અજ્ઞાન તેમજ નરક-નાશનો યાચનાભાવ પણ કૃતિમાં વારંવાર રજૂ થયો છે. કવિ તો સાંસારિક પાપ-તાપ અને અજ્ઞાનથી પીડિત છે. એ વ્યથાઓની નિવૃત્તિ માટે તે પુનઃ પુનઃ દેવીને વિનવે છે. એટલું જ નહી કવિની દર્શનેચ્છા અને આરાધ્યના સાનિધ્યમાં રહેવાની ઝંખના પણ અભિવ્યંજિત થાય છે. કવિ સ્પષ્ટ રીતે મોક્ષની આકાંક્ષા પણ વ્યક્ત કરે છે. તેનું કથન છે : ''હરિના વક્ષઃસ્થળનો કૌસ્તુભરૂપી દીપક અમારા અંતરનો અજ્ઞાનાન્ધકાર નષ્ટ કરીને મુક્તિમાર્ગ બતાવે''[૨૧૪] મોક્ષ યાચનામાં નિર્વેદભાવ વ્યક્ત કરતાં કહે છે કે ''સતત વિકારથી અસમર્થ એવા કારાગૃહસદૃશ દેહને હું પ્રાપ્ત થયો છું. તો કુત્સિત સંસારમાંથી મારો ઉદ્ધાર કર.[૨૧૫] કવિના યાચનાભાવમાં કષ્ટમય સંસારથી નિવૃત્તિ અને મોક્ષ-પ્રાપ્તિની કામના પ્રબળતમ છે. પરિણામે વેંકટાધ્વરી વૈષ્ણવ દર્શનના ''મુમુક્ષુ-જીવ'' નું પ્રતિનિધિત્વ કરે છે.

## (૩) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં ભક્તિના પરંપરિત પ્રકારો :-

ભાગવતાદિગ્રન્થોમાં શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવા, અર્ચન, વંદન, દાસ્યભાવ, સખ્યભાવ અને આત્મનિવેદન - એ નવધાભક્તિનું પ્રતિપાદન થયું છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં પણ ભક્તિનાં બધાં અંગો દૃષ્ટિગોચર થાય છે.

### શ્રવણ, કીર્તન અને સ્મરણ :

ભક્તિના આ ત્રણ પ્રકારોમાં ભગવન્નામનું અનન્ય મહત્ત્વ છે. એના નિરૂપણ માટે સંસ્કૃત સાહિત્યમાં સ્વતંત્ર રીતે નામ-સ્તોત્રોની પરંપરા પ્રાપ્ત થાય છે. આ પરંપરાના અનુસરણમાં શ્રવણ, કીર્તન અને સ્મરણના માહત્મ્યનું નિરૂપણ વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં પણ થયેલું છે.

કુલશેખરના મુકુંદમાલા સ્તોત્રમાં કવિ સંસારસાગરમાં તણાતા માત્ર મુકુન્દના ચરણાવિંદ પ્રત્યેની ભક્તિનૌકાની યાચના કરે છે.[૨૧૬] ભક્ત કવિને મન કૃષ્ણનામ તો અમૃત સમાન ઔષધ છે, જેના પાનથી આત્યંતિક નિર્વાણ વિસ્તરે છે, તેથી જ તે સદૈવ નામ રસાયણનું પાન કરવા ઝંખે છે.[૨૧૭] પરમાત્માના નામના

સ્મરણથી નિર્ધનતા નષ્ટ થાય છે. તત્કાળ સર્વ પાપ અદૃશ્ય થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી જ સ્તોત્રકાર યામુન નામગુણ-સ્મરણ કરતાં જીવન વ્યતીત કરવા ઈચ્છે છે. પોતાની જિહ્‌વાને 'ગોવિંદ-દામોદર-માધવ'નું રટણ કરવા કહે છે.[૨૧૮] રામાનુજનું 'શરણાગતિગદ્ય' સ્તોત્ર ગદ્યપદ્યાત્મક છે. એના આરંભિક ભાગમાં આચાર્ય રામાનુજ લક્ષ્મી અને વિષ્ણુનાં માહાત્મ્યસૂચક વિશેષતા પ્રયોજી તેમની શરણાગતિ સ્વીકારે છે. વિષ્ણુ જ તેમને મન સર્વસ્વ છે.[૨૧૯] શ્રીવૈકુંઠગદ્યમાં બ્રહ્મસ્વરૂપ, ઈશ્વરના ગુણ તેમજ રૂપનું પ્રલંબ વર્ણન થયું છે. શ્રીવત્સાંકમિશ્રના 'અતિમાનુષસ્તવ'માં શ્રીરંગનગરીના અધિષ્ઠાતા દેવ રંગરાજ (વિષ્ણુ)ના નરસિંહ, રામ, કૃષ્ણાદિ અવતારોનાં મહાન કાર્યોના આલેખન સાથે એમનો ગુણવૈભવ પ્રગટ થયો છે. દુર્લભ વિષ્ણુ ભક્તો માટે સુલભ છે. દયાસિન્ધુ પરમાત્મા ક્ષુદ્રજનોને દર્શન આપવા રંગક્ષેત્રમાં અવતીર્ણ થયો છે.[૨૨૦] 'સુન્દરબાહુસ્તવ'માં વેંકટગિરિ ઉપર પ્રતિમા સ્વરૂપે બિરાજમાન ભગવાન સુંદરબાહુ (વિષ્ણુ) નો મહિમા રજૂ થયો છે. ભગવાન વિષ્ણુના ષડ્‌ગુણનો મહિમા વર્ણવાયો છે. એટલું જ નહિ શ્લોક-૪૦ થી ૬૮ માં વિષ્ણુમૂર્તિનું કેશાદિપાદાન્ત વર્ણન પણ કર્યું છે.

કવિ વેંકટાધ્વરીએ 'લક્ષ્મીસહસ્ર'માં 'નામવૈભવસ્તબક'ની રચના કરી છે. તેમાં નામસ્તોત્રો કે નામાવલિસ્તોત્રોનું સુવિકસિત સ્વરૂપ નિહાળી શકાય છે. કવિ લક્ષ્મીના નામરૂપી કલ્પવૃક્ષ-પુષ્પોથી ગ્રથિત સ્તોત્રમાળા હરિના પ્રસાદન માટે ગૂંથે છે.[૨૨૧]

'શ્રી' અને 'રમા' એ નામ જ કવિને મન મંગળવાચી છે. તેથી જ કવિ પોતાના કાવ્યારંભે ગણ અને વર્ણોના દોષ નિવારણ માટે 'શ્રી' શબ્દનો પ્રયોગ કરે છે.[૨૨૨] દેવી લક્ષ્મીના નામમાહાત્મ્ય માટે કવિ રૂપકોની હારમાળા ગૂંથે છે. 'સિધ્ધમંત્ર, મહાઘંટાવાદ્ય, અમૃત, બ્રહ્માસ્રમંત્ર, અને સાંત્વનવચનરૂપ દેવીના નામનો જપ સૌ કોઈ કરે છે, કેમકે તે જપ કલ્યાણપદ છે.[૨૨૩] ભગવાનનાં નામ, ગુણ, લીલા, ધામ ઈત્યાદિનું પ્રેમ-શ્રદ્ધાપૂર્વકનું કથન, પઠન અને ગાન તે કીર્તન કહેવાય છે. કવિ નામકીર્તનનો મહિમા બતાવતાં કહે છે કે શ્રીયુક્ત નામનું કીર્તન કરનાર ભક્તો વેદાન્તજ્ઞાતા, પાપમુક્ત, સત્ત્વશીલ અને મુમુક્ષુ બની શ્રીવિષ્ણુને સંતુષ્ટ કરવા સમર્થ બને છે.[૨૨૪] ભગવાન્નામ તો અમૃતપ્રવાહ છે, અપ્રિતમ ઔષધિ છે. તેના સેવનથી સંસારરોગોની નિવૃત્તિ થાય છે, તેથી જ દોષના શમન માટે પોતાની જિહ્‌વા નામ-કીર્તન કર્યા કરે એવી ઝંખના કવિ સેવે છે.[૨૨૫] કળિયુગમાં તો હરિ નામનો જપ ઈચ્છિત આપનાર બને છે. મહાન મંત્રો કે વાજપેય-યજ્ઞથી પણ લક્ષ્મી નામ ઉત્કૃષ્ટ છે. તે નામ તો પવમાન-મંત્રસમૂહના ઉચ્ચારણરૂપ, મંત્રોના પ્રકાન્તરૂપ, અઘમર્ષણમંત્રના પ્રતિનિધિરૂપ ' नमो नारायणाय' એ અષ્ટાક્ષરમંત્રના સહજરૂપ અને ગાયત્રીની પુનરુક્તિરૂપ છે. (શ્લોક-૧૭/૩૮, ૩૭) આવાં વિધાનો દ્વારા કવિ ભક્તિમાર્ગની સર્વ-સુલભતા અને સુગમતા પ્રતિપાદિત કરે છે. સામગાન કરતાં પણ લક્ષ્મીનું નામ ઉત્કૃષ્ટ છે. નામરૂપી કર્ણામૃત પાપોને દીપ-કલિકાની જેમ નષ્ટ કરે છે. અને જરા-મરણાદિની રક્ષા કરે છે. (શ્લોક-૧૭/૨૩, ૨૪) લક્ષ્મીનું નામ તો કલ્પવૃક્ષ છે. તેનું કીર્તન-ગાન મોક્ષ આપે છે. તેથી જ કવિ અંતકાળે પણ પોતાના આરાધ્ય 'લક્ષ્મીનારાયણ'નો જપ જપવાની કામના સેવે છે.[૨૨૬]

સ્મરણ ભક્તિનો મહિમા બતાવતાં કવિ કહે છે કે જગતમાં કેટલાક યજ્ઞ દ્વારા ઈન્દ્રને સંતુષ્ટ કરે છે, કેટલાક યોગીઓ ભય-વિનાશ માટે નૃસિંહની પૂજા કરે છે. કેટલાક શિવસેવા કરે છે. અમે તો અપરિમિત-સ્વરૂપા

લક્ષ્મીનું જ ધ્યાન ધરીએ છીએ.[૨૨૭] પાપાત્મા પ્રતિ 'નષ્ટ કરો', 'કચડી નાખો' ઈત્યાદિ યમ-વચનો નામશ્રવણથી દૂર થાય છે.(લ.સ.૧૭/૨૬)

કીર્તનમાં ધામ-મહિમાનો પણ સમાવેશ થાય છે. આના માટે કવિ 'સદ્મસ્થાન વૈભવસ્તબક'ની રચના કરી લક્ષ્મીના નિવાસસ્થાન કમળ તેમજ શેષાદ્રિનું માહાત્મ્ય વિવિધ રીતે ગાય છે. ભગવાનનાં ગુણ, યશ, લીલા આદિ સંભળાવવાં-સાંભળવાં તે શ્રવણભક્તિ છે. કીર્તનમાં ગાન-વાદ્ય અને નૃત્યનો પણ સમાવેશ થાય છે. વેંકટાધ્વરીએ 'ઉત્સવ-સ્તબક'માં દેવી લક્ષ્મીના ઉત્સવ પ્રસંગે આ બાબતોનું વર્ણન કર્યું છે.[૨૨૮]

## પાદસેવા, અર્ચન અને વંદન :

ભક્તિનાં આ ત્રણે અંગ ભગવાનના રૂપ સાથે સંબંધ ધરાવે છે. વૈષ્ણવ-આચારોમાં 'પંચકાલકૃત્યો' મુખ્ય છે. તેમાં અભિગમ, ઉપાદાન, ઈજ્યા, સ્વાધ્યાય અને યોગનો સમાવેશ થાય છે. આ પંચકાલકૃત્યોના આચરણમાં પાદસેવા, અર્ચન અને વંદન સિદ્ધ થાય છે. જીવનને ઈશ્વરભણી આકૃષ્ટ કરવા 'અભિગમ'ની પ્રક્રિયા છે, તેમાં પ્રાતઃકાળે આસન, ધ્યાન, મંત્રજપ, પ્રતિમા-પૂજા, પ્રમાણ ઈત્યાદિ ક્રિયાઓ સમાવિષ્ટ છે.

'મુકુન્દમાલા' સ્તોત્રમાં વિષ્ણુની ભક્તિમાં આત્મવિસ્મૃત કવિ કુલશેખર અંજલિપૂર્વક ગદ્ગદકંઠે, વિષ્ણુના ચરણધ્યાનરૂપી અમૃતનો આસ્વાદ કરતાં જીવનયાપન કરવા ઈચ્છે છ.[૨૨૯] એમાં કવિની વિષ્ણુ પ્રત્યે દૃઢનિષ્ઠા અને ભક્તિ-ભાવના વ્યક્ત થાય છે. કવિનું મુકુન્દવંદન બ્રહ્મપ્રાપ્તિ, નરકમાંથી ઉદ્ધાર કે રમણી-ઉપભોગ માટે નહિ, પરંતુ હૃદયભાવનમાં વિષ્ણુની ભાવના માટે છે.[૨૩૦]

'સ્તોત્રરત્ન' કે 'આવળન્દારસ્તોત્ર'માં યામનમુનિ પણ શિશુતુલ્ય અબોધભાવ વ્યક્ત કરી કવિના વિષ્ણુના ચરણકમળમાં જ આસક્તિ ઝંખે છે. વિષ્ણુના રૂપનું વર્ણન કરી કવિ વિષ્ણુના દાસ બનવાનો તલસાટ વ્યક્ત કરે છે. વિષ્ણુનું દાસત્વ જ એમને મન મુક્તિ છે. યોગીઓ અને દેવો દ્વારા પણ ધ્યાન ન ધરી શકાય એવા વિષ્ણુ ક્યાં અને તેમનો સેવક ભાવ યાચતો પોતાના જેવો દુર્ગુણી કયો.[૨૩૧] એવા વિધાનમાં કવિનો પાદસેવાનો ભાવ વ્યક્ત થાય છે.

વેંકટાધ્વરી પણ ઉષાકાળે માતા લક્ષ્મીનું સ્મરણ કરે છે, ધ્યાન ધરે છે. (લ.સ. ૨/૧૬, ૧૭). પાદસેવામાં મૂર્તિપૂજા, ગુરુપૂજા વગેરેનો સમાવેશ થાય છે. કવિ વેંકટાધ્વરી 'ઉત્સવ-સ્તબકમાં' શેષાચળ પર પ્રતિમા સ્વરૂપે વિરાજમાન લક્ષ્મી-નારાયણની પૂજાવિધિ વિસ્તારથી વર્ણવે છે. સ્તોત્રના આરંભે કવિ નાથ, યામુન, વેદાંતદેશિક ઈત્યાદિ આચાર્યોને નમસ્કાર કરી ગુરુચરણ-સેવાની ભાવના વ્યક્ત કરે છે.[૨૩૨] કવિનાં અનેક પદોમાં હરિ અને લક્ષ્મીનાં ચરણોને ભજવાની વાત કહેવાઈ છે. 'સૌન્દર્ય-સ્તબક'ના અનેક શ્લોકોમાં-ચરણ-મહિમા વ્યંજિત થયો છે.

ઈશ્વરના રૂપની શ્રદ્ધાપૂર્વક ઉપાસના તે અર્ચનભક્તિ છે. વેંકટાધ્વરીનું સંપૂર્ણ 'લક્ષ્મીસહસ્ર' અને વેદાંતદેશિકનું 'પાદુકાસહસ્ર' શ્રી અને ભગવાનના અર્ચાવતારરૂપની સ્તુતિ સ્વરૂપે છે. 'દશાવતાર' સ્તોત્ર પણ તેનું ઉદાહરણ છે. 'ઉત્સવ સ્તબક'માં અર્ચનની વિવિધ વિધિઓ જેવી કે પુષ્પ-પૂજા, નૈવેધ-પૂજા, શેષવિતરણ, સ્તોત્રગાન વગેરેનું

નિરૂપણ થયું છે.[૨૩૩] પૂજા કરનાર ભક્તને મરણોત્તર યમ-દંડ-ભય રહેતો નથી.[૨૩૪] એવાં વિધાનો દ્વારા કવિ અર્ચનનો મહિમા વર્ણવે છે.

વંદન અને અર્ચન બન્ને માનસિક અને કાયિક વ્યાપારો છે. વંદન દ્વારા ભક્તની પામરતા અને દાસતાનો ભાવ પ્રગટ થાય છે. 'લક્ષ્મીસહસ્ર'માં કવિ સર્વત્ર અનેકવાર લક્ષ્મી, વિષ્ણુ તેમજ તેમની સાથે સંબધ્ધ ધામ, અંગો, કાર્યો ઈત્યાદિને વંદન કરી કૃતકૃત્ય થાય છે. અજ્ઞાન-નાશ અને મોક્ષપ્રાપ્તિ માટે કવિ અન્યનો ત્યાગ કરી એક માત્ર કમળાને જ વંદન કરે છે.[૨૩૫] આમાં કવિની પ્રપત્તિભાવના તેમજ 'પંચકાલકૃત્યો'માંના વૈષ્ણવ આચારોની પણ અભિવ્યક્તિ થઈ છે.

## દાસ્યભાવ, સખ્યભાવ અને આત્મનિવેદન

ભક્તિનાં આ ત્રણે અંગોમાં આરાધ્ય સાથે એકરૂપ થવાની સાધકની ઉચ્ચ નૈસર્ગિક મનઃસ્થિતિ પ્રવર્તમાન રહે છે. દૈવી સત્તા પ્રત્યે નિષ્કામ આત્મસમર્પણની નિર્મળ-પવિત્ર ભાવના જાગૃત કરનાર આ તત્ત્વો છે. નવધા-ભક્તિ વાસ્તવમાં 'પ્રપત્તિ'ની ખિલવણી માટેનાં સાધન છે. પોતાની અંતિમ સ્થિતિમાં આ નવ અંગો 'એકાન્તભક્તિ', 'પ્રેમાભક્તિ' કે પ્રપત્તિમાં પરિણમે છે. આ સ્થિતિમાં ઉપાસક પોતાના વ્યક્તિત્વને નગણ્ય માની પરમસત્તામાં લીન બને છે. પરમાત્માના પ્રેમમાં પોતાનો અંતર્ભાવ કરવાની ભક્તની અદમ્ય ઝંખના આ ભૂમિકાઓ તીવ્રતમ બને છે.

આચાર્ય રૂપગોસ્વામીએ 'ભક્તિરસામૃતસિંધુ'માં શાંત, પ્રીતિ, પ્રેયસ, વાત્સલ્ય અને માધુર્યાદિ મુખ્ય ભાવોને ભક્તિરસમાં સમાવિષ્ટ કર્યા છે. દાસ્યભાવ, સખ્યભાવ અને આત્મનિવેદન - આ ત્રણ અંગોનો પણ એમાં સમાવેશ થઈ જાય છે. પરિણામે ભક્તિના મુખ્ય પાંચ પ્રકાર થઈ શકે છે :

(૧) શાન્તભક્તિરસ (શાંતાભક્તિ)

(૨) પ્રીતિભક્તિરસ (દાસ્યભક્તિ)

(૩) પ્રયોભક્તિરસ (સખ્યભક્તિ)

(૪) વાત્સલ્યભક્તિ

(૫) મધુરરસ (મધુરાભક્તિ)

## (૧) શાન્તભક્તિરસ (શાંતાભક્તિ) તથા (૨) પ્રીતિભક્તિરસ (દાસ્યભક્તિ)

શાંતભક્તિરસનો સ્થાયિભાવ 'શાંતિ' કે 'નિર્વેદ' છે. આરાધ્ય તથા શાંત ભગવદ્ભક્ત એના આલંબન વિભાવ છે. ચિંતન, મનન, શ્રવણ, બ્રહ્મચર્ય, સત્સંગ ઈત્યાદિ ઉદ્દીપન વિભાવ છે. ઉદાસીનતા, સિધ્ધત્વ તેમજ જીવનમુક્તિ માટે આદર હોવો, મમતા-અહંકારનો અભાવ, વૈરાગ્ય, દૈન્ય, વિનય ઈત્યાદિ અનુભાવો છે. વેંકટાધ્વરીના સ્તોત્રમાં ક્રમશઃ આવા ભાવોની અભિવ્યક્તિ થઇ છે. કવિ સંસારથી ઉદ્વિગ્ન છે. તેની પ્રતીતિ 'નિર્વેદ-

સ્તબક' કરાવે છે. વેંકટાધ્વરી અતિશય નિર્વેદનું પ્રકાશન કરતાં કહે છે : ''મારું ચિત્ત મલિન વિષયોનું સ્મરણ કરી પરિશ્રાન્ત થયું છે. દુષ્ટોના ઘરે રખડી-રખડીને ચરણ ખિન્ન થયા છે, દુર્જનોની સ્તુતિઓ રચી રચીને જિહ્વા કલેશસંપન્ન બની છે. હવે હું શું વિજ્ઞાપન કરું?''[૨૩૬] વિશિષ્ટાદ્વૈતી દર્શન, ભગવન્નામ-શ્રવણ, કીર્તન ઈત્યાદિથી પ્રેરિત કવિ લક્ષ્મી-વિષ્ણુ સમક્ષ પોતાના દૈન્ય, વિનય, વૈરાગ્ય ઈત્યાદિ અનુભાવો વ્યક્ત કરી દાસ્યભાવ અનુભવે છે. સંસારના ત્રાસથી વ્યથિત કવિ દીનભાવે લક્ષ્મીની શરણાગતિ સ્વીકારી રક્ષા માટે કરુણ-ક્રંદન કરે છે. 'ક્ષાન્તિસ્તબક'માં આ રક્ષા-ક્ષમા-યાચનાનો સૂર હૃદયસ્પર્શી બન્યો છે, ''હે ભગવતિ! દેહ, ચિત્ત અને વાણીથી પ્રતિક્ષણ ઉપાર્જિત કરેલ મારાં નવાં નવાં પાપોને કરુણામયી તું ક્ષમા આપ, જેથી હું કોપથી કડકડતા દાંતવાળા યમને ન જોઉં''[૨૩૭] પોતાની દીનતાની સાથે ભક્ત કવિ આરાધ્યનો દયાભાવ પણ પુનઃ પુનઃ આલેખે છે. આ માટે જ 'કારુણ્યસ્તબક', 'ક્ષાન્તિસ્તબક', 'ઔદાર્યસ્તબક', 'અભીતિસ્તબક', વગેરેની રચના કવિએ કરી છે. પોતાનો વિનયભાવ 'પ્રારંભસ્તબક'માં વ્યક્ત થયો છે. શાંતભાવ અને દાસ્યભાવ બન્ને સાથે રહે છે. કવિ તો લક્ષ્મીનો દાસ છે, સેવક છે.[૨૩૮]

ભક્તને તો પરમાત્મા પ્રત્યે જ આસક્તિ હોય છે. તે હંમેશ દેવતાના ચરણે રહેવા ઝંખે છે. માતા દ્વારા ક્રોધપૂર્વક તિરસ્કૃત બાળક માતાના ચરણોને છોડી શકતું નથી. તેમ ભક્ત, ભલે તિરસ્કૃત કે ધિક્કારપાત્ર બન્યો હોય, છતાં સદૈવ દેવતાનું સાનિધ્ય જ વાંચ્છે છે.[૨૩૯] દેવતાના અમૃતઝરતા ચરણમાં આસક્ત ભક્ત બીજું તો કેવી રીતે ઇચ્છે? સાચે જ રસસભર કમળ હોય ત્યારે ભ્રમર શેરડીના સાંઠા તરફ નજર પણ કરતો નથી.[૨૪૦] ભક્ત કવિ યામુન પ્રાયઃ સ્તોત્રરચના સંબંધી પોતાની અસમર્થતા કે અલ્પજ્ઞતાના નિવેદનપૂર્વક પોતાની વિનય-ભાવના વ્યક્ત કરતો હોય છે. અપૌરુષેય વેદાદિ ગ્રન્થોથી પણ જેમનો મહિમા અદશ્ય રહ્યો છે, તેવાની સ્તુતિ કરતાં ભક્તકવિ મુગ્ધતા અનુભવે છે. પરંતુ ભગવાનનું ભક્ત પ્રત્યેનું નિર્વ્યાજ વાત્સલ્ય જ તેને બળપૂર્વક મુખરિત કરે છે.[૨૪૧]

ભક્તકવિ યામુન તો ભગવાનનો દાસ છે. તે હંમેશાં પરમાત્માનું જ શરણ શોધે છે, બીજાનું નહિ. ભક્ત તો ઈષ્ટ દેવતાનો અનન્ય શરણાગત છે, 'હું ધર્મનિષ્ઠ નથી, આત્મવેત્તા નથી, ભક્તિમાન નથી, પણ અકિંચન છું, અનન્યગતિ છું, તેથી તમારા શરણે જ ચરણે આવ્યો છું હું જે કંઈ છું અથવા મારું જે કંઈ હોય તે બધું જ ખરેખર તારું છે. તું જ માતા, પિતા, દયિત, પુત્ર, પ્રિયમિત્ર, ગુરુ અને જગતની ગતિ છે. હું તો તારો સેવક કે પરિજન છું. તારો જ શરણાગત છું''[૨૪૨] આવા નિરૂપણમાં વૈષ્ણવી ભક્તની પ્રપત્તિભાવના દૃષ્ટિગોચર થાય છે. શરણાગતિની ઉપેક્ષા ઈશ્વર કેમ કરી શકે? તેથી જ વેદાંતદેશિક કહે છે : 'હે ભગવાન! પાપી એવો હું તારો શરણાગત છું, તેથી તારા જેવા સ્વામીએ મારી ઉપેક્ષા કરવી યોગ્ય નથી.[૨૪૩] વેંકટાધ્વરી પણ દાસ એવા પોતાના દ્વારા રચિત સ્તોત્ર સ્વીકારવા તે લક્ષ્મીને વિનંતી કરે છે.[૨૪૪] વૈષ્ણવી ભક્તિનો સ્વામી-દાસ સંબંધ કવિનાં પદોમાં વારંવાર વ્યક્ત થયો છે. ''પ્રયત્નસ્તબક'', ''દશાવતાર સ્તબક'' વગેરેમાં પણ ભગવાન રામ વગેરેની ભક્તવત્સલતા અને ભક્તના દૈન્યનું સાથે-સાથે વર્ણન છે.

## (૩) પ્રેયોભક્તિરસ (સખ્યભક્તિ)

પ્રયોભક્તિ રસમાં સખ્ય સ્થાયિભાવ, આલંબન તરીકે આરાધ્ય અને સખા (ભક્ત) તેમજ ઉદ્દીપન તરીકે

શ્રવણ, કીર્તન આરાધ્યનાં રૂપ, ચેષ્ટાઓ ઈત્યાદિ છે. સખ્યભક્તિ પુષ્ટિસંપ્રદાયમાં કેન્દ્ર સ્થાને છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં પ્રપત્તિપ્રધાનભક્તિમાં સખ્યભક્તિને મહત્ત્વ ન મળે તે સ્વાભાવિક છે. આ સ્તોત્રોમાં કવિ આરાધ્ય સમક્ષ સખા તરીકે નહિ, પણ દાસ તરીકે ઉપસ્થિત થાય છે, તેથી સખ્યભક્તિનું નિરૂપણ વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં થયું નથી એમ કહી શકાય.

## (૪) વાત્સલ્ય ભક્તિ :

રૂપ ગોસ્વામી અનુસાર વાત્સલ્ય-ભક્તિનો સ્થાયિભાવ વાત્સલ્ય-રતિ છે. આલંબનરૂપે બાળ કે કિશોર (આરાધ્ય) છે અને ઉદ્દીપન તરીકે બાળકૃષ્ણ (આરાધ્ય)ની ચેષ્ટાઓ કે ક્રીડાઓ છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં આરાધ્ય બાળ કે કિશોર કૃષ્ણ નથી, પણ યુગલ સ્વરૂપ લક્ષ્મી-નારાયણ છે. તેમને કવિ પોતાના માતા-પિતા સ્થાપી પોતાનો શિશુભાવ વ્યક્ત કરે છે. માતા લક્ષ્મીને પણ પોતાના શિશુ-ભક્ત પ્રતિ અપ્રિતમ વાત્સલ્ય અને કરુણાભાવ છે. તેથી 'લક્ષ્મીસહસ્ર'માં શિશુ-માતા વચ્ચેના વાત્સલ્યભાવની મનોહર અભિવ્યક્તિ થઈ છે. માતા જેમ પોતાના નિમર્યાદ વાત્સલ્યથી શિશુને પોષે તેમ માતા લક્ષ્મી પણ શિશુ-રૂપ કવિની વૃધ્ધિ કરે છે, પોષે છે.[૨૪૫] માતા સમક્ષ શિશુ તો નિઃસહાય અને પામર છે. કવિ વારંવાર લક્ષ્મીને જનની, જગદમ્બ, અમ્બ ઈત્યાદિ નામો દ્વારા સંબોધે છે. શિશુ જેમ પોતાની ઉપેક્ષા કરવા વારંવાર માતાને પ્રેમપૂર્વક વિનંતી કરે તેવો ભાવ માતા લક્ષ્મી સમક્ષ વ્યક્ત કરતાં કવિ કહે છે : ''હે માતા, કુપિત ન થાઓ, અત્યારે હું ધૃષ્ટ હોવા છતાં એક વચન ઉચ્ચારું છું કે તારામાં જે અપ્રિતમ શક્તિ જાગે છે તેનો લેશ માત્ર પણ જો મારામાં સિદ્ધ થાય તો હું મુક્તિને પામું. આમ હોવાથી કરુણાસાગરસ્વરૂપા એવી તું મારી કેમ ઉપેક્ષા કરે છે, તે હું જાણતો નથી.''[૨૪૬] અહીં કવિનું નિશ્ચલ વાત્સલ્ય હૃદયદ્રાવક બન્યું છે. કવિની દૃષ્ટિએ તો લક્ષ્મી વિશ્વમાતા છે અને વિષ્ણુ વિશ્વપિતા છે. એ માતા-પિતાના યુગલની ઉપાસના કરવાના હેતુથી જ કવિએ 'લક્ષ્મીસહસ્ર'ની રચના કરી છે.

## (૫) મધુરરસ (મધુરાભક્તિ) :

રૂપ ગોસ્વામી અનુસાર મધુરરસનો સ્થાયિભાવ મધુરા-રતિ કે મધુરાભક્તિ છે. કૃષ્ણ અને તેની પ્રિયસુંદરીઓ કે રાધા (ભક્ત) આલંબન વિભાવ છે. મુરલીધ્વનિ, કટાક્ષ, સ્મિત તેમજ પ્રેમ-વિહ્‌વળતા જાગૃત કરનાર ચેષ્ટાઓ ઈત્યાદિ અનુભાવ છે. સંભોગ અને વિપ્રલંભ એના બે પક્ષ છે. સાહિત્યશાસ્ત્રનો શૃંગારરસ અને ભક્તિક્ષેત્રના આ મધુરરસમાં વાસ્તવિક કોઈ ભેદ નથી. વલ્લભસંપ્રદાયમાં આ રસની અભિવ્યક્તિ વિશેષ થઈ છે.

મધુરાભક્તિ કે મધુરરસનું મૂળ યુગલ-ઉપાસના છે. રાધાકૃષ્ણનું યુગલ-સ્વરૂપ તેમાં કેન્દ્ર સ્થાને છે. લૌકિક પ્રેમ અને દૈવીપ્રેમ બન્નેમાં વાસ્તવિક ભેદ નથી, કેમકે ઉપકરણોની સમાનતા રહે છે, માત્ર આલંબનભેદ છે. એકમાં આલંબન સ્વરૂપે નર કે નારી હોય છે, જ્યારે અન્યમાં દેવ કે દેવી, તેથી મધુરાભક્તિ શૃંગાર-પ્રેમની ભક્તિ છે.

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવી ભક્તે વિષ્ણુ-લક્ષ્મીમાં સદૈવ અભિન્ન દાંપત્ય સંબંધ નિહાળે છે. તેથી તે સંપ્રદાયના કવિઓ શૃંગારના સંયોગ પક્ષનું જ આલેખન કરી શકે. વિયોગ-શૃંગાર એમના ક્ષેત્રથી બહારનો વિષય છે.

'લક્ષ્મીસહસ્ર'માં લક્ષ્મી-નારાયણના યુગલની ઉપાસના છે. વેંકટાધ્વરીએ સ્વકીય-ભાવને પ્રાધાન્ય આપી, વિષ્ણુ અને લક્ષ્મી વચ્ચે ઘનિષ્ઠ દાંપત્યનો પવિત્ર સંબંધ પ્રસ્થાપિત કર્યો છે. તેમના શૃંગાર-સ્તબકમાં મધુરા-રતિનું સવિસ્તર નિરૂપણ થયું છે. તેમજ સૌન્દર્ય સ્તબકમાં સંયોગ શૃંગારનું નિરૂપણ કર્યું છે. વિષ્ણુ-લક્ષ્મીના સાત્ત્વિકભાવોથી આરંભીને વસ્ત્રમોચન, હસ્તગ્રહણ, સ્તનગ્રહણ, કંચુકીમોક્ષ, સ્તનમર્દન, આલિંગન, રતિક્રીડા, સ્નાન, જળક્રીડા, વન-વિહાર, પ્રેમાલાપ ઈત્યાદિના શૃંગાર પ્રચુર વર્ણન દ્વારા કવિએ મધુર-રતિની અભિવ્યક્તિ કરી છે. યુગલ-મૂર્તિના આ વિલાસોના નિરૂપણમાં પ્રણયને અનુકૂળ સ્તંભ, સ્વેદ, રોમાંચ, સ્વરભંગ ઈત્યાદિ સાત્ત્વિકભાવોની પણ વ્યંજના થઈ છે. આમ તો વિશિષ્ટાદ્વૈતી રામાનુજીય ભક્તિમાં પ્રણયને અવકાશ નથી, કેમકે આખરે એ વિષય તો રાધા-વલ્લભી, વલ્લભ, ચૈતન્ય, નિમ્બાર્ક ઈત્યાદિ સંપ્રદાયોનો છે. આ સંપ્રદાયોનો પ્રભાવ વેદાંતદેશિક અને વેંકટાધ્વરી પર પરિલક્ષિત થાય છે. તેથી જ તેમણે રાધા-વલ્લભ જેવો પ્રણય-સંબંધ 'પાદુકા સહસ્ર' અને 'લક્ષ્મીસહસ્ર' માં નિરૂપિત કર્યો છે. છતાં એ સંબંધમાં કે પ્રણયલીલાના ચિત્રણમાં વાસનાને સ્થાને પવિત્રતાની અનુભૂતિ થાય છે, કેમકે વિશિષ્ટાદ્વૈતી વેંકટાધ્વરીની દૃષ્ટિએ વિષ્ણુ-લક્ષ્મી માત્ર નાયક-નાયિકા નથી, પણ માતા-પિતા છે. એ માતા-પિતાના પ્રસન્ન દાંપત્યને આલેખવું એ કવિનું પ્રધાન લક્ષ્ય છે. તેથી શૃંગાર નિરૂપણમાં પણ પવિત્રતાની સૌરભ વર્તાય છે.

### (૬) આત્મનિવેદન :

નવધા ભક્તિની પરાકાષ્ટા આત્મનિવેદનમાં પરિણમે છે. પ્રપત્તિ ભાવના આમાં મુખ્ય છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો મુખ્યત્વે આત્મનિવેદન કે પ્રપત્તિ પ્રધાન છે. આ પ્રકરણની શરૂઆતમાં 'પ્રપત્તિ એટલે શું? અને વિશિષ્ટાદ્વૈતી આચાર્યો અને સ્તોત્રકારોના મતે પ્રપત્તિ'' એ વિભાગમાં આની ચર્ચા થયેલ હોય પુનરુક્તિ દોષ ટાળવા અહીં તે ચર્ચા કરી નથી.

▪

## પાદટીપ

૧ नारदभक्तिसूत्र – २

૨ नारदभक्तिसूत्र – ३

૩ शांडिल्यभक्तिसूत्र – १.१.२

૪ श्रीमद्‌भागवत, ३.२५, ३२–३३

૫ भक्तिरसामृतसिन्धु, १.११

૬ श्रीमद् भागवत, ७.७.३५

૭ नारदपंचरात्र

૮ विवेकचूडामणि–३२

૯ विवेकचूडामणि–३३

૧૦ नारदभक्तिसूत्र – १६

૧૧ नारदभक्तिसूत्र – १७

૧૨ नारदभक्तिसूत्र – १८

૧૩ भक्तिरसायन – १०३

૧૪ रूपगोस्वामी, भक्तिरसामृतसिन्धु – १.२.२७२

૧૫ यामुनाचार्य, आलवंदारस्तोत्र – ६३

૧૬ तत्त्वदीप निबंध, शास्त्रार्थ प्रकरण, श्लोक–४६

૧૭ छन्दोग्योपनिषद् – १.३

૧૮ कुलार्णवतंत्र – १७.६७

૧૯ अभिधान राजेन्द्र कोष, भाग–५, पृ. १०७३

૨૦ श्रीमद्भागवत, ७.५, २३–२४

૨૧ भागवतमाहात्म्य, ६.४५–५०

૨૨ नारदभक्तिसूत्र – ३९

૨૩ भागवतमाहात्म्य, ६.७६

૨૪ भागवतमाहात्म्य, ६.१००

૨૫ भागवतमाहात्म्य, ६.९९

૨૬ श्रीमद्भागवत, भावार्थदीपिका – २.३.१९

૨૭ श्रीमद्भागवत, क्रमसंदर्भ और भावार्थदीपिका – प्रकाश, ७.५.२३

૨૮ वीरराघवव्याख्या, बालप्रबोधिनी टीका, भागवत ७.५.२३

૨૯ भागवतमाहात्म्य – १०६८

૩૦ श्रीमद्भागवतगीता – ९.३०–३१

૩૧ पातंजल योग – १.२७

૩૨ पातंजल योग – १.२८

૩૩ पातंजल योग – १.२९

૩૪ भावार्थदीपिका प्रकाश

૩૫ वीरराघवव्याख्या

૩૬ बालप्रबोधिनी

૩૭ कठोपनिषद् १.२.१६

૩૮ श्रीमद्भागवतगीता – ६.३०

૩૯ भागवत, ७.५.२३, भावार्थदीपिका प्रकाश

४० परिचर्या – श्रीधर
४१ भागवत, ७.५.२३, वंशीधरीटीका
४२ भागवत, ७.५.२३
४३ अध्यात्मरामायण, २.९.२–३
४४ भगवद्गीता, ९.२६
४५ श्रीमद् भागवतगीता, १८.४६
४६ भागवत ७.५.२३, भक्तमनोरंजनी
४७ भीष्मस्तवराज, ९१
४८ भागवत, ७.५.२३, बालप्रबोधिनी
४९ भीष्मस्तवराज, १००–१०१
५० भावार्थदीपिका प्रकाश
५१ भावार्थदीपिका
५२ बाल–प्रबोधिनी
५३ महाभारत, अश्वमेधपर्व, ६९.२१
५४ भगवद्गीता, ४.३
५५ भगवद्गीता, १८.६४
५६ भागवत, ७.५.२३, भावार्थदीपिका
५७ भागवत, ७.५.२३, भावार्थदीपिकाप्रकाश
५८ भागवत, ७.५.२३, बालप्रबोधिनी
५९ विष्णुसहस्रनाम, १३०
६० भगवद्गीता, ७.१४
६१ भगवद्गीता, १८.६६
६२ नारदभक्तिसूत्र, ७१
६३ भागवत, ७.५.२३, भावार्थदीपिका
६४ भागवत, ७.५.२३, भावार्थदीपिकाप्रकाश
६५ भागवत, ७.५.२३, क्रमसंदर्भ
६६ अथर्ववेद, ६.७९.३
६७ ऋग्वेद, ६.१.५
६८ सामवेद, अग्निवेश्यशाखा – पृ. १३१
६९ ऋग्वेद, ७.८.१.४

૭૦ ऋग्वेद, ५.६५.९
૭૧ ऋग्वेद, ८.९८.११
૭૨ ऋग्वेद, ४.१७.१७
૭૩ ऋग्वेद, ७.८६.५
૭૪ ऋग्वेद, ७.८९.५
૭૫ ऋग्वेद, १०.४३.१
૭૬ ऋग्वेद, ७.८६.४
૭૭ ऋग्वेद, ७.१००.५
૭૮ ऋग्वेद, ५.५९.४
૭૯ ऋग्वेद, ६.४४.१०–११
૮૦ शांडिल्य–भक्तिसूत्र, १२.९
૮૧ ऋग्वेद, ७.९५.५
૮૨ ऋग्वेद, ६.१६.३८
૮૩ कठोपनिषद, १.२.२३
૮૪ मुंडकोपनिषद, २.२.४
૮૫ मुंडकोपनिषद, २.२.३
૮૬ श्वेताश्वतर उपनिषद, ६.२३
૮૭ वाल्मीकिरामायण, युद्धकांड, ११९.१३
૮૮ वाल्मीकिरामायण, १८.३३
૮૯ अध्यात्मरामायण, २.३६
૯૦ अध्यात्मरामायण, अ.२, ४–५, १०–२९
૯૧ वाल्मीकिरामायण, सुंदरकांड, ४.२२–२३
૯૨ वाल्मीकिरामायण, सुंदरकांड, १७.३१
૯૩ महाभारत, अनु. १४६, ५–६
૯૪ महाभारत, अनु. १४६, १४२
૯૫ भगवद्गीता, ८.२२
૯૬ नारदपंचरात्र, ४.६.८
૯૭ नारदपंचरात्र, ४.६.५
૯૮ अहिर्बुध्न्यसंहिता, ३७.३०.३१
૯૯ अहिर्बुध्न्यसंहिता, ३७.२८–२९

१०० अहिर्बुध्न्यसंहिता, ३७.२४–२५, ३६–३७

१०१ आर. जी. भण्डारकर, वैष्णव, शैव और अन्य धार्मिक मत, पृ. ५८

१०२ मुकुन्दमाला–२०

१०३ Amina Sen Gupta, Critical Study of the Philosophy of Ramanuja, p-XX પર ડૉ. એસ.શર્માનું અવતરણ

१०४ ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ, સંસ્કૃત સ્તોત્રકાવ્ય : ઉદ્ભવ, વિકાસ અને સ્વરૂપ, પૃ. ૫૫-૫૭

१०५ डॉ. राधाकृष्णन, भारतीयदर्शन, भाग–२ पृ. ७०७

१०६ आर. जी. भण्डारकर, वैष्णव, शैव और अन्य धार्मिक मत, पृ. ६४

१०७ स्कंदपुराण, प्रथमखंड ७.२.१६

१०८ ब्रह्मवैवर्तपुराण, प्रकृतिखंड ६३.१९–२०

१०९ गरुडपुराण

११० नारदपुराण, १.४.४

१११ विष्णुपुराण, ३.७.२१

११२ स्कंदपुराण, रेवाखंड, १.३३

११३ सौरपुराण, ११.२३

११४ लिंगपुराण, २.९.२२

११५ शिवपुराण, ७.२.७

११६ शिवपुराण, ४.४१.२

११७ शिवपुराण, २.२.१३, २.४.४१, ८.२.३४

११८ भागवत्, १२.४.४०

११९ ब्रह्मवैवर्तपुराण, कृष्णजन्मखंड–५९.६४

१२० भक्तिरसामृतसिंधु, १.११

१२१ भक्तिरसामृतसिंधु, ५.१.९

१२२ भक्तिरसामृतसिंधु, भावलहरी, कारिका–१

१२३ भक्तिरसामृतसिंधु, प्रेमभक्तिलहरी–१

१२४ न्यायविशंति, श्लोक–२१

१२५ तां पद्मनेमीं शरणमहं प्रपद्ये। श्लोक–५

१२६ त्वं त्राता तरणचेत्यो भूः पिता माता सद्मिन्मानुषाणाम्। ऋ. ६.१.५

१२७ त्वं हि नः पिता वसो त्वं माता शतक्रतो बभूविथा। अथर्ववेद २.१०८.२

१२८ सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज। गीता. १८.६६

૧૨૯ वैष्णव, शैव और अन्य धार्मिक मत, पृ. ५८

૧૩૦ वि.गु. श्लोक – ४९१

૧૩૧ वि.गु. श्लोक – ४९४, ४९८

૧૩૨ A Critical Study of the Philosophy of Ramanuja, p-XX પર ડૉ. એસ.શર્માનું અવતરણ

૧૩૩ मुकुन्दमाला स्तोत्र, २०

૧૩૪ मुकुन्दमाला स्तोत्र, ५–१७

૧૩૫ मुकुन्दमाला स्तोत्र, १०

૧૩૬ मुकुन्दमाला स्तोत्र, ११

मुकुन्दमाला स्तोत्र, १३.१५

૧૩૭ न धर्मनिष्ठोऽस्मि न चात्मवेदी न भक्तिमांस्तवच्यरणारविन्दे।

अकिञ्चनोऽनन्यगतिशरण्य! त्वत्पादमूलं शरणं प्रपद्ये।। स्तोत्ररत्न–२२

૧૩૮ स्तोत्ररत्नभाष्य, श्लोक–२२, पृ.७५

૧૩૯ स्तोत्ररत्नभाष्य, श्लोक–२२, पृ.७५

૧૪૦ स्तोत्ररत्नभाष्य, श्लोक–२२, पृ.७६

૧૪૧ भगवन्भक्तिमपि प्रयच्छ मे..। स्तोत्ररत्न–५४

૧૪૨ चतु:श्लोकी–२

૧૪૩ A Critical Study of the Philosophy of Ramanuja, by Amina Sen Gupta (Author's Note, P.XXII)

૧૪૪ 'प्रपदनधनतृष्टा:' वि.गु. श्लोक–२५५

'अब्जाक्षदास्योज्जवला' वि.गु. श्लोक–२५६

૧૪૫ ज्ञाननिष्ठैव आत्मावलोकनसाधनं, कर्मनिष्ठा तु तस्या: निष्पादिका । गीताभाष्य, अध्याय–३, श्लोक १

૧૪૬ यतीन्द्रमतदीपिका, ७

૧૪૭ शरणागतिगद्य, २

૧૪૮ शरणागतिगद्य, ५

૧૪૯ अनन्यशरण: त्वत्पादारविन्दयुगलं शरणमहं प्रपद्ये। शरणागतिगद्य, ३

૧૫૦ शरणागतिगद्य, १२,१३

૧૫૧ ....तदनुभवजनितानवधिकातिशयप्रीतिकारिताशेषावस्थोचिताशेषशेषतैकरतिरुपनित्यकिङ्करो भवानि। श्रीरंगगद्य, १

૧૫૨ अशेषशेषतैकरतिरूपनित्यकैंकर्यप्राप्त्युपायभूतभक्तितदुपायसम्यग्ज्ञानतदुपायसमीचीनक्रिया०। श्रीरंगगद्य, २

૧૫૩ श्री वैकुण्ठगद्य, ४

૧૫૪ शरणागतिगद्य, १८

૧૫૫ डॉ. राधाकृष्णन्, भारतीय दर्शन भाग–२, पृ. ७०७

૧૫૬ आर. जी. भण्डारकर, वैष्णव, शैव और अन्य धार्मिक मत, पृ. ६४

૧૫૭ आर. जी. भण्डारकर, वैष्णव, शैव और अन्य धार्मिक मत, पृ. ६४

૧૫૮ विश्वगुणादर्शचम्पू, श्लोक–२९१, ३००

૧૫૯ आम्नायमौलिगुरुणा करुणाकरेणनावातरिष्यत यदीय भवाब्धिनावा।
अज्ञातभक्तिजगदश्रुतसच्चरित्रमज्ञातशास्त्रमभविष्यदवैदिकं च।। वि. गु. २१५

૧૬૦ न्यस्याम्यकिंचनः श्रीमन्ननुकूलोऽन्यवर्जितः विश्वासप्रार्थनापूर्वमात्मरक्षाभरं त्वयि।। न्यायदशक–2

૧૬૧ त्वच्छेषच्वे स्थिरधियं त्वत्प्राप्त्येकप्रयोजनम्।
निषिद्याकाम्यरहितं कुरु मां नित्यकिंकरम्।। न्यासदर्शक–५

૧૬૨ न्यासदशक, ६,९

૧૬૩ निक्षेपरक्षा, पृ.४०

૧૬૪ अत्यन्ताकिंचनोऽहं त्वदपचरणतः संनिवृत्तोऽद्य नाथ
त्वत्सेवैकान्तधीः स्यां त्वमसि शरणनित्यध्यवस्यामि गाढम्।
त्वं मे गोपायिता स्यास्त्वयि निहितमरोऽस्म्येवनित्यर्पितात्मा
यस्मैस्न्यस्तभारः सकृदथ तु सदा न प्रयस्येत्तदर्थम्।। न्यायविंशति, १८

૧૬૫ न्यायतिलक, १६

૧૬૬ शरणागतिदीपिका, २८

૧૬૭ कौबेरीं श्रियमानसे बहुतरैः कश्चित्तपोभिश्चरादेनामाशु कुचेल एव जगृहे धानाप्रदानादपि।।
ल.स. १/२०

૧૬૮ ल.स., ११/२०

૧૬૯ निर्मातुं प्रभवेम कर्म न वयं नित्यं किमप्यन्वतो
यत्सल्वाचमनं तदप्यकुशलाः कर्तुं यथाचोदनम् ।
दूरे ज्ञानकथा तथाऽपि तु तवाऽक्षामक्षमावेदिनो
जानीमो मनसैव देवि सुगमौ स्वर्गाऽपवर्गावपि।। ल.स. ११/२६

૧૭૦ ल.स. १३/१९

૧૭૧ ल.स. १४/२१

૧૭૨ निगमकथितमायुर्निस्तुलाऽरोग्यभाग्यं
निरवधिकविभूतिं नित्यहृदयां च विद्याम्।
भगवति गुणपूर्तिं भासमानां च कीर्तिं
बलिरिपुपदभक्तिं भेजुषां पुष्पसि त्वम्।। ल.स. १५/८

૧૭૩ एकदिववर्णाऽपि रमे तवाऽख्या चित्रं पुनीते चतुरोऽपि वर्णान् । ल.स. १७/३१

૧૭૪ ल.स., ४/१२

૧૭૫ कलयति मनसा व कर्मणा वा गिरा वा
मधुरिपुमहिले यन् मादृशो नित्यमागः ।
तदिदमगणयन्ती त्रायसे संसृतेर्नः
शरणमिति गिरैव स्वामिनं क्षामयन्ती ।। ल.स. ११/१४

૧૭૬ शिरणागतिगद्यभाष्यम्-१, पृ. १२७
चतुःश्लोकीभाष्यम्, पृ.९

૧૭૭ शरणागतिगद्यभाष्य, पृ. १२७

૧૭૮ दान्ते दयां ते विदन्.... । चतुःश्लोकी, २

૧૭૯ श्रवणानंद - ३

૧૮૦ करुणावरुणालयं प्रजानां..... । श्रवणा. ८०
प्रयित्स्व वात्सल्यायतन यत उत्सारयति ते । श्रवणा-२९

૧૮૧ ल.स. १/२०

૧૮૨ ल.स. ११/२०

૧૮૩ ल.स. ११/२६

૧૮૪ ल.स. १/५८

૧૮૫ ल.स. ४/१२

૧૮૬ नैवाऽपवर्गमतिदुर्गममर्थये त्वां न स्वर्गमम्ब न ततोऽप्यपरं च सौख्यम्।
अभ्यर्थये हरिसखि त्वयि भक्तिमात्रमत्रापि चिन्तयसि चेदथ किं करोमि ।।

૧૮૭ मुकुन्दमाला, ७

૧૮૮ स्तोत्ररत्न, २६

૧૮૯ हयग्रीव स्तोत्र, ६

૧૯૦ जानन्ननादिविहितानपराधवर्गान्स्वामिन्भयात्किमणि वक्तुमहं न शक्तः ।
अव्याजवत्सलं तथापि निरंकुश मां वात्सल्यमेव भवतो मुखरीकरोति ।।
वेदान्तदेशिक, वरदराजपंचाशत्-३

૧૯૧ ल.स. १/१४

૧૯૨ ल.स. १/११

૧૯૩ ल.स. १/२३

૧૯૪ સરખાવો : कल्याणमंदिर-६, शिवमहिम्नस्तोत्र-१, स्तोत्ररत्न-८, १२, देवनायकपंचाशत्-५, आनन्दमंदाकिनी-२

१९५ क्वीनां प्रत्नानां कबलितसुधास्वादिममदै –
रनुचानैः स्तोत्रैः श्रुतिजडिम्मभाजो जननि ते ।
अजामित्वायैव स्तवभिमभकूपारतनये
वियाता ग्रन्थीमो विहसन पदैः कैरपि पदेः ।। ल.स. १/१२

१९६ यामुनाचार्य, स्तोत्ररत्न, २३, ८९

१९७ वेदान्तदेशिक, देवनायकपंचाशत् ४९

१९८ वेदांतदेशिक, वरदराजपंचाशत् – ३२

१९९ वेदांतदेशिक, दयाशतक, ३०

२०० वेदांतदेशिक, वरदराजपंशाचत् – ४१

२०१ यामुनाचार्य, स्तोत्ररत्न – ६२

२०२ वेदांतदेशिक, हयग्रीवस्तोत्र–३०

२०३ ल.स. २४/२, २४/३

२०४ स्मारं स्मारं मलिनविषयान् मानसं मेऽवसन्नं चारं चारं प्रतिसलगृहं जातखेदौ च पादौ ।
कारं कारं कुजनविनुतिं कलेशिता हन्त जिह्वा वारं वारं वरजलनिधे किं नु विज्ञापयेयम् ।। ल.स. २४/५

२०५ ल.स. २४/६

२०६ तृणत्याजं त्यकत्वा त्रिजगति कलत्रादिविषयान्
प्रणत्या ते दिव्यां कति कति गतिं यान्ति कृतिनः ।
अहं त्वेवं तावद्विषयविषयन्त्रेषु पतितो
निषीदन् संसारे विषदवसरे रो दिमि रमे ।। ल.स. २४/७

२०७ ल.स. २४/१०

२०८ वेंकटाध्वरी, लक्ष्मीसहस्त्र, ११/२

२०९ ल.स. ११/२८

२१० ल.स. ११/६, ११/७

२११ ल.स. ५/३५

२१२ ल.स. ५/६

२१३ ल.स. १५/१५

२१४ ल.स. ३/१८

२१५ ल.स. १४।/३८

२१६ तृष्णातोये मदनपवनोद्यूतमोहोर्मिमाले
द्वारावर्ते सहजतनयग्राहसधाकुले च ।

संसाराख्ये महति जलधौ मज्जतां न्नास्त्रिधामन्पादाम्भोजे

वरद भवतो भक्तिनावे प्रसीद ।। मुकुन्दमाला-११

२१७ कुलशेखर, मुकुन्दमाला, १८.२१

२१८ यामुनाचार्य – स्तोत्ररत्न, ५८; बिल्यमंगल, गोविंद-दामोदरस्तोत्र

२१९ त्वमेव माता च पिता त्वमेव त्वमेव बन्धुश्च गुरुस्त्वमेव ।

त्वमेव विद्या द्रविणं त्वमेव त्वमेव सर्वं मम देवदेव ।। शरणागतिगद्य, ११

२२० श्रीवत्सांक मिश्र, अतिमानुषस्तव, २९.६९

२२१ त्वन्नामदिव्यकुसुमानि दृढैर्गुणैस्ते संग्रथ्य सौरभविशेषपरिष्कृतानि ।

आमुञ्चतादिह मदीयसरस्वतीयं मातर्महापुरुषमानसरञ्जनाय ।। ल.स. १७/२९

२२२ गरुडध्वजल्लभे शुभे गणवर्णादिदोषशान्तये ।

वरदे तव वाचकं पदे कवय: काव्यमुखि प्रयुञ्जते ।। ल.स. ७/३

२२३ ल.स. १७/४५, १७/७

२२४ ल.स. १७/८

२२५ नारायणप्रियतमे ननु पावनानि नामानि कीर्तयतु ते रसना मदीया । ल.स. १६

२२६ ल.स. १७/४०

२२७ लोके पाकाङरिमेके विरचितमजनश्रेणय: प्रीणयन्ते

के चित् त्रासाऽपनुत्त्यै विदधति नृहरेर्योगिवर्या: सर्पयाम् ।

अन्ये पाथोधिकन्ये हरपरिचरणं कुर्वते सर्वदेह

त्वामेवाऽमेयरूपां मनसि वयममी सर्वदा भावयाम: ।। ल.स. १५/१८

२२८ ल.स. १२/६, २३,२९

२२९ बध्धेनाञ्जलिना ततेन शिरसा गात्रै: सरोमोद्गमै:

कण्ठेन स्वरगद्गदेन नयनोनोद्गीर्णबाष्पम्बुना ।

नित्यं त्वच्चरणारविन्दयुगलध्यानामृता स्वादिना

मत्कामं सरसीरुहाक्ष सततं संपद्यतां जीविनम् ।। मुकुन्दमाला, १९

२३० मुकुन्दमाला, ६

२३१ यामनमुनि, स्तोत्ररत्न, ४६, ४७

२३२ ल.स. १/४, ५, ६

२३३ ल.स. १२/३९-४५

२३४ जनविमर्दशमोदननिर्दयोद्भटचमूपतिवेत्रहतिस्पृशाम् ।

प्रहुतिस्ति मदम्ब महे तवाऽर्चनकृतां न कुतान्तकृताऽन्तत: ।। ल.स. १२/४७

२३५ ल.स. १४/८,९, १५/९, ८/२०८, २०९, २३२

२३६ ल.स. २४/५

२३७ ल.स. ११/२९

२३८ ल.स. १२/७, २८

२३९ यामुनाचार्य, स्तोत्ररत्न – २६

२४० यामुनाचार्य, स्तोत्ररत्न – २७

२४१ जानन्नादि बहितानपराधवर्गात् स्वामिन्मयात्किमपि वक्तुमहं न शक्तः ।
अव्याजवत्सक तथापि निरङ्कुशं मां वात्सल्यमेव भवतो मुखरीकरोति ।। वेदान्तदेशिक, वरदराजपंचाशत्–३

२४२ यामुनाचार्य – स्तोत्ररत्न – २२, ५३, ६०

२४३ वेदान्तदेशिक – कामासिकाष्टक – ८

२४४ ल.स. १५/२८

२४५ ल.स. १९/२८

२४६ मा कोपं कुरु मातरेकमधुना जल्पामि धृष्टो वचः
शक्तिः कर्तुमकर्तुमन्यथायितुं जागर्ति येयं त्वयि ।
तल्लेशो मम चेदसेत्स्यदभुतं सर्वाननेष्यं क्षणाद्
विद्मो नैवमुपेक्षसे धनकृपा कस्मात्त्वमस्मानिति ।। ल.स. २३/१७

## પ્રકરણ-૪

# વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં દાર્શનિક સિદ્ધાંતો

(૧) વિશિષ્ટાદ્વૈતના સિદ્ધાંતો
- પ્રસ્તાવના
- ચિત્ (જીવાત્મા)
- અચિત્ (જડ, જગત, પ્રકૃતિ)
- ઈશ્વર
- ઈશ્વરનાં રૂપો
- પર, વ્યૂહ, વિભવ, અંતર્યામી અને અર્ચાવતાર

(૨) શક્તિતત્ત્વ અને લક્ષ્મી
- વૈદિક સાહિત્યમાં લક્ષ્મી
- પુરાણોમાં અને પૌરાણિક સ્તોત્રોમાં લક્ષ્મીનું સ્વરૂપ
- પાંચરાત્ર સંહિતાઓમાં લક્ષ્મી
- વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્યોનાં 'લક્ષ્મીસ્તોત્રો'માં લક્ષ્મીનું સ્વરૂપ અને મહિમા :
  (અ) લક્ષ્મી સ્વરૂપ
  (બ) લક્ષ્મી-નારાયણનું યુગલ-સ્વરૂપ
  (ક) લક્ષ્મીનું વિભુત્વ
  (ડ) લક્ષ્મીની મધ્યસ્થી અને મોક્ષ-પ્રદાયકતા

(૩) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ-સ્તોત્રોમાં ચિત્, અચિત્ અને ઈશ્વર
વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ-સ્તોત્રોમાં 'ચિત્' (જીવ)નું નિરૂપણ
અચિત્ (જડ, જગત્, પ્રકૃતિ) નિરૂપણ

# પ્રકરણ-૪
# વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં દાર્શનિક સિદ્ધાંતો

## (૧) વિશિષ્ટાદ્વૈતના સિદ્ધાંતો :-

**પ્રસ્તાવના**

રામાનુજાદિ આચાર્યોએ શંકરાચાર્યના માયાવાદ (વિવર્તવાદ) અને મધ્વાચાર્યના દ્વૈતવાદનું ખંડન કરી વિશિષ્ટાદ્વૈત પ્રવર્તિત કર્યો. કવિ વેંકટાધ્વરી શ્લેષ દ્વારા આનો નિર્દેશ કરી વિશિષ્ટાદ્વૈતની મહત્તા બતાવતાં કહે છએ કે ''દ્વૈતવાદી મધ્વાનુયાયીઓને ક્લેશ-પ્રદાયક અદ્વૈતવાદીઓ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત દ્વારા વશીભૂત થતાં અને એ રીતે મનોવૃત્તિમાંથી દ્વૈતભાવ ખંડિત થતાં મુક્ત પુરુષોએ રજોગુણાદિથી રહિત થઈ બ્રહ્માનંદની પ્રાપ્તિ કરી.''[૧]

રામાનુજમાં દર્શન અને ભક્તિ બંનેનો સુભગ સમન્વય થયો છે. તેમનું દર્શનશાસ્ત્ર મુખ્યત્વે ઉપનિષદો અને બ્રહ્મસૂત્ર પર આધારિત છે; જ્યારે તેમનો વૈષ્ણવી ભક્તિમાર્ગ ગીતા, વિષ્ણુપુરાણ, પાંચરાત્ર આગમો તેમજ આલવાર સંતોનાં ભક્તિગીતોમાંથી પલ્લવિત થયો છે. રામાનુજનો મુખ્ય ઉપદેશ ભક્તિ દ્વારા મોક્ષપ્રાપ્તિના સિદ્ધાંતનો પ્રચાર કરવાનો હતો તથા તેમને એ સિદ્ધ કરવું હતું કે ઉપનિષદો, ગીતા અને બ્રહ્મસૂત્રનો મુખ્ય ઉપદેશ પણ આ બાબતનું જ પ્રતિપાદન કરે છે.

રામાનુજ સંપ્રદાયમાં 'અર્થપંચક'નું ખૂબ મહત્ત્વ છે. તેને જાણ્યા સિવાય વાસ્તવિક તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. 'અર્થપંચક'માં પાંચ વિષયોનો સમાવેશ થાય છે :

(૧) આત્મા - (જીવાત્માનું સ્વરૂપ)

(૨) પરમાત્મા - (પરમાત્માનું સ્વરૂપ)

(૩) પુરુષાર્થ - (ધર્મ, અર્થ, કામ અને આત્મનુભવ અને ભગવદનુભવનું સ્વરૂપ)

(૪) ઉપાય - પરમાત્મ - પ્રાપ્તિના ઉપાય : કર્મ, જ્ઞાન, ભક્તિ, પ્રપત્તિ અને આચાર્યાભિમાન)

(૫) વિરોધી - જીવ-પરમાત્માના મિલનમાં આવતા અવરોધો.[૨]

'શ્વેતાશ્વતર ઉપનિષદ'માં ભોક્તા (અક્ષર પુરુષ) ભોગ્ય (ક્ષરપુરુષ) અને પ્રેરિતા (અવ્યય-પુરુષ) - એમ ત્રિવિધ બ્રહ્મની કલ્પના કરવામાં આવી છે.[૩] આના આધારે વિશિષ્ટાદ્વૈતી રામાનુજે પણ ત્રણ નિત્ય તત્ત્વો સ્વીકાર્યાં છે : ચિત્ (જીવાત્મા), અચિત્ (જડજગત, પ્રકૃતિ) અને ઈશ્વર (પરમાત્મા)[૪]

## (૧) ચિત્ (જીવાત્મા) :

'શ્વેતાશ્વતર ઉપનિષદ'માં જીવાત્માનું સ્વરૂપ બતાવતાં કહ્યું છે કે જીવ આરાની અણી જેવો અથવા તો

કેશના અગ્રભાગના એક સહસ્રાંશ જેટલો અતિસૂક્ષ્મ છે.[૫] 'મૂંડકોપનિષદ' પણ જીવને અણુસ્વરૂપ બતાવે છે.[૬] આના આધારે વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સંપ્રદાય જીવને અણુ (સૂક્ષ્મ) માને છે. જીવ નિત્ય, અખંડ, અપરિવર્તનશીલ અને અવ્યક્ત છે.[૭] વળી તે પરમાત્માથી ભિન્ન છે. 'મુંડકોપનિષદ' અને 'ગીતા'માં પણ જીવાત્માની નિત્યતા અને પરમાત્માથી તેની ભિન્નતા પ્રતિપાદિત થઈ છે.[૮] જીવાત્મા શેષ અને નિયામ્ય છે, તો પરમાત્મા શેષી અને નિયામક છે.[૯] આમ જીવ અને બ્રહ્મ વચ્ચે અંશાંશીભાવ કે વિશેષણ - વિશેષ્ય - સંબંધ છે. એક આધેય છે, તો બીજો આધાર છે.[૧૦] આચાર્ય શંકરનો અદ્વૈતવાદ જીવને વિભુ અને એક માને છે. તો વિશિષ્ટાદ્વૈતવાદ તેને અણુ અને અનંત માને છે. જીવ દેહ તેમજ ઈન્દ્રિયોથી ભિન્ન છે. તે જ્ઞાતા, કર્તા અને ભોક્તા છે. પરિણામે શરીર સાથે સંલગ્ન તે જીવાત્મા કર્મોનાં પરિણામ ભોગવે છે. મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તે પુનર્જન્મ પામીને કર્મભોક્તા બની રહે છે. જીવ અલ્પજ્ઞ અને શેષ હોવાથી તે સર્વજ્ઞ અને શેષી પરમાત્મા પર અવલંબિત છે. તેથી પરમાત્માની શરણાગતિ સિવાય તેનો ઉદ્ધાર થઈ શકતો નથી.

જીવના ત્રણ પ્રકાર છે : બધ્ધ, મુક્ત અને નિત્ય.[૧૧] અજ્ઞાન અને દુર્ગુણોને કારણે સંસાર - ચક્રમાં ઘૂમતા જીવ 'બધ્ધ' છે. બધ્ધ જીવોના બે વર્ગો છે : ભોગેચ્છુ અને મુમુક્ષુ. ધનપ્રાપ્તિ દ્વારા વિષયોનો ભોગ કરનાર તેમજ યજ્ઞાદિ ક્રિયાઓ અને તીર્થ-યાત્રા કરનાર ભોગેચ્છુ છે. શ્રુતિ-સ્મૃતિના અધ્યયન દ્વારા અને પ્રપત્તિના આશ્રયથી ભગવાન-પ્રાપ્તિની કામના રાખનાર મુમુક્ષુ-જીવ કહેવાય છે. જ્ઞાન, પુણ્ય અને પ્રપત્તિ-ભક્તિ દ્વારા મોક્ષ પ્રાપ્ત કરનાર 'મુક્ત' જીવ છે. કર્મબંધન તથા પ્રકૃતિથી સ્વતંત્ર રહીને વૈકુંઠમાં નિવાસ કરનાર અને બ્રહ્માનંદ માણનાર જીવ 'નિત્ય' કોટિમાં આવે છે.

## (૨) અચિત્ (જડ જગત, પ્રકૃતિ) (૩) ઈશ્વર :

વિશિષ્ટાદ્વૈતના 'અચિત્'માં ભોગ્ય (વિષય, પદાર્થો), ભોક્તૃવર્ગ, ભોગોપકરણ, (ઇન્દ્રિયો) અને ભોગાયતન (શરીર) સમાવિષ્ટ છે.[૧૨] વિશિષ્ટાદ્વૈત અને સાંખ્યશાસ્ત્રનો પ્રકૃતિ-સિદ્ધાંત શ્વેતાશ્વતર, છાંદોગ્ય ઇત્યાદિ ઉપનિષદો અનુસાર છે.[૧૩] વિશિષ્ટાદ્વૈત અને સાંખ્યના પ્રકૃતિ વિચારમાં તફાવત એ છે કે વિશિષ્ટાદ્વૈત અનુસાર ઈશ્વરના નિયંત્રણમાં રહી પ્રકૃતિ સૃષ્ટિ-સર્જનનું કાર્ય કરે છે, જ્યારે સાંખ્ય-મત કહે છે કે પ્રકૃતિ સ્વયં સૃષ્ટિ રચે છે. રામાનુજાદિ આચાર્યોની દૃષ્ટિએ પ્રકૃતિ ઇશ્વરના અંશસ્વરૂપ છે. ઈશ્વરની ઇચ્છાનુસાર સૂક્ષ્મ ત્રિગુણાત્મિકા પ્રકૃતિ સૃષ્ટિ-સર્જનની પ્રક્રિયામાં આરંભમાં તેજ, જળ અને પૃથ્વીમાં વિભક્ત થઈ જાય છે. આ ત્રણ તત્ત્વોમાં અનુક્રમે સત્ત્વ, રજસ તથા તમસ્ ગુણો રહે છે. ત્યારબાદ એ ત્રણ તત્ત્વોની વિભિન્ન પ્રકારની મિશ્રણક્રિયા (ત્રિવૃત્ત-કરણ) થી જગતને મિથ્યા-અસત્ય સિદ્ધ કરે છે, તો રામાનુજીય વિશિષ્ટાદ્વૈત પરિણામના સિદ્ધાંત દ્વારા તેને સત્ય માને છે.

ઔપનિષદિક પરબ્રહ્મ પરમાત્મા પોતાના નિરાકાર સ્વરૂપમાં રૂપરંગ રહિત હોવા છતાં સૃષ્ટિના આરંભમાં પોતાની સ્વરૂપભૂત વિવિધ પ્રકારની શક્તિઓના સંબંધથી અનેક રૂપ-રંગ ધારણ કરી, વિવિધરંગી જગતના સર્જન, પાલમ અને સંહારનું કાર્ય કરે છે. ''य एकोऽ वर्णो बहुधा शक्तियोगाद्वर्णाननेकान्निहितार्थो दधाति। वि चैति चान्ते विश्वमादी स दैव: स नो बद्धया शुभया संयुनक्तु ।'' (શ્વેતા. ૪/૧) બ્રહ્મની એ સ્વાભાવિકી-સ્વરૂપભૂતા

'પરા' શક્તિ એક હોવા છતાં જ્ઞાન (સંવિત્), બલ (સંધિની) અને ક્રિયા (હ્લાદિની) એમ ત્રિવિધ પ્રકારની છેઃ ''परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च।'' (શ્વેતા. ૬/૮) આ પરાશક્તિ ગીતામાં પ્રતિપાદિત અષ્ટધા પ્રકૃતિ અપરા-જડથી ઉત્કૃષ્ટ છે.'' (ગીતા ૭૫) વેદની 'માયા', 'શક્તિ' વગેરેને ઉપનિષદોમાં 'પ્રકૃતિ' પણ કહી છે. પરબ્રહ્મ પરમાત્મા 'અવ્યક્ત' તેમજ 'જીવરૂપ' એ બે પ્રકૃતિઓના સ્વામી છે. (अनादिमत्त्वं विभुत्वेन वर्तसे ।(શ્વેતા. ૪/૪) તે બંને પ્રકૃતિઓને ગીતામાં 'અપરા' અને 'પરા' કહી છે. ઋગ્વેદની 'માયા' ઉપનિષદોની અને ગીતાની 'પ્રકૃતિ' છે. બ્રહ્મ માયા શક્તિના અવલંબનથી જગતની સૃષ્ટિ કરે છે અને તેનાથી ભિન્નતત્ત્વ જીવ, માયાદ્વારા બધ્ધ થાય છે. તે પ્રકૃતિને માયારૂપે અને પરમેશ્વરને માયાધીશના રૂપમાં જાણો. આ માયિક જગત તેના જ અંશભૂત છે.[૧૩] અહીં ગીતાની અપરા-પ્રકૃતિ-માયાશક્તિનું દર્શન થાય છે.

આ પ્રકૃતિ કે માયાને 'અજા' પણ કહી છે. તે પોતાના લોહિત (રજસ્), શુક્લ (સત્ત્વ) અને કૃષ્ણ (તમસ્) એ ત્રિગુણાત્મક રૂપોથી સૃષ્ટિની રચના કરે છે.[૧૪] 'શ્વેતાશ્વતર ઉપનિષદના આ પ્રકૃતિ વિચારને સાંખ્યમત અનુયાયીઓ પોતાના સાંખ્યમતનો આદિ સ્રોત માને છે. ઉપનિષદોમાં પ્રતિપાદિત 'પુરુષ' અને 'પ્રકૃતિ'નો વિચાર સાંખ્ય-દર્શનની આધાર-શિલા છે. વિશિષ્ટાદ્વૈતી રામાનુજાચાર્યનો સૃષ્ટિ-સર્જનનો સિદ્ધાંત પણ ઉપનિષદોની પ્રકૃતિ પર આધારિત છે.

વિશિષ્ટાદ્વૈત અનુસાર બ્રહ્મ ચિત્ (જીવ) અને અચિત્ (જગત) બંને તત્ત્વોથી યુક્ત (ચિદચિદ્વિશિષ્ટ) છે.[૧૫] ઈશ્વર અને ચિત્ અચિત્ વચ્ચે 'અપૃથક્ સિદ્ધ' સંબંધ છે. જીવ અને જગત નિત્ય અને સ્વતંત્ર તત્ત્વો હોવા છતાં તે ઈશ્વરની અધ્યક્ષતામાં રહે છે. ઈશ્વર તે બંનેને સ્વાધીન કરી તેમને કાર્યોમાં પ્રવૃત્ત કરે છે.[૧૬] પ્રધાન ઈશ્વર નિયામક, શેષી કે વિશેષ્ય છે, જ્યારે ગૌણ જીવ અને જગત નિયામ્ય, શેષ કે વિશેષણ છે. વિશેષણ અને વિશેષ્ય હંમેશાં અપૃથક્ રહે છે. તેથી વિશિષ્ટાદ્વૈતમાં વિશેષણોથી યુક્ત વિશેષ્ય અર્થાત ચિદચિદ્વિશિષ્ટ બ્રહ્મની એકમાત્ર સત્તા છે.[૧૭] બ્રહ્મ અદ્વૈતરૂપ છે, કેમકે અંગભૂત ચિદચિત્ની અંગી બ્રહ્મથી પૃથક્ સત્તા સિદ્ધ થઈ શકતી નથી. આચાર્ય શંકર માત્ર બ્રહ્મનું અદ્વૈત સ્વીકારે છે. આનાથી વિરુદ્ધ રામાનુજાદિ આચાર્યો ચિદચિદ્વિશિષ્ટ-બ્રહ્મનું અદ્વૈત સિદ્ધ કરે છે.[૧૮] તેથી રામાનુજનો મત વિશિષ્ટાદ્વૈત કહેવાય છે.

બ્રહ્મ જગતનું ઉપાદાન અને નિમિત્ત કારણ છે. તે સૃષ્ટિના સર્જક, પાલક અને સંહારક છે. સૃષ્ટિ સર્જનમાં ઈશ્વરની લીલા કારણભૂત છે. પ્રલયની સ્થિતિમાં પ્રકૃતિ અને પુરુષ (જીવ અને જગત) સૂક્ષ્માવસ્થામાં હોવાથી તે સૂક્ષ્મચિદચિદ્વિશિષ્ટ ઈશ્વર કારણ બ્રહ્મ, અને સર્જનની સ્થિતિમાં સ્થૂળ-ચિદચિદ્વિશિષ્ટ ઈશ્વર કાર્ય બ્રહ્મ કહેવાય છે.[૧૯]

ઈશ્વર સગુણ તથા સવિશેષ છે. તે દોષરહિત અને ગુણ-સૌન્દર્ય સંપન્ન છે. બ્રહ્મ સર્વ ગુણોથી રહિત હોવાના કારણે તે નિર્ગુણ કહેવાય છે. વાસ્તવમાં તે સગુણ છે. રામાનુજની સૃષ્ટિએ વિષ્ણુ પરબ્રહ્મ છે. બ્રહ્મા અને શિવ પણ વિષ્ણુ છે. વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં ઈશ્વર-તત્ત્વનું સ્વરૂપ શ્રુતિ-સ્મૃતિ આધારિત છે.

વિશિષ્ટાદ્વૈત અનુસાર ઈશ્વર સગુણ છે.

## ઈશ્વરનાં પાંચ રૂપ :

પાંચરાત્ર-સિદ્ધાંત તેમજ વિશિષ્ટાદ્વૈતી મતાનુસાર જગતનું રક્ષણ કરવા અને ઉપાસકો પર કૃપા દાખવી તેમને ફળ પ્રદાન કરવા ભક્તવત્સલ - લીલાધારી ઈશ્વર પર (સૂક્ષ્મ), વ્યૂહ, વિભવ. અંતર્યામી અને અર્ચા - આ પાંચરૂપે પ્રગટ થાય છે.[૨૦] પાંચરાત્ર સંહિતાઓમાં આ રૂપોનું સવિસ્તર નિરૂપણ થયું છે.[૨૧]

### (૧) પર :

રામાનુજે 'વૈકુંઠગદ્ય'માં ભગવાનના, 'પર' રૂપનું મનોહર શબ્દચિત્ર આલેખ્યું છે. આ સ્વરૂપમાં ઈશ્વર પરમપુરુષ નારાયણ કે વાસુદેવરૂપે વૈકુંઠપુરીમાં મહામણિ-મંડપયુક્ત રત્નસિંહાસન પર શેષશય્યા પર વિરાજમાન હોય છે. તેઓ ચતુર્ભુજ છે. તેમનો દેહ પીતામ્બર, શંખચક્રાદિ આયુધો તેમજ વૈજયન્તી-માળા અને કિરીટાદિ દિવ્યાભૂષણોથી સમલંકૃત હોય છે.[૨૨] તેઓ શ્રી, ભૂ તેમજ અન્નત-ગરુડાદિથી સેવ્ય છે.[૨૩] તેમના મુખ્ય છ
ગુણ છેઃ જ્ઞાન, બલ, ઐશ્વર્ય, વીર્ય, શક્તિ અને તેજ. આવા ગુણોથી તેઓ વિશ્વનું ઉપાદાન તેમજ નિમિત્તકારણ બને છે.[૨૪]

### (૨) વ્યૂહ :

વિશિષ્ટાદ્વૈત - મત અનુસાર ભક્તો પર દયા દર્શાવવા અને તે ઉપાસકોની અર્ચન-વિધિની સુવિધા માટે પરમબ્રહ્મ ચાર સ્વરૂપો ધારણ કરે છે : વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ.[૨૫] સર્વશ્રેષ્ઠ આત્મા વાસુદેવ જ્ઞાન, ઐશ્વર્ય આદિ ગુણોથી સંપન્ન છે. જ્યારે શેષ ત્રણ વ્યૂહ બબ્બે ગુણ ધરાવે છે. એટલે કે સંકર્ષણ જ્ઞાન અને બળ; પ્રદ્યુમ્ન ઐશ્વર્ય તેમજ વીર્ય તથા અનિરુદ્ધ શક્તિ અને તેજ નામક ગુણોથી યુક્ત હોય છે.[૨૬]

### (૩) વિભવ :

વિભાવરૂપમાં શ્રીવિષ્ણુ રામાદિ દશ અવતાર ધારણ કરે છે.[૨૭] પરમાત્મા સ્વેચ્છાથી ભક્તો પર અનુગ્રહ કરવા વિવિધ રૂપે પ્રગટ થાય છે.[૨૮] 'ગીતાભાષ્ય'ની પ્રસ્તાવનામાં રામાનુજ કહે છે કે ઈશ્વરે પોતાની અનંત દયાથી વિવિધ રૂપ ધારણ કર્યાં અને પોતાના ઈશ્વરત્વના સ્વરૂપને પણ જાળવી રાખ્યું. અવતાર-ધારણનો ઉદ્દેશ માત્ર પૃથ્વીની રક્ષાનો નથી, પણ ભક્તો પરમાત્માને પામી શકે એ હેતુ મુખ્ય છે.

## વિષ્ણુના અવતારો ('વિભવ' સ્વરૂપ)

''સજ્જનરક્ષા, દુર્જનસંહાર, અને ધર્મસંસ્થાપનાર્થે ભગવાન પૃથ્વી પર અવતાર ધારણ કરે છે, એવું નિરૂપણ રામાયણ (અધ્યોધ્યાકાંડ - ૧/૭). મહાભારત (વનપર્વ - ૨૭૨/૭૧) શ્રીમદ્ ભગવદ્ગીતા ૪-૩,૪. તેમજ શ્રીમદ્ ભાગવત (૧૦/૨૯૧-૧૪.) માં થયું છે. કાલિદાસ 'રઘુવંશના' દશમા સર્ગ (શ્લોક ૧૬ થી ૩૨)માં પ્રાપ્ત વિષ્ણુસ્તુતિમાં વિષ્ણુના જન્મકર્મનો હેતુ લોકાનુગ્રહ બતાવે છે. (શ્લોક ૩૧). રામાનુજીય વૈષ્ણવોના મતે ભક્તો પર અનુગ્રહ, અનુકંપા દાખવવા વિષ્ણુ વિવિધ અવતાર ધારણ કરે છે.

પ્રારંભિક વૈદિક સાહિત્યમાં અવતારધારણ સંબંધી ધૂંધળો સંકેત મળે છે.[૨૯] ઋગ્વેદમાં એક સ્થળે (૩-૫૩-

૮) ઈન્દ્રને માયાઓ દ્વારા વિભિન્ન સ્વરૂપો ધારણ કરતો બતાવ્યો છે. તો અન્યત્ર (૮/૧૭/૧૩) તેને ઋષિ શૃંગવૃષનો પૌત્ર ગણ્યો છે. ભાગવત (૧/૩/૪)માં કહ્યું છે કે ઋગ્વેદના 'પુરુષસૂક્ત'માં 'પુરુષ'માં વિવિધ અવતારોનું મૂળ છે. બ્રાહ્મણગ્રન્થોમાં અને તેમાંય મુખ્યત્વે શતપથ બ્રાહ્મણમાં અવતારોનો વિચાર વિકાસ પામે છે. પ્રજાપતિએ મત્સ્ય, કૂર્મ અને વરાહનો અવતાર લીધો, એમ શતપથ બ્રાહ્મણ કહે છે. આંરભમાં ઘણાખરા અવતારોનો સંબંધ પ્રજાપતિ સાથે હતો. પરંતુ કાળાન્તરે વિષ્ણુની પ્રધાનતા સ્થાપિત થતાં આ અવતાર વિષ્ણુના મનાયા. બ્રાહ્મણયુગમાં વિષ્ણુનું પ્રાધાન્ય નહોતું, કે વિષ્ણુની પૂજા પણ થતી નહોતી. એમ પ્રતીત થાય છે. વાસુદેવ કૃષ્ણ વિષ્ણુના અવતાર છે એવી માન્યતાનો ઉદય આરણ્યક ગ્રન્થોમાં થાય છે. ભાગવત સંપ્રદાયના ઉદય સાથે અવતાર - સિદ્ધાંત પણ વિકસિત સ્વરૂપે આવે છે. વૈષ્ણવ આગમોના ઉદયકાળે વસુદેવ કૃષ્ણની નારાયણ સાથે એકતા સ્થાપિત થઈ, અને અવતાર સિદ્ધાંતનો ઉત્કર્ષ થયો. ભગવદ્ ગીતામાં આ સિદ્ધાંત પૂર્ણતાને પામે છે. ડૉ. પી. વી. કાણે નોંધે છે કે વિષ્ણુના અવતાર (દશથી ઓછા કે અધિક) ઈસુની કેટલીક સદીઓ પૂર્વે પ્રસિદ્ધિમાં આવી ગયા હતા.[૩૦]

વિષ્ણુના અવતારોની સંખ્યા નિશ્ચિત નથી. અવતાર-સંખ્યા બાબતમાં ઈતિહાસ-પુરાણોમાં વૈવિધ્ય દૃષ્ટિગોચર થાય છે. મહાભારતના નારાયણીયપર્વમાં (શાંતિપર્વ, ૩૩૯/૭૭-૧૦૨) વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, દાશરથિરામ તથા વસુદેવ કૃષ્ણ આ છ અવતારો તથા બીજા સ્થળે આ છ માંથી હંસ, કૂર્મ, મત્સ્ય અને કલ્કિ આ ચાર જોડીને અવતારોની સંખ્યા દશની બતાવી છે. શાંતિપર્વના ભીષ્મસ્તવરાજમાં પાંચ અવતાર બતાવ્યા છે. હરિવંશમાં ઉપર્યુક્ત છ અવતારોની વાત છે. વાયુપુરાણના ૧/૯૭/૭૨માં બાર અવતાર જ્યારે ૨/૯૮/૬૩માં દશ અવતારોનો ઉલ્લેખ થયો છે. વરાહપુરાણ-૧૫ ના દશાવતારસ્તોત્રમાં મત્સ્ય, કૂર્મ, યજ્ઞ-વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને કલ્કિ આ પ્રચલિત દશાવતાર મળે છે. ભાગવત પુરાણમાં ત્રણ-ચાર સ્થળે અવતારોનું નિરૂપણ થયું છે. એમાં અવતારોની સંખ્યા ૧૨, ૧૬, ૨૨ કે ૨૪ ની પ્રાપ્ત થાય છે. જેમકે સ્કન્ધ ૧ અધ્યાય-૩ માં ૨૨ અવતારો, સ્કન્ધ-૨ અધ્યાય-૭ માં ૨૩ અવતાર ગણાવ્યા છે. સ્કન્ધ-૬ અધ્યાય-૮ માં આવતા 'નારાયણકવચ'માં મત્સ્ય, વામન, નૃસિંહ, વરાહ, પરશુરામ, રામચન્દ્ર, નર-નારાયણ, દત્તાત્રેય, કપિલ, સનત્કુમાર, હયગ્રીવ, નારદ, કૂર્મ, ધન્વંતરિ, ઋષભ, યજ્ઞ, બળભદ્ર, શેષનાગ, વ્યાસ, બુદ્ધ, કલ્કિ અને ગોવિંદ એમ કુલ ૨૨ અવતારોનું સ્તવન છે. ગરુડપુરાણ, પૂર્વખંડ, અધ્યાય ૧૯૪ ના 'વિષ્ણુકવચ'માં બાર અવતાર બતાવ્યા છે.

પાંચરાત્ર સંહિતાઓમાં મુખ્ય ૨૪ અવતાર મનાયા છે. એમાં પણ મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને કલ્કિ એ દશાવતારનું અધિક મહત્ત્વ છે. અવતારોની સંખ્યામાં વૃદ્ધિ થતી રહી, એનું પરિણામ એ આવ્યું કે સાત્વત તંત્રમાં એ સંખ્યા ૪૧ થી પણ અધિક થઈ ગઈ. વૈષ્ણવ સંપ્રદાયોમાં ભાગવત તેમજ પાંચરાત્ર બંને પરંપરાઓના અવતારોને સમાવિષ્ટ કરી અંશ, કલા, આવેશ ઇત્યાદિ રૂપોમાં અવતારોની વિચારણા થઈ છે.

જયદેવ 'ગીતગોવિન્દ' (પ્રથમસર્ગ, પ્રથમ પ્રબંધ)ના દશાવતારસ્તોત્રમાં મત્સ્ય, કચ્છપ, સૂકર, નૃસિંહ, વામન, પરશુરામ, રઘુપતિરામ, બલરામ, બુદ્ધ અને કલ્કિ આ દશ અવતારોની સ્તુતિ છે. આનાથી સ્પષ્ટ થાય છે

કે કેટલાક વૈષ્ણવ સંપ્રદાયોમાં બારમી સદીથી કૃષ્ણ પૂર્ણ પરબ્રહ્મ સ્વરૂપે પ્રતિષ્ઠિત થયા અને તેમના જયદેવે ગણાવેલા દશ અવતારો નિશ્ચિત થયા. આમાં આઠમા અવતાર તરીકે બલરામ અને નવમા અવતાર બુદ્ધ ગણાયા. જો કે રામાનુજીય વિશિષ્ટાદ્વૈત સંપ્રદાયના દશાવતારોમાં હળધર (બલરામ) અને કૃષ્ણ ઉભયને અવતાર માન્યા છે અને બુદ્ધને સ્થાન આપ્યું નથી. જેમકે શ્રીવત્સોક મિશ્ર (૧૧મી સદી) કૃત 'સુંદરબાહુસ્તવ', પરાશરભટ્ટ (૧૧મી ૧૨મી સદી) કૃત 'રંગરાજસ્તવ' ઉત્તરશતક, વેદાંતદેશિક (૧૩મી સદી) કૃત 'દશાવતારસ્તોત્ર' ઈત્યાદિ સ્તોત્રોમાં મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, દાશરથિરામ, બલરામ, કૃષ્ણ અને કલ્કિ આ દશ અવતારોનું નિરૂપણ થયું છે. આ ચર્ચામાંથી સ્પષ્ટ થાય છે કે મહાભારતથી દશાવતારોનો ઉદ્‌ભવ થાય છે અને શ્રીવત્સાંક મિશ્ર તેમજ જયદેવની પૂર્વે (લગભગ - દશમી અગિયારમી સદી) દશાવતારની માન્યતા પૂર્ણ રીતે પ્રતિષ્ઠત થઈ હશે. રામાનુજીય વૈષ્ણવ કવિ વેંકટાધ્વરી પણ 'લક્ષ્મીસહસ્ર'ના દશાવતારસ્તબકમાં આ જ અવતાર રૂપોનું કલ્પતામંડિત ચિત્ર આપે છે. વિષ્ણુના સર્વ અવતારોમાં લક્ષ્મી સદૈવ સાથે જ રહે છે એવો રામાનુજીય વૈષ્ણવોનો મત છે.

## (૪) અંતર્યામી :

વિશિષ્ટાદ્વૈતી આચાર્યોનો અંતર્યામીનો ખ્યાલ ઉપનિષદો પર આધારિત છે. બૃહદારણ્યક ઉપનિષદ (૩૭)માં અંતર્યામીનું સવિસ્તર નિરૂપણ થયું છે.[૩૧] અન્ય ઉપનિષદોમાં પણ તેમનું વર્ણન થયું છે.[૩૨] આ નિયામક પરમાત્મા જીવોના હૃદયમાં નિવાસ કરે છે અને જીવોને સારાં નરસાં કાર્યોમાં પ્રવૃત્ત કરે છે.[૩૩] તેમને કેવળ યોગી જ નિહાળી શકે છે. જીવાત્માઓના સ્વર્ગ કે નર્કમાં ગમન વેળાએ પણ તે તેમની સાથે રહે છે.

## (૫) અર્ચાવતાર :-

પ્રતિમાદિને અર્ચા કહે છે.[૩૪] મનુષ્યો તરફના પ્રેમથી ઈશ્વર વિધિપૂર્વક મંત્રો દ્વારા પવિત્ર કરાયેલ પ્રતિમા અથવા વિગ્રહમાં સૂક્ષ્મ શરીરથી યુક્ત થઈને નિવાસ કરે છે એવી માન્યતા છે. અર્ચાવતારમાં ઈશ્વર સ્નાન, ભોજન, આસન, શયનાદિ ક્રિયાઓ પણ કરે છે.

'મધ્યકાલીન અવતારોની લીલાત્મક રૂપોની અભિવ્યક્તિ સાથે અર્ચાવતાર કે અર્ચાવિગ્રહોનો પણ પ્રચાર થયો. ખાસ કરીને પરવર્તી મધ્યકાળના સાહિત્યને જો અર્ચાવતારોનું સાહિત્ય માનવામાં આવે તો અત્યુક્તિ નહિ ગણાય.'[૩૫] અવતારવાદી પ્રવૃત્તિઓની જેમ અર્ચાવતારની પણ પ્રાચીન પરંપરા વિદિત થાય છે. અવતાર બ્રહ્મનો પ્રતિનિધિ છે તો અર્ચા બ્રહ્મનું પ્રતીક. પ્રાચીન વૈદિક કાળમાં મૂર્તિ-પૂજાનું અસ્તિત્વ હતું કે નહિ, તે સંબંધી નિશ્ચિત રૂપે કશું કહી શકાતું નથી, તેમ છતાં વૈદિક સાહિત્યમાં એવા કેટલાક ઉલ્લેખ પ્રાપ્ત થાય છે જેમાં મૂર્તિપૂજાના નિર્દેશ મળે છે.[૩૬] અર્ચાવતારોનો ઘનિષ્ઠ સંબંધ પાંચરાત્ર સંહિતાઓ સાથે છે. અર્ચારૂપોની પૂજા, અર્ચના, મંત્ર, યંત્ર ઈત્યાદિ અનેક પ્રકારના ઉલ્લેખોથી આ સંહિતાઓ ઓતપ્રોત છે. તેમાં અર્ચાવતારની આવશ્યકતા બતાવતાં કહ્યું છે કે ઈશ્વરની પૂજા માત્ર સાકાર રૂપોમાં જ સંભવ છે, બીજી કોઈ અવસ્થામાં નહિ. ઈશ્વરનાં પર, વ્યૂહ આદિ પાંચ રૂપોનો ઉલ્લેખ પ્રાચીન તામિલ કવિતાઓમાં પણ થયો છે. તામિલ સાહિત્યમાં પેરુન્દેવાર નામક કવિનાં પાંચ પદોમાં આ પાંચ રૂપોનું વર્ણન દેખાય છે. રામાનુજ આદિ આચાર્યોની પૂર્વે જ તામિલ પ્રદેશમાં ભક્તિભાવનાના

મૂળપ્રેરક તિરુપતિ, શ્રીરંગ આદિ દક્ષિણના પ્રધાન અર્ચાવતાર માની શકાય. 'દ્રવિડપ્રબન્ધ' (ઈ.સ. ૩૦૦ થી ૭૦૦)માં બાર આલ્વારસંતોની કવિતાઓમાં લગભગ ૧૦૮ સ્થાનોમાં વિષ્ણુ અને તેમનાં વિભિન્ન રૂપોની પૂજાનો ઉલ્લેખ છે. ઈશ્વરનું અર્ચારૂપ મનુષ્યની અત્યંત નજીક છે. આ રૂપમાં મનુષ્ય ઈશ્વરની સાથે અનેક સ્વરૂપે ભાવાત્મક સંબંધ સ્થાપિત કરે છે. અર્ચાવતાર સર્વનો બંધુ અને ભક્તવત્સલ છે.[૩૭] 'વૈષ્ણવમતાબ્જભાસ્કર'માં કહ્યું છે કે દેશકાળથી રહિત, આશ્રિતામિભમત અર્ચકના સમસ્ત અપરાધોને ક્ષમા આપનાર, દિવ્યદેહયુક્ત, સહનશીલ, પોતાનાં સર્વે કર્મોમાં અર્ચકની અધીનતા સ્વીકાર કરનાર મૂર્તિને અર્ચાવતાર કહે છે. અર્ચા-મૂર્તિની પૂજા ષોડશ પ્રકારે થાય છે.[૩૮]

પરવર્તી મધ્યકાલીન દાક્ષિણાત્ય સમગ્ર સ્તોત્ર સાહિત્યનું સર્જન પ્રાયઃ અર્ચા-સ્વરૂપોને અનુલક્ષીને થયું છે. દક્ષિણભારતમાં વિષ્ણુપત્ની લક્ષ્મીનાં વિભિન્ન અર્ચા-સ્વરૂપો જુદાં જુદાં સ્થળોએ પૂજાય છે. એમાંનાં કેટલાંક આ પ્રમાણે છેઃ (૧) તિરુપતિમાં ભગવાન વેંકટેશ્વરની પત્ની (૨) કાંજીવરમ્‌માં વરદરાજની પત્ની મહાદેવી કે પેરુન્દેવી (૩) શ્રીમુષ્ણમ્ (South Arcot Dist.)માં શ્રીવરાહમૂર્તિની પત્ની અમ્બુજવલ્લી (૪) ઘાટિકાચલમાં ભગવાન નૃસિંહની પત્ની અનૃતવલ્લી (૫) નમક્કલ (Selem Dist.)માં ભગવાન નૃસિંહની પત્ની નામગિરિલક્ષ્મી (૬) ત્રિપ્લીકેન (મદ્રાસ)માં શ્રીપાર્થસારથિની પત્ની રૂકમણિ (૭) શ્રીવિલ્લીપુત્તુર (રામનાથપુર જિલ્લો)માં વટપત્રશાયિનની પત્ની આણ્ડાલ કે ગોદા (૮) કુંભકોણમ્‌માં શ્રીરંગપાણિની પત્ની કોમવલ્લી ઈત્યાદિ.[૩૯]

કવિ વેંકટાધ્વરીએ તિરુપતિના શેષાચલ (વેંકટાચલ) પર પ્રતિમા સ્વરૂપે રહેલ વેંકટેશ્વર (વિષ્ણુ)ના વક્ષઃસ્થળે વિરાજમાન ભગવતી લક્ષ્મીના અર્ચા-સ્વરૂપને અનુલક્ષીને 'લક્ષ્મીસહસ્ર'ની રચના કરી છે. અર્ચા સ્વરૂપોના દક્ષિણ ભારતીય ઉત્સવો પણ જાણીતા છે. શેષાદ્રિ પર લક્ષ્મીના મહોત્સવોનું વર્ણન કવિ વેંકટાધ્વરીએ કર્યું છે.[૪૦] એના પરિક્ષણથી દાક્ષિણાત્ય સ્થાનિક દેવતાઓના મહોત્સવોની વિધિઓ, વિગતો તેમજ અર્ચાવતારની આહવાનાદિ ઉપચારો દ્વારા થતી અર્ચનાનો ખ્યાલ આવે છે.

### (૨) શક્તિતત્ત્વ અને લક્ષ્મી :

### વૈદિક સાહિત્યમાં લક્ષ્મી :

ભગવાન વિષ્ણુની શક્તિ શ્રી કે લક્ષ્મીનો વિચાર અત્યંત પ્રાચીન કાળથી ઉદય પામ્યો છે. વૈદિક ગ્રન્થો, ઈતિહાસ-પુરાણ, વૈષ્ણવ આગમો ઈત્યાદિ પ્રાચીન સાહિત્ય તેમજ ઉત્તરકાલીન વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સાહિત્યમાં નિરૂપિત શક્તિ-વિચારને એકત્ર કરવાના આશયથી 'લક્ષ્મીસહસ્ર'ની રચના થઈ છે. 'લક્ષ્મીસહસ્ર'માં નિરૂપિત દેવી લક્ષ્મીનું ઐશ્વર્ય વેદ-પુરાણ વર્ણિત છે, સ્વકલ્પિત નહિ એમ વેંકટાધ્વરી સ્વયં નોંધે છે : अस्वेशाना जगतो विष्णुपत्नी... ।[૪૧] એમ લક્ષ્મી-ઐશ્વર્યનું પ્રતિપાદન કરનાર શ્રુતિને તો રહેવા દો. સાધારણજનોના બોધ માટે વ્યાસપ્રણીત 'વિષ્ણુપુરાણ' પણ પ્રશંસનીય પ્રમાણ છે.[૪૨] શ્રી ઐશ્વર્યના સ્રોત સમા વૈદિક 'શ્રીસૂક્ત'ને કવિ વેદોપવનમાં પારિજાત સમાન લેખે છે.[૪૩] ઉપનિષદોમાં વર્ણિત લક્ષ્મીઐશ્વર્યનો જ્ઞાતા મોક્ષપ્રાપ્તિ કરે છે.[૪૪] ઉપનિષદોનું લક્ષ્મીમાહાત્મ્ય રામાયણાદિ ગ્રન્થોમાં અવતીર્ણ થયું છે.[૪૫] આ વિધાનોથી સ્પષ્ટ થાય છે કે વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્યો-કવિઓ તેમજ તેમના અનુગામીઓએ લક્ષ્મીના સ્વરૂપ નિર્ધારણમાં આ પ્રાચીન સાહિત્યનો આધાર લીધો છે.

પરબ્રહ્મની દૈવી શક્તિનું મૂળ છેક 'ઋગ્વેદ'માં જોઈ શકાય છે. 'ઋગ્વેદ'માં પરમતત્ત્વની અનંત શક્તિઓ માનવામાં આવી છે. તેમાંની એક છે માયા. ઐશ્વર્યયુક્ત પરમાત્મા ઈન્દ્ર 'માયા' અને તેની અનંત શક્તિઓ દ્વારા આકાશાદિ વિવિધ રૂપોમાં પરિણત થઈને વિવિધરૂપી બ્રહ્માંડનું સર્જન કરે છે.[૪૬] ઈન્દ્ર પોતાની માયા શક્તિથી વૃત્ર જેવાઓને વશ કરે છે.[૪૭] તેઓ માયા દ્વારા વિવિધ રૂપ ધારણ કરવા સમર્થ છે.[૪૮]

ઈન્દ્રપત્નીને ઋગ્વેદમાં 'શચી' કે 'ઈન્દ્રાણી' કહી છે. કેટલાક વિદ્વાનો 'શચી'નો અર્થ પરાક્રમ માને છે. ઈન્દ્ર-પત્નીને શક્તિની દેવી પણ કહી છે.[૪૯] પત્ની દ્વારા ઈન્દ્ર પોતાનાં રક્ષાત્મક કાર્યોમાં વધુ શક્તિશાળી બને છે.[૫૦] ઉત્તરવર્તી સાહિત્યમાં આ વિચાર વિકસિત રૂપે દેખાય છે. દરેક વૈદિક દેવને પોતાની પત્ની હોય છે; જેમકે વરુણપત્ની વરુણાની, અગ્નિપત્ની આગ્નેયી, આતિત્યપત્ની ભારતી ઈત્યાદિ. દૈવની દેવી પ્રિયતમાઓ માટે વેદમાં 'જ્ઞાઃ' શબ્દ પણ પ્રાપ્ત થાય છે.[૫૧] 'જ્ઞાઃ' શબ્દ મુખ્યત્વે 'સ્ત્રી દેવી તત્ત્વોનાં સમૂહના અર્થમાં છે. 'શચીઓ' દેવોની 'દેવી શક્તિઓ' છે. તે દેવના વ્યક્તિત્વસર્જનમાં જરૂરી તત્ત્વ પૂ રું પાડે છે. જ્યારે જ્ઞાઃ એનાથી ભિન્ન 'સ્ત્રીશક્તિ' છે. તે તેમના પુરુષસાથીઓ - પતિઓ સાથે સંયુક્ત રહીને કાર્ય કરે છે. સર્જનાત્મક કાર્યોમાં 'નર દેવી તત્ત્વ' અને 'નારી દેવી તત્ત્વ' બંનેની શક્તિ આવશ્યક છે. એવી સમજ વૈદિક ઋષિઓના 'જ્ઞાઃ' ના નિરૂપણમાં દેખાય છે; 'જેમ ઉત્તરવર્તી સાહિત્યમાં શિવ વૈશ્વિક કાર્યો માટે પોતાની પ્રિયતમા કે વિષ્ણુ લક્ષ્મીની સહાય ઈચ્છે છે તેમ.'[૫૨]

'વૈદિક ઋષિઓએ 'ઋગ્વેદ'ના દશમ મંડળમાં સર્વ ગૌણ દેવોને એક સર્વોપરિદેવ પ્રજાપતિ કે વિશ્વકર્મામાં જ્યારે સર્વનારી-દૈવીતત્ત્વોને એક સર્વોપરિ દેવી 'વાક્'માં પરિવર્તિત-સંયુક્ત કરવા સમાન પ્રયાસ કર્યો હોય એમ પ્રતીત થાય છે.'[૫૩] 'વાક્' દેવોને આધાર આપતી 'સર્વોચ્ચ દેવી' તરીકે મનાઈ છે. તે દેવોને પોતાનાં કાર્યોમાં સહાય કરે છે, પ્રેરણા આપે છે.[૫૪] તે દેવોની રાણી છે. (ઋ. ૮/૮૯) ઋગ્વેદના અંતિમ સમયમાં દેવોની દૃષ્ટિ અનેક દેવવાદ તરફથી એકેશ્વરવાદ તરફ જાય છે. ત્યાં 'અદિતિ'ને સર્વ સાથે એકતા ધરાવનારી કહી છે. વળી તેને જ માતા અને પિતા પણ કહી છે.[૫૫] માતૃત્વ એના ચરિતનો વિશિષ્ટગુણ છે. તૈત્તિરીય સંહિતા (૭-૫-૧૪)માં અદિતિને વિષ્ણુની પત્ની પણ કહી છે. દેવીનું આ માતૃરૂપ ઉત્તરવર્તી માતા લક્ષ્મીનું આરંભિક રૂપ ગણી શકાય. તેથી જ વિશિષ્ટાદ્વૈતી શ્રીસ્તોત્રોમાં તેને 'વિશ્વમાતા'નું ભવ્ય સ્થાન પ્રાપ્ત થાય છે. કવિ વેંકટાધ્વરી પણ પોતાના સ્તોત્રમાં માતા લક્ષ્મીનો મહિમા પ્રતિપાદિત કરે છે. ઉત્તરવર્તી વૈષ્ણવસાહિત્ય તેમજ વેંકટાધ્વરીના 'લક્ષ્મીસહસ્ર'માં દશાવતાર-સ્તબકમાં નિરૂપિત વિષ્ણુ અને લક્ષ્મીના નિરંતર અભિન્ન સંબંધનું મૂળ આમાં જોઈ શકાય છે. વળી વાક્ સ્વયં કહે છે કે તે સર્વ જગતની ઈશ્વરી, ઉપાસકોને ધન પ્રદાન કરનારી અને યજ્ઞીય જનોમાં પ્રથમ છે.[૫૬] તે દેવોની શક્તિનું મૂળ, ભૂમિની સમૃદ્ધિ અને વૈભવ તેમજ ડાહ્યા લોકોની બુદ્ધિ છે.[૫૭] વાક્ શક્તિની આવી આત્મપ્રશંસામાં ઉમા, લક્ષ્મી અને સરસ્વતીના શક્તિત્રયના ઉત્તરવર્તી સિદ્ધાંત તેમજ અવતાર સિદ્ધાંતનું મૂળ આમાં જોઈ શકાય છે. સર્વ નારી દૈવીતત્ત્વોનું સર્વોપરિ રૂપ જેમ 'વાક્' કે 'અદિતિ' શક્તિમાં સમાવિષ્ટ થયું છે. તેમ પ્રજાપતિને સર્વ દેવો કરતાં ઉત્કૃષ્ટ અને સર્વ વસ્તુઓને પોતાનામાં સમાવિષ્ટ કરતા વર્ણવ્યા છે.[૫૮] વળી 'અદિતિ' વરુણની માતા છે અને એનામાં શારીરિક દુઃખો અને નૈતિક અપરાધોના બંધનમાંથી માનવીને મુક્ત કરવાની શક્તિ છે.[૫૯] ઉત્તરવર્તી વૈષ્ણવ ધર્મની લક્ષ્મીની મોક્ષપ્રદાયક શક્તિનું આદિ સ્વરૂપ આમાં દેખાય છે. વેંકટાધ્વરી પોતાની કૃતિમાં લક્ષ્મીની આવી શક્તિનું ભવ્ય આલેખન કરે છે.

આમ શક્તિ લક્ષ્મીનું આદિસ્વરૂપ ઋગ્વેદનાં 'માયા' 'શચી' 'ઈન્દ્રાણી' 'વાક્' 'અદિતિ' કે 'શ્રદ્ધા'માં અનુભવી શકાય છે.

ઋગ્વેદની 'પુરંધ્રિ' સમૃદ્ધિની દેવી છે. એનો વિષ્ણુ સાથે પણ ઉલ્લેખ થયો છે. અવેસ્તામાં સંપત્તિ અને સંપન્નતાની દેવી 'પારેન્દિ' માનવામાં આવી છે. 'પુરંધ્રિ' નો સંબંધ 'પારેન્દિ' સાથે દર્શાવી શકાય.[૬૦] ઋગ્વેદમાં 'શ્રી' શબ્દ પ્રાપ્ત થાય છે. ત્યાં 'શ્રી'નો સર્વમાન્ય અર્થ સમૃદ્ધિ અને સૌન્દર્ય છે. પરંતુ વૈદિક 'શ્રી' શબ્દ સમૃદ્ધિ અને સૌન્દર્યનો સૂચક હોવા ઉપરાંત દેવી વિશેષનો બોધ કરાવવામાં સક્ષમ છે. એવો પણ એક મત છે. લક્ષ્મીનું સર્વાધિક પ્રાચીન નામ 'શ્રી' છે. મેકડોનલ નોંધે છે કે સૌન્દર્ય અથવા સૌભાગ્યના મૂર્તકરણ રૂપે 'શ્રી' સર્વપ્રથમ શતપથ બ્રાહ્મણ (૧૧/૪/૩/૧)માં આવે છે.[૬૧] એ. બી. કીથ આ સંબંધી જણાવે છે : બૌદ્ધ-કાળના આરંભિક નમૂનાઓમાં પ્રાપ્ત શ્રીનાં પ્રતિરૂપોથી જ્ઞાત થાય છે કે તે ભક્તોની દૃષ્ટિએ વિગ્રહવાન દેવી હતી. શ્રી સૂત્ર-સાહિત્ય (શાંડિલ્ય ગૃહ્યસૂત્ર, ૨-૧૪-૧૦)માં કહ્યું છે કે શય્યાના છેડા પર શ્રીને આહૂતિ આપવી જોઈએ. અહીં મૂલતઃ શ્રીને ભાવાકૃતિથી ભિન્ન માની શકાતી નથી. વેદોત્તરકાલીન દેવશાસ્ત્રમાં શ્રી અથવા લક્ષ્મી વિષ્ણુની પત્ની છે. કિન્તુ વેદના અંતિમ ભાગ સિવાય અન્યત્ર આ કલ્પનાઓ મળતી નથી. ભારદ્વાજ જેવો સૂત્રગ્રંથ પણ બંનેને અનુલ્લિખિત છોડી દે છે.[૬૨]

અથર્વવેદ 'વાક્'નો 'પ્રજાપતિ' સાથેનો પત્નીસંબંધ સૂચવે છે. બ્રાહ્મણગ્રંથોમાં 'વાક્ અને પ્રજાપતિ વચ્ચે પત્ની-પતિ સંબંધ સ્પષ્ટ રીતે બતાવ્યો છે. 'કાઠકબ્રાહ્મણ'માં સ્પષ્ટ કર્યું છે કે 'વાક્' બ્રહ્મ-પ્રજાપતિની પત્ની છે. પ્રજાપતિ તેણીની સાથે યુગલ સર્જી પ્રાણીઓનું સર્જન કરે છે.[૬૩] શતપથ બ્રાહ્મણ (૧૧/૪/૩/૧) અનુસાર પ્રજાપતિની સાધનાના મૂળ રૂપમાં 'શ્રી' તેમના અંતરમાંથી નીકળીને સૌન્દર્યસંપન્ન, ઓજસ્વી દેવી રૂપે ઉપસ્થિત થાય છે. ઉત્તરવર્તી વૈષ્ણવ સા. તેમજ 'લક્ષ્મીસંગ્રહ'માં લક્ષ્મી-નારાયણના યુગલ-સંબંધનું પ્રારંભિકરૂપ આ રીતે બ્રા. ગ્રન્થોમાં સ્પષ્ટ રીતે વર્તાય છે. વૈદિક દેવીઓને અપાયેલ માતૃસ્વરૂપ પુરાણ, મહાકાવ્ય અને તંત્રગ્રંથોમાં વિકાસ પામે છે.[૬૪]

લક્ષ્મીનું ઐશ્વર્ય ઉપનિષદોમાં પણ પ્રકાશે છે.[૬૫] સકળ ઉપનિષદોએ પ્રતિપાદિત કરેલ પરમતત્ત્વ તે જ છે.[૬૬] બ્રહ્મવાદીઓ તેને વિશ્વંભર સમાન ઐશ્વર્ય સંપન્ન માને છે.[૬૭] મિત્રાવરુણની એકરૂપતાની જેમ લક્ષ્મી અને પરમાત્માનું જગતનેતૃત્વ સમાન કહેવાય છે.[૬૮] ઉપનિષદો તે બંનેનું વિશ્વ વ્યાપકત્વ જાહેર કરે છે.[૬૯] કવિ વેંકટાધ્વરીનાં આવાં વિધાનો ઉપનિષદોમાં પ્રતિપાદિત લક્ષ્મીના આદિ શક્તિ તત્ત્વનો નિર્દેશ કરે છે.

ઉપનિષદોમાં શક્તિને 'અદિતિ' પણ કહી છે. તે જ તત્ત્વસ્વરૂપ છે.[૭૦] ઉપનિષદોના ઋષિઓએ ધ્યાનયોગમાં સચ્ચિદાનંદ પરમાત્માની તે દિવ્ય અચિંત્ય સ્વરૂપભૂતા શક્તિને પ્રત્યક્ષ નિહાળી છે. તે પોતાના ગુણોથી છૂપાયેલી હતી.'[૭૧] આ શક્તિને જગતના વિકાસક્રમ માટે ભગવાનની પત્ની તરીકે પણ રજૂ કરી છે. વિશ્વાતીત પરમાત્માએ રમણ માટે બીજાની ઈચ્છા કરી, પોતાને એકમાંથી બે કરી દીધાં, પતિ-પત્ની થઈ ગયાં.[૭૨] હ્રી અને લક્ષ્મી નામક બે ઐશ્વર્યની દેવીઓને સૃષ્ટિકર્તા પુરુષની પત્ની પણ કહેવામાં આવી છે.[૭૩] તે ઉત્તરકાલીન શ્રીવૈષ્ણવ-સંપ્રદાયના યુગલ-લક્ષ્મી-નારાયણનું આદિ રૂપ ગણાવી શકાય. 'કેનોપનિષદ'માં શક્તિ અત્યંત શોભાયમાન 'હૈમવતી ઉમા' તરીકે ઈન્દ્ર સમક્ષ ઉપસ્થિત થાય છે. તે સર્વજ્ઞ શંકરની સ્વરૂપા શક્તિ છે.[૭૪] આ હૈમવતી ઉમા ઉત્તરવર્તી સાહિત્યમાં શિવની પત્ની તરીકે નિરૂપિત થાય છે.

શક્તિનાં આ વિભિન્ન સ્વરૂપોનાં લક્ષણોનું વિકસિત સ્વરૂપ ઋગ્વેદના ઉત્તરકાલીન ખિલભાગના 'શ્રીસૂક્ત'[૭૫]માં દૃષ્ટિગોચર થાય છે.

'શ્રીસૂક્ત'માં શ્રી કે લક્ષ્મીને વાણી અને મનથી અગોચર, બ્રહ્મસ્વરૂપી, સૌન્દર્યથી ઝળકતી અને ભક્તોની મનોકામના પૂર્ણ કરનારી કહી છે.[૭૬] ઉદાર એવી તેણીનું દારિદ્રય નાશ તેમજ શ્રી અને કીર્તિની પ્રાપ્તિ માટે આવાહન થયું છે.[૭૭] કવિ આ દેવીને શરણે જાય છે. (શ્લોક-૫) શ્રીસૂક્તમાં લક્ષ્મી અને વિષ્ણુના એકત્વ સંબંધી સ્પષ્ટ સંકેત મળતો નથી. વિશિષ્ટાદ્વૈતી શ્રીવૈષ્ણવ સંપ્રદાયના કવિઓ માટે આ સ્તોત્ર માત્ર પ્રેરક જ નહિ, પણ લક્ષ્મીના માતૃરૂપ અને શરણાગતિ (પ્રપત્તિ) જેવા સિદ્ધાંતોના મૂળ-સ્રોત સમું છે. ઉત્તરવર્તી લક્ષ્મી-વિષયક સિદ્ધાંતો સ્પષ્ટ રૂપે 'શ્રીસૂક્ત'માં નિરૂપિત થયા હોઈ આ સૂક્ત ઘણા પાછળના સમયમાં લખાયું હશે, એમ પ્રતીત થાય છે.

## પુરાણો અને પૌરાણિક સ્તોત્રોમાં લક્ષ્મીનું સ્વરૂપ :

લક્ષ્મીનું પ્રતિપાદન પુરાણગ્રન્થોમાં પણ થયું છે, એમ વેંકટાધ્વરી કહે છે.[૭૯] 'વિષ્ણુપુરાણ' લક્ષ્મીને નિત્ય, વિષ્ણુ સાથે સંયુક્ત, જગજનની અને વિષ્ણુની જેમ સર્વવ્યાપક તરીકે વર્ણવે છે.[૮૦] દેવ, તિર્યક્ અને મનુષ્ય વગેરે નરતત્ત્વો ભગવાન હરિ છે અને સર્વ સ્ત્રી-તત્ત્વો તે લક્ષ્મી[૮૧] 'વિષ્ણુપુરાણ'માં 'લક્ષ્મીસ્તુતિ' પણ પ્રાપ્ત થાય છે. એ સ્તુતિ અનુસાર લક્ષ્મી સંપૂર્ણ લોકોની જનની છે. સિદ્ધિ, સ્વધા, સુધા, અત્રિ, વિભૂતિ, મેધા, શ્રદ્ધા અને સરસ્વતી પણ તે જ છે. સર્વ વિદ્યાઓ પણ તે જ છે. તે મુક્તિફલપ્રદાયક આત્મવિદ્યા છે. પોતાના શાંત અને ઉગ્ર રૂપોથી તે સમસ્ત સંસારમાં વ્યાપ્ત છે. એની કૃપાદૃષ્ટિ આરોગ્ય, ગુણ, ઐશ્વર્ય અને સુખ આપે છે. લક્ષ્મી અને હરિ જગતનાં માતા-પિતા છે. લક્ષ્મીજીના ગુણો વર્ણવવામાં બ્રહ્માની રસના પણ સમર્થ નથી. શ્રીવિષ્ણુ જ્યારે જ્યારે અવતાર ધારણ કરે છે, ત્યારે ત્યારે લક્ષ્મી સદૈવ તેમની સાથે રહે છે. વિષ્ણુના શરીરને અનુરૂપ તે પોતાનું શરીર બનાવે છે.[૮૨] આમ 'વિષ્ણુપુરાણ'માં સ્પષ્ટ રીતે લક્ષ્મી-વિષ્ણુનો યુગલ સંબંધ પ્રસ્થાપિત થાય છે. ભગવાન વિષ્ણુ ત્રિગુણના આશ્રયથી જગતની રચના, પાલન અને સંહાર કરે છે.[૮૩] સર્વશક્તિમાન વિષ્ણુ જ બ્રહ્મનું પરસ્વરૂપ અને મૂર્તરૂપ છે. આ સંપૂર્ણ જગત પરબ્રહ્મની શક્તિ જ છે. અર્થાત્ ચરાચર વિશ્વ વિષ્ણુશક્તિથી સમન્વિત છે.[૮૪] ત્રણ પ્રકારની શક્તિઓ છે : વિષ્ણુશક્તિ પરા, ક્ષેત્રજ્ઞશક્તિ અપરા અને કર્મશક્તિ અવિદ્યા. જગતનાં સર્વરૂપ પરમેશ્વરનાં શરીર છે અને તે સર્વ તેમની શક્તિથી વ્યાપ્ત છે. ભગવાન સર્વ શક્તિઓના આધાર છે.[૮૫] જગતમાં જે શક્તિઓ છે તે લક્ષ્મી છે. તેનાં નામ આર્યા, દુર્ગા, વેદગર્ભ, અંબિકા, ભદ્રા, ક્ષેમદા ઈત્યાદિ છે. તે મનુષ્યોની સર્વ કામનાઓ પૂર્ણ કરનારી છે.[૮૬] તે જગદ્ધાત્રી, સૃષ્ટિરૂપા અને વિશ્વમાતા છે.[૮૭]

'માર્કણ્ડેય-પુરાણ'ની 'નારાયણીસ્તુતિ' (કાત્યાયાની સ્તોત્ર)માં દેવીને શરણાગતની પીડા હરનારી અને અખિલ જગતની માતા કહી છે. વિશ્વના કારણરૂપ પરમમાયા (મૂલ પ્રકૃતિ) તે જ છે અને તે જ મુક્તિનો હેતુ છે. તે સર્વ મંગળોમાં મંગળ રૂપે રહેલી, સર્વ મનોરથ પૂર્ણ કરનારી, કલ્યાણકારી અને શરણયોગ્ય છે. તે વિશ્વનું સર્જન, પાલન, સંહાર કરનારી અને ત્રણ ગુણોનું આશ્રયસ્થાન છે. શરણાગતનું રક્ષણ કરવામાં તે સદૈવ તત્પર રહે છે. તે જ મહેશ્વરી, વિષ્ણુની શક્તિ વૈષ્ણવી, વારાહી, નૃસિંહની નારાયણી, ઈન્દ્રની શક્તિ એમ સર્વ દેવોની શક્તિરૂપા છે. તે જગતનું રક્ષણ કરનારી અને વિશ્વમાં ઓતપ્રોત થઈ વિશ્વને ધારણ કરનારી છે.[૮૮]

આ પુરાણના 'દેવીસૂક્ત' (અપરાજિતા સ્તવન)માં પણ દેવીને પ્રત્યેક પદાર્થમાં વિષ્ણુમાયા રૂપે રહેલી કહી છે. તે શરણાગતની વૃદ્ધિ કરનારી અને ચૈતન્યરૂપે સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત છે. આપત્તિઓના નાશ માટે તેનું આહ્‌વાન થાય છે.[૮૯] 'શક્રાદયસ્તુતિ' (ચંડિકાસ્તોત્ર)માં તેને દેવતાઓની શક્તિના સમુદાયરૂપે અને જગતમાં વ્યાપ્ત કહી છે. તે સમસ્ત વિશ્વનું કારણ છે. સમગ્ર જગત તેના અંશ જેવું છે. તે વિકારરહિત મૂલપ્રકૃતિ આદ્ય સ્વરૂપ છે. તે મોક્ષપ્રાપ્તિનું સાધન છે. પરાવિદ્યા અને સર્વ વેદવિદ્યા પણ તે જ છે. તે સરસ્વતી, દુર્ગા, કૈટભારિ વિષ્ણુના હૃદયમાં વસનાર લક્ષ્મી અને શિવની ગૌરી છે. તે દારિદ્રય, દુઃખ તથા ભય હરનારી અને ઉપકાર કરવા સદૈવ દયાર્દ્ર ચિત્તવાળી છે, તેની ઉદાર બુદ્ધિ શત્રુઓ પ્રત્યે પણ રહેલી છે.[૯૦]

'દેવી ભાગવત'ના ઈન્દ્રકૃત 'મહાલક્ષ્મીસ્તોત્ર'માં લક્ષ્મીને સંપત્તિઓની અધિષ્ઠાત્રી અને વૃદ્ધિ આપનારી કહી છે. તે જ દેવમાતા અદિતિ, કમલા, સ્વાહા અને સ્વધા છે. તે સર્વની માતા અને બાંધવરૂપ તેમજ ધર્મ, અર્થ, કામ અને મોક્ષના કારણરૂપ છે. માતાની જેમ તે સર્વ લોકોને બધું આપનારી છે.[૯૧] 'શિવાદેવીસ્તોત્ર'માં ભગવતીને સર્વ કામનાઓ અર્પણ કરનાર અને મોક્ષદાતા કહી છે. તેનું ઐશ્વર્ય મનુષ્યો અને દેવો દ્વારા અજ્ઞેય છે. તેનું ચરિત્ર ભક્તો તરફ દયાયુક્ત છે.[૯૨] 'શ્રીદુર્ગાસ્તોત્ર'માં દેવીને વિશ્વમાતા, ભક્તોની પીડા હરનાર અને સર્વવ્યાપક કહી છે. ભક્તો પર અનુકંપાયુક્ત તેનું ચરિત્ર અત્યંત પવિત્ર છે.[૯૩]

કવિ વેંકટાધ્વરીએ લક્ષ્મીના સ્વરૂપ-નિર્ણયમાં પુરાણ-ગ્રંથો અને તેમાંય ખાસ કરીને 'વિષ્ણુપુરાણ'નો આધાર લીધો છે. તેથી જ તે લક્ષ્મીનું નિરૂપણ કરનાર 'વિષ્ણુપુરાણ'ના રચયિતા પરાશર મુનિને પોતાના સ્તોત્રના આરંભે વંદન કરે છે.[૯૪]

શૈવસંપ્રદાયની વિભિન્ન શાખાઓમાં શક્તિ-સિદ્ધાંત કેન્દ્રસ્થાને છે. એમાં વિવિધ રીતે શિવ અને તેની શક્તિનો વિચાર કરવામાં આવ્યો છે. વૈષ્ણવ સંપ્રદાય સાથે સંબદ્ધ 'લક્ષ્મીસ્તોત્રો'માં વિષ્ણુ-લક્ષ્મીની વિચારણા થઈ હોઈ શૈવ શક્તિ સિદ્ધાંતનું અહીં નિરૂપણ કર્યું નથી પણ વૈષ્ણવ સંપ્રદાય સાથે સંબધ્ધ પાંચરાત્ર આગમોનો શક્તિ વિચાર દ્રષ્ટવ્ય છે.

## પાંચરાત્ર સંહિતાઓમાં લક્ષ્મી :

વૈષ્ણવ ધર્મનો લક્ષ્મીવિચાર તંત્રગ્રન્થોથી પણ પ્રભાવિત થયો છે. વૈષ્ણવ આગમોમાં 'પાંચરાત્ર'નું મહત્ત્વપૂર્ણ સ્થાન છે, કેમકે વૈષ્ણવ ધર્મના સિદ્ધાંતોના આદિસ્રોત સમા એ ગ્રંથ છે. આ ગ્રન્થોમાંથી 'અહિર્બુદન્યસંહિતા' તેમજ 'લક્ષ્મીતંત્ર' લક્ષ્મીવિષયક પ્રચૂર માહિતી આપે છે. આ બંને સંહિતાઓ અનુસાર ભગવાનની શક્તિનું સામાન્ય નામ લક્ષ્મી છે. ભગવાન શક્તિમાન છે. લક્ષ્મી તેમની પરા શક્તિ છે.[૯૫] તે સૃષ્ટિ આદિ પંચકૃત્યો કરનારી જગતની યોનિ છે.[૯૬] તે સર્વ કારણોનું કારણ, સર્વવ્યાપક અને વિભૂતિસંપન્ન છે.[૯૭] તે સર્વ કામનાઓ પૂર્ણ કરનાર કામધેનુ છે અને સમસ્ત દેવો દ્વારા સેવાય છે.[૯૮]

લક્ષ્મીની શરણાગતિનો સિદ્ધાંત પણ રજૂ થયો છે, લક્ષ્મી શરણ્યા છે. જેનું શરણ ભક્ત સ્વીકારે છે.[૯૯] તેનામાં નિ વ્યાંજ પુરુષકારત્વ છે, અર્થાત ભક્ત અને ભગવાન વચ્ચે તે નિર્વ્યાજ મધ્યસ્થી સ્વીકારી ભક્તોનાં દર્દ, દુઃખ-પાપ દૂર કરવામાં લાગેલી છે. કેમકે તે તો પાપ સમૂહના વિદારણમાં પ્રવીણ તેમજ સર્વ કલ્યાણ પ્રદાન

કરનારી હરિની વલ્લભા છે.[૧૦૦] આશ્રિતોને કલ્યાણ આપનારી તે આર્યા લક્ષ્મી સર્વના આધારરૂપ અને વિશ્વની નિયંત્રી છે.[૧૦૧] તે મોક્ષદાયક અને ભક્તો પ્રત્યે દયાળુ છે. એવું પ્રતિપાદન અહીં 'શ્રી' શબ્દની વ્યુત્પત્તિ દ્વારા થયું છે. 'શ્રી' શબ્દમાં લક્ષ્મીના મૃદુતા, કારુણ્ય, વાત્સલ્ય આદિ ગુણો સૂચિત થાય છે.[૧૦૨] ઉમા, શચી, કીર્તિ, સરસ્વતી ઈત્યાદિ મહાલક્ષ્મીની જ વિભૂતિઓ છે.[૧૦૩] તેણી જગતની શક્તિઓનો આધાર છે અને આશ્રિતોનું રક્ષણ કરે છે, એમ સ્વયં લક્ષ્મી કહે છે.[૧૦૪] પુરાણો, પાશુપત મત અને સાંખ્યમાં પ્રતિપાદિત શક્તિ લક્ષ્મી છે, એવું આ સંહિતા કહે છે.[૧૦૫] મોક્ષપ્રદાનમાં લક્ષ્મીના સ્થાન સંબંધી ઉલ્લેખ થયો છે કે લક્ષ્મીરૂપી શક્તિને પ્રાપ્ત કરીને ભક્ત પરબ્રહ્મ વિષ્ણુનું પરમપદ - પરમધામ પ્રાપ્ત કરે છે.[૧૦૬]

લક્ષ્મીશક્તિ ભગવાન વિષ્ણુથી અભિન્ન છે અને જગત-રચના વ્યાપારમાં તે પ્રવૃત્ત થાય છે.[૧૦૭] સૃષ્ટિ સર્જન સમયે લક્ષ્મીનાં બે રૂપ નિષ્પન્ન થાય છે : ક્રિયાશક્તિ અને ભૂતિશક્તિ. ભગવાનની વિશ્વ-સિસૃક્ષાને ક્રિયાશક્તિ અને જગતની પરિણતિને ભૂતિશક્તિ કહે છે.[૧૦૮] આ શક્તિદ્વયથી જ ભગવાન જગતની સૃષ્ટિ, સ્થિતિ અને સંહૃતિનું કાર્ય સંપાદિત કરી શકે છે.[૧૦૯] પરિણામે આ બે શક્તિઓ વિશ્વના સાધનકારણ અને ભૌતિક કારણ તરીકે વર્તે છે. 'શ્રી' નામક આ પરમાશક્તિ પોતાના પતિની જેમ ષડ્ગુણમયી છે. વળી તે શાન, આનંદ અને ક્રિયામયી તેમજ 'મહાવિભૂતિ સંસ્થાના' છે.[૧૧૦]

લક્ષ્મી અને વિષ્ણુની અવિયુક્તતા પણ 'અહિર્બુદન્યસંહિતા'માં વારંવાર બતાવી છે.[૧૧૧] તે બંનેની અભિન્નતા કે તેમનો અવિનાભાવ સંબંધ સૂચવવા ધર્મી તથા ધર્મ, ચંદ્રિકા તથા ચંદ્રમા, આતપ તથા સૂર્ય ઈત્યાદિ દૃષ્ટાન્ત આપ્યાં છે.[૧૧૨] છતાં બંને વચ્ચે ભેદ છે, એવાં વિધાનો પણ પ્રાપ્ત થાય છે. પ્રલયદશામાં ભગવાન તથા લક્ષ્મીનું સંપૂર્ણ ઐક્ય થતું નથી.[૧૧૩] શક્તિ અને શક્તિમાનનો ભેદ સ્પષ્ટ રીતે પણ નિરૂપિત થયો છે.[૧૧૪]

## વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્યોનાં 'લક્ષ્મીસ્તોત્રો'માં લક્ષ્મીનું સ્વરૂપ અને મહિમા :-

વિષ્ણુપુરાણ, શ્રીમદ્ભાગવત અને પાંચરાત્ર સંહિતાઓના લક્ષ્મીવિષયક વિચારો વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્યો તેમજ કવિઓનાં લક્ષ્મીસ્તોત્રોમાં વિકસિત સ્વરૂપે પ્રાપ્ત થાય છે.

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્યોની પરંપરાના કવિ વેંકટાધ્વરી 'લક્ષ્મીસહસ્ર'માં યામુન (ઈ.સ. ૧૦ મી ૧૧મી સદી)નું સ્મરણ કરે છે. જે બતાવે છે કે યામુનમુનિની શ્રીવિષયક 'ચતુઃશ્લોકી' સ્તોત્રનો પ્રભાવ સ્પષ્ટ રીતે વેંકટાધ્વરી પર છે. આચાર્ય યામુન અનુસાર લક્ષ્મીના પ્રિયપતિ વેદાત્મા વિહગેશ્વર શ્રીવિષ્ણુ છે. તેણી માયા અને પ્રકૃતિ વડે વિશ્વ-સર્જન કરે છે. સ્વયં બ્રહ્મા અને સર્વ દૈવી તત્ત્વો પોતાની પત્નીઓ સહિત લક્ષ્મીનાં સેવક બને છે. લક્ષ્મીનું નામ 'શ્રી' છે. તેનો મહિમા અવર્ણનીય છે.[૧૧૫] તેનો મહિમા તેના વલ્લભ પતિ ભગવાન પણ પામી શકતા નથી. યામનમુનિ તેને લોકેશ્વરી કહી તેની શરણાગતિ સ્વીકારે છે અને તેની દયા યાચે છે. (શ્લોક-૨) લક્ષ્મી તો જગત-રક્ષિકા છે. તેની કૃપાદૃષ્ટિ પર જગતની રક્ષાનો આધાર છે. તેના પરોપકારના અભાવમાં સૃષ્ટિનો સંહાર થાય છે. માનવના શ્રેયનો આધાર માત્ર અરવિંદલોચન વિષ્ણુની મનઃકાન્તા લક્ષ્મીની કૃપા પર અવલંબિત છે. (શ્લોક-૩) લક્ષ્મી પોતાના કાર્યથી સર્વોચ્ચ બ્રહ્મથી જુદી ઓળખાય છે. છતાં તાત્ત્વિક રીતે તે ભગવાનનું અભિન્ન અંગ છે. પરમાત્માનાં ધરતી પરનાં સર્વ કાર્યોમાં તેમજ તેમનાં અવતારરૂપોમાં તે સંયુક્ત છે.[૧૧૬]

આચાર્ય રામાનુજે 'શરણાગતિગદ્ય'ના પ્રથમ પરિચ્છેદમાં લક્ષ્મીને ભગવાન નારાયણને અનુરૂપ સ્વરૂપો ધારણ કરતી, નિત્ય વિષ્ણુ સાથે બંધાયેલી, ગુણ-વૈભવ-ઐશ્વર્ય-શીલ આદિ અનેક કલ્યાણકારી ગુણોથી યુક્ત, અખિલ જગતની માતા અને શરણ્યા તરીકે વર્ણવી છે. દેવીના માતૃરૂપ અને પ્રપત્તિ સિદ્ધાંત પર અહીં ભાર મુકાયો છે.

રામાનુજના શિષ્ય શ્રીવત્સાંકમિશ્ર (ઈ.સ.ની ૧૧મી સદી) 'શ્રીસ્તવ'માં શ્રીહરિને લક્ષ્મીને આધીન બતાવે છે. લક્ષ્મી વિશ્વસર્જનનાં કાર્યોમાં હરિને પ્રેરણા અને માર્ગદર્શન આપે છે.[૧૧૭] તે સમસ્ત લોકોની માતા છે.[૧૧૮] તેના ગુણો મન અને વાણીથી અગ્રાહ્ય છે. (શ્લોક-૪) માણસોમાં જે મહાન કે અલ્પ ઐશ્વર્ય દેખાય છે તે તેની કૃપાદષ્ટિનું પરિણામ છે.[૧૧૯] જગતનું સૌન્દર્ય અને ઐશ્વર્ય તેને જ આધીન છે. (શ્લોક-૭) તેનો મહિમા હરિ કે સ્વયં તેના દ્વારા પણ જાણી શકાતો નથી. તો પણ તે બંનેની સર્વજ્ઞતા ઘટતી નથી[૧૨૦] જગતમાં વિદ્યા-શાખાઓ પણ લક્ષ્મીની કૃપાનું પરિણામ છે. (શ્લોક-૯) તેના દષ્ટિપાતથી વિશ્વમાં સૌન્દર્ય અને પ્રવૃત્તિ જન્મે છે. (શ્લોક-૧૦)

શ્રીવત્સાંકના પુત્ર પરાશરભટ્ટ (ઈ.સ. ૧૦૯૭-૧૧૪૮) રચિત 'ગુણરત્નકોશ' લક્ષ્મીનાં ગુણરત્નોની મંજૂષા સમું સ્તોત્ર છે. તેમાં વિશ્વસર્જનના કાર્યમાં શ્રીહરિને પ્રેરણા આપતી લક્ષ્મીનું ભવ્ય ચિત્ર આલેખાયું છે. લક્ષ્મીના કટાક્ષ મુરારિના સર્જનમાં પ્રમાણ સ્વરૂપ છે.[૧૨૧] લક્ષ્મીનો વૈભવ બ્રહ્માદિ દેવો દ્વારા પણ અવર્ણનીય છે. તે ક્ષાન્તિ, ઔદાર્ય, દયા ઈત્યાદિ ગુણોથી સમન્વિત છે.(શ્લોક ૫-૬) ભગવાન સ્વયં પોતાના ગૌરવ માટે તેના પર આધાર રાખે છે. (શ્લોક ૯, ૨૮, ૩૧) લક્ષ્મીનો મહિમા વેદ, ઉપનિષદ, શ્રીસૂક્ત, રામાયણ, મહાભારત તેમજ પુરાણોમાં વર્ણિત થયો છે. (શ્લોક ૧૦-૧૪) વિશ્વનું સમગ્ર મંગળ અને ઉજ્જવળ ઐશ્વર્ય દેવીની કૃપાદષ્ટિનું ફળ છે. (શ્લોક-૧૫) દેવીનો કૃપાભાજન સમૃદ્ધિસંપન્ન બને છે જ્યારે તેનો કૃપારહિત માનવ દીન-અશરણ બને છે (શ્લોક-૧૬) દેવીની ભ્રૂ-લતા હરિના સર્જન કાર્યમાં કારણભૂત છે. (શ્લોક-૧૭) લક્ષ્મી અને ભગવાનના સમાન ગુણધર્મો છે. ભેદ માત્ર એટલો છે કે ભગવાનમાં પુરુષસુલભ પુરુષતા છે, જ્યારે લક્ષ્મીમાં સ્ત્રીસુલભ કરુણા, ક્ષમા ઈત્યાદિ કોમળ ગુણો છે. શ્રીનું સૌન્દર્ય અવર્ણનીય છે કવિ દેવીના અંગ-ઉપાંગોમાં વિલસતા સૌન્દર્યનું સવિસ્તર નિરૂપણ કરે છે. (શ્લોક ૩૬-૪૯) દેવીનો દર્યાદ્ર સ્વભાવ એટલો ઉદાત્ત છે કે તે રાક્ષસી, કાક અને વિભીષણને પણ ક્ષમાગુણથી રક્ષે છે. (શ્લોક-૫૦) તે તો જગતની ઉદાર માતા છે. વિષ્ણુ તો કડક સ્વભાવના છે. લક્ષ્મી તો અપરાધી પ્રત્યે ક્રુદ્ધ ભગવાનને પણ ઉચિત ઉપાયો દ્વારા દયાર્દ્ર બનાવી અપરાધીઓની રક્ષા કરે છે.[૧૨૨] રામાવતારમાં પણ ભગવાને દેવીની પ્રેરણાથી સર્વ કાર્યો કર્યાં. (શ્લોક-૫૪) લક્ષ્મી તો જગતનાં માતા-પિતા સ્વરૂપ છે (શ્લોક-૬૧) લક્ષ્મી વિષયક આ સર્વ વિચારો વેંકટાધ્વરીના 'લક્ષ્મીસહસ્ર'માં સંક્રાન્ત થયા છે 'ગુણરત્નકોશ'નો પ્રભાવ 'લક્ષ્મીસહસ્ર' પર સૌથી અધિક વર્તાય છે.

આચાર્ય વેદાંત દેશિક (ઈ.સ. ૧૨૬૮-૧૩૬૭) કૃત 'શ્રીસ્તુતિ' પણ લક્ષ્મીના સ્વરૂપ-નિર્ધારણમાં અગત્યનું છે. રામાનુજ-મતાનુયાયીઓમાં વડઘલે શાખાના પ્રવર્તક વેદાંત દેશિક 'શ્રી'ને મંગળોનું પણ મંગળ કહી તેની પ્રપત્તિ ચાહે છે. (શ્લોક-૧) સર્જક બ્રહ્મનું દિવ્ય તેજ લક્ષ્મીના મહાવરથી યુક્ત છે; કેમકે લક્ષ્મી તો વિષ્ણુના

વક્ષઃસ્થળે વિરાજમાન છે ને! (શ્લોક-૪) લક્ષ્મી અને નારાયણનો સંબંધ દિવ્ય દાંપત્યનો છે આ દામ્પત્યમાં સનાતન એકાત્મકતા અને અનંત ગુણાત્મકતા છે.[૧૨૩] લક્ષ્મી-નારાયણની સનાતન દ્યૂત-ક્રીડા ચાલે છે, જેમાં દયા અને ન્યાયની જાણે હોડ લાગે છે. (શ્લોક-૭) લક્ષ્મી તો ભગવાન વિષ્ણુને આશ્રિત જગતની ઈશ્વરી છે અને તેના નામમાં મોક્ષપ્રદાયક શક્તિ છે. (શ્લોક-૮) લક્ષ્મીમાં જગત કારણતત્ત્વ અને મોક્ષપ્રદાયક સામર્થ્ય અનુભવી કવિ માત્ર વિષ્ણુ કે માત્ર લક્ષ્મીને નહિ, પણ લક્ષ્મી-નારાયણ એ યુગલને પોતાના ભગવાન માને છે. (શ્લોક-૯) આ બાબત સ્પષ્ટ કરે છે કે વેદાંતદેશિકની દૃષ્ટિએ સર્વોચ્ચ બ્રહ્મતત્ત્વ વિષ્ણુ અને લક્ષ્મી બંનેથી નિર્માયું છે. ભગવાન વિષ્ણુએ શરણાગત-રક્ષાની દીક્ષા લીધી છે. આ કાર્યમાં પત્ની લક્ષ્મી પણ દીક્ષિત થઈ છે. તેથી અવતારમાં પણ વિષ્ણુ અને લક્ષ્મી સાથે જ રહે છે અને એ રીતે લક્ષ્મીનું રૂપ પણ ભગવાનને અનુરૂપ રહે છે.[૧૨૪] ભગવાન અને લક્ષ્મીનું સાહચર્ય ક્ષીરસાગરના તરંગો અને તેની મધુરતા જેવું છે (શ્લોક-૧૧) સરસ્વતી, પાર્વતી અને ઇન્દ્રાણી લક્ષ્મીની વિભૂતિઓ છે (શ્લોક-૧૨) લક્ષ્મીની કૃપાદૃષ્ટિ વૈભવ, સંપત્તિ, શ્રેય અને મોક્ષ પ્રદાન કરે છે. (શ્લોક-૧૪-૧૮) લક્ષ્મી જગત્માતા છે, તેનામાં દયા, વાત્સલ્ય જેવા ગુણોનો ભંડાર છે. (શ્લોક-૨૧) લક્ષ્મી અને વાસુદેવ સંપૂર્ણ જગતનાં માતાપિતા છે (શ્લોક-૨૩).

વેંકટાધ્વરી વેદાંતદેશિકના અનુયાયી છે. પરિણામે 'શ્રીસ્તુતિ'નો લક્ષ્મીવિચાર 'લક્ષ્મીસહસ્ર'માં સવિસ્તર કાવ્યાત્મક અભિવ્યક્તિ પામે છે. એમાં લક્ષ્મી-નારાયણનું યુગલ-સ્વરૂપ, લક્ષ્મીનું વિભુત્વ, લક્ષ્મીની મધ્યસ્થી, લક્ષ્મીની મોક્ષપ્રદાયક શક્તિ વગેરેનું કલાત્મક શૈલીમાં નિરૂપણ થયું છે.

### લક્ષ્મી-નારાયણ યુગલસ્વરૂપ :-

આચાર્ય યામનકૃત 'ચુતઃશ્લોકી' (લક્ષ્મીસ્તોત્ર)ના ભાષ્યકાર વેંકટનાથ વેદાંતદેશિકે પોતાના 'ચતુઃશ્લોકી'માં લક્ષ્મીના સ્વરૂપ-વિષયક-વિભિન્ન મતોનો ઉલ્લેખ કરી, તે મતોની સર્વગ્રાહી આલોચના કરી, લક્ષ્મીનું તાત્ત્વિક સ્વરૂપ નિર્ધારિત કરવાનો પ્રશસ્ય પ્રયાસ કર્યો છે.[૧૨૫] લક્ષ્મીના સ્વરૂપ બાબતે વિવાદાસ્પદ સવાલ એ છે કે લક્ષ્મી ચેતન છે કે અચેતન. આ સંબંધી વેદાંત દેશિક વિવિધ મતોનું નિરૂપણ કરે છેઃ

(૧) લક્ષ્મીનાં સહસ્ર નામોમાં પ્રકૃતિ, પ્રધાના, અવ્યક્ત ઇત્યાદિનો પણ સમાવેશ થાય છે. તેથી કેટલાક સર્વકર્તા ભગવાનની અધ્યક્ષતામાં કાર્ય કરનારી અચેતન જડ પ્રકૃતિને લક્ષ્મી માને છે.[૧૨૬]

(૨) બીજા કેટલાકના મતે લક્ષ્મીનું સ્વતંત્ર વ્યક્તિત્વ નથી. શાસ્ત્રોમાં અનેક સ્થળે જણાવ્યું છે કે લક્ષ્મી તો પરમાત્માની સત્તા (અસ્તિત્વ), અહન્તા, પ્રભા, શક્તિ, વિદ્યા, ઈચ્છા, ભોક્તૃતા ઇત્યાદિ છે.[૧૨૭] સત્તા, અહન્તા ઇત્યાદિ ભાવ અચેતન હોઈ લક્ષ્મી પણ અચેતન સિદ્ધ થાય છે.

આ બંને મતોને અસત્ય સિદ્ધ કરવા વેદાંત દેશિક કહે છે કે જે જે ગ્રન્થોમાંથી આ મતોએ પ્રેરણા મેળવી છે તે શાસ્ત્રો લક્ષ્મીને જડ નહિ, પણ ચેતન માને છે. યામુનાચાર્ય પોતાની 'ચતુઃશ્લોકી'માં 'તે', 'ત્વાં' અને સંબોધનસૂચક 'ભગવતિ' જેવા શબ્દોથી લક્ષ્મીનું ચેતનત્વ સ્પષ્ટ રીતે સૂચિત કરી દીધું છે.[૧૨૮] શ્રી માટે પ્રયુક્ત 'સત્તા' 'અહન્તા' આદિ શબ્દોનો અભિપ્રાય લક્ષ્મીનો ભગવાન સાથેનો અંતરંગ-સંબંધ સૂચવવા પૂરતો જ છે.

યામુનના 'તે' અને 'યગનિકા' જેવા શબ્દો બતાવે છે કે લક્ષ્મી જડ ભૌતિક પ્રકૃતિથી ભિન્ન છે. કેટલાક ગ્રન્થોમાંથી ઉધ્ધરણો આપી ટીકાકાર વેદાંતદેશિક નોંધે છે કે લક્ષ્મી માટે 'પ્રકૃતિ' શબ્દનો પ્રયોગ થયો છે. પરંતુ એટલા માત્રથી તે બંનેનું સ્વરૂપૈક્ય-એકત્વ સિદ્ધ થતું નથી કેમકે 'પાંચરાત્ર અધિકરણ ભાષ્ય' બ્રહ્મસૂત્ર (૧-૪-૨૩) ઇત્યાદિમાં વાસુદેવ ભગવાન માટે પણ પ્રકૃતિ શબ્દ પ્રયુક્ત થયો છે.

(૩) એક અન્ય મત એ છે કે નિર્વિશેષ અને ચિન્માત્ર-બ્રહ્મના સ્વરૂપને આચ્છાદિત કરનાર મિથ્યાભૂત માયા જ્યારે પોતાના વિશિષ્ટ સ્વરૂપથી સમન્વિત થઈ બ્રહ્મને આચ્છાદિત કરી દે છે, ત્યારે તે માયા લક્ષ્મી કહેવાય છે.[૧૨૯] માયાનું સ્વરૂપ અચેતન છે. તેથી માયારૂપ લક્ષ્મી પણ અચેતન છે.

વેદાંત દેશિક આ મતનું ખંડન કરતાં કહે છે કે જે અદ્વૈતશાખા નિર્વિશેષ બ્રહ્મ અને માયા દ્વારા થતા તેના આચ્છાદન વિશે કહે છે, તે સ્વીકાર્ય નથી. યામુનાચાર્યે પણ 'ચતુઃશ્લોકી'માં જણાવી દીધું છે કે માયા દૈવી-યુગલથી ભિન્ન સંપૂર્ણ જગતને છેતરે છે.[૧૩૦] અહીં માયાની તુલના યવનિકા (પટ) સાથે કરવામાં આવી છે. જગતમાં યવનિકા દૃષ્ટિ અવરોધક છે. પરંતુ લક્ષ્મીની બાબતમાં આવું નથી. યવનિકા સમી માયા લક્ષ્મીની દૃષ્ટિને અવરોધવામાં નિષ્ફળ જાય છે; કેમકે માયાના સર્વ વ્યાપારો માયાને અધીન છે. વળી, નિત્ય મુક્ત ભગવાન પણ કર્મોથી બંધનગ્રસ્ત નથી. તેથી તેમના ઉપર પણ માયા પ્રભાવ પાડી શકે નહિ. જો કે કેટલાક ગ્રન્થોમાં લક્ષ્મીને કર્મોના બંધનોથી બંધાયેલી અન્ય દેવીઓ જેવી જ કહી છે. છતાં અન્ય દેવીઓની જેમ લક્ષ્મીની દૃષ્ટિ માયા દ્વારા વિદિનત થાય છે, એવું સૂચન એમાંથી થતું નથી.

લક્ષ્મીને ચેતન માનનારા પણ ઘણા પક્ષો છે. તેમાંના કેટલાક આ પ્રમાણે છે.

(૧) સત્તાદિવિશિષ્ટ ભગવાન સ્વયં શ્રી કહેવાય છે.[૧૩૧]

(૨) શ્રીનું રૂપ નિત્ય છે. તે નિત્ય રૂપને ધારણ કરીને રહેલા પરબ્રહ્મ જ શ્રી (લક્ષ્મી) છે.[૧૩૨]

(૩) 'દૈત્યમોહનભૂમિકાપરિગ્રહ' ન્યાયથી એટલે કે જે રીતે ભગવાને દૈત્યોને મોહિત કરવા મોહિનીનું રૂપ ધારણ કર્યું હતું તે રીતે પરમાત્મા સ્વયં પોતાના આનંદ ખાતર (ભોગાર્થ) કાન્તાસ્વરૂપ ધારણ કરે છે અને તે (પરમાત્મા) શ્રી કહેવાય છે.[૧૩૩]

આ ત્રણ મતોનો નિષ્કર્ષ એ છે કે લક્ષ્મી એ ભગવાનના ભાગ રૂપે છે, તેમનાથી ભિન્ન નથી.

આ ત્રણેય મતોને ખોટા કરાવતાં વેદાંતદેશિક જણાવે છે કે લક્ષ્મી ચેતન છે અએ ભગવાનથી ભિન્ન છે. બંને એક નથી. શ્રુતિગ્રન્થોમાં ભગવાનની પત્નીઓ તરીકે 'હ્રી' અને 'લક્ષ્મી'નો ઉલ્લેખ તે બંનેનો સ્વરૂપ-ભેદ સૂચવે છે. વળી યામુનાચાર્યે પ્રયોજેલ 'कान्तास्ते' શબ્દ પણ તે બંને અલગ સ્વરૂપો છે એવું વ્યંજિત કરે છે.

(૪) ભગવાનના જ એક સ્વરૂપનો ભાગ પૃથક્ અહં ધારણ કરી પોતાના આનંદ ખાતર હંમેશને માટે સ્ત્રીરૂપ અંગીકાર કરે છે અને તે શ્રી કહેવાય છે.[૧૩૪]

આ મતનો ઉચ્છેદ કરતાં વેદાંતદેશિક કહે છે કે બ્રહ્મ મૂળસ્વરૂપે નિરપેક્ષ હોઈ તેનો કોઈ ભાગ પડી શકે નહિ, આના સમર્થનમાં 'બ્રહ્મપુરાણ' 'સનત્સંહિતા' વગેરેનાં ઉદાહરણો આપે છે.

(૫) વિશ્વના ઉપાદન-કારવા બ્રહ્મના સ્વરૂપનો જે અંશ વિશ્વ સર્જનના કાર્યમાં ઉપયોગી છે, તે અંશ પોતાના સ્વભાવથી કે રૂપાંતર (પરિણતિ) શક્તિથી કે ઉપાધિ-ભેદથી ભિન્ન અહંનો આશ્રય લે છે અને તે શ્રી કહેવાય છે.[૧૩૫]

વેદાંતદેશિક આ મત પણ ખોટો ઠેરવે છે; કેમકે 'શારીરક' (બ્રહ્મસૂત્ર) અનુસાર બ્રહ્મના સ્વરૂપમાં કોઈ પરિવર્તન-વિકાર, પરિણામ આદિ ઉત્પન્ન થતાં નથી.

(૬) 'અવતારમાં રૂપાંતર' (પરિણામ) એ સ્વયં બ્રહ્મ ઉપર 'ઉપાધિ'ની જેમ વર્તે છે અને આવા બ્રહ્મને લક્ષ્મી કહે છે.[૧૩૬]

આ મતનો ઉચ્છેક કરતાં વેદાંતદેશિક 'ગીતા' (૧૦/૩૪) 'વિષ્ણુપુરાણ' (૧/૮/૧૭) ઈત્યાદિ પ્રમાણો દ્વારા સિદ્ધ કરે છે કે લક્ષ્મી નિત્ય દેહ ધારણ કરીને રહેલી છે અને તે હંમેશ વિષ્ણુ કરતાં ભિન્ન છે.

(૭) શ્રીપતિ-વિષ્ણુના દેહનો અર્ધભાગ લક્ષ્મીથી નિર્મિત છે; એટલેકે વિષ્ણુ અને લક્ષ્મી બંનેનું કાં તો વિગ્રહૈક્ય (ભગવાન અને તેમની લક્ષ્મીનું એક શરીર) છે કે સ્વરૂપૈક્ય (બંનેના સ્વરૂપમાં એકતા છે) કે બંને વચ્ચે ભેદાભેદ (તે બંને ભિન્ન ભિન્ન છે અને અભિન્ન પણ) છે.[૧૩૭]

'વિગ્રહૈક્ય'ની બાબતમાં વેદાંતદેશિક જણાવે છે કે કેટલાક ગ્રંથોમાં જે શરીરની એકતા બતાવી છે, તે દૈવી-યુગલની ઉભયેચ્છાને કારણે છે. 'સ્વરૂપૈક્ય' પણ થઈ શકે નહિ, કેમ કે શ્રુતિ-વિધાનોમાં લક્ષ્મી અને વિષ્ણુનાં ભિન્ન-ભિન્ન વ્યક્તિત્વોનું પ્રતિપાદન થયું છે. આની સામે એવી દલીલ કરવામાં આવે છે કે એક જ પરમાત્મા સ્વયં સૃષ્ટિ સંબંધી સર્વે કાર્યોનાં કર્તાહર્તા છે, તો પરમાત્માથી ભિન્ન અન્ય તત્ત્વ સ્વીકારવાની જરૂર નથી. આના ઉત્તરમાં વેદાંતદેશિક જણાવે છે કે 'હ્રી' અને 'લક્ષ્મી' તારી પત્નીઓ છે.[૧૩૮] એ શ્રુતિવચન સ્પષ્ટ રીતે હરિ અને લક્ષ્મીનો સ્વરૂપભેદ સૂચવી દે છે. જે ગ્રન્થો તેમનાં સ્વરૂપની એકતા વર્ણવે છે, તેમણે આ શ્રુતિવચન અનુસાર અર્થઘટન કરવું જોઈએ. જો લાઘવના સિદ્ધાંતનું અવલંબન લઈ એમ કહેવામાં આવે કે ભગવાન અને તેની પત્ની સ્વરૂપમાં એકરૂપ છે, તો તે ભગવાન અને સર્વ આત્માઓની પણ એકરૂપતા સધાય. આ આત્માઓની એકતા રામાનુજના 'શ્રીભાષ્ય' વગેરેમાં નિરાકૃત કરવામાં આવી છે. ભગવાન અને લક્ષ્મી વચ્ચે 'ભેદાભેદ' (ભિન્નાભિન્નત્વ) પ્રવર્તે છે. એનાથી પણ સ્પષ્ટ છે કે તેઓ બંને એકરૂપ બની શકે નહિ, વળી કેટલાક ગ્રન્થોમાં જે લક્ષ્મી અને નારાયણની એકતા (અભેદતા) બતાવવામાં આવી છે તે 'रामसुग्रीवयोरैक्यम्' (રામાયણ સું. ૩૫-૫૧)ની જેમ બીજા સંદર્ભમાં છે. રામ અને સુગ્રીવ વાસ્તવમાં એકરૂપ નથી. પણ આમાં માત્ર તે બંને વચ્ચેની મિત્રતાની એકરૂપતા બતાવવાનો આશય છે.

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્યો અને લક્ષ્મીવિષયક સ્તોત્રોના રચયિતા ભક્તકવિઓના લક્ષ્મીવિષયક વિચારો આપણે આગળ જોયા, એનો નિષ્કર્ષ આ પ્રમાણે છે :- લક્ષ્મી માયા કે પ્રકૃતિથી ભિન્ન અને ચેતન છે. તે નિત્ય દેહ

ધારણ કરીને રહેલી છે. લક્ષ્મી અને ભગવાન બંને એક નથી, પણ અલગ-અલગ છે. શ્રી અને વિષ્ણુનું વિગ્રહૈક્ય તેમજ સ્વરૂપૈક્ય નથી. પણ બંને વચ્ચે યુગલભાવની એકતા છે. વિશિષ્ટાદ્વૈતાનુસાર સર્વોચ્ચ બ્રહ્મના બે અંશ છે : લક્ષ્મી અને વિષ્ણુ. આ બંને થકી સર્વોચ્ચ તત્ત્વ નિર્માયું છે. લક્ષ્મી ચેતન અને નિત્ય છે. લક્ષ્મીનું ગૌરવ જાણવા વિષ્ણુ પણ સમર્થ નથી. એ બાબત વિષ્ણુની સર્વજ્ઞતાને ઘટાડતી નથી. જે બ્રહ્મ સર્વસત્તાધીશ અને વિશ્વના સર્જક છે, તેમનું અસ્તિત્વ લક્ષ્મી પર અવલંબિત છે, એ અસંભવ છે. એ અવલંબનના નિરૂપણનો આશય પ્રિયતમ વિષ્ણુ અને પત્ની લક્ષ્મીનો ઘનિષ્ઠ સંબંધ કે ભગવાનનું પત્ની લક્ષ્મી પ્રત્યેનું પ્રેમપારતંત્ર્ય બતાવવાનો છે. લક્ષ્મીના પ્રિયપતિ વિષ્ણુ છે. બંને વચ્ચે દિવ્ય દામ્પત્યનો અંતરંગ ઘનિષ્ઠ સંબંધ છે. તેથી ભગવાન નારાયણને અનુરૂપ તેણી સ્વરૂપો ધારણ કરે છે. તેણી સર્વ અવતારોમાં ભગવાન સાથે ગાઢ રીતે સંકળાયેલી છે, એમ બંને વચ્ચે સાહચર્ય સંબંધ છે. આમ તે નિત્ય વિષ્ણુ સાથે બંધાયેલી છે. પરમાત્માના ધરતી પરના અવતારો અને તેમનાં કાર્યોમાં લક્ષ્મી સંયુક્ત છે. શ્રીહરિ લક્ષ્મીને આધીન છે. વિશ્વસર્જનના કાર્યમાં લક્ષ્મી હરિને પ્રેરણા અને માર્ગદર્શન આપે છે. બંનેની સર્વજ્ઞતા સમાન છે. બંને જગતનાં માતા-પિતા છે. લક્ષ્મી હંમેશ પતિ વિષ્ણુના શરીરનો આશ્રય લઈને રહે છે. પતિ વિષ્ણુ સર્વોપરિ છે, જ્યારે પત્ની લક્ષ્મી સેવિકા છે. વળી ભગવાનની મહાનતા પત્ની લક્ષ્મી સાથેના અધીનત્વને કારણે છે, એ ખોટું છે. તેનું પ્રયોજન લક્ષ્મી-વિષ્ણુનો વિહાર સૂચવવાનો છે. માત્ર લક્ષ્મી કે માત્ર નારાયણ નહિ, પણ લક્ષ્મી-નારાયણ એ યુગલને આ આચાર્યો પોતાના દેવતા માને છે.

## લક્ષ્મીનું વિભુત્વ (ઐશ્વર્ય)

લક્ષ્મી જીવ (અણુ) કોટિમાં આવે છે કે વિભુ કોટિમાં? આ પ્રશ્નના ઉત્તર સંબંધી રામાનુજ-સંપ્રદાયના વૈષ્ણવોમાં મુખ્ય બે પ્રકારની વિચારધારાઓ છે. એક પક્ષ એમ માને છે કે લક્ષ્મી જીવકોટિમાં આવે, જ્યારે અન્ય પક્ષ લક્ષ્મીની વિભુતા સ્વીકારે છે.

લક્ષ્મીની જીવકોટિ (અણુત્વ)ના સમર્થન માટે કેટલાંક શ્રુતિ-વચન ઉધ્ધૃત કરી શકાય. જેમકે કઠોપનિષદમાં કહ્યું છે : 'એક નિત્ય ચેતન (ભગવાન) અનેક નિત્ય ચેતનો (જીવો)ની કામના પૂર્ણ કરે છે.''[૧૩૯] લક્ષ્મી અનેક ચેતનમાંનો એક જીવ છે, અને તે ભગવાનથી ભિન્ન છે. જીવ જ્ઞાતા છે, પણ પરિમાણમાં અણુ છે. વળી તે સર્વ-વ્યાપક તેમજ સર્વશક્તિમાન નથી. તેથી જીવસ્વરૂપ લક્ષ્મી પણ (વ્યાપક) વિભુ થઈ શકે નહિ.

આનાથી વિરુદ્ધ કેટલાક ગ્રન્થોમાં વિષ્ણુની જેમ લક્ષ્મીને પણ સર્વવ્યાપક બતાવી છે.[૧૪૦] પરિણામે લક્ષ્મીના વિભુત્વની જેમ લક્ષ્મીનું વિભુત્વ પણ પ્રમાણિત થાય છે.

## વેદાંતદેશિક લક્ષ્મીના વિભુત્વ (વ્યાપકત્વ) સંબંધી કેટલાક મત ઉધ્ધૃત કરે છે :

(૧) કેટલાક ગ્રંથ લક્ષ્મીને વિષ્ણુની જેમ સર્વવ્યાપક માને છે. કેટલાક લક્ષ્મીને માત્ર શુભ પદાર્થોમાં નિવાસ કરતી બતાવે છે, જ્યારે કેટલાક ગ્રન્થો લક્ષ્મીનું અણુત્વ બતાવે છે. આ મતો સંબંધી વિવેચન કરતાં લક્ષ્મીની સર્વવ્યાપકતામાં માનનાર વેદાંતદેશિક કહે છે કે લક્ષ્મી માત્ર પ્રશસ્ત પદાર્થોમાં નિવાસ કરે છે. એ મતને એ રીતે સમજી શકાય કે લક્ષ્મીને તેવા પદાર્થો પ્રતિ અભિમાન વિશેષ-ખાસ પ્રીતિ છે. લક્ષ્મી વ્યાપક (વિભુ) છે કે અણુ તે સંબંધી રામાનુજીય મતાનુયાયીઓમાં વિવાદ પ્રવર્તે છે.[૧૪૧]

તેંગલે-સંપ્રદાયના વૈષ્ણવો લક્ષ્મીને મૂલતઃ અણુ કે સૂક્ષ્મ માને છે. છતાં તેઓ કહે છે કે તેણી વિકાસ કે વિસ્તારની શક્તિ ધરાવતી હોઈ તે વિભુ પણ થઈ શકે છે.[૧૪૨] તેઓ ઈશ્વરને વિભુ માનતા હોવા છતાં એમ પણ કહે છે કે અઘટિતના નિર્માણ સામર્થ્યથી તે ઈશ્વર પણ અણુ (સીમિત) થઈ શકે છે. આ જ પ્રમાણે લક્ષ્મી પણ મૂળસ્વરૂપે અણુ કે જીવ હોવા છતાં વિભુત્વ - વ્યાપકતા ધારણ કરી શકે છે.[૧૪૩] બીજા શબ્દોમાં કહીએ તો રામાનુજ-અનુયાયીઓની તેંગલે-શાખા અનુસાર લક્ષ્મી 'જીવ કે અણુ' છે, પરંતુ નિત્ય જીવોથી લક્ષ્મી કેવી રીતે જુદી પડે છે એ બાબતમાં તે શાખા જણાવે છે કે નિત્ય જીવોના સ્વરૂપગુણો મર્યાદિત છે, જ્યારે લક્ષ્મીનું સ્વરૂપ વિકાસશક્તિના કારણે અમર્યાદિત છે. છતાં તેના ગુણો તે સર્વોચ્ચ બ્રહ્મને આધીન હોવાથી મર્યાદિત છે.[૧૪૪] આથી લક્ષ્મી જીવ હોવા છતાં સ્વરૂપ-વિભુત્વથી તે પતિ વિષ્ણુના સ્વરૂપ સાથે સામ્ય ધરાવી શકે છે.[૧૪૫]

લક્ષ્મી સદૈવ ભગવાનના શરીરનો આશ્રય લઈ રહે છે. આ વિધાન અનુસાર લક્ષ્મી હંમેશાં તેના સ્વામી વિષ્ણુ સાથે સંયુક્ત છે. પરંતુ આ મતના વિરોધીઓ (તેંગલે સંપ્રદાયના અનુયાયીઓ વગેરે) કહે છે કે આવા વિધાનો માત્ર સ્તુતિપરક છે. જેમ ભગવાન પોતાના ભક્તો અનન્ત, ગરુડ ઈત્યાદિને ખાસ અધિકાર આપીને પોતાની પાસે રહેવા દે છે, તેમ લક્ષ્મી પણ ભગવાન દ્વારા અપાયેલ વિશિષ્ટ અધિકારથી તેમના શરીર પર નિવાસ કરીને રહે છે. આમ તેંગલે-મતાનુસાર લક્ષ્મી પણ ભગવાનની સામાન્ય સેવકોમાંથી એક છે અને એ રીતે તેણી વિષ્ણુની જેમ વિભુ થઈ શકે નહિ.[૧૪૬] વળી તેંગલે દલીલો દ્વારા સિદ્ધ કરે છે કે વિભુત્વનું લક્ષણ શ્રુતિગ્રન્થો ભગવાનનું ગણાવે છે, નહિ કે લક્ષ્મીનું. વળી લક્ષ્મીનું વિભુત્વ સ્વીકારવાની કોઈ તાર્કિક આવશ્યકતા પણ નથી.[૧૪૭]

વેદાંતદેશિક તેંગલેમતનો વિરોધ કરતાં જણાવે છે કે ઈશ્વરની સૂક્ષ્મતા (અણુત્વ) મૂળ સ્વરૂપથી નથી. પણ જ્યારે તેઓ શરીર ધારણ કરે છે ત્યારે જ અણુ કે સૂક્ષ્મ બને છે. આનાથી વિરુદ્ધ જો લક્ષ્મીને અણુ માનવામાં આવે તો તેના વિભુ બનવા સંબંધી કોઈ કારણ આપી શકાતું નથી. વળી દરેક વસ્તુ 'અઘટિત-ઘટના શક્તિ' ધરાવે છે. એમ કહેવામાં આવે તો 'સર્વાદ્વૈત' અને 'ભેદાભેદ' શાખાઓને પણ આ ગણતરીએ સાચી ઠેરવી શકાય. વળી કેટલાક કહે છે કે વિકાસશક્તિ લક્ષ્મીના સ્વભાવ સાથે સંબંધિત છે. આનો જવાબ આપતાં વેદાંતદેશિક કહે છે કે આવું માનવમાં આવે તો સમાન ન્યાયથી સર્વ આત્માઓની પણ સ્વરૂપ-વિકાસની શક્તિ સ્વીકારવામાં વિરોધ ઉત્પન્ન ન થાય.[૧૪૮]

(૨) લક્ષ્મી સંબંધી બીજો મત એવો છે કે લક્ષ્મી 'ચેતન' (ચિત્) હોય તો 'અચિત્' (જડ પ્રકૃતિ)થી ભિન્ન છે. 'વિભુ' હોય તો 'જીવ'થી ભિન્ન છે અને 'ઇશ્વર' પરની આધીનતાથી તેણી ઈશ્વરથી ભિન્ન છે. આમ હોવાને કારણે લક્ષ્મીનો સમાવેશ 'ચિત્', 'અચિત્' કે ઈશ્વરમાં થઈ શકતો નથી. આ ત્રણ સિવાયની કોઈ ચોથી કક્ષા ન હોઈ, લક્ષ્મીને આ ત્રણમાંથી કોઈ એક કોટિમાં મુકવી જોઈએ. વસ્તુતઃ આવા વિચારમાં કોઈ વિરોધ નથી. કેમકે 'રત્નપ્રભાપુષ્પપરિમલ' ન્યાયથી લક્ષ્મીનું અસ્તિત્વ ભગવાનને આધીન છે અને ભગવાનનો વૈભવ લક્ષ્મીને આધીન છે. આથી અહીંયા પણ પતિ અને પત્નીના સ્વરૂપૈક્યમાં સુગમતા રહે છે.[૧૪૯]

(૩) ત્રીજો મત એ છે કે ભગવાનની બે વિભૂતિઓ 'નિત્ય' અને 'લીલા'ની સ્વામિની લક્ષ્મી છે. પરિણામે લક્ષ્મી ઈશ્વર-કોટિની છે. લક્ષ્મી અને વિષ્ણુ (ભગવાન) વચ્ચે ભેદ એ છે કે ભગવાન 'શેષિ' છે અને લક્ષ્મીસહિત

સર્વ પ્રાણીઓ તેનાં 'શેષ' (સેવક) છે. જ્યારે ભગવાન સિવાયનાં સર્વ પ્રાણીઓ લક્ષ્મીનાં 'શેષ' (સેવક) છે. જગત્કારણનું બ્રહ્મલક્ષણ માત્ર પતિ વિષ્ણુમાં જ દેખાય છે. તેથી જ કહેવાય છે કે ભગવાન સર્વોચ્ચ છે, તેની સમકક્ષ કે સર્વોપરિ કોઈ નથી.[૧૫૦]

આ ત્રણ મતોનું નિરૂપણ કર્યા પછી વેંકટનાથ કહે છે કે આ ત્રણ પક્ષો એકબીજાથી અલગ પડતા નથી. પણ મિથ્યા-વિવાદ ત્યારે જ ઊભો થાય છે કે જ્યારે લક્ષ્મીને બરાબર 'જીવ' એવું નામ આપવામાં આવે છે.[૧૫૧] વળી, વેદાંતદેશિક નોંધે છે કે આ સર્વ મતો એ બાબતમાં સહમત થાય છે કે શ્રી પોતાના ગૌરવ માટે પતિ વિષ્ણુની ઈચ્છાને આધીન છે.[૧૫૨] શ્રુતિ ગ્રન્થોનાં અવતરણ ટાંકી દેશિક કહે છે કે આ બધા મતોને માત્ર પતિ વિષ્ણુની સર્વોપરિતાની સ્થાપના દ્વારા જ સાચા ઠરાવી શકાય. 'અહિર્બુદન્યસંહિતા'[૧૫૩]નું અવતરણ ટાંકી દેશિક જણાવે છે કે લક્ષ્મી જીવ કે નર હોય તો પણ પોતાના પતિની જેમ તેને સર્વના લક્ષ્ય કે ધ્યેય રૂપે ગણી શકાય. આકારસામ્યમાં પણ ક્યાંક કાર્યમાં ભિન્નતા હોય છે. એટલે કે સર્વોચ્ચ બ્રહ્મનાં બે પાસાં - લક્ષ્મી - નારાયણમાં તાત્ત્વિક રીતે અભિન્નતા હોવા છતાં કાર્યની દૃષ્ટિએ જુદાં જુદાં ઓળખાય છે. વળી, કહેવાય છે કે સર્વકર્તા ભગવાન પોતાની પ્રિય-પત્નીના આનંદના ઉદ્દેશથી જગતની લીલા પ્રવૃત્તિઓમાં રોકાય છે. પરિણામે એવું કહેવામાં કશુ ખોટું નથી કે લક્ષ્મી ગાઢ રીતે વિષ્ણુ સાથે સંયુક્ત છે. જે ગ્રન્થો ભગવાનને 'શ્રી' કરતાં વધારે ઉત્કૃષ્ટ માને છે, તેમનાં વચનોને એ રીતે સમજવાં રહ્યાં કે લૌકિક ન્યાયે સ્ત્રી કે પત્ની કરતાં નર કે પતિ ઉચ્ચ ગણાય છે.[૧૫૪]

(૪) વેદાંતદેશિક ચોથો મત આ મત આપે છે કે વિષ્ણુ અને લક્ષ્મીને 'સર્વભૂતેશ્વરત્વ' જેવો ગુણ-ધર્મ આપવાથી વિરોધ થતો નથી; કેમકે આ ગુણધર્મો બંનેની પારસ્પરિક સંમતિથી જ અસ્તિત્વ ધરાવે છે.[૧૫૫]

આ સર્વ મતોના સંદર્ભમાં વેદાંતદેશિક નિર્ણય તારવે છે કે - ''આ સર્વ મતોમાં ભલે ગમે તેને પ્રમાણ માનવામાં આવે, સિદ્ધ એ થશે કે જગત ઉપર લક્ષ્મીસહિત નારાયણનું સામ્રાજ્ય સુપ્રતિષ્ઠિત છે.''[૧૫૬]

વાસ્તવમાં ભગવત્તત્વની જેમ શ્રીતત્ત્વ પણ વિભુ છે. તેથી જ આચાર્ય રામાનુજ શ્રીદેવીની સ્તુતિમાં કહે છે કે લક્ષ્મીનું સ્વરૂપ ભગવાન નારાયણને અનુરૂપ છે.[૧૫૭] એટલે કે ભગવાન અને લક્ષ્મીમાં પૂર્ણ સાદૃશ્ય છે.

લક્ષ્મી અને નારાયણના વિભવમાં સાદૃશ્ય અને ઐક્ય છે. વિષ્ણુ સમસ્ત સર્વ ચેતનાચેતન તત્ત્વોમાં વ્યાપ્ત છે. તે તત્ત્વોનાં આધાર, નિયંતા અને શેષી પણ ભગવાન છે. ચિદચિદ્રૂપ જગતની સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલય તેમને આધીન છે. તેથી તેઓ જગતના ઈશ્વર કહેવાય છે. ભગવતત્ત્વની આ વિશેષતાઓ લક્ષ્મી તત્ત્વમાં પણ પ્રાપ્ત થાય છે. કેટલાંક ઉધ્ધરણ દૃષ્ટવ્ય છે.[૧૫૮] આનાથી સિદ્ધ થાય છે કે સર્વભૂતેશ્વર ભગવાન અને સર્વ ભૂતેશ્વરી લક્ષ્મી બંને અનન્યાધીન, સ્વતંત્ર અને ઈશ્વર-ઈશ્વરી છે. કેટલાંક અન્ય પ્રમાણોના આધારે વડઘલે શાખાના વૈષ્ણવો સિદ્ધ કહે છે કે શ્રી - વિશિષ્ટ - ભગવાન સિવાય અન્ય કોઈ ઈશ્વર નથી.

## વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં લક્ષ્મીનું વિભુત્વ

વિશિષ્ટાદ્વૈત અનુસાર સર્વોચ્ચ બ્રહ્મતત્ત્વ લક્ષ્મી અને વિષ્ણુ બંનેથી નિર્મિત છે. લક્ષ્મી લોકેશ્વરી, જગત-રક્ષક

અને અખિલ જગતની માતા છે. તેણી વિશ્વસર્જન કરે છે. તે વિષ્ણુની જેમ સર્વવ્યાપક છે. તેણી માત્ર અણુ કે જીવ નથી પણ વિભુ છે. સર્વ દૈવી તત્ત્વો લક્ષ્મીનાં સેવક છે. વિશ્વનાં સર્વ માનવીય અને દૈવીતત્ત્વો શાશ્વત રીતે ભગવાનનાં સેવક છે અને આનુષંગિક રીતે તેમની પત્ની શ્રીને પણ. આમ સર્વે દૈવીયુગલ (લક્ષ્મી-નારાયણ)નાં દાસ છે.

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં લક્ષ્મીસ્તોત્રોની રચના મોટા પ્રમાણ થઈ છે અને બધા જ કવિઓ લક્ષ્મીનું વિભુત્વ બતાવે છે. કવિ વેંકટાધ્વરીએ 'લક્ષ્મીસહસ્ર'માં 'ઐશ્વર્ય-સ્તબક'ની રચના આ ઉદેશ્યથી જ કરી છે. તેમાં કવિ શ્રુતિ-સ્મૃતિમાં વર્ણિત દેવી લક્ષ્મીનું ઐશ્વર્ય નિરૂપે છે. વેંકટાધ્વરીના મતે લક્ષ્મીનું ઐશ્વર્ય વેદ, ઉપનિષદો, શ્રીસૂક્ત, રામાયણ, વિષ્ણુપુરાણાદિ ગ્રન્થોમાં નિરૂપિત થયું છે.[૧૫૯] કવિની દૃષ્ટિએ સકળ નિગમાર્થના સારભૂત ભગવત્સ્વરૂપ લક્ષ્મી છે.[૧૬૦]

કમલાલયા લક્ષ્મી વિભુ (સર્વવ્યાપક) છે, તેથી તે મુનિઓના માનસમાં, મુરારિના ઉર પર અને ઉપનિષદોમાં પ્રકાશે છે. સકળ જગતમાં વ્યાપક્તાથી તે પ્રસિદ્ધ છે.[૧૬૧] સકલ ઉપનિષદો એ પ્રતિપાદિત કરેલ પરમતત્ત્વ લક્ષ્મી જ છે, નહિ કે બીજું કોઈ. તે તો શ્રુતિ રૂપી પિંજરની દિવ્ય સારિકા છે.[૧૬૨] સ્તુતિયુક્ત ચાતુર્યપૂર્ણ વર્ણન દ્વારા વેંકટાધ્વરી લક્ષ્મી અને વિષ્ણુનો સમાન મહિમા બતાવી બંને વચ્ચેનો અંશી-અંશ (શેષી-શેષ) સંબંધ પણ સૂચવે છે : 'હે દેવી, ભગવાન હરિ નિગ્રહ અને અનુગ્રહથી હંમેશ વિશ્વને વશ કરે છે, પરંતુ તારો કરુણા પ્રવાહ પહેલા નિગ્રહની બાબતમાં શક્તિનો નાશ કરે છે. આ યોગ્ય જ કહેવાયું છે કે પ્રિયતમ ભગવાન કરતાં તારું ઈશ્વરત્વ કંઈક ન્યુન છે. નહિ તો (બંનેનો) સમાન મહિમા હોવા છતાં તારું ભગવાન સાથેનું અંશત્વ-અંગત્વ કેવી રીતે થાય?[૧૬૩] આ વિધાન સૂચવે છે કે ભગવાન કરતાં લક્ષ્મીનું ઈશ્વરત્વ ન્યુન છે એ મતને કવિ માન્ય રાખતા નથી. કવિ સિદ્ધ કરે છે કે લક્ષ્મી-વિષ્ણુના અંગાંગિભાવમાં પણ શેષશેષિભાવ છે. એટલે કે ક્યારેક લક્ષ્મી લીલાને કારણે વિષ્ણુને વશ થાય છે, તો ક્યારેક વિષ્ણુ ભગવાન લક્ષ્મીને વશ થાય છે.[૧૬૪] આનો અર્થ એ થયો કે બ્રહ્મ 'અદ્વિતીય' છે, એ શ્રુતિ-વચનને વેંકટાધ્વરી નકારે છે. વેંકટાધ્વરીની દૃષ્ટિએ માત્ર બ્રહ્મ (વિષ્ણુ) કે માત્ર લક્ષ્મી નહિ, પણ લક્ષ્મી-નારાયણનું યુગલ સર્વોચ્ચ બ્રહ્મ છે. જગત-રક્ષણમાં પ્રવૃત્ત બંનેનો કાર્યાનુરોધથી ગુણ પ્રધાનભાવ છે. એટલે કે કાર્યાનુસાર ક્વચિત્ લક્ષ્મી શેષી તો ક્વચિત્ વિષ્ણુ શેષી બને છે. વેદાંતદેશિકે આવા એક મતનો નિર્દેશ કરી કહ્યું છે કે ભગવાન અને લક્ષ્મી બંનેને 'સર્વભૂતેશ્વરત્વ' સ્વામીત્વમાં વિરોધ ઉત્પન્ન થતો નથી. કેમકે આ ગુણભાવ ઉભયની ઈચ્છાથી નિષ્પન્ન થાય છે.[૧૬૫]

લક્ષ્મી તો સ્વેચ્છાથી વિવિધ સ્વરૂપો ધારણ કરતી લોકેશ્વરી છે.[૧૬૬] તે પૃથ્વીની સ્થિતિ, સર્જન અને સંહારની શક્તિ ધરાવે છે; કેમકે તે તો હરિની શક્તિરૂપ માયા છે. હરિ શક્તિમાન છે. જ્યારે લક્ષ્મી શક્તિ છે. બંને વચ્ચે સમવાય સંબંધ છે.[૧૬૭]

લક્ષ્મી 'જીવ' કે 'અણુ' નથી. પણ વિભુ છે. એ બાબત કવિ વેંકટાધ્વરી ભગવતીના બ્રહ્મસ્વરૂપત્વનું પ્રતિપાદન કરતા પરાશરમુનિના કથન દ્વારા સ્પષ્ટ કરે છે. ''જે અલ્પબુદ્ધિવાળા જનો પરબ્રહ્મસ્વરૂપિણી લક્ષ્મીનો જીવ કોટિમાં પ્રવેશ માને છે તેમના પ્રત્યે 'તારાથી અને વિષ્ણુથી વિશ્વ વ્યાપ્ત થયેલું છે''[૧૬૮] વેંકટાધ્વરી સ્પષ્ટ કહે છે કે લક્ષ્મી લીલાવશાત્ ક્વચિત્ શેષી તો ક્વચિત્ શેષ બને છે. તેથી તેના નિરતિશય ઐશ્વર્યમાં શંકા-કુશંકા ન કરવી.[૧૬૯]

દ્વૈતવાદી મધ્વાચાર્ય પણ લક્ષ્મીને જીવની કક્ષામાં મુકે છે. વિશિષ્ટાદ્વૈતી લક્ષ્મી અને ભગવાનમાં પૂર્ણ સામંજસ્ય કે અભેદ માને છે, તો માધ્વમતમાં લક્ષ્મીને પરમાત્માને આધીન, પણ તે પરમાત્માથી ભિન્ન માનવામાં આવે છે.[૧૭૦] મધ્વાચાર્યના મત અનુસાર ઈશ્વર સર્વોપરિ એક માત્ર સ્વતંત્ર પદાર્થ છે. લક્ષ્મી તેમની પાર્શ્વવર્તિની અને ઉત્પાદકશક્તિ છે. તે નિત્ય સર્વવ્યાપી અને વિવિધ સ્વરૂપો ધારણ કરનારી છે. તેમ છતાં ઈશ્વર દેશ, કાળ અને ગુણ આ ત્રણ દ્વારા અપરિચ્છિન્ન છે. પરંતુ જ્ઞાનસંપન્ન પ્રકૃતિ લક્ષ્મી ગુણમાં ઈશ્વર કરતા ન્યુન છે. ક્ષર (બ્રહ્મા, શિવ આદિ) અને અક્ષરા (અનીશ્વર) લક્ષ્મી, આ બંને કરતાં હરિ પર છે, ઉત્કૃષ્ટ છે.[૧૭૧] ઈશ્વર આત્મા તથા પ્રકૃતિ (લક્ષ્મી) પર શાસન કરે છે. આ ઉપરાંત માધ્વ-સંપ્રદાય લક્ષ્મીને પણ ચૈતન્ય - વિશિષ્ટ જીવાત્મા માને છે. જીવ અણુ સ્વરૂપ, બ્રહ્મથી ભિન્ન અને અંતર્યામી છે. સર્વવ્યાપી છે. પરમાત્માના જ્ઞાન દ્વારા જીવનું જ્ઞાન થવાથી પરમાત્મા જે જાણી શકે છે, તે જીવ જાણતો નથી. વળી ઈશ્વરમાં સ્વતંત્રતા અને પૂર્ણતા છે, જ્યારે જીવમાં અણુત્વ અને પરતંત્રતા.[૧૭૨] આમ માધ્વ-મત લક્ષ્મીને જીવ કે અણુ સ્વરૂપ બતાવે છે.

વિશિષ્ટાદ્વૈતી વેંકટાધ્વરી માધ્વ-મતનો ઉચ્છેદ કરી કાવ્યના માધ્યમથી તથા ઉચિત પ્રમાણો દ્વારા લક્ષ્મીના બ્રહ્મસ્વરૂપનું પ્રતિપાદન કરે છે. આવા નિરૂપણમાં કવિનું દાર્શનિક રૂપ પરિલક્ષિત થાય છે. લક્ષ્મીના ઐશ્વર્ય સંબંધી વિવિધ વિશિષ્ટાદ્વૈતી આચાર્યો (વડઘલે)ના મતોનો નિષ્કર્ષ વેંકટાધ્વરીએ સફળતાપૂર્વક તારવીને એની હૃદયગમ્ય કાવ્યાત્મક અભિવ્યક્તિ કરી છે. તેથી 'લક્ષ્મીસહસ્ર' વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સંપ્રદાયના લક્ષ્મી-વિચારોનો નિધિ કે મંજૂષા સ્વરૂપ બની રહી છે.

## લક્ષ્મીની મધ્યસ્થી અને મોક્ષપ્રદાનમાં તેનું સ્થાન

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્યો અને કવિઓના મતે લક્ષ્મીનો મહિમા અવર્ણનીય છે. લક્ષ્મીમાં મોક્ષ-પ્રદાયક સામર્થ્ય છે. તે જગન્માતા છે, તેણી ગુણસાગર છે. વાત્સલ્ય, કરુણા, ક્ષમા અને પરોપકાર તેના ઉત્તમ ગુણ છે. લક્ષ્મી અને નારાયણમાં સમાન ગુણધર્મો રહેલા છે. છતાં શ્રીહરિમાં પુરુષસુલભ કઠોરતા અને દેવી લક્ષ્મીમાં સ્ત્રીસુલભ કોમળતા રહેલી છે. સર્વ અવતારોમાં પણ ભગવાને દેવીથી પ્રેરિત થઈ સર્વ કાર્યો કર્યાં. ભક્તો દ્વારા અપેક્ષિત સર્વ પ્રદાન કરવામાં લક્ષ્મી અને વિષ્ણુનો અભિપ્રાય સમાન છે. સર્વ કાર્યોમાં તે બંનેનું સામંજસ્ય છે, સંપૂર્ણ સંમતિ છે. શરણરૂપા લક્ષ્મીની શરણાગતિ ઉત્તમ ફળ પ્રદાન કરે છે.

મોક્ષપ્રદાનમાં લક્ષ્મીના સ્થાન સંબંધી વેંકટનાથ વેદાંતદેશિક નોંધે છે કે 'ભગવાન પોતાના ભક્તોને સર્વ કર્મોનાં ફળ આપનાર છે, છતાં લક્ષ્મી ભક્ત અને ભગવાન વચ્ચે મધ્યસ્થી તરીકે વર્તી બે કાર્યો સિદ્ધ કરે છેઃ' અપરાધી જીવ (ભક્ત) પ્રત્યે ભગવાન ક્રુદ્ધ થયા હોય ત્યારે દયામયી લક્ષ્મી તે ક્રોધમાં જીવની રક્ષા કરે છે. અને જ્યારે ભગવાન ક્રુદ્ધ ન હોય ત્યારે તેણી ભગવાનના હૃદયમાં પ્રેમ અને દયાને સત્વરે ઉત્તેજિત કરે છે; જેથી ભક્તની રક્ષા થઈ શકે, ભક્ત ભગવાનનો કૃપાભાજન થઈ શકે.[૧૭૩]

લક્ષ્મી અને વિષ્ણુના મોક્ષ પ્રદાન સંબંધે વેદાંતદેશિક યામુનમુનિના 'ચતુઃશ્લોકી'ના તૃતીય શ્લોકની ટીકામાં મહત્ત્વપૂર્ણ ચર્ચા કરે છે. કેટલાક એવો પ્રશ્ન કરે છે કે એ સ્થાપિત થયેલું સત્ય છે કે સર્વત્ર એક માત્ર ભગવાન જ મોક્ષદાયક છે, તો પછી લક્ષ્મી મોક્ષ કેવી રીતે આપી શકે? તેથી લક્ષ્મીની કૃપા સિવાય ભક્તો મોક્ષ

(શ્રેય) પામી શકે નહિ.[૧૭૪] એવાં વચનોને માત્ર પ્રશસ્તિપરક માનવાં જોઈએ.[૧૭૫] આનો નિષેધ કરી વેદાંતદેશિક 'શ્રીસાત્વત સંહિતા' 'બ્રહ્મપુરાણ' અને વિષ્ણુપુરાણમાંથી અવતરણો ટાંકી પ્રતિપાદિત કરે છે કે સંસારના કારણભૂત ગુણો (રજસ્, તમસ્ અને સત્ત્વ) માંથી લક્ષ્મી જીવને મુક્ત કરે છે. વળી મોક્ષના હેતુભૂત ભક્તિ, ત્યાગ ઇત્યાદિ ગુણોની સિદ્ધિમાં પણ લક્ષ્મી સહાયક છે.[૧૭૬] આ ઉપરાંત એ સર્વસંમત સત્ય છે કે મુમુક્ષુને મોક્ષપ્રદાનમાં લક્ષ્મી ભગવાન અને મુમુક્ષુ ભક્ત વચ્ચે મધ્યસ્થી તરીકે રહે છે.[૧૭૭] છતાં એ મતભેદને અવકાશ છે કે ભક્તને પરિપૂર્ણ-પરમાત્મા-સાક્ષાત્કારના સ્વરૂપે મોક્ષ પ્રદાન કરવાનો સંકલ્પ એ માત્ર ભગવાનનો પોતાનો હોય કે ભગવાન અને લક્ષ્મી બંનેનો, આમ હોવા છતાં મોક્ષ પ્રદાનમાં લક્ષ્મીના મહત્ત્વપૂર્ણ સ્થાનને નકારી શકાય નહિ.[૧૭૮]

વેદાંતદેશિક ભગવાનની મોક્ષદાયક શક્તિની સાથે લક્ષ્મીની મોક્ષદાયક શક્તિનું સામંજસ્ય સ્થાપિત કરતાં કહે છે કે શ્રીમન્ નારાયણ અર્થાત શ્રીસમેત નારાયણ જગત્પત્તિ, જગદાત્મા, મુક્તિપ્રદાતા અને મુક્તિભોગ્ય છે.[૧૭૯] પાંચરાત્ર સંહિતાઓ પણ આનું સમર્થન કરતાં જણાવે છે કે 'સર્વ સિદ્ધાંતો અને વેદાન્તમાં પણ પ્રતિપાદન થયું છે કે કારુણ્યમયી દેવી લક્ષ્મી સમેત નારાયણ રક્ષક છે.[૧૮૦]

'શ્રી' અને 'લક્ષ્મી' શબ્દોની વ્યુત્પત્તિજન્ય અર્થ પણ દેવીના ગુણવૈભવને પ્રગટ કરે છે. 'શ્રી' શબ્દ 'श्रिम् सेवायाम्' ધાતુથી क्विब्वचिपच्छिश्रिसुदुपुज्वां दीर्धाडसंप्रसारणं च (ઉણાદિસૂત્ર ૨/૫૪)' અનુસાર क्विप् પ્રત્યય લાગીને તથા દીર્ઘત્વની પ્રાપ્તિ થઈને નિષ્પન્ન થાય છે.' અહિર્બુદન્ય સંહિતામાં આપેલી 'શ્રી'ની વ્યુત્પત્તિ પણ દર્શનીય છે.[૧૮૧] 'નિરુક્ત'માં લક્ષ્મી શબ્દનું નિર્વચન આ પ્રમાણે છે : लक्ष्मीर्लाभात् वा । लक्षणाद् वा । લક્ષ્મી શબ્દની નિષ્પત્તિ लक्ष दर्शनाङ्कनयो: (૧૦/૫) 'ધાતુથી ઉણાદિસૂત્ર 'लक्षर्मुद च'(૩/૧૬૦) પ્રમાણે ઈ પ્રત્યય મુદ નો આગમ અને 'ण' લોપ દ્વારા થઈ છે.

## (૩) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં ચિત્ - અચિત્ અને ઈશ્વર

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રકારો કુલશેખર, યામુન મુનિ, રામાનુજ, શ્રીવત્સાંક મિશ્ર, પરાશર ભટ્ટ, વેંકટનાથ વેદાન્તદેશિક અને વેંકટાધ્વરી પોતાનાં સ્તોત્રોમાં અનેકત્ર ચિત્, અચિત્ અને ઈશ્વરનું કાવ્યાત્મક નિરૂપણ કરે છે. એમાંનાં કેટલાંક દૃષ્ટાન્તો અહીં ઉદ્ધૃત કરીને ચિદચિદ્વિશિષ્ટ ઈશ્વર (બ્રહ્મ)ને ઓળખવાનો અહીં પ્રયાસ કર્યો છે.

## (૧) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં ચિત્ (જીવ)નું નિરૂપણ

શ્વેતાશ્વતર ઉપનિષદ અને મુંડકોપનિષદમાં જીવાત્માનું સ્વરૂપ બતાવતા કહ્યું છે કે જીવ આરાની અણી જેવો અથવા કેશના અગ્ર ભાગના એક સહસ્રાંશ જેટલો અતિસૂક્ષ્મ છે.[૧૮૨] મુંડકોપનિષદ જીવને અણુ સ્વરૂપ બતાવે છે.[૧૮૩] આના આધારે વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સંપ્રદાય જીવને અણુ (સૂક્ષ્મ) માને છે. જીવ નિત્ય, અખંડ, અપરિવર્તનશીલ અને અવ્યક્ત છે.[૧૮૪] જીવાત્મા શેષ અને નિયામ્ય છે, તો પરમાત્મા શેષી અને નિયામક છે.[૧૮૫]

આમ જીવ અને બ્રહ્મ વચ્ચે અંશાશીભાવ કે વિશેષણ - વિશેષ્ય સંબંધ છે, એક આધેય છે તો બીજો આધાર છે.[૧૮૬] આચાર્ય શંકરનો અદ્વૈતવાદ જીવને વિભુ અને એક માને છે તો વિશિષ્ટાદ્વૈતવાદ તેને અણુ અને અનંત માને

છે. જીવ દેહ તેમજ ઈન્દ્રિયોથી ભિન્ન છે. તે જ્ઞાતા, કર્તા અને ભોક્તા છે. પરિણામે શરીર સાથે સંલગ્ન તે જીવાત્મા કર્મોનાં પરિણામ ભોગવે છે. મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તે પુનર્જન્મ પામીને કર્મભોક્તા બની રહે છે. જીવ અલ્પજ્ઞ અને શેષ હોવાથી તે સર્વજ્ઞ અને શેષી પરમાત્મા પર અવલંબિત છે. તેથી પરમાત્માની શરણાગતિ સિવાય તેનો ઉદ્ધાર થઈ શકતો નથી.

જીવના ત્રણ પ્રકાર છે : બધ્ધ, મુક્ત અને નિત્ય.[૧૮૭] અજ્ઞાન અને દુર્ગુણોને કારણે સંસારચક્રમાં ઘૂમતા જીવ બધ્ધ છે. બધ્ધ જીવોના બે વર્ગ છેઃ ભોગેચ્છુ અને મુમુક્ષુ. ધનપ્રાપ્તિ દ્વારા વિષયોનો ભોગ કરનાર તેમજ યજ્ઞાદિ ક્રિયાઓ અને તીર્થ-યાત્રા કરનાર ભોગેચ્છુ છે. શ્રુતિ સ્મૃતિના અધ્યયન દ્વારા અને પ્રપત્તિના આશ્રયથી ભગવાન પ્રાપ્તિની કામના રાખનાર મુમુક્ષુ જીવ કહેવાય છે. જ્ઞાન, પુણ્ય અને પ્રપત્તિ ભક્તિ દ્વારા મોક્ષ પ્રાપ્ત કરનાર 'મુક્ત' જીવ છે. કર્મબંધન તથા પ્રકૃતિથી સ્વતંત્ર રહીને વૈકુંઠમાં નિવાસ કરનાર અને બ્રહ્માનંદ માણનાર જીવ 'નિત્ય' કોટિમાં આવે છે.

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં જીવ-સિદ્ધાંતનું વ્યાવહારિક રૂપ ભક્ત-જીવાત્મા, તેમની પ્રપત્તિ ભાવનામાં તેમની અશેષશેષતા આર્દ્ર શબ્દોમાં અભિવ્યક્ત થઈ છે. જીવની અલ્પજ્ઞતા કવિના વિનયપ્રકાશન, દૈન્યભાવ, અપરાધ-એકરાર અને ક્ષમાયાચનામાં વ્યક્ત થઈ છે. દયાર્દ્ર ઈશ્વર કે લક્ષ્મીની શરણાગતિ સિવાય જીવનું કલ્યાણ થતું નથી એ વિચાર વિશિષ્ટાદ્વૈતી પ્રપત્તિપ્રધાન ભક્તિમાં રજૂ થયો છે.[૧૮૮]

વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં જીવની વિવિધ કક્ષાઓનું સમ્યક્ દર્શન થાય છે. યામુન મુનિના 'સ્તોત્રરત્ન' કે 'આળવન્દારસ્તોત્ર'માં પાપોનો એકરાર કરતા અને નિરાધાર કવિના ક્રંદનમાં 'બદ્ધ' જીવનું સ્વરૂપ અનુભવી શકાય છે.[૧૮૯] જીવ અને ઈશ્વર વચ્ચે અંશાંશિભાવ કે સેવક-સેવ્ય-ભાવ વ્યક્ત કરતાં યામુનાચાર્ય કહે છે કે ક્યાં વિષ્ણુ અને તેમનો સેવકભાવ યાચતો પોતાના જેવો દુર્ગુણી કેવો.[૧૯૦] એ જ રીતે શ્રીવત્સાંક મિશ્ર પોતાના સ્તોત્ર 'શ્રીવૈકુંઠસ્તવ' દ્વારા દુર્ગુણી અને અપરાધી એવા બદ્ધ જીવનું સ્વરૂપ પ્રગટ કરે છે.[૧૯૧] વત્સાંક મિશ્રના 'વરદરાજસ્તવ'માં બદ્ધ જીવાત્માનો નિર્વેદ ભાવ વ્યક્ત થયો છે.[૧૯૨] પરાશર ભટ્ટના 'શ્રીગુણરત્નકોશ'ના શ્લોક-૨૨માં જીવ-ઈશ્વર વચ્ચેના શેષ-શેષિભાવનું પ્રતિપાદન થયું છે. વેંકટનાથ વેદાન્તદેશિકના 'દેવનાયકપંચાશત્'માં ભોગવિલાસથી સંતપ્ત ભોગેચ્છુ જીવનું નિરૂપણ આકર્ષક છે.[૧૯૩] બૃહત્તમ સ્તોત્રો વેંકટનાથ વેદાંતદેશિકના 'પાદુકાસહસ્ર'માં અને કવિ વેંકટાધ્વરીના 'લક્ષ્મીસહસ્ર'માં તો અનેક શ્લોકોમાં 'જીવ'નું સ્વરૂપ, જીવના પ્રકારો, જીવની પામરતા વગેરેનું કાવ્યાત્મક નિરૂપણ થયું છે. 'પાદુકા સહસ્ર'નાં આવાં કેટલાંક દૃષ્ટાન્તો પ્રસ્તુત પ્રબંધના અંશ 'પાદુકાસહસ્ર અને લક્ષ્મીસહસ્રઃ તુલનાત્મક અભ્યાસ' માં ઉદ્ધૃત કર્યાં છે. 'લક્ષ્મીસહસ્ર' નાં કેટલાંક દૃષ્ટાન્તો અહીં રજૂ કર્યાં છે.

લક્ષ્મીસહસ્રમાં 'નિત્ય', 'મુક્ત' અને 'બધ્ધ' જીવોનું સ્વરૂપ કવિની ઊક્તિઓ વ્યંજિત કરે છે. શ્રુતિ-જ્ઞાન દ્વારા પ્રપન્ન જીવ મુક્ત બની પ્રકાશમાર્ગ પામી શ્રીકૃષ્ણ (પરમાત્મા)થી અભિનંદિત થાય છે. એ તથ્ય કવિએ તાટંકાલંકાર રૂપી મુનિના રૂપક દ્વારા રજૂ કર્યું છે.[૧૯૪] મુક્તાત્માઓ શાશ્વત આનંદ પ્રાપ્ત કરી કૃષ્ણની મૈત્રી પ્રાપ્ત કરે છે.[૧૯૫] નિત્ય પરબ્રહ્મને સ્વહૃદયમાં પ્રત્યક્ષ નિહાળનાર મહાપુરુષ આ શરીરનો ત્યાગ કરી ક્રમશઃ 'ભૂઃ' દ્વારા અંતે 'સ્વઃ' માં પહોંચી બ્રહ્મમાં સ્થિત થાય છે.[૧૯૬] આવું શ્રુતિજ્ઞાન વ્યક્ત કરતાં અને મુક્ત જીવનું સ્વરૂપ સમજાવતાં

વેંકટાધ્વરી જણાવે છે કે લક્ષ્મીને જે નિહાળે છે, તે સૂર્યમંડળ ભેદીને મોક્ષરૂપ પરમ પદ પામે છે.[૧૯૭] પરમાત્મા આનંદસ્વરૂપ છે. જે મનુષ્ય આ તત્ત્વને જાણી લે છે તે વર્તમાન શરીરથી અલગ થઈને પરમાનંદસ્વરૂપ પરબ્રહ્મ સાથે એકતા સ્થાપિત કરે છે. તેના આનંદમગ્ન મનમાં સમતા અને સર્વરૂપતાના ભાવ ઉદ્ભૂત થાય છે. આવો મહાપુરુષ આનંદોદ્ગાર કાઢે છે કે ''આશ્ચર્ય! આશ્ચર્ય! હું અન્ન છું, હું અન્ન છું, હું અન્ન છું, હું અન્નનો ભોક્તા છું, હું અન્નનો ભોક્તા છું, હું અન્નનો ભોક્તા છું, હું આમનો સંયોગ કરાવનાર છું, હું આમનો સંયોગ કરાવનાર છું' અર્થાત આ સંપૂર્ણ ભોગ્ય વસ્તુઓ, એમનો ભોક્તા જીવત્મા અને બંનેનો સંયોગ કરાવનાર પરમેશ્વર એક હું જ છું.....[૧૯૮] તૈત્તિરીયોપનિષદ'ના આ સામગાનની કેટલીક પંક્તિઓ અક્ષરશઃ ઉદ્ધૃત કરીને 'નિત્ય' જીવની બ્રહ્માનંદની સ્થિતિનું નિરૂપણ કરતાં વેંકટાધ્વરી કહે છે : 'અહીં વૈકુંઠ (પદ્મ)માં ભગવદાકારધારી (નીલવર્ણના) કેટલાક પુણ્યાત્માઓ (ભ્રમર) બ્રહ્માનંદ (મકરંદરસ) પ્રાપ્ત કરીને શ્રુતિમાં નિરૂપિત 'હું અન્નનો ભોક્તા છું, હું અન્નનો ભોક્તા છું (મકરંદરૂપ અન્નનો હું ભિક્ષુક છું) એવા બ્રહ્માનંદના ઉદ્ગારોવાળા તેઓ સામગાન (ગીત-નિનાદ)થી નિરંતર આનંદ પ્રાપ્ત કરે છે.''[૧૯૯]

વેંકટાધ્વરી સ્વયંને પાપસમૂહથી રાગયુક્ત, અજ્ઞાનાન્ધકારસંપન્ન, ગુણહીન, વિષયાસક્ત અને અર્થકામની સિદ્ધિ માટે સેંકડો અપરાધ આચરતો કહે છે.[૨૦૦] એમાં ભોગકામુક બધ્ધજીવનું સ્વરૂપ અનુભવી શકાય છે. 'હે દેવિ, મૂઢ બાળક હોવા છતાં તારા કૃપાકટાક્ષથી હું કાવ્યકાર તો બન્યો, પરંતુ હું આમનો સંયોગ કરાવનાર છું એવા બ્રહ્મજ્ઞાનની અવસ્થાનું સામગાન ક્યારે ગાઈશ.[૨૦૧] કવિના આ સિદ્ધાંતમાં બધ્ધ-મુમુક્ષુ જીવની વિહ્વળતા વ્યક્ત થાય છે.

## (૨) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં અચિત્ (જડ, પ્રકૃતિ) નિરૂપણ.

વિશિષ્ટાદ્વૈતના અચિત્માં ભોગ્ય (વિષય, પદાર્થો), ભોક્તૃવર્ગ, ભોગોપકરણ (ઇન્દ્રિયો) અને ભોગાયતન (શરીર) સમાવિષ્ટ છે.[૨૦૨] વિશિષ્ટાદ્વૈત અનુસાર બ્રહ્મ ચિત્ (જીવ) અને અચિત્ (જગત) બંને તત્ત્વોથી યુક્ત (ચિદચિદ્વિશિષ્ટ) છે.[૨૦૩] ઈશ્વર અને ચિત્-અચિત્ વચ્ચે અપૃથક્સિદ્ધ સંબંધ છે. જીવ અને જગત નિત્ય અને સ્વતંત્ર તત્ત્વો હોવા છતાં તે ઈશ્વરની અધ્યક્ષતામાં રહે છે. ઈશ્વર તે બંનેને સ્વાધીન કરી તેમને કાર્યમાં પ્રવૃત્ત કરે છે.[૨૦૪] પ્રધાન ઈશ્વર નિયામક શેષી કે વિશેષ્ય છે; જ્યારે ગૌણ જીવ અને જગત નિયામ્ય, શેષ કે વિશેષણ છે. વિશેષણ અને વિશેષ્ય હમેશાં અપૃથક્ રહે છે. તેથી વિશિષ્ટાદ્વૈતમાં વિશેષણોથી યુક્ત વિશેષ્ય અર્થાત ચિદચિદ્ વિશિષ્ટ બ્રહ્મની સત્તા છે.[૨૦૫]

વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં અનેકત્ર અચિત્ (પ્રકૃતિ-જડ જગત વગેરે)નું નિરૂપણ થયું છે. પ્રકૃતિના ત્રિગુણથી બધ્ધ જીવાત્મા જડ જગતમાં સંતપ્ત થાય છે, સંસાર-સાગરમાં તણાય છે, એવું નિરૂપણ કુલશેખરના 'મુકુન્દમાલા સ્તોત્ર'માં શ્લોક-૧૧, ૧૬ વગેરેમાં થયું છે. પરાશર ભટ્ટના 'શ્રીગુણરત્નકોશ'માં વિશ્વસર્જનમાં શ્રીહરિને પ્રેરણા આપતી લક્ષ્મીનું વર્ણન થયું છે. (શ્લોક-૧) લક્ષ્મીના વિહારાર્થે શ્રીહરિ સૃષ્ટિનું સર્જન કરે છે, એવું પ્રતિપાદિત કરીને પરાશર ભટ્ટ પ્રકારાન્તરે જણાવે છે કે બ્રહ્મતત્ત્વ ચિદચિદ્વિશિષ્ટ છે; ચિત્ (જીવ) અને અચિત્ (સંસાર-જગત) બન્નેથી યુક્ત પરબ્રહ્મ છે; અચિત્ પણ બ્રહ્મનો અંશ છે અને ચિત્ (જીવ) પણ બ્રહ્મનો જ અંશ હોઈ, એવા ચિત્ (જીવ)ના વિહાર માટે બ્રહ્મ સ્વયં સૃષ્ટિસર્જનનું કાર્ય કરે છે.

વિશિષ્ટાદ્વૈતમાં ઈશ્વર તત્ત્વનું સ્વરૂપ શ્રુતિ-સ્મૃતિ આધારિત છે. વેંકટાધ્વરીએ પણ લક્ષ્મી-વિષ્ણુના તાત્ત્વિક નિર્ધારણમાં સમગ્ર શ્રુતિ-સ્મૃતિ સાહિત્ય તેમજ વિશિષ્ટાદ્વૈતપ્રતિપાદક ગ્રન્થો દૃષ્ટિ સમક્ષ રાખ્યા છે. તેથી તેઓ નોંધે છે કે વેદ, મન્વાદિ સ્મૃતિગ્રન્થો અને ઉપનિષદોમાં જગદીશ્વર વિષ્ણુ-લક્ષ્મીનું તત્ત્વજ્ઞાન પ્રકાશે છે.[૨૦૬] શ્રુતિ અનુસાર વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણભૂત પરબ્રહ્મ છે.[૨૦૭] આ વચનને અનુસરી વેંકટાધ્વરી પણ વિશ્વની ઉત્પત્તિ આદિ જેની ક્રીડા-લીલા છે, તેવા ભગવાન વેંકટબ્રહ્મને નમસ્કાર કરે છે.[૨૦૮] વિષ્ણુ વિશ્વનું ઉપાદાન અને નિમિત્ત કારણ છે. તેઓ સૃષ્ટિનાં સર્જન - સંહારાદિ કાર્યોમાં મગ્ન રહે છે.[૨૦૯] મુકુન્દરૂપ શ્રીહરિ સત્ત્વ, રજસ્ અને તમસ્ ગુણોના ઉપસંહારના જ્ઞાતા તેમજ વિશિષ્ટ રચના-સંપન્ન સૃષ્ટિના દૃષ્ટા છે.[૨૧૦] ચિત્ (જીવ) અને અચિત્ (જગત) નિયામ્ય છે. જ્યારે ઈશ્વર તો જગતના નિયન્તા છે. તે વિશ્વવિભુ છે.[૨૧૧] શ્રવણાનંદ સ્તોત્ર તેમજ વરદાભ્યુદયચમ્પુમાં પણ વેંકટાધ્વરીએ વિષ્ણુના તાત્ત્વિક-સ્વરૂપને સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. 'વિશિષ્ટાદ્વૈત' અનુસાર ઈશ્વર સગુણ છે. તેથી જ કવિ વેંકટાધ્વરી પોતાના 'લક્ષ્મીસહસ્ર'માં શ્રીહરિમાં વિવિધ અવતારો અને રૂપોનું સવિસ્તર નિરૂપણ કરે છે.

## (૩) ઈશ્વર :

વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્ત અનુસાર વિષ્ણુ પરબ્રહ્મ-સ્વરૂપ છે. યામુન મુનિના 'સ્તોત્રરત્ન'ના શ્લોક-૧૭ અને ૧૮માં પરમાત્માનું વિશિષ્ટાદ્વૈતસિદ્ધાન્ત પ્રમાણેનું તાત્ત્વિક વર્ણન થયું છે. એક શ્લોક દર્શનીય છે.[૨૧૨]

રામાનુજના 'શ્રીરંગગદ્ય'માં પણ વિશિષ્ટાદ્વૈત અનુસારનું પરમાત્મસ્વરૂપ પ્રસ્તુત થયું છે. રામાનુજ તો ચેતનાચેતનવિશિષ્ટ (ચિદચિદ્વિશિષ્ટ) ક્લેશકર્માદિ દોષથી અસ્પૃષ્ટ, પરબ્રહ્મસ્વરૂપ તેમજ ષડ્ગુણાદિથી સંપન્ન શ્રીરંગ ભગવાનના હંમેશ સેવક-દાસ બની રહેવા ઝંખે છે.[૨૧૩] આ સ્તોત્રમાં બ્રહ્મસ્વરૂપ, ઈશ્વરના ગુણ તેમજ રૂપનું પ્રલંબ વર્ણન થયું છે.

શ્રીવત્સાંકમિશ્રના 'શ્રીવૈકુંઠસ્તવ'માં વેદાદિ ગ્રંથોમાં નિરૂપિત વિષ્ણુના તાત્ત્વિક સ્વરૂપનું તેમજ તેમના ગુણોનું નિરૂપણ થયું છે.

પાંચરાત્ર-સિદ્ધાંત તેમજ વિશિષ્ટાદ્વૈત મતાનુસાર જગતનું રક્ષણ કરવા અને ઉપાસકો પર કૃપા દાખવી તેમને ફળ પ્રદાન કરવા ભક્તવત્સલ-લીલાધારી ઈશ્વર પર, વ્યુહ, વિભવ, અંતર્યામી અને અર્ચા આ પાંચ રૂપે પ્રગટ થાય છે. પ્રાણીઓની સમૃદ્ધિ માટે તેમજ અજ્ઞાન-દારિદ્રય નષ્ટ કરવા અને સકળ સાધુસમુદાયને રક્ષવા લક્ષ્મી સાગરમાંથી ઉત્પન્ન થઈ, રાવણાદિ શત્રુઓથી પીડિત જગતને જીવાડવા સીતાસ્વરુપા લક્ષ્મી પૃથ્વીમાંથી આવિર્ભૂત થઈ, અપત્યરૂપ જગતને રક્ષવા વિષ્ણુએ દશ અવતાર ધારણ કર્યા. ફણિશેલ પર લક્ષ્મીનો વિહાર લોકોની દૃષ્ટિને કૃતાર્થ કરવા તેમજ ભક્તોની રક્ષા કાજે છે.[૨૧૪] વેંકટાધ્વરીનાં આવાં વિધાન ઈશ્વરનાં પંચરૂપ ધારણ કરવાનો આશય સ્પષ્ટ કરે છે.

## (૧) પર :-

રામાનુજે 'વૈકુંઠગદ્ય'માં ભગવાનના 'પર' રૂપનું મનોહર શબ્દચિત્ર આલેખ્યું છે. આ સ્વરૂપમાં ઈશ્વર પરમપુરુષ નારાયણ કે વાસુદેવરૂપે વૈકુંઠપુરીમાં મહામણિમંડપયુક્ત રત્નસિંહાસન પર શેષશય્યા પર વિરાજમાન

છે. તેઓ ચતુર્ભુજ છે. તેમનો દેહ પીતામ્બર, શંખ-ચક્રાદિ, આયુધો તેમજ વૈજ્યન્તી-માળા અને કિરીટાદિ દિવ્યાભૂષણોથી સમલંકૃત હોય છે.[૨૧૫] તેઓ શ્રી, ભૂ તેમજ અનન્ત ગરુડાદિ દ્વારા સેવ્ય બને છે.[૨૧૬] તેમના મુખ્ય છ ગુણ છે : જ્ઞાન, બલ, ઐશ્વર્ય, વીર્ય, શક્તિ અને તેજ.[૨૧૭] આવા ગુણોથી તેઓ વિશ્વનું ઉપાદાન તેમજ નિમિત્ત કારણ બને છે. નારાયણ અને લક્ષ્મી વચ્ચે અવિનાભાવ કે સમવાય સંબંધ છે.

વેંકટાધ્વરી પણ નિરૂપે છે કે પર સ્વરૂપે પીતામ્બરધારી અને સનકાદિ મુક્ત-પુરુષોથી યુક્ત શ્રીવિષ્ણુ દીપ્ત વૈકુંઠનગરીમાં વિરાજે છે.[૨૧૮] શેષનાગની શય્યા પર તેઓ આસીન થયેલા છે.[૨૧૯] દેવી લક્ષ્મી દ્વારા તેઓ સેવાય છે. વેદમય ગરુડ લક્ષ્મીનું વાહન છે. શ્રીહરિ શંખચક્રાદિ પંચાયુધોથી અલંકૃત છે. તેમના વક્ષઃ સ્થળના કૌસ્તુભમણિ તેમજ દેહ પરનાં અન્ય વિવિધ રત્નોથી તેઓ શોભાયમાન બને છે.[૨૨૦] તેઓ અભિરામરૂપ સંપન્ન છે. પગ સુધી લટકતી પુષ્પમાળા અને વત્સ નામક ચિહ્નથી અંકિત તેમનો દેહ અભિરામ છે.[૨૨૧]

### (૨) વ્યૂહ :-

વિશિષ્ટાદ્વૈત મતાનુસાર ભક્તો પર દયા દર્શાવવા અને ઉપાસકોની અર્ચન-વિધિની સુવિધા માટે પરમબ્રહ્મ ચાર સ્વરૂપો ધારણ કરે છે : વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ.[૨૨૨] સર્વશ્રેષ્ઠ આત્મા વાસુદેવ જ્ઞાન, ઐશ્વર્ય આદિ છ ગુણોથી સંપન્ન છે. જ્યારે શેષ ત્રણ વ્યુહ બબ્બે ગુણ ધરાવે છે. એટલે કે સંકર્ષણ જ્ઞાન અને બળ, પ્રદ્યુમ્ન ઐશ્વર્ય તેમજ વીર્ય, તથા અનિરુદ્ધ શક્તિ અને તેજ નામક ગુણોથી મુક્ત હોય છે.[૨૨૩]

લક્ષ્મીસહસ્રમાં કવિ પરદેવ-પરબ્રહ્મમાં આ ચાર મનોહર સ્વરૂપોનો નિર્દેશ કરે છે.[૨૨૪] પાપનાશક વાસુદેવ સર્વેનું અતિક્રમણ કરી શોભે છે. અર્થાત્ તેઓ લોકોત્તર છે.[૨૨૫] શ્રીહરિ અનિરુદ્ધની ઉત્પત્તિનું આદિ કારણ છે.[૨૨૬] પુષ્પાયુધ અનિરુદ્ધ કૃષ્ણ અને રુકિમણીના પુત્ર છે. કામદેવ કે પ્રદ્યુમ્ન લક્ષ્મીના પુત્ર છે.[૨૨૭]

### (૩) વિભવ :

વિભવરૂપમાં શ્રીવિષ્ણુ રામાદિ દશ અવતાર ધારણ કરે છે.[૨૨૮] ગીતાભાષ્યની પ્રસ્તાવનામાં રામાનુજ કહે છે કે ઈશ્વરે પોતાની અનંત દયાથી વિવિધ રૂપ ધારણ કર્યાં અને પોતાના ઈશ્વરત્વના સ્વરૂપને પણ જા ળવી રાખ્યું. અવતારધારણનો ઉદ્દેશ માત્ર પૃથ્વીની રક્ષાનો નથી, પણ ભક્તો પરમાત્માને પામી શકે એ હેતુ મુખ્ય છે.

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્ત્રોતોમાં અનેકત્ર પરમાત્માના વિભવ-સ્વરૂપનું, અવતારોનું નિરૂપણ થયું છે.

રામાનુજના શિષ્ય શ્રીવત્સાંકમિશ્રના 'અતિમાનુષસ્તવ'માં રંગરાજ વિષ્ણુના નરસિંહ, રામ, કૃષ્ણ વગેરે અવતારોનાં મહાન કાર્યોના આલેખન સાથે એમનો ગુણાવૈભવ પ્રગટ થયો છે. એ જ રીતે એમના 'સુંદરબાહુસ્તવ'ના શ્લોક : ૯૨ થી ૧૨૦માં વિષ્ણુના પ્રસિદ્ધ દશાવતારોનું નિરૂપણ થયું છે. પરાશરભટ્ટના 'શ્રીરંગરાજસ્તવ'ના ઉત્તરશતકના શ્લોક : ૬૦ થી ૭૩માં વિષ્ણુના મત્સ્ય-કૂર્માદિ દશાવતારોનું આલેખન થયું છે. વેંકટનાથ વેદાન્તદેશિકે પણ 'દશાવતારસ્તોત્ર' રચ્યું છે, જેમાં વિષ્ણુના દશ અવતારોનું કાવ્યાત્મક નિરૂપણ થયું છે. આ ઉપરાંત એમના

'વરદરાજપંચાશત્'માં વરદરાજ વિષ્ણુના વરાહ, નૃસિંહ, વામનાદિ અવતારોનું ચિત્રણ થયું છે. વેદાંતદેશિક ભગવાન રંગનાથ અને પાદુકાનો નિત્ય સંબંધી બતાવે છે. રંગનાથને પ્રત્યેક અવતારમાં અનુસરતી પાદુકાના નિરૂપણમાં તેમણે દશાવતારોનું નિરૂપણ કર્યું છે; તો તેમને અનુસરીને કવિ વેંકટાધ્વરી પણ લક્ષ્મીને દશ અવતારોમાં વિષ્ણુને અનુસરતી દર્શાવે છે.[૨૨૯]

વિષ્ણુનાં સર્વ અવતાર-સ્વરૂપોમાં લક્ષ્મી સદૈવ સાથે રહે છે. એવો રામાનુજીય વૈષ્ણવોનો મત છે. કવિ વેંકટાધ્વરી 'લક્ષ્મીસહસ્ર'ના દશાવતારસ્તબકમાં વિષ્ણુના મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, બલરામ, કૃષ્ણ અને કલ્કિ આ પ્રસિદ્ધ દશ અવતારોના નિરૂપણ સાથે લક્ષ્મીના મહત્ત્વનું પ્રતિપાદન કરે છે.

વિષ્ણુના અવતારોમાં જળપ્લાવનની ઘટના સાથે સંબદ્ધ 'મત્સ્યાવતાર'ને સામાન્યતઃ પ્રથમ સ્થાન આપવામાં આવે છે. 'શતપથ બ્રાહ્મણ' (૧-૮-૧-૬)માં પ્રલયજળમાંથી મનુને બહાર કાઢતા મત્સ્ય 'મહાભારત' 'વનપર્વ, અ. ૧૮૭)માં પ્રજાપતિરૂપે અને પુરાણોમાં વિષ્ણુના અવતાર રૂપે આવે છે. 'વિષ્ણુપુરાણ'માં મત્સ્યાવતારની કથા પ્રાપ્ત થતી નથી. વિષ્ણુની પૂર્વે આ અવતાર પ્રજાપતિએ ધારણ કર્યો હતો એવું પ્રતીત થાય છે. પાછળથી મત્સ્યાવતારનો સંબંધ વિષ્ણુ સાથે સ્થાપિત થયો. 'ભાગવત' (સ્કન્ધ ૮, અ-૨૪), 'વરાહપુરાણ' (૧૫, દશાવતાર સ્તોત્ર) ઈત્યાદિ અનુસાર પ્રલયકાળમાં જ્યારે પૃથ્વી સમુદ્રમાં નિમગ્ન હતી ત્યારે હરિએ મત્સ્યરૂપ ધારણ કરી દિતિપુત્રને મારી વૈવસ્વત મનુની અને વેદની રક્ષા કરી. મત્સ્ય, અગ્નિ, સ્કન્ધ, પદ્મ ઈત્યાદિ પુરાણોમાં મત્સ્યાવતારનો હેતુ મનુરક્ષા અને વેદોદ્ધાર બતાવ્યો છે.

કવિ વેંકટાધ્વરી પુરાણોને અનુસરી વિષ્ણુના મત્સ્યાવતારનું પ્રયોજન વેદોદ્ધાર બતાવે છે. પણ એ કાર્યમાં લક્ષ્મીને કારણભૂત બતાવી પૌરાણિક ઘટનાઓનું વિશિષ્ટાદ્વૈતી લક્ષ્મીસિદ્ધાંતને અનુરૂપ નવીન અર્થઘટન કરતાં તે કહે છે કે 'सो हि श्रीरमृता सताम्' રૂપવાળી શ્રુતિએ લક્ષ્મીનામ ધારણ કરી સ્વયં લક્ષ્મીની દાસી બની, પરિણામે શ્રીધરે સાગરમાં નિમગ્ન દાસીભૂત શ્રુતિનો પુનઃઉદ્ધાર કર્યો.[૨૩૦] લક્ષ્મીની દૃષ્ટિ તો મીન જેવી અને ગુમાવેલી સંપત્તિ પુનઃ પાછી લાવનાર છે. એ હેતુથી હરિએ મત્સ્યાવતારમાં લક્ષ્મીની દૃષ્ટિ પ્રાપ્ત કરીને દૈત્ય દ્વારા અપહૃત શ્રુતિની રક્ષા કરી.[૨૩૧] કવિ દૈત્યનું નામ આપતા નથી કે મનુરક્ષાનો ઉલ્લેખ કરતા નથી, પણ પ્રલયકથાનો સંકેત ઉપર જોયું તેમ કરે છે.

શતપથ બ્રાહ્મણ (૭-૫-૧-૫) જૈમિનીય બ્રાહ્મણ (૩, ૨૭૨) તૈત્તિરીય આરણ્યક (૧-૨૩-૩) ઈત્યાદિ વૈદિક ગ્રન્થોમાં મત્સ્ય, વરાહ અને કૂર્માવતારનો સંબંધ સામાન્યતઃ પ્રજાપતિ સાથે છે. જેમકે શતપથ બ્રાહ્મણ (૭-૫-૧-૫)માં કચ્છપનું રૂપ ધારણ કરીને પ્રજાપતિ દ્વારા પ્રજા-સર્જનનો ઉલ્લેખ થયો છે. પુરાણગ્રંથો આનો સંબંધ અમૃતમંથનની કથા સાથે બતાવે છે. વરાણપુરાણ-૧૫ના દશાવતાર સ્તોત્રમાં કહ્યું છે કે સમુદ્રમંથનના સમયે કૂર્મ મંદરાચળને પીઠ પર ધારણ કર્યો. વાલ્મીકિરામાયણ (૧-૪૫-૨૦), વિષ્ણુપુરાણ (૧-૯), અગ્નિપુરાણ - અ.૩, વગેરેમાં સમુદ્રમંથનની કથાઓ પ્રાપ્ત થાય છે. ભાગવત (૧-૩-૩૬, ૨-૭-૧૩)માં આ ઘટનાનો ઉલ્લેખ થયો છે.

વૈષ્ણવ કવિ વેંકટાધ્વરી 'ભાગવત'ને અનુસારી કૂર્માવતારનો સંબંધ વિષ્ણુ સાથે માને છે અને કૂર્મને મંદરાચલ ધારણ કરતા આલેખે છે. આ કાર્યમાં લક્ષ્મી સહાયક છે.[૨૩૨]

મત્સ્યાવતારની જેમ વરાહનો સંબંધ પણ પ્રજાપતિ સાથે છે. વરાહાવતારની કથાઓ 'તૈત્તિરીયસંહિતા' 'તૈત્તિરીય બ્રાહ્મણ' તથા શતપથ બ્રાહ્મણમાં પ્રાપ્ત થાય છે. આમાં વરાહનો સંબંધ પ્રાયઃ પ્રજાપતિ સાથે છે. કેમકે, એમાં જણાવ્યું છે કે પ્રજાપતિએ વરાહાવતાર ધારણ કરી જળમગ્ન પૃથ્વીનો ઉદ્ધાર કર્યો. 'રામાયણ અને પુરાણોના વૈદિકોત્તર પુરાણ કથાશાસ્ત્રમાં પૃથ્વીને ઉપર ઉઠાવનાર આ જ વરાહ વિષ્ણુનો એક અવતાર બની જાય છે.'[૨૩૩]

પુરાણગ્રન્થો અને તેમાંય ખાસ કરીને 'ભાગવત'ને અનુસરી કવિ વેંકટાધ્વરી વરાહાવતારનું મુખ્ય પ્રયોજન પૃથ્વી-ઉદ્ધારનું આલેખે છે. પરંતુ તે ઉદ્ધારકાર્યનું પ્રયોજન વિશિષ્ટ છે. પૃથ્વી તો દેવીની અંશભૂત છે. તેથી વરાહ-અવતારમાં ભગવાને તેનો ઉદ્ધાર કર્યો.[૨૩૪] પૃથ્વીના ઉદ્ધારનું એક અન્ય કારણ પણ કવિ આપે છે. દૈત્ય દ્વારા સમુદ્રમાં પહોંચેલી પૃથ્વી દેવીની ભગિની બની તેથી શ્રીહરિ વરાહરૂપે તેને દંતાગ્રે ધારણ કરે છે.[૨૩૫]

મહાકાવ્ય તથા પુરાણોની વામનાવતારની કથાનો સ્રોત ઋગ્વેદનાં વિષ્ણુસૂક્તોમાં શોધી શકાય છે. ઋગ્વેદ (૧-૧૫૪-૧-૪, ૧-૧૫૫-૪)માં વિષ્ણુને ત્રણ ડગલાંથી પૃથ્વીને માપનાર બતાવ્યાં છે. 'ઋગ્વેદના વિષ્ણુ સાથે સંબદ્ધ સૂર્ય અને પક્ષી વૈદિકોત્તર સાહિત્યમાં અનુક્રમે વિષ્ણુનાં સુદર્શનચક્ર અને ગરુડરૂપે સ્થાપિત થયાં.'[૨૩૬] બ્રાહ્મણગ્રન્થોમાં વિષ્ણુને પૃથ્વી, અંતરિક્ષ અને આકાશમાં ત્રણ ડગલાં ભરતા બતાવ્યાં છે. 'મહાભારત' (૧૨/૩૩૯/૮૧-૮૩)માં જણાવ્યું છે કે બલિને પાતાળલોકમાં પહોંચાડવાના ઉદ્દેશથી વિષ્ણુએ વામન અવતાર ધારણ કર્યો. પદ્મપુરાણ (સૃષ્ટિખંડ અ.૨૫) ભાગવત (૧/૩/૧૯, ૨/૭/૧૭, ૮/૧૭-૨૨)માં પણ વામન-બલિના આવા પ્રસંગનું ચિત્રણ થયું છે. પાંચરાત્ર સંહિતાઓનાં ૩૯ વિભવોમાં વામન અને ત્રિવિક્રમ બંને નામ મળે છે. સંસ્કૃત કવિઓના દશાવતાર સ્તોત્રોમાં બલિ-વામનની પૌરાણિક કથાનું નિરૂપણ થયું છે.

કવિ વેંકટાધ્વરી બલિપ્રતારણની ઘટનામાં લક્ષ્મીમાહાત્મ્યનો કલ્પનાપૂર્ણ અંશ ઉમેરે છે. દેવીની શુભદૃષ્ટિ પાપી બલિ ઉપર ન પડે તેથી વામને દેવીને મૃગચર્મથી ઢાંકી દીધી, નહિ કે બ્રહ્મચર્યના અનુસરણથી[૨૩૭] વામનનાં ત્રણ પગલાંએ ત્રણ ભૂમિને માપી લીધી. આવું સામર્થ્ય દેવીને વક્ષ:સ્થળે સ્થાપવાથી ઉત્પન્ન થયું છે, એવું બતાવી કવિ લક્ષ્મીનું ગૌરવ વર્ણવે છે.[૨૩૮]

વૈદિક સાહિત્યમાં ભાર્ગવ પરશુરામની અનેક દંતકથાઓ પ્રાપ્ત થાય છે. રામ-કૃષ્ણની જેમ પરશુરામને પણ આરંભમાં વિષ્ણુના અંશાવતાર માનવામાં આવ્યા છે. નારાયણીયોપાખ્યાન (મહાભારત ૧૨/૩૩૯/૮૪)માં પરશુરામને ભૃગુવંશ ઉદ્ધારક અને ક્ષત્રિયસંહારક બતાવ્યાં છે 'વિષ્ણુપુરાણ' (૪/૧૧/૨૦)માં તેમને નારાયણના અંશાવતાર અને સમસ્ત ક્ષત્રિયો તેમજ કાર્તવીર્ય અર્જુનનો વધ કરનાર કહ્યા છે. 'ભાગવત' (૯/૧૫)માં પરશુરામચરિત પ્રાપ્ત થાય છે. એ અનુસાર જમદગ્નિના પુત્ર પરશુરામે હૈહયવંશનો સંહાર કર્યો અને એકવીસવાર પૃથ્વીને નિ:ક્ષત્રિય કરી. 'ભાગવત' (૧/૩/૨૦, ૨/૭/૨૨)માં પણ ફરશી વડે ધરાને નક્ષત્રિ કરતાં પરશુરામનો ઉલ્લેખ છે.

પરશુરામ અવતારમાં શ્રીહરિએ ઋત્વિજ કશ્યપને ભૂમિ આપી હતી એ પ્રસંગ કવિ વેંકટાધ્વરી નવીન રીતે ઘટાવે છે; 'લક્ષ્મીપતિ હોવા છતાં વામન શરીરધારી એવા તમોએ દરિદ્રની માફક યજ્ઞપ્રસંગે ભૂમિની માગણી કરી' એવાં દેવીનાં પરિહાસમય વચનોથી લજ્જિત ભગવાને પરશુરામ અવતારમાં તે ભૂમિ યજ્ઞ પ્રસંગે પુનઃકશ્યપને આપી દીધી.[૨૩૯] કુઠાર દ્વારા પરશુરામે ક્ષત્રિયોનો સંહાર કર્યો. તેથી પાસે રહેલી લક્ષ્મીને શત્રુ-રુધિર લાગતાં તેનો વર્ણ રક્ત થયો એવી કલ્પના કવિ કરે છે. દેવીના દૃષ્ટિપાતથી ભાર્ગવ પરશુરામમાં એક સાથે બ્રાહ્મણત્વ અને ક્ષત્રિયત્વના ઉદયનું કલ્પનાપૂર્ણ ચિત્ર પણ કવિ આલેખે છે.[૨૪૦]

રામાયણ-કથાનાં કેટલાક પ્રસિદ્ધ પાત્રોનાં નામ વૈદિક સાહિત્યમાં પ્રાપ્ત થાય છે. પરંતુ એમાંથી કોઈનો દાશરથિ રામ સાથે સંબંધ પ્રતીત થતો નથી. કેટલાક વિદ્વાનો રામનો સંબંધ ઈન્દ્ર સાથે બતાવવાનો પ્રયાસ કરે છે. મુખ્યત્વે વાલ્મીકિ રામાયણ અને મહાભારતમાં રામચરિત પ્રાપ્ત થાય છે. સાંપ્રદાયિકતાની દૃષ્ટિએ કૃષ્ણપૂજાની અપેક્ષાએ રામપૂજાના પ્રાચીન પુરાવા અલ્પ સંખ્યામાં મળે છે. દક્ષિણ ભારતમાં રામપૂજાની પ્રાચીનતા સિદ્ધ થઈ શકે છે. પ્રાચીન તામિલ સંતો આલવારોમાં રામની પૂજા પ્રચલિત હતી. કંબનકૃત 'તમિલ રામાયણ (ઈ.૮૮૫)ને આલવારો સાંપ્રદાયિક ગ્રંથ માનતા હોય એમ પ્રતીત થાય છે. રામાનુજના સમયમાં દક્ષિણમાં રામની વિધિવત્ પૂજાનો આરંભ થાય છે. કેટલાક ઈતિહાસકારો ગુપ્ત કાળમાં રામપૂજાનું અસ્તિત્વ બતાવે છે.

રામાનુજ-સંપ્રદાયના વૈષ્ણવો અન્ય અવતારોમાં રામ અને કૃષ્ણને વધારે મહત્ત્વ આપે છે. તેથી જ વેંકટાધ્વરીએ પણ રામના ચરિતનું આલેખન કરવા 'લક્ષ્મીસહસ્ર'માં કારુણ્યસ્તબક અને પ્રયત્નસ્તબકની રચના કરી છે.

કવિ વેંકટાધ્વરી વિષ્ણુના રામાવતારના નિરૂપણમાં રાવણાદિ દેવ-શત્રુઓથી પીડિત જગતને રક્ષવા જનકતનયા સીતા સ્વરૂપ લક્ષ્મીનાં ઉદાર કાર્યોનું વર્ણન કરે છે. સંપૂર્ણ કારુણ્યસ્તબકમાં રામાવતારના પ્રત્યેક કાર્યમાં સીતાસ્વરૂપા લક્ષ્મીની ઉદારતા અને દયાનું દર્શન કરાવી કવિએ વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સંપ્રદાયના લક્ષ્મી વિચારને અનુરૂપ રામાયણની ઘટનાઓને નવીન રૂપ પ્રદાન કર્યું છે.

રાવણના સંહારમાં દેવી કારણભૂત છે. એ સ્પષ્ટ કરવા વેંકટાધ્વરી દશાવતારસ્તબકમાં પણ રામાવતારનાં કેટલાંક કાર્યોનો ઉલ્લેખ કરે છે. વિષ્ણુએ નૃસિંહાવતારમાં હિરણ્યકશિપુનો વધ કર્યો અને રાવણ બનેલ તેને (હિરણ્યકશિપુને) રામાવતારમાં હણ્યો.

ભાગવતના ૧/૩, ૩/૨૩ અને ૧૦/૪૦ માં નિર્દિષ્ટ અવતારોમાં કૃષ્ણના ભાઈ બલરામની ગણના થઈ છે. કૃષ્ણને પૂર્ણપુરુષોત્તમ માનનારા વૈષ્ણવો આઠમા અવતાર તરીકે બલરામ (સંકર્ષણ)ને માને છે.

વૈષ્ણવ કવિ વેંકટાધ્વરી જણાવે છે કે બલરામાવતારમાં શ્રીહરિએ કૃષીવલ (હળધર)નું રૂપ ધારણ કરી યમુનાનું ભેદન કર્યું.[૨૪૧]

વૈદિક સાહિત્યમાં કૃષ્ણ આંગિરસ, કૃષ્ણાસુર ઈત્યાદિ કૃષ્ણોનો ઉલ્લેખ થયો છે. કાળાન્તરે તેમનું એકીકરણ કરવાનો પ્રયાસ થયો હશે. 'છાંદોગ્યોપનિષદ' (૩/૧૭/૬)ના ઘોર અંગીરસના શિષ્ય દેવકી-પુત્ર કૃષ્ણનો સંબંધ મહાભારત તેમજ પુરાણોમાં વર્ણિત વાસુદેવ-કૃષ્ણ સાથે પ્રતીત થાય છે. તૈત્તિરીય-આરણ્યક તેમજ મહાભારતમાં વાસુદેવ, નારાયણ તેમજ વિષ્ણુ એક સાથે પ્રયુક્ત થયા છે. અહીં એ ત્રણેયના એકીકરણ કે સમન્વયનો પ્રયાસ

અનુભવી શકાય છે. મહાભારતના કૃષ્ણના દેવત્વ વિશે પણ વિદ્વાનોમાં મતાન્તર પ્રવર્તે છે. મધ્યકાલીન વૈષ્ણવ-સાહિત્ય રાધા-કૃષ્ણ તેમજ ગોપાલ-કૃષ્ણથી સવિશેષ પ્રભાવિત છે.

કવિ વેંકટાધ્વરી વિષ્ણુના કૃષ્ણાવતારના નિરૂપણમાં કૃષ્ણ અને રુકિમણી (ભગવતી)નું દાંપત્ય પરસ્પર અનુરૂપ છે[૨૪૨] એવું જણાવી વિશિષ્ટાદ્વૈતી સિદ્ધાંતને અનુસરે છે. કવિની દૃષ્ટિએ શ્રીકૃષ્ણનું સર્જન ગીતા પણ દેવી છે. કૃષ્ણ અને રુકિમણીના પુત્ર અનિરુદ્ધનો ઉલ્લેખ થયો છે.[૨૪૩]

વિષ્ણુના દશાવતારોમાં કલ્કિ ભાવિ અવતાર મનાયો છે. 'મહાભારત' (સભાપર્વ ૫૦, વનપર્વ ૧૯૦) તથા 'મત્સ્યપુરાણ' (૪૭/૨૪૮-૨૪૯)માં જણાવ્યું છે કે કલિયુગમાં પાપવૃદ્ધિ થતાં કલ્કિ નામક બાળક ઉત્પન્ન થશે, જે મ્લેચ્છનો સંહાર કરી કલિયુગનો અંત લાવશે. 'ભાગવત' (૧/૩/૨૫, ૨/૭/૩૮)માં પણ તેને દસ્યુદલવિનાશક, વૈદિકધર્મસંસ્થાપક અને સત્યયુગનો પ્રવર્તક માન્યો છે. અવતારોમાં કલ્કિને અંતિમ, દશમો કે બાવીસમો અવતાર માન્યો છે.[૨૪૪]

કવિ વેંકટાધ્વરીએ કલ્કિનું પૌરાણિક રૂપ ગ્રહણ કર્યું છે. કલ્કિ અવતારમાં હરિ લક્ષ્મીનાં વચનોથી દયાળુ બની ભયંકર મ્લેચ્છોનો સંહાર કરશે, અંધકાર દૂર કરશે અને બ્રાહ્મણોની રક્ષા કરશે.[૨૪૫] કલિયુગની મલિનતાઓથી સભર અને વૈદિક શાખાઓને દૂષિત કરનારા મ્લેચ્છોથી વેદજ્ઞજનોને થયેલી ગ્લાનિ દૂર કરીને તે મહારક્ષક બનશે અને પ્રભાતના પવનની જેમ મ્લેચ્છોનો સંહાર કરશે.[૨૪૬]

લક્ષ્મીના કટાક્ષમાં દશાવતાર[૨૪૭] અને તેનાં પ્રત્યેક અંગમાં એક એક અવતારનું પણ કવિ દર્શન કરાવે છે.[૨૪૮] વેંકટાધ્વરી દ્વારા નિરૂપિત દશાવતારમાં બુદ્ધાવતારને સ્થાન નથી; કેમકે કવિના યુગમાં દક્ષિણ ભારતમાંથી બૌધ્ધ ધર્મ લુપ્ત થઈ ગયો હતો. રામાનુજ સંપ્રદાયના વૈષ્ણવ કવિઓ પોતાના દશાવતાર સ્તોત્રોમાં બુદ્ધનો સમાવેશ કરતાં નથી.

### (૪) અંતર્યામી :-

વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં અનેકત્ર પરમાત્માના 'અંતર્યામી' સ્વરૂપના નિર્દેશો મળે છે; જેમકે -

'લક્ષ્મીસહસ્ર'માં અંતર્યામી સંબંધી કેટલાંક વિધાનો પ્રાપ્ત થાય છે. અંતર્યામી સ્વરૂપે પરમાત્મા શ્રીવિષ્ણુ જીવોના હૃદયમાં રાત-દિન નિવાસ કરે છે.[૨૪૯] પ્રાણીઓના હૃદયમાં હરિ પ્રકાશે છે. પુરુષોત્તમ ભગવાન સદૈવ શરીર મધ્યે રહેલ હૃદય-કમળમાં વાસ કરે છે.[૨૫૦] વગેરે વિધાનો સર્વોચ્ચ બ્રહ્મનું અંતર્યામી સ્વરૂપ સ્પષ્ટ કરે છે.

### (૫) અર્ચાવતાર :-

પ્રતિમાદિને અર્ચા કહે છે.[૨૫૧] મનુષ્યો તરફના પ્રેમથી ઈશ્વર વિધિપૂર્વક મંત્રો દ્વારા પવિત્ર કરાયેલ પ્રતિમા અથવા વિગ્રહમાં સૂક્ષ્મ શરીરથી યુક્ત થઈ નિવાસ કરે છે એવી માન્યતા છે. અર્ચાવતારમાં ઈશ્વર સ્નાન, ભોજન, આસન, શયનાદિ ક્રિયાઓ પણ કરે છે.

મધ્યકાલીન અવતારોની લીલાત્મક રૂપોની અભિવ્યક્તિ સાથે અર્ચાવતાર કે અર્ચાવિગ્રહોનો પણ પ્રચાર થયો. ખાસ કરી પરવર્તી મધ્યકાળના સાહિત્યને જો અર્ચાવતારોનું સાહિત્ય માનવામાં આવે તો અતિશયોક્તિ નહિ ગણાય.[૨૫૨] અવતારવાદી પ્રવૃત્તિઓની જેમ અર્ચાવતારની પણ પ્રાચીન પરંપરા વિદિત થાય છે.અવતાર

બ્રહ્મનો પ્રતિનિધિ છે તો અર્ચા બ્રહ્મનું પ્રતિક. પ્રાચીન વૈદિક કાળમાં મૂર્તિ-પૂજાનું અસ્તિત્વ હતું કે નહિ, તે સંબંધી નિશ્ચિત રૂપે કશું કહી શકાતું નથી. તેમ છતાં વૈદિક સાહિત્યમાં એવા કેટલાક ઉલ્લેખ પ્રાપ્ત થાય છે, જેમાં મૂર્તિ-પૂજાના નિર્દેશ મળે છે.[૨૫૩] અર્ચાવતારોનો ઘનિષ્ઠ સંબંધ પાંચરાત્ર સંહિતાઓ સાથે છે. અર્ચારૂપોની પૂજા, અર્ચના, મંત્ર, યંત્ર ઇત્યાદિ અનેક પ્રકારના ઉલ્લેખોથી આ સંહિતાઓ ઓતપ્રોત છે. તેમાં અર્ચાવતારની આવશ્યકતા બતાવતાં કહ્યું છે. કે ઈશ્વરની પૂજા માત્ર સાકાર રૂપોમાં જ સંભવ છે, બીજા કોઈ અવસ્થામાં નહિ. ઈશ્વરનાં પર, વ્યૂહ આદિ પાંચ રૂપોનો ઉલ્લેખ પ્રાચીન તામિલ કવિતાઓમાં પણ થયો છે. તામિલ-સાહિત્યમાં પેરુન્દેવાર નામક કવિનાં પાંચ પદોમાં આ પાંચ રૂપોનું વર્ણન દેખાય છે. રામાનુજ આદિ આચાર્યોની પૂર્વે જ તામિલ પ્રદેશમાં ભક્તિભાવનાના મૂળપ્રેરક તિરુપતિ, શ્રીરંગ આદિ દક્ષિણના પ્રધાન અર્ચાવતાર માની શકાય. 'દ્રવિડપ્રબન્ધ' (ઇ.સ. ૩૦૦થી ૭૦૦)માં બાર અલ્વાર-સંતોની કવિતાઓમાં લગભગ-૧૦૮ સ્થાનોમાં વિષ્ણુ અને તેનાં વિભિન્ન રૂપોની પૂજાનો ઉલ્લેખ છે. ઈશ્વરનું અર્ચારૂપ મનુષ્યની અત્યંત નજીક છે. આ રૂપમાં મનુષ્ય ઈશ્વરની સાથે અને સ્વરૂપે ભાવાત્મક-સંબંધ સ્થાપિત કરે છે. અર્ચાવતાર સર્વનો બંધુ અને ભક્તવત્સલ છે.[૨૫૪] ''વૈષ્ણવમતાબ્જભાસ્કર''માં કહ્યું છે કે દેશકાળની ઉત્કૃષ્ટતાથી રહિત, આશ્રિતાભિમત અર્ચકના સમસ્ત અપરાધોને ક્ષમા આપનાર, દિવ્યદેહયુક્ત, સહનશીલ, પોતાના સર્વ કર્મોમાં અર્ચકની અધીનતા સ્વીકાર કરનાર મૂર્તિને અર્ચાવતાર કહે છે. અર્ચા-મૂર્તિની પૂજા ષોડશ પ્રકારે થાય છે.[૨૫૫]

પરવર્તી મધ્યકાલીન દાક્ષિણ્યાત્ય સમગ્ર સ્તોત્ર-સાહિત્યનું સર્જન પ્રાયઃ અર્ચાસ્વરૂપને અનુલક્ષીને થયું છે. દક્ષિણભારતમાં વિષ્ણુ-પત્ની લક્ષ્મીનાં વિભિન્ન અર્ચા-સ્વરૂપો જુદાં જુદાં સ્થળે પૂજાય છે. એમાંના કેટલાંક આ પ્રમાણે છે. (૧) તિરુપતિમાં ભગવાન વેંકટેશ્વરની પત્ની. (૨) કાંજીવરમ્‌માં વરદરાજની પત્ની મહાદેવી કે પેરુન્દેવી. (૩) શ્રીમુષ્ણમ્‌માં શ્રીવરાહમૂર્તિની પત્ની અમ્બુજવલ્લી. (૪) ઘટિકાચલમાં ભગવાન નૃસિંહની પત્ની અમૃતવલ્લી. (૫) નમક્કલમાં ભગવાન નૃસિંહની પત્ની નામગિરિલક્ષ્મી. (૬) ત્રિપ્લીકેન (મદ્રાસ)માં શ્રીપાર્થસારથિની પત્ની આણ્ડાલ કે ગોદા. (૮) કુંભકોણમ્‌માં શ્રીરંગપાણિની પત્ની કોમલવલ્લી વગેરે.[૨૫૬]

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવી સ્તોત્રો મોટે ભાગે 'અર્ચા' (મૂર્તિ)ને કેન્દ્રમાં રાખી રચાયાં છે; જેમકે વેંકટનાથ વેદાન્તદેશિક શ્રીરંગમ્‌ના રંગનાથ (વિષ્ણુ)ની દિવ્યતાને પામવા તેમની પ્રતિમા (મૂર્તિ)નાં અંગોને ધ્યાનસોપાન બનાવી ભગવાનનું ગૌરવ વર્ણવે છે. એ જ રીતે એમનું 'વરદરાજપંચાશત્' કાંચીનગરીના હસ્તિગિરિ ઉપર પ્રતિમા સ્વરૂપે પ્રતિષ્ઠિત વરદરાજ વિષ્ણુને સંબોધીને રચાયું છે; તો 'દેવ-નાયકપંચાશત્' સ્તોત્ર તિરુપતિના વેંકટગિરિના દેવનાયકની મૂર્તિને ઉદ્દેશીને રચાયું છે.

કવિ વેંકટાધ્વરીએ તિરુપતિના શેષાશલ (વેંકટાચલ) પર પ્રતિમા સ્વરૂપે રહેલ વેંકટેશ્વર (વિષ્ણુ)ના વક્ષઃસ્થળે વિરાજમાન ભગવતી લક્ષ્મીના અર્ચા-સ્વરૂપને અનુલક્ષીને 'લક્ષ્મીસહસ્ર'ની રચના કરી છે.

અર્ચા-સ્વરૂપોના દક્ષિણ ભારતીય ઉત્સવો પણ જાણીતા છે. શેષાદ્રિ પર લક્ષ્મીના મહોત્સવનું આબેહૂબ ચિત્રણ કવિ વેંકટાધ્વરીએ કર્યું છે.[૨૫૭] એના પરિશીલનથી દાક્ષિણાત્ય સ્થાનિક દેવતાઓના મહોત્સવોની વિધિઓ, વિગતો તેમજ અર્ચાવતારની આવાહન આદિ ઉપચારો દ્વારા થતી અર્ચનાનો ખ્યાલ આવે છે. ■

# પાદટીપ

१ मायावादैस्तव तु वशिते देवी मध्वार्तिकारि –
ण्यङ्गाम्यां वां विधटितमभूद् द्वैतमालिङगनैषु ।
आभिर्मुक्ताऽवलिभिरचिरादाश्रितं निर्गुणत्वं
व्यक्ता चाऽन्तः करणहरणत्ताऽगानन्दपूर्तिः । ल.स. ९/२१

२ अर्थपंचक, पृ – २

३ भोक्ताभोग्यं प्रेरितारं च दृत्वा सर्व प्रोक्तं त्रिविधं ब्रह्ममेतत् । श्वेता. १/१२

४ स्वाधीनत्रिविधचेतनाचेतनस्वरूपस्थितिप्रवृत्तिभेदम् । रामानुज, श्रीरंगगद्य

५ आराग्रमात्रो ह्यपरोऽपि दृष्टः । श्वेता. ५/८
बालाग्रशतभागस्य शतधा काल्पितस्य च ।
भागो जीवः स विज्ञेयः सः चानन्त्याम कल्पते ।। श्वे. ५/९

६ एषोऽणुरात्मा चेतसा वेदितव्यो । मुण्डको. ३/१/९

७ श्रीनिवासदास, यतीन्द्रमतदीपिका, ८

८ द्वा सुपर्णा सयुजा सखाया । मुण्डको. ३/१/१
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ।। भगवद् गीता. २/२०

९ प्रबुध्धनित्यनियाम्यनित्यदास्यैकरसात्मस्वभावोऽहं.....
अशेषशेषतैकरतिरूपनित्यकिङ्करो... । रामानुज, श्रीरंगगद्य

१० वेदान्तदेशिक, श्रीरंगगद्यभाष्य, पृ. १७७, १७८

११ बध्धमुक्तनित्यरूपेण जीवानां त्रैविध्यम् । वेदान्तदेशिक, श्रीरंगगद्यभाष्य, पृ. १७८

१२ भोग्यभोक्तृवर्गभोगोपकरणभोगस्थानरूपनिखिलजगत् । रामानुज, शरणागतिगद्य

१३ अस्मान्मायी सृजते विश्वमेतत् तस्मिंश्चान्यो मायया संनिरुद्धः ।
मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम् ।
तस्यावयावभूतैस्तु व्याप्तं सर्वमिदं जगत् ।। श्वेता. ४–९, १०

१४ अजामेकां लोहितशुक्लकृष्णां बहवीः प्रजाः सृजमानां सरूपाः ।
अजो ह्येको जुषमाणोऽनुशेते जहात्येनां भुक्तभोगमजोऽन्यः ।। श्वेता ४/५

१५ अशेषचिदचिद्वस्तुशेषिभूतः । रामानुज, शरणागतिगद्य

१६ स्वाधीनत्रिविधचेतनाचेतनस्वरूपस्थिति प्रवृत्तिभेदम् । रा.श्रीवै.ग. २

१७ एकस्यैव ब्रह्मणः शरीर तया प्रकारभूतं सर्वं चेतनाचेतनात्मकं
वस्त्विति सर्वस्यात्मतया सर्व प्रकारं ब्रह्मैवास्थितिमिति । माधवाचार्य, सर्वदर्शनसंग्रह पृ. २१६

१८ रामानुज, श्रीभाष्य पृ.१०५

१९ प्राकृतान्हेयगुणान्प्रतिषिध्य नित्यत्वविभुत्वसूक्ष्मत्व सर्व-गतत्वाव्ययत्वभूतयोनित्वसर्वज्ञत्वादिकल्याणगुणगणयोगः परस्य ब्रह्मणः प्रतिपादितः । रामानुज, श्रीभाष्य पृ. ८९

२० स एव वासुदेवः परमकारुणिको भक्तवत्सलः परमपुरुषस्तदुपासकानुगुणतत्तत्फलप्रदानाय स्वलीला-वशादर्चाविभवव्यूहसूक्ष्मान्तर्यामिभेदेन पंचधावतिष्ठते । माधवाचार्य, सर्वदर्शनसंग्रह पृ. २२३

२१ दृष्टव्यः लक्ष्मीतन्त्र, अध्याय ८,१०,११

२२ श्रीवैकुण्ठगद्यम्, ४

२३ श्री वैकुण्ठगद्यम्-४

२४ स्वाभाविकानवधिकाविशयबलैश्वर्यवीर्यशक्तितेजः प्रभृत्यसंख्येयकल्याणगुणगणौधमहार्णवम्...। श्रीवैकुण्ठगद्य-२

२५ व्यूहश्चतुर्विधो वासुदेवसंकर्षणप्रदयुम्नानिरुद्ध संज्ञकः। माधवाचार्य, सर्वदर्शनसंग्रह - पृ.२२३

२६ लक्ष्मीतन्त्र, अध्याय-२, श्लोक ५३-५५

२७ विभवो हि नाम रामकृष्णादि प्रादुर्भावगणः। श्रीभाष्य २/२/४१

२८ अनुग्रहाय जीवानां भक्तानामनुकम्पया।
परव्यूहादिभेदेन देवदेवप्रवृत्तयः।। लक्ष्मीतन्त्र-११-४१

२९ पी.वी. काणे, धर्मशास्त्रका इतिहास, भा.१, पृ. ३९४

३० पी.वी. काणे, धर्मशास्त्रका इतिहास, भा.१, पृ. ३९६

३१ य आत्मनि तिष्ठनात्मानमन्तरो यमयति। बृहदा० ३/७/२२

३२ ह्येष सर्वभूतान्तरात्मा। एतद्यो वेद निहितं गुहायाम्।। मुण्डको० २/१/४,१०

३३ अन्तर्यामी जीवसंस्थां जीवप्रेरक ईरितः। सर्वदर्शनसंग्रह, पृ. २२६

३४ तत्रार्चा नाम प्रतिमादयः। सर्वदर्शनसंग्रह, पृ. २२३

३५ मध्यकालीन साहित्यमें अवतारवाद, पृ. ५४९

३६ **મૂર્તિપૂજાની સવિસ્તર ચર્ચા માટે દૃષ્ટવ્ય** : धर्मशास्त्र का इतिहास, प्रथम भाग, पृ. ३८८-३९४

३७ मध्यकालीन साहित्यमें अवतारवाद, पृ. ५४८-५५६

३८ आहवनासनाभ्यां च पादपार्ध्याचमनैस्तथा।
स्नानवस्त्रोपवीतैश्च गन्धपुष्पसुधुपकैः।।
दीपनैवेद्यताम्बूलप्रदक्षिणविसंर्जनैः।
षोडशार्चाप्रकारैस्तमेतैरर्चेत् सदा सुधीः।। 'श्री वैष्णवमताब्ज्भास्कर', ८/९

३९ स्तोत्रसमुश्चय, पृ. २३६

४० लक्ष्मीसहस्र, उत्सवस्तबक।

४१ तैत्तिरीय संहिता, ४/४/१२

४२ अस्येशानेत्यागमस्तावदास्तामैश्वर्यंऽस्मिंस्तावदम्ब त्वदीये।
जागर्त्येव व्यासतातप्रणीतं श्लाध्यं विष्णोस्तत् पुराणं प्रमाणम्।। ल.स. १०/६

૪૩ ल.स., १०/८

૪૪ ल.स., १०/१२

૪૫ ल.स., १०/१०

૪૬ रूपं रूपं प्रतिरूपो बभूव तदस्य रूपं प्रतिचक्षेणाय।
इन्द्रो मायाभिः पुरुरूपं ईयते युक्ता ह्यस्य हरयः शतादशः।। ऋ. ६/૪૭/૧૮

૪૭ मायाभिर्मायिनं सक्षदिन्द्रः। ऋ. ५/३०/६

૪૮ रूपंरूपं मधवा बोभवीति मायाः कृष्वानस्तन्वं १ परि स्वाम्। ऋ. ३/५३/८

૪૯ ऋ. १/५६/४

૫૦ ऋ. १/५६/५

૫૧ ऋ. ५/४६/२,८

૫૨ S.K.Das, Sakti or Divine Power, P. 15,16

૫૩ S.K.Das, Sakti or Divine Power, P. 29, 1934

૫૪ ऋ. १०/१२५

૫૫ अदितिद्यौरदितिरन्तरिक्षमदितिर्माता स पिता स पुत्रः।
विश्वो देवा अदितिः पञ्च जना अदितिर्जातमदितिर्जनित्वम्।। ऋ. १/८१/१०

૫૬ अहं राष्ट्री संगमनी वसूनां चिकितुषी प्रथमा यज्ञियानाम्। ऋ. १०/१२५/३

૫૭ ऋ. १०/१०/१२५

૫૮ प्रजापते न त्वदेतान्यन्यो विश्वो जातानि परिता बभूव। ऋ. १०/१२१/१०

૫૯ મેકડોનલ, સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ, પૃ. ૧૭૫

૬૦ ए. बी. कीथ, वैदिक धर्म एवं दर्शन, पृ. २६१

૬૧ वैदिक माइथोलोजी, पृ. २२८

૬૨ वैदिक धर्म एवं दर्शन, पृ. २६३

૬૩ S.K.Das, Sakti or Divine Power, P. 30-35

૬૪ S.K.Das, Sakti or Divine Power, P. 44

૬૫ ल.स. – ३/१९

૬૬ ल.स. – ३/२१

૬૭ ल.स. – १०/१

૬૮ ल.स. – १०/२

૬૯ ल.स. – १०/११

૭૦ या प्राणेन सम्भवत्यदितिदेवतामयी.... एतद्वै तत्। कठ. २/१/७

૭૧ ते ध्यानयोगानुगता अपश्यन् देवात्मशक्तिं स्वगुणैर्निगूढाम् । श्वेता १/३

૭૨ स द्वितीयमैच्छत् स इममेवात्मनं द्वेधा पातयत् ततः पतिश्च पत्नी चाभवताम्। बृ.आ. उप. १/४/३

૭૩ ह्रीश्च ते लक्ष्मीश्च पत्न्यौ। तै. आ. ३/१३/२

૭૪ स तस्मिन्नेवाकाशे स्त्रियमाजगाम बहुशोभमानामुमां हैमवतीं तां होवाच किमतेद् यक्षमिति। केन. ३/१२

૭૫ **ઋગ્વેદની શાકલસંહિતાના પાંચમા મંડળના અંતભાગમાં ખિલરૂપે સંનિવિષ્ટ**

૭૬ कां सोस्मितां हिरण्यप्राकारामाद्रां ज्वलन्तीं तृप्तां तर्पयन्तीम्।
पद्मे स्थितां पद्मवर्णां तामिहोपहवये श्रियम्।।४।।

૭૭ ''देवजुष्टामुदाराम्'' (श्लोक-५) या अन्तरा याश्च बाह्या अलक्ष्मीः (श्लोक-६) अभूतिमसमृद्धिं च सर्वां निर्णुद मे गृहात्'। (श्लोक-८)

૭૮ ''ईश्वरीं सर्वभूतानाम्'' श्लोक-९ ''मातरं पद्ममालिनीम्।'' श्लोक-११ ''मातरं श्रियम्'' श्लोक-१२

૭૯ ल.स. - १०/६-७

૮૦ नित्यैषा जगन्माता विष्णोः श्रीरनपायिनी।
यथा सर्वगतो विष्णुस्तथैवेयं द्विजोत्तम।। वि.पु. १/८/१७

૮૧ वि.पु., १/८/३५

૮૨ वि.पु., १/९/११६/७-१८९

૮૩ वि.पु., १/२२/२२

૮૪ वि.पु., १/२२/५६, ६/७/६०

૮૫ वि.पु., ६/७/६१, ६८, ६५

૮૬ वि.पु., १/२/८३,८५

૮૭ वि.पु., ५/२/७,८

૮૮ मार्कण्डेय पुराण, अ. ८८, १-३५

૮૯ मार्कण्डेय पुराण, अ. ८२, ७-३९

૯૦ मार्कण्डेय पुराण, अ. ८१, १-२७

૯૧ देवी भागवत - ९/४२/५१-६८

૯૨ देवी भागवत - १/१२/४१-५१

૯૩ देवी भागवत - ३/२३/४२-५८

૯૪ ल.स. १/६

૯૫ अनन्या सा परा शक्तिर्विष्णोर्लक्ष्मीः सनातनी। अहि. सं. ५१/३७
शक्तिमान् सकलाधारः सर्वशक्तिर्मदीश्वरः। तस्याहं परमा शक्तिरेका श्रीर्नाम शाश्वती।। लक्ष्मीतन्त्र, ५०/८

૯૬ पञ्चकृत्यकरी शक्तिर्या हि सा वैष्णवी परा। अहि. सं. ५१/४७
या च सा जगतां योनिर्लक्ष्मीः। अहि. सं. ५१/७

૯૭ महालक्ष्मीः सर्वकारणकारणम्। अहि सं. ४९/३२

૯૮ अहि. सं. ४९/५६,५७

૯૯ जये सूरितुष्टे सरण्ये सुकीर्ति प्रसादं प्रपन्ने मयि त्वं कुरुष्व। अहि. स. ४९/५५

१०० दुरितौधनिवारप्रवीणे......... हरिवल्लभे नमस्ते। अहि. सं. ४९/५८

१०१ सर्वाधारे सद्गतेऽध्यात्मविद्ये भाविन्योद्रें निवृत्तेऽध्यात्मवल्लि।
विश्वाध्यक्षे मङ्गलावासभूमे भद्रे भद्रं देहि मे संश्रिताय।। अहि. सं. ४९/६०

१०२ श्रुणाति निखिलान दोषाञ्छ्रीणाति च गुणैर्जगत्।
श्रीयते चाखिलैर्नित्यं श्रयते च परं पदम्।। अहि. स. ५१/६१,६२

१०३ उमाशचीकीर्तिसरस्वतीधीस्वाहादिनानाविधशक्तिभेदे। अहि सं ४९/६२

१०४ अहमाधारभूतापि शक्तीनां जगतस्तथा।
सुदर्शनप्रभावेण करोम्याश्रितरक्षणम्।। अहि. सं. ४९/६५

१०५ अहि. सं. ५१/४०-४२

१०६ अहि. सं. ५१/४३

१०७ स्वातन्त्र्यादेव कस्माच्चित् क्वचित् सोन्मेषमृच्छति।
आत्मभूता हि या शक्तिः परस्य ब्रह्मणो हरेः।। अहि. सं. ५/४

१०८ अहि. सं. ३/२१, ५१/७३,७४ ६०/७

१०९ गृह्यमेतत् क्रियाशक्तिरहं देवस्य शार्ङ्गिणः। ..... अहि. सं. ४४/५५, ५६

११० अ.हि. सं, ६०/४

१११ तद्धर्मधर्मणी देवी शक्तिस्तस्यानपायिनी । अहि. सं. ५१/६६

११२ शीतरश्मेरिव ज्योत्स्ना.....। अहि. सं. ६०/३

११३ व्यापकावतिसंश्लेषादेकं तत्त्वमिव स्थितौ। अहि. सं. ४/७८

११४ दैवाच्छक्तिमतो भिन्ना ब्रह्मणः परमेष्ठिनः। अहि. सं. ३/२५, २७

११५ कान्तस्ते पुरुषोत्तमः फणिपतिः शय्यासनं वाहनं
वेदात्मा विहगेश्वरो यवनिका माया जगन्मोहिनी।
ब्रह्मारिसुरव्रजस्सदयितस्त्वद्दासदासीगणः
श्रीरित्येव च नाम ते भगवति ब्रूमः कथं त्वां वयम्। (चतुःश्लोकी, १)

११६ यान्यन्यानि यथासुखं विहरतो रूपाणि सर्वाणि ता-न्याहुः स्वैरनुरूपविभवैर्गाढोपगूढानि ते।। (चतुःश्लोकी, ४)

११७ यस्या वीक्ष्य मुखं तदिङ्गितपराधीनो विधत्तेऽखिलं.....। श्रीस्तव-१

११८ समस्तलोकजननीम्। श्रीस्तव-१

११९ ऐश्वर्यं महदेव वाल्यमथवा दृश्यते पुंसां हि यत्।
तल्लक्ष्म्यास्समुदीक्षणात्तव यतस्सार्वत्रिकं वर्तते।। श्रीस्तव-६

१२० देवी त्वन्महिमावधिर्न हरिणा नापि त्वया ज्ञायते।
यद्यप्येवमथवापि नैवयुवयोस्सर्वज्ञता हीयते। श्रीस्तव-८

१२१ यद्भूमङ्गाः प्रमाणं स्थिरचरचनातारतम्ये मुरारि०। श्रीगुणरत्नकोश-४

१२२ पितेव त्वत्प्रेयात् जनानि! परिपूर्णागसि जने
हितस्त्रोतोवृत्या भवति च कदाचित् कलुषधी:।
किमेतत् निदोर्ष: क इह जगतीति त्वमुचितै:
उपायैर्विस्मार्य स्वजनयसि माता तदसि न:।। गुणरत्नकोश – ५२

१२३ निष्प्रत्यूहप्रणंयद्यरितं देवि नित्यानपायं
विष्णुस्त्वं चेत्यनवधिगुणं द्वन्दवमन्योन्यलक्ष्यम्।
शेषश्चितं विमलमनसां मौलयश्व श्रुतीनां
संपदयन्ते विहरणविधौ यस्य शय्या विशेषा:।। श्री स्तुति – ५

१२४ आपन्नार्तिप्रशमनविधौ बद्धदीक्षस्य विष्णो:
आचरव्युस्तवां प्रियसहचरीमैकमत्योपपन्नाम्।
प्रादुर्भावैरपि समतनु: प्राध्वमन्वीमसे त्वं
दूरोत्क्षिप्तैरपि मधुरता दुग्धरशिस्तरङ्गै:।। श्री स्तुति – १०

१२५ चतु:श्लोकी भाष्य, पृ. ३–८

१२६ श्रीर्नाम भगवत: सर्वकर्तुरधिष्ठेया प्रकृतिरिति। चतु:श्लोकी भाष्य, पृ.3

१२७ तस्य सत्ताऽहन्ताप्रभाशक्तिविद्येच्छाभोक्तृतादिरुपेयम्। चतु:श्लोकी भाष्य, पृ.४

१२८ कान्तास्ते पुरुषोत्तम: कषिपति: शय्याऽसनं वाहनं
वेदात्मा विहगेश्वरो यवनिका माया जगन्मोहिनी।
ब्रह्मशादिसुरव्रज: सदयितस्त्वदासदासीगण:
श्रीरित्येव च नाम ते भगवति! बूम: कथं त्वां वयम्।। यामुन, चतु:श्लोकी,१

१२९ निर्विशेषचिन्मात्रब्रह्मस्वरुपतिरोधानकरी मिथ्याभूता मायैव
कल्पितरुप विशेषोपश्लिष्टब्रह्मपतिच्छदवती लक्ष्मीरित्युच्यते। चतु:श्लोकी भाष्य, पृ.६

१३० यवनिका माया जगन्मोहिनी। चतु:श्लोकी–१

१३१ सत्तादिविशिष्टो भगवानेय श्रीरिति। चतु:श्लोकी भाष्य, पृ.४

१३२ श्री (स्त्री) रूपनित्यविग्रहान्तरविशिष्ट: स एवेयमिति। चतु:श्लोकी भाष्य, पृ.४

१३३ दैत्यमोहनभूमिकापरिग्रहन्यायेन स्वयमेव भोगार्थं परिगृहितकादाचित्कान्ताविग्रह: स एव श्रीरिति। चतु:श्लोकी, पृ. ४

१३४ भागवत एव स्वरूपैकदेश: पृथगहन्तया परस्परभोकतृत्वाय सर्वदा परिगृहीत–स्त्रीरूप: श्री शब्दार्थ:। चतु:श्लोकीभाष्य, पृ. ४

१३५ चतु:श्लोकीभाष्य, पृ. ५

१३६ अवतारपरिणामोपाधिभिन्नांरवादिन:। चतु:श्लोकीभाष्य, पृ.५

१३७ नन्वर्धलक्ष्मीकविग्रहयोग: श्रीपते: श्रियश्च विग्रहैक्यं स्वरुपैक्यं भेदाभेदं वा सूचयति। चतु:श्लोकी भाष्य, पृ. ५

१३८ ह्रीश्च ते लक्ष्मीश्च पत्न्यो। तै. आ. ३/१२/२

१३९ नित्यो नित्यानां चेतनश्चेतनानामेको बहुनां यो विदधाति कामान्। कठो. २/२/१३

१४० यथा सर्वगतो विष्णुस्थैवेयं जोत्तम। वि.पु. १/८/१७

१४१ शुभैकवासवचसां सर्वगत्वगिरामपि।
अभिमानविशेषाद्यैर्विषयः स्याद् व्यवस्थितः।।
''व्यापिनी सर्वगत्यादयाः ''सुसूक्ष्मे'' त्वादयस्तथा।
श्रीसमाख्या मिथो वैरं जहमुस्तात्पर्यभेदतः।। चतुःश्लोकीभाष्य, पृ. १६

१४२ चतुःश्लोकीभाष्य, पृ. १७

१४३ विभुस्वभावस्येश्वरस्य अघटितघटनासामर्थ्याद्गुणताम्,
तथाऽणुस्वभावा एव तस्या विभुत्वमिति। चतुःश्लोकीभाष्य, पृ. १७

१४४ अन्येषां नित्यानां स्वरूपतो गुणतश्च स्वतिशयत्वेन व्यावृत्तत्वं,
लक्ष्म्यास्तु स्वरूपतो निरतिशयत्वेऽपि पारतन्त्र्यावियोगात् गुणतः स्वतिशयतया व्यावृत्तता युज्यते।
चतुःश्लोकीभाष्य, पृ.१८

१४५ अतो जीवत्वेऽप्यस्याः स्वरूपविभुत्वेन पतिस्वरूपानुरूप्यमिति। चतुःश्लोकी भाष्य, पृ. १८

१४६ चतुःश्लोकीभाष्य, पृ. १७

१४७ चतुःश्लोकीभाष्य, पृ. १७

१४८ चतुःश्लोकीभाष्य, पृ. १७

१४९ चतुःश्लोकीभाष्य, पृ. १८

१५० चतुःश्लोकीभाष्य, पृ. १८

१५१ तदिदं पक्षत्रयमन्योन्यमनतिविप्रकृष्टम्। जीवादिसमाख्यानिवेशे तु मिथो विवादः। चतुःश्लोकीभाष्य, पृ. १८

१५२ स्वतन्त्रयतिनित्येच्छासिध्धं सर्वमिदं श्रियः। चतुःश्लोकीभाष्य, पृ. १९

१५३ नरसम्बन्धिनो नाराः। अहि. सं. ५२-५०

१५४ चतुःश्लोकीभाष्य, पृ. १९

१५५ चतुःश्लोकीभाष्य, पृ. १९

१५६ पञ्चस्वेतेषु पक्षेषु कश्चिदेकः प्रमाणवान्।
सलक्ष्मीकस्य साम्राज्यं सर्वथासुप्रतिष्ठितम्। चतुःश्लोकी भा. पृ. १९

१५७ शरणागतिगद्य-१

१५८ जगद्धात्री... त्वं विष्णुवल्लभे ।वि.पु. १/૯/१૩२
एषैवे सृजते काले सैषा पाति जगत्त्रयम् ।
जगत्संहरते च्वन्ते तत्तत्कारणसंस्थिता ।लक्ष्मीतन्त्र १/३૯, ૪૦
ईश्वरी सर्वभूतानां........ ।

१५९ ल.स. १८।३३, ३/१९, ५/१२, २२/४०, १/९, १०/८, १०/१०

૧૬૦ किमपि विशदयन्त्या कृत्स्नवेदार्थतत्त्वम् । ल.स. २३/६

૧૬૧ सरसिजनिलयापि वैभवेन स्फुरसि निरेनसि मानसे मुनीनाम् ।
उरसि मुररिपोरुपोढहारे शिरसि च देवि गिरां पुरातनीनाम् । ल.स. ३/१९

૧૬૨ ल.स. २३/२६

૧૬૩ ल.स. ४/१६

૧૬૪ अविशेषमशेषशेषिभावं युवयोर्यद्यपि वर्णयन्ति सन्तः ।
तनये जलधेर्मिथः प्रतीतस्तदपि स्वामिनि शेषशेषिभावः ।। ल.स. १०/३

૧૬૫ अत्र सर्वभूतेश्वरत्वादिवचनसाम्यादस्या - गुणभाव उभयेच्छाप्रयुक्त इति केचिदाहः । चतुःश्लोकी भाष्यपृ. १९

૧૬૬ इच्छाऽर्जितबहुदेहान् ईशानां लोकानाम् । ल.स. १०/१९

૧૬૭ ल.स. २२/३३

૧૬૮ नित्यैषा जगन्माता विष्णौः श्रीरनपायिनी ।
यथा सर्वगतो विष्णुस्तथैयेयं द्विजोत्तम् ।। विष्णुपुराण १/८/१७

૧૬૯ ल.स. १०/७

૧૭૦ परमात्माभिन्ना तन्मात्राधिना लक्ष्मीः । **મધ્વસિદ્ધાંતસાર પૃ.૨૬ - બલદેવ ઉપાધ્યાય, ભારતીય દર્શન ખંડ-૧, પૃ. ૬૨૭નું અવતરણ**

૧૭૧ ब्रह्मा शिवः सुरादयाश्च शरीरक्षरणात्क्षराः ।
लक्ष्मीरक्षरदेहत्याक्षरा तत्परो हरिः ।। सर्वदर्शनसंग्रह, पृ. २७८

૧૭૨ सर्वदर्शनसंग्रह, पृ. २७३-२७४

૧૭૩ अस्ति कर्मार्हफलवे पत्यौ कृत्यद्वयंश्रियः ।
निग्रहाद् वारणं काले सन्धुक्षणमनुग्रहे ।। चतुःश्लोकीभाष्य पृ.१२

૧૭૪ संसृत्यक्षरवैष्णवाध्वस्तु नृषां संभाव्यते कर्हिचित्। चतुःश्लोकीभाष्य पृ. १३

૧૭૫ चतुःश्लोकीभाष्य पृ. १४

૧૭૬ चतुःश्लोकीभाष्य पृ. १५

૧૭૭ मोक्षप्रदे भगवति मुमुक्षूणां घटकतयैषा तिष्ठतीति च सर्वसम्मतम् । चतुःश्लोकीभाष्य पृ.१५

૧૭૮ चतुःश्लोकीभाष्य पृ.१५

૧૭૯ श्रीस्तुति, ९

૧૮૦ लक्ष्म्या सह हृषीकेशो दैव्या कारुण्यरूपया ।
रक्षकः सर्वसिद्धांते वेदान्तेऽपि च गीयते ।। लक्ष्मीतंत्र - २८/१४

૧૮૧ श्रुणाति निखिलान् दोषाञ्छ्रीणाति च गुणैर्जगत्।
श्रीयते च्वखिलैर्नित्यं श्रयते च परं पदम् ।। अहि सं. ५१/६१-६२

૧૮૨ શ્વેતાશ્વતર ઉપ. ૫/૧

૧૮૩ मुडको. ३/१/९

૧૮૪ श्री निवासदास, यतीन्द्रमतदीपिका, ८

૧૮૫ प्रबुद्धनित्यनियाम्यनित्यदास्यैकरास्वत्मस्वभावोडहं... रामानुज, श्रीरंगगद्य

૧૮૬ वेदान्तदेशिक, श्रीरंगगद्यभाष्य पृ. १७७-१७८

૧૮૭ बध्धमुक्तनित्यरूपेण जीवानां त्रैविध्यम् ।
वेदान्तदेशिक, श्रीरंगगद्यभाष्य पृ. १७८

૧૮૮ दृष्टव्य, प्रस्तुत प्रबंध, पान नं.

૧૮૯ न निन्दितं कर्म तदस्ति लोके सहस्रशो यन्न मया व्यधायि । सोऽहं विपाकावसरे मुकुन्द क्रन्दामि सम्प्रत्यगतिस्तवाग्रे ।। स्तोत्ररत्न, २३

૧૯૦ स्तोत्ररत्न, ४७

૧૯૧ सत्कर्म नैव किल किंचन संचिनोमि
विद्याऽप्यवद्यरहिता न च विद्यते मे ।
किंच त्वदञ्चितपदाम्बुजभक्तिहीनः
पात्रं भवामि भगवन् भवतो दयायाः ।। श्रीवैकुण्ठस्तव, ८८

૧૯૨ वरदराजस्तव, ८२

૧૯૩ देवनायकपंचाशत्, ९

૧૯૪ ल.स. ८/५१

૧૯૫ आप्तीकृतानाममुकेन विन्दन्मुदा मुकुन्देन सदादृतानाम् ।
शुचिद्विजानां ननु तावकानां मुक्ताडकृतिर्विश्वसवित्रि युक्ता ।। ल.स. ५/८८

૧૯૬ तैत्तिरीयोपनिषद, शिक्षावल्ली, षष्ठअनुवाक

૧૯૭ ल.स. ३/१२

૧૯૮ तैत्तिरीयोपनिषद - भृगुवल्ली, दशम अनुवाद

૧૯૯ अन्नादोऽहमितीव गीतनिनदैः श्रुत्यन्तसंचारभिः ।
कृष्णाकारजुषोऽत्र केचिदनिशं नन्दन्ति ब्ध्वा रसम् ।। ल.स. १८।१०

૨૦૦ ल.स. ११/११, ४/१७, ११/१७, २४/७

૨૦૧ कृतस्त्वया देवि कृपाकटाक्षलैशैरहं श्लोककृदर्भकोऽपि ।
परंत्वहं श्लोककृदित्यभीक्ष्णं कदा नु गायेयमिति प्रतीक्षे ।। ल.स. २३/१२

૨૦૨ भोग्यभोकृवर्गभोगोपकरणभोगस्थानरूपनिखिलजगत् - रामानुज, शरणागतिगद्य

૨૦૩ अशेषचिदचिद्वस्तु शेषिभूतः । रामानुज, शरणागतिगद्य

૨૦૪ स्वाधीनत्रिविधचेतनाचेतनस्वरूपस्थितिप्रवृत्तिभेदम्.... रामानुज, श्रीवैकुंठगद्य-२

૨૦૫ रामानुज, श्रीभाष्य, पृ. १०५

૨૦૬ ल.स. ८/५४

૨૦૭ મુંડકોપનિષદ ૧/૧/૬, ૨/૧/૨,૩

૨૦૮ विश्वसर्गादिलीलया वेंकटब्रह्मणे नमः। ल.स. १/१

૨૦૯ લ.સ. ૧૫/૨૨

૨૧૦ લ.સ. ૨૧/૩૬

૨૧૧ जगतां नियन्तुः । ३/४, विश्वविभोः। ल.स. १/१५

૨૧૨ कस्योदरे हरिविरिंचिमुखः प्रपंचः
को रक्षतीममजनिष्ट च कस्य नाभैः।
क्रान्त्वा निगीर्य पुनरुद्गिरति त्वदन्यः
कः केन चैष पश्चानिति शक्यशङ्कः।। स्तोत्ररत्न, १७

૨૧૩ स्वाधीन.... नित्यकिंकरो भवानि। श्रीरंगगद्य,१

૨૧૪ ल.स. २।/४, ४/२-३, ६/३९, १४/१४,२४

૨૧૫ श्रीवैकुण्ठगद्यम् - ४

૨૧૬ श्रीवैकुण्ठगद्यम् - ४

૨૧૭ स्वाभाविकानवधिकातिशयज्ञानबलैश्वर्यवीर्यशक्तितेजः
प्रभुत्य संख्येयकल्याणगुणगणौधमहार्णवम्......। श्रीवैकुण्ठगद्यम्-२

૨૧૮ ल.स. ५/३८, ५/५७

૨૧૯ ल.स. १/१०,

૨૨૦ ल.स. २/१, २/३, ३/१७

૨૨૧ ल.स. ३/१६, ३/२०

૨૨૨ व्यूहश्चतुर्विधो वासुदेवसंकर्षणप्रद्युम्नानिरुध्धसंज्ञकः । माध्वाचार्य, सर्वदर्शनसंग्रहः पृ.२२३

૨૨૩ लक्ष्मीतंत्र, अध्याय २ श्लोक-५३-५५

૨૨૪ चतुराऽकृतिलक्षणाऽभिरामा परदेवस्य गुणान् प्रकाशयन्ती । ल.स.२३/७

૨૨૫ विश्वाऽतीति जयति वृजिनहासदो वासुदेवः । ल.स. ३/११

૨૨૬ ल.स. ८/३७

૨૨૭ सुतस्ते स्मरः । ल.स. ८/१६७

૨૨૮ विभवो हि नाम रामकृष्णादि प्रादुर्भावगणः । श्रीभाष्य - २/२/४१

૨૨૯ पादुकासहस्रम्, पद्धतिः ११
लक्ष्मीसहस्रम्, स्तवकः ४

૨૩૦ ल.स. २१/४

૨૩૧ ल.स. २१/३

૨૩૨ देवो देवि त्वय्यसौ दानवानां हन्ता हन्ताऽमन्दरागं दधा यः ।
धर्म कौर्मं धारयंस्त्वत्सहायो मातः सोऽयं मन्दरागं दधाति ।। ल.स. २१/५

૨૩૩ मेकडोनल, वैदिक माईथोलोजी पृ. ७७

૨૩૪ ल.स. २१/६

२३५ ल.स. २१/७

२३६ मेकडोनल, वैदिक माइथोलोजी पृ. ७२

२३७ ल.स. २१/१३

२३८ ल.स. २१/१८

२३९ ल.स. २१/१७

२४० विभ्राणि स्वधितिं समिद्धरणतो मन्युप्रपोषक्षमं
लोकशास्त्रविचक्षणे नृपकुलेज्याकर्मसंस्थाकरे ।
भेजाते ननु दुर्धताऽर्थधटिनि त्वद्वीक्षणाद्भार्गवे
सामानाधिकरण्यमर्णवसूते ब्राह्मण्यराजन्यते ।। ल.स. २१/१९

२४१ ल.स. २१/२५

२४२ श्यामा त्वमम्ब दयितश्च तवैष कृष्णो
गाङ्गेययोगमुदिता स च रुक्मिणीशः ।
त्वं स्वादुवाक् स च युवा मधुरादितश्री-
र्दाम्पत्यमेतदनुरूपमतो मिथो वाम् ।। ल.स. २१/२६

२४३ ल.स. २१/२७-२८

२४४ દશાવતારના વિવેચન માટે દ્દષ્ટવ્ય :
लक्ष्मीसहस्रस्तोत्रम् - एक अध्ययन : डॉ. मणिभाई प्रजापति
१ पी.वी. काणे, धर्मशास्त्र का इतिहास, प्रथम भाग पृ. ३९४-३९८
२ ए. बी. कीथ, वैदिक धर्म एवं दर्शन, प्रथम भाग (मोतीलाल बनारसी दास)
३ मैकडोनल, वैदिक माइथोलोजी (चौखम्बा)
४ डॉ. कपिलदेव पाण्डेय, मध्यकालीन साहित्यमें अवतारवाद पृ. १४१-१६८
५ बलदेव उपाध्याय, पुराणविमर्श, पृ. १६३-१९७
६ दुर्गाशंकर के. शास्त्री, वैष्णवधर्मनो संक्षिप्त ईतिहास पृ. १५४-१५९
७ दुर्गाशंकर के. शास्त्री, पुराण विवेचन पृ. १२५-१३५

२४५ ल.स. २१/३१

२४६ ल.स. २१/३२, ३३

२४७ ल.स. २१/३४

२४८ कृष्णः केशो दृगेषा झषतनुरधरोमन्दरागं हि धत्ते
सौकर्य दोष्णि रेजे किल मुखहरिता मध्यमात्ता बलिश्रीः ।
रामाऽग्रयत्वं वपुश्रीः प्रथयति यमुनादर्पहृद्रोमवल्ली
धत्ते जड्धाऽभिरामश्रियमिह कलिह्वत्पदपद्मं तव श्रीः ।। ल.स. २१/३५

२४९ क्षेत्रज्ञानां हृदयमनिशं कज्जमाभोऽधिशेते । ल.स. ३/११

२५० परमः पुरुषः सदा विधत्ते पुरुषमध्यस्थितपुण्डरीकवासम् ।। ल.स. १८/२१
२५१ तत्रार्चा नाम प्रतिमादयः । सर्वदर्शनसंग्रह पृ. २२३
२५२ मध्यकालीन साहित्यमें अवतारवाद, पृ. ५४९
२५३ धर्मशास्त्र का इतिहास पृ. ३८८ से ३९८
२५४ मध्यकालीन साहित्यमें अवतारवाद, पृ. ५४८ से ५५६
२५५ श्रीवैष्णवमताब्जभाष्कर, ८/९
२५६ स्तोत्रसमुच्चय पृ. २३६ (अद्यार लायब्रेरी, अद्यार)
२५७ ल.स. उत्सवस्तबक

■

## પ્રકરણ : ૫
# વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં કાવ્યતત્ત્વ

**(અ) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રકાલીન સાહિત્યિક સ્થિતિ**

**(બ) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં રસાભિવ્યક્તિ :**

(૧) કાવ્યશાસ્ત્રનો શાંતરસ અને ભક્તિશાસ્ત્રીય ગ્રંથોનો ભક્તિરસ.
વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવસ્તોત્રોમાં ભક્તિરસનાં તત્ત્વોનું નિરૂપણ.

(૨) મધુરભક્તિરસ અને શૃંગારરસનો સમન્વય.

(૩) અન્ય ગૌણ-રસ : હાસ્યરસ, અદ્‌ભુતરસ, વીરરસ,
કરુણભક્તિરસ, રૌદ્રભક્તિરસ, ભયાનક ભક્તિરસ, બીભત્સભક્તિરસ.

**(ક) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં અલંકાર - નિરૂપણ**

(૧) સ્તોત્ર સાહિત્યમાં શબ્દાલંકાર - નિયોજનની પરંપરા

(૨) વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં શબ્દાલંકાર : શ્લેષ - વક્રોક્તિ - યમક

(૩) અર્થાલંકારો - ઉત્પ્રેક્ષા, કાવ્યલિંગ, રૂપક, વ્યતિરેક, વિરોધાભાસ વગેરે

**(ડ) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવસ્તોત્રોનું છંદોવિધાન**

**(ઈ) વિશિષ્ટાદ્વૈતી સ્તોત્ર-કવિઓની સૌંદર્ય-ભાવનાના સંદર્ભમાં કાવ્યશૈલી**

(૧) સ્તોત્રોમાં ઉપાસ્યના અંગ-સૌંદર્યનું વર્ણન

(૨) સૌંદર્યની કલ્પના અને નખશિખ - વર્ણનની પરંપરા

(૩) સ્તોત્ર તેમજ સ્તોત્રેતર સાહિત્યનાં કેટલાંક નખશિખ-વર્ણનો

(૪) કેટલાંક વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં પ્રાપ્ય નખશિખ વર્ણનોની ઉપમેય-ઉપમાન-યોજના

૧. વેદાંતદેશિતરચિત ‘દેવનાયકપંચાશત્’ સ્તોત્ર : વિષ્ણુનું કેશાદિપાદાન્ત વર્ણન

૨. વેંકદાધ્વરિતકૃત ‘લક્ષ્મીસહસ્ર’માં લક્ષ્મીનું કેશાદિપાદાન્ત વર્ણન

(૫) સંસ્કૃત સ્તોત્ર - સાહિત્યમાં બૃહત્તમસ્તોત્ર (‘લક્ષ્મીસહસ્ર’) દ્વારા બૃહત્તમ નખશિખ - વર્ણન આપનાર વિશિષ્ટાદ્વૈતી કવિ વેંકટાધ્વરીનું કાવ્ય - કૌશલ : એક વિશેષ અભ્યાસ

# પ્રકરણ : ૫
# વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં કાવ્યતત્ત્વ

## (અ) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રકાલીન સાહિત્યની સ્થિતિ :

ઈ.સ.ની ૧૧મી સદીથી ૧૭મી સદીના દાક્ષિણાત્ય સાહિત્યને રૂપ પ્રદાન કરવામાં મુખ્યત્વે ચાર બાબતોએ પ્રધાન ભાગ ભજવ્યો છે :

(૧) ભારવિ-માઘની અલંકૃત શૈલીનું અનુસરણ.

(૨) કવિઓનો રાજ્યાશ્રય

(૩) ભક્તિપ્રધાન દાર્શનિક સંપ્રદાયો

(૪) ધાર્મિક સંસ્થાઓ

અગિયારમીથી સત્તરમી સદીનો યુગ સાહિત્યિક વિપુલતાનો યુગ છે. તેમાં કાવ્ય, ભક્તિ અને દર્શન સંબંધી વિભિન્ન શાખાઓમાં વિપુલ પરિમાણમાં સાહિત્ય-સર્જન થયું. મોટાભાગના કવિઓએ પરંપરાથી નિર્ધારિત સાહિત્યિક રૂઢિઓને સ્વીકારી, પરિણામે વિષય - નાવીન્ય અને વૈવિધ્ય ઉપેક્ષિત રહ્યું. ભારવિ, ભટ્ટી અને માઘ દ્વારા પ્રસ્થાપિત અલંકૃત શૈલીના સાહિત્યિક માનદંડ કેન્દ્રવર્તી બની રહેવાથી કાવ્યસર્જનમાં પ્રણાલિકાને અનુસરવામાં જ કવિવૃત્તિ ગૂંથાઈ રહી. વિષયની એકરૂપતામાં અનેકરૂપતા ભાસિત કરવાના પ્રયાસમાં કવિઓએ વિચિત્રમાર્ગ - અલંકૃત શૈલીને કાવ્યનું પ્રાણતત્ત્વ માની તેની જ આળ-પંપાળ કરી. પરિણામે કાવ્યમાં ભાવોની સાહજિકતા અને ઋજુતાને સ્થાને કૃત્રિમતા અને કિલષ્ટતાએ પ્રવેશ કર્યો. કવિતા-કામિનીને શાબ્દિક ચાતુર્યને બળે વિવિધ રીતે અલંકૃત કરવા કષ્ટ સાધ્ય માર્ગો અપનાવાયા. પરિણામે બૌદ્ધિક ક્રીડા અને પ્રયત્નસાધ્ય માનસિક વ્યાપાર - સભર વિભિન્ન ચિત્રકાવ્યો તેમજ શ્લેષ - યમકાદિ સભર બહુલાર્થક કે અનેકાર્થક કાવ્યો લખાયાં. કવિત્વનો હૃદય સાથેનો સંબંધ અલ્પ અને બુદ્ધિ સાથેનો ગાઢ સંબંધ સ્થપાયો. કવિઓ દર્શનશાસ્ત્રોના ગંભીર અધ્યતાઓ પણ હતા તે કારણે, પાંડિત્ય - પ્રદર્શનવૃત્તિ પણ કવિતામાં પ્રધાન બની. એ યુગમાં કવિતા 'વિદુષી' બની શકી, પણ 'હૃદયવતી'ના ગૌરવાસ્પદ સ્થાનેથી તે ચલિત થઈ. કવિની અનુભૂતિ પર અભિવ્યક્તિ કળાએ વિજય પ્રાપ્ત કર્યો. આથી અંતઃ સૌન્દર્ય ગુમાવી કાવ્ય બાહ્ય સાજ-સજાવટની નિષ્પત્તિમાં બંધાઈ ગયું. શાબ્દિક ચમત્કાર, ચિત્રબન્ધો, શબ્દોની વ્યાકરણગત કરામતો, જટિલ છંદોવિધાન વગેરે સાહિત્યનાં પ્રમુખ તત્ત્વો બની રહ્યાં. ભાવપ્રવણત્વ કરતાં બુદ્ધિ અને ચમત્કારના ઉન્મેષમાં ઘણા ખરા કવિઓ દ્રઢચિત્ત રહ્યા.

આમ હોવા છતાં આવા કાવ્યની ઉપેક્ષા કરવી, એ સાહિત્ય પરીક્ષણમાં સંકુચિત મનોવૃત્તિ ગણાય. સામયિક પરિસ્થિતિના સંદર્ભમાં સાહિત્ય યુગે યુગે નવલાં રૂપ ધારણ કરે છે. સાહિત્યક કૃતિમાં ભાવ અને કલા બંનેનું મહત્ત્વ

છે. એવું બનતું રહ્યું છે કે કોઈ યુગમાં ભાવપક્ષ પ્રબળ હોય અથવા બને છે, તો કોઈ યુગમાં કલાપક્ષ. આપણા વિવેચ્ય યુગ (ઈ.સ. ૧૧મી સદીથી ૧૫મી સદી) કવિતામાં કલાપક્ષ પ્રધાન હોવા છતાં ભાવપક્ષની તદન ઉપેક્ષા થઈ છે, તેવું કહી શકાય તેમ નથી; કેમકે દક્ષિણ ભારતમાં આ સમયે એવા ઘણા જ્ઞાત-અજ્ઞાત શૈવ-વૈષ્ણવ ભક્તકવિઓ થયા, જેમણે પોતાનાં સ્તોત્રો દ્વારા ભાવોની ઋજુતાનો અનુભવ કરાવ્યો છે. સૌરભની અનુભૂતિ વેળાએ સૌરભ ધરાવનાર પુષ્પવિશેષની કલાત્મક આકૃતિની પણ અપેક્ષા રહે છે. દાક્ષિણાત્ય સ્તોત્ર - કવિઓએ આ સનાતન મનોવૃત્તિનું દર્શન પોતાની કૃતિઓ દ્વારા કરાવ્યું છે. ભાવસૌરભના આધારરૂપ પદ (શ્લોક)ની પુષ્પ જેવી કલાત્મકતા પણ અનિવાર્ય છે. એ આદર્શ ઘણા કવિઓએ સ્વીકારીને પોતાની અનુભૂતિઓને કલાના માધ્યમથી કંડારી છે. આપણા વિવેચ્ય કવિઓમાંથી યામુન, વેદાંતદેશિક અને વૈંકટાધ્વરી આવા કવિઓના પ્રતિનિધિરૂપ છે. તેમણે 'પાદુકાસહસ્ર' અને 'લક્ષ્મીસહસ્ર' જેવી સ્તોત્રકૃતિઓના માધ્યમથી સાહિત્યમાં ભાવ અને કલા બંનેની આવશ્યકતાનો આદર્શ ઉપસ્થિત કર્યો છે. આખરે તો કાવ્યાદર્શ પણ લોકમનોવૃતિને અનુરૂપ સ્વરૂપ ધારણ કરે છે.

કાવ્યમાં ચમત્કાર પ્રધાનતાના સંનિવેષનું એક કારણ કવિઓનો રાજ્યાશ્રય પણ છે. સાહિત્ય - ક્ષેત્રે આ યુગના કેટલાક રાજવીઓનું પ્રદાન પ્રશંસનીય છે. આવા રાજવીઓ સ્વયં કવિ અને વિદ્વાન હોવા ઉપરાંત તેઓ કવિઓને રાજ્યાશ્રય પણ આપતા, તેથી આ યુગના કવિ-વિદ્વાનો મુખ્યત્વે રાજ્યાશ્રિત રહ્યા છે. વિશિષ્ટાદ્વૈતી કવિ વેંકટાધ્વરી પણ રાજાઓની સભાઓમાં વાદ-વિવાદી કવિ-પંડિત તરીકેનું સ્થાન ધરાવતા હતા, તેની નોંધ આપણે તેમ જીવન-વૃત્તમાં લીધી છે. તેથી જ તેઓ ચતુર અને સુખાકાંક્ષી મનુષ્યને રાજ્યસભામાં જવાની અને કવિઓએ રાજાઓનો આશ્રય લેવાની સલાહ આપે છે.[૧] રાજવી સાથે કવિએ કેવો ભદ્ર વ્યવહાર કરવો તેનું નિરૂપણ કરતાં તે કહે છે કે અનભિજ્ઞ રાજવી, ઉચિત કહે કે અનુચિત, પણ સદૈવ તેની પ્રશસ્તિ કરવી.[૨]

ઈ.સ.ની ૧૫ થી ૧૭મી સદી દરમિયાનના સંપૂર્ણ સાહિત્યમાં મહદંશે સમાન - પ્રવૃત્તિઓનું દર્શન થાય છે. તેનું કારણ પણ સાહિત્યનો રાજ્યાશ્રય છે. દરબારોના વિલાસી વાતાવરણથી શૃંગાર, અને રાજવીઓની તેમજ સહૃદયોની ચમત્કારપ્રિયતાને કારણે શાબ્દીક્રીડા, આ બે લક્ષણો તત્કાલીન લગભગ સંપૂર્ણ ભારતીય કાવ્યમાં પરિલક્ષિત થાય છે. આ સદીની 'પાદુકાસહસ્ર' અને 'લક્ષ્મીસહસ્ર' જેવી સ્તોત્ર-કૃતિઓ પણ તેનું નિદર્શન છે. બંનેમાં ચમત્કારપ્રધાન શાબ્દી ક્રીડાઓ, યમકાદિ ચિત્રબંધો વગેરેની ભરમાર છે.

દક્ષિણમાં વિજયનગરનું રાજ્ય સાહિત્યના સંરક્ષક અને પોષક તરીકે ઉજ્જવળ કીર્તિ પ્રાપ્ત કરે છે. તે સામ્રાજ્યના રાજવી કૃષ્ણદેવરાય (ઈ,સ. ૧૫૦૯-૧૫૨૯) સ્વયં કવિ હતા. તેમણે સંસ્કૃત તેમજ તેલુગુ કાવ્યોની રચના કરીને સાહિત્ય - ક્ષેત્રને પ્રોત્સાહિત કર્યું. પોતાના દરબારમાં સંસ્કૃત તેમજ દાક્ષિણાત્ય ભાષાઓના કવિઓને તેમજ વિભિન્ન લલિતકલાઓના વિદ્વાનો, કલાકારોને આશ્રય આપી તેમણે સાંસ્કૃતિક ક્ષેત્રને સમૃદ્ધ બનાવવામાં મૂલ્યવાન સહયોગ આપ્યો. 'દરબારોમાં કવિઓનું સન્માનપાત્ર સ્થાન હતું પરિણામે આ યુગમાં સમસ્ત કળાઓની આશાતીત ઉન્નતિ થઈ.[૩] '' કૃષ્ણામાચારિયર નોંધે છે કે વિજયનગર સામ્રાજ્યના રાજવીઓ દ્વારા આશ્રયપ્રાપ્ત વિદ્વાનોએ પોતાની કૃતિઓથી સંસ્કૃત સાહિત્યને ચાર સદી દરમિયાન અલંકૃત કર્યું. કૃષ્ણામાઅરિયર સાહિત્યના સંરક્ષક - સંવર્ધક રાજવીઓ અને તેમના દરબારોમાં આશ્રયપ્રાપ્ત કવિ વિદ્વાનોની સવિસ્તર નોંધ પણ આપે છે.[૪]

આ રાજ્યાશ્રિત કવિ વિદ્વાનોમાં સાયણ (૧૬મી સદી), અગસ્ત્ય વિદ્યાનાથ (૧૩-૧૪મી સદી), કવયિત્રી તિરુમલમ્બા (૧૬મી સદી) ડિન્ડીમ કવિઓ, અય્યય દીક્ષિત (ઈ.સ. ૧૫૫૪-૧૬૨૬) વગેરે નોંધપાત્ર છે. તેમણે સાહિત્ય અને શાસ્ત્ર બંનેની વિભિન્ન વિદ્યાઓના અનેક ગ્રંથોનું સર્જન કર્યું. આશ્રયદાતા રાજવીઓમાં આરવીડુ-વંશ (ઈ.સ. ૧૫૪૨-૧૬૭૫)ના રાજવીઓ પણ નોંધપાત્ર છે. એમના શાસનકાળમાં તેલુગુ તેમજ સંસ્કૃત સાહિત્યની ઉન્નતિ થઈ અને સંગીત, નૃત્ય, નાટક, વ્યાકરણ, દર્શન જેવી જ્ઞાનની અનેક શાખાઓનો વિકાસ થયો અને વિપુલ સંખ્યામાં ગ્રંથો રચાયા.[૫] વિજયનગરના રાજવી અચ્યુતરાયે (ઈ.સ. ૧૫૩૦-૧૫૪૨) પણ રાજનાથ તૃતીય જેવા કવિઓને આશ્રય આપી સાહિત્ય વિસ્તરણમાં સહયોગ આપ્યો. રાજા વેંકટદેવ (ઈ.સ. ૧૫૮૬-૧૬૧૩)ના આશ્રિત અપ્યય દીક્ષિત તો અનેક કૃતિઓના કર્તા તરીકે સુપ્રસિદ્ધ છે.

તાંજોરના નાયક રાજાઓમાં રઘુનાથ (ઈ.સ. ૧૬૧૪)નું સાહિત્ય ક્ષેત્રે પ્રદાન મૂલ્યવાન છે. તે વિદ્વાન અને કવિઓનો આશ્રયદાતા હતો. તેના દરબારી પંડિત - કવિઓમાં કૃષ્ણકવિ, મધુરવાણી (કવયિત્રી), ગોવિંદ દીક્ષિત, યજ્ઞનારાયણ, વેંકટમખી, રાજચૂડામણિ દીક્ષિત, કૃષ્ણાધ્વરી વગેરે જાણીતા છે. મદુરાના તિરુમલ નાયકના પ્રધાન નીલકંઠ (વેંકટાધ્વરીના સહાધ્યાયી)નું નામ પણ સાહિત્યક્ષેત્રે ઉજ્જવળતાને પામ્યું છે. આ ઉપરાંત ત્રાવણકોર, ત્રિવેન્દ્રમ, કાલીકટ વગેરેના રાજવીઓ પણ કવિઓના આશ્રયદાતા હતા.

શૃંગાર-વિલાસપ્રિય રાજવીઓ દ્વારા પોષાતા-સેવાતા સાહિત્યમાં વિલાસની ભાવના સંક્રાન્ત થાય એ સ્વાભાવિક છે. તેથી આ યુગના સંસ્કૃત, તેલુગુ વગેરે સાહિત્યમાં શૃંગાર વર્ણનની પરિપાટી પૂર્ણમાત્રામાં અસ્તિત્વમાં આવી. મંદિર-મઠોનું વાતાવરણ વિલાસિતાની ભાવનાથી દૂષિત થયાં હતાં. વૈષ્ણવાચાર્યોનો પણ સામન્તવાદી રાજાઓના દરબારોનો સંપર્ક રહ્યો છે. પરિણામે વૈષ્ણવ ભક્તો દ્વારા સર્જિત સ્તોત્રસાહિત્ય પણ શૃંગાર વર્ણનમાંથી મુક્ત રહી શક્યું નહિ. વિશિષ્ટાદ્વૈતી બંને સહસ્રશ્લોકી સ્તોત્રો 'પાદુકાસહસ્ર' તથા 'લક્ષ્મીસહસ્ર'માં સૌન્દર્ય સ્તબક અને શૃંગાર-સ્તબક આનાં ઉદાહરણ છે. ભક્તિ આંદોલન અને વિભિન્ન દાર્શનિક સંપ્રદાયો સાથે સંબદ્ધ ભક્તો અને વિદ્વાનોએ વિપુલ પ્રમાણમાં ધાર્મિક-દાર્શનિક સાહિત્યનું સર્જન કર્યું.

તત્કાલીન કાવ્યાદર્શ કવિ વેંકટાધ્વરી તથા વેદાંતદેશિકના કાવ્યવિષયક દૃષ્ટિકોણમાંથી અભિવ્યંજિત થાય છે. વેંકટાધ્વરી સાહિત્યમાં પણ પાંડિત્ય ઈષ્ટ લેખે છે. સાહિત્ય અને પાંડિત્ય બંનેની એકત્ર સ્થિતિ મૂર્ધન્ય પંડિતો દ્વારા પ્રશંસનીય બને છે, એવો તેમનો મત છે.[૬] વિદગ્ધા રમણી જે પુરુષમાં આસક્ત થાય તે જ પુરુષ સુંદર કહેવાય. એમ રસિક ભાવકનું ચિત્ત જેમાં અનુરક્ત થા, તે જ શ્લોક મનોહર કરી શકાય.[૭] તેમની દૃષ્ટિએ કવિત્વનું આભૂષણ ગાંભીર્ય છે.[૮] કાવ્યમાં વિદગ્ધતા અને મનોહારિતા બંનેનો સંયોગ આવશ્યક છે. એવો તત્કાલીન કાવ્યાદર્શ કવિ આ વિધાન દ્વારા વ્યક્ત કરે છે. એ યુગમાં કેવા કવિનું અને કાવ્યનું મૂલ્ય અંકાતું તેનો નિર્દેશ કરતાં તે કહે છે કે એક ઘટિકામાં જેની સો શ્લોક રચવાની કુશળતા છે, તેવો સાહિત્યશાસ્ત્રનો તત્ત્વવેત્તા અને બૃહસ્પતિ સમાન પ્રતિભાના ઉદયવાળો કવિ કવિવર્તુળમાં કૌતુક ઉત્પન્ન કરે છે.[૯] આમ શીઘ્ર કવિત્વશક્તિ, સાહિત્યશાસ્ત્રનું તત્ત્વજ્ઞાન અને નવોનવોન્મેષશાલિની પ્રતિભા જેવા ગુણો કવિમાં આવશ્યક છે, એવી માન્યતા પ્રવર્તતી હતી. ચમત્કાર દ્વારા કૌતુક-વર્ધક કવિતાનું મૂલ્ય અંકાતુ. તે યુગના શીઘ્ર કવિઓનો નિર્દેશ પણ વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકવિ વેંકટાધ્વરી કરે

છે.[૧૦] તેઓ સ્વયં આશુકવિ હતા. એનું નિદર્શન 'લક્ષ્મીસહસ્ર' સ્તોત્ર છે, કેમકે ક્વિંદન્તી જણાવે છે કે આ સ્તોત્રની રચના એમણે એક જ રાતમાં કરી નાખેલી.

આ યુગનું દરબારી કાવ્ય ચમત્કારસંપન્ન હતું. તેમાં શબ્દચયનચાતુરી દ્વારા હૃદયહારિતાનો ગુણ પ્રધાન છે. કવિઓ ચમત્કારયુક્ત અતિ રમણીય પદો દ્વારા રાજવીઓની સ્તુતિ કરતા.[૧૧] વાગ્વિલાસથી સભર કાવ્યમાં વાસ્તવિક કવિતાનો ઉચ્છેદ થાય છે, એવી માન્યતા વેંકટાધ્વરીએ પણ પોતાની પરિપક્વ અવસ્થામાં સ્વીકારી હતી. તેથી તેઓ કહે છે કે રાજવીઓ માટે પ્રયુક્ત વાગ્વિલાસ કે ચમત્કારસંપન્ન અને વસ્તુતત્ત્વ વિનાની વાણી તેમને ગમતી નથી.[૧૨] દરબારી કાવ્યોમાં વૈદગ્ધ્ય પૂર્ણમાત્રામાં છે. પણ તેમાં 'વસ્તુતત્ત્વ'નો અભાવ છે.

તે યુગના સાહિત્યમાં પાંડિત્યનું આધિક્ય એ કારણે પણ હતું કે તત્કાલીન કવિઓ વિવિધ શાસ્ત્રોના પંડિત હતા. યામુન, રામાનુજ, વેંકટાધ્વરી, વેદાંતદેશિક વગેરે પણ શાસ્ત્રવેત્તા પંડિત કવિ છે. તેઓ પોતાના પ્રદેશના ચોલ દેશને પંડિતોની ભૂમિ કહે છે. ઘરે ઘરે પ્રકાંડ પંડિતો હતા. તેઓ શાસ્ત્રવેત્તા અને વેદરૂપી ધનથી ધનવાન હતા.[૧૩] કાંચી નગરી પણ પંડિતોની નિવાસભૂમિ હતી. ત્યાંના ભક્તકવિઓનો વાણીપ્રવાહ સાક્ષાત્ સરસ્વતી દ્વારા પણ પ્રશંસાપાત્ર બનતો હતો.[૧૪] વેદ અને કલ્પસૂત્રમાં નિપુણ તે યાજ્ઞિક પંડિતો વેદાધ્યયનાદિની વ્યવસ્થા પણ કરતા, તાંજોરનગરીના વિદ્વાનો પણ ત્રણે વેદના આધારભૂત સ્મૃતિ-પુરાણ તેમજ કલાઓમાં પ્રવીણ તેમજ ન્યાય, વ્યાકરણ, પૂર્વમીમાંસા અને વેદાન્તશાસ્ત્રરૂપી સાગરના તળિયાને સ્પર્શ કરનાર હતા.[૧૫] શ્રીરંગ નગરીનું વાતાવરણ વિદ્યા-પાંડિત્યમય હતું. એનો પ્રભાવ કેવો હતો તેનું દર્શન કરાવતાં વેંકટાધ્વરી કહે છે કે આ નગરીરૂપી ગૃહોદ્યાનમાં ન્યાયશાસ્ત્રનિપુણ હંસ નિવાસ કરે છે. ક્રીડા-ઉપવનોમાં વિહાર કરનાર કોકિલ પતંજલિના 'વ્યાકરણ મહાભાષ્ય'ની વાણીથી ક્રીડા કરે છે, ક્રીડામયૂર જીવ - ઈશ્વર - ભેદ કે બંનેના ઐક્યની સ્પષ્ટ કથાઓ કહે છે અને સારિકાઓ યથેચ્છ વારંવાર મીમાંસાશાસ્ત્રની કારિકાઓ ઉચ્ચારે છે.[૧૬]

## (બ) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં રસાભિવ્યક્તિ :

### (૧) કાવ્યશાસ્ત્રનો શાંતરસ અને ભક્તિશાસ્ત્રીય ગ્રંથોનો ભક્તિરસ

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં ભક્તિ, દર્શન અને કાવ્ય ત્રણેયનો સમન્વય થયો હોઈ એમાં કાવ્યશાસ્ત્રીય સિદ્ધાંતો ભક્તિ અને દર્શનની છાયામાં પલ્લવિત થયેલ અનુભવી શકાય છે. આચાર્ય શંકર નવરસ સ્વીકારતા હોય એવું સૌન્દર્યલહરીના વર્ણનથી પ્રતીત થાય છે.[૧૭] વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકવિ વેંકટાધ્વરી પણ 'નવરસમાર્ગી' છે.[૧૮] તેથી આઠ રસ ઉપરાંત નવમા કાવ્યશાસ્ત્રીય 'શાન્ત' રસને પણ તેઓ સ્વીકારે છે, જે તેમના જેવા ભક્તકવિ માટે ઉચિત છે, સ્વાભાવિક છે. ભારતીય કાવ્યશાસ્ત્રીઓ ભક્તિરસને સ્વતંત્ર નવમા કે દશમા રસ તરીકે માન્યતા પ્રદાન કરતું નથી, પરંતુ તેને શાંતરસના અંગ તરીકે, એક ભાવરૂપે સ્વીકારે છે.

સંસ્કૃત કાવ્યશાસ્ત્રની રસ-પરંપરામાં 'ભક્તિરસ'ને સ્થાન નથી. અષ્ટરસવાદી આચાર્ય ભરત રસ-ચર્ચામાં ભક્તિ કે ભક્તિરસનો નિર્દેશ કરતા નથી. સર્વપ્રથમ આચાર્ય દંડી (ઈ.સ.ની સાતમી સદી) ભક્તિનો ઉલ્લેખ કરી, તે ભક્તિને તેઓ 'પ્રેયસ' અલંકારની અંતર્ગત માને છે. દંડીના મતે ભગવત્પ્રીતિ એક પ્રિયતર સ્થાયીભાવ છે અને

ભક્તિનો એવો ભાવ રસ નથી, પરંતુ 'પ્રેયસ' અલંકાર છે.[૧૯] આચાર્ય રુદ્રટ (નવમી સદીનો ઉત્તરાર્ધ) 'પ્રેયાન' નામનો નવીન રસ સર્વપ્રથમ બતાવે છે. તેનો સ્થાયી ભાવ 'સ્નેહ' છે.[૨૦] ભરત નાટ્યશાસ્ત્ર ઉપરની અભિનવ ભારતી ટીકા લખનાર આચાર્ય અભિનવગુપ્ત (દશમી-અગિયારમી સદી) નવમા રસ તરીકે શાંતનો સ્વીકાર કરે છે, પરંતુ ભક્તિરસનો નિષેધ કરીને ઈશ્વરોપાસના વિષયક ભક્તિ કે શ્રદ્ધાને તેઓ સ્મૃતિ, મતિ, ધૃતિ ઈત્યાદિના સંચારી ભાવોમાં સમાવિષ્ટ કરીને તેને શાંતરસના અંગ રૂપે દર્શાવે છે. તેની ગણના જુદા રસ તરીકે કરતા નથી. આમ અભિનવગુપ્ત ભક્તિ કે ભક્તિરસનો સમાવેશ શાંતરસમાં કરી દે છે.[૨૧] મમ્મટ (૧૨મી સદી) શાન્તરસના સ્થાયીભાવ તરીકે નિર્વેદને બતાવી 'દેવાદિવિષયારતિ' એટલે કે દેવ, મુનિ, ગુરુ પુત્રાદિવિષયક રતિને વ્યભિચારી ભાવોથી પરિપુષ્ટ 'ભાવ-ધ્વનિ' તરીકે ઓળખે છે.[૨૨] 'દશરૂપકકાર' ધનંજય પણ અભિનવગુપ્તને અનુસરી ભક્તિ, પ્રીતિ ઈત્યાદિ ભાવોને હર્ષ, ઉત્સાહ ઈત્યાદિ સંચારી કે સ્થાયીભાવોમાં અંતર્ભૂત હર્ષ, ઉત્સાહ ઈત્યાદિ સંચારી કે સ્થાયીભાવોમાં અંતર્ભૂત કરી દે છે.[૨૩] આચાર્ય વિશ્વનાથ મમ્મટના મતને માન્ય રાખી ભક્તિને ભાવ-માત્ર બતાવે છે.[૨૪]

ભક્તિરસ સંબંધી પંડિતરાજ જગન્નાથનું મંતવ્ય કંઈક વિચિત્ર કહી શકાય તેવું છે. પ્રથમ તો તેઓ ભક્તિરસનાં સર્વતત્ત્વો બતાવીને તેનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે, પરંતુ ત્યારબાદ તેઓ ભરતમતને માન્ય રાખી નવરસવાદી બની જાય છે અને ભક્તિરસને ભાવની કક્ષામાં જ રાખે છે. જગન્નાથની દૃષ્ટિએ ભક્તિરસના આલંબન વિભાવ તરીકે ભગવાન છે. ઉદ્દીપન વિભાવ તરીકે ભાગવતનું શ્રવણ છે. અનુભાવ તરીકે રોમાંચ, હર્ષ, અશ્રુ વગેરે છે. અને સ્થાયીભાવ તરીકે ભગવાન પ્રત્યેની અનુરાગ સ્વરૂપ ભક્તિ છે. ભક્તિરસનું સ્વરૂપ સમજાવ્યા પછી પણ તેઓ દેવ સંબંધી રતિને ભાવ માનવાના પક્ષમાં ઢળી જાય છે અને ભક્તિરસનો ભાવ તરીકે સ્વીકાર કરે છે. ભક્તિને રસ ન માનવાની દલીલ કરતાં પંડિત જગન્નાથ કહે છે કે જો દેવવિષયક રતિના આધારે ભક્તિને રસ માનવામાં આવે તો પુત્ર વગેરે સંબંધી રતિના આધારે વાત્સલ્ય વગેરે રસનો પણ સ્વીકાર કરવો પડે. એમ થતાં આખું રસશાસ્ત્ર અવ્યવસ્થિત થઈ જાય છે.[૨૫]

કાવ્યશાસ્ત્રના પ્રમુખ આચાર્યોના મતોનો નિષ્કર્ષ એ છે કે ભક્તિ એ માત્ર ભાવ છે, નહિ કે રસ. આનું કારણ એ છે કે ભક્તિરસ સંવેદ્ય ન હોવાથી અને તેમાં સાધારણીકરવાની પ્રક્રિયા શક્ય ન હોઈ તે માત્ર ભાવની કક્ષામાં આવી શકે, રસ બની શકે નહિ. પરંતુ ભક્તિનું નિરૂપણ કરતા ગ્રંથો અને આચાર્યો ભક્તિનું મહત્ત્વ દર્શાવી તેની રસવત્તા સિદ્ધ કરે છે. ભક્તિની વ્યાપકતા અને રસરૂપતા સ્થાપિત કરવામાં ભાગવત પુરાણ લગભગ સર્વ પ્રથમ છે. તેમાં અનેક સ્થળોએ ભક્તિરસની મહત્તા અને તેના સ્વરૂપની અભિવ્યક્તિ થઈ છે.[૨૬] અમૃતતુલ્ય ભાગવત-રસ અને તેનું પાન કરતા રસિક-ભાવિકોનું પણ નિરૂપણ થયું છે.[૨૭] આથી જ ભક્તિને નારદે 'પરમપ્રેમરૂપા' 'અમૃતસ્વરૂપા' તેમજ મહર્ષિ શાંડિલ્યે 'ઈશ્વર પ્રતિ પરમાનુરક્તિ કહી.[૨૮] આવા ભક્તિરસના પાનથી મનુષ્ય સિદ્ધ, અમર અને તૃપ્ત થઈ જાય છે.

ભાગવત તેમજ ભક્તિશાસ્ત્રના અન્ય ગ્રંથો વગેરેને આધારે ગૌડીય રસસંપ્રદાયના આચાર્ય રૂપગોસ્વામી (ઈ.સ. ૧૫મી સદી) એ કાવ્યશાસ્ત્રની પદ્ધતિથી ભક્તિરસના વિભાવાદિ સર્વ તત્ત્વોનું સવિસ્તર નિરૂપણ પોતાના 'ભક્તિ-રસામૃતસિન્ધુ' ગ્રંથમાં કર્યું છે. ભક્તિરસને તેમણે સ્વતંત્ર દશમા પરમ રસરૂપે માન્યો છે. રસનિષ્પત્તિની

પ્રક્રિયા સમજાવવામાં તેમણે ભરતના રસસૂત્રને ધ્યાનમાં લીધું છે. રૂપ ગોસ્વામીના મતે ભક્તિરસનો સ્થાયીભાવ ભગવદ્‌રતિ છે. આલંબન વિભાવરૂપે કૃષ્ણ અથવા તેમના ભક્ત છે. રૂપગોસ્વામી ગૌડીય વૈષ્ણવ સંપ્રદાયમાં દીક્ષિત હોઈ તેમણે બતાવેલા આલંબન વિભાવ સંપ્રદાયગત વિશિષ્ટ આરાધ્ય માન્યતાને આધારે છે. વાસ્તવમાં આલંબન તરીકે માત્ર કૃષ્ણ જ નહિ પણ વિષ્ણુના રામ કે અન્ય અવતારી સ્વરૂપોમાંથી ગમે તે હોઈ શકે.[૨૯] ભક્તિરસના ઉદ્દીપન વિભાવ તરીકે શ્રીકૃષ્ણનાં ગુણ, રૂપ ચેષ્ટાઓ, લીલાઓ, કેશકલાપ, આભૂષણો, માળા, તિલક, વેણુ, હાસ્ય, બંસરી, નૂપુર, શંખ, ભગવદ્‌ક્ષેત્ર, ઉત્સવદિન વગેરે છે. ભક્તિરસના કાયિક અનુભાવો સ્તોત્રોનું ગાન કરવું, નાચવું, કૂદવું વગેરે છે. જ્યારે સ્તંભ, સ્વેદ, રોમાંચ, કંપ, વૈવર્ણ્ય, અશ્રુ અને મૂર્ચ્છા એ ભક્તિરસના સાત્ત્વિક અનુભાવો છે. રૂપગોસ્વામી એ બતાવેલા ભક્તિરસના ૩૩ વ્યભિચારી ભાવો ભરતમુનિના નાટ્યશાસ્ત્ર પ્રમાણેના છે.

રૂપગોસ્વામી, સનાતન ગોસ્વામી જેવા ગૌડીય વૈષ્ણવાચાર્યો રાધા-કૃષ્ણને આલંબન વિભાગ તરીકે સ્થાપીને શૃંગારરસનું ભક્તિપરક નિરૂપણ કરીને મધુરરસનું સ્વરૂપ પ્રસ્થાપિત કરે છે. એને તેઓ મધુરભક્તિરસ પણ કહે છે.[૩૦] કૃષ્ણ તથા તેમની ગોપીઓ આલંબન વિભાવ છે. મુરલીધ્વનિ વગેરે તેના ઉદ્દીપન વિભાવ છે. કટાક્ષ, સ્મિત વગેરે અનુભાવ છે. તેમજ આળસ અને ઉગ્રતાને છોડીને અન્ય સર્વ તેના વ્યભિચારી ભાવ છે. મધુરરસનાં અલૌકિક શૃંગાર, ઉજ્જવલરસ, ભક્તિરસ વગેરે અન્ય નામ છે. ભક્તિશાસ્ત્ર શૃંગારપરક મધુરાભક્તિને શ્રેષ્ઠ બતાવે છે. રૂપ ગોસ્વામી જેવા આચાર્યોને અનુસરી પ્રસિદ્ધ શાંકરવેદાન્તી મધુસૂદન સરસ્વતી (ઈ.સ. ૧૪૯૦-૧૫૮૦) એ પણ 'ભક્તિરસાયન' ગ્રંથમાં ભક્તિરસની પ્રતિષ્ઠા કરી છે. વળી, તેમણે સ્પષ્ટ કર્યું છે કે શૃંગાર, કરુણ, હાસ્ય, ભયાનક, અદ્‌ભુત, વીર વગેરે રસોના આલંબન વિભાવ તરીકે ભગવાન હોય તો તે પણ તે પ્રકારનો ભક્તિરસ કહેવાય, એટલે કે કરુણભક્તિરસ, હાસ્યભક્તિરસ, અદ્‌ભુતભક્તિરસ વગેરે.

ભલે, ભક્તિરસને પાછળથી માન્યતા મળી, પરંતુ ભારતવર્ષમાં તો છેક વેદયુગથી ધાર્મિક સાહિત્ય રચાતું આવ્યું છે. એમાં વેદો, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો, રામાયણ, મહાભારત, પુરાણો, સ્તોત્રો વગેરેનો સમાવેશ થાય છે. ધર્મ, અધ્યાત્મપ્રધાન સાહિત્યકૃતિમાં સ્વાભાવિક રીતે ઉપસ્થિત દેવ, દેવી પ્રત્યે રતિ કે આસક્તિ હોય જ. ભગવાન પ્રત્યેની આવી રતિના વર્ણનમાં, એવી ભગવદ્‌રતિમાંથી સર્જાતો ભક્તિરસ સ્વાભાવિક રીતે જ નિષ્પન્ન થાય છે. આપણું આખું ધાર્મિક સાહિત્ય ભક્તિરસથી સર્જાયેલું છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં કોઈ દેવ કે દેવી પ્રત્યેના રતિભાવમાંથી નિષ્પન્ન ભક્તિરસની અનુભૂતિ સર્વત્ર થાય છે.

**★ વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં શાંતરસ અને ભક્તિરસ :**

ભક્તિરસની ઉપેક્ષા કરનાર કાવ્યશાસ્ત્રને અવગણીને ભક્તિશાસ્ત્રના ગ્રંથો ભક્તિ-અનુભૂતિની ગહનતા, આર્દ્રના અને મહત્તાના પરિપેક્ષ્યમાં ભક્તિની સ્વતંત્ર રસવત્તા સ્વીકારવાનો - સ્થાપવાનો પ્રયાસ કરે છે. આ પરિપાટીને અનુસરી વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકાર વેંકટાધ્વરી કહે છે. 'હું લક્ષ્મી ગુણવર્ણનના અમૃતરસથી આનંદિત થવા પ્રયાસ કરું છું. ચિંચાપત્રના રસથી કલુષિત જિહ્‌વાવાળો હું ઈક્ષુ-રસથી આનંદ માટે યત્નશીલ બન્યો છું.[૩૧] અહીં 'અમૃતરસ' અને ઈક્ષુ-રસ દ્વારા 'ભક્તિરસ'નો નિર્દેશ થયો હોય એમ પ્રતીત થાય છે. અન્ય રસ કરતાં ભક્તિરસની સર્વોત્કૃષ્ટતા અને મધુરતાનો સંકેત પણ અહીં અનુભવી શકાય છે. સાથે સાથે ભક્તિરસનું પ્રયોજન આનંદપ્રાપ્તિનું

છે. એ પણ કવિ આ વિધાન દ્વારા સૂચવે છે. ભગવદ્ભક્તિનો રસ નિર્મળ આનંદની - બ્રહ્માનંદની પ્રાપ્તિ કરાવે છે.[૩૨] આમાં કવિ જાણે ભક્તિરસનો ઉલ્લેખ કરે છે. શૃંગારરસનો આનંદ તો અદ્વૈતાનંદ જેવો છે. ''रसो वै सः'' એ શ્રુતિવચન અનુસાર રસ આનંદ સ્વરૂપ છે. વેંકટાધ્વરીની દૃષ્ટિએ લક્ષ્મી પણ 'રસધારા' છે.[૩૩] આવાં વિધાનો દ્વારા પણ કાવ્યશાસ્ત્રીય સ્વીકૃત તથ્ય રસની આનંદમયતા કે પરમાનંદત્વ (બ્રહ્માનંદ સહોદરતા) અભિવ્યક્ત થાય છે. કવિ પોતાની સ્તોત્ર વાણીને મધુરતર કદલી - ફળના રસને પ્રવાહિત કરનાર, સરસ્વતીના સ્નાનામૃતથી ચાતુર્યપૂર્ણ અને લક્ષ્મીગુણને દોહનાર માને છે.[૩૪] 'મધુરતર-કદલીરસ', 'સ્નાનામૃત' અને 'કથામૃતને દોહનાર' જેવા શબ્દપ્રયોગો દ્વારા કવિ ભક્તિની આસ્વાદ્યતા અને મધુરિમાને જાણે વ્યંજિત કરે છે. વળી લક્ષ્મીની કૃપા તેમજ કટાક્ષ-દૃષ્ટિની મહત્તા પ્રતિપાદિત કરવા તે કટાક્ષને 'નિર્ઝરિણી', 'દયાતરંગ', 'દુગ્ધધારાઓ', 'મેઘપંક્તિની સુવર્ણવૃષ્ટિ', 'પરબના જેવી લક્ષ્મીની પાવનકૃપા', 'કરુણાકટાક્ષરૂપી નદી' ઈત્યાદિ અપાયેલ રૂપકોમાંથી પણ ભક્તિરસ અને તેની આર્દ્રતા - પ્રવાહિતા સૂચિત થાય છે.[૩૫] આમ વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રકાર વેંકટ-ાધ્વરી ભક્તિરસનું સૂચન કરીને તેની પરમાનંદતા, આસ્વાદ્યતા અને મધુરિમાનો નિર્દેશ કરે છે.

દાક્ષિણાત્ય આલવાર સંત કુલશેખરનું 'મુકુન્દમાલા' સ્તોત્ર વૈષ્ણવી ઉર્મિલ ભક્તિથી પ્રાસાદિક બન્યું છે. સંસાર સાગરમાં તણાતા કવિ તો માત્ર મુકુન્દના ચરણારવિન્દ પ્રત્યેની ભક્તિ નૌકાની યાચના કરે છે.[૩૬] અહીં સંસારનું રૂપક દર્શનીય છે. વિષ્ણુની ભક્તિમાં આત્મવિસ્મૃત કવિ અંજલિપૂર્વક ગદ્ગદકંઠે, વિષ્ણુના ચરણધ્યાન રૂપી અમૃતનો આસ્વાદ કરતાં જીવનમાપન કરવા ઈચ્છે છે.[૩૭] અહીં 'અમૃતનો આસ્વાદ' એટલે ભક્તિરસનો આસ્વાદ. અહીં કવિની વિષ્ણુ પ્રત્યે દૃઢનિષ્ઠા અને ભક્તિભાવના વ્યક્ત થાય છે.

યામુનાચાર્ય પણ 'સ્તોત્રરત્ન'માં વિષ્ણુસ્વરૂપ વૈષ્ણવી પ્રપત્તિપ્રધાન ભક્તિનું મનોહર નિરૂપણ કરે છે. રામાનુજ પોતાના શરણાગતિગદ્યમાં શ્રીરંગ ભગવાનના નિત્ય કિંકર બની રહેવાની નિર્મળ કામના વ્યક્ત કરે છે. તો તેમણે શ્રીવૈકુંઠગદ્યમાં બ્રહ્મસ્વરૂપ ઈશ્વરના ગુણ તેમ જ રૂપનું પ્રલંબવર્ણન કર્યું છે. શ્રીવત્સાંકમિશ્ર પોતાનાં સ્તોત્રોમાં વિષ્ણુની ભક્તિથી ભક્તિરસનું સુંદર નિરૂપણ કરે છે. વેંકટનાથ વેદાંતદેશિક પોતાના 'વરદરાજપંચાશત્', 'દશાવતાર' સ્તોત્ર તથા 'પાદુકાસહસ્ર'માં સર્વત્ર ભક્તિરસનું નિરૂપણ કરે છે.

વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં અવલંબન સ્વરૂપે મુખ્યત્વે લક્ષ્મી અને ગૌણરૂપે શ્રીવિષ્ણુ કે તેમનું કોઈ અવતારી સ્વરૂપ છે અને લક્ષ્મી પણ પરસ્પર આશ્રય - આલંબનરૂપ બની રહે છે. ઉદ્દીપન વિભાવ તરીકે રૂપગોસ્વામીએ બતાવેલાં તત્ત્વો દૃષ્ટિગોચર થાય છે. લક્ષ્મીસહસ્ર, પાદુકાસહસ્ર તથા શ્રીસ્તુતિમાં આ તત્ત્વો જોવા મળે છે. તેમાં લક્ષ્મીસહસ્રમાં મુખ્યત્વે, 'કારુણ્યસ્તબક', 'કટાક્ષસ્તબક', 'મંગલસ્તબક', 'સૌન્દર્યસ્તબક', 'ઐશ્વર્યસ્તબક', 'ક્ષાન્તિસ્તબક', 'ઔદાર્યસ્તબક' એટલાં સ્તબકોમાં અનુક્રમે કરુણા, કૃપાદૃષ્ટિ, માંગલ્ય, અંગરૂપ સૌન્દર્ય, ઐશ્વર્ય, ક્ષમા, ઉદારતા વગેરે લક્ષ્મીગુણ ભક્તકવિને માટે ઉત્તમ ઉદ્દીપન સ્વરૂપ છે. 'પ્રયત્નસ્તબક', 'શૃંગારસ્તબક', 'વિચિત્રસ્તબક', 'દશાવતારસ્તબક' ઈત્યાદિમાં મુખ્યત્વે લક્ષ્મી-વિષ્ણુની ચેષ્ટાઓ, એમનાં ભવ્ય ઉદાત્ત કૃત્યો ઉદ્દીપન તરીકે આવે છે. વસ્ત્રવિન્યાસ, કેશકલાપ, માળા, તિલક, આભૂષણ, કમળ વગેરે અલંકાર પ્રધાન ઉદ્દીપન તત્ત્વોનું નિરૂપણ ખાસ કરીને 'સૌન્દર્યસ્તબક', 'શૃંગારસ્તબક' અને 'સદ્મસ્થાન વૈભવસ્તબક'માં સવિસ્તર થયું છે. લક્ષ્મીના અલંકારોમાં કેશકલાપમાંનાં સૂર્ય-ચન્દ્ર (૮/૫), વેણી (૮/૭), સુવર્ણનિર્મિત 'મીન ચિહ્ન' (૮/૯), પુષ્પમાળા (૮/

૧૯) તેમજ તાટંક-કર્ણાલંકાર (૮/૪૮), કર્ણાભૂષણ - નીલકમળ (૮/૫૦), નાસિકામૌતિક (૮/૬૦), હાર (૮/૧૩૦), સુવર્ણ કંકણ (૮/૧૩૪), કંકણજડિત પદ્મરાગમણિ, સુવર્ણનિર્મિત અંગુલીચક્ર (૮/૧૪૩) ચરણનૂપુર (૫/૨૨૧) વગેરે. તેમજ શ્રીહરિનાં સુદર્શનચક્ર, પાંચજન્મશંખ, પંચાયુધ, તુલસી, માળા, શ્રીવત્સચિહ્ન, કૌસ્તુભમણિ ઈત્યાદિ ઉદ્દીપન સ્વરૂપ છે. ભગવદ્ - ક્ષેત્ર અને ઉત્સવદિનરૂપ ઉદ્દીપન - વિભાવ તરીકે શેષાચળ અને તેના ઉત્સવનું પ્રતિપાદન 'ઉત્સવસ્તબક'માં વિસ્તારથી થયું છે.

ભક્તિરસના અનુભાવો નૃત્ય, વિલુઠિત (આળોટવું) ગીત, (સ્તોત્રગાનાદિ) આક્રોશ, દેહવળાંક, અંજલિ, પ્રણામાદિ, હુંકાર, જૃમ્ભણ (બગાસું) દીર્ઘશ્વાસ, લોક-ઉપેક્ષા, હાસ્ય, ચક્કર, હિચકી ઈત્યાદિ છે.[૩૮] વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં ભક્તિરસના આવા અનુભાવો વર્ણિત થયા છે; જેમકે 'સ્તોત્રરત્ન'માં કવિ યામુન વિષ્ણુના ચરણકમળમાં આસક્તિ ઝંખીને વિષ્ણુના દાસ બનવાનો તલસાટ વ્યક્ત કરે છે. (શ્લોક ૨૩,૨૬ વગેરે). અહીં 'આસક્તિ', 'તલસાટ' એ અનુભાવોની કાવ્યાત્મક અભિવ્યક્ત થઈ છે. એક ઉદાહરણ દૃષ્ટવ્ય છે : [૩૮અ] વેંકટાધ્વરીના 'લક્ષ્મીસહસ્ર'ના કેટલાક અનુભાવોનો પ્રયોગ દર્શનીય છે.

(૧) **નૃત્ય :** લક્ષ્મીના મહોત્સવ પ્રસંગે શિવનું નૃત્ય. (૧૨/૧૮), મુનિઓ અને અપસરાઓનું નૃત્ય. (૧૨/૧૩)

(૨) **ગીતગાન :** ઉત્સવમાં નૃત્ય, ગાન, સ્તોત્રગાન વગેરે દેહધારીઓના વ્યાપાર (૧૨/૨૯), મુનિ - બટુકોનું મંત્રગાન (૧૨/૩૭).

(૩) **આક્રોશ :** કવિના 'દૈન્યભાવ'માં આક્રોશની હૃદયસ્પર્શી અભિવ્યક્તિ થઈ છે. (૧૯/૧૯, ૨૪/૬, ૨૪/૭, ૧૪/૨૨)

(૪) **દેહવળાંક :** નમન, પ્રણામ, અંજલિબંધ વગેરે દેવોની હસ્તાંજલિ (૧૨/૩૩), પૌરાંગનાઓની નમસ્કૃતિ (૧૨/૧૭), કવિની લક્ષ્મીચરણોને વંદના (૮/૨૨૩, ૨૩૨), કવિના નમસ્કાર (૧૪/૨૦) વગેરે.

(૫) **લોક-ઉપેક્ષા :** લક્ષ્મી-વિષ્ણુનો મહોત્સવ નિહાળવાના કૌતુકથી ગૃહકાર્યને છોડતી નગર-અંગનાઓ (૧૨/૩), રાજાઓનો ત્યાગ કરી લક્ષ્મીનું શરણ સ્વીકારતા વેંકટાધ્વરી (૧૩/૧૭, ૧૩/૨૦).

(૬) **હાસ્ય :** 'સૌન્દર્યસ્તબક'માં લક્ષ્મીના સ્મિતનું વર્ણન થયું છે.

ભક્તિરસના સાત્ત્વિક અનુભાવો સ્તંભ, સ્વેદ, રોમાંચ, સ્વરભંગ, કંપ, વૈવર્ણ્ય, અશ્રુ અને મૂર્ચ્છા છે.[૩૯] વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં આનાં ઘણાં દૃષ્ટાંતો મળે છે. પરંતુ અહીં લક્ષ્મીસહસ્રમાં પ્રાપ્ત થતાં સાત્ત્વિક અનુભાવોનાં કેટલાંક દૃષ્ટાંતો પ્રસ્તુત કર્યા છે.

(૧) **સ્તંભ :** મહોત્સવમાં લક્ષ્મીરૂપ નિહાળી દેવોની દૃષ્ટિ પણ નિર્નિમેષ થઈ જાય છે. (૧૨/૧૫) ઉત્સવપ્રસંગે લક્ષ્મીના અવલોકનથી વિસ્મિત દેવાંગનાઓ અને નરઅંગનાઓ નિમેષ - રહિત બની (૧૨/૧૦) ભગવાન વિષ્ણુ કામવિલાસોથી લક્ષ્મીમાં સ્તંભ જન્માવે છે. (૯/૧૬)

(૨) **સ્વેદ :** લક્ષ્મીમુખ પર તિલક કરતી વેળાએ શ્રીનિવાસનો પ્રસ્વેદિત થતો હસ્ત (૯/૪૨)

(૩) **રોમાંચ :** માધવ દ્વારા આલિંગન અપાતાં લક્ષ્મીદેહ પર પુલકોદ્ગમ. (૧/૨૫, ૨૭) શ્રી લક્ષ્મી હરિના વક્ષઃસ્થળ પર અધિષ્ઠિત થતાં હરિ દ્વારા ઉત્પન્ન થયેલ રોમાંચને દૂર કરવાનું અશક્ય બન્યું (૩/૨૨)

(૪) **સ્વરભંગ :** લક્ષ્મીમહોત્સવમાં ભક્તિયુક્ત મુનિજનો રોમાંચિત થઈને ગદ્ગદિત ગીતવાળા બની અપ્સરાઓના સમૂહ સાથે નૃત્ય કરે છે. (૧૨/૩૩)

(૫) **કંપ :** લક્ષ્મીનાં નેત્રરૂપી કામબાણ શ્રીહરિના ધૈર્ય-કવચને ભેદી નાખે છે. (૮/૪૪) આમાં કંપન સૂચ્ય છે.

(૬) **વૈવર્ણ્ય :** રાવણ દ્વારા કરાયેલા અપમાનથી મુખવૈવર્ણ્ય યુક્ત વિભીષણ (૧૦/૧૭)

(૭) **અશ્રુ :** વિષયોમાં રાચતા અને ખિન્ન થતા કવિનું કરુણરોદન (૨૪/૭)

(૮) **મૂર્ચ્છા :** 'લક્ષ્મીસહસ્ર'માં આ ભાવની અભિવ્યક્તિ દૃષ્ટિગોચર થતી નથી.

રૂપ ગોસ્વામી અનુસાર ભક્તિરસના ૩૩ વ્યભિચારિભાવો નિર્વેદ, વિષાદ, દૈન્ય, ગ્લાનિ, શ્રમ, મદ, ગર્વ, શંકા, ત્રાસ, આવેગ, ઉન્માદ, સ્મૃતિ, વ્યાધિ, મોહ, મૃતિ, આલસ્ય, જાડ્ય, વ્રીડા, આકાર-ગોપન, સ્મૃતિ, વિતર્ક, ચિન્તા, મતિ, ધૃતિ, હર્ષ, ઔત્સુક્ય, ઉગ્રતા, અમર્ષ, અસૂયા, ચપલતા, નિદ્રા, સ્વપ્ન અને બોધ છે.[૪૦] જે ભરતમુનિ અનુસાર છે. 'લક્ષ્મીસહસ્ર'માં અભિવ્યક્ત થયેલાં આનાં કેટલાંક ઉદાહરણો જોઈએ :

(૧) **નિર્વેદ :** (સ્વનિન્દા) વેંકટાધ્વરીએ આ ભાવના નિરૂપણ માટે આખું 'નિર્વેદસ્તબક' રચે છે. ઉપરાંત અન્યત્ર પણ તે વારંવાર આત્મનિંદા દ્વારા નિર્વેદ ભાવને અભિવ્યક્તિ કરે છે. પ્રાયઃ બધાં જ સ્તોત્રમાં આનું નિરૂપણ થયું છે.

(૨) **વિષાદ :** (અપરાધ - પશ્ચાત્તાપ) આના આલેખન માટે કવિએ (ક્ષાન્તિસ્તબક'નું નિર્માણ કર્યું. અન્યત્ર પણ કવિ સ્વાપરાધોનું પશ્ચાત્તાપની અગ્નિમાં સંતપ્ત થાય છે.

(૩) **દૈન્ય :** (પોતાને નિકૃષ્ટ સમજવાની ભાવના) પ્રારંભસ્તબકના વિનય-પ્રદર્શનમાં તેમજ 'નિર્વેદસ્તબક'માં આની હૃદયહારી અભિવ્યક્તિ થઈ છે.

(૪) **ગ્લાનિ :** (શારીરિક-માનસિક શ્રમથી ઉત્પન્ન નિષ્પ્રાણતા) દુર્ગમ સંસારમાં ચિરભ્રમણથી નિર્મર્યાદ ગ્લાનિને પ્રાપ્ત થતા માનવો (૧૯/૧૪), મલિન વિષયોના વારંવારના સ્મરણથી કવિનું પરિશ્રાન્ત થયેલ ચિત્ત, દુષ્ટોના ઘરે રખડી-રખડીને શ્રમિત થયેલા ચરણ અને દુર્જનસ્તવથી ક્લેશસંપન્ન બનેલી જિહ્વા. (૨૪/૫)

(૫) **ગર્વ :** (સ્વરૂપ-ગુણથી અન્યનો તિરસ્કાર) લક્ષ્મીપૂજા કરનાર ભક્તોને મરણોત્તર યમદંડ-ભય નથી (૧૨/૪૭), કોમળ કટાક્ષવાળી લક્ષ્મીને છોડીને કષ્ટપૂર્વક આરાધ્ય અન્ય દેવનું સેવન કોણ કરે? (૧૧/૨૩) વગેરે આ ઉપરાંત સંપૂર્ણ 'પરિસંખ્યાસ્તબક'માં ભક્તકવિ અન્ય દેવોનો તિરસ્કાર કરી માત્ર લક્ષ્મીસેવાની જ આકાંક્ષાં રાખે છે. જેમકે જગતને ક્લેશનજક સૂર્યને કોણ ઉપાસે, હું તો દેવીને જ પ્રણામ કરું (૨૦/૪). આમ સ્તવની

કામનાવાળો કયો લક્ષ્મીને છોડીને ક્ષુદ્ર દેવોને પૂજે (૨૦/૨૪) લક્ષ્મીને આશ્રિત સાધુઓ અન્ય દેવોનું સેવન કરતા નથી, અક્ષયનિધિ પ્રાપ્ત થાય તો કૃપણનું સેવન કોણ કરે! (૨૦/૩૦)

(૬) **શંકા :** (અનિષ્ટની સંભાવના) હે ભગવતિ! પ્રતિક્ષણ ઉપાર્જિત કરેલ મારાં નવાં નવાં પાપોને કરુણાથી ક્ષમા આપ, જેથી હું ક્રોધથી કડકડતા દાંતવાળા યમને ન જોઉં (૧૧/૨૯)

(૭) **ત્રાસ :** (ભયપ્રદ વસ્તુઓ કે અવાજોથી ઉત્પન્ન ગભરાટ) લિપ્સા, દ્વેષ, અહંકાર અને કપટરૂપ પિશાચોથી ભયભીત કવિ દેવીનું શરણ સ્વીકારે છે. (૧૯/૧૧) ભયંકર યમસેવકો દ્વારા કરાતી પ્રાણીઓની તીવ્ર વેદના શ્રુતિ-પુરાણોમાંથી સાંભળીને અત્યંત ભયભીત અને કંપિત ભક્તકવિ જગત્ - માતાને શરણે જાય છે. (૧૯/૨૨)

(૮) **આવેગ :** (ચિત્તમાં ગભરાટ) ‘માત, સૂર્યના ઉદય-અસ્તથી પ્રતિદિન મૃત્યુ નજીક આવી રહ્યું છે. હું પાપી છું અને પાપીજનો પ્રત્યે યમરાજ ક્રોધિત હોય છે. અરે, હવે શું થશે?’ (૧૯/૧૯) કવિ એમ જણાવે છે.

(૯) **ઉન્માદ :** (આનંદ કે વ્યથાના આધિક્યથી હૃદયનો વિક્ષોભ) લક્ષ્મીસેવક સ્વર્ગનું રાજ્ય સ્વીકારીને ઈન્દ્ર-સામ્રાજ્ય, શિવવૈભવ તેમજ બ્રહ્મ-પદને પણ તૃણવત્ લેખે છે. (૧૫/૧૦)

(૧૦) **મોહ :** (હર્ષભયાદિથી હૃદયની મૂઢતા) લક્ષ્મી દ્વારા ત્યજાયેલા માણસ ભીતિ પ્રાપ્ત કરીને મૂઢ બને છે. (૧૯/૫)

(૧૧) **વ્રીડા :** (પ્રગલ્ભતાનો અભાવ) કવિ લજ્જા ત્યજીને સ્તુતિ કરવા યત્નશીલ બન્યો છે. (૧/૧૬) પુનઃ પુનઃ અપરાધ આચરતો કવિ લજ્જિત થાય છે. (૧૧/૨૨)

(૧૨) **સ્મૃતિ :** (સાદશ્યથી પૂર્વાનુભૂત અર્થની પ્રતીતિ) સમુદ્રમાંથી આવિર્ભાવ પામતી લક્ષ્મીના કેશકલાપમાં સર્પોને મયૂરપિચ્છની ભ્રાન્તિ થઈ (૨/૧૨) લક્ષ્મીના પર્વતતુલ્ય સ્તનને વિનોદપૂર્વક બળાત્કારે ગ્રહણ કરવા ભગવાનને પહેલાં ગોવર્ધન-પર્વત ધારણ કરવાનું સ્મરણ થયું. (૯/૪૮)

(૧૩) **મતિ :** (શાસ્ત્રાદિના વિચારથી અર્થનિશ્ચય) ‘દુર્ગમ સંસારમાં ચિર-ભ્રમણ કરતા માણસો નિર્મર્યાદ ગ્લાનિને પ્રાપ્ત થયા પછી વેદાંતદેશિક ગુરુ પાસેથી લક્ષ્મી - જ્ઞાન પ્રાપ્ત કરી. હરિ-આજ્ઞાનો ઉલ્લંઘન ભય તજે છે. (૧૯/૧૪)

(૧૪) **ધૃતિ :** (ધૈર્યપૂર્ણતા) લક્ષ્મીના દયાર્દ્ર હૃદયનું ચિંતન કરતાં ધૈર્યનો આવિર્ભાવ થાય છે. (૧૯/૩૩)

(૧૫) **હર્ષ :** (ચિત્તની પ્રસન્નતા) લક્ષ્મીની સ્મિત ચંદ્રિકા શ્રીહરિના માનસ ચંદ્રકાન્ત પથ્થરમાં દ્રવતા ઉત્પન્ન કરે છે. (૧૯/૪૭) કવિના સંપૂર્ણ મનોરથો સિદ્ધ થતાં અપૂર્વ આનંદની અનૂભૂતિ (૨૫/૧૦)

(૧૬) **ઔત્સુક્ય :** (આતુરતા) લક્ષ્મીના ઉત્સવની ભૂમિએ પહોંચવાની ઉત્કંઠાવાળી સ્ત્રીઓ (૧૨/૭) ભદ્રપીઠ પર વિરાજમાન લક્ષ્મીના દર્શનના કુતૂહલથી પૌરાંગનાઓને સ્વગૃહમાં પ્રીતિ ન થઈ (૧૨/૧૬)

(૧૭) **ચપલતા :** (રાગદ્વેષથી ચિત્તની હલકટતા) લક્ષ્મી-સ્તુતિ રચવા કૃતનિશ્ચયી કવિ હનુમાનાદિથી પણ અનુલ્લંઘનીય જલધિને તરવા માટે મન ધરાવતા પંગુના જેવી ચંચળતા ધારણ કરે છે. (૧/૧૪)

(૧૮) **બોધ (પ્રબુદ્ધતા) :** લક્ષ્મીના કટાક્ષ ઔષધથી કવિ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. (૫/૬૧)

રૂપ ગોસ્વામીએ શાન્ત, પ્રીતિ, પ્રેયાન્, વત્સવ અને મધુરભક્તિ આ પાંચ મુખ્ય ભક્તિરસ માન્યા છે. એનું નિરૂપણ તેમણે 'ભક્તિરસામૃતસિન્ધુ'ના પશ્ચિમવિભાગની પાંચ લહેરીઓમાં ક્રમશઃ કર્યું છે. શાન્ત. પ્રીતિ, પ્રેયાન, અને વત્સલરસોનું નિરૂપણ આપણે નવધાભક્તિના સંદર્ભ કર્યું છે.[૪૧]

ભક્તિશાસ્ત્રોનો 'મધુરાભક્તિરસ' અને કાવ્યશાસ્ત્રનો 'શૃંગારરસ' લગભગ સમાન છે.

## (૨) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં મધુરભક્તિરસ અને શૃંગારરસનો સમન્વય

રૂપગોસ્વામી જેવા ગૌડીય વૈષ્ણવ આચાર્યો રાધાકૃષ્ણને આલંબન - વિભાવ તરીકે સ્થાપી શૃંગારરસનું ભક્તિપરક નિરૂપણ કરીને મધુરરસનું સ્વરૂપ પ્રતિપાદિત કરે છે. મધુરરસનો સ્થાયિભાવ મધુરારતિ છે. અનુરૂપ વિભાવાદિ દ્વારા સહૃદયમાં પુષ્ટિને પ્રાપ્ત મધુરારતિને 'મધુરભક્તિરસ' કહ્યો છે.[૪૨] કૃષ્ણ તથા એમની પ્રિયસુંદરીઓ આલંબનવિભાવ છે. મુરલી-ધ્વનિ આદિ તેના ઉદ્દીપન વિભાવ છે. કટાક્ષ-સ્મિત આદિ તેના અનુભાવ છે. તથા આલસ્ય અને ઉગ્રતાને છોડીને અન્ય સર્વ એના વ્યભિચારિભાવ છે. એના સંભોગ તથા વિપ્રલંભ બે ભેદ છે.[૪૩] કૃષ્ણપ્રિયાઓ સ્વકીયા અએ પરકીયા બે પ્રકારની છે. પરંતુ સ્વકીયા કરતાં પરકીયાભાવમાં મધુરરસ ઉત્કૃષ્ટ રીતે વ્યક્ત થાય છે, એવી ગૌડીય-રસશાસ્ત્રની માન્યતા છે.

મધુરરસનાં અન્ય નામ અલૌકિક - શૃંગાર, ઉજ્જ્વલ રસ અને ભક્તિરસ આદિ છે. સામાન્યતઃ દેવવિષયક - રતિપ્રધાન શૃંગારને 'અલૌકિક શૃંગાર' અને દુન્યવી માનવવિષયક - રતિપ્રધાન શૃંગારને 'લૌકિક-શૃંગાર' માનવામાં આવે છે. ભક્તિશાસ્ત્રો શૃંગારપરક મધુરાભક્તિને સર્વશ્રેષ્ઠ બતાવે છે. 'મધુરરસ એ શૃંગારરસનું ભક્તિપરક નામ છે. એવું કેટલાક આચાર્યો કહે છે.' પરંતુ બંનેમાં ભેદ પણ છે; કેમકે શૃંગાર કામાશ્રિત અને મધુરરસ મુખ્યત્વે પ્રેમાશ્રિત છે. પ્રાકૃતજનનો શૃંગાર અને મધુર એક રસ થઈ શકતા નથી. માત્ર કૃષ્ણ-પ્રિયાઓ માટે શૃંગાર અને મધુરરસ એક માનવામાં આવ્યાં છે; કેમકે કૃષ્ણ વલ્લભાઓ માટે કામ અને પ્રેમમાં કોઈ અંતર નથી. જડ વિષયોના અનુરાગને 'કામ' કહે છે. તેમાં સ્વાર્થી વિષય-સુખની વાસના પ્રધાન છે. જ્યારે ભગવદ્વિષયક અનુરાગને પ્રેમ કહે છે, તેમાં નિષ્કામપણું પવિત્રતા અને સાત્ત્વિકતાની ભાવના ઉત્કૃષ્ટરૂપે રહે છે.'[૪૪]

વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકારો દક્ષિણ ભારતીય સાહિત્યકારોનું પ્રતિનિધિત્વ કરે છે. ધાર્મિક દૃષ્ટિએ તેઓ વૈષ્ણવભક્તો છે. દાર્શનિક ક્ષેત્રે રામાનુજીય વિશિષ્ટાદ્વૈતી છે અને તત્કાલીન રાજદરબારોમાં પણ તેઓ ઘૂમી વળ્યા છે. પરિણામે તેમના કાવ્યોમાં વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવી ભક્તિ તેમજ રાજદરબારી-મનોવૃત્તિના પ્રભાવથી અલંકૃત અને શબ્દ-ચમત્કારપૂર્ણ શૈલી અને શૃંગારિકતાનો સમાવેશ થયો છે. તત્કાલીન દાક્ષિણાત્ય સાહિત્ય, પછી તે સંસ્કૃત, તામિલ, તેલુગુ કે કેરલી હોય - દાર્શનિક સંપ્રદાયો, વૈષ્ણવ-શૈવ ભક્તિનાં કેન્દ્ર, રાજ-દરબારોથી પ્રભાવિત છે. તે યુગની મોટા ભાગની કૃતિઓમાં દર્શન, ભક્તિ તેમજ વિલાસિતા કે શૃંગારપ્રિયતાનું એક યા બીજા સ્વરૂપે નિરૂપણ થયું છે.

એટલું જ નહિ. આ યુગ 'સાહિત્યિક - વિપુલતા'નો યુગ છે. કેમ કે આ ત્રણ ક્ષેત્રો સાથે સંબંધવાળા આચાર્યો, ભક્તો અને કવિઓએ પોત-પોતાનાં સંપ્રદાય અને ભક્તિને અનુલક્ષીને વિપુલ પ્રમાણમાં સાહિત્ય - સર્જનમાં સહયોગ આપ્યો. સાહિત્ય મુખ્યત્વે આ ત્રણ ક્ષેત્રો સાથે ગાઢ રીતે સંબદ્ધ હોવાના કારણે તેમાં વૈવિધ્ય પણ છે. દાર્શનિક ક્ષેત્રમાંથી વિભિન્ન સંપ્રદાયોને અનુરૂપ દાર્શનિક ગ્રંથો રચાયા. ભક્તિ-ક્ષેત્રમાંથી વિપુલ પ્રમાણમાં શૈવ-વૈષ્ણવ-સ્તોત્રો તેમજ ધાર્મિક ગ્રંથોની નિષ્પત્તિ થઈ અને ચમત્કારપ્રધાન શ્લેષાર્થક દ્વિ, ત્રિ, પંચાર્થક તેમજ શૃંગારપૂર્ણ કાવ્યો જન્મ્યાં.

દાર્શનિક સંપ્રદાયોના આચાર્યો અને તે સંપ્રદાયોમાં દીક્ષિત કવિઓ સ્વસિદ્ધાંતના પ્રચારાર્થે કે પોતાની સાહિત્યિક કરામતોથી રાજવીને પ્રસન્ન કરી કૃપાભાજન બનવા રાજદરબારોમાં પહોંચી ગયા હતા. તેથી સાહિત્યમાં ભક્તિ અને દરબારી વિલાસિતા કે શૃંગાર ભાવનાનો સંગમ થાય છે. શૈવ-વૈષ્ણવ સ્તોત્ર સાહિત્ય પણ આમાંથી મુક્ત રહી શક્યું નહિ, પરિણામે તેમાં પણ દેવવિષયક - રતિના માધ્યમથી શૃંગાર-નિરૂપણની પરંપરિત રીત ભક્તકવિઓએ અપનાવી.

વેંકટાધ્વરીએ સ્વયં પોતાના 'વિશ્વગુણાદર્શ ચમ્પૂ'ના વિશ્વાવસુ નામના પાત્રના મુખે કહેવડાવ્યું છે કે 'ભગવત્કથામાં પણ શૃંગાર-વીરનું ક્વચિત્ આલેખન દોષપાત્ર નથી, કેમકે વ્યાસ-વાલ્મીકિ જેવા આદ્ય ધર્મનિષ્ઠ ઋષિ કવિઓ એ પણ પોતાનાં ગ્રંથોમાં સમુચિત સ્થાને શૃંગાર-વીરનું આલેખન કર્યું છે. કવિઓ તો માત્ર તેમના પંથને જ અનુસરે છે.'[૪૫] આ વિધાન દ્વારા કવિ વેંકટાધ્વરી ભક્તિપ્રધાન સાહિત્યમાં શૃંગાર આલેખનની પ્રાચીન પરંપરાનો નિર્દેશ કરી સ્તોત્રોમાં પણ શૃંગારભાવના ઈષ્ટ છે. એવો પોતાનો મત પણ જાહેર કરી દે છે. એટલું જ નહિ, શૃંગાર-નિરૂપણ કરતા નવીન કવિઓને પણ તે વ્યાસ-વાલ્મીકિની જેમ આદરણીય માને છે.[૪૬]

સ્તોત્રેતર - સાહિત્યમાં ઉપલબ્ધ થતી શૃંગાર - વર્ણનની પરંપરા સ્તોત્રસાહિત્યમાં પણ પ્રાપ્ત થાય છે. એ પરંપરામાં આવી શકે તેવાં કેટલાંક સ્તોત્ર-સ્થળ નોંધપાત્ર છે.

(૧) ઋગ્વેદનાં ઉષાસૂક્તો

(૨) શ્રીમદ્ ભાગવત પુરાણમાં કૃષ્ણ-ગોપીઓની વિલાસ-ક્રીડાઓ તેમજ 'રુદ્રગીત'નું કેશાદિપાદાન્ત પ્રકારનું વિષ્ણુવર્ણન.

(૩) કલ્કિપુરાણના 'વિષુણુસ્તવરાજ'માં વિષ્ણુનું પાદાદિકેશાન્ત વર્ણન.

(૪) બ્રહ્મવૈવર્તપુરાણમાં 'શ્રીકૃષ્ણસ્તોત્ર'

(૫) કાલિદાસના નામે પ્રાપ્ત થતા 'શ્યામલાદંડક'માં દેવી-માતંગીના વિલાસી અંગોના સૌન્દર્યનું નિરૂપણ.

(૬) બાણભટ્ટના 'ચંડીશતક'માં દેવી ચંડીનું રૂપ લાવણ્યવર્ણન.

(૭) શંકરાચાર્યના નામે પ્રાપ્ત થતાં સ્તોત્રો જેવાં કે 'સૌન્દર્યલહરી'માં ભગવતી ત્રિપુરાસુંદરીનાં અંગ-

પ્રત્યંગનું સૌન્દર્યવર્ણન; 'આનંદલહરીમાં ગિરિરાજકન્યા ઉમાના દેહ લાવણ્યનું વર્ણન તેમજ 'વિષ્ણુપાદિકેશાન્ત', વિષ્ણુ- કેશાદિપાદાન્ત', 'શિવપાદાદિકેશાન્ત' અને 'શિવકેશાદિપાદાન્ત' નાં વર્ણનો.

(૮) મૂકકવિની 'પંચશતી'માં કટાક્ષશતક, મંદસ્મિતશતક અને ચરણારવિંદશતકનું રૂપ-સૌન્દર્ય,

(૯) રાજાનકરત્નાકરના 'વક્રોક્તિપંચાશિકા'ના શિવ-પાર્વતી સંવાદમાં પરિહાસ-વિલાસ.

(૧૦) વિશિષ્ટાદ્વૈતી વેદાંતદેશિકનાં 'ભગવદ્ધ્યાનસોપાન' અને 'દેવનાયકપંચાશત્' માંના વર્ણનો તેમજ 'શ્રીસ્તુતિ'માં વિષ્ણુ-લક્ષ્મીનાં દાંપત્ય અને સૌન્દર્યનું વર્ણન.

(૧૧) કૃષ્ણલીલાશુકના 'કૃષ્ણકર્ણામૃત'માં લીલામય શ્રીકૃષ્ણની ગોપિકાઓ સાથેની ઉન્મુક્ત વિલાસ-ક્રીડાઓ.

(૧૨) રૂપ ગોસ્વામીની 'શ્રીપદ્યાવલી'માં રાધા-કૃષ્ણના વિલાસવિહારો અને શૃંગારિક ચેષ્ટાઓ.

(૧૩) વિદ્યાકર પુરોહિતના 'નારાયણશતક'માં વિષ્ણુનું પાદાદિકેશાન્ત વર્ણન.

(૧૪) અય્યયદીક્ષિતના 'વરદરાજસ્તવ'માં પાદાદિકેશાન્ત વર્ણન.

(૧૫) સામરાજદીક્ષિતના 'ત્રિપુરાસુંદરીમાનસપૂજા'માં શૃંગારીવર્ણન.

(૧૬) મધુસૂદન સરસ્વતીના 'આનંદમંદાકિની'માં જલવિહાર તેમજ કેશાદિપાદાન્ત વર્ણન.

(૧૭) જગન્નાથનાં 'કરુણાલહરી' અને 'લક્ષ્મીલહરી'માં કેશાદિપાદાન્ત વર્ણનો.

(૧૮) લક્ષ્મણાચાર્યના 'ચંડીકુચપંચાશિકા'માં સ્તન-વર્ણન વગેરે સૌન્દર્યવર્ણનનાં સ્તોત્રો છે.[૪૭]

દેવ-દેવીની યુગલ ઉપાસનામાં શૃંગાર-તત્ત્વનો સમાવેશ સ્વભાવિક છે. વિષ્ણુ-લક્ષ્મીના સદૈવ અભિન્ન દાંપત્યનું નિરૂપણ કરવું એ વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્ર-કવિઓનું લક્ષ્ય છે. દાંપત્યની પ્રસન્નતાના આલેખનમાં એક યા બીજા સ્વરૂપે શૃંગારવર્ણન અનિવાર્યતઃ આવી જાય છે. યામુન, રામાનુજ, વેદાંતદેશિક વગેરે મુખ્યત્વે શુદ્ધ વૈષ્ણવ ભક્ત કવિ છે. તેઓ અમરુક, બિલ્હણ, ગોવર્ધનાચાર્ય ઈત્યાદિની જેમ માત્ર શૃંગાર-કવિ નથી, કે દેવી-યુગલની જાત-જાતની શૃંગાર કેલિક્રીડાઓના ચિત્રણમાં મગ્ન 'ગીતગોવિંદ'ના કર્તા જયદેવ નથી. જયદેવનું 'ગીતગોવિંદ' ભક્ત્યાત્મક હોવા છતાં મુખ્યત્વે શૃંગારી બની રહે છે, જ્યારે વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો શૃંગારનો અંગ રૂપે સમાવેશ કરે છે. અંગી તો પ્રપત્તિપ્રધાન વૈષ્ણવી ભક્તિ છે. કવિ વેંકટાધ્વરી ભક્તિકાવ્યમાં અંગસ્વરૂપે શૃંગારનું આલેખન દોષમાત્ર માનતા નથી.[૪૮] તેથી કવિ કહે છે કે ભગવાનની ઉપાસનાથી શૃંગાર અને વૈરાગ્યભાવ બંનેની એકી સાથે પ્રાપ્તિ થાય છે.[૪૯] શૃંગારઆલેખન દ્વારા પણ આખરે તો વૈરાગ્યભાવ સંપન્ન ભક્તિભાવની

અનુભૂતિ કરાવવી એ કવિનું લક્ષ્ય છે. વાસનાઓનું ઉર્ધ્વીકરણ કરી ભાવકમાં દેવી પ્રેમની નિષ્પત્તિ કરવી, એ કવિના શૃંગારવર્ણનનો મુખ્ય ઉદ્દેશ્ય છે. લક્ષ્મી-નારાયણ તો જગતનાં માતા-પિતા છે અને લોકો તેમનાં શિશુ છે; તેથી લક્ષ્મીનારાયણની શૃંગાર-ક્રીડા લજ્જાસ્પદ નથી. તમામ વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકારોનો આ ધ્વનિ છે.

સર્વત્ર શૃંગાર-નિરૂપણનો નિર્મળ, ઉદાત્ત, આશય વ્યજિત થાય છે : 'સર્વે દેવો જોતા હતા છતાં હરિના વક્ષઃસ્થળ પર લક્ષ્મી નિઃસંકોચ આરૂઢ થઈ. ખરેખર સતી સ્ત્રીઓની પોતાની પ્રિયતમ સાથેની ક્રીડામાં શિશુસ્વમીપ્ય લજ્જાજનક બનતું નથી.[૫૦]

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં લક્ષ્મી-નારાયણનું સદૈવ અભિન્ન દાંપત્ય નિરૂપિત થયેલું હોવાથી તથા તેમના કેશાદિપાદાન્ત વર્ણન અને ક્રીડાઓમાં શૃંગાર દૃષ્ટિગોચર થાય છે. શ્રીવત્સાંક મિશ્રના 'અતિમાનુષસ્તવ' સ્તોત્રમાં વિષ્ણુમૂર્તિનું શ્લોક ૪૦ થી ૬૮માં કેશાદિપાદાન્ત વર્ણન પ્રાપ્ત થાય છે. એમાં વર્ણ્ય અંગો અલકાવલિ, ઊર્ધ્વપુંડ્ર, ભમર, નયન, નાસિકા, મુખ, કપોલ, કર્ણ, બાહુ, હથેળી, વક્ષઃસ્થળ, નાભિ, કટિ, ઉરુ, જાનુ, જંઘા તેમજ ચરણ વગેરેનું શૃંગારી વર્ણન જોવા મળે છે.[૫૧] તેમના અન્ય એક સ્તોત્ર. 'વરદરાજ સ્તવ'માં પણ વિષ્ણુનું કેશાદિપાદાન્ત વર્ણન પ્રાપ્ત થાય છે.[૫૨] શ્રીવત્સાંક મિશ્રના સુપુત્ર પરાશરભટ્ટના 'શ્રીરંગરાજસ્તવ'માં રંગભગવાનનું 'કેશાદિપાદાન્ત' શૃંગારિક વર્ણન થયું છે.[૫૩] તેમના અન્ય સ્તોત્ર 'ગુણરત્નકોશ'માં લક્ષ્મીનાં મુખ, કટાથી, સ્તનાદિ અંગ-ઉપાંગોનું તેમજ આભૂષણોનું શૃંગારિક વર્ણન પ્રાપ્ત થાય છે.[૫૪] વેદાંતદેશિકના 'ગોપાલવિશંતિ'માં કૃષ્ણની ક્રીડાઓ અને રૂપનું વર્ણન શૃંગારિક છે.

'લક્ષ્મીસહસ્ર'માં લક્ષ્મી-નારાયણનું સદૈવ અભિન્ન દાંપત્ય નિરૂપિત થયું હોઈ તેના 'શૃંગારસ્તબક'માં શૃંગારનો 'સંયોગપક્ષ' વર્ણિત થયો છે. વિષ્ણુ આશ્રય છે, જ્યારે તેમની દયિતા લક્ષ્મી આલંબન સ્વરૂપ છે. મધ્યકાલીન વૈષ્ણવ ભક્ત લીલાશુકને અનુસરી વેંકટાધ્વરી પણ લક્ષ્મીને હરિ માટે 'શૃંગારરસસર્વસ્વ' બતાવે છે.[૫૫] રાધા-કૃષ્ણની વિલાસ ક્રીડાઓનું નિરૂપણ કરતી 'મધુરા-ભક્તિ'નો પ્રભાવ વેંકટાધ્વરીમાં લક્ષિત થયો છે. क्षणे क्षणे यन्नवतामुपैति तदेवरूपं रमणीयतायाः । (માઘ-શિશુ. ૪/૭) આ સૌન્દર્યાદર્શ કવિએ પણ ગ્રાહ્ય રાખ્યો છે. તેથી તે કહે છે કે કામદેવની મનોહર વિલાસચેષ્ટાઓથી ચિરભુક્તા હોવા છતાં લક્ષ્મી નિત્ય નવિન સ્વરૂપે હરિ સમક્ષ ઉપસ્થિત થાય છે.[૫૬]

'લક્ષ્મીસહસ્ર' સ્તોત્રના 'શૃંગાર-સ્તબકમાં' કવિ સંયોગ-શૃંગારનું ક્રમિક વર્ણન આપે છે. એમાં આરંભે સાત્ત્વિક - ભાવોના નિરૂપણ બાદ ક્રમશઃ વસ્ત્રઅપસારણ, હસ્તગ્રહણ, લજ્જાભાવ, કંચુકીમોક્ષ, સ્તન-મર્દન, આલિંગન, નખક્ષત, મુખક્ષત, ચાંચલ્ય, સુરત (રતિ-ક્રીડા) સીત્કૃત, સ્વેદ, કંપ, રોમાંચ, સુરતની ખિન્નતા, રતિશ્રમને દૂર કરતો પવન, સ્નાન, જળ-વિહાર, વનવિહારની વિવિધ કેલીઓ અને હાસ-પરિહાસનું નિરૂપણ થયું છે. આ વર્ણન પરંપરિત અને કામશાસ્ત્રથી પ્રભાવિત છે. કામશાસ્ત્રનો પ્રભાવ કવિ સ્વયં સ્વીકારતા હોય એમ પ્રતીત થાય છે. તેથી જ તેમને લક્ષ્મીની કટિ-મેખલા (કાંચી) રતિતંત્ર રહસ્ય પ્રગટ કરનારી દેખાય છે.[૫૭] અને કર્ણાભૂષણની પાસે ગુંજન કરતો ભ્રમર કામમંત્રોનું રહસ્ય સમજાવતો દેખાય છે.[૫૮] આનાથી સૂચવાય છે કે કવિના શૃંગાર-વર્ણનમાં કામશાસ્ત્રના સિદ્ધાંતોની વ્યંજના થઈ છે. સ્તોત્રેતર સાહિત્યનું તો સમગ્ર શૃંગાર-વર્ણન કામશાસ્ત્રથી

અનુપ્રાણિત થયું છે. યુગલસ્તોત્રો પણ આ જ પરંપરાને અનુસરે છે. ભેદ માત્ર એટલો છે કે આરંભમાં સ્તોત્ર સાહિત્ય પર તંત્રશાસ્ત્રના પ્રભાવથી શૃંગારિકતાનો સમાવેશ થયો અને ત્યારબાદ એમાં કામશાસ્ત્રે પ્રવેશ કર્યો.[૫૯]

કવિના શૃંગાર-વર્ણનમાં સ્તંભ-સ્વેદાદિ સાત્ત્વિક ભાવોનું આલેખન થયું છે. કવિ સ્વયં કહે છે : 'કામદેવ શસ્ત્રથી શોભાસંપન્ન લક્ષ્મી-દૃષ્ટિવિલાસોથી ભગવાન મનોહર સાત્ત્વિકભાવ પ્રાપ્ત કરે છે. પૂર્વવર્તી કાલિદાસ શ્રીહર્ષાદિ કવિઓ નીવી-બંધ-મોચનનું લજ્જાસ્પદ ચિત્ર આપતાં અચકાયા નથી. આનાથી વિરુદ્ધ કવિ વેંકટાધ્વરી આ જ પ્રક્રિયાને 'અંબર-મોચન' (વસ્ત્રાહરણ) રૂપે નિરૂપીને નીવી-બંધ-મોચનના નગ્ન શૃંગારને આચ્છન્ન કરી દે છે, જે એની શૃંગાર-વર્ણનમાં સંયત વૃત્તિનું નિદર્શન છે. એટલું જ નહિ, પણ પ્રિયને - યાચકને વસ્ત્ર આપતી લક્ષ્મીની ઉદારતા પણ આમાં વ્યંજિત થઈ છે. શૃંગાર-વર્ણનમાં પણ આ રીતે લક્ષ્મીગુણવર્ણન એ કવિનું વૈશિષ્ટ્ય છે. રતિ-ક્રીડા સમયે નાયિકા કે દેવીના કેશ-કલાપનું ગ્રહણ વર્ણન પરંપરિત છે, પરંતુ એ પરંપરિતભાવમાં કલ્પનાનો અંશ ઉમેરી કવિ એને નવું રૂપ આપે છે, એ દર્શનીય છે. કેશ-ગ્રહણ પ્રસંગે લક્ષ્મીના કેશપાશમાંથી ખરતાં પુષ્પો કવિની કલ્પનામાં શ્રીહરિ પર થતી કામદેવની બાણવૃષ્ટિ છે.[૬૦] પુષ્પોની ઉદ્દીપનતાનું આ ચિત્ર મનોહર છે. કેશ-કલાપ, પુષ્પો, કર્ણાભરણ, મુખ, નયન, કટાક્ષ, ઓષ્ઠ, સ્તન, ઊરુ, નાભિ, ત્રિવલિ ઈત્યાદિ સૌન્દર્યસંપન્ન અંગ-ઉપાંગો તેમજ આભૂષણ શ્રીહરિની કામોત્પત્તિ અને વિહ્વળતાના માટે ઉદ્દીપન-સ્વરૂપ છે. તેમનું વર્ણન કવિએ વિવિધ રીતે કર્યું છે. જેમકે લક્ષ્મી પોતાના કેશકલાપમાં પુષ્પોની સાથે હરિનું મન પણ બાંધે છે. (૮/૧૪) માધવ લક્ષ્મીના મુખને કામક્રીડાનું વન માને છે. (૮/૩૦) નયનતો કામોત્પત્તિનું આદિ કારણ છે. (૮/૩૭) તે નયન હરિના ધૈર્ય-કવચને ભેદનાર કામબાણ છે. (૮/૪૪) કર્ણના રત્નખચિત સુવર્ણ-કુંડળ ભગવાનના ધૈર્યનાં ભંજક છે. (૮/૫૬) ઈત્યાદિ. હરિના ધૈર્યભંગની મૌલિક કલ્પના દર્શનીય છે. 'કામદેવ યજમાનથી આવૃત્ત ભ્રમર - અધ્વર્યુ ઝંકારયુક્ત મંત્ર ભણતો ભણતો લક્ષ્મીના દેદીપ્યમાન સુવર્ણ કુંડળ રૂપી પ્રજ્વલિત - રત્નરૂપ અંગારથી પરિપૂર્ણ અગ્નિ-કુંડમાં શ્રીહરિની ધૈર્યરૂપી આહુતિ આપીને પ્રદક્ષિણા કરી રહ્યો છે.[૬૧] આમ શૃંગાર નિરૂપણમાં પણ યજ્ઞીય પવિત્રતાનો સ્પર્શ કરાવી કવિ ભક્તિ અને શૃંગારનો અદ્ભુત સમન્વય કરે છે.

સ્તનમર્દન પૂર્વે નાયક દ્વારા કંચુકીનું અપસરણનું વર્ણન પરંપરાગત છે. શ્રીહર્ષ આવું વર્ણન આપે છે.[૬૨] પરંતુ વેંકટાધ્વરી તો વિના પ્રયત્ને કંચુકીનું અપસરણ બતાવતાં જણાવે છે કે સુરતક્રીડા પ્રસંગે પ્રિયને આલિંગન આપવાની ઈચ્છાથી સ્ફુરી રહેલ ઉન્નત સ્તનથી શિથિલ-બંધવાળી કંચુકીનું અપાસરણ શ્રીહરિએ વિના-પ્રયાસે કરી દીધું.[૬૩] પૂર્વવર્તી કવિ જયદેવ સખી દ્વારા રાધાને પ્રશ્ન કરે છે કે આલિંગનને સૂચિત કરનાર સ્તન-દ્વય કેમ સ્ફુરી રહ્યા છે.[૬૪] વેંકટાધ્વરી ઉપર્યુક્ત વિધાન દ્વારા જયદેવે પૂછેલ પ્રશ્નનો જાણે ઉત્તર આપે છે. સ્તન-મર્દનનું અભિનવ કારણ આપતાં કવિ કહે છે કે લક્ષ્મી સ્તનરૂપી - રાજા પર્વતચક્ર (રાષ્ટ્ર)નો ગર્વ હરી લે છે અને મધ્યપ્રદેશ (કમર, મધ્યપ્રદેશ) ને ખેદ આપે છે. એથી મદનયુદ્ધમાં કુપિત થયેલા અચ્યુતે હસ્ત વડે તે સ્તનોનું મર્દન કર્યુ.[૬૫] સ્તનભારથી ખિન્ન થતી નાયિકા તો પરંપરિત છે, પરંતુ કવિ એવા સ્તનોના મર્દનનું જે કાવ્યાત્મક કારણ આપે છે, તે મૌલિક છે. અભિનવ કાલિદાસ 'ભાગવતચમ્પૂ'માં એક હસ્તથી નીવી, દ્વિતીયથી અધર અને બીજા બે હસ્તથી સ્તન ગ્રહણ કરતા શ્રીકૃષ્ણનું 'ચતુર્ભૂજતા' બનાવે છે.[૬૬] તો કવિ વેંકટાધ્વરી રતિ-ક્રીડા સમયે સુદર્શનચક્ર અને શંખ ત્યજીને એક હસ્તથી લક્ષ્મીના કંઠ અને બે હાથથી સ્તન ગ્રહણ કરતા વિષ્ણુમાં 'શંખચક્રધારી'નું રૂપ નિહાળે છે.[૬૭] વિરોધાભાસ

અલંકાર દ્વારા રૂપ-ચિત્રણની આવી ક્ષમતા મૌલિકતાનું દર્શન કરાવે છે. તેમ છતાં ભાવ અને ભાષાનું સામ્ય સ્પષ્ટ કરે છે. વિશિષ્ટાદ્વૈતી કવિ વેંકટાધ્વરી શ્રીમદ્ ભાગવતની શૃંગાર-ભાવનાથી તો પ્રભાવિત હોય જ, આ ઉપરાંત તેમની નજર સમક્ષ કૃષ્ણ-રાધાના વિલાસોનું નિરૂપણ કરનારાં ચમ્પૂકાવ્યો તેમજ પરિણયકાવ્યો પણ હતાં જ. વેંકટાધ્વરી તો વૈષ્ણવ-ભક્ત છે. તેથી તેઓ રતિક્રીડામાં પણ 'કામપૂજાવિધિ'નું દર્શન કરાવે છે. તેથી તેઓ કહે છે કે શ્રીહરિએ કામપૂજા વિધિના આરંભે પવિત્ર કલશ સમ સ્તનોને નખ-ક્ષત (અક્ષત)થી અલંકૃત કર્યાં.[૬૮] સ્તનમાં કળશના રૂપની કલ્પના પરંપરિત છે, પરંતુ એ કળશને શ્લેષોત્થાપિત કલ્પના દ્વારા અક્ષતથી વધાવનાર તો વેંકટાધ્વરી છે.

કવિ ચુંબન-ક્રિયાનું કલ્પના-મંડિત વર્ણન કરે છે. ભ્રમર વંશસ્તંભમાં છિદ્ર પાડે છે, એ નિહાળી કવિ મૌલિક-કલ્પના દ્વારા તેમાં હરિ-ચુંબનને કારણભૂત માનતાં કહે છે કે લક્ષ્મી-મુખના ચુંબન સમયે અધરવર્તી મધુ શ્રીહરિના મુખમાં પ્રવેશ્યું, તત્પશ્ચાત્ બંસીવાદન સમયે તે મુખમાંથી વાંસળીમાં પ્રવેશ્યું. આથી તેમાં રહેલ મધુરસનો આસ્વાદી ભ્રમર મધુપ્રાપ્તિની કામનાથી વેણુના કારણભૂત વંશસ્તંભમાં છિદ્ર પાડે છે.[૬૯] પ્રાતઃકાળે નાયિકા પરનાં રતિક્રીડાનાં ચિહ્નો નિહાળી હાસ્ય કરતી સખીઓનું વર્ણન શૃંગાર-નિરૂપણમાં રૂઢિગત છે. ચુંબન પ્રસંગે હરિના મુખતાંબુલનો કપોલ-પ્રદેશ પર સંક્રાન્ત થયેલો રંગ દર્પણમાં નિહાળી લજ્જિત થતી અને સખીઓથી હસાતી લક્ષ્મીનું મનોહર ચિત્ર વેંકટાધ્વરી આપે છે.[૭૦]

રતિબંધ અને સુરત દ્વંદ્વયુદ્ધનું વર્ણન પરંપરા અનુસાર સાહિત્યમાં થતું રહ્યું છે. આ પરંપરાને પ્રવર્તિત કરવામાં 'ગાથાસપ્તશતી' (પ્રાકૃત) અગ્રેસર બની રહે છે. તેમાં કવિ વિપરિત રતિનું વર્ણન પણ નિઃસંકોચ કરે છે.[૭૧] 'ગીતગોવિન્દ'ના ભક્તકવિ પણ આ પ્રવૃત્તિમાંથી મુક્ત રહી શક્યા નથી.[૭૨] વેંકટાધ્વરી વિપરિત રતિનું ચિત્રણ કરતા નથી પણ કામયુદ્ધનું સુંદર ચિત્ર આપે છે; 'લક્ષ્મી-નારાયણનું દ્વંદ્વયુદ્ધ પ્રવૃત્ત થતાં ઓષ્ઠ (અરુણબિંબ) ઢંકાઈ ગયો, હારમાંથી ખરેલ મૌક્તિક સમૂહ (નક્ષત્રસમૂહ) સ્તન - શિખર (મેરુશૃંગ) પરથી પડી ગયો તથા લલાટ પ્રદેશ (ચંદ્ર રેખા) કેશ (અંધકાર)થી આવૃત્ત થઈ ગયો.[૭૩] રતિક્રીડાના અંતે નાયિકાનાં અસ્ત-વ્યસ્ત અંગ-ઉપાંગો, વસ્ત્રો તેમજ આભૂષણોનું દર્શન કરાવવું એ શૃંગારી કવિઓની પરિપાટી છે. નેત્રનું અંજન દૂર થવું, વક્ષઃસ્થળના ચંદનનું લેપાઈ જવું, અધરોષ્ઠ રંગ દૂર થવો, મૌક્તિકમાળાનું તૂટી જવું, કેશકલાપ છૂટી જવો ઈત્યાદિનું નિરૂપણ કાલિદાસ, ભર્તૃહરિ, અમરુક, જયદેવ વગેરેએ કર્યું છે.[૭૪] વેંકટાધ્વરી પણ આલેખે છે કે એકાંત કેલિથી, રતિયુદ્ધથી નેત્ર કાજળરહિત બન્યાં, અધરોષ્ઠ રક્તરંગ - વિહોણા થઈ ગયા અને કેશ-કલાપ પણ બંધનમુક્ત થઈ ગયો.[૭૫] રતિ-શ્રમ પરિહરતા પવનનું વર્ણન પણ થયું છે.[૭૬] જે રૂઢિગત છે. કાલિદાસ, શ્રીહર્ષ વગેરેએ આવું વર્ણન કર્યું છે.[૭૭]

રતિક્રીડા પછી જળક્રીડાનું વર્ણન કવિ આપે છે. જળવિહારની વિવિધ કેલિઓનું નિરૂપણ કવિઓ અવસર મળતાં કરતા આવ્યા છે. કાલિદાસનું એક દશ્ય-ચિત્રણ દર્શનીય છે : 'જળવિહાર સમયે શંકરે પોતાનાં કર-કમળોથી પાર્વતીની આંખો દબાવી દીધી, ત્યારે માછલીઓએ પાર્વતીને ઘેરી લીધી અને તે મીનપંક્તિ જાણે મેખલારૂપ બની રહી.'[૭૮] કવિ વેંકટાધ્વરી કાલિદાસની એ મીનપંક્તિને ભિન્ન સ્વરૂપે નિરૂપે છે. જે હૃદયસ્પર્શી છે. 'જળવિહારમાં શ્રીવિષ્ણુએ લક્ષ્મીના સ્તન પર હળવેકથી નખ-ક્ષત્ર કર્યો, એમાં લક્ષ્મીને માછલીના દંશની ભ્રાન્તિ થઈ. પરિણામે ભયથી ક્ષુબ્ધ થયેલી તે વેગપૂર્વક પ્રિયને આલિંગન દઈ બેઠી.[૭૯]

જળક્રીડા પછી શેષાચળ પરનાં સુંદર લતાગૃહોમાં લક્ષ્મીવિષ્ણુનો વિહાર વર્ણિત થયો છે. વસંતાદિ ઋતુઓ ઉદ્દીપક તરીકે છે. તેનું કવિ વર્ણન કરતા નથી, માત્ર નિર્દેશ કરે છે. કાલિદાસ પણ સુમેરુપર્વત, કૈલાસ અને મલયપર્વત પરની શિવ-પાર્વતીની શૃંગારકેલિઓનું નિરૂપણ કરે છે.[૮૦] આલિંગનબદ્ધ લક્ષ્મી-નારાયણની રૂપાકૃતિ મયૂરોને વીજળીથી આલિંગિત નવજલધરની ભ્રાન્તિ કરાવે છે. પરિણામે તે નૃત્ય કરે છે, સર્વ દૂર ભાગી જાય છે અને નિર્વિઘ્ન બનેલ ચંદનવનમાં શ્રીવિષ્ણુ-લક્ષ્મી સાથે વિહાર કરે છે.[૮૧] વિદગ્ધા લક્ષ્મીનાં પરિહાસસંપન્ન છળ-વચનોમાં કવિએ કરેલ શ્લેષ-વક્રોક્તિનો પ્રયોગ આકર્ષક બન્યો છે : 'હે બાલે! હસ્તમાં પયોધર આપ,' એવું ભગવાનનું વચન સાંભળી 'તમારે તે તો વર્ષાઋતુ પાસે યાચવું જોઈએ.' એવો ઉત્તર લક્ષ્મીએ આપ્યો. વળી 'આશ્લેષ અભિરૂચિ બતાવ' એમ ભગવાને પ્રાર્થના કરતાં 'હું ચંદ્ર નથી પણ તેની બહેન છું' એવો માયાવી ઉત્તર આપતી લક્ષ્મીને જોઈ છેવટે ભગવાન કહે છે. 'હું અધરની યાચના કરું છું' પણ પ્રિયતમાએ તો ઉત્તર આપી દીધો કે 'નીચની પાસે યાચના નિષ્ફળ છે.' પયોધર, આશ્લેષાભિરુચિ અને અધરનો શ્લેષજન્ય મેઘ, ચંદ્ર, નીચ એવા અર્થ ગ્રહણ સાથે શ્રીહરિને પ્રસન્ન કરતી લક્ષ્મીનો આ વાગ્વિલાસ રોચક બન્યો છે.[૮૨] લક્ષ્મીની સ્મિત-ચંદ્રિકા મધુસૂદનના માનસરૂપી ચંદ્રકાન્તમાં દ્રવતા પ્રેમ ઉત્પન્ન કરે છે 'સ્મિત' 'કટાક્ષ' ઈત્યાદિ ઉદ્દીપન સ્વરૂપ છે. શ્યામ-કૃષ્ણને આલિંગન આપતી ગૌરાંગી લક્ષ્મીની રૂપમૂર્તિમાં કવિને વિભિન્ન દશ્યોનું દર્શન થાય છે. તેથી તેઓ કહે છે કે 'લતા જેમ તમાલવૃક્ષને, ચંદ્રકળા જેમ ગગનઆંગણને આલિંગન આપી શોભે તેમ લક્ષ્મી શોભે છે.[૮૩] રૂપ-શૃંગારના ચિત્રાલેખનમાં કવિ 'વર્ણ'નો પણ ખ્યાલ રાખે છે તેની પ્રતીતિ આવાં પદ કરાવે છે.

### (૩) અન્ય ગૌણરસોનું વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં નિરૂપણ

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં ભક્તિશૃંગાર અને શાંતરસ અંગી સ્વરૂપે છે. જ્યારે અન્ય રસો ગૌણરૂપે આવે છે. આ બધા ગૌણ રસો પણ ભક્તિરસ અંતર્ગત ગણી શકાય. કેમકે રૂપ ગોસ્વામીએ પણ 'ભક્તિરસામૃતસિન્ધુ'ના ઉત્તરભાગમાં એમને ગૌણ ભક્તિરસ કહ્યા છે.[૮૪] સ્તોત્ર એ ભક્તિ કાવ્ય છે, પરિણામે રસની વિચારણા પણ ભક્તિના સંદર્ભમાં થાય; તેથી આ ગૌણ રસ પણ પ્રકાન્તરે ભક્તિરસના પ્રકારો જ મનાય છે. અહીં આવા રસોનું સ્વરૂપ પણ રૂપ ગોસ્વામી જેવા ભક્તિરસશાસ્ત્રીઓએ દર્શાવ્યા પ્રમાણે રજૂ કર્યું છે.

**(૧) હાસ્યરસ :** હાસ્યરસનો સ્થાયિભાવ 'હાસ્યરતિ' છે. અવલંબન કૃષ્ણ તથા તેમની સાથે સંબંદ્ધ અન્ય કોઈ હોય છે. કૃષ્ણનો વેષ અને ચરિત ઉદ્દીપન વિભાવ છે, નાસિકા, ઓષ્ઠ, તથા કપોલનું સ્ફુરણ અનુભાવ છે. તથા હર્ષ, આલસ્ય, અવહિત્થા આદિ વ્યભિચારિભાવ છે. સ્મિત, હસિત, વિહસિત, અવિહસિત અપહસિત તથા અતિહસિત - આ છ હાસ્યરસના પ્રભેદ છે.[૮૫]

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં હાસ્યરસની અભિવ્યક્તિ અત્યલ્પ છે. કેમકે આ સ્તોત્રો પ્રપત્તિપ્રધાન ભક્તિ અને તત્ત્વજ્ઞાન પ્રધાન છે. તેમ છતાં વેદાંતદેશિક અને વેંકટાધ્વરીના સ્તોત્રોમાં હાસ્યવર્ણન પ્રાપ્ત થાય છે. વેંકટાધ્વરી લક્ષ્મીના હાસ્યવર્ણનમા પાંચ શ્લોકો દ્વારા 'સ્મિત' અને 'હસિત'નો મહિમા પ્રતિપાદિત કરે છે. અહીં લક્ષ્મી આશ્રય છે, જ્યારે શ્રીવિષ્ણુ અને ભક્તકવિ આલંબનરૂપ છે. ઉદ્દીપ, અનુભાવો અને વ્યભિચારી ભાવનું પ્રકાશન ન થવાથી હાસ્યરસની અભિવ્યક્તિ સાંગોપાંગ નથી. 'સ્મિત' અને 'હસિત'નો ઉલ્લેખ શબ્દતઃ થયો છે.[૮૬] શૃંગારના અંગરૂપે

પણ હાસ્યનો સમાવેશ થયો છે. જેમકે 'પ્રિય-સ્પર્શના આનંદના ઉન્મેષથી લક્ષ્મીનું સ્વચ્છંદ હાસ્ય (૯/૯), લક્ષ્મી વિષ્ણુના વન-વિહાર વર્ણનમાં હાસ-પરિહાસની છાંટ વર્તાય છે. એ વર્ણનમાં વક્રોક્તિનો પ્રયોગ પરિહાસાત્મક બન્યો છે. (૯/૪૪) બલિરાજાએ પૂછેલ પ્રશ્નોના વક્રોક્તિપૂર્ણ ઉત્તર આપતા વામન - વિષ્ણુ તરફ વક્ષઃસ્થળે વિરાજમાન લક્ષ્મી મુખમાં હસી રહી છે. (૧૧/૧૬) અહીં લક્ષ્મી માટે આલંબન વામન છે અને વક્રોક્તિપૂર્ણ ઉત્તરો ઉદ્દીપન વિભાવ છે. 'લક્ષ્મીપતિ' હોવા છતાં દરિદ્રની જેમ વામને યજ્ઞમાં ભૂમિ ગ્રહણ કરી.' એવા દેવીના પરિહાસ-વચનથી ભગવાન પણ લજ્જિત થયા (૨૧/૧૭) આમાં પરિહાસનો પ્રભાવ પણ બતાવ્યો છે.

(૨) **અદ્ભુતરસ :** વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં 'અદ્ભુત' વારંવાર વ્યક્ત થાય છે. 'મુકુન્દમાલા' સ્તોત્રમાં કવિની વિષ્ણુ પ્રત્યેની દૃઢનિષ્ઠા અને ભક્તિભાવનાથી મુકુન્દવંદન, બ્રહ્મપ્રાપ્તિ, નરકમાંથી ઉદ્ધાર કે રમણી ઉપભોગ માટે નહિ, પરંતુ હૃદય-ભવનમાં વિષ્ણુની ભાવના માટે છે.'[૮૬અ] ત્યાં અદ્ભુત રસનું નિરૂપણ છે. 'આલવન્દાર સ્તોત્ર'માં યામુનમુનિએ શ્લોક ૧૭ થી ૧૮માં પરમાત્માનું વિશિષ્ટાદ્વૈતસિદ્ધાંત અનુસાર કરેલ વર્ણન, [૮૬બ] રામાનુજના 'શરણાગતિગદ્ય'માં ચેતનાચેતનવિશિષ્ટ ક્લેશકર્માદિ દોષથી અસ્પૃષ્ટ, પરબ્રહ્મસ્વરૂપ તેમજ ષડ્ગુણાદિ સંપન્ન શ્રીરંગભગવાનનું વર્ણન અદ્ભુતરસનાં ઉદાહરણો છે. શ્રી વત્સાંકમિશ્રના 'અતિમાનુષસ્તવ'માં રંગરાજ - વિષ્ણુના નરસિંહ, રામ, કૃષ્ણાદિ અવતારોનાં કાર્યોના વર્ણનમાં અદ્ભુત નિષ્પન્ન થયો છે.

'પાદુકાસહસ્ર' અને 'લક્ષ્મસહસ્ર'માં અદ્ભુત વારંવાર વ્યક્ત થાય છે. 'લક્ષ્મી તો અદ્ભુત કર્મોની નિધિ છે.'[૮૭] આ વિધાન દ્વારા કવિએ આલંબન લક્ષ્મી અને તેની કર્મચેષ્ટાઓનો ઉદ્દીપન તરીકે જાણે સ્પષ્ટ નિર્દેશ કર્યો છે. રામ, વિષ્ણુ અને તેમની ચેષ્ટાઓ પણ ભક્તકવિ માટે આલંબન ઉદ્દીપન છે. 'રામે શિવ-ધનુષ્યનો ભંગ કર્યો, અંકુઠિત કુઠારવાળા પરશુરામનું ચાપ બળાત્કારે હરી લીધું. સમુદ્રને નાથ્યો અને રાવણનો સંહાર કર્યો. આમ લક્ષ્મીમાં આસક્ત ભગવાનને માટે મહાન આશ્ચર્ય સુકર બની રહ્યાં.'[૮૮] પ્રણતજનોને દેવી સંપત્તિ પ્રદાન કરતી અને શત્રુ મુરની શક્તિને રુંધનાર હરિના વક્ષઃસ્થળને અલંકૃત કરતી લક્ષ્મીનું અદ્ભુતચરિત્ર વિસ્મયજનક છે.[૮૯] વિચિત્ર - સ્તબક' તો જાણે અદ્ભુતની અભિવ્યક્તિ માટે રચાયું છે. તેના પ્રત્યેક શ્લોકમાં લક્ષ્મીનું વિચિત્ર-ચરિત્ર ઉદ્દીપક બની રહ્યું છે, એમ કવિ સ્વયં નોંધે છે.[૯૦]

જે જે વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં અવતાર નિરૂપણ થયું છે. ત્યાં અદ્ભુત રસની નિષ્પત્તિ આકર્ષક છે. 'લક્ષ્મીસહસ્ર'ના 'દશાવતાર સ્તબક'માં પણ વિષ્ણુ મત્સ્યાવતાર - સ્વરૂપે અષ્ટશ્રુતિ હોવા છતાં અનષ્ટશ્રુતિત્વને પામ્યા એ કવિને મન વિસ્મયજનક છે. હરિ દેવી પર અમન્દ અનુરાગ રાખે છે, પણ કૂર્મ સ્વરૂપે મંદરાગ (મંદરાચળ, મંદપ્રેમ) ધારણા કરે છે. એ વિચિત્ર છે. લક્ષ્મી તો અઘટિતને પણ ઘટિત કરનાર છે. તેના દૃષ્ટિપાત માત્રથી પરશુરામમાં એકી સાથે બ્રાહ્મણત્વ અને ક્ષત્રિયત્વનું આગમન થયું.[૯૧]

(૩) **વીરરસ :** વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં વીરરસનું નિરૂપણ સહજ છે. ભગવાન વિષ્ણુ અને લક્ષ્મીનાં કાર્યોના નિરુપણમાં વીરરસ રહેલો છે. અશક્ય કાર્ય તથા ભક્તના કલ્યાણ માટે ભગવાને કરેલ વિશિષ્ટ કાર્યમાં વીરરસ છે. અવતારોના નિરૂપણમાં વીરરસ નિષ્પન્ન થયો છે. યામુનના 'સ્તોત્રરત્ન'માં દયાવીરની અભિવ્યક્તિ દર્શનીય છે.[૯૧અ] વેદાંતદેશિકનાં 'દયાશતક' (શ્લોક - ૮, ૯, ૧૦, ૧૧ વગેરે), 'હયગ્રીવસ્તોત્ર', 'દશાવતરસ્તોત્ર',

'સુદર્શનાષ્ટક', 'ષોડશાયુધસ્તોત્ર', 'શરણાગતિ-દીપિકા' વગેરે સ્તોત્રોમાં વીરરસના દયાવીર, યુદ્ધવીર, ધર્મવીર વગેરે પ્રકારોનું દર્શન અનેક શ્લોકોમાં થાય છે. શિવના ધનુષ્યનો ભંગ, વાલીવધ, પ્રહસ્ત-અતિકાય-મેઘનાદ-કુંભ ઈત્યાદિ રાક્ષસોના સંહાર વગેરે કાર્યો સોત્સાહ સંપાદિત કરતા રામમાં 'યુદ્ધવીર'નું દર્શન થાય છે.[૯૨] રામ આશ્રય છે. જ્યારે રાવણ દ્વારા અપહ્યત સીતા અવલંબન-સ્વરૂપ છે. સીતાની નિ:સહાય સ્થિતિનું અનુમાન ઉદ્દીપન સ્વરૂપ છે. રામ તો 'ધર્મવીર' અને 'યુદ્ધવીર' છે. તેથી તેમના કાર્યનિરૂપણમાં વીરરસના એ બે પ્રકારોની અભિવ્યક્તિ પણ એકી સાથે થઈ છે : 'પૂર્વે જે રામે માતા કૈકેયીની ખાતર, ધર્મનો આશ્રય લઈ કૌતુકથી વનમાં સમય વ્યતીત કર્યો, તે જ રામે સીતા ખાતર ચાપનો આશ્રય લઈ રાવણને યમપ્રતિ પહોંચાડી દીધો.[૯૩]

'લક્ષ્મીસહસ્ર'ના ઔદાર્યસ્તબકમાં કવિએ લક્ષ્મીના માધ્યમથી 'દાનવીર'ની અનુભૂતિ કરાવી છે. લક્ષ્મીની દાનવીરતાનું પ્રતિપાદન કરવું એ આ સ્તબકની રચનાનો મુખ્ય ઉદ્દેશ છે. વેદાંતદેશિકના 'દયાશતક'માં વેંકટપતિની દયાને વર્ણવવાનો પ્રયાસ થયો છે. લક્ષ્મી તો દાનવીર છે.[૯૪] અહીં કવિ 'દાનવીર' રસનો જાણે નિર્દેશ કરે છે.

'કારુણ્યસ્તબક' દ્વારા વેંકટાધ્વરીએ 'દયાવીર' રસ પ્રવાહિત કર્યો છે. રાવણાદિ શત્રુઓથી પીડિત જગતને જીવાડવા માટે લક્ષ્મી પરમ દયાથી જનક-યજ્ઞભૂમિમાંથી આવિર્ભૂત થઈ.[૯૫] 'હે અમ્બ, તારી દયાએ તને પૃથ્વી પર ઉતારીને, જગતની પીડા હરવા રાવણને પુરનિવાસનું દુ:ખ આપ્યું, તે દયા (કરુણા) ખરેખર અકરુણા સંપન્ન બની.' આ વિધાનમાં દયોત્સાહ સ્થાયીભાવ છે. જગત આલંબન છે, જગતની પીડા ઉદ્દીપન છે અને પૃથ્વી પર અવતરણ તેમ જ રાવણસંહાર અનુભાવો છે.

(૪) **કરુણભક્તિરસ :** સ્તોત્રમાં કવિના અપરાધ - એકરાર, ક્ષમા યાચના અને દૈન્યભાવના પ્રકાશનમાં આશ્રયભક્તનો 'શોક' ભાવ કરુણત્વની અનુભૂતિ કરાવે છે. યામુનના સમગ્ર 'સ્તોત્રરત્ન'માં કરુણ ભક્તિરસની હૃદયસ્પર્શી અભિવ્યક્તિ થઈ છે. એક ઉદાહરણ દર્શનીય છે.[૯૫અ] વેદાન્તદેશિકનાં 'ન્યાયદશક', 'શરણાગતિદીપિકા', 'દયાશતક', 'ન્યાસતિલક', 'ન્યાસવિંશતિ' વગેરેનાં અનેક પદોમાં કરુણ ભક્તિરસ નિષ્પન્ન થાય છે. એક ઉદાહરણ દૃષ્ટવ્ય છે.[૯૫બ] લક્ષ્મીસહસ્રમાં 'નિર્વેદસ્તબક'માં મુખ્યત્વે દીન-હીન ભક્ત કવિનો કરુણ ક્રંદનધ્વનિ સંભળાય છે. 'હે રમે, જગતમાં કેટલાક ધન્ય પુરુષો પત્ની ઈત્યાદિ વિષયોને તૃણની જેમ તજીને તને નમન કરી દિવ્યગતિ પ્રાપ્ત કરે છે, પરંતુ હું તો વિષય-વિષયંત્રમાં પડેલો, વિષાદ પામતો વિપત્તિ કાળે રોદન કરું છું.[૯૬] અહીં આશ્રયભક્તનો શોક ભાવ વિષાદાદિ વ્યભિચારી ભાવો અને રોદનરૂપ અનુભાવો દ્વારા કરુણમાં પરિણમે છે.

(૫) **રૌદ્રભક્તિરસ :** શત્રુઓનો સંહાર કરતા ભગવાન વિષ્ણુ કે તેમના અવતારી સ્વરૂપના વર્ણનમાં સર્વત્ર રૌદ્રભક્તિરસનો અનુભવ થાય છે. વેદાંતદેશિકનું એક પદ દર્શનીય છે.[૯૬અ] સ્તોત્રકાવ્યમાં આશ્રયભૂત શ્રીહરિના ક્રોધમાંથી રૌદ્રરસની અભિવ્યક્તિ થતી હોય છે; જેમકે સમુદ્રે માર્ગ ન આપતાં, રામે ક્રોધથી રક્ત આંખો વડે, જાણે કાલાગ્નિ હોય તેમ તીક્ષ્ણ બાણોથી સમુદ્રને શોષવાની ઈચ્છા કરી.[૯૭] વળી 'તારા પતિ હરિએ દુ:ખી પ્રહલાદનો ભય હરવા ભયંકર સિંહનું શરીર ધારણ કર્યું; ત્યારે તે તેમના નિર્મર્યાદ ક્રોધાગ્નિની જવાળાઓને અમૃત સમાન વચનોથી શમાવી જગતને ભયમુક્ત કર્યું.[૯૮] આ ઉદાહરણમાં હરિના ક્રોધનો વિષય સમુદ્ર અને હિરણ્યકશિપુ આલંબનરૂપ છે. 'ક્રોધ' સ્થાયિભાવ છે. રક્ત આંખો, બાણગ્રહણ તથા સિંહનું ભયંકર શરીર ધારણ કરવું એ અનુભાવ છે.

(૬) **ભયાનક ભક્તિરસ :** અપરાધથી ઉત્પન્ન ભયરતિ ભયાનકભક્તિરસનો સ્થાયિભાવ છે. સ્તોત્રકાવ્યમાં ભક્તને સંસારના તાપની, તેના બંધનની ભીતિ હોવાથી ભયાનકરસનું વર્ણન સહજ થાય છે. વેદાન્તદેશિકના 'અભિતિસ્તવ'માં સર્વત્ર ભયાનક રસની નિષ્પત્તિ થઈ છે. એક ઉદાહરણ દૃષ્ટવ્ય છે.[૯૮અ] 'લક્ષ્મીસહસ્ર'માં 'અભીકિસ્તબક'માં આ ભાવની હૃદયસ્પર્શી વ્યંજના થઈ છે, 'હે કમલાલયે, તે તે પાપસમૂહોના ફળથી ભયંકર યમ-સેવકો દ્વારા કરાતી યમ-સંબંધી પ્રાણીઓની તીવ્ર-વેદના શ્રુતિ-પુરાણાદિમાંથી સાંભળીને અત્યંત ભયભીત અને કમ્પાયમાન શરીરવાળો હું વિશ્વાસથી તારે શરણે આવું છું.[૯૯] અહીં 'ભય' સ્થાયિભાવ, યમ દ્વારા પીડાતાં પ્રાણીઓની તીવ્ર વેદનાનું શ્રવણ એ ઉદ્દીપન-વિભાવ તેમજ કંપ અને શરણાગતિ અનુભાવ છે.

(૭) **બીભત્સભક્તિરસ :** સ્તોત્રકાવ્યમાં બીભત્સની અભિવ્યક્તિને સ્થાન હોઈ શકે નહિ.

## (ક) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં અલંકાર નિરૂપણ

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્યોના સ્તોત્રોમાં તેમનું કવિરૂપ પર્યાપ્ત માત્રામાં નિષ્પન્ન થયું છે. એમનાં સ્તોત્રોના પરિશિલનથી સ્પષ્ટ થાય છે કે એમાં પ્રયોજાયેલ સ્વતઃસિદ્ધ અલંકારોથી એમાં કવિના એક સ્વાભાવિક સ્વરૂપનાં દર્શન થાય છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં અનેક શબ્દાલંકારો અને અર્થાલંકારોનો વિનિયોગ થયો છે. યમક અને અનુપ્રાસ જેવા શબ્દાલંકારો લગભગ સર્વત્ર ભરપૂર પ્રમાણમાં પ્રયોજાયા છે. અનુપ્રાસના પ્રયોગથી સર્જાતી સાનુપ્રાસિક પદાવલિઓ તો અનેક સ્તોત્રોમાં દૃષ્ટિગોચર થાય છે. જેમકે 'મુકુન્દમાલાસ્તોત્ર', 'શ્રી સ્તુતિ', 'અષ્ટશ્લોકી', 'શ્રીગુણરત્નકોશ', 'સુદર્શનાષ્ટક' વગેરે એના સુંદર ઉદાહરણો છે. અર્થાલંકારોમાં ઉપમા, રૂપક, દૃષ્ટાંત, અર્થાન્તરન્યાસ, વિરોધાભાસ જેવા અલંકારો ડગલેને પગલે પ્રયોજાયા છે. અલંકાર નિયોજનમાં મહદંશે કૃત્રિમતા વર્તાતી નથી.

### (૧) સ્તોત્રસાહિત્યમાં શબ્દાલંકાર નિયોજનની પરંપરા :

સ્તોત્ર અને સ્તોત્રેતર સાહિત્યમાં શાબ્દિક ચમત્કાર કે વૈચિત્ર્ય સર્જનની સુદીર્ઘ પરંપરાનું નિર્માણ થયું છે. એની આછેરી રૂપરેખા અહીં અંકિત કરવી ઈષ્ટ લેખાશે. આનાથી સ્પષ્ટ થશે કે કાવ્યના કલાપક્ષને અલંકૃત કરી ચમત્કાર-સર્જનની વિશિષ્ટ પ્રણાલી સંસ્કૃત કવિઓએ પ્રત્યેક યુગમાં સ્વીકારી છે. ચમત્કારપૂર્ણ કથનપદ્ધતિ કવિઓને સવિશેષ અનુકૂળ છે. તેથી તેની તદ્દન ઉપેક્ષા કરવી ઉચિત નહિ ગણાય.

સ્તોત્ર સાહિત્યમાં તો આરંભથી જ શાબ્દિક ચમત્કારનો અણસાર વર્તાય છે. ઋગ્વેદના 'પુરુષસૂક્ત'માં તેમજ અન્યત્ર આવાં અનેક વિધાનો પ્રાપ્ત થાય છે.[૧૦૦] બ્રાહ્મણ અને આરણ્યક ગ્રંથોમાં પણ આ પ્રવૃત્તિ ક્વચિત્ લક્ષિત થાય છે. 'બૃહદારણ્યક'ના પંચમ અધ્યાયના દ્વિતીય બ્રાહ્મણમાં પ્રજાપતિએ 'द' એ એક વર્ણથી દેવ, મનુષ્ય તથા અસુરનો ક્રમશઃ દમન, દાન અને દયાનો ઉપદેશ આપી દીધો, શ્લેષજન્ય અનેકાર્થ જન્માવવાનું મૂળ અહીં દૃષ્ટિગોચર થાય છે. વાલ્મીકિ-રામાયણના અદ્‌ભુતોત્તર કાંડના 'સીતાસહસ્રનામ સ્તોત્ર'માં વર્ણશબ્દાનુપ્રાસની છટા દર્શનીય છે.[૧૦૧] રામાયણના પ્રસિદ્ધ 'આદિત્યહૃદય' સ્તોત્રમાં પણ વર્ણસામ્યની પ્રસન્નતા ઉત્પન્ન થઈ છે. મહાભારતના 'વિષ્ણુસહસ્રનામસ્તોત્ર', 'ભીષ્ણસ્તવરાજ', 'શિવસહસ્રનામસ્તોત્ર' વગેરેમાં પણ વર્ણાનુપ્રાસ-શબ્દાનુપ્રાસની મધુરિમા અનુભવી શકાય છે.[૧૦૨] ઉત્તરવર્તી કવિઓએ શ્લેષયોજનામાં સ્વીકારેલ 'સ'

અને 'શ' તેમજ 'ર' અને 'લ' નું એકત્વ પણ આવાં ઉદાહરણોમાં જોઈ શકાય છે. પુરાણ સાહિત્યમાં તો આ પ્રવૃત્તિ અધિક માત્રામાં દૃષ્ટિગોચર થાય છે. સ્કન્દપુરાણના પૂર્વાર્ધભાગમાં આવતું 'ગંગાસહસ્રનામસ્તોત્ર' તો આખું કક્કાનુસારી છે. તેને 'વર્ણમાલા' સ્તોત્ર કહી શકાય. વર્ણમાલા સ્તોત્રો ચિત્રકાવ્યનું આરંભિક સ્વરૂપ છે. શાબ્દિક માધુર્યના ઉદાહરણ તરીકે તેમનો એક શ્લોક પર્યાપ્ત છે.[૧૦૩] પદ્મપુરાણના ઉત્તર ખંડમાં પ્રાપ્ત વ્યાસરચિત 'ગણેશાષ્ટક'નું શબ્દમાધુર્ય પણ નોંધપાત્ર છે. બ્રહ્મવૈવર્તપુરાણના અસિતકૃત 'શિવસ્તોત્ર'નો પ્રધાન અલંકાર અનુપ્રાસ છે. વિષ્ણુપુરાણના 'શ્રીવિષ્ણુશતનામસ્તોત્ર'માં વર્ણાનુપ્રાસ શબ્દાનુપ્રાસની છટા દર્શનીય છે. સ્કંદપુરાણના 'શિવમહિમસ્તોત્ર'માં શબ્દોની ઝડ-ઝમક અને ચિત્રબંધ સુરાવલિઓ સર્જે છે.

આગમ અને તંત્રગ્રન્થો પણ શબ્દાડંબરથી ભરપૂર છે. રુદ્રયામલતંત્રનું સંપૂર્ણ 'શ્રી ગણેશસહસ્રનામસ્તોત્ર' 'ગ' કારથી રચાયું છે. તેના પ્રત્યેક શ્લોકના પ્રત્યેક શબ્દનો આરંભ માત્ર 'ગ' વર્ણથી થાય છે. ઉત્તરવર્તી સાહિત્યમાં એકાક્ષરી જેવાં કાવ્યોનું આ આરંભિક રૂપ છે. આ જ તંત્રના 'શિવષડ્‌ક્ષરસ્તોત્ર'માં નકાર, મકાર, શકાર, વકાર, અને યકારવાળા શિવને અનુક્રમે ન, મ, શિ, વ અને ય વર્ણથી આરંભાતા છ શ્લોકો દ્વારા કવિ નમન કરે છે.[૧૦૪] આમ પુરાણ-તંત્રગ્રંથો શબ્દાલંકારોથી સજ્જ છે.

સ્વતંત્ર શૈલીમાં રચિત સ્તોત્રોમાં પણ આરંભથી જ શ્લેષયમકનો વાગ્વિલાસ દૃષ્ટિગોચર થાય છે. વિક્રમની બીજી શતાબ્દિના જૈનાચાર્ય સમન્તભદ્રની કૃતિ 'સ્તુતિવિદ્યા' (જિનસ્તુતિશતક) સ્પષ્ટ રીતે ચિત્રકાવ્યનાં વિભિન્ન પ્રકારોનાં ઉદાહરણો આપે છે. આમાં અનુલોમ-પ્રતિલોમ પ્રકારની ચિત્રબંધતા તેમજ એક શ્લોકના વર્ણોના સંયોજનથી બીજા શ્લોકના નિર્માણનું સાહિત્યિક ચાતુર્ય અભિવ્યક્ત થયું છે. સમન્તભદ્ર ચિત્રકાવ્યના આદિ પ્રવર્તક છે. ખાસ કરીને સ્તોત્રસાહિત્યમાં, સમન્તભદ્રને અનુસરી જૈન કવિઓએ વિપુલ પ્રમાણમાં ચિત્રબંધતાસંપન્ન સ્તોત્ર કાવ્યોનું નિર્માણ કર્યું. જેમાં જિનપ્રભસૂરિનું 'શ્રી અમિતજિનસ્તવ' યમક અલંકારથી સભર છે. એમના 'વીરસ્તવ'માં તો ચિત્રકાવ્યના અનેક પ્રકારો પ્રતિલોમાનુલોમપાદ (૧,૨), અનુલોમ-પ્રતિલોમ (૩), અર્ધભ્રમ (૫), મુરજબંધ (૬), ગોમૂત્રિકા (૭), સર્વતોભદ્ર (૮) વગેરેનું નિરૂપણ થયું છે. ષડ્‌ભાષામય કે એકથી અધિક ભાષાવાળાં એવાં જૈન સ્તોત્રો પણ રચાયાં છે. જેમાં સંસ્કૃત, પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચી અને અપભ્રંશ આ છ ભાષાના શ્લોકો હોય છે. આવાં સ્તોત્રોમાં સોમસુંદરસૂરિનાં શ્રીઋષભદેવસ્તવન, શ્રીશાન્તિ જિનસ્તવન, શ્રી નૈમિજિનસ્તવન વગેરે નોંધપાત્ર છે.

સમન્તભદ્ર, ભારવિ, માઘ વગેરેની અલંકૃત શૈલીનો પ્રભાવ બાણભટ્ટના 'ચંડીશતક'માં સ્પષ્ટ રીતે વર્તાય છે. સ્તોત્રમાં યત્નસાધ્ય શ્લેષમય શૈલીનું પ્રવર્તન 'ચંડીશતક' કરે છે. એમ કહી શકાય. આ સ્તોત્રનાં પ્રધાન લક્ષણ છે : શ્લેષકૌશલ અને ગૌડીશૈલી. મયૂરકવિના 'સૂર્યશતક'માં અનુપ્રાસનો શબ્દાડંબર અને શ્લિષ્ટ પદરચના વિપુલમાત્રામાં છે. સ્તોત્રસાહિત્યમાં શ્લેષ અને વક્રોક્તિનો સમાવેશ કરનારાઓમાં કવિ મયૂરની ગણના થઈ છે.

અનિશ્ચિત કાલીન સ્તોત્રોમાં 'ચંદ્રશેખરાષ્ટક', કાલિદાસના નામે પ્રાપ્ત 'ગંગાસ્તોત્ર', રાવણકૃત 'શિવતાંડવસ્તોત્ર', લંકેશ્વર રચિત 'શિવસ્તુતિ'માં પણ શબ્દાલંકારની ભવ્યતા વ્યંજિત થઈ છે. શંકરાચાર્યના 'નર્મદાષ્ટક'ની જળલહેરીઓની સાથે જે અનુપ્રાસથી સ્વર-લહેરીઓ સંભળાય છે તે તો પ્રસિદ્ધ છે.[૧૦૫]

ધ્વનિના પ્રબળ પક્ષપાતી હોવા છતાં ભારવિની દુર્ઘટ શૈલી અંગીકાર કરનાર આચાર્ય આનંદવર્ધનનું 'દેવીશતક' સ્તોત્ર સાહિત્યમાં ચિત્રકાવ્યના વિભિન્ન પ્રકારોનું આલેખન કરનાર એક ભવ્ય દુષ્કર સ્તોત્ર કાવ્ય છે. ચિત્રકાવ્યના વિભિન્ન પ્રકારોનાં ઉદાહરણો રચવામાં કવિનું યમક-કૌશલ પ્રદર્શિત થયું છે. આ પરંપરામાં રાજાનક રત્નાકરના 'વક્રોક્તિપંચાશિકા' ભટ્ટનારાયણના 'સ્તવચિંતામણિ', કાશ્મીરી કવિ અવતારનું 'ઈશ્વરશતક' નોંધપાત્ર છે.

પુરાણો, તંત્રગ્રંથો તેમજ અજ્ઞાતકર્તુક અને અનિશ્ચિત સમયનાં કેટલાક જાણીતાં સ્તોત્રોનો પ્રભાવ વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો પર વર્તાય છે. પુરાણતંત્રગ્રંથોની સાનુપ્રાસિક શૈલીથી પ્રભાવિત થઈ વિશિષ્ટાદ્વૈતી યામુનાચાર્ય, વેદાંતદેશિક, શ્રીવત્સાંકમિશ્રના સ્તોત્રોમાં વર્ણાનુપ્રાસ, શબ્દાનુપ્રાસની છટાથી યુક્ત સાનુપ્રાસિક પદાવલીઓનું સર્જન કર્યું છે. જ્યારે વેદાંતદેશિક અને વેંકટાધ્વરીના સ્તોત્રોમાં ચિત્રકાવ્યોનો પ્રભાવ જોવા મળે છે.

### (૨) વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં શબ્દાલંકારો :

**✷ શ્લેષ, વક્રોક્તિ, યમક :**

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં વેદાંતદેશિકના 'પાદુકાસહસ્ર' અને વેંકટાધ્વરીના 'લક્ષ્મીસહસ્ર'માં આ અલંકારોનો પ્રચુર પ્રયોગ થયો છે. વેંકટાધ્વરી મુખ્યત્વે શબ્દકવિ છે. શબ્દોની તોડ-જોડ તેમજ શ્લેષ-યમકાદિની રચના દ્વારા વૈચિત્ર્યનું સંપાદન કરવામાં તેઓ આશુ-કવિ છે. 'લક્ષ્મીસહસ્ર'ના આરંભે તેઓ સ્વયં નોંધે છે કે પોતાનું આ સ્તોત્ર ચિત્ર-વિચિત્ર-બહુપ્રાસયમકશ્લેષાદિગર્ભિત છે, જે સ્વતઃ પરિસ્ફુટ થયું છે.[૧૦૬] આમાંથી એ સૂચવાય છે કે અનાયાસે શ્લેષ, યમકની રચનામાં કવિએ અપ્રિતમ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. શ્લેષ અને યમકના પ્રયોગથી નવીન અર્થ અને વાણી-વૈચિત્ર્ય જન્મે છે એના નિદર્શન માટે વેંકટાધ્વરીએ 'યમકસ્તબક' અને 'ચિત્રસ્તબક'ની રચના કરી છે.

વેંકટાધ્વરી શ્લિષ્ટ પદરચનાના તો આચાર્ય છે. 'લક્ષ્મીસહસ્ર'ની અલંકાર યોજનામાં શ્લેષનો પ્રયોગ સર્વાધિક થયો છે. કવિ શ્લેષ-ચક્રવર્તી છે. તેઓ શ્લેષજન્ય શાબ્દીક્રીડાના રસિક છે શબ્દશ્લેષ અને અર્થશ્લેષ બંનેના અસંખ્ય ઉદાહરણોથી 'લક્ષ્મીસહસ્ર' સભર છે. સભંગ અને અભંગ બંને પ્રકારની શ્લેષ રચનામાં કવિ કુશળ છે. તેનાં કેટલાંક ઉદાહરણો જોઈએ.

**✷ અભંગ-શ્લેષ :**

(૧) 'હે દેવી, પ્રભુ રામે તારી પ્રાપ્તિના કાર્યમાં અગ્રેસર વાનરવીરોને સુંદર અલંકારો, મણિ, શ્રેષ્ઠવસ્ત્ર, સુવર્ણ ઈત્યાદિ આપી સંતુષ્ટ કર્યા, એ તો યોગ્ય છે. પરંતુ આ વિસ્મયકારી છે કે સર્વકાર્યસાધક તેમજ રત્નાદિને યોગ્ય એવા વિભિષણને માત્ર રંગ (સીસું, રાજસભા) જ આપ્યું.'[૧૦૭] 'રંગ' શબ્દમાં અભંગ શ્લેષ છે.

(૨) શબ્દની જોડ-તોડ દ્વારા અર્થાન્તર અને ચમત્કાર સર્જનની કવિની સિદ્ધિ નોંધપાત્ર છે. 'હે જનનિ, તારું હસિત (હાસ્ય) પોતાના રૂપમાંથી આદ્યવર્ણ 'હ' છોડી દે તો સિત (શ્વેત)બનીને ચંદ્રકિરણોના સમૂહનું સામ્ય પ્રાપ્ત કરે છે. અતિમંદ હાસ્યની અધરોષ્ઠપ્રાપ્તિ ખરેખર યોગ્ય જ છે.'[૧૦૮] અહીં 'આદ્યવર્ણ' 'વિધુપાદજાત', 'અતિમંદ' 'અધર' વગેરેમાં અભંગ શ્લેષ છે. આનો બીજો અર્થ આ પ્રમાણે થાય છે. આદ્યવર્ણ બ્રાહ્મણને છોડીને હરિ-

ચરણમાંથી ઉત્પન્ન શુદ્રોની મૈત્રી કરનાર મંદ-માણસ (જડ)ની નીચગતિ ઉચિત જ છે. 'હસિત' અને 'સિત'ની શબ્દક્રીડામાં સભંગ શ્લેષ છે.

(૩) એક જ ક્રિયાના પરસ્પર વિરોધી અર્થો નિષ્પન્ન કરી કવિ શ્લેષ-ક્રીડામાં રાચે છે. 'હે કમળા, કલ્કિ સ્વરૂપે હરિ તારાં વચનોથી દયાસંપન્ન બની ભયંકર ગર્જનાવાળા મ્લેચ્છોને મૂર્છિત કરીને કળિયુગને શાન્ત કરી દેશે અને યજ્ઞ-ધર્મને પ્રવર્તિત કરશે; અંધકાર-અજ્ઞાનનો નાશ કરશે અને બ્રાહ્મણોને પોષશે.[૧૦૯] અહીં 'શાંત કરશે' અને 'પ્રવર્તિત કરશે' આવો પરસ્પર વિરોધી ક્રિયાઓના અર્થ માટે એક ક્રિયા 'निर्वापयिष्यति'નો એકવાર પ્રયોગ થયો છે.

✷ **સભંગ-શ્લેષ :**

સભંગ શ્લેષની રચના કરવામાં પણ કવિ વૈચિત્ર્યનો સહયોગ લે છે. 'મુકુન્દ' શબ્દનો ભંગ કવિએ વૈચિત્ર્યનો સહયોગ લે છે. 'મુકુન્દ' શબ્દનો ભંગ કવિએ કેવી હોંશિયારીથી કર્મો છે. તેનું એક ઉદાહરણ જોઈએ. 'હે, સુંદર જઘનવાળી રમા, તારામાં અધિક શોભાદાયક દંતપંક્તિ પ્રકાશે છે. જેની કાન્તિ ઉત્કટ હર્ષથી अमुना 'मु' (વર્ણરહિત) આ 'कुन्दे' (કળીએ) સહસા આહત કરી.'[૧૧૦]

શ્લેષજન્ય દ્વિતીય અર્થ : 'સજ્જ વર્ષાઋતુ સમાન તારામાં એવી અધિક શોભાવાળી વાદળ પંક્તિ શોભે છે, જેની નીલવર્ણી દ્યુતિને અધિક પ્રમોદથી મુકુન્દે (ભગવાને) સ્વીકારી.' અહીં 'મુકુન્દ' શબ્દમાંથી કુંદ કળીનો અર્થ ગ્રહણ કરવા 'અમુના'નો પ્રયોગ કર્યો. એ રીતે સભંગ-શ્લેષની રચના કરી.

(૨) 'પાંચશરજન્ય' શબ્દમાં સભંગ-શ્લેષની રચના માટે કવિએ શબ્દમાં અંતવર્તી 'શર' વર્ણોને દૂર કરી પોતાનું વર્ણજ્ઞાન પ્રગટ કરે છે.

'હે જગદમ્બા, શ્રીકૃષ્ણ અંતવર્તી મદનસંતાપ (અંતઃસ્થ અને ઉષ્મવર્ણ) દૂર કરવા માટે પંચશર-કામદેવનું યુદ્ધ-રતિક્રીડા (પાંચજન્ય શંખ) સ્વીકારી. તેનાથી ન ડરેલી આ તારી ગ્રીવા સામી ગર્જના કરે છે. (રતિક્રીડા સમયે કૂજન કરે છે.)'[૧૧૧]

અહીં 'પાંચશરજન્ય' શબ્દમાં 'શ' ઉષ્મ અને 'ર' અંતઃસ્થ વર્ણ છે. એ વર્ણોને યુક્તિપૂર્વક દૂર કરી કવિએ 'પાંચજન્ય' (શંખ) શબ્દનો સાર્થક પ્રયોગ કર્યો છે. 'અંતઃસ્થોષ્મ' (અંદર રહેલા સંતાપ, અંતઃસ્થ અને ઉષ્મવર્ણ)માં અભંગ શ્લેષ છે. 'પાંચશરજન્ય' (કામ-યુદ્ધ, પાંચજન્યશંખ)માં સભંગ શ્લેષ છે.

એક જ શ્લોક દ્વારા ચાર-ચાર, પાંચ-પાંચ અર્થ નિષ્પન્ન કરી વેંકટાધ્વરી પોતાના શ્લેષ-વિલાસની પરાકાષ્ઠા સર્જે છે. એક ઉદાહરણ જોઈએ.

લક્ષ્મી વિષ્ણુના વક્ષઃસ્થળનો આશ્રય લે છે. એ પ્રકૃત (વક્ષઃસ્થળ)ના વર્ણનમાં અપ્રકૃત મહાન ઉદ્યાન, શ્રેષ્ઠરામ અને બલરામ એ અન્ય ત્રણ અર્થો પણ અભિવ્યક્ત થતાં ચાર પક્ષે અર્થ ઘટિત થાય છેઃ- [૧૧૨]

વક્ષઃસ્થળ પક્ષે : 'હે નિષ્પાપ કમલા, તું હરિના પરમ તુલસીથી યુક્ત, પગ સુધી લટકતી માળાથી ઉપશોભિત, શ્રીવત્સનામક શોભાયમાન ચિહ્નથી અંકિત અને ઉત્તમ રૂપસંપન્ન એવા મહાન વક્ષઃસ્થળનો આશ્રય લે છે.'

ઉદ્યાન પક્ષે : 'હે નિષ્પાપ કમલા, તું શ્રેષ્ઠ તુલસીવૃક્ષથી શોભિત, વનપંક્તિથી આવૃત, સારસ-અંગનાથી ઉપશોભિત અને ઉત્તમ વૃક્ષોથી યુક્ત એવા મહાન ઉદ્યાનનો આશ્રય લે છે.'

દાશરથિ-રામપક્ષે : 'હે નિષ્પાપ કમલા, તું અનુપમ વૈદેહીથી યુક્ત, વનવાસને પ્રાપ્ત ઉત્તમભાઈ લક્ષ્મણથી યુક્ત અને સુંદર આકૃતિ સંપન્ન એવા રામનો આશ્રય લે છે.'

બલરામ પક્ષે : 'હે નિષ્પાપ કમલા, તું નિરુપમ હળથી યુક્ત, પગ સુધી લટકતી લાંબી પુષ્પમાળાથી શોભિત, સૌભાગ્યવ્યંજક શોભનલક્ષણોથી સંયુક્ત અને સૌન્દર્યસંપન્ન એવા બલરામનો આશ્રય લે છે.'

અહીં સર્વ વિશેષણો શ્લિષ્ટ છે. સભંગ અને અભંગ બંને પ્રકારના શ્લેષનો પ્રયોગ થયો છે. કવિએ સમયાનુસાર શ્લેષયોજનામાં 'સ' અને 'શ' વર્ણોના એકત્વની છૂટ લીધી છે. જેમકે 'પરમતુલશીતમ્'માં (૧) પરમ + તુલસી + ઈતમ્ (૨) પરમ + અતુલ + શીતમ્ (૩) પરમ + અતુલ + સીતા - આ પ્રમાએ વિચ્છેદ કરી અર્થાન્તર નિષ્પન્ન કર્યો છે. અહીં અ - આ અને ઈ - ઈનું એકત્વ પણ દૃષ્ટિગોચર થાય છે.

ક્યારેક શ્લેષસર્જનમાં વ્યત્પત્તિનો સહયોગ પણ લે છે. ઉદાહરણ જોઈએ તો-

'તારી દયારસની સરિતાઓ આદરથી મારા જેવા નીચ તરફ વહે છે. તે અનુરૂપ છે.'[૧૧૩] 'નિમ્નગા' - નીચે ગમન કરનાર સરિતાનું નિમ્ન સ્થળે વહેવું એ ઉચિત છે.

'પલ્લવ' અને 'પાદપ' શબ્દો પરની વ્યુત્પત્તિજન્ય રમણીય ક્રીડા દર્શનીય છે. 'હે નલિનાયતનો, મૃદુ પ્રવાલને તારા ચરણોનો માત્ર એક અંશ (લેશ) જાણું છું; આથી જ તે 'પલ્લવ' નામ ધારણ કરે છે. આ પલ્લવનું રક્ષક વૃક્ષ 'પાદપ' એવું નામ ધારણ કરે છે.[૧૧૪]

✷ **વક્રોક્તિ :**

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં સંવાદાત્મક સ્થળોને અવકાશ ન હોવાથી વક્રોક્તિનો પ્રયોગ અલ્પ માત્રામાં થયો છે. તેમ છતાં 'પાદુકાસહસ્ર' અને 'લક્ષ્મીસહસ્ર'માં શ્લેષ-વક્રોક્તિના કેટલાંક આકર્ષક ઉદાહરણો પ્રાપ્ત થાય છે. લક્ષ્મીસહસ્રના એક જ શ્લેક (૯/૪૪)માં લક્ષ્મી-વિષ્ણુનો વક્રોક્તિમય વાગ્વિલાસ દર્શનીય બન્યો છે.[૧૧૪અ] 'લક્ષ્મી સહસ્ર'માં વામન દ્વારા બલિ-પ્રતાપરણના પ્રસંગે કવિએ શ્લેષ-વક્રોક્તિનો ઉત્તમ પ્રયોગ કર્યો છે.

'રાજા બલિએ વામન સ્વરૂપ હરિને પ્રશ્ન કર્યો : તારું વાસસ્ (વસ્ત્ર) ક્યાં છે? 'વાસઃ'નો ભિન્ન અર્થ નિવાસસ્થાન કલ્પીને વામને ઉત્તર આપ્યો : 'ગુહામાં' (હું યોગીઓના હૃદયમાં નિવાસ કરું છું એવો ગૂઢાર્થ છે.) પુનઃ બલિએ પૂછ્યું 'તને ગાઢ ભક્ષણની આકાંક્ષા છે?' વામને કહ્યું : મને ધન અભક્ષક કે રુક્ષભક્ષક જાણો (હું અધાસુર સંહારક છું એવો વાસ્તવિક અર્થ છે.) છેલ્લે બલિએ પ્રશ્ન કર્યો. હે, તને પરણવાની ઈચ્છા છે! આના ઉત્તરમાં વામને કહ્યું મારે સ્ત્રીનું કંઈ પ્રયોજન નથી. (મા (લક્ષ્મી) મારી સ્ત્રી છે. મને વિવાહમાં રુચિ નથી. એ

વાસ્તવિક અર્થ) ત્રણ ડગલાંથી માપી શકાય તેટલી ભૂમિ મને આપો તે મારે માટે જગત-ત્રયરૂપ બનશે. (ત્રણ ડગલાંથી જ હું ત્રણે જગતનું ગ્રહણ કરી લઈશ એ વાસ્તવિક અર્થ) હે માતા, હરિના ઉરઃસ્થળે રહેલી તું બટુક વામનનો આવો ઉત્તર સાંભળી મંદ મંદ હસી રહી.[૧૧૫]

અહીં બલિના અભિપ્રેત આશયથી ભિન્ન અર્થની પરિકલ્પના સાથે સાથે અન્ય વાસ્તવિક - રહસ્યમય અર્થનું સૌદર્ય પણ પરિસ્ફુટ થયું છે. તેમાં વ્યંજનાશક્તિ પ્રવર્તે છે.

✷ **યમક :**

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્યોમાં વેદાંતદેશિક અને વેંકટાધ્વરી શબ્દમૈત્રી અને યમકના આચાર્યો છે. તેમના સ્તોત્રોમાં યમક દ્વારા પદબંધનું સૌન્દર્ય નિષ્પન્ન કરવામાં ક્યાંક સ્વાભાવિકતા અને ક્યાંક કૃત્રિમતાનું પણ દર્શન થાય છે. આલંકારિકોએ બતાવેલ યમકના અસંખ્ય ભેદોનાં ઉદાહરણો આપવા માટે વેદાંતદેશિક 'પાદુકાસહસ્ર'નું અને વેંકટાધ્વરીએ 'લક્ષ્મીસહસ્ર'ના યમકસ્તબકની રચના કરીને પોતાનું શબ્દ પાંડિત્ય અભિવ્યક્ત કર્યું છે.

વર્ણસમૂહનું સવ્યવધાન કે વ્યવધાનરહિત પુનઃ પુનઃ ઉચ્ચારણ યમક કહેવાય છે. યમક પાદના આદિ, મધ્ય અને અંતમાં રહે છે. એકપાદયમક, દ્વિપાદયમક, ત્રિપાદયમક, તેમજ ચતુષ્પાદ યમક અને આ બધાના આદિ, મધ્ય, અન્તયમક તેમજ સજાતીય - વિજાતીયથી અસંખ્ય ભેદ થઈ શકે છે.[૧૧૬] વેંકટાધ્વરીએ 'યમકસ્તબક'ના ૬૧ શ્લોકોમાં સર્વત્ર યમકની રચના કરીને આના અસંખ્યભેદ બતાવ્યા છે. આમાંના કેટલાક નીચે પ્રમાણે છે.

(૧) અસંયુક્ત - ચતુષ્પાદાદ્યપદગત (શ્લોક ૧૪/૧)

(૨) અસંયુક્ત - એકપાદગત આદ્યપદગત (શ્લોક ૧૪/૨)

(૩) અસંયુત - એક પાદગત આદ્યપદગત (શ્લોક ૧૪/૫)

(૪) અસંયુત - પાદમધ્યગત - સર્વચરણગત (શ્લોક ૧૪/૬)

(૫) અસંયુત - દ્વિપાદગત આદ્યપદગત (શ્લોક ૧૪/૩૮)

(૬) અસંયુક્ત - આદ્યપદગત (શ્લોક ૧૪/૪)

(૭) સંયુત - અસંયુત - પાદાદિપાદમધ્યગત (શ્લોક ૧૪/૭)

(૮) અસંયુત - દ્વિપાદગત - અન્ત્યપદગત (શ્લોક ૧૪/૧૦)

(૯) અર્ધાભ્યાસ સમુદ્ગક (શ્લોક ૧૪/૫૫)

(૧૦) ચતુષ્પાદ-યમક (શ્લોક ૧૪/૧૧)

(૧૧) શૃંખલાયમક (શ્લોક ૧૪/૯), અર્ધાભ્યાસ યમક (શ્લોક ૧૪/૫૩) પાદત્રયાભ્યાસ યમક (શ્લોક ૧૪/૫૫) વગેરે.

આચાર્ય દંડીએ યમકના જે અસંખ્ય ભેદોનો નિર્દેશ કર્યો છે તેની પ્રતીતિ વેંકટાધ્વરીનાં યમક ઉદાહરણો કરાવે છે. સ્તોત્રેતર સાહિત્યમાં ઉપલબ્ધ, યમકના અસંખ્ય પ્રકારો ભાગ્યે જ કોઈ સ્તોત્રમાં હશે. કેટલાંક ઉદાહરણો દૃષ્ટવ્ય છે.

(૧) પાદના આદિ, મધ્ય અને અંતમાં યમક - રચના દ્વારા વેંકડાધ્વરી પદ-બંધનું સૌન્દર્ય નિષ્પન્ન કરે છે. અસંયુત દ્વિપાદગત આદ્યપદગત યમકનું એક ઉદાહરણ દર્શનીય છે.[૧૧૭] આલંકારિકોએ અનુસ્વાર - વિસર્ગની ન્યૂનતામાં પણ યમકાદિનો સ્વીકાર કર્યો છે.[૧૧૮] આ ઉદાહરણમાં 'સરોરુહારમ્' શબ્દની બાબતમાં એકમાં અનુસ્વાર છે, અન્યમાં નથી. 'મ' અને 'ન'નું ઐક્ય પણ ગૃહીત થયું છે. જેમકે 'ભુજાન્તરામો' અને 'ભુજાં તરામો.'

(૨) પાદદ્વય-આવૃત્તિને સમુદ્ગક-યમક કે 'અર્ધાભ્યાસ' કહે છે. એના મુખ્ય ત્રણ ભેદ છે.[૧૧૯] વેંકટાધ્વરીએ આમાંના ઘણા પ્રકારનાં ઉદાહરણો આપ્યાં છે. અર્ધાભ્યાસ સમુદ્ગક યમકનું એક ઉદાહરણ જોઈએ.[૧૨૦] આમાં પ્રથમ અને તૃતીય પાદોની આવૃત્તિ છે. એક જ પાદની ત્રણ આવૃત્તિઓથી 'પાદત્રયાભાસ-યમક' થાય છે. તેનું એક ઉદાહરણ દૃષ્ટવ્ય છે.[૧૨૧]

માત્ર 'યમક-સ્તબક'માં નહિ પણ - 'ઔદાર્ય સ્તબક'માં પણ સર્વત્ર યમકની રચના કરીને વેંકટાધ્વરી 'યમક ચક્રવર્તી'નું બિરુદ પામે છે, એ યોગ્ય છે.

**✱ ચિત્રકાવ્ય :**

શ્લેષ અને યમકની શાબ્દિક ક્રીડાઓમાંથી ચિત્રકાવ્યનો જન્મ થયો. તે અતિ દુષ્કર કાવ્ય પ્રકાર છે.[૧૨૨] ધ્વનિને આધારે આનંદવર્ધન કાવ્યના ત્રણ પ્રકારો બતાવે છે. વ્યંગ્યની પ્રધાનતામાં અને ગૌણતામાં અનુક્રમે ધ્વનિકાવ્ય અને ગુણીભૂતવ્યંગ્ય કાવ્ય બને છે. રસભાવાદિ વ્યંગ્યરહિત તેમજ અર્થ અને શબ્દના વૈચિત્ર્યના આધારે નિર્મિત આલેખ્ય સદૃશ ચિત્રકાવ્ય કહેવાય છે. આનંદવર્ધન તેને વાસ્તવિક કાવ્ય નહિ, પણ માત્ર કાવ્યની અનુકૃતિ કહે છે.[૧૨૩] ચિત્રકાવ્ય એક વિશેષ પ્રકારની આકૃતિને જન્મ આપે છે. તેથી મમ્મટાચાર્યના મતે વિશેષ પ્રકારની રચનાથી જેના વર્ણો ખડગ, મુરજ આદિ આકૃતિઓ સર્જે તે ચિત્રકાવ્ય છે.[૧૨૪] ભામહ, દંડી, આનંદવર્ધન, મમ્મટ, વિશ્વનાથ ઈત્યાદિ વિવેચકો ચિત્રકાવ્યને અધમ કે હેય માને છે. તેમ છતાં ચિત્રકાવ્યની રચનાની કલાબાજીમાં મૂર્ધન્ય કોટિના કવિઓ પણ આસક્ત રહ્યા અને ઉત્તરવર્તી કવિઓએ તો એના ચિત્ર-વિચિત્ર પ્રભેદોનું નિર્માણ કરી સંસ્કૃત ભાષાની સ્વભાવગત ખાસિયતોને ચરિતાર્થ કરી. આના પરિણામે સંસ્કૃત કાવ્ય સાહિત્યમાં યમકના અનેક પ્રકારો, દુષ્કર ચિત્રબંધો, દ્વિસંધાન-ત્રિસંધાન વગેરે કાવ્યો, પ્રતિલોમ-અનુલોમ, પ્રહેલિકા, સમસ્યાપૂર્તિ ઈત્યાદિનું વિપુલ પ્રમાણમાં સર્જન થયું. વિશ્વસાહિત્યમાં સંસ્કૃત કવિઓની આ અપૂર્વ સિદ્ધિ છે.

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રકારોમાં વેંકટનાથ વેદાંતદેશિક ચિત્રકાવ્યના નિરૂપણ માટે પોતાના 'પાદુકાસહસ્ર'નામના સ્તોત્રમાં એક સંપૂર્ણ ૩૦મું પ્રકરણ 'ચિત્રપદ્ધતિ' નામે રચે છે. ગુરુ વેદાંતદેશિકને અનુસરી વેંકટાધ્વરી 'લક્ષ્મીસહસ્ર'માં 'ચિત્રસ્તબક'ની રચના કરે છે. 'પાદુકાસહસ્ર'ના ચિત્રપદ્ધતિમાં નીચેના પ્રકારો વર્ણિત થયા છે.

અપશબ્દાભાસચિત્ર (શ્લોક-૨), ગોમૂત્રિકાબૅંધ (શ્લોક-૩), ગૂઢચતુર્થ (શ્લોક-૪), નિરોષ્ઠ્ય (શ્લોક-૫), ક્રિયાવંચન નામક પ્રહેલિકા (શ્લોક-૬), 'अ' વર્ણની સાત વિભક્તિઓ (શ્લોક-૭), પાદાવૃત્તિયમક (શ્લોક-૮), પાદાનુલોમ-પ્રતિલોમયમક (શ્લોક-૯), અપુનરુક્તવ્યંજન (શ્લોક-૧૦), મુરજબંધ (શ્લોક-૧૧), શરબંધ (શ્લોક-૧૩), ગરુડગતિચક્રબંધ (શ્લોક-૧૪), દ્વિશૃંગાટક ચક્રબંધ (શ્લોક-૧૫), દ્વિચતુષ્ટકચક્રબંધ (શ્લોક-૧૬), અષ્ટદલપદ્મ (શ્લોક-૧૭), સકર્ણિકષોડશદલપદ્મ (શ્લોક-૧૮), ચતુરંગતુરંગ પદબંધ (શ્લોક-૨૦), અર્ધભ્રમક (શ્લોક-૨૧), સર્વતોભ્રદ (શ્લોક-૨૨), ત્ર્યક્ષરા (શ્લોક-૨૪), એકાક્ષરા (શ્લોક-૨૫), મહાયમક, એકસ્વરચિત્ર, દ્વિસ્થાનક - સ્થાનચિત્ર - ગતિચિત્રાદિ (શ્લોક-૨૬), પાદચતુષ્પભાગાવૃતિયમક (શ્લોક-૨૭), સંસૃષ્ટિ (શ્લોક-૨૮), ષોડ્શાવૃત્તિયમક શ્લોકપાદાનુલોમાષ્ટ દલ પદ્મ (શ્લોક-૨૯), કવિનામાંકિત - અષ્ટદલ પદ્મ (શ્લોક-૩૦), કવિકાવ્યનામાંકિત મહાચક્ર (શ્લોક-૩૧), ચતુરંકાષ્ટારચક્ર (શ્લોક-૩૨), ભિન્નવૃત્તાનુલોમ - ગોમૂત્રિકા (શ્લોક-૩૪), ભિન્નવૃત્તાનુલોમપ્રતિલોમ (શ્લોક-૩૭,૩૮), પાદુકાયુગલગર્ભકર્ણિક - અષ્ટદલપદ્મ (શ્લોક-૩૯) અને પાદદ્વય ભાગવદ્વયાવૃત્તિ યમક (શ્લોક-૪૦).

**'લક્ષ્મીસહસ્ર'ના ચિત્રસ્તબકનાં કેટલાંક ઉદાહરણો દૃષ્ટવ્ય છે.**

**✷ વર્ણચિત્ર :**

વર્ણોના વિવિધ પ્રકારના વિશિષ્ટ પ્રયોગો દ્વારા વિચિત્ર-ચિત્રણ કરતાં 'વર્ણચિત્ર' થાય છે. આમાં એક સ્વર કે શ્લોકમાં ક્યાંક માત્ર એક વ્યંજન, ક્યાંક બે ક્યાંક ત્રણ તો ક્યાંક ચાર વ્યંજન ઈત્યાદિનો પ્રયોગ કરી ચમત્કારનું સર્જન થાય છે. વેંકટાધ્વરીએ વર્ણચિત્રના પાંચેય પ્રકારોનાં ઉદાહરણો આપ્યાં છેઃ (૧) એકવ્યંજનચિત્ર (શ્લોક ૨૨/૩૦-૩૧), (૨) દ્વિવ્યંજન ચિત્ર (૨૨/૨૯), (૩) ત્રિવ્યંજનચિત્ર (શ્લોક ૨૨/૨૮), (૪) દ્વિવ્યંજન - એક સ્વર (શ્લોક ૨૨/૩૩), (૫) અપુનરુક્ત - વ્યંજનચિત્ર (શ્લોક ૨૨/૧૫), એક વ્યંજનચિત્રનો એક શ્લોક દર્શનીય છે.[૧૨૫]

વેંકટનાથ વેદાંતદેશિકના 'પાદુકાસહસ્ર'ની ચિત્રપદ્ધતિને અનુસરી વેંકટાધ્વરી ચિત્રસ્તબકની રચના કરતા હોય એમ પ્રતીત થાય છે, કેમકે વેદાંતદેશિકે જે ક્રમથી ચિત્રકાવ્યના પ્રકારો આપ્યા તે જ ક્રમ વેંકટાધ્વરીએ સ્વીકાર્યો છે. જેમકે, અનુપ્રાસચિત્ર (પા.સ. ૩૦/૧, લ.સ. ૨૨/૧) અપશબ્દાભાસ (પા.સ. ૩૦/૨, લ.સ. ૨૨/૨) ગોમૂત્રિકાબંધ (પા.સ. ૩૦/૩, લ.સ. ૨૨/૩) ગૂઢપાદ (પા.સ. ૩૦/૪, લ.સ. ૨૨/૪,૫) નિરોષ્ઠ્ય (પા.સ. ૩૦/૫, લ.સ. ૨૨/૬) ક્રિયાવંચન (પા.સ. ૩૦/૬, લ.સ. ૨૨/૭) સપ્તવિભક્તિવંચન (પા.સ. ૩૦/૭, લ.સ. ૨૨/૮) ઈત્યાદિ. આમ કેટલાક ઉદાહરણોમાં શ્લોકક્રમ પણ સમાન છે.

આમ હોવા છતાં વેંકટાધ્વરી વેદાંતદેશિકનું અંધાનુકરણ કરતા નથી. જેમકે વેદાંતદેશિક એક વ્યંજન - ચિત્ર 'त' વર્ણ દ્વારા આપે છે (શ્લોક ૩૦/૨૫); તો વેંકટાધ્વરી 'म' વર્ણ દ્વારા આપે છે. (શ્લોક ૨૨/૩૧). આમ વેંકટાધ્વરી વેદાંતદેશિકનું વાર્ણિક કે શાબ્દિક અનુસરણ કરતા નથી.[૧૨૬]

**✷ સ્થાનચિત્ર :**

ઉચ્ચારણ-સ્થાનોના આધારે એક, બે અથવા અનેક સ્થાનોથી ઉચ્ચારિત વર્ણોનો ત્યાગ અથવા ગ્રહણથી સ્થાનચિત્ર બને છે. વેદાંતદેશિકે આનું એક ઉદાહરણ આપ્યું છે.[૧૨૭]

✷ **સ્વરચિત્ર :**

સ્વર-નિયમથી 'સ્વરચિત્ર' સર્જાય છે. આના હ્રસ્વૈકસ્વર, દીર્ઘૈકસ્વર, હ્રસ્વદ્વિસ્વર, ત્રિસ્વર વગેરે અનેક પ્રભેદ છે. વેંકટાધ્વરીએ ત્રિસ્વર (શ્લોક ૨૨/૨૬) અને એકસ્વર (શ્લોક ૨૨/૨૭) ચિત્રો આપ્યાં છે. ત્રિસ્વર ચિત્રમાં 'અ' 'ઈ' અને 'ઉ' માત્ર આ ત્રણ સ્વર છે. સ્વરસામ્યની સાથે સાથે શબ્દસામ્ય પણ દષ્ટિગત થાય છે.[૧૨૮]

✷ **આકારચિત્ર :**

આકારનિયમથી પદ્મ-આકૃતિના સર્જનથી આકાર-ચિત્ર બને છે. આવા આકારના નિષ્પાદનના કારણે જ રુદ્રટ આદિએ 'ચિત્ર' સંજ્ઞા આપી છે. શ્લોકના વર્ણોને નિશ્ચિત ક્રમથી મુકવામાં આવતાં ચતુર્દલ, અષ્ટદલ, ષોડશદલ વગેરે અનેક પ્રકારનાં કમળોની આકૃતિ રચાય છે.

'લક્ષ્મીસહસ્ર'માં વેંકટાધ્વરી અષ્ટદલ પદ્મચિત્ર (શ્લોક ૨૨/૩૪, ૪૨) અને ષોડશદલપદ્મચિત્ર (શ્લોક ૨૨/ ૧૮)નાં ઉદાહરણો આપે છે. અષ્ટદલપદ્મચિત્ર કવિ નામાંકિત છે. આનાં સર્વ પાદોમાં પ્રથમ અને અંત્ય અક્ષર સમાન હોય છે. પૂર્વપાદમાં ઉપાન્ત્ય અક્ષર દ્વય પૌરસ્ત્ય પાદના દ્વિતીય-તૃતીય અક્ષર વિપર્યયથી થાય છે. અષ્ટમ, નવમ અને દશમ અક્ષરો અનુલોમથી પણ થાય છે. તેમના વચ્ચેના દશમ વર્ણની અધિક આવૃત્તિઓ થાય છે. કોણના અક્ષરોથી કવિનું નામ સિદ્ધ થાય છે. વેંકટાધ્વરીના અષ્ટદલ પદ્મચિત્રમાં આ લક્ષણો છે. અને એમાંથી 'રઘુનાથસૂનુકૃતિઃ' એવું નામ સિદ્ધ થાય છે.[૧૨૯] કવિ વેંકટાધ્વરીના પિતાનું નામ રઘુનાથ છે. કવિના ગુરુ વેંકટનાથ વેદાંત દેશિકના 'પાદુકાસહસ્ર'માંના કવિનામાંકિત અષ્ટદલપદ્મમાં પણ 'વેંકટપતિ કમલમ્' એવું કવિનામ નિષ્પન્ન થાય છે.[૧૩૦] વેદાંતદેશિક સકર્ણિક ષોડશદલપદ્મચિત્ર (શ્લોક-૩૦/૧૮)આપે છે, તો તેમને અનુસરી વેંકટાધ્વરી પણ ષોડશદલપદ્મચિત્ર (શ્લોક ૨૨/૧૮) આપે છે. બંનેનો શ્લોકક્રમ પણ સમાન છે.

✷ **ગતિચિત્ર :**

ગતિ-ચિત્ર મુખ્યત્વે શ્લેષ અને યમક પર આધારિત છે. આવી ચિત્રાત્મકતા છંદના પદોને વાંચવા પર આશ્રિત છે. ક્વચિત્ પ્રથમ પાદ વિલોમક્રમથી વાંચતાં દ્વિતીય ચરણ બની જાય છે; તો ક્યાંક પ્રથમ-તૃતીય કે દ્વિતીય-ચતુર્થ આવા ચરણોમાં શબ્દોની એકરૂપતા હોય છે. કિન્તુ અર્થ ભિન્ન-ભિન્ન હોય છે. 'ગતપ્રત્યાગત', 'સર્વતાભદ્ર', 'તુરંગ-પદ' વગેરે આના ઘણા પ્રભેદ છે.

વેંકટાધ્વરી અનુલોમ-પ્રતિલોમ કાવ્યના નિર્માણમાં અત્યંત નિપૂણ છે. લક્ષ્મીસહસ્રમાં અનુલોમ - પ્રતિલોમ અર્ધભ્રમ (શ્લોક ૨૨/૧૯), સર્વતોભદ્ર (શ્લોક ૨૨/૨૫), ચતુરંગતુરંગબંધ (શ્લોક ૨૨-૨૪/૨૫) વગેરે અનેક શ્લોક પ્રાપ્ત થાય છે.

વેંકટાધ્વરીના સર્વતોભદ્રચિત્રનો એક શ્લોક જોઈએ :

रमा सदा दासमारमानदाऽनग्नदानमा ।
सदाशयाऽयाशदासदानयागगयानदा ।।[१३१]

અર્ધભ્રમ-યમકચિત્રમાં બન્ધાકારલિખિત શ્લોકપાદનું અર્ધમાર્ગથી અર્થાત્ માત્ર અનુલોમપાઠથી ભ્રમણ દ્વારા પાદોત્થાન થાય છે. વેંકટાધ્વરીનું એક ઉદાહરણ જોઈએ :

रसासारा स्तऽमितासाऽसाधुभामतिपालिता ।
साऽभाकारा भावपाभिराऽमरा मा विभाति सा ।।[१३२]

✷ બંધ-ચિત્ર :

બંધનિયમથી અનેક પ્રકારનાં ચિત્રો-આકૃતિઓ બને છે. આમાં એક નિશ્ચિત ક્રમથી વર્ણ-વિન્યાસ થાય છે. પરિણામે ગોમૂત્રિકાબંધ, મુરજબંધ, જાલબંધ, વજ્રબંધ, પરશુબંધ, ગદાબંધ, ક્ષુરિકાબંધ, ખડ્ગબંધ, મુસલબંધ, શરબંધ, ડમરુબંધ, હલબંધ, છત્રબંધ, હારબંધ, ગવાક્ષબંધ ઈત્યાદિ અનેક આકૃતિઓનું નિર્માણ થાય છે.

વેદાંતદેશિક અને વેંકટાધ્વરીએ ગોમૂત્રિકાબંધ (પા.સ. ૩૦/૩) તથા (લ.સ. ૨૨/૩), વિશૃંગાટકબંધ (લ.સ. ૨૨/૧૬), દ્વિચતુષ્કચિત્રબંધ (પા.સ. ૩૦/૧૬, લ.સ. ૨૨/૧૭), ચતુરરંગ ચક્રબંધ (પા.સ. ૩૦/૨૦, લ.સ. ૨૨/૧૮), અષ્ટારકબંધ (પા.સ. ૩૦/૩૯, લ.સ. ૨૨/૩૬), ચક્રબંધ (પા.સ. ૩૦/૩૮, લ.સ. ૨૨/૩૬), હારબંધ (લ.સ. ૨૨/૨૦), મુરજબંધ (પા.સ. ૩૦/૧૧, લ.સ. ૨૨/૨૧), ગરુડગતિચક્રબંધ (પા.સ. ૩૦/૧૪, લ.સ. ૨૨/૨૩), ગવાક્ષબંધ (લ.સ. ૨૨/૩૭) વગેરે ઉદાહરણો આપ્યાં છે.

✷ પ્રહેલિકા :

વિશ્વનાથ કવિરાજના મતે પ્રહેલિકા રસાસ્વાદમાં પરિપંથી હોવાના કારણે અલંકાર નથી : તે ઉક્તિ વૈચિત્ર્યમાત્ર છે.[૧૩૩] તો પણ આમોદગોષ્ઠીમાં વિચિત્ર પ્રકારના વાગ્વ્યવહારોથી મનોવિનોદમાં, તજજ્ઞ લોકસમૂદાયમાં, ગુપ્તભાષણ કરવામાં તથા અન્યને અર્થાનભિજ્ઞ બનાવીને ઉપહાસપાત્ર બનાવી દેવામાં આનો ઉપયોગ થાય છે.[૧૩૪] ચ્યુતાક્ષરા, દત્તાક્ષરા, ચ્યુતદત્તાક્ષરા, ક્રિયાગુપ્તિ, કારકગુપ્તિ ઈત્યાદિ આના અનેક પ્રકાર છે.

જ્યાં એક પાદના વર્ણો અન્ય પાદોમાં છૂપાવી દેવામાં આવે ત્યાં 'ગૂઢપાદ' પ્રકારની પ્રહેલિકા બને છે. 'લક્ષ્મીસહસ્ર'માં પ્રથમ પાદગૂઢ અને ચતુર્થપાદ ગૂઢનાં ઉદાહરણો જોઈએ. તેમાં અનુક્રમે પ્રથમ પાદના વર્ણો શેષ ત્રણ પાદોમાં અને ચતુર્થપાદના વર્ણો પહેલા ત્રણ પાદાંશ ગુપ્ત છે.

पाहि देवि कलशोदधेः सुते
देहि पापविलयं दयानिधे ।
शेषशायिदयिते तमोमुषं
शेमुषीं कलय नः सुशोभनाम् ।।[१३५]

(૩) અર્થાલંકારો :

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં અનેક દેવ-દેવીઓનું વૈવિધ્ય છે. દેવ-દેવીઓના વર્ણનમાં મોટાભાગના પ્રસિદ્ધ અર્થાલંકારોનો પ્રયોગ થયો છે. એમાં ઉપમા, રૂપક દષ્ટાંત, અર્થાન્તરન્યાસ, સ્વભાવોક્તિ, વ્યતિરેક તેમજ

ભ્રાન્તિમાન જેવા અલંકારોનો પ્રયોગ સવિશેષ માત્રામાં જણાય છે. કાવ્યશાસ્ત્રીઓનું વિધાન છે કે કવિતામાં અલંકારોનો પ્રયોગ સ્વાભાવિક રીતે થયો હોવો જોઈએ. કવિ અલંકાર સર્જવા પ્રયત્ન કરે તો એની કૃતિમાં સાચી કવિતા નિષ્પન્ન ન થાય.

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં ૮૦ જેટલા અર્થાલંકારોનો પ્રયોગ થયો છે. એ એમની અર્થાલંકાર-નિયોજનની કુશળતાનું નિદર્શન છે. અર્થાલંકારોમાં સૌથી અધિક પ્રયોગ ઉત્પ્રેક્ષા અને કાવ્યલિંગનો થયો છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં પ્રયોજાયેલા આવા કેટલાક અર્થાલંકારોનાં ઉદાહરણો જોઈએ.

✴ **ઉત્પ્રેક્ષા :**

ઉપમેયમાં ઉપમાનની ઉત્પ્રેક્ષા કરવામાં આવે, તો ઉત્પ્રેક્ષા અલંકાર થાય. એમાં વસ્તુ, હેતુ અને ફળની ઉત્પ્રેક્ષા (કલ્પના) કરાય છે; તેથી આ અલંકારના મુખ્ય ત્રણ પ્રકાર થાય છે. વેંકટાધ્વરી ઉત્પ્રેક્ષા દ્વારા નૂતન કલ્પના વિસ્તારે છે. વસ્તુ, હેતુ અને ફળ ઉત્પ્રેક્ષાનાં અસંખ્ય ઉદાહરણોથી એમનું કાવ્ય સભર છે.

ચંદ્ર કરતાં પણ ભગવતીના મુખચંદ્રનું આધિક્ય બતાવતાં કવિ ઉત્પ્રેક્ષા કરે છે કેઃ 'હે રમા, જગતને વારંવાર દર્શન થતાં પણ તૃપ્તિ ન થાય એવું તારું મુખ જ્યારે ક્ષીરસાગરમાંથી ઉદિત થઈ રહ્યું હતું ત્યારે તે નિહાળીને નિષ્કલંક એવા અન્ય ચંદ્રની આશંકાથી શિવ સ્વમસ્તકસ્થ ચંદ્રને ખરેખર અત્યંત ન્યૂન માનીને તેને મસ્તકેથી જાણે પાડી નાખવા સ્તુતિ કરતાં કરતાં શિર હલાવવા લાગ્યાં.' અહીં નૂનમ દ્વારા અસિદ્ધવિષય હેતુત્પ્રેક્ષા છે.[૧૩૮]

વેદાંતદેશિક પાદુકાસહસ્રમાં કલ્પના કરે છે કે પાદુકાનાં રત્નકિરણો જાણે પ્રદીપ છે, જે અજ્ઞાન દૂર કરે છે. પાદુકાના રત્નકિરણમાં મયૂરપિચ્છની કવિ ઉત્પ્રેક્ષા કરે છે.[૧૩૯]

✴ **કાવ્યલિંગ :**

હેતુને વાક્યાર્થ કે પદાર્થરૂપ આપવામાં આવતાં કાવ્યલિંગ અલંકાર થાય છે.

વાક્યાર્થ સ્વરૂપે હેતુ-કથનનું વેંકટાધ્વરીનું એક ઉદાહરણ :

'હે વેંકટપતિમહિષી, તું ખરેખર મૂર્તિમંત ક્ષમા જ છે. નહિ તો પાપી જયંત-કાક પણ કેવી રીતે તારો કોપોત્પાદક ન બને.'[૧૪૦]

અહીં શ્લોકનો ઉત્તરાર્ધરૂપ વાક્યાર્થ પૂવાર્ધરૂપ વાક્યનું સમર્થન કરતો હોઈ હેતુરૂપ કાવ્યલિંગ અલંકાર છે.

સમર્થનીય અર્થના સમર્થનથી સર્જાતા કાવ્યલિંગ અલંકારનું એક અન્ય ઉદાહરણ પણ દર્શનીય છેઃ 'હે લક્ષ્મી, તારા કેશકલાપને કયો પામર પણ ચામર કહે? કેમકે પહેલા કેશપાશને હરિએ મૃગેન્દ્રે સત્કાર્યો અને પાછળના બીજા ચામરને તો સામાન્ય મૃગલાંએ પણ અનાદત કર્યો.'[૧૪૧]

વળી 'હે અમ્બ, તારી કરુણાએ તને ભૂતળ પર ઊતારીને, જગતની પીડાના નાશ માટે રાવણને વેદના આપી તે તારી કરુણા ખરેખર અકરુણાસંપન્ન બની. (શ્લોક ૪/૩) જગતને પીડાદાયક રાવણનો સંહાર કરવાના હેતુથી લક્ષ્મીએ કરુણાથી પ્રેરાઈ ભૂમિ પર સીતા સ્વરૂપે અવતાર લીધો અને રામ સાથે રહીને તે સીતા રાવણસંહારમાં નિમિત્તરૂપ બની. આ તથ્યના સંદર્ભમાં અહીં લક્ષ્મીની કરુણાના અકારુણ્યનું સમર્થન થયું હોઈ કાવ્યલિંગ અલંકાર થયો. કરુણામાં અકરુણાનું કારણ શોધતા કવિની કલ્પના શક્તિ આવા ચમત્કારી કાવ્યલિંગનું સર્જન કરે છે. કાવ્યલિંગ વેંકટાધ્વરીનો એક પ્રિય અલંકાર છે. તેથી 'લક્ષ્મીસહસ્ર' સ્તોત્રમાં તેનો પ્રયોગ શતાધિક શ્લોકોમાં થયો છે.

**✷ રૂપક અલંકાર :**

ઉપમેય-ઉપમાનની એકરૂપતામાંથી 'રૂપક'ના અનેક પ્રકારો સર્જાય છે. વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાંથી 'રૂપક'નાં કેટલાંક ઉદાહરણો દર્શનીય છે :

(૧) तवामृतस्यन्दिनी पादपङ्कजे.... ।। (યામુન, સ્તોત્રરત્ન-૨૭)

(૨) वेदात्मा विहगेश्वरो यवनिका माया जगन्मोहिनी । (યામુન, ચતુઃશ્લોકી,૧)

(૩) आश्रितवात्सल्यैकजलधे । (રામાનુજ, શરણાગતિગદ્ય)

વેંકટનાથ વેદાન્તદેશિકના 'ભગવદ્ધ્યાનસોપાન'માં તો તમામ પદોમાં રૂપકનો ભવ્ય પ્રયોગ થયો છે, આખું સ્તોત્ર રૂપક-કાવ્ય કહી શકાય. એનું એક ઉદાહરણ દર્શનીય છે.[૧૪૨] આમાં ભગવાન વિષ્ણુ માટે વિવિધ રૂપકોનો સુંદર પ્રયોગ થયો છે. એ જ રીતે વેદાંતદેશિકનાં અનેક સ્તોત્રોમાં રૂપક અલંકારની ભરમાર વર્તાય છે.

એમના સ્તોત્ર 'ભૂસ્તુતિ'નું એક ઉદાહરણ નોંધપાત્ર છે.[૧૪૩]

રૂપક અલંકાર નિયોજનમાં વેદાંતદેશિક અને વેંકટાધ્વરી કુશળ છે. લક્ષ્મી અને પાદુકાનાં અસંખ્ય રૂપકોનું નિર્માણ કરી તેમણે આ અલંકારની ભવ્યતાનું દર્શન કરાવ્યું છે. કેટલાંક ઉદાહરણો જોઈએ.

કવિ લક્ષ્મીને ક્ષીરસાગરમાંથી ઉત્પન્ન કામધેનુનું રૂપક આપે છે. 'હે કલ્યાણી, મુરારિ - હરિના વત્સ નામક ચિહ્નથી અંકિત (અંકમાં વાછરડા યુક્ત) નિર્દોષ હરિત વર્ણની કાન્તિથી સુંદર (નિર્દોષ તૃણકાન્તિથી શોભાયમાન હરિના વક્ષઃસ્થળની સીમરૂપી ગોષ્ઠ પર અધિષ્ઠિત થયેલી તથા નિરુપમ અમૃત-મોક્ષ (દૂધ) દોહતી તને અમે ક્ષીરસાગરમાંથી ઉદ્ભવેલી કામધેનું કહીએ છીએ.[૧૪૪]

લક્ષ્મીના કટાક્ષ માટે અનેક રૂપકોનું સર્જન થયું છે. જેમ 'દુર્લંઘ્ય સંસારરૂપી માટે દુષ્ટ સાગરના નાવિક સ્વરૂપ, સંપત્તિયુક્ત નર્તકીને સતત નચાવવામાં સૂત્રધારરૂપ અને અજ્ઞાનના અરણ્યને વિદારવાના કુઠારધાર સ્વરૂપ તારી કટાક્ષધારાઓ જય પામે છે.[૧૪૫] લક્ષ્મીને અપાયેલ સૌન્દર્યનદીનું રૂપક પણ દર્શનીય છે. 'હે નલિનમુખી, જઘનરૂપ પુલિનવાળી, કેશરૂપ શેવાલથી અલંકૃત, ભગવાન નૃસિંહના નયન-મીન થકી તૃષ્ણાપૂર્વક સેવિત અને રસ (જળ શૃંગાર)થી સભર એવી તારી સૌન્દર્ય નદીમાં નાભિ આવર્તોની શોભા ધારણ કરે છે.'[૧૪૬]

આ ઉપરાંત કવિએ લક્ષ્મીને સુવર્ણવલ્લી, નૌકા, સૌન્દર્યની સીમાભૂમિ, માધવી-લતા, ક્રીડાભૂમિ, ક્ષમાભૂમિ, ક્ષમાનિધિ, કલ્પતરુ, કલ્પલતા જેવાં અનેક ભવ્ય રૂપકો આપ્યાં છે.

**✷ ઉપમા અલંકાર :**

ઉપમા અલંકારનાં વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં અનેક ઉદાહરણો પ્રાપ્ત થાય છે.

લક્ષ્મીસહસ્રમાં પ્રાકૃત-અપ્રાકૃત શ્લેષ દ્વારા સંયોજિત પૂર્ણોપમાનું એક જ ઉદાહરણ જોઈએ.

'હે ભગવતી કમળા, દુગ્ધ-સાગરમાંથી સમુદ્‌ભૂત, ભૂમંડળ (કુમુદ)નો તાપ હરનારી, વિષ્ણુના ચરણોમાં (આકાશ-સ્થાનમાં) શોભાયમાન, રાક્ષસસમૂહ (ચોર-સમૂહ અથવા ચક્રવાક) માટે દુઃખદાયી, સર્વજ્ઞ વેદનાં શિર-ઉપનિષદોને (શિવ-મસ્તકને) ભદતી, અનિર્વચનીયા તું ચંદ્રલેખાની જેમ શુભ દર્શનથી (પ્રકાશથી) અમારો શોક (તાપ) દૂર કર.[૧૪૭] અહીં ઉપમેય લક્ષ્મી, ઉપમાન ચંદ્રલેખા, બંનેનો સાધારણ ધર્મ અને 'इव'વાચક શબ્દ ચારેયનો ઉલ્લેખ થવાથી પૂર્ણોપમા થઈ છે.

**✷ અર્થાન્તરન્યાસ :**

સાધર્મ્ય કે વૈધર્મ્ય દ્વારા સામાન્યનું વિશેષથી અથવા વિશેષનું સામાન્યવાક્ય દ્વારા સમર્થન કરાતાં અર્થાન્તરન્યાસ અલંકાર બને છે. અર્થાન્તરન્યાસ દ્વારા શાશ્વત સત્યની સૂક્તિઓનું પ્રતિપાદન થાય છે. અહીં એક ઉદાહરણ જોઈએ.

'હે માતા, કારણના ગુણો કાર્યમાં અવશ્ય આવે છે એ વિદ્વાનોના વચનને અમે સત્ય માનીએ છીએ, તેથી જ સાગરમાંથી ઉત્પન્ન ચંદ્રકલા અને તું સુધા અને દયાથી શીતળ છો.'[૧૪૮] અહીં કાર્ય-કારણ સિદ્ધાંતના સામાન્ય વાક્યનું સમર્થન વિશેષ ચંદ્રકલા અને લક્ષ્મીના વિધાન દ્વારા થયું છે. વેદાન્તદેશિકના 'અષ્ટભૂજાષ્ટક'નું અર્થાન્તરન્યાસનું એક ઉદાહરણ દ્રષ્ટવ્ય છે.[૧૪૮અ]

**✷ દૃષ્ટાંત :**

ઉપમેય, ઉપમાન, સાધારણધર્મ આ સર્વના બિંબ પ્રતિબિમ્બભાવમાં દૃષ્ટાંત અલંકાર થાય છે. વેંકટાધ્વરીએ લક્ષ્મીસહસ્રમાં ગુણગ્રાહી વિદ્વાનોના આનંદ માટે જ કવિની કાવ્ય-પ્રવૃત્તિ છે નહિ કે મત્સરયુક્ત અજ્ઞાતજનો માટે, એ સ્પષ્ટ કરવા દૃષ્ટાંત આપ્યું છે. 'હે વિશ્વમાતા, વિદ્વાનોને આનંદ આપતી મારી સ્તુતિ પથ્થર - સદશ - મુખ ચિત્તમાં સુખ ઉત્પન્ન કરે તો મને કોઈ ખેદ નથી. ખરેખર દેવેન્દ્રાદિના મસ્તકોને આંદોલિત કરનારી ગંધર્વગીતિ બહેરાઓને આનંદ ન આપે તેમાં શું હાનિ થવાની છે![૧૪૯] અહીં શ્લોકનું ઉત્તરાર્ધ ઉપમાનવાક્ય પૂર્વાર્ધના ઉપમેયવાક્યના પ્રતિબિમ્બરૂપ છે. બંને વાક્યોમાં સાધર્મ્ય છે.

**✷ વિરોધાભાસ :**

જ્યાં બે ઉક્તિઓમાં વિરોધ દૃષ્ટિગોચર થાય, કિન્તુ વાસ્તવિક રહસ્યના બોધથી તેનો પરિહાર થઈ શકે, ત્યાં વિરોધાભાસ અલંકાર થાય છે.

'લક્ષ્મીસહસ્ર'માં 'વિરોધાભાસ'નાં કેટલાક ઉદાહરણો : (૧) હે માતા, તું કમળોના સ્થાનને પૃષ્ટ કરે છે અને નમેલાઓને દેવસંપત્તિ આપે છે. (શ્લોક ૩/૨૪). (૨) લક્ષ્મીની કટાક્ષરેખા યાચક (વનીપક)ને સ્થિર ધનસંપન્ન (અવનીપક) બનાવી દે છે. (શ્લોક ૫/૧૪) અહીં વનીપક અને અવનીપક શબ્દો દ્વારા વિરોધાભાસ થયો છે. (૩) હે વારિધિકન્યે, જેના ઉપર તારા જગત-પાલક કટાક્ષ પડે છે તે પુરુષ (દેહી) આલોક અને પરલોકમાં 'દેહિ' (મને આપો એવો યાચનાભાવ) શબ્દોનો ત્યાગ કરીને શોભે છે. (શ્લોક ૫/૨૩) દેહી વિદેહી બને છે, એ વિરોધાભાસ.

✷ પરિકર :

જ્યાં કોઈ પ્રકૃત અર્થથી સંબદ્ધ વિશેષ અભિપ્રાયની વ્યંજના કરાવવા માટે કોઈ વિશેષણનો પ્રયોગ કરવામાં આવે, ત્યાં પરિકર અલંકાર થાય છે.

વેંકટાધ્વરીએ પ્રયોજેલ પરિકરનું એક ઉદાહરણ મનોહર છેઃ 'સ્વેચ્છાથી વિવિધ સ્વરૂપો ધારણ કરતી, ઈન્દ્રાદિપકદપ્રદાયક, કટાક્ષથી યુક્ત, લોકેશ્વરી, ભગવતી એવી તારી સ્તુતિ કરીએ છીએ.'[૧૫૦] અહીં લક્ષ્મીનાં સર્વ વિશેષણો સાભિપ્રાય છે. લક્ષ્મીની અદ્ભુત શક્તિ બતાવવાનો એનો હેતુ છે.

✷ અપહ્નુતિ :

પ્રસ્તુત (ઉપમેય)નો નિષેધ કરીને અન્ય અપ્રસ્તુત (ઉપમાન) સિદ્ધ કરવામાં આવે તો અપહ્નુતિ અલંકાર થાય છે. જ્યાં વસ્તુના ધર્મનો નિષેધ કરીને સાથે-સાથે જ તે ધર્મનો આરોપ અન્ય વસ્તુ પર કરવામાં આવે, ત્યાં પર્યસ્તાપહ્નુતિ થાય છે. પર્યસ્તાપહ્નુતિનું એક ઉદાહરણઃ 'હે અર્ણવેન્દ્રકન્યે, તારા કર્ણ કંસ-રિપુ હરિની પ્રિયોક્તિઓ રૂપી મધુથી પૂર્ણ છે, એવું જાણવા ભ્રમર તેની પાસે ભમે છે. એમાં ઉત્પલ કારણભૂત નથી.'[૧૫૧] અહીં ઉત્પલમાં મધુના ધર્મનો નિષેધ કરી તેનું આરોપણ કર્ણ પર થયું છે.

✷ વિભાવના :

કારણ વિના પણ કાર્યોત્પતિનું વર્ણન કરવામાં આવતાં વિભાવના અલંકાર થાય છે.

વેંકટાધ્વરીનું એક ઉદાહરણ જોઈએ. 'અલ્પમતિ અને મુક હોવા છતાં સહસ્ર શ્લોકોથી સ્તુતિ કરતા મને નિહાળીને પ્રાજ્ઞજનો વિસ્મિત કેમ ન થાય?[૧૫૨] અહીં શ્લોકરચનાના કારણોનો અભાવ હોવા છતાં શ્લોક રચનારૂપ કાર્યોત્પત્તિ થતી હોઈ વિભાવના થઈ.

✷ ઉલ્લેખ :

જ્યાં એક જ વસ્તુનું અનેક વ્યક્તિઓના સંબંધમાં ભિન્ન-ભિન્ન પ્રકારે વર્ણન કરવામાં આવે ત્યાં ઉલ્લેખ અલંકાર થાય છે. શ્રીસ્તુતિ અને લક્ષ્મીસહસ્રના સંકીર્ણસ્તબકમાં મુખ્યત્વે ઉલ્લેખ અલંકારનો પ્રયોગ થયો છે. તેમાં એક જ લક્ષ્મીનું વિભિન્ન વસ્તુઓના સંબંધમાં ભિન્ન-ભિન્ન રૂપે વર્ણન થયું છે. એક ઉદાહરણ નોંધપાત્ર છે. 'હે માત, તું પ્રજ્ઞાલતાઓને માટે યષ્ટિરૂપ છે. સ્તુતિ કરતા કવિઓ માટે કામધેનુ છે, દરિદ્રો માટે પ્રાણપ્રતિષ્ઠા સ્વરૂપ છે.

અને વળી તું ચરમ-સીમારૂપ છે.[૧૫૩] અહીં એક જ લક્ષ્મી (ઉપમેય) વિભિન્ન વ્યક્તિઓના સંબંધમાં યષ્ટિ, કામધેનુ, પ્રાણપ્રતિષ્ઠા વગેરે વિભિન્ન સ્વરૂપે વર્ણિત થઈ હોઈ ઉલ્લેખ અલંકાર થયો.

**✷ નિદર્શના :**

જ્યાં ઉપમેય-ઉપમાન-વસ્તુઓનો અસંભવ સંબંધ ઉપમામાં પરિણમે ત્યાં નિદર્શના અલંકાર થાય છે.

વેંકટાધ્વરીનું એક ઉદાહરણ : 'હે નારાયણપ્રેયસી, તારા ગુણ વર્ણન માટે વેદચતુષ્ટયી, ચતુર્મુખબ્રહ્મા, અને શેષનાગ પણ સમર્થ નથી. તમારી સ્તુતિ કરવા કૃત નિશ્ચયી હું હનુમાનાદિથી પણ અનુલ્લંઘનીય જલધિને તરવા માટે મન ધરાવતો (હું) પંગુની ચંચળતા ધારણ કરું છું (શ્લોક ૧/૧૪)

**✷ ભ્રાન્તિમાન :**

જ્યાં કોઈ ચમત્કારવાળી સદૃશ વસ્તુઓમાંની કોઈ એકમાં અન્ય વસ્તુની ભ્રાન્તિ થાય, ત્યાં ભ્રાન્તિમાન અલંકાર થાય છે.

વેંકટાધ્વરીનું કલ્પના મંડિત એક સુંદર ઉદાહરણ જોઈએ. 'હે કમલાક્ષ પ્રેયસી, સમુદ્રમાંથી આવિર્ભાવ પામતી તારા કેશકલાપમાં મયૂરપિચ્છની ભ્રાન્તિથી દેવોએ મંદરાચળ પર બાંધેલા સર્પો ખિન્ન ગાત્રોવાળા બન્યા, પરંતુ તે જ સમયે પ્રત્યુત્પન્નબુદ્ધિવાળા તેમણે મંથનને યોગ્ય રજ્જુતા પ્રાપ્ત કરી.'[૧૫૪] અહીં સર્પોને લક્ષ્મીના કેશકલાપમાં મયૂરપિચ્છની ભ્રાન્તિ થાય છે.

**✷ સમ :**

યોગ્યનો યોગ્ય વસ્તુ સાથેનો સંયોગ વર્ણિત થતાં 'સમ' અલંકાર થાય છે. વેંકટાધ્વરીનાં બે ઉદાહરણો નોંધવાં પર્યાપ્ત છે :

(૧) 'હે સમુદ્રજન્મા, ચંદ્ર ગંગાનદીથી શીતળ બનેલા શંકરના મસ્તકને પામે છે અને તું મુરારિ હરિના દયાર્દ્ર હૃદયને પામે છે, તમે બન્નેએ તમારા ઉદ્‌ભવને અનુરૂપ સ્થિતિ પ્રાપ્ત કરી છે.'[૧૫૫]

(૨) 'હે પદ્મે, ભમરીઓના સંગીતોદયથી સુંદર, મનોહર કેસરાવલિ-રૂપ સ્તંભયુક્ત, વિકસિત પૂર્ણરૂપ સુંદર ચિત્રયુક્ત ભિત્તિથી વિરાજિત, નિર્મળ સરોવરથી સંગત અને કર્ણિકારૂપ સુવર્ણ-સિંહાસનથી અલંકૃત પદ્મ, પદ્મા એવી તારા માટે અનુરૂપ નિવાસસ્થાન છે.'[૧૫૫ અ] પદ્મા-લક્ષ્મી માટે પદ્મ સર્વથા અનુરૂપ છે. આવા વર્ણનથી 'સમ' અલંકાર થયો.

**✷ ઉદાત :**

જ્યાં સમૃદ્ધિનું વર્ણન હોય, અથવા કોઈ અન્ય વસ્તુના અંગ રૂપે શ્લાઘ્ય ચરિતનું વર્ણન હોય, ત્યાં ઉદાત્ત અલંકાર થાય છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં આ અલંકારનો બહુધા પ્રયોગ થયો છે. 'લક્ષ્મીસહસ્ર'માં લક્ષ્મીની

ઉદાત્તતાનું નિરૂપણ પ્રધાન હોઈ આ અલંકારનો પ્રયોગ પ્રચુર માત્રામાં પરિલક્ષિત થાય છે. ઘણાંખરાં સ્તબકોના પ્રથમ શ્લોકોમાં કવિએ ઉદાત્ત અલંકાર મુક્યો છે.[૧૫૬]

✷ અનુગુણ :

કોઈ વસ્તુ અન્ય વસ્તુની સંનિધિને કારણે પોતાના પૂર્વસિદ્ધ ગુણોનો અધિક ઉત્કર્ષ ધારણ કરે ત્યારે અનુગુણ અલંકાર થાય છે. 'લક્ષ્મીસહસ્ર'નું એક ઉદાહરણ દૃષ્ટવ્ય છે; 'હે હરિવલ્લભે, ક્ષીરસાગર તારા પિતા છે. કૌસ્તુભમણિ ઈત્યાદિ તારી સાથે ઉત્પન્ન થયેલા શુભ બંધુઓ છે, તારું નિત્ય દિવ્ય-મંગળ શરીર છે, 'શ્રીવસત્સ' ચિહ્નથી અંકિત નારાયણ તારા પતિ છે, તારું નામ 'શ્રી' છે. કમળ તારું નિવાસસ્થાન છે. નિખિલ કલ્યાણકારી ગરુડ તારું વાહન છે. આમ તારું માંગલ્ય વર્ણવવા કોણ સમર્થ છે?'[૧૫૭] અહીં ક્ષીરસાગર, કૌસ્તુભમણિ વગેરેના સાન્નિધ્યથી લક્ષ્મીની પૂર્વસિદ્ધ મંગળતાના આધિક્ય-વર્ણનથી અનુગુણ અલંકાર થયો છે.

✷ સંદેહ :

જ્યાં કવિ પ્રકૃત વિષયમાં અપ્રકૃત વિષયોની ઉદ્દ્ભાવના કરીને, કોઈ નિશ્ચિત જ્ઞાન પર ન પહોંચે, ત્યાં સંદેહ અલંકાર થાય છે. ઓષ્ઠ-વર્ણન પ્રસંગે કવિ નિરૂપે છે; 'હે મુકુન્દકાન્તે, તારો આ અધરોષ્ઠ મુખકમળકાન્તિનો શું નવીન પ્રકાશ છે! અથવા તો મુરારિના આનંદપ્રભાત સમયે પ્રથમ આવિર્ભૂત અરુણોદય છે.'[૧૫૮] અહીં કવિ પ્રકૃત ઓષ્ઠમાં અપ્રકૃત નવીન પ્રકાશ અને અરુણોદયની ઉદ્દ્ભાવના કરીને સંદેહમાં પડે છે કે અધરોષ્ઠ વાસ્તવમાં શું છે.

✷ દીપક :

જ્યાં પ્રકૃત અને અપ્રકૃતના ક્રિયાદિરૂપ ધર્મ એકવાર ગ્રહણ કરવામાં આવે અથવા અનેક ક્રિયાઓનો એક જ કારક સાથે સંબંધ હોય, ત્યાં દીપક અલંકાર બને છે. પ્રથમને ક્રિયા-દીપક અને દ્વિતીયને કારક-દીપક કહે છે.

વેંકટાધ્વરીએ આપેલું કારક-દીપકનું એક ઉદાહરણ, 'હે ગુણનિધિ, સમસ્ત વિધિબોધિત કર્મ તજીને, સદૈવ નિંદિત કર્મ કરીને, અહીં અને પરલોકમાં તેને યોગ્ય ફળ ભોગવતો અને પુનઃ પુનઃ મરણ પામીને મોક્ષ-ભયથી આતુર બનેલો એવો હું કેટલા યુગ સુધી જન્મ પ્રાપ્ત કરીશ?'[૧૫૯] અહીં અનેક ક્રિયાઓનો એક જ કારક-કવિ સાથે સંબંધ હોવાથી કારક-દીપકનું ઉદાહરણ થયું.

✷ તુલ્યયોગિતા :

જ્યાં પ્રસ્તુતો અથવા અપ્રસ્તુતોમાં ધર્મૈક્ય હોય, ત્યાં તુલ્યયોગિતા અલંકાર બને છે. આ અલંકારમાં સાદશ્ય વ્યંગ્ય હોય છે. વેંકટાધ્વરીનું એક ઉદાહરણઃ 'હે માતા, નિયમપૂર્વક દંડ અને કાષાયવસ્ત્ર ધારણ કરનારા તેમજ સકળ ઈન્દ્રિયોને વશ રાખનારા યતિવર્યો જે વૈકુંઠધામમાં પ્રવેશે છે, તે ધામ તારા ચરણોમાં નાખીને મારા જેવો બાલિશ પણ પ્રાપ્ત કરે છે.'[૧૬૦] અહીં વૈકુંઠધામ પ્રાપ્ત કરવાના એક સમાન ક્રિયાધર્મનું નિરૂપણ યતિ અને બાલિશ કવિ પક્ષે થયું હોઈ તુલ્યયોગિતા અલંકાર થયો.

✴ **વિશેષોક્તિ :**

કારણની ઉપસ્થિતિમાં પણ કાર્યની અનુત્પત્તિ બતાવવામાં આવતાં વિશેષોક્તિ અલંકાર થાય. વેંકટાધ્વરી કવિ લક્ષ્મીનો ક્ષમાગુણ બતાવતાં કહે છે : 'હે ચન્દ્ર-ભગિની, રાવણના અક્ષ નામક પુત્રને સંહારનાર અને દશાનનના વધની કથા કહેતાં ગર્વિત થયેલ હનુમાન જ્યારે રાક્ષસ-વધૂના ભક્ષણની યાચના કરે છે, ત્યારે અરે, ક્ષમોદયશાલિની (ક્ષમાગુણયુક્ત, પૃથ્વી-ઉદિતા) હોવા છતાં તારી દયાથી હનુમાનની પ્રાર્થના તારા વડે સહન ન કરાઈ.'[૧૬૧] અહીં ક્ષમાનું કારણ છે; કેમકે લક્ષ્મી ક્ષમોદયશાલિની છે. તેમ છતાં ક્ષમા બતાવવામાં આવી નથી. પરિણામે વિશેષોક્તિ અલંકાર થયો.

✴ **પ્રમાણ :**

પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શાબ્દ ઈત્યાદિ પ્રમાણોના આધારે કોઈ જ્ઞાનની ઉપલબ્ધિનું વર્ણન કરવામાં આવતાં પ્રમાણ અલંકાર થાય છે. લોકોક્તિ-પ્રમાણનું એક ઉદાહરણ જોઈએ : 'હે જનની, ચંદ્રની કાન્તિ તારા મુખમાં છે, કલ્પવૃક્ષની પર્ણશોભા તારા હસ્ત અને ચરણમાં છે અને અમૃતરસ તારા વચનમાં છે; તેથી સહોદર ભાઈની શોભા ધારણ કરે છે, એ વચન મિથ્યા નથી.'[૧૬૨] અહીં શ્લોકની અંતિમ પંક્તિમાં લોકોક્તિ-પ્રમાણ મૂકાયું છે. જ્યાં કોઈ પ્રત્યક્ષ હેતુ દ્વારા કોઈ પરોક્ષ સાધ્યની અનુમિતિ થાય, ત્યાં અનુમાન પ્રમાણ થાય છે. આવું અનુમાન કાવ્યગત તેમજ કવિ-પ્રતિભાજન્ય હોય, ત્યારે અનુમાન અલંકાર બને છે. જેમકે, 'હે ઈન્દિરે, તું હરિના પ્રાણતુલ્ય છે એ લોકપ્રસિદ્ધિ યોગ્ય જ છે, કેમકે તું એમના દ્વારા જાતે જ પ્રાણનિવાસસ્થાને-હૃદયે સ્થપાઈ છે. (શ્લોક ૨/૭)

✴ **પ્રતિવસ્તૂપમા :**

જ્યાં ઉપમાનવાક્ય તથા ઉપમેયવાક્યમાં એક જ સાધારણધર્મ પૃથક્ પૃથક્ રૂપે નિર્દિષ્ટ થાય. ત્યાં પ્રતિવસ્તૂપમા અલંકાર થાય છે. વેંકટાધ્વરીનું એક ઉદાહરણ જોઈએ; 'હે સમુદ્ર-પુત્રી, કૃષ્ણપત્ની! શોભાયમાન પાંચ છ અક્ષરવાળું તારું નામરૂપી કર્ણામૃત અમારાં અતિ ભારે પાપોને વારંવાર ચોરી લે છે - વિલુપ્ત કરે છે. લોકોના નેત્રોને પ્રતિરોધક અતિ ગાઢ અંધકારને પણ શું અંગુષ્ઠ જેવડી દીપકલિકા નષ્ટ નથી કરતી?'[૧૬૩] અહીં પૂર્વાર્ધના ઉપમેય-વાક્યમાં 'मुष्णाति' અને ઉત્તરાર્ધના ઉપમાન-વાત્યમાં 'हन्ति' પદો દ્વારા એક જ ક્રિયાધર્મ ભિન્ન-ભિન્ન શબ્દોમાં રજૂ થયો છે.

✴ **સંસૃષ્ટિ અને સંકર :**

એક જ પદમાં એકથી અધિક અલંકારોના મિશ્રણથી બનતા સંસૃષ્ટિ અને સંકર અલંકારોનો પ્રયોગ વિશિષ્ટાદ્વૈતી આચાર્યોમાં વેંકટાધ્વરીએ વિપુલ પ્રમાણમાં કર્યો છે, જે એમની અલંકાર નિર્માણ-ક્ષમતાનું નિદર્શન છે. જ્યાં અનેક શબ્દાલંકાર કે અર્થાલંકાર તિલ-તંડુલની જેમ પરસ્પર નિરપેક્ષ ભાવે મિશ્રિત થાય, ત્યાં સંસૃષ્ટિ અલંકાર બને છે. આનાથી વિરુદ્ધ જ્યાં એકથી અધિક અલંકાર નીર-ક્ષીરની જેમ મિશ્રિત થયા હોય છતાં નિરપેક્ષ ન હોય, ત્યાં સંકર અલંકાર થાય છે. વેંકટાધ્વરીએ આપેલાં ઉદાહરણો જોઈએ.

(૧) 'હે અમ્બ, તારાં બંને નયન તારી પોતાની કાન્તિ હરનાર નીલોત્પલને ધારણ કરનાર કાનની સીમાને પણ રોષથી આક્રાન્ત કરી દે છે. સમર્થ ઉપર દીનોએ કરેલો અપરાધ અન્ય અપરાધી ઉપર ફળે છે, એમ શત્રુઓના પક્ષપાતી પણ દુ:ખી જ બને છે.'[૧૬૪] અહીં શ્લેષ, વિભાવના, ઉત્પ્રેક્ષા અને કાવ્યલિંગ - એમ એક સાથે ચાર અલંકાર છે.

(૨) 'હે અમ્બ, ત્યારે માધવે (વસંતે) ક્રીડાભૂમિ (ઉદ્યાનમૂમિ) એવી તને આલિંગન આપતાં નાસિકાની સૌરભથી (ચંપકપુષ્પની સુવાસથી) શુભ મંદ અનિલનો સંચાર યોગ્ય છે. કમળ સમાન મુખ ઉપર (કમળ ઉપર) નેત્રસમૂહ (ચંચળ-ભ્રમર-સમૂહ)નું પતન પણ યોગ્ય છે, પરંતુ ત્યારે પુલકોદ્‌ગમ રૂપી કદંબ પુષ્પોનો વિકાસ યોગ્ય નથી.'[૧૬૫] અહીં ચંપકાદિ શબ્દોથી નાસિકાદિના અર્થ-નિગરણથી રૂપકાતિશયોક્તિ થાય. વળી વસંતમાં કંદબપુષ્પના વિકાસનો નિર્દેશ કર્યો હોઈ વિરોધાભાસ થયો. માધવ અને વસંત એ બંને પક્ષના અર્થો નિષ્પન્ન થવાથી શ્લેષ પણ થાય છે. આમ અહીં રૂપકાતિશયોક્તિ, વિરોધાભાસ અને શ્લેષ - આ ત્રણના મિશ્રણથી સંકર અલંકાર થયો છે.

## (૬) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોનું છંદોવિધાન

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં લગભગ ૫૦ જેટલા જુદા-જુદા છંદોનો પ્રયોગ કરીને વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ કવિઓએ પોતાનું છંદોનૈપુણ્ય પ્રગટ કર્યું છે. આ સ્તોત્રોમાં વાર્ણિક અને માત્રિક (જાતિ) બંને પ્રકારના છંદોનો ઉપયોગ કર્યો છે. વાર્ણિક છંદના સમ, અર્ધસમ અને વિષમ એ ત્રણેય પ્રકારનાં ઉદાહરણો વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં પ્રાપ્ત થાય છે. એમાં સમવૃત્તોનો પ્રયોગ સવિશેષ થયો છે. વાર્ણિક છંદોમાં વસંતતિલકા, શાર્દૂલવિક્રીડિત, ઉપજાતિ, દ્રૂતવિલંબિત, ઔપચ્છંદસિક, મંદાક્રાન્તા, માલિની, શિખરિણી, રથોદ્ધતા, વંશસ્થ, શાલિની, પૃથ્વી અને હરિણીનો સવિશેષ પ્રયોગ થયો છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ કવિઓનો પ્રિયછંદ વસંતતિલકા છે. કુલશેખરના 'મુકુન્દમાલા', યામુનમુનિના સ્તોત્રરત્ન કે આલવન્દારસ્તોત્રમાં, વસંતતિલકાનો પ્રયોગ થયો છે; જ્યારે વૈકુંઠના વિષ્ણુના મહિમાનું ગાન કરતા 'શ્રીવૈકુંઠસ્તવ' તથા અતિમાનુષસ્તવ' નામનાં બંને સ્તોત્રો શ્રીવત્સાંકમિશ્રે એક માત્ર વસંતતિલકા છંદમાં રચ્યાં છે; તો વેદાંતદેશિકે પોતાના સ્તોત્રોમાં બહુધા વસંતતિલકા છંદનો પ્રયોગ કર્યો છે. તેમાં તેમના 'વરદરાજપંચાશત્', 'દેવનાયકપંચાશત્' અને 'ગરુડપંચાશત્'માં સર્વત્ર આ છંદ પ્રયોજાયો છે. 'પાદુકાસહસ્ર'માં વસંતતિલકાનો વિશેષ પ્રયોગ થયો છે, તો વેંકટાધ્વરીએ 'લક્ષ્મીસહસ્ર'ના ૧૪૩ શ્લોકોમાં વસંતતિલકા છંદનો પ્રયોગ કર્યો છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં બીજા ક્રમે શાર્દૂલવિક્રીડિત છંદ આવે છે. આ છંદનો પ્રયોગ પણ યામુનાચાર્યથી શરૂ કરી વેંકટાધ્વરી સુધીના કવિઓએ પોતાનાં સ્તોત્રોમાં અધિક કર્યો છે. વેંકટાધ્વરીએ જ લક્ષ્મીસહસ્રના ૧૧૮ શ્લોકો આ છંદમાં રચ્યા છે, તો 'સુંદરબાહુસ્તવ' અને 'દશાવતારસ્તોત્ર' શાર્દૂલવિક્રીડિત છંદમાં રચાયેલાં સ્તોત્રો છે.

વસંતતિલકા અને શાર્દૂલવિક્રીડિત આ બંને છંદો કોમળ ભાવોની અભિવ્યક્તિ માટે મનોરમ છંદ મનાયા છે. આવા કોમળ છંદોના અધિક પ્રયોગથી વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં ભક્તિભાવ તથા સૌન્દર્ય શૃંગારની ઋજુતા તથા મનોહારિતાની પણ અધિકતા છે, એ વ્યંજિત થાય છે.

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ કવિઓની વિશેષતા છે કે તેઓ એક જ સ્તોત્રોમાં અનેક છંદોનો પ્રયોગ કરે છે. જેમકે યામુનમુનિનું 'આલવન્દારસ્તોત્ર' કે 'સ્તોત્રરત્ન', તો શ્રીવત્સાંકમિશ્રનું 'સુંદરબાહુસ્તવ' કુલ ૧૩૨ શ્લોકો ધરાવે છે. તેમાં નર્દટક, પુષ્પિતાગ્રા, શાર્દૂલવિક્રીડિત, વંશસ્થવિલ વગેરે છંદો પ્રયોજાયા છે; તો 'વરદરાજસ્તવ' નામના શતકસ્તોત્રમાં શિખરિણી, રથોદ્ધતા, પુષ્પિતાગ્રા, વંશસ્થવિલ, ઉપજાતિ વગેરે વિવિધ છંદો પ્રયોજાયા છે; તો પરાશરભટ્ટના 'શ્રીગુણરત્નકોશ' નામના લક્ષ્મીસ્તોત્રના ૬૧ શ્લોકોમાં વિવિધ છંદોનો પ્રયોગ થયો છે. જ્યારે વેદાંતદેશિકનાં મોટાભાગનાં સ્તોત્રો વિવિધ છંદોમાં રચાયેલાં છે, તો 'પાદુકાસહસ્ર' અને 'લક્ષ્મીસહસ્ર'માં પણ અનેક છંદોનો પ્રયોગ થયો છે.

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં માત્રિક (જાતિ) છંદોનો પ્રયોગ પણ થયો છે. જાતિ છંદોમાં આર્યાગીતિ, ગીતિ, યુગ્મવિપુલા, વિપુલા અને ઉપગીતિનો પ્રયોગ વેંકટાધ્વરીના 'લક્ષ્મીસહસ્ર'માં થયો છે.

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં અલ્પ પ્રચલિત કે અપ્રચલિત છંદોનો પ્રયોગ પણ જોવા મળે છે. આવા છંદોમાં મત્તમયૂર, નર્કુટક, કુટજ, પંચચામર, સ્રગ્વિણી, અવિતથ, દોધક, ઈન્દુવદના, અતિરુચિરા, જલોદ્ધરગતિ, નગસ્વરૂપિણી, શ્રીલીલા, વિબુધપ્રિયા, કોકિલક, મંજૂભાષિણી, વિયોગિની વગેરે છે. ખાસ કરીને 'પાદુકાસહસ્ર' અને 'લક્ષ્મીસહસ્ર'માં આવા છંદોનો પ્રયોગ અત્યધિક થયો છે.

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ કવિઓ હ્રાસોન્મુખ યુગના કવિઓ હોવાથી તેમણે ચિત્રશૈલીનો પ્રયોગ કર્યો છે. તેમાં ખાસ કરીને વેદાંતદેશિકના 'પાદુકાસહસ્ર' અને વેંકટાધ્વરીના 'લક્ષ્મીસહસ્ર'માં આ શૈલી પ્રયુક્ત થઈ છે. તેથી ચિત્રસ્તબક'ના ઘણા શ્લોકોમાં આ દોષનું દર્શન થાય છે. આવશ્યક્તાનુસાર છંદમાં અંતિમ વર્ણને ગુરુ માનવાની પદ્ધતિ પણ વૈષ્ણવ કવિઓએ અપનાવી છે.

### (ઈ) વિશિષ્ટાદ્વૈતી સ્તોત્ર કવિઓની સૌંદર્યભાવનાના સંદર્ભમાં કાવ્યશૈલી

### ૧. સ્તોત્રોમાં ઉપાસ્યના અંગ-સૌંદર્યનું વર્ણન :

આરાધ્યનાં રૂપ-ગુણનું આલેખન સ્તોત્રના કેન્દ્રસ્થાને રહે છે. રૂપ અને ગુણ પ્રાયઃ સંયુક્ત રહે છે. વિશેષતઃ ભક્તકવિની ભાવુક દૃષ્ટિમાં. ઉપાસ્ય દેવતાના ગુણાનુવાદમાં દત્તચિત્ત ભક્તકવિ, એ ઉપાસ્યના અંગ પ્રત્યંગમાં વિલસતા સૌંદર્યથી અસ્પૃશ્ય કેવી રીતે રહી શકે? સ્તોત્રમાં સૌંદર્ય-ભાવનાના આલંબન તરીકે નિર્ગુણ કે સગુણ પરમતત્ત્વ રહે છે. નિર્ગુણ અરૂપ કે અમૂર્ત છે. છતાં ભક્તકવિની આંતર-ચેતના તે 'અરૂપ'ની મનોકલ્પિત ભાવ-મૂર્તિનું રૂપકાત્મક દર્શન કરાવે છે. એ દર્શન કરાવવામાં કવિની સૌંદર્ય-ભાવના અભિવ્યક્ત થાય છે. સગુણ અવતારધારી રહે છે. અવતારની સાથે જ આકૃતિ કે અર્ચા-મૂર્તિ રહે જ છે. આલંબન-સ્વરૂપ એ આકૃતિ કે અર્ચા-મૂર્તિમાં આસક્ત ભક્તકવિને તેમાં અનુપમ વિશેષતાઓ કે ગુણધર્મોનું દર્શન થાય છે. એ ગુણધર્મોનું દર્શન કવિનાં હૃદય-સાગરને ક્ષુબ્ધ કરે છે - તરંગિત કરે છે - એની સૌંદર્યચેતનાને જાગ્રત કરી દે છે. આમ સગુણ - અવતારધારી બ્રહ્મતત્ત્વનો ઉદાત્તદેહ ભક્તકવિની સૌંદર્ય-ભાવનાને પ્રદીપ્ત કરનાર આલંબન-ઉદ્દીપક બની રહે છે. નિર્ગુણ બ્રહ્મવાદીઓનાં સ્તોત્રોમાં અંગ-વર્ણનને અલ્પ અવકાશ રહે છે, પરંતુ અવતારવાદી સગુણોપાસક કવિઓની

મનોભૂમિમાં આલંબન-સ્વરૂપ અવતાર કે તેના પ્રતીક તરીકે અર્ચા-મૂર્તિ સ્પષ્ટ રીતે પોતાના રૂપ-ગુણ સહિત સરળતાથી ઉપસ્થિત થાય છે. પરિણામે તેમનાં સ્તોત્રોમાં અંગ-વર્ણન કે રૂપ-સૌંદર્ય-વર્ણનને અધિક અવકાશ સ્વાભાવિક રીતે જ રહે છે. વેદાન્તદેશિકનાં સ્તોત્રોમાં વિષ્ણુ કે તેમના અવતારોનાં અંગવર્ણનો થયાં છે. 'પાદુકાસહસ્ર'માં પાદુકાનું રૂપવર્ણન થયું છે; તો 'લક્ષ્મીસહસ્ર'માં રૂપવર્ણન તિરુપતિના શેવાચળ પર વિરાજમાન લક્ષ્મી અર્ચાને ઉદ્દેશી થયું છે.

સૌંદર્યની પરાકાષ્ઠા ઉપાસ્યમાં છે - એવી એક સર્વસામાન્ય અનુભૂતિ ભક્તકવિઓમાં પ્રતીત થાય છે. તેથી ભક્તકવિ પોતાના ઉપાસ્યને 'સૌંદર્ય-નિધિ' તરીકે સ્થાપવા વિવિધ રીતે પ્રયાસ કરે છે. પ્રસ્તુત દેહાંગ (ઉપમેય)ના ઉપમાન માટે કવિની દૃષ્ટિ સમગ્ર ભુવનમાં ફરી વળે છે. એ પ્રયાસમાં પ્રાયઃ સ્વાભાવિકતા રહે છે, પરંતુ ક્વચિત્ શ્લેષસાધ્ય, ક્લિષ્ટતા કે પાંડિત્ય-પ્રદર્શનની કૃત્રિમતાનું પણ દર્શન થાય છે. એ સ્વાભાવિકતા અને કૃત્રિમતાના પરિમાણમાં કવિના સૌંદર્યવર્ણનનું મૂલ્યાંકન થઈ શકે. યામુન, રામાનુજ, શ્રીવત્સાંક વગેરે વિશિષ્ટાદ્વૈતી કવિઓનાં સ્તોત્રોમાં સૌંદર્યોન્મેષ સ્વાભાવિક રીતે થયો છે; પરંતુ વેંકટાધ્વરીના 'લક્ષ્મીસહસ્ર'માં શ્લેષ-યમક-ક્રીડાની કૃત્રિમતા વર્તાય છે.

ઉપાસ્યના સૌંદર્યવર્ણનની સ્તોત્ર-સાહિત્યમાં મુખ્ય બે પ્રણાલિકાઓ છે : (૧) દેહનાં એક કે એકથી અધિક અંગોનું ક્રમરહિતનું વર્ણન (૨) અંગોનું ક્રમસહિતનું વર્ણન, જેની બે પદ્ધતિઓ છે : પાદાદિકેશાન્તવર્ણન અને કેશાદિપાદાન્તવર્ણન. આરાધ્યનાં વિભિન્ન અંગ-ઉપાંગોના ક્રમસહિત-વર્ણન (નખશિખ-વર્ણન)ની પરંપરા સ્તોત્ર સાહિત્યનાં પ્રાપ્ત થાય છે. વિશ્વ-સાહિત્યનાં અંગ-રૂપ-વર્ણનની આવી પ્રણાલિકા દૃષ્ટિગોચર થાય છે.

**૨. સૌંદર્યની કલ્પના અને નખશિખ - વર્ણનની પરંપરા :**

ભારતીય સાહિત્યમાં સૌંદર્ય-ચેતનાનો આદિ-સ્રોત ઋગ્વેદનાં ભાવમય સૂક્તો છે. તેમાં ખાસ કરીને ઉષા, સૂર્ય, રાત્રિ, પર્જન્ય, અગ્નિ ઈત્યાદિ દેવતાઓના રૂપ-સૌંદર્યનું વ્યાપક ચિત્રણ થયું છે. આ સૂક્તોમાં પણ ઉષા-દેવી-વિષયક સૂક્તો ભારતીય આદિ કવિની સૌંદર્યાત્મક-ચેતનાનાં પરિચાયક છે. ઉષાને અપાયેલ કુમારી-કન્યકા કે નવયૌવનાનું રૂપ ઉત્તરવર્તી સાહિત્યમાં નખશિખ-વર્ણનરૂપે પરિણમે છે. માનવીય પ્રિયતમ - પ્રિયતમાનો વ્યવહાર સૂર્ય અને ઉષામાં વૈદિક ઋષિ નિહાળે છે. ઉપાસ્યોની આ માનવીકરણની પ્રક્રિયા અવતારવાદ અને નખશિખ-વર્ણનની પરંપરાનું બીજ છે. સાહિત્યમાં જ્યારે નારીનું અવતરણ થાય ત્યારે તેનાં અંગ-ઉપાંગો પ્રત્યે કવિની દૃષ્ટિ જાય એ સ્વાભાવિક છે. વૈદિક-કવિની સૌંદયાપન્નદૃષ્ટિ 'ઉષા'માં 'નારી' રૂપનું દર્શન કરે છે. પરિણામે દૈવી અને માનવીય બન્ને પ્રકારના સૌંદર્યનો સુભગ સમન્વય ઋગ્વેદમાં થયો છે. ઉષા એ દેવી રૂપે આધ્યાત્મિક-સૌંદર્ય અને નારી-સ્વરૂપે લૌકિક સૌંદર્યના આલંબન-સ્વરૂપ બને છે. એમાંથી જ ઉત્તરવર્તી સાહિત્યમાં આધ્યાત્મિક સૌંદર્યસંપન્ન સ્તોત્રો તેમજ ગીતિકાવ્યો અને લૌકિક સૌંદર્યનું નિરૂપણ કરતાં લૌકિક કે શૃંગારિક ગીત-કાવ્યોનો જન્મ થાય છે. આમ આવી વૈદિક ઉષા સૌંદર્ય-ભાવનાનું આદિ-મૂળ છે. એના માનવીય સ્વરૂપમાંથી પાછળથી નખ-શિખવર્ણનની પ્રણાલિકા જન્મ લે છે. નખશિખવર્ણન ઋગ્વેદમાં પ્રાપ્ત થતું નથી, પરંતુ એનો સંકેત ખાસ કરીને ઉષાનાં સૂક્તોમાં અનુભવી શકાય છે.

બ્રાહ્મણયુગીન સમાજમાં નારીને ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત થાય છે, પરિણામે બ્રાહ્મણ-ગ્રંથોમાં પણ સ્ત્રીના રૂપવર્ણનનો અવતાર થાય છે. આવી સ્થિતિમાં એ ગ્રંથોમાં નારીના અંગ-ઉપાંગોના વર્ણનને અવકાશ રહે એ સ્વાભાવિક છે. ખાસ કરીને 'શતપથ બ્રાહ્મણ' નારી-સૌંદર્યનો પ્રાચીન આદર્શ પૂરો પાડે છે. યજ્ઞમાં પત્નીને યજમાનની સહધર્મચારિણી માનવામાં આવતી. તેથી યજ્ઞવેદીના નિર્માણ-પ્રસંગે આદર્શ નારીની પરિકલ્પના 'શતપથ બ્રાહ્મણ'માં થઈ છે : 'સ્થૂળ જઘનવાળી, સ્કંધોથી વચ્ચે છાતીનો ભાગ કંઈક તંગ હોય, મધ્યભાગ (ઉદર-કટિ) હસ્તગ્રાહ્ય એટલે કે સૂક્ષ્મ હોય, અને શ્રોણી વિશાળ હોય એવી સ્ત્રી પ્રશંસાપાત્ર બને છે. સુંદર કેશકલાપ, સુંદર મસ્તક, ઉત્તમ જઘન અને આભૂષણોથી અલંકૃત સ્ત્રી રૂપવતી કહેવાય છે.[૧૬૬] સ્ત્રીનાં અંગોનું આ નિરૂપણ 'સમૃદ્ધ નારી-રૂપ'ની આદિ કલ્પના સ્પષ્ટ કરે છે. 'શતપથબ્રાહ્મણ' નો આવો વર્ણ્ય-વિષય નખશિખ-વર્ણનની પ્રણાલિકાનો સૂત્ર પ્રાત કરવામાં કવિઓ માટે પ્રેરક બની રહ્યો. ઋગ્વેદની ઉષા જેવી દેવતાઓના દેહમાં વિલસતા સૌંદર્યનું એક આછેરું દર્શન વૈદિક-ઋષિઓ કરતા હતા, પરંતુ હવે બ્રાહ્મણયુગમાં નારીની પ્રતિષ્ઠાની સાથે સાથે નારીનાં વિવિધ અંગોના પ્રશંસનીય સૌંદર્યનો ખ્યાલ પણ વધુ સ્પષ્ટ થાય છે. તેથી શતપથ બ્રાહ્મણની 'નારી' ભૌતિક અને આધ્યાત્મિક આલંબનોના સૌંદર્ય-નિરૂપણ માટે ઉત્તરવર્તી કવિઓને માટે પ્રેરણા-સ્થળ બની રહે છે.

નખ-શિખવર્ણનની પ્રવૃત્તિ 'મહાભારત'માં સ્પષ્ટ રીતે પરિલક્ષિત થાય છે. અવતારવાદની અવતારણા નખ-શિખવર્ણન માટેની નક્કર પૃષ્ઠભૂમિ બને છે. ઉપાસ્યનું સાકાર-રૂપ ઉપાસક સમક્ષ સૌંદર્યના ઉત્તમ આલંબન સ્વરૂપે ઉપસ્થિત થાય છે અને એ સાકારને - એનાં અંગ-પ્રત્યંગને શબ્દદેહ આપવા ભક્તકવિ ચંચળ બને છે અને એમાંથી જન્મે છે નખ-શિખ વર્ણન. 'મહાભારત'માં પ્રાપ્ત થતું બ્રહ્મચારીનું વર્ણન નખ-શિખ પ્રકારનું છે. તેમાં ક્રમશઃ નયન, કેશ, જટા, કંઠ, કંઠની રેખાઓ, પિંડ, નાભિ, કટિ, વરત્ર, મેખલા, ચરણ, આભૂષણ, મુખ, વાણી ઈત્યાદિનું મનોહર-રોચક વર્ણન થયું છે.[૧૬૭] લગભગ 'કેશાદિપાદાન્ત' પ્રકારનું આ વર્ણન છે. વળી 'માનવોનું વર્ણન મસ્તકથી અને દેવોનું ચરણથી આરંભીને થવું જોઈએ.'[૧૬૮] એ કવિ-સમય નિશ્ચિત કરવામાં પણ મહાભારતનું આ વર્ણન આધારરૂપ બન્યું હશે. આવા નિરૂપણમાંથી સ્તોત્રેતર સાહિત્યમાં નાયિકાના અને સ્તોત્રસાહિત્યમાં ઉપાસ્યના ક્રમિક અંગ-વર્ણનનો આરંભ થાય છે. પુરાણસાહિત્ય અને તેમાંય ખાસ કરીને 'ભાગવત પુરાણ', 'કલ્કિ-પુરાણ' અને 'બ્રહ્મવૈવર્ત પુરાણ'નાં સ્તોત્રોમાં આ પ્રવૃત્તિ વિકસિત સ્વરૂપે પ્રાપ્ત થાય છે. સ્તોત્રકાવ્યના વિભિન્ન પ્રકારોનું સર્જન જ્યારે પુરાણોમાં થયું છે, ત્યારે નખશિખવર્ણન જેવો પ્રકાર પણ ત્યાં દૃષ્ટિગોચર થાય છે[૧૬૯] ભક્ત કવિઓના સૌંદર્ય-નિરૂપણમાં પુરાણોમાં વર્ણિત તિલોત્તમા અપ્સરા પણ પ્રેરક બની હોય, એમ પ્રતીત થાય છે. તિલોત્તમા વિશ્વસૌંદર્યના સારસ્વરૂપ છે. પુરાણોનો આ સૌંદર્યાદર્શ માત્ર ભક્ત-કવિઓએ જ નહિ, શ્રી હર્ષ જેવા કવિએ પણ દમયંતીની નાસિકાની તુલના તિલોત્તમા અપ્સરા સાથે કરીને ગ્રાહ્ય રાખ્યો છે.[૧૭૦]

આમ ઋગ્વેદનાં ઉષા-સૂક્તો, શતપથ-બ્રાહ્મણનું નારીવર્ણન, મહાભારતનું બ્રહ્મચારીવર્ણન અને પુરાણગ્રંથોનાં વિભિન્ન સ્તોત્રો નખશિખવર્ણનની પરંપરા સ્થાપવામાં પૃષ્ઠભૂમિ બની રહે છે. આમાંથી પ્રેરણા પ્રાપ્ત કરી કવિઓએ એક સુનિશ્ચિત પ્રણાલિકાને જન્મ આપ્યો અને પરિણામે સતોત્ર તેમજ સ્તોત્રેતર સાહિત્યમાં નખશિખવર્ણનની એક સુદીર્ઘ પરંપરા સર્જાઈ.

નખશિખવર્ણનની રૂપરેખાને[૧૭૧] આધારે સ્પષ્ટ થાય છે રે સંસ્કૃત સાહિત્યમાં વિશિષ્ટાદ્વૈતી કવિ વેંકટાધ્વરીના 'લક્ષ્મીસહસ્ર' સ્તોત્રના સૌંદર્ય-સ્તબકનું નખશિખવર્ણન સૌથી વધારે શ્લોક ધરાવે છે અને એમાંય એમના કટાક્ષ-સ્તબકના ૬૪ શ્લોકોનો સમાવેશ કરાય તો એમના નખશિખ-વર્ણનના કુલ ૨૯૯ શ્લોક થાય, જે સમગ્ર 'લક્ષ્મીસહસ્ર'નો  લગભગ તૃતીયાંશ રોકે છે. આમ 'બૃહત્તમ-નખશિખ-વર્ણન' આપીને વેંકટાધ્વરીએ આ પરંપરાની પરાકાષ્ઠા સર્જી છે. એ વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રની નોંધપાત્ર વિશિષ્ટતા છે.

**૩. સ્તોત્ર તેમજ સ્તોત્રેતર સાહિત્યનાં કેટલાંક નખશિખ-વર્ણનો :**

(૧) કાલિદાસકૃત 'કુમારસંભવ' : પાર્વતીનું પાદાદિકેશાન્તવર્ણન (સર્ગ : ૧, શ્લોક ૩૨ થી ૪૯)

(૨) શંકરાચાર્યકૃત 'સૌંદર્યલહરી' સ્તોત્ર : ત્રિપુરસુંદરીનું કેશાદિપાદાન્ત-વર્ણન (શ્લોક : ૪૧ થી ૯૧)

(૩) શંકરાચાર્યકૃત 'વિષ્ણુપાદાદિકેશાન્તવર્ણન-સ્તોત્ર

(૪) શ્રીહર્ષકૃત 'નૈષધીયચરિત' : દમયંતીનું કેશાદિપાદાન્ત-વર્ણન (સર્ગ : ૭, શ્લોક ૨૦ થી ૧૦૬)

(૫) વિશિષ્ટાદ્વૈતી કવિ શ્રીવત્સાંકમિશ્રકૃત 'સુંદરબાહુસ્તવ' : ભગવાન સુંદરબાહુ (વિષ્ણુ)નું કેશાદિપાદાન્ત-વર્ણન (શ્લોક ૫૦ થી ૯૦)

(૬) વિશિષ્ટાદ્વૈતી કવિ શ્રીવત્સાંકમિશ્રકૃત 'વરદરાજસ્તવ' : ભગવાન વરદરાજનું કેશાદિપાદાન્ત-વર્ણન (શ્લોક ૩૬ થી ૬૦)

(૭) વિશષ્ટાદ્વૈતી કવિ પરાશરભટ્ટકૃત 'શ્રી રંગરાજસ્તવ'ના ઉત્તરાર્ધના શ્લોક ૯૧ થી ૧૨૭માં રંગ ભગવાનનું કેશાદિપાદાન્તવર્ણન

(૮) વિશિષ્ટાદ્વૈતી વેંકટનાથ વેદાંતદેશિકકૃત 'દેવનાયકપંચાશત્'માં દેવનાયક (વિષ્ણુ)નું કેશાદિપાદાન્ત-વર્ણન (શ્લોક ૧૬ થી ૪૮)

(૯) વિશિષ્ટાદ્વૈતીકવિ વેંકટાધ્વરીકૃત 'લક્ષ્મીસહસ્રસ્તોત્ર'ના સૌંદર્યસ્તબકમાં લક્ષ્મીનું કેશાદિપાદાન્ત-વર્ણન (કુલ શ્લોક ૨૯૯)

(૧૦) પં. જગન્નાથકૃત 'લક્ષ્મીલહરી' સ્તોત્ર : લક્ષ્મીનું પાદાદિકેશાન્તવર્ણન (શ્લોક : ૬ થી ૩૯)

**૪. કેટલાંક વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં પ્રાપ્ય નખશિખ-વર્ણનોની ઉપમેય-ઉપમાન-યોજના**

(૧) વેદાંતદેશિક રચિત 'દેવનાયકપંચાશત્' સ્તોત્ર : વિષ્ણુનું કેશાદિપાદાન્ત વર્ણન, શ્લોક ૧૪ થી ૪૪.

| ઉપમેય | | ઉપમાન | ઉપમેય | | ઉપમાન |
|---|---|---|---|---|---|
| કિરીટ | - | સૂર્યબિંબ-૧૬ | કંઠ | - | શંખ-૨૮ |
| મુખ | - | ચંદ્ર-૧૭ | હસ્ત | - | વિદ્રુમ-૩૧ |
| કેશ | - | શર્વરી-૧૭ | બાહુ | - | પારિજાત-૨૯ |
| તિલક | - | માંગલિક પ્રદીપ-૨૦ | નાભિ | - | નલિન, જગત્વિભાગ-૩૫ |
| ભ્રૂ | - | કામદેવની માતૃકાઓ-૨૦ | ઊરુ | - | દયિતાનું ઔશીકું-૩૮, |
| નયન | - | સાગરસેતુ-૨૬, | | | હસ્તિ-સૂંઢ-૩૮ |
| | | કમળ-૧૮, ક્ષીરસાગર-૨૪ | જાનુ | - | મણિદર્પણ-૩૯ |
| કટાક્ષ | - | મુગ્ધ પદ્મ-૨૫ | જંઘા | - | કામદેવનું મૃદંગ-૪૦ |
| અધર | - | પારિજાત-૨૬ | ચરણાંગુલિઓના નખ | - | રત્નપંક્તિ-૪૩ |

(૨) વેંકટાધ્વરિકૃત 'લક્ષ્મીસહસ્ર'માં લક્ષ્મીનું કેશાદિપાદાન્ત-વર્ણન

ઉપમેય-ઉપમાન-રૂપરેખા :

વેંકટાધ્વરીએ 'લક્ષ્મીસહસ્ર'ના સૌંદર્ય સ્તબકમાં લક્ષ્મીના રૂપસૌંદર્યને સ્ફુટ કરવા નિરૂપિત 'કેશાદિપાદાન્તવર્ણન'માં વર્ણ્યઅંગ (ઉપમેય)ની ઉપમાન - યોજનાની રૂપરેખા આ પ્રમાણે છે :

| | | |
|---|---|---|
| ૧. | કેશકલાપ | : અલકાપુરી ૮/૮, ઘન, શેવાલ, બ્રહ્મ, જટાજૂટ ૮/૯, ચામર ૮/૧૦, યમુના ૮/૧૧, આમલકવૃક્ષ ૮/૧૨, તમાલવૃક્ષ ૮/૨૦, કલ્પવૃક્ષપુષ્પ ૮/૧૫, અંધકાર ૮/૧૯, ભ્રમરસમૂહ ૮/૩, વાદળની કાન્તિ ૮/૭, અર્જુન ૮/૬ અને મયૂરપિચ્છ ૨/૧૨. |
| ૨. | લલાટ | : ચંદ્ર ૮/૨૧ |
| ૩. | વદન | : ચંદ્ર ૮/૨૨, ૨૬, ૩૧, દર્પણશોભા ૮/૨૩,૨૪, કમળ ૮/૨૫, ૨૭, કામક્રીડાનું વન ૮/૩૦ |
| ૪. | તિલક | : નીલકમળ, ભ્રમર, કલંક/૩૨ |
| ૫. | ભ્રૂ (ભ્રૂકુટિ) | : સેતુ ૮/૩૪, શિલા ૮/૩૫ |
| ૬. | નયન | : હરણ, ચંદ્ર ૮/૩૮, કમળ ૮/૩૯, કુવલય, ચકોર ૮/૪૦, ૪૧, કામ-બાણ ૮/૪૪, મીન ૮/૪૫, ભ્રમર ૮/૪૬, દિવ્ય મત્સ્ય ૮/૪૭ |

| | | |
|---|---|---|
| ૭. | નયનકટાક્ષ | : કમળ ૨/૧૮, ૫/૧૩, કલ્પવૃક્ષ ૫/૧, ૫૬, અમૃત ૫/૩, ૪૬, નિર્ઝરિણી ૫/૭, વેત્રયષ્ટિ, મેઘ, ચંદ્રકિરણ ૫/૧૧, લહરીતરંગ ૫/૧૭, ૫૭, મકરંદ ૫/૧૮, ગંગા ૫/૧૯, નટ ૫/૨૪, લતા ૫/૨૬, કામદેવ ૫/૨૭, ૪૩, શરદઋતુ ૫/૨૮, કવચ ૫/૩૦, સલિલયુક્ત પૃથ્વી ૫/૩૩, દિવ્ય ઔષધિ ૫/૩૫, ૬૧, નાવિક, સૂત્રધાર, કુઠારધાર ૫/૩૬, સરોવર ૫/૩૭, પ્રભાત ૫/૪૭, વસંતમાસ ૫/૪૮, માંત્રિક ગુરુ ૫/૪૨, દુગ્ધધારા ૫/૫૩, મેઘપંક્તિ ૫/૫૯, ભ્રમર ૫/૬૦, વૈકુંઠની સોપાનપરંપરા ૧૫/૪ |
| ૮. | કર્ણાલંકાર | : સૂર્ય ૮/૪૯, |
| | (તાટંક) | તળાવ ૮/૫૮, |
| | કર્ણાલંકાર | : (સુવર્ણકુંડળ) યજ્ઞકુંડ ૮/૫૬ |
| | સુવર્ણકર્ણાભૂષણ | : મુનિ ૮/૫૯ |
| ૯. | નાસિકા | : તલનું પુષ્પ ૮/૬૦, વાંસ-લતા ૮/૬૧, વંશ-સ્તંભ ૮/૬૩, સેતુ ૮/૬૨, ખિલ ૮/૬૮ |
| | નાસિકાનું મોતી | : મલ્લિકા-મુકુલ ૮/૬૫, ગણિકા ૮/૬૬, નક્ષત્ર ૮/૬૭, હિમબિંદુ ૮/૬૦ |
| ૧૦. | હાસ્ય | : ચંદ્રિકા ૮/૬૯, કીર્તિન્કાન્તિ, સરસ્વતીનો કિરણસમૂહ ૮/૭૧, બાલચંદ્રની કાન્તિ, સ્ફટિકદ્યુતિ, નૂતનકુસુમશોભા ૮/૭૬ |
| ૧૧. | વાણી | : દ્રાક્ષ, મકરંદ, અમૃત, કદલીફળ ૮/૭૫, ૭૭, ૭૮, ૭૯, શેરડીનો રસ ૮/૭૬, કોકિલ-કંઠ, શુકવાણી ૮/૮૦, લહરી ૮/૮૧, શર્કરા, ગોદુગ્ધ, કલ્પદ્રુમનું પુષ્પમધુ, નાળિયેર-રસ ૮/૮૨. |
| ૧૨. | દંત | : મંદારકુસુમમાળા ૮/૮૬, કળી ૮/૮૭, નક્ષત્રો, મુક્તાફળ ૮/૮૮ |
| ૧૩. | જિહ્વા | : સરસ્વતી ૮/૮૨, તુમ્બુરુ-નારદ, શરદનું વાદળ ૮/૯૩ |
| ૧૪. | અધર | : પ્રકાશ, અરુણોદય ૮/૯૪, પલાશકુસુમ ૮/૯૬, કિસલય, બિંબફળ ૮/૯૭, વિદ્રુમમણિ ૮/૧૦૧ |
| ૧૫. | કંઠ (ગ્રીવા) | : શંખ ૮/૧૦૪, ૯/૧૬ |
| ૧૬. | સ્તન | : કમળ ૮/૧૦૭, કળશ ૮/૧૦૮, ૧૧૦, ૧૧૯, ૧૨૬, રાજા ૮/૧૦૯, ૧૧૨, પર્વત ૮/૧૧૪, ૧૧૬, ૧૨૫, ૯/૧૫, ચક્રવાકયુગલ ૮/૧૧૪, ૧૨૩, ૧૨૬, |

| | | |
|---|---|---|
| | | સુવર્ણમેરુ શૃંગ ૮/૧૧૭, નાળિયેર ૮/૧૨૦, ગંડસ્થળ ૮/૧૨૧, ૧૨૨, દડો ૮/૧૨૪, ચક્ર ૯/૧૬, મેઘ ૯/૧૧. |
| ૧૭. હાર | : | મંદાકિની ૮/૧૩૦, નક્ષત્ર-માળા ૮/૧૩૨, ૯/૨૬, કલહંસની પંક્તિ ૮/૧૩૩ |
| ૧૮. હસ્ત | : | કમળ ૮/૧૩૪, ૧૩૫, ૧૫૨, શૈવાલયુક્ત અરવિંદ ૮/૧૩૬, કલ્પવૃક્ષ ૮/૧૩૯, તરંગયુક્ત સમુદ્ર ૮/૧૪૩ |
| ૧૯. હસ્ત-નખ | : | સરસ્વતીનું ફીણ ૮/૧૪૮, દશાવતારી ચંદ્ર ૮/૧૪૯, ૧૫૦, નક્ષત્ર ૮/૧૫૧ |
| ૨૦. રોમાવલી | : | સર્પિણી ૮/૧૫૩, યમુના ૮/૧૫૪, ૧૬૬, ભ્રમરપંક્તિ ૮/૧૫૬, ધૂમ ૮/૧૫૭, સોપાનપરંપરા, વેણિકા, કૃપાણિકા ૮/૧૫૮, દુષ્કીર્તિ ૮/૧૫૯, રજ્જૂ ૮/૧૬૦, યૂપ ૮/૧૬૧, મુરારિ ૮/૧૬૩, નાળિયેરી ૮/૧૬૪, લોહ-શલાકા ૮/૧૬૫, નાળ ૮/૧૬૭, પલાશદંડ ૮/૧૭૦, ઘટયંત્ર ૮/૧૭૧. |
| ૨૧. ત્રિવલી | : | સોપાન-પરંપરા, ત્રણ સોપાન ૮/૧૬૮, ૧૭૧, સંખ્યા ૮/૧૬૯, દર્ભકૂર્ચ ૮/૧૭૦ |
| ૨૨. નાભિ | : | સરોવર ૮/૧૭૨, આવર્ત ૮/૧૭૪ |
| ૨૩. કાંચિ કટિ-મેખલા | : | સર્પ ૮/૧૭૫, કામદેવની રસના ૮/૧૭૭, ખલ ૮/૧૭૮, કાંચી નગરી ૮/૧૮૦,૧૮૧ |
| ૨૪. કટિ અને અંબર | : | આકાશ ૮/૧૮૩, નેત્ર ૮/૧૮૯, ઈન્દ્ર ૮/૧૯૦, પંચમહાકાશ ૮/૧૯૪ |
| ૨૫. નિતંબ | : | મહાપર્વત ૮/૧૯૫ |
| ૨૬. જઘન | : | કામરાજનું સિંહાસન, નદીતટ, હાથીનું મસ્તક ૮/૧૯૬ |
| ૨૭. યોનિ | : | મદનમંદિર ૮/૧૯૭ |
| ૨૮. ઉરુ-દ્વય | : | કદલી ૮/૧૯૮, ૧૯૯, હરિત-શુંડા ૮/૨૦૨, ૨૦૩, કામદેવનાં બાણ ૮/૨૦૪, ૨૦૫, વાદ્ય ૮/૨૦૫, તબલાં ૮/૨૦૬, તૂણીર ૮/૨૦૭ |
| ૨૯. ચરણ | : | કામદેવનાં બાણ ૮/૨૦૭, પ્રવાલ ૮/૨૧૦, બાળસૂર્ય-રાગ ૮/૨૧૧, ૮/૨૨૨, પલ્લવ ૮/૨૧૧, કમળ ૮/૨૧૨, ૨૨૮, કિરણો ૮/૨૧૩, સૂર્યકિરણો ૮/૨૨૮, કિસલય ૮/૨૧૪, સૂર્યકાન્તિ ૮/૨૧૬, ૨૧૯, કલ્પવૃક્ષ, સૂર્ય ૮/૨૧૭, કલ્પવૃક્ષ શોભા, વિદ્રુમમણિ શોભા ૮/૨૨૭ |
| ચરણ-નખ | : | તારા ૮/૨૨૪, તારક ૮/૨૨૫ |
| ચરણ-ગતિ | : | ગજેન્દ્ર ૮/૨૦૯ |

## ૫. સંસ્કૃત સ્તોત્ર-સાહિત્યમાં બૃહત્તમ સ્તોત્ર (લક્ષ્મીસહસ્ર) દ્વારા બૃહત્તમ નખશિખ વર્ણન આપનાર વિશિષ્ટાદ્વૈતી કવિ વેંકટાધ્વરીનું કાવ્ય કૌશલ : એક વિશેષ અભ્યાસ

### પ્રસિદ્ધ-ઉપમાનોમાં નવું દર્શન :

કવિ વર્ણ્ય-અંગના સૌંદર્યના વ્યંજક તરીકે ઉપમાનનો સહયોગ લઈ, તે ઉપમાનને કુશળતાપૂર્વક પ્રયોજી પોતાની સૌંદર્યાત્મક દૃષ્ટિ કે ચેતનાને કાવ્ય-રૂપે અવતરિત કરે છે. સાંસારિક વિષયો અને પ્રાકૃતિક તત્ત્વોમાંથી કવિની સૌંદર્ય-ભાવના સુયોગ્ય ઉપમાનોનું ચયન કરે છે. વેંકટાધ્વરીએ સંસાર અને પ્રકૃતિ-જીવનનું સૂક્ષ્મ-નિરીક્ષણ કર્યું છે. એ નિરીક્ષણ અને અનુભવ ઉપમાનોના માધ્યમ થકી કવિ-કૃતિમાં કાવ્યાત્મક અભિવ્યક્તિ પામ્યાં છે. વેંકટાધ્વરી દ્વારા ગૃહીત ઉપમાનોમાં સાહિત્યિક પરંપરાનાં રૂઢિગત, સાંસારિક વિષયનાં, પ્રકૃતિ-ક્ષેત્રનાં તેમજ કેટલાંક નવીન મૌલિક ઉપમાનોનો સમન્વય થયો છે.

પરંપરાગત ઉપમાનોને પણ નવા સ્વરૂપે-વિવિધ રીતે નિયોજી એમાંથી શ્લેષજન્ય નવીન ચમત્કારી અર્થના સર્જનમાં કવિની કુશળતા પ્રશસ્ય છે. સાહિત્યમાં કેશકલાપના ઉપમાન તરીકે સાદૃશ્યને કારણે ભ્રમર પ્રસિદ્ધ છે. એ ઉપમાન પ્રયોજી કેશકલાપની નૈસર્ગિક વક્રતા અને શ્યામતાની અભિવ્યંજના માટે કવિ કહે છે કે કેશકલાપ ભ્રમર-સમૂહની મૈત્રી કરે છે. કેમ કે તે સ્વભાવે કુટિલ છે. એવા કુટિલ કેશને લક્ષ્મીએ મસ્તકે ઊંચું સ્થાન આપ્યું છે, છતાં વક્રતાનો સ્વભાવ દૂર થયો ન હોઈ તે મલિન ભ્રમરની મૈત્રી કરે છે.[૧૭૨] કેશકલાપને અંધકાર સદૃશ તો બધા કવિઓ કહે છે, કિન્તુ એવા અંધકારગ્રસ્ત કુટિલ-કેશના વેણીબંધમાં 'બંધન' નિહાળતા તો કવિ વેંકટાધ્વરી જ.[૧૭૩] કુટિલ-વ્યક્તિને તો બંધન-ગ્રસ્ત જ કરાય, એ માનવીય ભાવનાની અભિવ્યંજના કરવામાં જ કવિની મૌલિકતા છે, પ્રસિદ્ધ ઉપમાનોનું નવું દર્શન છે. મુખના ઉપમાન તરીકે કમળ અને ચંદ્ર પ્રસિદ્ધ છે, પરંતુ કવિ એમનામાં પરસ્પર વિરોધી શત્રુઓનું દર્શન કરી જણાવે છે કે તે બંને લક્ષ્મીના મુખસૌંદર્યના સ્પર્ધી છે, પણ પરાભવ પામે છે; કેમ કે પરસ્પર વિરોધી એવા તે બંને એક શત્રુની સાથે પણ લડવા સમર્થ નથી.[૧૭૪] પ્રસિદ્ધ ઉપમાનોમાં નવું દર્શન એ કવિની વિશિષ્ટતા છે. મુખના પ્રસિદ્ધ ઉપમાન ચંદ્રમાં 'દ્વિજરાજ'નું દર્શન કરી એ ઉપમાનને કવિ નવી રીતે પ્રયોજે છે : ચંદ્ર સ્વ-આકારથી અને લક્ષ્મીના વદનરૂપે - એમ બે રીતે સાગરમાંથી ઉત્પન્ન થયો. તેથી જ તે 'દ્વિજરાજ' કહેવાય છે.[૧૭૫] કવિ-કલ્પનાનો સ્પર્શ થતાં ઉપમાન પોતાની અર્થ-છાયા વિસ્તારે છે, એ કવિની ખાસિયત છે. પરંપરા અનુસાર કવિને ભગવતી-નેત્રનું કમળ - સામ્ય, મુખનું ચંદ્ર - સામ્ય અને ભૃકુટિનું સેતુ-સામ્ય વર્ણવવું છે. કવિ-કલ્પના એ પ્રસિદ્ધ ઉપમાનોને નવું જીવંત-રૂપ આપે છેઃ 'કમળ અને ચંદ્ર અનુક્રમે સરોવરગામી અને નભોગામી છે. કમળ લક્ષ્મીના નેત્રરૂપે અને ચંદ્ર મુખરૂપે જન્મ લે છે, પરંતુ એ બે સ્વભાવ વૈરીઓની જન્માન્તરે પણ મૈત્રી થાય નહિ, એવા આશયથી તેમની વચ્ચે બે ભ્રમર સેતુરૂપ બનીને વસે છે.'[૧૭૬] કમળ અને ચંદ્રને પરસ્પર વેરી ગણવામાં અને તેમને અલગ રાખનાર સેતુની કલ્પનામાં નાવીન્ય છે. નેત્ર માટે રૂઢિગત ઉપમાન ભ્રમર છે, કિન્તુ એ ભ્રમરની ચંચળતાનું કારણ આપવામાં કવિની મૌલિકતાનું દર્શન થાય છેઃ લક્ષ્મી-વદનની સૌરભના આસ્વાદ માટે અભિલાષી નેત્રરૂપી ચંપકને જોઈને તે પાછા ફરી ગયા અને આમ સૌરભની પ્રાપ્તિ ન થવાથી તે નિરંતર ચંચળ બની રહ્યા છે.[૧૭૭] ચંપક-ભ્રમરનો કવિ સમયાનુસારનો સંબંધ કવિ-કલ્પનામાં નવું રૂપ પામે છે, એ વેંકટાધ્વરીની કુશળતાનું નિદર્શન છે. નાભિ-સરોવર અને સ્તન-ફળની કલ્પના આમ તો પ્રસિદ્ધ છે, પરંતુ એ દ્વારા વેંકટાધ્વરી જે ભવ્ય

કલ્પના-પ્રધાન ચિત્ર આપે છે તે ખરે જ દર્શનીય છેઃ 'લક્ષ્મીની રોમલતા (રોમાવલી) નાભિ સરોવરના કિનારે નાળિયેરના વૃક્ષનું રૂપ ધારણ કરે છે.[૧૭૮] પ્રસિદ્ધ ઉપમાનોને એકત્રિત કરી - એના સંયોજનમાંથી ભવ્ય આકૃતિ કે રમણીય શબ્દચિત્રની સર્જનામાં કવિની મૌલિકતા છે. રોમાવલિમાં યમુનાનું દર્શન પરંપરાગત છે, પણ એમાં કવિ જે આશ્ચર્યની અનુભૂતિ કરાવે છે, તેમાં નવીનતા છે : 'નદીઓ પર્વત પરથી ઉતરીને નિમ્ન સ્થાન તરફ જાય છે. પરંતુ લક્ષ્મીની તનુલોમલતારૂપી યમુના તો સ્તન-શૈલ પર આરોહણ કરવાને જાણે ઈચ્છે છે.[૧૭૯] જંઘા માટે મૃદંગનું ઉપમાન કેટલાક કવિઓએ પ્રયોજ્યું છે. પણ કવિ વેંકટાધ્વરી એમાં શૌર્યવૃત્તિનું દર્શન કરાવી નવું અર્થઘટન કરે છે : મૃદંગે લક્ષ્મી-જંઘાની શોભા ચોરી લીધી. તેથી જ લોકો દ્વારા પ્રહાર પામી વ્યાકુળ બની તે રોદન કરે છે.[૧૮૦] મૃદંગમાંથી નીકળતા અવાજમાં રોદનની અનુભૂતિ કરાવનાર કવિની કલ્પનાશક્તિ અર્થસભર છે. ચરણ-નખમાં ચંદ્રનું દર્શન કવિઓ કરે છે. કિન્તુ ચંદ્ર અને તારા (નક્ષત્ર)માં પ્રિયતમ-પ્રિયતમાનું મિલન કરાવનાર તો વેંકટાધ્વરી છે : ચંદ્રમૌલિ શિવ લક્ષ્મીના ચરણને વંદે છે. તેથી ચિરવિરહથી કૃશ બનેલ ચંદ્રને પોતાની પ્રિયતમા-સ્વરૂપ નખરૂપી તારાનો સમાગમ પ્રાપ્ત થાય છે.[૧૮૧] વેંકટાધ્વરીએ કલ્પના-ક્ષેત્રમાંથી સૌંદર્ય-વર્ણન માટે ઘણાં ઉપમાનો શોધી કાઢ્યાં છે. પરંતુ એ ઉપમાનોનો તિરસ્કાર કરી, નવીન રીતે વર્ણન કરવામાં કવિની કુશળતા છે. અનુપમની તુલના અસંભવ છે. તેથી કવિ વારંવાર સાદૃશ્ય-સૂચક ઉપમાનોનો તિરસ્કાર કરે છે.

**મૌલિક ઉપમાન :**

મૌલિક ઉપમાનોના સંયોજનમાં કવિની મૌલિકતા તથા સ્વતંત્ર ઉન્મુક્ત નવીન કલ્પના-શક્તિ કે પ્રતિભાનું દર્શન થાય છે. સંસાર અને ધર્મ બંનેથી પ્રભાવિત કવિ ખાસ કરીને તે બે ક્ષેત્રોમાંથી જે ઉપમાનોનો પ્રયોગ કરે છે, તે નાવીન્યપૂર્ણ છે. કેશકલાપ માટે અલકાપુરી, બ્રહ્મા, આમલકવૃક્ષ અને અર્જુન; વદન માટે કામક્રીડાનું વન; ભ્રૂ માટે શિલા; નયન કટાક્ષ માટે નદી, ગંગા, લતા, શરદઋતુ, કવચ, નાવિક, સુત્રધાર, સરોવર તેમજ વૈકુંઠની સોપાન-પરંપરા; કર્ણાલંકાર માટે તળાવ, યજ્ઞકુંડ અને મુનિ; નાસિકાના મોતી માટે ગણિકા; જિહ્વા માટે કૃષ્ણ, અધર માટે અરુણોદય; સ્તન માટે રાજા; હસ્તની અંગુલિઓ માટે તરંગયુક્ત સમુદ્ર; હસ્ત-નખ માટે દશાવતારી ચંદ્ર, રોમાવલિ માટે કૃપાણિકા, દુષ્કીર્તિ, યૂપ, મુરારિ, પલાશદંડ, ઘટયંત્ર ઈત્યાદિ; કાંચી (મેખલા) માટે કામદેવની રસના, ખલ અને કાંચીનગરી; કટિ માટે આકાશ, ઈન્દ્ર ઈત્યાદિ ઉપમાનોનો પ્રયોગ મૌલિક કહી શકાય તેવો છે. આમાંનો કેટલાંક ઉપમાનોનો પ્રયોગ મૌલિક કહી શકાય તેવો છે. આમાંનાં કેટલાંક ઉપમાનોનું સૌંદર્ય નોંધપાત્ર છે. લક્ષ્મીના કેશ-કલાપની સૌરભતા, ગાઢતા અને મયૂર-પિચ્છની મનોહારિતાની અભિવ્યંજના માટે કવિએ કેશકલાપને ઉપમા અને શ્લેષની સહાયથી મહાભારતના અર્જુનની જેમ આચરણ કરતો બતાવ્યો છે.[૧૮૨] અલકાવલિમાં અલકાપુરીનું દર્શન કવિની વ્યુત્પન્ન મતિનું દર્શન કરાવે છે : 'શ્રેષ્ઠ પુષ્પોથી સુંદર (શ્રેષ્ઠ પુષ્પક વિમાન અંતે છે તેવી) પ્રબળ સંપત્તિ-પ્રદાનથી પ્રસિદ્ધ (બલિષ્ઠ કુબેર-યુક્ત), નવીન કૃષ્ણ-કાન્તિથી ઉજ્જવળ (નવ્યનીલ નામક નિધિની કાન્તિથી યુક્ત) અને મુકુંદથી લાલિત શોભાયુક્ત (મુકુન્દ નામક નિધિથી યુક્ત) એવી લક્ષ્મીની કેશ-કલાપ-આકૃતિ (અલકાપુરીની જેમ) શોભે છે.[૧૮૩] શ્લેષજન્ય ચમત્કારપૂર્ણ અર્થ સાથે નવીન ઉપમાનના સંયોજનમાં આમ કવિ નિપુણ છે. કર્ણ (કાન)ના સુવર્ણ-કુંડળમાં યાજ્ઞિક વેંકટાધ્વરી યજ્ઞનું રૂપ નિહાળે છે, એ એમની વૈષ્ણવી વૃત્તિને અનુરૂપ છે. : 'કામદેવ રૂપી યજમાનથી વીંટળાયેલ ભ્રમર રૂપી અધ્વર્યું ઝંકારરૂપ મંત્ર ભણતો ભણતો, દેદીપ્યમાન

સુવર્ણ-કુંડળ રૂપી પ્રજ્વલિત રત્નરૂપી અગ્નિથી પરિપૂર્ણ અગ્નિકુંડમાં ભગવાન હરિની ધૈર્યરૂપી આહુતિ આપીને પ્રદક્ષિણાવિધિ આચરી રહ્યો છે.'[૧૮૪] કાલ્પનિક ઉપમાનો દ્વારા કવિએ આલેખેલ યજ્ઞ-રૂપક કવિની અપ્રતીમ ભવ્ય કલ્પનાશક્તિ અને સ્વતંત્ર ઉન્મુક્ત પ્રતિભાને વ્યંજિત કરે છે. રત્નખચિત સુવર્ણ-કુંડળ ભગવાનના ધૈર્યનાં ભંજક છે - આટલો જ અર્થ નિષ્પન્ન કરવા પણ કવિ જે ઉપક્રમ રચે છે, તે તેમની મૌલિકતાનું દર્શન કરાવે છે. નવીન ઉપમાનોને સંયોજિત કરી જીવંત શબ્દચિત્ર ઉપસ્થિત કરવામાં કવિ સિદ્ધહસ્ત છે, એની પ્રતીતિ આવાં પદ કરાવે છે. સુવર્ણ-કર્ણભૂષણને કવિ મુનિ અને સરોવરનાં રૂપકો આપે છે.[૧૮૫] કર્ણાલંકારમાં મુનિ અને સરોવરનું વર્ણન આલેખવા તે શ્લેષનો આશ્રય લે છે. વળી 'હાસ્યકાન્તિરૂપી શુભ્ર વસ્ત્ર ધારણ કરતી, નિશ્વાસ-સમીરરૂપ નટ દ્વારા નચાવતી નાસિકા-મણિરૂપી ગણિકા મધુસૂદનમાં ઉલ્લાસ ઉત્પન્ન કરે છે.[૧૮૬] નાસિકાના મણિમાં ગણિકાનું સૌંદર્ય નિહાળતી કવિની સૌંદર્યચેતના કેટલી પ્રદીપ્ત છે અને એમની કલ્પના-શક્તિ ઉપમાન-ઉપમેયના તાદાત્મ્ય દ્વારા કેવાં મનોહર તાદૃશ શબ્દ-ચિત્રો આલેખે છે. એની પ્રતીતિ આવાં પદ કરાવે છે. લક્ષ્મીની રોમાવલી તો ઘટ-યંત્ર છે. તેને કામદેવે નાભિરૂપી વાવની સમીપ યૌવનરૂપી ઉદ્યાનના વિકાસ માટે સ્થાપ્યું છે અને તેના મૂળમાં પાદ-સ્થાપન માટે ત્રિવલી રૂપી ત્રણ સોપાન મૂક્યાં છે.[૧૮૭] રોમાવલિમાં જળ-ચક્ર (ઘટ-યંત્ર)ની કલ્પના નવીન છે.' રમણીય રણકાર-શબ્દો દ્વારા રતિતંત્ર-રહસ્યને પ્રગટ કરતી કટિ-પ્રદેશની કાંચી (મેખલા) તો રશના નથી, પણ કામદેવની 'રસના' (જિહ્વા) છે. 'સકારને સ્થાને 'શ' કાર મૂકવો એ લેખકનો પ્રમાદ છે.'[૧૮૮] આવું કહેતા કવિની શબ્દ-ક્રીડા નવીન ઉપમાન રચી કાઢવામાં કેટલી સાર્થક છે, તેની પ્રતીતિ અહીં થાય છે. કાંચીની કામોદ્દીપક્તા વ્યંજિત કરવા કામદેવની જિહ્વાનું ઉપમાન ખરે જ અનુપમ છે.

**ઉપમેય-ઉપમાન અને કલ્પનાના સંયોગથી રૂપ-ચિત્રોનું સર્જન :**

ઉપમાનો દ્વારા મૂર્ત સૌંદર્યનું સર્જન થાય છે. વેંકટાધ્વરીનું શબ્દચિત્ર વ્યાપક રુચિને અનુકૂળ હોય છે. ઉપમેય અને ઉપમાન ઉભયના સામ્યના તાદાત્મ્યમાંથી શબ્દ-ચિત્રોની સૃષ્ટિ થાય છે. વેંકટાધ્વરી વર્ણ-સૌંદર્યના પારખુ છે. વર્ણોના સમન્વયમાં કવિને નિરાળા રૂપનું દર્શન થાય છે. લક્ષ્મીના મુખની નિર્મળતા, તેજસ્વિતા અને ઋજુતા તેમજ મુખ-તિલકની રમણીયતાની અભિવ્યંજના માટે વર્ણ-સૌંદર્યની ચેતનાથી કવિ મનોહર ચિત્ર ઉપસ્થિત કરે છે : 'સ્વચ્છ સરોવરમાં જેમ વિકસિત નીલકમળ, ચંદ્રમાં જેમ કલંક અને કમળમાં જેમ ભ્રમર એમ દેવીના મુખ પર કાન્તિયુક્ત કસ્તુરિકા-તિલક શોભે છે.'[૧૮૯] 'નલચમ્પૂ'ના કર્તા ત્રિવિક્રમ ભટ્ટ દમયન્તીના લાવણ્યને સુવર્ણ-શિલા સમાન કમનીય કપોલસ્થળ પર નૃત્ય કરતું બતાવે છે.[૧૯૦] તો કવિ વેંકટાધ્વરી લક્ષ્મીના દેહમાં નૃત્ય કરતા કામદેવનું સાકાર જીવંત ચિત્ર સર્જે છે : 'નાટ્યોપજીવી કામદેવ લક્ષ્મીના નાસિકારૂપ વર્ણ-સ્તંભને ભ્રૂકુટિરૂપી સૂત્રોથી ઊંચે બાંધીને, તેના ઉપર ઊભા રહી, વિચિત્ર ક્રીડા કરતો તાંડવ-નૃત્ય ખેલે છે.'[૧૯૧] કવિ-કલ્પનાની સજીવતા અને ચિત્રોપમતા અહીં સાકાર થાય છે. ઉપમેય-ઉપમાનના સાદૃશ્યનું પ્રતિપાદન તો પ્રત્યેક કવિમાં દૃષ્ટિગોચર થાય, પણ એ સાદૃશ્યમાંથી રૂપાકૃતિની સર્જના વેંકટાધ્વરીની સૌંદર્યભાવનાની વિશેષતા છે. નાસિકાના મોતીને મલ્લિકા-મુકુલનું ઉપમાન આપવું, એ આમ તો રૂઢિગત છે, કિન્તુ એ મુકુલને તાદૃશ બતાવવામાં અને સિદ્ધ કરવામાં કવિની કુશળતા છે. વેંકટાધ્વરીની વિધાયક કલ્પના પ્રાકૃતિક દૃશ્યની સજીવતા અને મનોહારિતાની અનુભૂતિ લક્ષ્મી-

અંગમાં કરાવે છે. સુરભિત ઉચ્છવાસરૂપ મંદ-અનિલના કારણે કવિ નાસિકાના મોતીને મલ્લિકા-મુકુલ માને છે. તેથી જ તેના પર તે મુકુલના ખીલવાની પ્રતીક્ષા કરતાં બે દગરૂપી ભ્રમર નિરંતર સાવધાન દેખાય છે.[૧૯૨] રૂપસૌંદર્યની ભવ્યતા, ઋજુતા કે સુષમાની માદક અનુભૂતિ કવિ સૌંદર્ય-ચિત્રો દ્વારા ભાવકને કરાવે છે.

કવિ યાજ્ઞિક છે, તેથી અંગ-વર્ણનના સૌંદર્યમાં યજ્ઞનું સૌંદર્ય કે રૂપ નિહાળે છે અને યજ્ઞનું દશ્ય સાકાર કરે છે. 'રતિ-યજ્ઞમાં યૌવન તો ઋત્વિક (અધ્વર્યુ) છે; તે નાભિ-ગર્તથી યુક્ત ઉદર-વેદિકામાં રોમલતારૂપ યૂપ (પશુનો બંધન-સ્તંભ) રોપે છે. તે યૂપ કુચ-યુગલ સાથે જોડાયેલો હોઈ તેને હું ચષાલ (યૂપનાં વલયાકાર કાષ્ઠવિશેષ) માનું છું.'[૧૯૩] જોકે યૂપ અને ચષાલ સૌંદર્ય-વર્ણનનાં હૃદ્ય ઉપમાન ગણી શકાય તેમ નથી. કેમકે સૌંદર્યની કોમળતા આવાં કઠોર ઉપમાનોથી નષ્ટ થઈ જાય છે. સાંસારિક ક્ષેત્રમાંથી કવિ દ્વારા ગૃહીત આવાં ઉપમાનોમાં પ્રાકૃતિક તત્ત્વોની સુષમા વ્યંજિત થઈ શકી નથી, એ નોંધવું જોઈએ. એ જ રીતે રોમાવલિ માટે લોહ-શલાકાનું ઉપમાન પણ સૌંદર્ય-રુચિને વિઘાતક છે.[૧૯૪] પ્રસિદ્ધ ઉપમાન દ્વારા મોહક શબ્દ-ચિત્ર આલેખવામાં કવિની સૌંદર્યાત્મક દષ્ટિનો પરિચય થાય છે - 'ઉત્તુંગ સ્તનના અગ્રભાગે વિરાજમાન નવ્ય હારનાં મોતી સુમેરુ-પર્વતની આજુ-બાજુ ફરતાં નક્ષત્રોની જેમ શોભે છે.'[૧૯૫] પરંપરાગત વર્ણન દ્વારા પણ કવિ સૌંદર્યચિત્ર સર્જે છેઃ 'વિકસિત જપા-કુસુમ સદશ જિહવાની કાન્તિથી રક્તરંગી કિરણોવાળા દંત પર, પરિપક્વ દાડિમફળની ભ્રાન્તિથી ત્યાં ઊડવાને ઈચ્છુક ક્રીડા - શુકને દૂર કરવાના પ્રયાસથી શ્રશ્રિત થયેલો લક્ષ્મી હસ્ત અધિક રક્તવર્ણો બને છે.'[૧૯૬] આમાં પ્રયુક્ત ઉપમાનો સૌંદર્ય-વ્યંજક બને છે અને લક્ષ્મીની લાવણ્ય-મૂર્તિ ઉપસ્થિત કરે છે. વળી કાંચી (મેખલા)ને કાંચી (નગરી)નું ઉપમાન આપી કવિ ઉપમેય અને ઉપમાન બન્નેના સમાન ગુણધર્મોનું આલેખન કરે છે, એટલું જ નહિ, એ બંને વચ્ચે ગુણ, રૂપ, ક્રિયા અને વર્ણનું સામ્ય પણ શ્લેષ-કુશળતાથી અભિવ્યક્ત થયું છે.[૧૯૬અ] વેંકટાધ્વરીનાં ઉપમાનો રૂપ, ગુણ, ક્રિયા અને વર્ણ ઈત્યાદિ સર્વ પ્રકારનાં સામ્ય પર આધારિત હોય છે. તેથી એ ઉપમાનોનું ઉપમેયો સાથેનું સંપૂર્ણ તાદાત્મ્ય સધાય છે. આવાં ઉપમાનો જ સાર્થક ગણાય.

ભક્તકવિ આરાધ્યની ભક્તિનિષ્ઠામાં તલ્લીન બની અપૂર્વ કલ્પનાઓનું સર્જન કરે છે. તેની કલ્પનાઓમાં સમગ્ર ચરાચર વિશ્વ અવતીર્ણ થાય છે. પ્રાયઃ શૃંગારપરક અને ભક્તિપરક કાવ્યોમાં નાયિકા તેમજ દેવીના લાવણ્યનું અતિશયોક્તિપૂર્ણ વર્ણન કરવાના મોહનું સંવરણ કવિઓ કરી શકતા નથી. પરિણામે આવી અત્યુક્તિઓના સૌંદર્યનિરૂપણમાં ક્વચિત્ અસ્વાભાવિકતાનો દોષ આવતો હોય છે. ક્લિષ્ટ કલ્પના પણ સૌંદર્યની સુકુમારતાને હણવામાં મોટો ભાગ ભજવે છે. વેંકટાધ્વરીમાં પણ કેટલેક સ્થળે આ દોષ આવ્યો છે. તેથી ક્વચિત્ કાલિદાસની હૃદ્યતા-હૃદયસ્પર્શિતાનો અભાવ વર્તાય છે. શ્લેષના ભારથી પણ ક્યાંક આ સૌંદર્ય નિસ્તેજ બને છે, મનોહારિતા ગુમાવતું હોય એમ પ્રતીત થાય છે. તેમ છતાં માત્ર વસ્તુની નહિ, પણ સંવેદનાની અભિવ્યંજના થવાથી એ દોષ હલકો બનતો હોય એમ લાગે છે. સાદશ્ય-મૂલક અલંકારો દ્વારા જો સંવેદનાની વ્યંજના ન થાય, તો પાઠક માત્ર સ્થૂળ-સૌંદર્યમાં જ અટવાઈ જાય છે. પરિણામે તે સૌંદર્યની દિવ્યતા કે મનોહારિતાની અનુભૂતિ કરી શકતો નથી, કિન્તુ વેંકટાધ્વરી સ્થૂળ-બાહ્યદેહના નિરૂપણમાં સદૈવ દેવી સૌંદર્યની કુશળતાપૂર્વક અનુભૂતિ કરાવે છે. તેથી એ દેવી સૌંદર્યના સ્પર્શથી બાહ્ય-રૂપવર્ણન ઉચ્ચતર ભૂમિકાએ પહોંચે છે. કવિએ અનેક પદોમાં અનુભૂતિની તીવ્રતા સૂચવવા જ અતિશયોક્તિપૂર્ણ વિધાનોનો આશ્રય લીધો છે.

## સૌંદર્ય -નિરૂપણમાં કવિના ઉદ્દેશ્યની સિદ્ધિ :

સૌંદર્ય-નિરૂપણમાં કવિ વેંકટાધ્વરીની દૃષ્ટિ નિર્મળ-પવિત્ર છે. સૌંદર્યનો આખરી ઉદ્દેશ્ય પણ પવિત્રતાનો છે. પવિત્ર તથા દિવ્ય પ્રકાશથી યુક્ત આત્મા પોતાના નિવાસ માટે શરીરને પણ પોતાના જેટલું જ પવિત્ર અને દિવ્ય-પ્રકાશથી યુક્ત કરી દે છે. કાલિદાસના મતે પણ સૌંદર્ય અને પવિત્રતા સદૈવ સાથે રહે છે. શારીરિક સૌંદર્ય તથા ધર્મમાં સંબંધ છે. સૌંદર્ય હંમેશ પવિત્ર હોય છે.[૧૯૭] વેંકટાધ્વરીની સૌંદર્ય-ભાવના એક આદર્શ વૈષ્ણવ-ભક્તની ભાવના છે. પરિણામે લક્ષ્મી-અંગ-વર્ણનમાં પણ તે પવિત્રતા સર્વત્ર વ્યંજિત થઈ છે. ઉપમેય અને ઉપમાનના સંબંધ દ્વારા કવિ પવિત્ર-સૌંદર્યમાં જાણે અવગાહન કરે છે. અલકાવલિમાં કવિ ગંગા, સરસ્વતી અને યમુના જેવી પવિત્ર નદીઓનું દર્શન કરે છે.[૧૯૮] કેશકલાપ રામથી સુશોભિત આમલક-વૃક્ષની જેમ શોભે છે,[૧૯૯] કેશપાશની ચૌતરફ ભમતા અને કેશકલાપનું રૂપ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા ભ્રમર ઝંકાર દ્વારા જાણે સ્તુતિ કરી પ્રદક્ષિણાની રીત આચરે છે.[૨૦૦] તાટંક-રૂપી તળાવમાં કવિ સ્નાન કરે છે-પવિત્ર થાય છે,[૨૦૧] તાટંક-અલંકાર તો મુક્તપુરુષ મુનિની જેમ શોભે છે,[૨૦૨] રોમાવલિ રૂપી કાલિંદી મને પવિત્ર કરે,[૨૦૩] રોમરાજિ તો નાભિરૂપ સરોવરમાં સ્નાન કરીને સમાધિને પામેલ કામરૂપી બ્રહ્મચારીનો પલાશદંડ છે.[૨૦૪] ઈત્યાદિ વિધાનો કવિની સૌંદર્ય-ભાવનામાં પવિત્રતાનું દર્શન કરાવે છે. શૃંગારના સ્પર્શવાળું સૌંદર્ય-નિરૂપણ પણ તેથી જ પવિત્રતા અને નિર્મળતાની અનુભૂતિ કરાવે છે.

સૌંદર્ય-નિરૂપણ માટે કવિ વેંકટાધ્વરીએ ઉપમાનો પણ એવાં ગ્રહણ કર્યાં છે, જેનાથી વૈષ્ણવી ભક્તિ અને વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ-દર્શનના સિદ્ધાંતોના નિરૂપણનું કવિનું મુખ્ય ધ્યેય પણ સિદ્ધ થયું છે. ‘અવતારવાદી ભક્ત પોતાના ઉપાસ્ય દેવની કાષ્ઠ કે પ્રસ્તર-મૂર્તિનો શૃંગાર કરીને માત્ર ભૌતિક સૌંદર્યાભિરુચિ નહિ, પણ તેના આધારે ઉદ્‌ભાવિત ઉપાસ્ય પરબ્રહ્મના ભાવનાત્મક લલિતરૂપની ઉદ્‌ભાવના કરે છે. અવતાર-સૌંદર્ય સસીમમાં અસીમનું દર્શન છે. પરમસૌંદર્ય જો પરમસત્તાની અભિવ્યક્તિ છે, તો અવતાર તે અનંત, અવ્યય અને અસીમનું સસીમરૂપ છે, આથી આદર્શ સૌંદર્યની વિશેષતા છે - અસીમ અને અનંતનું સસીમમાં દર્શન.’[૨૦૫] કવિ વેંકટાધ્વરીમાં આ વિચાર ચરિતાર્થ થયો છે. ઉપાસ્યની પ્રસ્તર પ્રતિમાના માધ્યમથી તેના રૂપવર્ણન દ્વારા કવિ પરબ્રહ્મના સૌંદર્યની દિવ્યતાને પ્રકાશિત કરે છે, લક્ષ્મી અને વિષ્ણુનું વિભુત્વ બતાવે છે તેમજ તેમનો પવિત્ર દાંપત્ય-સંબંધ સ્થાપિત કરે છે. કેશકલાપમાં અલકાપુરી-મોક્ષનગરીનું દર્શન : ૮/૮, કેશકલાપમાં અર્જુન-વૃત્તિ : ૮/૬, ઝંકાર સ્વરૂપે સ્તુતિ દ્વારા ભ્રમરની દેવી-પ્રદક્ષિણા : ૮/૧૬, શ્રી હરિના નાભિકમળનો ત્યાગ કરતા ભ્રમરના મદ્યપાન કરનાર દુષ્ટ જીવાત્માનું દર્શન : ૮/૧૭, હરિનું સૂર્ય-ચંદ્રાત્મક નયનયુક્ત શોભાસંપન્ન મુખ : ૮/૨૩, શરણાગતિનો સિદ્ધાંત : ૮/૪૦, શ્રુતિ-ઉપનિષદોમાં પ્રકાશતું તત્ત્વજ્ઞાન : ૮/૫૪, તાટંક-અલંકારમાં મુક્તપુરુષ મૂર્તિનું દર્શન : ૮/૫૯, સંસાર-વિનાશક અને મોક્ષપ્રદાયક દેવીની વાણી : ૮/૮૦, મુક્તપુરુષોનાં લક્ષણો : ૮/૮૮, મોક્ષદાતા પરમાત્માનું દેવી પર અવલંબન : ૮/૯૮, લક્ષ્મીની જગત પાલકતા : ૮/૧૦૮, ચરઅચરના અધિપતિ ભગવાન : ૮/૧૧૨, સર્વલોકને આકાન્ત કરનાર જનાર્દન : ૮/૧૪૩, દેવીનાં અંગોની શરણાગતિ : ૮/૧૪૪, વિષ્ણુના નખસ્વરૂપે દશ અવતાર : ૮/૧૪૯, ત્રણે જગતના હેતુ રૂપ લક્ષ્મી : ૮/૧૬૮, માધ્યમિકોનો તિરસ્કાર : ૮/૧૭૮, કાંચી (કટિ મેખલા)ના વર્ણનમાં દેવી લક્ષ્મીની ભૂમિ કાંચીપુરીનું દર્શન : ૮/૧૮૦, કાંચીપુરી તે મુક્તિક્ષેત્ર અને યોગીઓને મુક્તિ આપનાર ભગવાન વિષ્ણુ : ૮/૧૮૧, ભગવાનના કટાક્ષ-પાત વિના સંસારના બંધનમાંથી મુક્તિ અશક્ય : ૮/૧૮૯, ઈત્યાદિ વિષયોના

નિરૂપણ દ્વારા કવિ સૌંદર્ય-વર્ણનમાં પણ ભક્ત અને ભગવાનનો સંબંધ, શરણાગતિની મહત્તા, ઈશ્વરનું સ્વરૂપ, લક્ષ્મી અને વિષ્ણુનો સંબંધ, લક્ષ્મીનું વિભુત્વ ઈત્યાદિનું આલેખન કરે છે, એ સાચું જ છે કે કવિ કે કલાકાર સૌંદર્યાભિવ્યક્તિ દ્વારા પરમતત્વની અનુભૂતિ કરાવે છે. ક્રોચેએ પણ કહ્યું છે કે અરૂપને રૂપ આપીને વ્યક્ત કરનાર ભક્ત પણ મહાન કવિ કે કલાકાર છે. વેંકટાધ્વરીનું સૌંદર્ય-દર્શન કવિને મહાન કવિ બનાવવા પર્યાપ્ત છે.

નિષ્કર્ષ રૂપે કહી શકાય કે સૌંદર્યના ઊર્ધ્વીકરણ-સ્વરૂપે 'લક્ષ્મીસહસ્ર'માં લક્ષ્મીના પ્રેમ અને સૌંદર્યનું પ્રગટીકરણ થયું છે. કવિ લક્ષ્મીના દૈવી સૌંદર્યમાં મગ્ન બને છે, અવગાહન કરે છે. લક્ષ્મીના નિરૂપમ સૌંદર્યમાં તે આત્મવિસ્મૃત થઈ ચિત્તની ઉચ્ચતમ-ભૂમિકામાં રાચે છે. આવી ભાવુક અનુભૂતિ સ્તોત્ર-કાવ્યની મધુરિમામાં પરિણમે છે અને કવિની પવિત્ર સૌંદર્ય-સંવેદનાને અભિવ્યક્ત કરે છે.

**ઉપમેય-ઉપમાનના સંબંધમાંથી વ્યાવહારિક સત્યોનું પ્રતિપાદન :**

વેંકટાધ્વરી રૂપ-સૌંદર્યના આલેખન માટે ગૃહીત ઉપમાનો અને ઉપમેયના સંબંધ દ્વારા મનોહર સૂક્તિઓ કે નીતિ-વચન રજૂ કરે છે અથવા તો ધર્મશાસ્ત્રોનાં વચનો, લોકોક્તિઓ કે લોકન્યાયનાં પ્રમાણો દ્વારા વર્ણ્ય અંગના સૌંદર્યની ઉદ્‌ભાવના કરે છે. કવિની આ સિદ્ધિ પ્રશંસાપાત્ર છે. એમાં પાંડિત્ય-પ્રદર્શનની કવિ-વૃત્તિનું પણ દર્શન થાય છે. આવાં કેટલાંક ઉદાહરણો નોંધપાત્ર છે.

સબળ નેત્ર દ્વંદ્વની શોભા હરનાર કુલવયને આશ્રય આપવાથી કાનની પોતાની સીમા પણ નેત્રો દ્વારા આક્રાન્ત થઈ ગઈ. આ જોઈ કવિ કહે છે કે સમર્થ ઉપર દીનજનોએ કરેલો અપરાધ અન્ય અપરાધો પર ફળે છે, એમ શત્રુઓના પક્ષપાતી પણ દુ:ખી જ બને છે.[૨૦૬] કવિનું વ્યવહાર-દર્શન આવી ઉક્તિઓમાં વ્યક્ત થયું છે. મોટી માછલી નાની માછલીને ખાય-એ જાતિસ્વભાવ કવિ લક્ષ્મી-નયનની વિશાળતાના સંદર્ભમાં વ્યક્ત કરે છે.[૨૦૭] સ્વયં આપવાની વસ્તુ ન આપનારનું મર્દન માર્દવ માટે હોય છે. એ લોક-પ્રમાણ દ્વારા કવિ કહે છે કે લક્ષ્મીની વાણીનો રસ ચોરીને જઠર-મધ્યે ધારણ કરનાર શેરડીનો દંડ દારુયંત્રમાં પીડાઈને તે (રસ) મહાપરાણે આપે છે.[૨૦૮] લોકમાં અવિભક્ત ભાઈઓને આપવાનો ભાગ ભેગો જ આપવામાં આવે છે, એ ન્યાયના આધારે બે સ્તનો માટે રહેલ એક જ હારનું સૌંદર્ય કવિ વર્ણવે છે.[૨૦૯] સેંકડો અંધ એકત્રિત થાય તો પણ વિષયદર્શન માટે સમર્થ નથી, એ ન્યાયના આધારે કવિ કહે છે કે સેંકડો મૃદંગ કે સહસ્ર - બાણ પણ લક્ષ્મી-જંધાની ઉપમાનતા પ્રાપ્ત કરી શકે તેમ નથી.[૨૧૦] ગુણવાનનો આશ્રય ગુણપ્રાપ્તિ માટે સમર્થ છે - એ સત્ય કવિ એવા નિરૂપણ દ્વારા તારવે છે કે સુગંધિત લક્ષ્મી-કેશકલાપમાં હરિનું મન બંધાય છે, તેથી તે હરિનું મન પણ અનંત આમોદ (આનંદ-સુગંધ) પ્રાપ્ત કરે છે.[૨૧૧] નિષ્પાપોમાં પાપનું આરોપણ કરનારને સ્વયં પાપ લાગે છે, એ ધર્મશાસ્ત્રના વચન અનુસાર કવિ વિચારે છે કે લક્ષ્મી-મુખનું પ્રતિબિંબ ધારણ કરનાર દર્પણમાં મૂર્ખજનો મુખની કાન્તિનું ચૌર્ય આરોપી તેને હાથથી લૂછે છે, કિન્તુ તેમના હાથમાં જ તે મલિનતા લાગે છે.[૨૧૨] જગતમાં સર્વ લોકો કુટિલ (વક્ર) વ્યક્તિના અભિપ્રાયનું અનુસરણ કરે છે એ સત્ય કવિ લક્ષ્મી-ભ્રમરની વક્રતા અને હરિના વશીકરણના સંબંધ દ્વારા પ્રતિપાદિત કરે છે.[૨૧૩] પંડિતો કે સ્ત્રીઓ દ્વારા ત્યજાયેલ વ્યક્તિ સર્વત્ર પીડા પામે છે.

એ વિચારની અભિવ્યક્તિ માટે કવિ કહે છે કે અંગનાઓના હસ્તપ્રહારને સહન કરવા અસમર્થ કંદુક સ્તન રૂપે અવતીર્ણ થયો, છતાં ત્યાં પણ તે કૃષ્ણના હાથનું મર્દન તેને સહન કરવું પડે છે.[૨૧૪] અપાત્રને દાન આપવાથી

અર્થ સિદ્ધ થતો નથી - એ ઉક્તિના સમર્થન માટે કવિ કહે છે કે મદોન્મત્ત ગજરાજોએ લક્ષ્મીની જયલક્ષ્મી હસ્તગત કરવાની આશાએ ભ્રમરને (મદ્યપાન કરનારને) દાન (મદરસ)નું વિતરણ કર્યું, પણ તેમને અભીષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થઈ નહિ.[૨૧૫] સજ્જનોનું ધન હરનારનો જય ક્યાંથી હોય? એ સનાતન-સત્યના પ્રતિપાદન માટે કવિ કહે છે કે લક્ષ્મીના ચરણ-દ્વય બાળસૂર્યનાં સહસ્રર-કિરણોને જીતી લે છે, કેમકે અધિક હોવા છતાં, સજ્જનોનું ધન હરનાર (નક્ષત્ર કિરણો દૂર કરનાર) તથા ભૂમંડળને પીડનારા (કુવલયોને પીડાદાયક)નો જય ક્યાંથી હોય?[૨૧૬] ઉક્તિઓના નિર્ધારણમાં કવિની હૃદયસ્પર્શી સૌંદર્ય-ચેતના અને શ્લેષ-કુશળતાનો સમન્વય દૃષ્ટિગોચર થાય છે.

### રૂપવર્ણનમાં શાસ્ત્ર-જ્ઞાનની સહાય :

રૂપ-વર્ણનમાં કવિનું શાસ્ત્ર-જ્ઞાન પણ સહાયક બને છે. ન્યાયશાસ્ત્રનાં પ્રત્યક્ષ અને શ્રુતિ પ્રમાણો દ્વારા કવિ ભગવતીનાં નેત્રોની વિશાળતાનું પ્રતિપાદન કરે છે.[૨૧૭] કર્ણપક્ષપાતી દુર્યોધનનો વાસુદેવની સાથે સંબંધ અશક્ય છે, એ મહાભારતીય પાત્ર-સંબંધ દ્વારા કવિ લક્ષ્મીના કટાક્ષરૂપી દુર્યોધનને કર્ણપ્રણયી (શ્રવણાન્તલગ્ન, કર્ણને સ્નેહ કરનાર) બતાવે છે, પછી તેનો કૃષ્ણાર્જુન-દીપ્તિયોગ (કૃષ્ણ-શુક્લ-ક્રાન્તિ-સંબંધ, વાસુદેવના તેજ સાથે સંબંધ) કેવી રીતે થાય?[૨૧૮] હિરણ્યકશિપુના દેહ પર નૃસિહે નખ-ક્ષત કર્યા હતા, એ પ્રસિદ્ધ ઘટનાઓ આધાર લઈ કવિ સ્તનમાં હિરણ્યકશિપુની ભવ્ય મૌલિક કલ્પના કરી, તેના પર હરિ દ્વારા નખ-ક્ષત કરાવે છે.[૨૧૯] લક્ષ્મીના પ્રશસ્ત હસ્ત પર વિરાજમાન નખરૂપી ચંદ્ર વિચિત્ર છે, કેમકે વૃદ્ધિ-હ્રાસ-રહિત તે કોઈનું સામ્ય પ્રાપ્ત કરતો નથી. આ નિરૂપણમાં કવિ શ્લેષના માધ્યમથી જ્યોતિષ ખગોળશાસ્ત્રનું પોતાનું જ્ઞાન વ્યક્ત કરે છે કે કન્યારાશિ-યુક્ત પ્રશસ્ત હસ્તનક્ષત્રે શોભતો ચંદ્ર ચિત્રાનક્ષત્ર રહિત છે, આથી તે તુલા-રાશિ પ્રાપ્ત કરતો નથી.[૨૨૦] કાંચી (કટિમેખલા) વર્ણનમાં કવિ પોતાનું વ્યાકરણ-જ્ઞાન પ્રગટ કરે છે. દ્રવ્યગુણકના કારણભૂત અણુને તાર્કિકો અખિલ-વિશ્વના આધારરૂપ લેખે છે. એ સિદ્ધાન્ત દ્વારા કવિ લક્ષ્મીકટિની સૂક્ષ્મતા વ્યંજિત કરવા કહે છે કે અણુરૂપ કટિ જેમ મહાન સ્તનગિરિ ધારણ કરે છે, તેમ વસ્ત્ર પણ તેવી કાંચી (મેખલા) ધારણ કરે છે. બૌદ્ધોના માધ્યમિક-સિદ્ધાન્તના આશ્રયથી કટિની શૂન્યરૂપતાનું આલેખન કરવા કવિ વિચારે છે કે લક્ષ્મીનો મધ્યભાગ (કટિ) કાંચી (મેખલા)ને કારણે પ્રસિદ્ધ તેમજ કર્ણપ્રિય ગુંજનથી અતિ-ભંગુર થઈ જવા છતાં તે શૂન્યરૂપતા છોડતો નથી. બૌદ્ધોનો માધ્યમિક-સિદ્ધાંત પણ અત્યંત પૂજનીય તેમજ વૈદિક અર્થસભર-શબ્દોની પંક્તિથી પરાજિત થવા છતાં તે શૂન્યવાદ છોડતો નથી.[૨૨૩] પાંડિત્ય-પ્રદર્શનની યુગ-વૃત્તિ કવિમાં પણ દેખાય તે સ્વાભાવિક છે.

### રૂપસૌંદર્યની સાર્વભૌમિકતા :

ત્રિભુવન-સુંદર પદાર્થ કે ઉપાસ્યની પ્રતિમા સ્થૂળ-ચક્ષુ કે મનઃચક્ષુ સમક્ષ ઉપસ્થિત થતાં જ કવિ, કલાકાર કે ભક્ત આત્મવિસ્મૃત થઈ ભાવ-લોકમાં વિહરે છે. આ તદાકાર-પરિણતિ સૌંદર્યની દીપ્ત અનુભૂતિ જગવે છે, અને એની અભિવ્યક્તિમાંથી સર્જાય છે. રૂપ-સૌંદર્યની સાર્વભૌમિકતા. 'નખશિખવર્ણન' આપતા કવિઓ સૌંદર્યની ચરમસીમાને સ્પર્શે છે, એ ઉત્કૃષ્ટ સૌંદર્યની અભિવ્યંજના માટે સુંદરતમ ઉપમાનોનો ભવ્ય પ્રયોગ કરે છે. સાહિત્યિક - પરંપરાનાં રૂઢિગત કે મૌલિક ઉપમાન-માનદંડોના માધ્યમથી કવિ પોતાની કવિત્વ-શક્તિના પ્રતાપે ભાવકના અંતઃકરણને સૌંદર્યની અપરિમિત ભાવનાથી રસી દે છે. તેની સૌંદર્યસાર-ગ્રાહી દૃષ્ટિ સમગ્ર વિશ્વમાં ભમી વળે છે

અને સૃષ્ટિના વિભિન્ન પદાર્થોમાં તત્ત્વોમાં વિલસતા સૌંદર્યને એકત્રિત કરી આરાધ્ય દેવી કે વર્ણનીય નાયિકાની રૂપ-રાશિ સર્જે છે. વેંકટાધ્વરી પણ પોતાની આરાધ્ય દેવી લક્ષ્મીમાં વિશ્વ-સૌંદર્યનો સમુચ્ચય બતાવવા વિશ્વના તે તે સૌંદર્યસંપન્ન પદાર્થોને ઉપમાન તરીકે સ્થાયી પોતાના સૌંદર્યાદર્શને વ્યક્ત કરવાની અનેક પદ્ધતિઓ અજમાવે છે. તેમની દૃષ્ટિએ લક્ષ્મીનું સૌંદર્ય અપરિમેય અને દિવ્ય છે. એમાંથી સમગ્ર વિશ્વનું સૌંદર્ય જાણે નિષ્પન્ન થાય છે. લક્ષ્મી તો વિશ્વવ્યાપક છે. તેથી લક્ષ્મીનાં વિભિન્ન અંગ-ઉપાંગોમાં વિલસતા સૌંદર્યનું દર્શન કવિ સમગ્ર વિશ્વના સુંદર પદાર્થોમાં - વિષયોમાં કરે છે. વિશ્વના સઘળા સુંદર પદાર્થોમાં સાર્વભૌમ-સત્તા લક્ષ્મીનું પ્રતિબિંબ ઝળકી રહ્યું છે, એવી ભક્તિપ્રેરિત-ભાવના કવિ વેંકટાધ્વરીના સાર્વભૌમ-સૌંદર્યની જનની છે.

## નિષ્કર્ષ :

પરમાત્મા પ્રત્યે શુદ્ધ-ભક્તિ અને પ્રેમની ગહનતામાંથી વેંકટાધ્વરીનું કાવ્ય-સૌંદર્ય પ્રાદુર્ભૂત થયું છે. ભક્તિ અને દૈવીપ્રેમ - આ કાવ્ય-સર્જનનાં મુખ્ય પ્રેરક પરિબળ છે અને એ ભાવનાની અભિવ્યક્તિ એ કાવ્યનો મુખ્ય વિષય છે. સૌંદર્ય-નિરૂપણમાં પણ વેંકટાધ્વરીની આ નિર્મળ દૃષ્ટિ જ પ્રતિબિંબિત થઈ છે. લક્ષ્મી-વિષ્ણુના નિર્મળ દાંપત્ય-સંબંધ દ્વારા કવિએ શૃંગારિક રૂપવર્ણન આપ્યું હોવા છતાં સૌંદર્યના ઊર્ધ્વીકરણ રૂપે 'લક્ષ્મીસહસ્ર'માં લક્ષ્મીના પ્રેમ અને સૌંદર્યનું પ્રકાશન થયું છે. લક્ષ્મીના દેહમાં વિલસતા સૌંદર્યથી કવિનું ચિત્તતંત્ર ઝંકૃત થાય છે અને એ ઉપાસ્યના સૌંદર્યની ઝલક તે સમગ્ર વિશ્વમાં અનુભવે છે. 'સૌંદર્ય-સ્તબક'નો આરંભ કરતાં પૂર્વે કવિ અખંડસૌંદર્યનું દર્શન કરે છે. અવર્ણનીય સૌંદર્યને વર્ણવવું કવિ-મર્યાદાની બહાર છે, એવો વિનમ્ર ભાવ અનુભવી તે કહી નાખે છે કે દેવી તો સૌંદર્યની સીમા છે.[૨૨૪] એ સૌંદર્ય-સીમાની અંદર આવતા સર્વ સૌંદર્યાત્મક-પદાર્થોનું ચયન કરી, કવિ એમના માધ્યમથી લક્ષ્મીનાં અંગોપાંગોનું કેશાદિપાદાન્ત-શૈલીમાં વર્ણન કરે છે.

અર્ચા-મૂર્તિનો ભક્તકવિ પર કેટલો-પ્રભાવ પડે છે, તેનું દર્શન આ સૌંદર્ય-નિરૂપણમાં થાય છે. અવર્ણનીય સૌંદર્યનું વર્ણન કેવી રીતે થાય, તેથી વેંકટાધ્વરી સમગ્ર વિશ્વનાં સૌંદર્યસંપન્ન ઉપમાનો ગ્રહણ કરી, તેમાં કલ્પનાનો અંશ ઉમેરી, સૌંદર્યનું વિશ્લેષણ કરે છે. આ રૂપવર્ણન કવિની ભાવ-મધુરિમા અને આર્દ્રતાને વ્યંજિત કરે છે અને સાથે સાથે કવિની વર્ણનાત્મક કળામાં રહેલ સૌંદર્યાત્મક-ગુણોનું નિદર્શન કરાવે છે.

વેંકટાધ્વરીએ ઉપમાનો દ્વારા મૂર્ત સૌંદર્યનું નિર્માણ કર્યું છે. સૌંદર્ય-વર્ણનમાં ઉપમા, રૂપક, શ્લેષ, અતિશયોક્તિ ઈત્યાદિ અલંકારો તેમજ શાસ્ત્રજ્ઞાનનો પ્રયોગ પ્રચુર માત્રામાં થયો છે. ઉત્કૃષ્ટ કોટિના અપ્રસ્તુત-વિધાન દ્વારા કાવ્ય-સૌંદર્યમાં ઓજસ્વિતા જન્માવી છે. રૂઢિગત ઉપમાનો, રૂઢિગત ઉપમાનોનો તિરસ્કાર તેમજ કેટલાંક મૌલિક-ઉપમાનોના માધ્યમથી દૈવીસૌંદર્યને કાવ્ય-દેહ આપવા કવિએ સાહિત્યિક પ્રયાસ કર્યો છે. શ્લેષની દૂરુહતા અને કલ્પનાની ક્લિષ્ટતાને કારણે ક્વચિત્ સૌંદર્યની કોમળતા હણાતી હોય એમ પ્રતીત થાય છે. તેમ છતાં લક્ષ્મીની અપ્રતિમ રૂપ-પ્રતિમાને જીવંત રૂપમાં ચિત્રિત કરવાની કવિ-કુશળતા પ્રશંસનીય છે. કલ્પનામાં અતિશયતાનો અંશ હોવા છતાં અનુભૂતિની તીવ્રતા બતાવવા માટે એનો ઉપયોગ થયો હોઈ, તેવી ઉક્તિઓ હાસ્યાસ્પદ બનતી નથી.

રૂપ-વર્ણન દ્વારા કવિના ઉદ્દેશ્યની સિદ્ધિ થઈ છે. લક્ષ્મીના અલૌકિક સૌંદર્યની અભિવ્યક્તિ, વૈષ્ણવી ભક્તિ, વિશિષ્ટાદ્વૈતી દર્શન, લક્ષ્મી-ગુણ-મહિમા, લક્ષ્મી-વિષ્ણુ-દાંપત્ય-સંબંધ ઈત્યાદિ કવિના ઉદ્દેશ્યો સૌંદર્યવર્ણન દ્વારા સિદ્ધ થયા છે. ■

# પાદટીપ

(૧) वि.गु. શ્લોક ૧૨૧, ૧૬૧

(૨) वि.गु. શ્લોક ૧૨૨

(૩) बालशौरी–रेड्डी, तेलुगु साहित्यका इतिहास, पृ. १३३

(૪) History of classical Sanskrit Literature, P. 212-225

(૫) ડૉ. છોટુભાઈ નાયક, મધ્યયુગીન ભારત, ખંડ-૨, પૃ.૨૭૨

(૬) सम्पन्निर्मदभावयोरनधयोः साहित्यपाण्डित्ययोः
सामर्थ्यान्यजनोपकारकतयोः साम्राज्यदाक्षिण्ययोः ।
औदार्यप्रियवादयोश्च कथयन्त्याचारविज्ञानयोः
सामानाधिकरण्यमेव विबुधोत्तंसप्रशंसास्पदम् ।। वि.गु. श्लोक–५५

(૭) रमणीयः स हि पुरुषो रमणी यत्रैव रज्यति विदग्धा ।
श्लोकः स एव सुभगरिक्तं सक्तं हि यत्र रसिकस्य ।। वि.गु.श्लोक–३१७

(૮) कवित्वस्य गाम्भीर्यम् । वि.गु. श्लोक–३४४

(૯) घटिकाशतकश्रुतोच्छ्रयं धनसाहित्यमदः स्तनद्वयम् ।
कुरुते कविचक्रकौतुकं कमले कान्तगुरुप्रमोदयम् ।। ल.स. ८/१२६

(૧૦) अहो कथमाशुकविः सन्नधि भवानमुं दैवमभिन्नदति । वि.गु.गद्य ११०

(૧૧) पद्यैहृद्यतमैः स्तुवन्ति कवयः प्रायेण पृथ्वीपतिम् । वि. गु. श्लो. ५४७

(૧૨) कातर्येण कदर्यवर्यनृपतिप्रीतिप्रतीक्षोदितः ।
कष्टं कष्टमपास्तवास्तवचमत्कारो न मे रोचते ।। ल.स. १३/१९

(૧૩) गृहे गृहे पश्य कृतोग्निहोत्राः शास्त्रौषधोल्लाधहृदो विदोषाः ।
पुण्योत्तराः पण्डितपुण्डरीकाः पुनन्ति वेदैकधना जगन्ति ।। वि.गु. ४५२

(૧૪) वि.गु. श्लोक – २८३

(૧૫) वि.गु. श्लोक – ३७४

(૧૬) वि.गु. श्लोक – ३९७

(૧૭) कवीनां संदर्भस्तबकमकरन्दैर्रसिकं
कटाक्षव्याक्षेवभ्रमरकलभौ कर्णयुगलम् । सौन्दर्यलहरी–५०

(૧૮) ल.स. १/१६

(૧૯) काव्यादर्श – २७५, २७६

(૨૦) श्रृङ्गारवीरकरुणबीभत्सभयानकाद्भुता हास्यः।
रौद्रः शान्तः प्रेयानिति मन्तव्याः रसाः सर्वे ।। काव्यालंकार, १२/३

(૨૧) अभिनवभारती – भा.१, पृ.३४०

(૨૨) काव्यप्रकाश – ४–३५

(૨૩) दशरूपक – ४–८३

(૨૪) साहित्यदर्पण – परि. ३–२३५

(૨૫) રસગંગાધર, આનન-૧ પૃ. ૧૮૯-૧૯૦

(૨૬) ભાગવતપુરાણ ૧૧/૩/૩૨; ૬/૧૨/૧૨ ઈત્યાદિ

(૨૭) निगमकल्पतरोर्गलितं फलं शुकमुखादमृतद्रवसंयुक्तम् ।
पिबत भागवतं रसमालयं मुहुरहो रसिका भुवि भावुका: ।। भाग–१/३

(૨૮) નારદભક્તિસૂત્ર - ૨-૩, શાંડિલ્યભક્તિસૂત્ર - ૧/૧/૨

(૨૯) ડૉ. મણિભાઈ પ્રજાપતિ, સ્વાધ્યાયમંજૂષા, પૃ.૪૬

(૩૦) हिन्दी भक्तिरसामृतसिन्धु, पश्चिमविभाग, ५/१

(૩૧) अद्य त्वद्गुणवर्णन्तमृतरसैरानन्दितुं जृम्भते ।
चिञ्चापर्णरसावसन्नरसन: पुण्ड्रेक्षुसारैरिव ।। ल.स. १/१५

(૩૨) अन्नादोऽहमितीव गीतिनिनदै: श्रृत्यन्तसंचारिभि: ।
कृष्णाकारजुषोत्र केचिदितिशं नन्दन्ति लब्ध्वा रसम् ।। ल.स. १८/१०

(૩૩) ल.स. २२/१९

(૩૪) ल.स. १/२६

(૩૫) ल.स. ५/५, ५/१२, ५/१३, ५/५९, ४/२२, ५/७

(૩૬) मुकुन्दमाला, ११

(૩૭) बध्धेनाञ्जलिना नतेन शिरसा गात्रै: सरोमोद्गमै:
कण्ठेन स्वरगद्गदेन नमनेनोद्गीर्णबाष्पाम्बुना ।
नित्यं त्वच्चरणारविन्दयुगलध्यानामृतास्वादिना–
मस्कामं सरसीरुहाक्ष सततं संपद्यतां जीवितम् ।। मुकुन्दमाला – १९

(૩૮) हिन्दी भक्तिरसामृतसिन्धु, दक्षिण विभाग, २/१–३

(૩૮અ) निरासकस्यापि न तावदुत्सहे हातुं तव पादपंकजम् । (स्तोत्ररत्न, २३)

(૩૯) हिन्दी, भक्तिरसामृतसिन्धु, दक्षिणविभाग, ३/१०

(૪૦) हिन्दी, भक्तिरसामृतसिन्धु, दक्षिणविभाग, ४/४–५

(૪૧) જુઓ પ્રસ્તુત પ્રબંધ, 'વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં ભક્તિ'

(૪૨) हिन्दी, भक्तिरसामृतसिन्धु, प.वि. ५

(૪૪) राम स्वार्थ चौधरी, 'अभिनव', मधुररस: स्वरूप और विकास, पृ.३०२

(૪૫) कल्याणं भगवत्कथाग्रथनत: काव्यं विधातु: कवे–
स्तस्यैवाङ्तया स्वचित्चयत: श्रृङ्गारवीरादिकम् ।
को दोषो भविता ? यदत्र कविता शीलै: समाश्रीयते
पन्था व्यास – वसुन्धराश्रुतिभवग्रन्थादिषु प्रेक्षित: ।। वि.गु. श्लोक–५४५

(૪૬) प्राचेतस–व्यास–पराशरादयाः प्राञ्चः कवीन्द्रा जगदिञ्चितास्ते ।
गोष्ठी नवीनापि महाकवीनां पूज्या गुणज्ञैर्भुवनोपकर्त्री ।। वि. गु. श्लोक ५४८

(૪૭) ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ, 'लक्ष्मीसहस्र' એક અધ્યયન, પૃ. ૪૮૬

(૪૮) वि.गु. श्लोक–५४६

(૪૯) ल.स. ३/३०

(૫૦) प्रसभमुदधिकन्ये पश्यतां देवतानां परमपुरुषवक्षः पीठमाढौकथास्त्वम् ।
सह दयिततमेन स्वैरकेलौ सतीनां न खलु निजशिशूनां सन्निधिर्व्रीडहेतुः ।। ल.स. २/२०

(૫૧) વત્સાંકમિશ્ર 'અતિમાનુષસ્તવ', શ્લોક-૪૨

(૫૨) વત્સાંકમિશ્ર 'વરદરાજસ્તવ', શ્લોક ૩૬ થી ૬૦

(૫૩) પરાશરભટ્ટ 'રંગરાજસ્તવ', શ્લોક ૯૧ થી ૧૨૭

(૫૪) પરાશરભટ્ટ 'ગુણરત્નકોશ', શ્લોક ૩૬ થી ૪૯

(૫૫) श्रृंगाररससर्वस्वं शिखिपिच्छविभूषणम् । लीलाशुक, कृष्णकर्णामृत–९३
श्रृंगाररससर्वस्वं शैषशेलेश्वरस्य या । ल.स. ९/१

(૫૬) विहितस्मरसौरभेण पद्मे विविधेनाऽम्ब विलासचेष्टितेन ।
अतिविस्मयमादधासि शोररनुभूताऽपि चिरादपूर्ववत्त्वम् ।। ल.स. ९/२

(૫૭) रतितन्त्ररहस्यमम्ब शब्दै रमणीयैर्विशदं प्रकाशयन्ती ।। ल.स. ८/१७७

(૫૮) त्रैलोक्याऽम्ब त्वदवतंसोत्पलान्ते गुंजे गुंजे सञ्चरंचञ्चरीकः ।
किं व्याचष्टे कान्तसन्देशहारी कर्णाऽभ्यर्णे काममन्त्राऽर्थतत्त्वम् ।। ल.स. ८/५०

(૫૯) ડૉ. મણિભાઈ પ્રજાપતિ લ.સ. એક અધ્યયન, પૃ. ૪૮૦

(૬૦) हठात् क्रीडायुद्धे हरिसरिव भवत्याः कचभरे गृहीते कान्तेन ग्रहिलहृदयः काममदयः ।
मनोजन्मा मर्माविधमथ गलत्पुष्पकपटादवर्षदबाणौधं प्रसभमुपरिष्टान्मधुरिपोः ।। ल.स. ९/१०

(૬૧) ल.स., ८/५६

(૬૨) नैषधचरितम् – १८/६६

(૬૩) सरभसपरिरिप्सासम्भ्रमोच्छूनपीनस्तनशिथिलतबन्धा मञ्जुला कंचुकी ते ।
अतनुसमरकेलावप्रयत्नात्प्रियेण इततरमधनीता दुग्धसिन्धोस्तनुजे ।। ल.स. ९/१२

(૬૪) गीतगोविन्दम् – ११–५

(૬૫) ल.स., ९/१४

(૬૬) एकेन नीवीमपरेण शौरिः करेण ग्रहणन्नधरं प्रियायाः ।
स्तनौ च जग्राह करद्वयेन चतुर्भुजत्वं विवरीतुमिच्छन् ।। भागवतचम्पू. ३/८८

(૬૭) सन्त्यज्य सुन्दरि सुदर्शनपाञ्चजन्यावेकेन काष्ठमितरेण वरद्वयेन ।
सऽग्रहणतस्तव कूचौ च मदन्ब शौरेर्नो शङ्खचक्रधरता विरतारतेऽपि ॥ ल.स. ९/१६

(૬૮) ल.स., ८/१११

(૬૯) ल.स., ८/१००

(૭૦) ल.स., ८/१०३

(૭૧) गाथासप्तशती, ५/५५

(૭૨) गीतगोविन्द, १२/३

(૭૩) ल.स., ९/२६

(૭૪) कुमारसम्भवम्, ८/८३, गीतगोविन्दम्, ११/६ इत्यादि

(૭૫) ल.स., ९/३०

(૭૬) ल.स., ९/३१

(૭૭) कुमारसम्भवम् – ८/२५, नैषधचरितम् – १८/११५

(૭૮) कुमारसम्भवम् – ८/२६

(૭૯) ल.स., ९/३२

(૮૦) कुमारसम्भवम् – ८/२२, २३, २४ इत्यादि

(૮૧) ल.स., ९/३६

(૮૨) बालेदेहि पयोधरं करतले प्रावृट् त्वया याच्यता–
माश्लेषाभिरुचिं विधेहि न शशी तस्याऽस्मि किं तु स्वसा ।
आस्तामुत्तरमेतदीदृगधरं याचामि वाचा स्वयं
नास्त्यार्थोऽधरयाञ्जयेते चहुभिः पद्मे धिनोषि प्रियम् ।। ल.स. ९/४४

(૮૩) वल्ली तमालमिव विदयुदिवाऽम्बुवाहं माहेन्द्रनीलभवनं मणिदीपिकेन ।
इन्दोः कलेव गगनाऽऽगणमिन्दिरे त्वमाश्लिष्य शौरिमयसे महतीमभिख्याम् ।। ल.स. ९/४९

(૮૪) भक्तिरसामृतसिन्धु, उत्तरभाग–१

(૮૫) भक्तिरसामृतसिन्धु, उत्तरभाग–१

(૮૬) ल.स., ८/६९, ७०, ७३ इत्यादि

(૮૬અ) **કુલશેખર, મુકુન્દમાલા-૫**

(૮૬બ) यदण्डमण्डान्तरगोचरं च यद् दशोत्तराण्यावरणानि यानि च ।
गुणाः प्रधानं पुरुषः परं पदं परात्परं ब्रह्म च ते विभूतयः ।। स्तोत्ररत्नम्, १७

(૮૭) या चित्राणां निधिस्त्वमखिलानाम् । ल.स. २२/५७

(૮૮) ल.स., २१/२३

(૮૯) ल.स., ३/२४

(૯૦) ल.स., १६/१

(૯૧) ल.स., २१/१९

(૯૧અ) तदहं त्वदृते न नाथवान् मदृते त्वं दयनीयवान् न च । स्तोत्ररत्नम्, ५१

(૯૨) ल.स. प्रयत्नस्तबकः ।

(૯૩) धर्मं हि पूर्वमवलम्ब्य कृते जनन्याः कालं निनाय कृतकादधिकाननं यः ।
देवि त्वदर्थमवलम्ब्य तमेव रामः कालं निनाय पुनरप्यधिकाननं सः ।। ल.स. ६/३८

(૯૪) ल.स., १३/६

(૯૫) ल.स., ८/२

(૯૫અ) न कर्मनिष्ठोऽस्मि, न चात्मवेदि, न भक्तिमां स्त्वच्चरणारविन्दे ।
अकिंचनोऽनन्यगति:शरण्य ! त्वत्पादभूलं शरणं प्रपद्ये ।। स्तोत्ररत्नम्, २२

(૯૫બ) त्वदेकरक्षस्य मम त्वमेव करुणाकर ।
न प्रवर्तय पापानि प्रवृत्तानि निवर्तय ।। न्यासदशकम, ८

(૯૬) तृणत्याजं त्यकत्वा त्रिजगति कलत्रादिविषयान्
प्रणत्या ते दिव्यां कति कति गतिं यान्ति कृतिन: ।
अहं त्वेवं तावदिवषयविषयन्त्रेषु पतितो
निषीदन् संसारे विपदवसरे रोदिमि रमे ।। ल.स. २४/७

(૯૬અ) क्रोधाग्निं जमदग्निपीडनभवं..... मुनि: ।। दशावतारस्तोत्रम्,७

(૯૭) ल.स., ६/२१

(૯૮) ल.स., १९/१३

(૯૮અ) न वक्तुमपि शक्यते नरकगर्भवासादिकं
वपुश्च बहुधातुकं निपुणचिन्तने तादृशम् ।
त्रिविष्टपमुखं तथा तव पदस्य देदीप्यत:
किमत्र न भयास्पदं भवति रङ्गपृथ्वीपते ।। अभीतिस्तव:, १३

(૯૯) तत्तत्पापौघजफलतया दारुणैस्तन्यमाना
याम्या: श्रुत्वा मुनिवचनतो यातनाश्चेतनानाम् ।
कामं भीत: कमलनिलये कम्पमानाऽखिलाङ्गो
विश्वस्य त्वामहमशरणो विश्वधात्रीं प्रपद्ये ।। ल.स. १९/२२

(૧૦૦) यज्ञेन यज्ञमयजन्त देवा: । ऋ. १०/९०/१६

(૧૦૧) शब्दयोनि: शब्दमयि नादाख्या नादविग्रहा ।
प्रधानपुरुषातीता प्रधानपुरुषात्मिका ।।३२।। सीतासहस्रनामस्तोत्रम्

(૧૦૨) सर्व: शर्व: शिव: स्थाणुर्मूतादिर्निधिरत्यय: ।
सम्भवो भावनो भर्ता प्रभव: प्रभुरीश्वर: ।।१७।। विष्णुसहस्त्रनामस्तोत्रम्
रामो विरामो विरजो मार्गोनियो नयोऽनय: । विष्णुसहस्त्रनाम-६६
पुराणं पुरुषं प्रोक्तं ब्रह्म प्रोक्तं युगादिषु । भीष्मस्तवराज-३२

(૧૦૩) मोक्षदा मतिदा मुख्या महाभाग्यजनाश्रिता ।
महावेगवती मध्या महा महिभुषणा ।।१३६।। गंङ्गासहस्त्रनामस्तोत्रम्

(૧૦૪) नम: शिवाय । बृहत्स्तोत्ररत्नाकर, पृ. ३६-३७

(૧૦૫) सबिन्दुसिंधुसुस्खलत्तरंगभङ्गरंजितं
द्विषत्सुपापजातजातकारिवारिसंयुतम् ।

कृतान्तदूतकालभूतभीतिहारिवर्मदे
त्वदीपपादपंकजं नमामि देवि नर्मदे ।। नर्मदाष्टकम्-१

(१०६) स्तोत्रं चित्रं स्फुरति जननि स्वैरमारब्धुकामा । ल.स. १/८

(१०७) रङ्गे हन्त विभीषणाय दिदिशे रत्नादियोग्याय सः ।। ल.स. ६/३८

(१०८) हसितं भवदीयमाद्यवर्णं जहदेतज्जनि स्वरूपगत्या ।
विदधे विधुपादजातमैत्रीमतिमन्दस्य किलोचिताऽधराऽष्तिः ।। ल.स. ८/७०

(१०९) म्लेच्छान् भयानकश्वानपि मूर्च्छयित्वा निर्वापयिष्यति कलिं हरिरध्वरं च ।
कल्की तमांसि परिपास्यति मूसुरांश्च पद्मे भवद्वचनपल्लविताऽनुकम्पः ।। ल.स. २१/३१

(११०) प्रकाशते सज्जधनागमे त्वयि प्रगल्मशोभोदयिनीरदावलिः ।
रमे मुकुन्देन किलोऽमुनाऽदृता द्युतिर्यदीया सहसोन्मिषन्मुदा ।। ल.स. ८/८७

(१११) अन्तःस्थोष्मोद्धाराद् गृहीतमखिलाम्ब कंसदमनेन ।
पाञ्चशरजन्यमभितः प्रतिगर्जति कन्धरा त्वदीयेयम् ।। ल.स. ८/१०५

(११२) परमतुलसीतमनधे वनमालाप्तं सुलक्ष्मणाकलितम् ।
कलयसि सद्रूपयुतं वक्षोदेशं हरेर्महारामम् ।। ल.स. ३/१६

(११३) नीचे तु मादृशि दयारसनिम्नगा ते ।
प्राप्तादरा प्रवहतीत्यनुरूपमेतत् ।। ल.स. ४/१४

(११४) पदोः लवः इति पल्लवः, पादं पाति इति पादपः । ल.स. ८/२१०

(११४अ) बाले देहि पयोधरं करतले प्रावृट् त्त्वया याच्यता-
माश्लेषाभिरुचिं विधेहि न शशी तस्याऽस्मि किंतु स्वसा ।
आस्तामुत्तरमेतदीदृगधरं याचामि वाचां स्वयं
नास्त्यर्थोऽधरयाञ्चयेति चहुभिः पद्मे धिनोषि प्रियम् ।। ल.स. ९/४४

(११५) वासस्ते कव बटो गुहास्वशनमप्याकाङ्क्षितं ते धनं
मा जानीह्यधनाशनाऽदरमये किं ते विवाहे स्पृहा ।
मा स्त्री मे दिश गां पदत्रयमितां लोकत्रयी सा ममे-
त्युक्तीर्दिव्यबटोर्निशम्य तदुरस्यम्ब त्वया सिष्मये ।। ल.स. २१/१६

(११६) દંડી, કાવ્યાદર્શ, ૩/૧-૪

(११७) सरोरुहाऽरामगृहां सुमलिलका-
सरोरुहारां कमलां मधुद्विषः ।
भुजान्तराऽमोदकरीं नुमः क्षमा-
भुजां तरामोऽनुसृतिं व्यथाऽम्बुधिम् ।। ल.स. १४/८

(११८) नानुस्वारो विसर्गश्च चित्रभङ्गाय कल्पते ।।

(११९) अर्धाभ्यासः समुद्गः स्यादस्य भेदास्त्रयो मताः ।
पादाभ्यासोऽप्यनेकात्मा... ।। काव्यादर्श, ३/५३

(૧૨૦) महोदयासारभुजात्वयातया महोदया सारभुजा त्वया तया ।
किलोपकारातिशयास्तदे विभा–विलोपकारातिशयाऽस्ति देवि भा ।। ल.स. १४/५१

(૧૨૧) सारसेनमहितापहारिका– सारसेनमहितापहारिका ।
सारसेन महिताऽपहारिका ऽनन्तगाजयति साऽनद्यं रमा ।। ल.स. १४/५९

(૧૨૨) तत् प्राहुर्दुष्करं तद्विदो यथा । काव्यादर्श, ३/७८
कष्टं काव्यमेतद् । काव्यप्रकाश – नवम उल्लास

(૧૨૩) ध्वन्यालोक, तृतीय उद्यात – पृ. ३०९, १०

(૧૨૪) काव्यप्रकाश, ९/८५

(૧૨૫) मा मा मम ममेऽमामा मामोऽमूमाममेऽममे ।
मामा मेऽमी ममेऽमामा मा ममोमममामि मे ।। ल.स. २२/३१

(૧૨૬) ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ, 'લક્ષ્મીસહસ્ર' એક અધ્યયન' પૃ.૫૩૮

(૧૨૭) વેદાંતદેશિક, પાદુકાસહસ્ર, ૩૦/૫

(૧૨૮) समर्थयस्व सकलक्षितिस्थितिविनिर्मितिम् ।
मुमुक्षुद्युद्रुरुमुत्ससमुद्रदुहितः स्वयम् ।। ल.स. २२/२६

(૧૨૯) मा सा रक्षा परस्याऽवनगगगनवत्याधुणस्वाशहेमा
महेशस्वास्थ्यनाकादिपददपदित्यर्थयन्ती हताऽत्मा ।
माता हन्तीति सूतिं रचिततततचिरस्थानुकूल्यावनामा
मानावल्या प्रकृष्टं परमममरपप्रीतिरक्षारसाऽमा ।। ल.स. २२/३४

(૧૩૦) साकेनत्राणवेलाजनितततनिजप्राङ्कणश्रीप्रभासा
साभा प्रश्रीरटव्याभियमममयमिव्यापदुच्छेदिलासा ।
सालादिच्छदतिग्माहवरुरुवहहीकरस्यामरासा
सा रामस्याङ्घ्रिमभ्याजतिननतिजस्थुलमुत्रा त केसा ।। पा.स. ३०/३०

(૧૩૧) ल.स., २२/११

(૧૩૨) ल.स., २२/१९

(૧૩૩) रसस्य परिपन्थित्वान्नालङ्कारः प्रहेलिका ।
उक्तिवैचित्र्यमात्रं सा च्युतदत्ताक्षरादिका ।। साहित्यदर्पण, १०/१३

(૧૩૪) क्रीडागोष्ठी विनोदेषु तज्जैराकीर्णमन्त्रणे ।
परव्यामोहने चापि सोपयोगाः प्रहेलिका ।। काव्यादर्श, ३/१७

(૧૩૫) ल.स., २२/८

(૧૩૮) ल.स., २/५

(૧૩૯) बहुरत्नसमुद्भवं मयूखं तव मन्ये मणिपादुके मुरारिः ।
चरणोपगतं मयूरपिच्छं मकुठारोहणसाहसं प्रमार्ष्टुम् ।। पा. स. १६/५

(૧૪૦) फणिशेखरशैलनाथकान्ते भवती भूतिमती क्षमैव नूनम् ।
अभवत् कथमन्यथा न पापस्तव कोपप्रभवाय वायसोऽपि ।। ल.स. ११/३

(૧૪૧) हन्त लक्ष्मी तव कुन्तलव्रजं चामरं वदति पामरोऽपि कः ।
प्राक्तनस्तु हरिणोपलालितः पश्चिमं पदपुरस्कृतः मृगैः ।। ल.स. ८/१०

(૧૪૨) अन्तर्ज्योतिः किमपि यमिनामंजनं योगदृष्टे-
श्चिन्तारत्नं सुलममिह नः सिद्धिमोक्षानुरूपम् ।
दीनानाथव्यसनशमनं दैवतं दैवतानां
दिव्यं चक्षुः श्रुतिपरिषदा दृश्यते रंगमध्ये ।। भगवद्ध्यानसोपानम्,१

(૧૪૩) संकल्पकल्पतिकामवधिं क्षमायाः।
विश्वस्य मातरमकिंचनकामधेनुम् ।। मूस्तुतिः, १

(૧૪૪) श्रीवत्सांकं चिरतरमुरः सीमगोष्ठं मुरारि-
रध्यासीनामनधहरितोदारकान्त्याऽभिरामम् ।
कल्याणी त्वामतुलममृतं संश्रितानां दुहानां
क्षीराम्भोधेः समुदिवतीं ब्रूमहे कामधेनुम् ।। ल.स. ३/१०

(૧૪૫) ल.स. ५/३६

(૧૪૬) ल.स., ८/१७४

(૧૪૭) ल.स., ५/१२

(૧૪૮) ल.स., ४/१३

(૧૪૮અ) गजेन्द्ररक्षात्वरितं भवन्तं
ग्राहैरिवाहं विषयैर्विकृष्टः।
अपारविज्ञानदयानुभाव-
भाप्तं सतामष्टभुजं प्रपद्ये ।। अष्टभूजाष्टकम्, १

(૧૪૯) ल.स., १/१३

(૧૫૦) ल.स., १०/१९

(૧૫૧) ल.स., ८/५२

(૧૫૨) स्तोकप्रज्ञमतीव मूकमपि मां श्लोकैः सहस्रेण ते ।
स्तोतारं समवेक्ष्य सूक्ष्ममतिभिः कस्मान्न विस्मीयते ।। ल.स. १/२३

(૧૫૩) प्रज्ञालतानां किमुपध्नमष्टिः प्रणायतां कामगवी कवीनाम् ।
प्रपञ्चमातस्त्वमकिञ्चमानां प्राणप्रतिष्ठा परमाऽसि काष्ठा ।। ल.स. २३/२१

(૧૫૪) ल.स., २/१२

(૧૫૫) ल.स., २/२२

(૧૫૫અ) ल.स. १८/१९

(૧૫૬) ल.स. ६/१, ७/१, १०/१, ११/१, १३/१, २०/१,२१/१

(૧૫૭) ल.स. ७/५

(૧૫૮) ल.स. ८/९४

(૧૫૯) ल.स. २४/६

(૧૬૦) ल.स., १५/२०

(૧૬૧) ल.स., ११/१०

(૧૬૨) ल.स., २/८

(૧૬૩) ल.स., १७/२३

(૧૬૪) अमर्षाल्लोकाम्ब स्ववसुहरनीलोत्पलभृतो–
रपि श्रुत्योः सीमां कवलयति ते नेत्रयुगलम् ।
कृतः कल्पेष्वार्तैरिपरमपराधः कलति त–
दिव्पक्षाणां पक्षीकृतिरपि विषादाय भवति ।। ल.स. ८/४१

(૧૬૫) गाढं श्लिष्यति माधवे सकुतुकं क्रीडाऽवनीं त्वां तदा
युक्तं चम्पकगर्भसौरभशुभैरस्यन्दि मन्दाऽनिलैः ।
राजीवोपरि पर्ययाति सहसा लौलैरलीनां कुलै –
रासीदम्ब कदम्बकोरकचयो यस्मादतो विस्मयः ।। ल.स., ९/२५

(૧૬૬) शतपथ०१/२/५/१६, ६/५/१/१०

(૧૬૭) महाभारत, वनपर्व, अध्याय–११२

(૧૬૮) मानवा मौलितो वर्ण्या देवाश्चरणतः पुनः।

(૧૬૯) **જુઓ, પ્રસ્તુત પ્રબંધ, પૃ.**

(૧૭૦) नैषध ०७/११

(૧૭૧) **જુઓ, પ્રસ્તુત પ્રંબધ, પૃ.**

(૧૭૨) मौलौ त्वयापि विधृतो मधुपौधमैत्रीं
चित्रं करोति कमले चिकुरप्रपञ्चः ।
माने कृतेऽपि भजते मलिनैकसख्यं
प्रायेण हन्त कुटिलप्रकृतिः स्वभावात् ।। ल.स. ८/३

(૧૭૩) ल.स. ८/७

(૧૭૪) तदब्जमब्जश्च तवाऽननद्विषौ मुरारिपत्नि व्रजतः पराभवम् ।
द्विषा सहैकेन मिथो विरोधिनोर्न योध्धुमस्ति प्रभुता द्वयोरपि ।। ल.स. ८/२८

(૧૭૫) स्वरूपतस्त्वद्वदनात्मना तथा द्विघा सुधाशुर्जलधावजायत ।
तदैष राजा द्विजराज इत्यदः पदं दधात्यर्थवद्च्युतप्रिये ।। ल.स.८/३१

(૧૭૬) ल.स. ८/३४

(૧૭૭) जातोन्मेषौ मुखरुचिसुधासागरे तावकीनौ
नेत्रात्मानौ जननि भुवनोज्जीवनौ दिव्यमीनौ ।
न्यूनाऽकारौ भगवति निजाऽपेक्षया राक्षसाऽरे–
रचक्षुर्मीनौ कबलयत इत्येष जातिस्वभावः ।। ल.स. ८/४७

(૧૭૮) नामीसरोरीधसि नारिकेलदुमभ्रमं रोमलता ददाति ।
तदग्रलग्नौ तनुतस्तव श्रीः स्तनौ पुनस्तत्फलयुग्मशङ्काम् ।। ल.स. ८/१६४

(૧૭૯) ल.स. ८/१६६

(૧૮૦) काहलः कमलमन्दिरे भवज्जङ्घयोः श्रियमचूचुरद्यतः ।
तन्यते बहुमुखप्रभंजनक्षोमितेन निनदस्ततोऽमुना ।। ल.स. ८/२०६

(૧૮૧) प्रणतिषु तव पुण्यद्वन्द्वमासीतू पुरारैः प्रणियतनत एकं लोकमातस्तवदङ्घ्रयोः ।
चिरविरहकृशस्य स्वाऽवतसांऽमृतांशोस्तव नखमयतारयोजनेन द्वितीयम् ।। ल.स.८/२२४

(૧૮૨) सुमनोवरवासवासनांऽध्युषिताः कृष्णयनाप्तिशालिनः ।
वरदेविजयन्ति कुन्तला भवदीयाः सकलापमृज्जयाः ।। ल.स. ८/६

(૧૮૩) अलकाऽकृतिरग्रयपुष्पकान्ता प्रबलश्रीदतया तव प्रसिद्धा ।
नवनीलरुचोज्जला मुरारिर्वनिते भाति मुकुन्दलालितश्रीः ।। ल.स. ८/८

(૧૮૪) दीप्यत्कर्णसुवर्णकुण्डलमये दीप्ताऽग्निकुण्डे ज्वल–
द्रत्नाऽङ्गारघने हरेर्धृतिमयीं हुत्वाऽहुतिं तावके ।
मृङ्गाऽध्वर्युरनङ्गदीक्षितवृतो झङ्कारमन्त्रान् जपन्
वाराशेर्दुहितः प्रदक्षिणविधिं वारान् विधत्ते बहून् ।। ल.स. ८/५६

(૧૮૬) हसितरुचिसितांशुकं वसाना श्वसितसमीरनटेन नाट्यमाना ।
जनयति जननि त्वदीयनासामणिगणिका मधुसूदनस्य मोदम् ।। ल.स. ८/६६

(૧૮૭) नामीवापीसविधमुवि ते यौवनाऽरामवृद्ध्यै
न्यस्तं रोपावलिमयघटीयन्त्रदारु स्मरेण ।
मूले तस्य स्फुरति रचितं पादविन्यासहेतोः
सोपानानां क्षितयमुदधेः पुत्रि वल्यात्मना किम् । ल.स. ८/१७१

(૧૮૮) रतितन्वरहस्यमम्ब शब्दै रमणीयैर्विशदं प्रकाशयन्ती ।
रसनैव रतिप्रियस्य नूनं रसनाऽसाविति लेखकप्रमादः ।। ल.स. ८/१७७

(૧૮૯) मातः सरोजसदने वदने त्वदीये संफुल्लमुत्पलमिवाऽच्छसरोविशेषे ।
चन्द्रे कलकं इव मुङ्ग इवाऽरविन्दे मन्देतरद्युतिरसौ तिलकः समिन्धे ।। ल.स. ८/३२

(૧૯૦) नलचम्पू, ३/३२

(૧૯૧) भ्रूसूत्राभ्यामूर्ध्वमाबध्य मिन्वन् नासावंशस्तम्ममम्भोधिजे ते ।
तत्र स्थित्वा ताण्डवं संविधत्ते चित्रं क्रीडंश्चित्तमूर्नाटचयजीवी ।। ल.स. ८/६३

(૧૯૨) मदनजननि नासामौक्तिकं वेद्मि मल्लीमुकुलमिति सुगन्धिश्वासमन्दाऽनिलेन ।
तदुपरि यदजस्त्रं तद्विकासप्रतीक्षं दृगलियुगलमेतद् दृश्यते साऽवधानम् ।। ल.स. ८/६४

(૧૯૩) ल.स. ८/१६१

(૧૯૪) ल.स. ६/१६५

(૧૯૫) रमे तवोतुङ्गकुचाऽग्रबाग्रत्प्रत्यग्रहारस्फुटमौक्तिकानि ।
प्रायः सुमेरुं परितश्चरन्ति पटून्युडूनीव परिस्फुरन्ति ।। ल.स. ८/१३२

(૧૯૬) हन्तारस्तमसां दिशन्तु कमले दन्ता मुदं तावका
येषूद्दामजपासपक्षरसकाच्छायोपरक्ताशुषु ।
उच्चैः पक्रिममदाडिमभ्रमवशादुत्पित्सुकेलीशुक-
प्रत्यावर्तनखेदनिःसहतया पाणिर्विशेषाऽरुणः ।। ल.स. ८/८९

(૧૯૬અ) श्रुतिमंजुनावनिचयैरमिरामा सवलग्ननामिजधनदयुतिहेतुः ।
विलसत्यनन्नतसरसाऽक्षियुगाय स्ववते मुकुन्ददयिते तव काञ्ची ।। ल.स. ८/१८०

(૧૯૭) कुमारसंभव, ५/३६

(૧૯૮) ल.स., ८/११

(૧૯૯) ल.स. ८/१२

(૨૦૦) ल.स., ८/१६

(૨૦૧) ल.स., ८/५८

(૨૦૨) ल.स., ८/५९

(૨૦૩) ल.स., ८/१६२, १६६

(૨૦૪) ल.स., ८/१७०

(૨૦૫) डॉ. कपिलदेव पाण्डेय, मध्यकालीन साहित्यमें अवतारवाद, पृ. ८७४, ८८७

(૨૦૬) ल.स., ८/४१

(૨૦૭) ल.स., ८/४७

(૨૦૮) ल.स., ८/७३

(૨૦૯) ल.स., ८/११३

(૨૧૦) ल.स., ८/२०६

(૨૧૧) ल.स., ८/१४

(૨૧૨) ल.स., ८/२४

(૨૧૩) ल.स., ८/३६

(૨૧૪) ल.स., ८/१२४

(૨૧૫) ल.स., ८/२०२

(૨૧૬) ल.स., ८/२१३

(૨૧૭) ल.स., ८/४२

(૨૧૮) ल.स., ८/४३

(૨૧૯) ल.स., ८/११८

(૨૨૦) ल.स., ८/१५०

(૨૨૧) ल.स., ८/१७१

(૨૨૨) ल.स., ८/१८५

(૨૨૩) ल.स., ८/१९२

(૨૨૪) वन्दे सौन्दर्यपर्याप्तिभूमिं कामपि देवताम् । ल.स. ८/१

## પ્રકરણ-૬

# વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકવિ વેંકટાધ્વરીનાં હસ્તપ્રત-સ્વરૂપે રહેલ બે સ્તોત્રોનો વિશેષ અભ્યાસ

(૧) શ્રવણાનંદ - સ્તોત્ર
- (૧) 'શ્રવણાનંદ'માં પ્રપત્તિપ્રધાન વૈષ્ણવી ભક્તિનું ભાવ-સૌંદર્ય
- (૨) 'શ્રવણાનંદ'માં વિશિષ્ટાદ્વૈતી દાર્શનિક સિદ્ધાન્તોની અભિવ્યક્તિ
- (૩) શ્રવણાનંદ : કલાપક્ષ

(૨) આચાર્યપંચાશત્ સ્તોત્ર
- (૧) 'આચાર્યપંચાશત્'નો કાવ્ય-પ્રકાર.
- (૨) રચનાનું પ્રેરક બળ
- (૩) 'આચાર્યપંચાશત્'માં વેંકટનાથ વેદાન્ત દેશિકના જીવન અને કવનનું કાવ્યાત્મક ચિત્રણ
- (૪) 'આચાર્યપંચાશત્'નો કલાપક્ષ

## પ્રકરણ-૬
# વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકવિ વેંકટાધ્વરીનાં હસ્તપ્રત - સ્વરૂપે રહેલ બે સ્તોત્રોનો વિશેષ અભ્યાસ

### શ્રવણાનન્દ - સ્તોત્ર

ગવર્નમેન્ટ ઓરિએન્ટલ મેન્યુસ્ક્રિપ્ટ્સ લાયબ્રેરી, મદ્રાસમાં ઉપલબ્ધ કવિ વેંકટાધ્વરિકૃત 'શ્રવણાનંદ' સ્તોત્રની હસ્તપ્રત (નં. આર. ૨૧૧૭)માં કાંચીના વરદરાજ - મંદિરમાં હસ્તિગિરિ પર પ્રતિમા સ્વરૂપે સ્થિત ભગવાન વરદરાજ (વિષ્ણુ)ની સ્તુતિ પ્રાપ્ત થાય છે. આ હસ્તપ્રતના આધારે કૃતિનું અધ્યાપન નીચે કરવામાં આવ્યું છે.

### (૧) 'શ્રવણાનંદ'માં પ્રપત્તિપ્રધાન વૈષ્ણવી ભક્તિનું ભાવ-સૌંદર્ય :

પ્રપત્તિ (શરણાગતિ) ભક્તિ વૈષ્ણવ ધર્મનું હાર્દ છે. 'શ્રવણાનંદ'માં પ્રપન્ન-ભક્તનો આદર્શ હૃદય-સ્પર્શી શબ્દોમાં રજૂ થયો છે. સાચા વૈષ્ણવનું ચિત્ત એકમાત્ર પરદેવતા વિષ્ણુમાં રમમાણ થાય છે. તે પરમદેવતા ભક્તનું મન વશ કરી લે છે.[૧] વૈષ્ણવ ભક્ત તો દેવી-તત્ત્વનો હંમેશનો શરણાગત હોય છે. એવા શરણાગતનું એક માત્ર આશાકેન્દ્ર વરદરાજ (વિષ્ણુ) છે. કવિ વેંકટાધ્વરી શરણાગત બની સકળ દુર્ગુણી શત્રુઓને સત્વરે શમાવી દેવા આરાધ્ય વરદરાજને વીનવે છે.[૨] કવિના ગુરુ વેદાંતદેશિક પણ વરદને 'શરણાગતરક્ષક' રૂપે નિરૂપે છે.[૩]' શરણાગતનો ભવ શાન્ત કરી વિષ્ણુ તો મોક્ષ-પ્રદાન કરે છે. આવા વરદને સ્વહૃદય સોંપી કવિ વેંકટાધ્વરી નિશ્ચિંત બને છે.[૪] કવિના પુરોગામી યામુન આચાર્ય પણ પોતાને અનન્યગતિ અકિંચન અનુભવી વિષ્ણુના ચરણોનું શરણ સ્વીકાર છે.[૫]

પ્રપત્તિ-ભક્તિની પરિપૂર્ણતા કે પરિપક્વતામાં નામ-સંકીર્તન, નામસ્મરણ, વંદન ઈત્યાદિ નવધા ભક્તિનું પણ મહત્ત્વ સ્વીકારાયું છે. તેવી જ વેંકટાધ્વરી કહે છે કે કીર્તન-ભક્તિ દ્વારા પણ વરદરાજ અવિનાશી ફળ (મોક્ષ) પ્રદાન કરે છે.[૬] વેદાંતદેશિક[૭] ને અનુસરી કવિ નોંધે છે કે હરિનું નામ-સંકીર્તન ન કરનાર નરકમાં યમ-સેવકોની ભર્ત્સના પામે છે.[૮] આવાં ઉદાહરણોમાં વેંકટાધ્વરી પર વેદાંતદેશિકનો પ્રભાવ પણ પરિલક્ષિત થાય છે. વૈષ્ણવ ભક્તમાં વરદરાજની દર્શનેચ્છા કેટલી પ્રબળ હોય છે, તેનું દર્શન વેંકટાધ્વરી કરાવે છે. મનોહર મુખનું દર્શન પણ ભક્તને તો ધન્ય-ધન્ય બનાવે છે. એવા સુંદર મુખનું તે સદૈવ ચિંતન કરે છે.[૯]

વિષ્ણુ તો શરણાગતાર્તિહર છે.[૧૦] ભરન્યાસ (આત્મનિક્ષેપ) પ્રકારની પ્રપત્તિનું માહાત્મ્ય બતાવતાં કવિ કરે છે કે ઋષિ-મુનિઓ મુક્તિ માટે કરુણાના એક માત્ર સાગર વરદને પોતાનો સંસારભાર સમર્પિત કરે છે.[૧૧] સજ્જનો તો નિત્ય દૈવી તત્ત્વ પરત્વે કિંકર ભાવ અપનાવી પ્રસન્ન થાય છે. કૈંકર્યની હૃદયપૂર્વકની જાહેરાત કરતાં વેંકટાધ્વરી જણાવે છે કે 'નિર્લજ્જ, સજ્જન-સંહારમાં રત, કોપાન્ધ અને માત્ર પેટ ભરી જાણનારા દુષ્ટ રાજવીઓની

સેવા ન કરું. પણ હે દેવાધિપ, મારું તો તમારા ચરણ-કમલમાં નિત્ય કૈંકર્ય બની રહે.[૧૨]' અહીં ષડ્‌વિધ પ્રપત્તિનાં 'આનુકૂલ્ય-સંકલ્પ' અને 'પ્રતિકૂલ-વર્જન'નાં અંગોની માર્મિક અભિવ્યક્તિ થઈ છે. પ્રપત્તિની પરાકાષ્ઠા ભરન્યાસ કે આત્મસમર્પણ છે. ઈશ્વરના ચરણે આવું નિર્વ્યાજ સમર્પણ આનંદપ્રદાયક અને મોક્ષદાયક બની રહે છે. પ્રપત્તિ-માર્ગમાં કર્મ, જ્ઞાન અને ધ્યાનની પણ આવશ્યકતા નથી. તેથી આવા માર્ગોની જટિલતામાં પડવા સિવાય વેંકટાધ્વરી પોતાનો સર્વ ભાર વરદને સોંપી નિશ્ચિંત બને છેઃ 'તારા આનંદની કામનાવાળા કેટલાક કુશળ માણસો (કર્મચારીઓ) નિત્ય કર્મો કરે છે. બીજા કેટલાક (યોગ-ધ્યાન માર્ગીઓ) ધ્યાન ધરે છે, પણ હે વારણશૈલેશ, અમે તો અમારો અકિંચન-આત્મા તારામાં મૂકીને ફરીએ છીએ.[૧૩]' કવિના પુરોગામી યામુનમુનિ અને વેદાંતદેશિકે પણ પોતાનાં સ્તોત્રોમાં આ જ ભાવોની અભિવ્યક્તિ કરી છે.[૧૪]

હસ્તિશૈલ પર પ્રતિમાસ્વરૂપે વિરાજમાન વરદરાજ પ્રત્યે વેકંટાધ્વરીની ભક્તિનિષ્ઠા 'શ્રવણાનંદ'માં પદે પદે અભિવ્યક્ત થઈ છે. એ પવિત્ર નિષ્ઠામાંથી જ આ સ્તોત્રનું સર્જન થયું છે. કવિના ભાવ-સાન્દ્ર હૃદયનું સ્પંદન અનેક પદોમાં અનુભવી શકાય છે. વિષ્ણુ-નિષ્ઠાનું દર્શન કરાવતાં કવિ ભાવવિભોર બને છે. 'હસ્તિગિરિનાયક વરદરાજ તો અભિમત-પ્રદાયક અને પ્રજાજનોની કુબુદ્ધિ-પીડા હરનાર છે. તેથી એ જ એક માત્ર સેવ્ય છે. એમની ઉપસ્થિતિમાં જડ-વ્યક્તિ જ અન્યનું સેવન કરે છે. ખરેખર ફળસભર સુગંધી આમ્રવૃક્ષ પ્રત્યક્ષ હોય, ત્યારે કયો હિતેચ્છુ ફળરહિત નીરસ વૃક્ષનો આશ્રય લે?[૧૫]' આ ભાવની તુલના માટે યમુનાચાર્યનું એક પદ દર્શનીય છે. તેમાં ઉપમાન પ્રતીકો જ માત્ર ભિન્ન છે.[૧૬] વળી વેંકટાધ્વરીને મન વિષ્ણુનું પાદ-વંદન તો ગો-દુગ્ધ તુલ્ય છે. તેથી તેનો સુંદર દૃષ્ટાંત દ્વારા કહે છે કે એવા ગો-દુગ્ધની પ્રાપ્તિથી હર્ષિત થયેલા ભાગ્યવંતો ચોખાની કાંજીને તે વળી કેમ સ્વીકારે.[૧૭] આવાં ઉદાહરણો દ્વારા કવિ વિષ્ણુની અન્ય દેવો કરતાં ઉત્કૃષ્ટતા કે સર્વોપરિતાનું પ્રતિપાદન કરે છે.

વેંકટાધ્વરી વરદરાજના દર્શન માટે વિહ્વળ બની 'દર્શનાસક્તિ' ભક્તિનું દર્શન કરાવે છે. 'શત-શરદ પર્યંત વરદ ભગવાન દૃષ્ટિ સમક્ષ પ્રકાશે એ એમના હૃદયનો હંમેશનો પોકાર છે. વેદાંતદેશિક પણ મૃત્યુભયને વિષ્ણુના કારુણ્યસભર મધુર કટાક્ષપાતની યાચના કરી છે.[૧૯] ભક્તની પામરતા અને ઈષ્ટદેવતાની ઉત્કૃષ્ટતા બતાવી બન્નેના વિરોધપૂર્વક કવિ વેંકટાધ્વરી આત્મનિવેદનાત્મક-ભક્તિ કે 'કાર્પણ્ય'ને વ્યક્ત કરે છે.[૨૦]

ભક્તને મન આરાધ્યની પ્રતિમા તો દૈવી-તેજોપૂર્તિ છે. એ સ્થિર અને દૈવી જ્યોતિની પોતાના માનસમાં સ્ફુરણા થાય, એવી એની હાર્દિક કામના છે.[૨૧] દૈવી જ્યોતિની કલ્પના વેંકટાધ્વરીએ વેદાંતદેશિક પાસેથી ગ્રહણ કરી છે. વેદાંતદેશિકને પણ મુનિઓના હૃદયમાં સ્ફુરી રહેલ નાજુક જ્યોતની ઝાંખી થાય છે.[૨૨]

વિષ્ણુની ભક્તિ જ સર્વસ્વ છે. ભક્તિનું મહત્ત્વ બતાવતાં કવિ કહે છે કે ભગવાનની નિર્વ્યાજ પૂજા-ઉપાસના સિવાય વિદ્વત્તા, સુંદર ગૌરવવંતો દેહ, ફળપ્રાપ્તિ કે સામર્થ્ય નિરર્થક છે.[૨૩] કવિ પોતાનું શેષ જીવન સદૈવ ભગવાનના ધામમાં ભક્તિપૂર્વક ગુજારવાની પવિત્ર કામના ભાવપૂર્ણ શબ્દોમાં વ્યક્ત કરે છે.[૨૪] આવાં સ્થળોએ ભક્ત-હૃદયનું ભાવ-માધુર્ય કાવ્યમાં પણ મધુરતા નિષ્પન્ન કરે છે.

કવિના યાચનાભાવમાં તેમના નિશ્છલ વ્યક્તિત્વનાં દર્શન થાય છે. ઈષ્ટ-દેવતા પાસે ઇચ્છિત પ્રાપ્ત કરવાની એમની યાચના-કુશળતા પણ દર્શનીય છે. કરુણાળુ વિષ્ણુનાં ભૂતકાલીન પરોપકારી કાર્યોના નિવેદનપૂર્વક

અને પોતાના દુર્ગુણોના નિર્વ્યાજ એકરારપૂર્વક કાર્પણ્ય વ્યક્ત કરી કવિ પોતાના ઉદ્ધાર માટે વરદને યાચે છે. કવિના અંતઃકરણના અધમ-નિકૃષ્ટ દુર્ગુણોના દર્શનથી સ્વયં હરિ પણ લજ્જિત થઇ જાય. એવી સ્થિતિમાં પણ કવિ કહે છે કે તેના નીચ આંતર રિપુઓને હણવામાં અચ્યુતે લજ્જિત ન થવું જોઈએ. એના સમર્થનમાં કવિ હરિને મકર-ગ્રાહમાંથી ગજેન્દ્ર-મોક્ષના તેમના પ્રસિદ્ધ કાર્યનું સ્મરણ કરાવે છે.[૨૫] વેદાંતદેશિક પણ આવી યાચના-કુશળતા વ્યક્ત કરી છે.[૨૬] વેંકટાધ્વરીની આર્જવભરી વિનંતિ પણ દર્શનીય છે : 'હે કમળનયન, ભવસાગરમાં ઘણા દિવસ રહીને અરે, હું અવસાદ પામ્યો છું. તો તું મારા માટે નાવરૂપ બન.'[૨૭] 'આરાધ્ય દેવ અવશ્ય રક્ષા કરશે' અને 'આરાધ્યને રક્ષક રૂપે સ્વીકારવાની' પ્રપત્તિની બે ભાવનાઓની કારુણ્યસભર અભિવ્યક્તિ થઈ છે. ભવસાગરમાં અટવાતા કવિની મુક્તિ માટેનો આર્તનાદ માર્મિક છે. 'ચિત્રવિચિત્ર પાપરૂપી વ્યાઘ્રથી સંપન્ન, વિષયરૂપ વિષવૃક્ષથી જટિલ અનેક રોગ (વ્યાધિ-આધિ-ઉપાધિ) રૂપ મહાકંદમૂળીથી આવું તે એવા ઘોર ભવારણ્યમાં વિશાળ આશા-પાશામાં અટવાયેલા મારા ચિત્તરૂપી હરણને મુક્ત કરવા માટે હે વરદ, તારા સિવાય બીજું કોણ સમર્થ છે, એ કહે![૨૮] આવાં વિધાનોમાં ભક્ત-દિલની ભગવાન પ્રત્યેની અપ્રતિમ શ્રદ્ધા - નિષ્ઠા વ્યંજિત થાય છે. ધ્વન્યાત્મક પદાવલીઓમાં ભાવ-ગાંભીર્ય પણ અહીં વર્તાય છે. સંસાર-આર્તિ દૂર કરવા હસ્તિગિરિ પર આશ્રિત કૃપાનિધિ વરદને કવિ વિહ્વળ-આતુર બની રક્ષા માટે વીનવે છે.[૨૯] પ્રપન્ન-ભક્તનું ભાવ-વ્યાકુળ અંતઃકરણ આવી પંક્તિઓમાં જાણે ધબકે છે. એ નોંધપાત્ર છે કે કવિની ભાષા પણ મધુર ભાવાનુસાર મધુર-રૂપ ધારણ કરે છે.

### (૨) 'શ્રવણાનંદ'માં વિશિષ્ટાદ્વૈતી દાર્શનિક સિદ્ધાંતોની અભિવ્યક્તિ :

વૈષ્ણવ વિશિષ્ટાદ્વૈતવાદ શ્રીવિષ્ણુને સર્વોચ્ચ પરતત્ત્વ રૂપે નિરૂપે છે. વિષ્ણુ પરમતત્ત્વ હોવા છતાં ભક્તજનો માટે તે સુલભ છે. યામુન, રામાનુજ, વેદાંતદેશિક ઈત્યાદિ વિશિષ્ટાદ્વૈતવાદી વૈષ્ણવ આચાર્યોએ વિષ્ણુની સર્વોપરિતા પોતાના સ્તોત્રાદિ ગ્રંથોના માધ્યમથી વિવિધ રીતે રજૂ કરી છે. આ આચાર્યોના અનુવર્તી વૈષ્ણવ કવિ વેંકટાધ્વરી પણ 'શ્રવણાનંદસ્તોત્ર'માં આ સિદ્ધાંતોને કાવ્ય-દેહ અર્પી કાવ્ય અને દર્શન બંનેનો સુભગ સમન્વય કરે છે.

વેંકટાધ્વરી વૈષ્ણવ તત્ત્વદર્શન સંબંધી નિમ્નલિખિત સિદ્ધાંતોનું પ્રતિપાદન કરે છે. આ સિદ્ધાંતોના સમર્થન માટે પાદટિપ્પણમાં કવિના પુરોગામી વૈષ્ણવાચાર્યો તેમજ કવિઓના અભિપ્રાય અને અવતરણ આવશ્યકતાનુસાર ઉદ્ધૃત કર્યાં છે.

વિષ્ણુનું ચરિત અપૂર્વ છે. તે દુર્લભ હોવા છતાં સુલભ પણ છે. જેમને સંયમી, નિપુણ ઋષિ-મહર્ષિઓ દહર-કમળમાં નિહાળે છે. તે જ પરમદેવતા અજ્ઞાન-નિસ્સહાય સામાન્ય વ્યક્તિઓ માટે કાંચીના હસ્તિગિરિ પર વરદરાજ સ્વરૂપે સુલભ બને છે.[૩૦] આમ તો મુનીન્દ્રો અને નિગમ-ગ્રંથોથી પણ તેઓ અપ્રાપ્ય-અબોધ્ય છે.[૩૧] પરંતુ ભક્તો માટે તો તેઓ કરુણાસાગર[૩૨] અને વાત્સલ્ય-નિકેતન[૩૩] છે. તેથી જ તેઓ એકમાત્ર ભક્તની રક્ષામાં મગ્ન રહે છે.[૩૪] વેંકટનાથ વેદાંતદેશિક પણ વિષ્ણુના ગુણ-વૈભવને પ્રગટ કરે છે.[૩૫] સૂર્યના દર્શનથી કમળ વિકસે,

તેમ સુજન-પંડિતના દર્શનથી વરદરાજ હર્ષિત થાય છે.[૩૬] સજ્જનોની રક્ષાર્થે તેમણે હિરણ્યકશિપુ, રાવણ, ખર, બક, મુર, મધુ, કેટભ ઈત્યાદિ રાક્ષસોનો સંહાર કર્યો.[૩૭]

વરદરાજ (વિષ્ણુ) તો વિભુ છે. તેઓ જગતના સર્જક, પાલક અને સંહારક છે, એમ પંડિતો કરે છે.[૩૮] અહીં પંડિતો એટલે મુખ્યત્વે વૈદિક-પૌરાણિક ઋષિ-મુનિઓ. વેદ, ઉપનિષદ તેમજ ઈતિહાસાદિ પુરાણગ્રંથોમાં વિષ્ણુનાં આ ત્રણ કાર્યોનું નિરૂપણ અનેક રીતે થયું છે. આવા સમર્થ વિષ્ણુને બ્રહ્મ-યજ્ઞ-રક્ષાર્થે હસ્તિગિરિ પર અવતીર્ણ થયેલા જોઈ, તેમની સુલભ-પ્રાપ્તિની ધન્યતા વેંકટાધ્વરી અનુભવે છે.[૩૯] વળી કવિ કહે છે કે ભગવાન વિષ્ણુનું નામ તો પ્રણવાદિ અક્ષરમય છે અને તેમનું પરિરક્ષકત્વ નિખિલ નિગમ-ગ્રંથોએ નિશ્ચિત કર્યું છે.[૪૦]

વિષ્ણુ સર્વોચ્ચ પરમતત્ત્વ હોઈ અન્ય દેવો તો તેમના અંશરૂપ છે. તેથી ઈન્દ્રાદિ દેવો પણ તેમને નમન કરે છે.[૪૧] સજ્જનો તો વૈકુંઠમાંથી અવતીર્ણ અને હસ્તિશૈલને ખંડિત કરનાર રક્ષા-સૂઢ (વરદરાજ)ને ભજે છે, અન્ય સૂર્ય, અગ્નિ, ઈન્દ્રાદિ દેવતાઓને નહિ.[૪૨] વેદાંતદેશિકે પણ વરદરાજને સર્વ દેવોના સારરૂપ કહ્યા છે.[૪૩]

વેદ-વેદાન્ત-પ્રતિપાદિત પરમતત્ત્વ તે હસ્તિશૈલના વરદરાજ (વિષ્ણુ) છે. તેથી જ કવિ કહે છે કે વરદનું દર્શન સજ્જનો સૂર્ય-બિંબમાં, નિજહૃદયમાં, બુદ્ધિના અવલંબનમાં, હસ્તિગિરિના તટે તેમજ વેદાન્ત-ઉપનિષદોમાં કરે છે.[૪૪] વેદાંતદેશિકે પણ દેવનાયક-વિષ્ણુનાં આવાં પ્રાકટ્ય-સ્થાન બતાવ્યાં છે.[૪૫] વેંકટાધ્વરી વિષ્ણુના તાત્ત્વિક સ્વરૂપના નિરૂપણમાં મુખ્યત્વે પોતાના વિશિષ્ટાદ્વૈતી ગુરુ. વેંકટનાથ વેદાંતદેશિકને અનુસરે છે. એની પ્રતીતિ આવાં સ્થળોએ થાય છે. વેંકટાધ્વરી સ્પષ્ટ રીતે જણાવે છે કે મુનિઓ કમળબંધુ-સૂર્યના બિંબમાં જે બ્રહ્મનું ધ્યાન ધરે છે, તે જ હસ્તિશૈલ પર પ્રકાશનાર પીતામ્બર વરદરાજ છે.[૪૬] તેઓ તો સૂર્ય-ચન્દ્રાત્મક નયનવાળા છે.[૪૭] તેઓ પરમ-જ્યોતિ છે, અભિનવ તેજ છે.[૪૮] મુનિજનો તેમને પરમતત્ત્વ તરીકે ઓળખે છે.[૪૯] તેમનું સ્વરૂપ સત્ય છે, તેથી જ તેઓ સંસારની અસત્યાત્યક વ્યધિઓને પરિહરે છે.[૫૦]

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સિદ્ધાંત લક્ષ્મી-વિષ્ણુનું અદ્વૈત સ્થાપે છે. લક્ષ્મી-વિષ્ણુ તો યુગલ-સ્વરૂપ છે. બંનેનો દાંપત્યસંબંધ સદૈવ અભેદ્ય રહે છે. આ સત્યને કવિ વેંકટાધ્વરી કાવ્યાત્મક અભિવ્યક્તિ આપે છે. વરદરાજ તો કલ્પવૃક્ષ છે, જ્યારે એમની સાથે આલિંગનબદ્ધ લક્ષ્મી તો લતા છે.[૫૧] સોળ-સહસ્ર વનિતાઓ સાથે વિહાર કરનાર શ્રીકૃષ્ણ કાંચીમાં અનન્ત સરોવરે કમળા સાથે ખેલી રહ્યા છે.[૫૨] વિષ્ણુ-લક્ષ્મી તો શાશ્વત દંપતી છે.[૫૩]

## (૩) શ્રવણાનંદ : કલાપક્ષ

વેંકટાધ્વરી ભાવ અને વિચારમાં યામુન, વેદાંતદેશિક ઈત્યાદિ વિશિષ્ટાદ્વૈતી આચાર્યોનાં સ્તોત્રોનું અનુસરણ કરે છે, પરંતુ કાવ્ય-સૌંદર્ય નિષ્પન્ન કરવામાં તેઓ તે પુરોગામી આચાર્યોનું અતિક્રમણ કરી પોતાનું કવિ-રૂપ સિદ્ધ કરે છે. 'શ્રવણાનંદ સ્તોત્ર'ની કલાચમત્કાર-સંપન્ન કર્ણ-મનોહર પદાવલીઓ ખરે જ શ્રવણને આનંદ

આપવામાં સક્ષમ નીવડી છે. શ્લેષ-યમક-ચક્રવર્તી તરીકે પ્રતિષ્ઠિત કવિની શાબ્દી ક્રીડા તેમજ અલંકાર-નિષ્પત્તિ કાવ્યને અલંકૃત કરે છે. એ અલંકૃતિમાં સાયાસ કૃત્રિમતા વર્તાવી નથી. ભાવુક કવિના પ્રબળ ભાવાવેશમાંથી નિઃસૃત એ પદ્યો સ્વતઃ અલંકારમંડિત બન્યાં છે. પરિણામે ભાવ-સૌંદર્ય વિહત થયું નથી.

'શ્રવણાનંદ' માં કેટલાંક સુંદર રૂપકાત્મક શબ્દચિત્રો પ્રાપ્ત થાય છે. શ્લેષાનુપ્રાણિત રૂપક અલંકાર દ્વારા વિષ્ણુ-લક્ષ્મીના નિત્ય દાંપત્યભાવની તેઓ મનોહર વ્યંજના કરે છે : 'સુગંધિત પ્રવાલની સુષમાયુક્ત અધરોષ્ઠવાળી (સુગંધિત નવપલ્લવની સુષમા ધારણ કરનારી), નિત્ય (સ્થિર), સંપૂજિતા (પુષ્પ-યુક્ત), મહાસાગરમાં ઉત્પન્ન થયેલ (મહાન સરોવરમાં ઉત્પન્ન) એવી લક્ષ્મી (લતા) દ્વારા આલિંગિત અને જેની શાખાઓનું સેવન વિપ્રો-પંડિતો (પંખીઓ) કરે છે, તે મહાન હસ્તિશૈલના વરદરાજ (કલ્પવૃક્ષ)નો હું આક્ષય લઉં છું.'[૫૪] વેદાંતદેશિકે પણ એક ચરણ દ્વારા વરદરાજને કલ્પવૃક્ષ અને લક્ષ્મીને વલ્લરી-લતાનું રૂપ આપ્યું છે.[૫૫] પરંતુ વેંકટાધ્વરીની એ વિશેષતા છે કે તેઓ પૂર્વવર્તી કવિના વિચારને કે રૂપકને વિસ્તારી તેને પરિપૂર્ણ શબ્દચિત્રનું ભવ્ય રૂપ આપે છે.

વેંકટાધ્વરીની દૃષ્ટિએ તો વરદરાજનો દેહ સંસારસાગર તરવાની નાવ છે.[૫૬] આવું રૂપક વેદાંતદેશિક પણ આપતા હોઈ,[૫૭] વેંકટાધ્વરી તેમનું અનુસરણ કરે છે, એમ કહી શકાય. વેદાંતદેશિક ભગવાન રંગનાથના ચક્ષુને ચિન્તારત્નનું રૂપક આપે છે.[૫૮] કવિ અપ્પય દીક્ષિત વરદરાજને ભક્તોના ચિન્તામણિ રત્નરૂપે આલેખે છે.[૫૯] વેંકટાધ્વરી પણ હસ્તિગિરિની કંદરામાં સ્થિત વરદરાજમાં આંતરિક સંતાપ હરનાર ચિન્તામણિનું રૂપ નિહાળી તેમનું સેવન કરે છે.[૬૦] આવાં ઉદાહરણ બતાવે છે કે સંપ્રદાયગત કવિઓના વિચારોમાં તેમજ નિરૂપણ-પદ્ધતિમાં પ્રાયઃ એકવાક્યના દૃષ્ટિગોચર થાય છે. સર્વાંશે વેંકટાધ્વરી આ સ્તોત્રોમાં મૌલિકતાનું દર્શન કરાવી શક્યા નથી, એનું કારણ પણ સાંપ્રદાયિક પ્રભાવ છે.

વર્ણાનુપ્રાસના નિયોજનથી 'શ્રવણાનંદ'નાં પદો શ્રુતિ-મધુર ધ્વન્યાત્મકતાને પામ્યાં છે. કેટલાંક ઉદાહરણ દૃષ્ટવ્ય છે.[૬૧]

યમકની શાબ્દી ક્રીડા તો અનેક પદોમાં દૃષ્ટિગોચર થાય છે. યમક દ્વારા સમાન શબ્દોનો ભ્રમ જન્માવી કવિ સૃષ્ટિનાં સર્જન, પાલન અને સંહારનાં કાર્ય કરનાર હસ્તિગિરિનિવાસી વરદરાજને અંજલિ અર્પે છે.[૬૨] અહીં 'વનજનિલય' એટલે હસ્તિ-નિવાસી અને 'અવનજનિલય' એટલે રક્ષણ, ઉત્પત્તિ અને સંહાર કરનાર એવો અર્થ થશે. વેદસમુદાયના જ્ઞાતા બ્રહ્માએ કાંચીનગરીમાં સહર્ષ શ્રેષ્ઠ યજ્ઞ આરંભ્યો, પરંતુ તે યજ્ઞને નષ્ટભ્રષ્ટ કરવા તેમની ક્રુદ્ધ પત્ની સરસ્વતી વેગવતી નદી સ્વરૂપે જોરથી ત્યાં આવી પડી અને બ્રહ્મા ઉદ્વિગ્ન થયા. વેગવતીના પ્રબળ પ્રવાહથી યજ્ઞની રક્ષાર્થે ઉદ્વિગ્ન મુનિઓએ વરદરાજની સ્તુતિ કરી. આ પૌરાણિક ઘટનાને સંક્ષેપમાં કવિ યમક-અલંકાર દ્વારા ગૂંથે છે.[૬૩] શ્રીરમણ વરદરાજ તો સદૃશ અને અધિકથી રહિત છે, એટલે કે અતુલનીય છે. વળી તેઓ નમસ્કાર કરનારનું હિત કરે છે. કવિના આ નિરૂપણમાં યમકની શબ્દજાળ છે.[૬૪] વરદરાજ છે, તો હિત નષ્ટ થતું નથી કે સંસાર પણ સંતાપરૂપ બનતો નથી.[૬૫] કવિના આ કથનમાં પણ શબ્દોની જોડતોડમાંથી યમકનું ચમત્કારિત્વ સર્જાય છે. વળી પ્રતિદિવસ દેહની સ્થિતિ માટે દુષ્કૃત્યો આચરવામાં સંશય ન રાખનાર એવા

અરક્ષિત મારા માટે તું જ ગતિ છે.[૬૬] એવા ભાવના નિરૂપણમાં પણ સમાન-શબ્દ-ભ્રમ પેદા કરી ભિન્ન ભિન્ન અર્થ નિષ્પન્ન કરવાની કવિ-ચાતુરીનાં દર્શન થાય છે.

અલંકૃત અને નિરલંકૃત બંને પ્રકારના કાવ્ય-સર્જનમાં કવિ સક્ષમ છે. 'શ્રવણાનંદ'માં કેટલીક માધુર્ય અને પ્રસાદગુણસંપન્ન સરળ સુચારુ સાનુપ્રાસિક પદાવલિઓનો ભાવાનુસાર પ્રયોગ પણ થયો છે. આવાં પદોથી કાવ્યની સ્તોત્રાત્મકતામાં અભિવૃદ્ધિ થઈ છે. એવાં કેટલાંક પદ નોંધપાત્ર છે.[૬૭]

'શ્રવણાનંદ'ની ગવર્નમેન્ટ ઓરિએન્ટલ મેન્યુસ્ક્રિપ્ટ્સ લાયબ્રેરી, મદ્રાસની હસ્તપ્રત (નં. ચાર. ૨૧૧૭)ના કુલ ૮૮ શ્લોકોમાં કુલ નવ છંદોનો પ્રયોગ થયો છે. એક એક છંદમાં દશ દશ શ્લોકોની રચના થઈ છે. શક્ય છે કે વેંકટાધ્વરીએ દશ છંદોમાં દશ દશ એમ કુલ ૧૦૦ જેટલા શ્લોક રચી 'શ્રવણાનંદ'ને શતક-સ્તોત્રનું રૂપ આપ્યું હશે, પરંતુ મદ્રાસની હસ્તપ્રત અપૂર્ણ હોવાથી છેલ્લા દશ-બાર શ્લોકોનો આમાં સમાવેશ થયો નથી. વળી બે છંદોના નવ નવ શ્લોક પ્રાપ્ત થાય છે. તેથી બે શ્લોક પણ આ હસ્તપ્રતમાંથી નીકળી ગયા હશે, એમ પ્રતીત થાય છે. વાર્ણિક અને માત્રિક બંને પ્રકારના છંદ પ્રયોજાયા છે. ક્રમશઃ એક એક છંદના દશ દશ શ્લોક-રચનામાં વિષયાનુસાર છંદોવિધાનનો ખ્યાલ રખાયો છે. નર્દટક છંદના શ્લોક ૧ થી ૧૦માં મુખ્યત્વે પ્રપત્તિ-ભાવના, વસંતતિલકાના શ્લોક ૧૧ થી ૨૦માં વિષ્ણુની અન્ય દેવો કરતાં ઉત્કૃષ્ટતા તેમજ માહાત્મ્ય, મંજુભાષિણી છંદના શ્લોક ૨૧ થી ૨૯માં કવિ દ્વારા દુર્ગુણોનો એકરાર અને રક્ષા-યાચના, મત્તમયૂરીના શ્લોક ૩૦ થી ૩૯માં વરદરાજ વિષ્ણુનું તાત્ત્વિક સ્વરૂપ, ગીતિ છંદના શ્લોક ૪૦ થી ૪૯માં હસ્તિગિરિ પર પ્રતિમા સ્વરૂપે વિરાજમાન વરદરાજનું રૂપવર્ણન, આર્યગીતિના શ્લોક ૫૦ થી ૫૮માં કવિનું યમક-કૌશલ, શિખરિણી અને પૃથ્વી છંદના અનુક્રમે શ્લોક ૫૯ થી ૬૮ અને શ્લોક ૬૯ થી ૭૮માં વરદરાજનું રક્ષક તરીકેનું સ્વરૂપ અને અંતિમ ઔપચ્છંદસિક છંદના શ્લોક ૭૯ થી ૮૮માં સરળ-કોમળ-મધુર પદાવલીઓનો પ્રયોગ થયો છે.

ચરણના અંતિમ લઘુ વર્ણને કવિએ આવશ્યકતાનુસાર ગુરુ માન્યો છે.

વેંકટાધ્વરી વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સંપ્રદાયમાં દીક્ષિત હોઈ, પુરોગામી આચાર્યો તેમજ કવિઓનો પ્રભાવ તેમના ઉપર રહે જ. 'શ્રવણાનંદ' મુખ્યત્વે યામુન મુનિકૃત 'સ્તોત્રરત્ન', વેદાંતદેશિકરચિત 'વરદરાજપંચાશત્' અને અદ્વૈતાચાર્ય કવિ અપ્પય દીક્ષિતકૃત 'વરદરાજસ્તવ'ને અનુસરે છે. આમ હોવા છતાં વેંકટાધ્વરીએ શાબ્દીક્રીડા ધ્વારા સાહિત્યિક ચમત્કાર નિષ્પન્ન કરી પુરોગામીઓનાં સ્તોત્રોથી પોતાના આ સ્તોત્રનું વૈશિષ્ટ્ય જાળવ્યું છે.

## આચાર્યપંચાશત્ (સ્તોત્ર)

### (૧) 'આચાર્યપંચાશત્'નો કાવ્ય-પ્રકાર :

સંસ્કૃતમાં સ્તોત્ર-સાહિત્ય વૈવિધ્યપૂર્ણ છે. દેવતા-સ્તોત્રોની સાથે ગુરુ-સ્તોત્રોની પણ પરંપરા અસ્તિત્વમાં આવી. ગુરુ-સ્તોત્ર સાંપ્રદાયિક કાવ્ય બની રહે છે. કેમકે એમાં કવિ-શિષ્ય સ્વસંપ્રદાયના ઈષ્ટ આચાર્ય, સંત કે

ગુરુના જીવન-કાર્યનું પ્રશસ્તિપૂર્વક આલેખન કરે છે. સાંપ્રદાયિક સ્તોત્ર-કાવ્યની રચનાનો પ્રમુખ ઉદ્દેશ સ્વસંપ્રદાયના પ્રચારનો હોઈ એમાં પ્રાયઃ વિશુદ્ધ કાવ્યાત્મકતાનો ઉન્મેષ થઈ શકતો નથી.

મધ્યકાલીન ભારતીય ધર્મ અને તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે પ્રાદુર્ભૂત વિવિધ શૈવ-વૈષ્ણવ-શાક્તાદિ સંત-આચાર્યોની પ્રશસ્તિમાં એમના અનુગામી શિષ્ય કવિઓએ વિપુલ પ્રમાણમાં સાહિત્ય સર્જન કર્યું. મુખ્યત્વે ચમ્પૂ અને સ્તોત્રકાવ્યના માધ્યમ દ્વારા કવિઓએ પોતાના સંપ્રદાયના ઈષ્ટ આચાર્ય કે સંત પ્રત્યેનો પૂજ્યભાવ વ્યક્ત કર્યો. વૈષ્ણવ-વિશિષ્ટાદ્વૈતી આચાર્ય વેંકટનાથ વેદાંતદેશિકની પ્રશસ્તિમાં પણ ઘણાં સ્તોત્ર રચાયાં. એમાંની કેટલીક કૃતિઓ નોંધપાત્ર છે : (૧) પરકાલસ્વામી-પ્રથમ (૧૪મી સદી) રચિત 'આચાર્યમંગલમ્', (૨) પ્રતિવાદી ભયંકર અણ્ણાચાર્ય (ઈ.સ. ૧૪૦૦-૧૪૧૦) કૃત 'સપ્તતિરત્નમાલિકા', (૩) રામાનુજદાસ ઉર્ફ મહાચાર્ય (૧૬મી સદી) કૃત 'વેદાંતદેશિકવૈભવપ્રકાશ' ઈત્યાદિ. વેંકટનાથના પુત્ર વરદનાથ ઉર્ફે કુમાર વેદાન્તાચાર્યે (ઈ.સ. ૧૩૧૭-૧૪૧૪) પણ પિતાની મહત્તા સંબંધી ઘણી સ્તોત્ર-કૃતિઓ રચી છે. આ પરંપરામાં કવિ વેંકટાધ્વરીએ 'આચાર્યપંચાશત્'ની રચના કરી. આ ગુરુ-સ્તોત્રમાં કવિ પોતાના વિશિષ્ટાદ્વૈતી ગુરુ વેંકટનાથ વેદાંતદેશિકની ભાવસભર પ્રશસ્તિ સાથે તેમના જીવન-કવનની સર્વાંગી સમીક્ષા કરે છે. રામાનુજ-સંપ્રદાયના આચાર્ય-કવિઓમાં વેંકટનાથ વેદાન્તદેશિક (સમય ઈ.સ. ૧૨૬૮-૧૩૬૯)નું નામ સુપ્રસિદ્ધ છે. રામાનુદ-દર્શન અને વૈષ્ણવ-ધર્મના ચરણે પોતાનું જીવન સમર્પિત કરીને તેમજ તત્સંબંધી વિપુલ પ્રમાણમાં સાહિત્ય-સર્જન અને પ્રવચનો દ્વારા તેના પ્રચાર-પ્રસાર-પ્રતિષ્ઠામાં તેમનું પ્રદાન અપ્રતિમ છે. તેમની શિષ્ય-પરંપરાના કવિ વેંકટાધ્વરી ગુરુના જીવન-કવનથી પ્રભાવિત થયા છે. વેદાંતદેશિકની કૃતિઓથી અનુપ્રાણિત થઈ કવિએ સાહિત્ય-સર્જનનું કાર્ય કર્યું છે. 'પંચાશત્' પ્રકારના આ સ્તોત્રના ૫૫ શ્લોકોના માધ્યમથી કવિ પોતાના આ મહાન વૈષ્ણવ-આચાર્ય પ્રત્યેનો અનન્ય ભક્તિભાવ રજૂ કરે છે. 'વિશ્વગુણાદર્શ' માં પણ તેમણે વેદાંતદેશિકનો મહિમા ગાયો છે.[૬૮]

## (૨) રચનાનું પ્રેરક બળ :

સ્તોત્રનો આરંભ ગુરુ-વંદના અને આત્મનિવેદનથી થયો છે. વેંકટાધ્વરીએ જીવનના પૂર્વાર્ધમાં રાજ્યાશ્રય પ્રાપ્ત કરી કવિ તેમજ વાદી-પંડિત તરીકેની કીર્તિ સંપાદિત કરેલી, પરંતુ જીવનના ઉત્તરાર્ધમાં તેમની દૃષ્ટિ નિર્મળ બનતાં એ કાર્ય તેમને ક્ષુલ્લક-ક્ષુદ્ર પ્રતીત થયું. રાજ્યાશ્રયના કટુ અનુભવો તેમજ ધનલાલસાથી ક્ષુદ્ર વિષયી સંબંધી સાહિત્ય-સર્જન કરીને ઉદ્વિગ્ન બનેલા કવિ હવે પ્રાયશ્ચિત રૂપે ગુરુ વેંકટનાથનું શરણ સ્વીકારી, તેમનું સ્તોત્ર રચીને, નિગમાન્ત-ગુરુની જીવન-કથાના અમૃતનું પાન કરી પોતાની દૂષિત થયેલી વાણીને પરિશુદ્ધ કરવા માગે છે.[૬૯] કવિનું આ આત્મનિવેદન સ્તોત્ર-રચનાનો ઉદ્દેશ સ્પષ્ટ કરે છે. આનાથી એ પણ સૂચિત થાય છે કે કવિએ આ સ્તોત્રની રચના જીવનની ઉત્તરાવસ્થામાં કરી છે. આની રચનાનું પ્રેરકબળ અનન્ય ગુરુ-ભક્તિ છે. વળી વેદાંતદેશિકે ગુરુ રામાનુજની પ્રશસ્તિમાં 'યતિરાજસપ્તતિ' રચ્યું, તો વેંકટાધ્વરીએ વેદાંતદેશિકની પ્રશંસામાં - 'આચાર્યપંચાશત્' રચીને પરંપરાનું પાલન કર્યું. વેદાંતદેશિકનાં 'પંચાશત્' પ્રકારનાં સ્તોત્રો ખ્યાલમાં રાખી વેંકટાધ્વરી પણ પોતાના આ સ્તોત્રને 'પંચાશત્'નું સ્વરૂપ આપે છે. ગુરુની મહાનતાના ઉપલક્ષ્યમાં, મહાકવિ કાલિદાસ[૭૦] ની જેમ પોતાનાં અલ્પજ્ઞતા અને વાગ્દૌર્બલ્યનો અનુભવ કરતા કવિ વેંકટાધ્વરી નિપુણ જનોના

પરિહાસથી ઉત્પન્ન લજ્જા છોડીને પણ સ્તોત્ર-રચના કરવા પ્રવૃત્ત થાય છે. કેમકે ગુરુ-ભક્તિ એમને પ્રેરે છે.[૭૧] જૈનકવિ માનતુંગે પણ પોતાના સ્તોત્રના આરંભે આવો ભાવ વ્યક્ત કર્યો છે.

## (૩) 'આચાર્યપંચાશત્'માં વેંકટનાથ વેદાન્તદેશિકના જીવન અને કવનનું કાવ્યાત્મક ચિત્રણ :

ગુરુ-સ્તોત્ર જીવની, રેખાચિત્ર અને પ્રશસ્તિનું ત્રિવિધ સ્વરૂપ પ્રગટ કરે છે. ઘણાંખરાં ગુરુ-સ્તોત્રોમાં પ્રાયઃ ચરિતનાયક-આચાર્યના જીવનની સ્થૂળ વિગતો, ઘટનાઓ તેમજ દંતકથાઓનું ક્રમાનુસાર સામાન્ય કક્ષાનું ચિત્રણ દૃષ્ટિગોચર થાય છે. પરંતુ 'આચાર્યપંચાશત્'માં સ્થૂળ ઘટનાઓ કે પ્રસંગોના ચિત્રણ સિવાય પણ સૂચક શબ્દો તેમજ વિશેષણોના માધ્યમથી ચરિતનાયકનું જીવન અભિવ્યંજિત થયું છે. આ દૃષ્ટિએ કૃતિ કાવ્યાત્મકતાને પામી છે. જીવનની સર્વાંગી સમીક્ષા પરિમિત શબ્દોમાં કરવી એ દુષ્કર કાર્ય છે. વેંકટાધ્વરીની સમીક્ષાત્મક દૃષ્ટિ આ કાર્યમાં સફળતાને પામી છે.

વિશ્વામિત્રકુલોત્પન્ન[૭૩] વેંકટનાથ ભગવાન વિષ્ણુના 'ઘંટાવતાર' તરીકે સન્માનિત થયા, પૂજાયા. પરંપરા જણાવે છે કે કાંચીનિવાસી નિઃસંતાન વૈષ્ણવ-દંપતી અનંતસૂરિ અને તોતાદ્રિ અમ્બા તિરુપતિની યાત્રાએ ગયાં. તોતાદ્રિઅમ્બાએ સ્વપ્નમાં એક અદ્ભુત દૃશ્ય જોયું. ભગવાન વેંકટનાથે શિશુરૂપે ઉપસ્થિત થઈને તેમને ઘંટાની ભેટ આપી અને પુત્રપ્રાપ્તિના આશીર્વાદ આપી અદૃશ્ય થઈ ગયા. વેંકટનાથના મંદિરમાંથી ઘંટ અદૃશ્ય થયો. ચોરાઈ ગયો માની શોધખોળ થઈ, પણ પાછળથી રહસ્ય સ્પષ્ટ થયું. આ વરદાનથી એ દંપતીને પુત્રપ્રાપ્તિ થઈ. ભગવાન વેંકટનાથની કૃપાથી આ લાભ થયો હોઈ બાળકનું નામ રખાયું - વેંકટનાથ. સ્વપ્નની આ ચમત્કારી કથાના આધારે તેમને 'ઘંટાવતાર'નું બિરુદ પ્રાપ્ત થયું. આ કથાનો નિર્દેશ તેઓ સ્વયં કરે છે.[૭૪] વેંકટાધ્વરીની એ વિશેષતા છે કે તેઓ આવી ચમત્કારી દંતકથાઓ કે ઘટનાઓના ચિત્રણમાં રાચતા નથી, પણ આવાં બિરુદોનું વાસ્તવિક રહસ્ય અલ્પ શબ્દોમાં સુસ્પષ્ટ કરી ચરિતનાયકના ભવ્ય કાર્યને અંજલિ આપે છે. સુદૂર પ્રસરતા ઘંટારવને અનુરૂપ વેદાન્તસૂરિ વેંકટનાથે વિશિષ્ટાદ્વૈતી-દર્શન તેમજ વૈષ્ણવ ધર્મનો વ્યાપક પ્રચાર કરી. વેદાંતવિરોધી કુમતોનું ખંડન કરી, માનવસમાજમાંથી દુષ્કૃત્ય કે અજ્ઞાન રૂપ પિશાચને દૂર કરી પોતાની કૃતિઓના માધ્યમથી શ્રુતિમધુર વાણીનો ઉન્મેષ કર્યો. આથી જ વિદ્વાનોએ યોગ્ય રીતે વિષ્ણુઘંટાવતાર રૂપે તેમને ઓળખ્યા. વેંકટાધ્વરી પોતાના ગુરુના જીવન-કાર્યનું આવું મૂલ્યાંકન કરી 'વિષ્ણુઘંટાવતાર' બિરુદની સાર્થકતા પ્રતિપાદિત કરે છે.[૭૫] 'વિશ્વગુણાદર્શચમ્પૂ'માં પણ કવિએ આ બાબત એવા જ વિચાર સાથે સ્પષ્ટ કરી છે.[૭૬]

વેંકટાધ્વરી પોતાના ગુરુ વેંકટનાથની શાસ્ત્ર-નિપુણતા અને વેદાંત-વિરોધી મતોનો ઉચ્છેદ કરતી વાદવિવાદની શક્તિની સવિશેષ પ્રશસ્તિ કરે છે. પ્રશસ્તિમાં અતિશયોક્તિનું તત્ત્વ પ્રાયઃ રહે છે, પરંતુ વેંકટનાથની કૃતિઓના પર્યાલોચનથી એ સ્પષ્ટ થાય છે કે તેમના માટે કરેલી ગમે તેવી ભવ્ય પ્રશસ્તિ પણ વાસ્તવિક બની રહે છે. તેથી વેંકટાધ્વરીએ કરેલ પ્રશસ્તિ વાસ્તવિકતા અને ઔચિત્યથી રહિત નથી. જીવનની આરંભિક અવસ્થામાં જ વેંકટનાથે પોતાના માતુલ અને 'ન્યાયકુલિશ' ના કર્તા વિદ્વાન આત્રેય રામાનુજ તેમજ પિતા અનંતસૂરિ અને વત્સ વરદાચાર્ય જેવા વિદ્વાનો પાસે શિક્ષણ પ્રાપ્ત કરી સર્વ શાસ્ત્રોમાં પ્રાવીણ્ય પ્રાપ્ત કર્યું. આનો ઉલ્લેખ તેઓ સ્વયં કરે છે.[૭૭] વળી તેઓ નોંધે છે કે તેમણે વૈશેષિક, ન્યાય, મીમાંસા, સાંખ્ય અને યોગશાસ્ત્રોનો તો ગહન

અભ્યાસ કર્યો હતો.[૭૮] ઉત્તરમીમાંસા, રામાનુજ-દર્શન અને શ્રીભાષ્ય તો તેમના અતીવ પ્રિય વિષય હતાં. તત્સંબંધી અનેક કૃતિઓના સર્જન દ્વારા અને કાંચી, તિરુવાહીન્દ્રપુરમ્, શ્રીરંગમ્, તિરુપતિ ઈત્યાદિ સ્થળોએ નિવાસ કરી વિરોધી મતોનું તાર્કિક ખંડન કરી વેદાંત-વિદ્યાને તેમણે પ્રતિષ્ઠિત કરી. તેમણે રચેલ ન્યાયપરિશુદ્ધિ, તત્ત્વમુક્તાકલાપ, સર્વાર્થ-સિદ્ધિ, સેશ્વરમીમાંસા, સાંખ્યકારિકા, સાંખ્યતત્વકૌમુદી, તત્ત્વટીકા, ગીતાભાષ્ય તાત્પર્યચંદ્રિકા ઈત્યાદિ ગ્રંથો તેમનું દાર્શનિક-જ્ઞાન સૂચવવા પર્યાપ્ત છે. ચાર્વાક, જૈન તેમજ બૌદ્ધ દર્શનની તેમણે કરેલી આલોચના તેમના વેદાંતવિરોધી શાસ્ત્રોના ગહન અધ્યયનની સાક્ષી પૂરે છે. તેઓ સ્વયં આ બાબત જણાવે છે.[૭૯] શદૂષણી, વાદિત્રયખંડન, ચકાર-સમર્થન, પરમતભંગ, સ્તેયાવિરોધ, સચ્ચરિત્રરક્ષા ઈત્યાદિ તેમના વાદ-ગ્રંથોમાં વિરોધી મતો કે સંશયોનું ઉન્મૂલન કરવાની તેમની વાદ-વિવાદની શક્તિનાં દર્શન થાય છે. અપ્રતીમ શાસ્ત્ર-પાંડિત્યને કારણે તેમને 'સર્વતંત્રસ્વતંત્ર'નું બિરુદ પ્રાપ્ત થયું. તેમને પ્રાપ્ત થયેલી આવી માનવંતી ઉપાધિ સંબંધી કેટલીક દંતકથાઓ પણ ઉપલબ્ધ થાય છે.

ચરિત-નાયકને હૃદય-દર્પણમાં પ્રતિચ્છાયિત કર્યા સિવાય તેનું જીવંત કલાપૂર્ણ ચિત્રણ શક્ય નથી. તેથી પોતાના 'સર્વતંત્રસ્વતંત્ર' ગુરુની હૃદયમાં અવતારણા કરી.[૮૦] તેમનાં પાંડિત્ય તેમજ વાગ્વૈભવને કવિ વેંકટાધ્વરી સૂચક રૂપકો તેમજ વિશેષણો દ્વારા બિરદાવે છે. તેમની દૃષ્ટિએ વેંકટનાથ વેદાંતદેશિક તો વાદ-યુદ્ધના વીર હાથીઓની ઘટાનો સંહાર કરનાર સિંહ,[૮૧] પ્રતિવાદીના કુટિલ તર્કોના ઉન્મૂલનની ક્રીડામાં નિપુણ,[૮૨] તર્કબદ્ધ દલીલો દ્વારા સ્વપક્ષ-સ્થાપનમાં કુશળ[૮૩] અને સર્વ કુમતિ (દુષ્ટ-વાદ) રૂપ સર્પના ગરુડ છે.[૮૪] આ વિશેષણો વેદાંતદેશિકે પોતાના જીવન દરમિયાન પ્રતિસ્પર્ધીઓ સાથે કરેલ શાસ્ત્રાર્થો અને તેમાં પ્રાપ્ત કરેલ વિજયને નિર્દેશે છે. કેટલાક શાસ્ત્રાર્થ પ્રસિદ્ધ છે. વિજયનગરના અદ્વૈતવાદી શ્રીવિદ્યારણ્ય અને માધ્વસંપ્રદાયના આચાર્યશ્રી અક્ષોભ્ય મુનિ વચ્ચેના વાદ-વિવાદમાં વેદાંતદેશિકે મધ્યસ્થી તરીકે કાર્ય કરી વિદ્યારણ્યની શંકાઓનું ખંડન કર્યું. એ ખંડનાત્મક ગ્રંથ તે 'શતદૂષણી'. વિદ્યારણ્યે આ ગ્રંથના એક 'ચ' અક્ષર પર આક્ષેપ કર્યો, તો વેદાંતદેશિકે એનું સમાધાન 'ચકારસમર્થન' ગ્રંથ દ્વારા કર્યું. 'શતદૂષણી'માં શંકરાચાર્ય, ભાસ્કર અને યાદવના સિદ્ધાંતોનું પણ ખંડન થયું છે. તિરુવાહીન્દ્પુરમાં વિભિન્ન દર્શનોના અઢાર વિદ્વાનો સાથે તેમણે શાસ્ત્રાર્થ કરી સંકીર્ણ વાદોનું ખંડન કરી રામાનુજ દર્શનની શ્રેષ્ઠતા સિદ્ધ કરી. આ ખંડનની યુક્તિઓ તેમના 'પરમતભંગ'માં સંગૃહિત થઈ છે. તિરુકકોવલૂરની યાત્રા પ્રસંગે શંખચક્રાંકન તથા ઊધ્વર્પુણ્ડ્રધારણ સંબંધી વિરોધીઓએ ઉપસ્થિત કરેલ શંકાઓનું સવિસ્તર સમાધાન કરીને તેમણે પ્રતિસ્પર્ધીઓને ચૂપ કરી દીધા. આનું નિરૂપણ 'સચ્ચરિત્ર-રક્ષા'માં થયું છે. તિરુવાહીન્દ્રપુરમાં આલવાર સંત શ્રી. પરકાલની લીલા પ્રસંગે તેના ઔચિત્ય સંબંધી કેટલાક વૈષ્ણવ વિદ્વાનોના સંશયોને તર્કસંગત કારણોદ્વારા દૂર કર્યા. આ ચર્ચા તેમના 'સ્તેયાવિરોધ' ગ્રંથોમાં નિરૂપિત થઈ છે. કાંચીમાં એક અદ્વૈતવાદી સંન્યાસીએ વૈષ્ણવ પર આક્ષેપ કરીને વેદાંતદેશિકને શાસ્ત્રાર્થ માટે પડકાર્યા. પરંતુ એમાં દેશિકનો વિજય થયો. એ માંત્રિક સંન્યાસીએ પ્રયોજેલ મંત્ર-તંત્રને પણ તેમણે નિષ્ફળ બનાવી દીધાં. 'વાદિત્રયખંડનમ્'માં તેમણે શંકરાચાર્ય, ભાસ્કર અને યાદવના દાર્શનિક સિદ્ધાંતોનું ખંડન કર્યું છે. જ્યારે યતિપતિ રામાનુજના પ્રૌઢ વાગબ્ધિના ચંદ્ર વેદાંતદેશિક જય પામે છે. ત્યારે, શંકર-મધ્વાદિ આચાર્યો તેમજ બૌદ્ધ, જૈન, શૈવ ઈત્યાદિનાં કુતર્કો કે સિદ્ધાંતો વિગલિત થઈ જાય છે, ઝૂકી જાય છે, કૃશ થઈ જાય છે.[૮૫] આવું નિરૂપણ કરીને વેંકટાધ્વરી વેદાંતદેશિકની

શાસ્ત્ર-પાંડિત્ય અને વાદ-વિવાદની શક્તિનો પરિચય કરાવે છે. તેમની આવી શક્તિના ઉપલક્ષ્યમાં તેમને 'કવિકથક-ઘટા-કેસરી વેંકટેશ', 'કવિકથકસિંહ' કે 'કવિતાર્કિક-કેસરી-વેદાન્તાચાર્ય'નાં બિરુદ પ્રાપ્ત થયાં. આવા ગુરુને કવિ ભક્તિભાવપૂર્વક વંદન કરે છે.[૮૬]

વેંકટનાથ માટે વેંકટાધ્વરીએ પ્રયોજેલ વિશેષણો કે રૂપકો ક્વચિત્ દંતકથાઓનો પણ નિર્દેશ કરે છે. કવિની દૃષ્ટિએ તેઓ 'કુમતિવ્યાલગરુડ' છે. આ સંબંધી એક દંતકથા અનુસાર કહેવાય છે કે કાંચીવરમ્‌માં વિરોધીઓની પ્રેરણાથી એક મદારીએ વેદાંતદેશિક તરફ ઘણા સર્પ છોડીને તેમને વશ કરવાનો આદેશ આપ્યો. વેદાંતદેશિકે પોતાની આજુબાજુ રેખા ખેંચી દીધી. વેદાંતદેશિકના ગરુડમંત્રથી કોઈ સર્પ રેખા ઓળંગી શક્યો નહિ. છેવટે એક મહાભયંકર સર્પ મદારીએ છોડ્યો. પણ વેદાંતદેશિકની ભક્તિના પ્રતાપથી ગરુડ ભગવાનનું આગમન થયું અને તેઓ સર્પને ઊઠાવી ગયા. આ ઘટનાથી એમનું સર્વતંત્રસ્વાતંત્ર્ય સિદ્ધ થયું અને વિરોધીઓનો પરાજય થયો.

વેંકટનાથ શાસ્ત્ર-પંડિત ઉપરાંત સફળ કવિ પણ છે. પોતાના જીવન દરમિયાન તેમણે શતાધિક શાસ્ત્રીય તેમજ સાહિત્યિક કૃતિઓનું સર્જન કર્યું. 'આચાર્યપંચાશત્'માં તેમની કેટલીક કૃતિઓના નિર્દેશપૂર્વક તેમની કાવ્યશક્તિ તેમજ વાગ્ધારાની કાવ્યાત્મક પ્રશસ્તિ થઈ છે. માત્ર છ-સાત કૃતિઓ વર્ષોના પ્રયાસને પરિણામે રચીને ગર્વોન્મત્ત બનેલા કવિઓ સ્તુતિને પાત્ર બને, તો વિના પ્રયાસે સો નિબંધ-રત્નોનું સર્જન કરનાર વેદાંતદેશિક કયા પંડિત દ્વારા સ્તુત્ય નથી.[૮૭] એવું કહી વેંકટાધ્વરી વેદાંતદેશિકના શીઘ્ર કવિત્વની અને તેમણે રચેલ સો કૃતિઓની વ્યંજના કરે છે. ભગવાન રંગનાથ (રામ)ની પાદુકાઓની સ્તુતિમાં વેદાંતદેશિકે એક જ રાતમાં સહસ્રશ્લોકી 'પાદુકાસહસ્રમ્' સ્તોત્રની રચના કરી તેમણે પોતાનું શીઘ્ર કવિત્વ સિદ્ધ કર્યું.[૮૮] આ સંબંધી એક દંતકથા જણાવે છે કે તેંગલે-કવિ સાથેની સ્પર્ધામાં એક જ રાતમાં આ સ્તોત્ર રચીને વેદાંતદેશિકે પોતાનું કવિ-તાર્કિક-સિંહત્વ સિદ્ધ કર્યું. વિષ્ણુ-પત્ની લક્ષ્મીનો વૈભવ પ્રગટ કરવા તેમણે 'શ્રીસ્તુતિ' (સ્તોત્ર) જેવી કૃતિઓનું સર્જન કર્યું. આથી કવિ વેંકટાધ્વરી આ કૃતિઓ પરત્વે સંકેત કરતાં જણાવે છે કે જે મુકુન્દપ્રિયા સ્થિર વૈભવ બતાવે છે, તેનો પણ વૈભવ વેદાંતદેશિક ત્રિજગતમાં પ્રસ્થાપિત કરે છે.[૮૯] કાંચી-ક્ષેત્રનું આચાર્યપદ પ્રાપ્ત કર્યા પછી વેદાંતદેશિક ગરુડની ઉપાસના અને ગરુડ-મંત્રની સાધના પૂર્ણ કરવા દેવનાયક અને હયગ્રીવના મંદિરોથી શોભાયમાન તિરુવાહીન્દ્રપુરમાં ગયા. પંદર વર્ષના ત્યાંના નિવાસ દરમિયાન તેમણે અએક સ્તોત્રોનું સર્જન કર્યું. વેંકટાધ્વરી તેમને 'હરિ પાસેથી અમૃતની પ્રાપ્તિ કરતા ગરુડ'[૯૦] અને 'હયગ્રીવની ઉપાસના કરનાર'[૯૧] તરીકે આલેખી તેમણે રચેલ 'ગરુડપંચાશત્', 'હયગ્રીવસ્તોત્ર' ઈત્યાદિ સ્તોત્ર-કૃતિઓ તરફ અંગુલિનિર્દેશ કરે છે. 'યાદવાભ્યુદય' વેદાંતદેશિકનું પ્રસિદ્ધ મહાકાવ્ય છે. વેંકટાધ્વરીએ ડિંડિમ-કવિની કવનશક્તિના ગર્વને ઓગાળી નાખનાર આ કૃતિના નામોલ્લેખ સિવાય તેનાં કાવ્ય-સૌંદર્ય અને વાઙ્માધુર્યને સંક્ષેપમાં વ્યક્ત કરી દીધાં છે.[૯૨] અહીં કવિએ 'યાદવાભ્યુદય'ના સર્જન સંબંધી એક કથાનો નિર્દેશ કર્યો છે. એમ કહેવાય છે કે વિજયનગરના એક ડિંડિમ કવિએ પોતાનું 'રામાભ્યુદય' મહાકાવ્ય વેદાંતદેશિકને બતાવીને ગર્વ વ્યક્ત કર્યો. આ બાબતે વેદાંતદેશિકે એક જ રાતમાં કૃષ્ણચરિત સંબંધી 'યાદવાભ્યુદય' નામે કાવ્યસમૃદ્ધિથી સંપન્ન મહાકાવ્ય રચીને ડિંડિમકવિનો ગર્વ ઉતારી દીધો. પ્રસિદ્ધ વિદ્વાન અપ્પય દીક્ષિતે આ મહાકાવ્યની ટીકા રચી છે. એમાં એમણે વેદાંતદેશિકની

કવનશક્તિની પ્રશસ્તિ પણ કરી છે.[૯૩] સંસ્કૃત અને તામિલ બંને ભાષાઓમાં સાહિત્ય-સર્જનની ક્ષમતા વેદાંતદેશિકમાં હતી. તેમણે તામિલ-ભાષામાં પણ દ્રાવિડોપનિષત્સાર, દ્રાવિડોપનિષદ્-રત્નાવલી, નવરત્નમાલૈ, પન્દુપ્પા, ઈત્યાદિ અનેક દ્રાવિડ પ્રબંધોનું સર્જન કરી તામિલ વેદનો વિસ્તાર કર્યો. આનો નિર્દેશ વેંકટાધ્વરી કરે છે.[૯૪]

વેદાંતદેશિકે સંપ્રદાયપરિશુદ્ધિ, તત્ત્વપદવી, તત્ત્વમાત્રિક, રહસ્યમાત્રિક, રહસ્યરત્નાવલી, રહસ્ય-શિખામણિ ઈત્યાદિ ૩૨ જેટલા રહસ્યગ્રંથો તેમજ રામાનુજ-દર્શન વિષયક અનેક કૃતિઓનું સર્જન કરી વૈષ્ણવધર્મ અને રામાનુજ દર્શનને પ્રતિષ્ઠિત કરવાનું શ્રેય પ્રાપ્ત કર્યું. આ કૃતિઓ તરફ પાઠકને આકૃષ્ટ કરવા વેંકટાધ્વરી જણાવે છે કે જો યતિપતિ રામાનુજના સિદ્ધાંતરૂપી ક્ષીરસાગરમાં અવગાહન કરવાની ઈચ્છા હોય, ગર્વ, કુદૃષ્ટિ કે કુમતોના દમનમાં કુતૂહલ હોય અથવા તો રહસ્ય-કૃતિઓમાં જિજ્ઞાસા હોય તો પ્રાજ્ઞજનો વેદાન્તદેશિકના ચરણ-યુગલમાં પોતાનું મન કેન્દ્રિત કરે.[૯૫] રામાનુજના શ્રીભાષ્ય ઉપર વેદાંતદેશિકે 'તત્ત્વટીકા'ની રચના કરી. તેથી વેંકટાધ્વરી તેમની વાણીને શ્રીભાષ્યના અર્થને પ્રકાશિત કરનાર દીપિકાનું રૂપક આપે છે.[૯૬] વળી તેઓ વેદાંતદેશિકને ભાષ્યના પ્રમાણરૂપ[૯૭] તરીકે બિરદાવી એ રીતે તેમની ભાષ્યરચના શક્તિ અને તેમણે રચેલ તાત્પર્યચંદ્રિકા, ગીતાર્થસંગ્રહરક્ષા, ચતુઃશ્લોકીભાષ્ય, સ્તોત્રરત્નભાષ્ય, ગદ્યત્રયભાષ્ય ઈત્યાદિ ટીકા ગ્રંથો તરફ નિર્દેશ કર્યો છે.

વેદાંતદેશિકની કવિત્વશક્તિથી પ્રભાવિત વેંકટાધ્વરી સુંદર દૃષ્ટાંત દ્વારા એમને અતુલનીય કવિ-શિરોમણિ રૂપે નિહાળે છે. વેંકટાધ્વરીની દૃષ્ટિએ વેદાંતદેશિક તો ખગપતિ-ગરુડ છે, જ્યારે અન્ય કવિઓ તો નિરર્થક કોલાહલ કરતાં સામાન્ય પંખીઓ છે.[૯૮] પ્રબંધકર્તા-વેદાન્તાચાર્ય વેંકટાનાથની સ્પર્ધામાં કોણ ઊભો રહી શકે? કેમકે તેઓ તો પ્રચંડ સૂર્ય છે; જ્યારે કાવ્યબંધના માર્ગમાં જન્માંધ અને મહાપ્રયાસે બે-ત્રણ અક્ષરો ઉચ્ચારી પોતાની જાતને નિર્માતા તરીકે ઓળખાવનાર વ્યક્તિ તો ખદ્યોત છે.[૯૯] વેદાંતદેશિકની શ્રુતિ-મધુર વાણી સર્વોત્કૃષ્ટ છે. આનું નિરૂપણ કરતાં કવિ કહે છે : 'કવિઓ ભલે ગદ્ય-પદ્યમાં અનેક ગ્રંથોની રચના કરે, પરંતુ વેદાંતચાર્યની વણી સજ્જનોના કર્ણમાં હર્ષ-વૃષ્ટિ કરે છે. વને વને ભલે વેલડીઓ પુષ્પો પ્રગટ કરે, છતાં તે જૂઈ-પુષ્પના જેવી ઉત્તમ સૌરભ વિસ્તારી શકતી નથી.[૧૦૦]

વેદાંદેશિકે વિદ્યાની સર્વ શાખાઓમાં પ્રવીણ બની તે વિદ્યાનું વિનામૂલ્યે સમાજમાં વિતરણ કર્યું. તેથી કવિ વેંકટાધ્વરી 'વિદ્યાના બજાર'[૧૦૧] રૂપે ઓળખી તેમની યોગ્ય મૂલવણી કરે છે.

વેંકટાધ્વરીએ વેદાંતદેશિકની કૃતિઓમાં ઉલ્લસિત વાગ્સૌંદર્યની પણ સવિશેષ પ્રશસ્તિ કરી છે. વેદાંતદેશિક તો સરસકવિતા-પદ્મના સૂર્ય છે (શ્લોક ૯). એમની કૃતિઓ પ્રસાદ, ઓજસ્, માધુર્યાદિ ગુણોથી સંપન્ન છે. ભક્તિરસ (શાન્તરસ) નિર્ઝરતી એવી વાણીનું કર્ણ દ્વારા પાન કરી કયો રસિક અન્યને કવિ માનવાની દુશ્ચેષ્ટા કરે?[૧૦૨] એમની વાણી તો નિત્ય ધ્યેય છે. એ વાણી તો નર્તન કરતી શિવ-જટારૂપ, ઉછળતી દેવસરિતા-મંદાકિની-સ્વરૂપ, ત્રિજગતના રોગોનો ઉચ્છેદ કરનારી, પંડિતો દ્વારા અમૃતની જેમ આદર પમાયેલી અને સુરભિ-દુગ્ધની સ્પર્ધા કરનારી છે.[૧૦૩] એમનાં વચન-મૌક્તિક કર્ણ-પુટે ધારણ કરતા સજ્જનો સમક્ષ 'અમે પણ કવિઓ છીએ' એમ કહેતાં કોણ સભામાં લજ્જિત થતું નથી? (શ્લોક-૩૫) રામાનુજાચાર્ય તેમ જ પ્રાચીન વિદ્વાનોની મહિમાસંપન્ન

ઉક્તિઓને પ્રવર્તિત કરનારી, નવમા શાન્તરસને પ્રવાહિત કરનારી વેદાંતદેશિકની ભારતી સજ્જનો માટે આસ્વાદનીય છે (શ્લોક ૪૪).

વેદાંતદેશિક ઉત્તમ કવિ અને દાર્શનિક ઉપરાંત સાચા માનવ પણ છે. તેમણે પોતાનું પવિત્ર જીવન ધર્મ, દર્શન અને માનવસમાજના કલ્યાણ અર્થે સમર્પિત કર્યું છે. ઈશ્વરની શરણાગતિ સ્વીકારી તેમણે વ્યાપક સમાજને પ્રપત્તિ-ધર્મ શીખવ્યો. સાચા શરણાગતભક્તનો આદર્શ એમના જીવનમાંથી અભિવ્યક્ત થાય છે. તેથી જ વેંકટાધ્વરીની દૃષ્ટિએ તેઓ 'પ્રપત્તિ-કલા-જન્મજલધિ' (શ્લોક ૯) અને 'પ્રપત્તિવિદ્યાના વિહારની ઉદ્યાનભૂમિ' (શ્લોક ૨૫) છે. આશ્રિતો માટે તો તેઓ કલ્પવૃક્ષ છે. વિદ્યા, વૈરાગ્ય, વિવેક, શમ-દમ-દયા ઈત્યાદિથી સંપન્ન એમના ગુણિયલ માનવરૂપને સુસ્પષ્ટ કરવા વેંકટાધ્વરીએ એમને વિવિધ રૂપકોથી નવાજ્યા છે. 'વિદ્યાદેવી માટે વિહાર-ગૃહ, વૈરાગ્યરૂપી કમલિનીને વિકસિત કરનાર સૂર્ય, વિવેકરૂપી રાજવીઓનું વિજય-સ્થાન, શમદમાદિ ગુણોના પ્રાણરક્ષક, દયાના ઉદયની ભૂમિ અને રહસ્યકલાનિધિ એવા વેદાન્તાચાર્ય આનંદ પ્રદાન કરે'.[૧૦૪] દુન્યવી ભૌતિક આકર્ષણોથી રહિત તેમની સાત્ત્વિક-પ્રવૃત્તિ અને પ્રસન્ન-બુદ્ધિ સદૈવ ઈશ્વરની શરણાગતિ-પ્રપત્તિને જ વાસ્તવિક ધન માને છે (શ્લોક ૪૨).

'આચાર્યપંચાશત્'ના પદે પદે વેંકટાધ્વરીની અપ્રતિમ ગુરુ-નિષ્ઠાનાં દર્શન થાય છે. વિશિષ્ટાદ્વૈતી વેંકટાધ્વરીને મન પોતાના વિશિષ્ટાદ્વૈતી ગુરુ વેંકટનાથ પરમ દેવતા છે. 'અદ્‌ભુત-રત્ન સમઃ વેદાન્તચાર્યની પ્રશસ્તિ કયો પરીક્ષક ન કરે?' (શ્લોક ૪૬) આવું કહીને કવિએ સર્વ કસોટીઓમાં ઉત્તીર્ણ થનાર ગુરુના જીવન-કાર્યની વ્યંજના કરી છે. તેઓ વેંકટનાથને પ્રણામ કરે છે (શ્લોક૧૦), તેમનું ધ્યાન ધરે છે (શ્લોક ૩૪), તેમને શ્રદ્ધાભાવે શરણે જાય છે (શ્લોક ૪૫) અને તેમની પાસે કુશળતા, આનંદ અને કલ્યાણની યાચના કરે છે (શ્લોક ૧૭). વેંકટનાથ વેદાન્તાચાર્ય જ વેંકટાધ્વરીના એક માત્ર ગુરુ છે. આવી અનન્ય ગુરુભક્તિનાં દર્શન કરાવતાં તેઓ કહે છે : 'મુખપર્યંત અશ્વરૂપ હયગ્રીવ ભગવાનની ઉપાસના કરીને નાસ્તિકોના અજ્ઞાનજન્ય ગર્વને શાન્ત કરી દેનાર તે ગુરુથી ભિન્ન બીજા ગુરુ, કયો ગુણિયલ વ્યક્તિ પસંદ કરે?[૧૦૫] આ શ્લોક 'વિશ્વગુણાદર્શ'માં પણ પ્રાપ્ત થાય છે.[૧૦૬]

## (૪) 'આચાર્યપંચાશત્'નો કલાપક્ષ :

'આચાર્યપંચાશત્' પ્રસન્ન, મધુર સાનુપ્રાસિક પદાવલિઓમાં રચાયેલું છે. પરિણામે તે પ્રાસાદિક છતાં કલાત્મક સ્તોત્ર-કાવ્યની પદવીને યોગ્ય છે. વર્ણાનુપ્રાસ, શબ્દાનુપ્રાસ, ઉપમા, રૂપક અને દૃષ્ટાન્ત જેવા સરળ અલંકારોથી ગ્રંથિત આ કાવ્ય ભાવસૌંદર્યને વ્યંજિત કરવામાં સફળ છે. સાનુપ્રાસિક પદાવલિઓમાં માલારૂપકની ગૂંથણી દર્શનીય છે.[૧૦૭] વેદાંતદેશિકનું અતુલનીય કવિ-રૂપ સ્પષ્ટ કરવા સુંદર દૃષ્ટાન્ત અલંકારો (શ્લોક ૧૧, ૧૮, ૧૯, ૨૦)ની રચના થઈ છે. દૃષ્ટાન્ત અલંકારમાં પણ સાનુપ્રાસિક-ધ્વન્યાત્મક શબ્દરચના નાદ-સૌંદર્યનો આનંદ આપવા સમર્થ છે.[૧૦૮] શબ્દાનુપ્રાસ અને રૂપકાદિ અલંકારોથી અલંકૃત ધ્વન્યાત્મક ભવ્ય પદાવલીઓ પણ કવિની શબ્દ-સિદ્ધિનું દર્શન કરાવવા પર્યાપ્ત છે.[૧૦૯] સંક્ષેપમાં એક જ પદ દ્વારા ચરિતનાયકના સમગ્ર જીવન-કવનની વ્યંજના કરવાની વેંકટાધ્વરીની શક્તિનાં દર્શન પણ આવાં ઉદાહરણ કરાવે છે.

'આચાર્યપંચાશત્' જેવી નાનકડી સ્તોત્ર-કૃતિમાં પણ છંદોવૈવિધ્ય જળવાયું છે. ૫૪ શ્લોકની આ કૃતિમાં કુલ ૧૬ છંદોનો પ્રયોગ થયો છે. મુખ્યત્વે વાર્ણિક છંદોનો (સમ, અર્ધસમ અને મિશ્ર) ઉપયોગ થયો છે. માત્રિક છંદ ગીતિનું પણ એક ઉદાહરણ (શ્લોક-૧) પ્રાપ્ત થાય છે. વેંકટાધ્વરીના પ્રિય છંદ શાર્દુલવિક્રીડિત, માલિની, શિખરિણી અને અનુષ્ટુપ છે. આ સ્તોત્રમાં એવા મધુર છંદોનો સવિશેષ પ્રયોગ કરીને કવિએ ભાવ-સૌંદર્યની રક્ષા કરી છે. સૌથી અધિક પ્રયોગ શાર્દુલવિક્રીડિતનો થયો છે (શ્લોક ૧૫ થી ૨૨ તેમજ શ્લોક ૫૦, ૫૩), ત્યારબાદ શિખરિણી (શ્લોક ૬ થી ૧૪), માલિની (શ્લોક ૨૩ થી ૨૯) અને અનુષ્ટુપ (શ્લોક ૨ થી ૫ તેમજ શ્લોક ૫૨)નો ક્રમ આવે છે. અન્ય છંદોમાં પૃથ્વી (શ્લોક ૩૩, ૩૪). મંદાક્રાન્તા (શ્લોક ૫૪), વસંતતિલકા (શ્લોક ૩૬, ૩૭), વંશસ્થવિલ (શ્લોક ૪૦), ઈન્દ્રવજ્રા (શ્લોક ૪૧, ૫૧), હરિણી (શ્લોક ૪૨ થી ૪૪), સ્રગ્ધરા (શ્લોક ૪૭ થી ૪૯), પુષ્પિતાગ્રા (શ્લોક ૩૫) અને ઔપચ્છંદસિક (શ્લોક ૩૮, ૩૯) નો સમાવેશ થાય છે. નર્દટક (શ્લોક ૩૦ થી ૩૨) અને રથોદ્ધતા (શ્લોક ૨) જેવા અલ્પ-પ્રચલિત છંદ પણ પ્રયોજાયા છે.

▪

## પાદટીપ

૧. मम तु वशीकृतं मम इयं परदेवतया । श्रवणा० ६

૨. सपदि ममाश्रितस्य सकलानपि दोषमयान्
प्रशमयतु द्विषः प्रथितपुष्कलदिव्यबलः ।। श्रवणा० ७

૩. ..... शरणागतानां संरक्षितेति बिरुदं वरद त्वदीयम् ।। वरदराजपंचाशत्, ३५

૪. वरदे हृदयमिदं विधाय विजहत्कलये कलये ।। श्रवणा० १०

૫. अकिञ्चनोऽनन्यगतिशरण्य त्वत्पादमूलं शरणं प्रपद्ये ।। स्तोत्ररत्न, २२

૬. आत्मन्यवस्थितमहो बत कीर्तनेन दत्ते स्थिरं फलमथापि यदव्यपायम् ।। श्रवणा० ११

૭. रमादयित रंगभूषण कृष्ण विष्णो हरे, त्रिविक्रम जनार्दन त्रियुगनाथ नारायण ।
इतीव शुभदानि यः पठति नामधेयानि ते, न तस्य यमवश्यता नरकपातभीतिः कुतः ।। अभितिस्तव, ७

૮. मुकुन्द नृहरे हरे मधुरिपो मखाशप्रभो
करीश कमलापते वरदवासुदेवेति ये ।
पठन्ति न लुठन्ति ते पटुकृतान्तमृत्यच्छटा–
कठोरतरतर्जने हृदयदारके नारके ।। श्रवणा० ७१

૯. अम्भोधिराजतनयाधरपल्लवोद्यप्राकृतामृतपरिमलको मलं तत् ।
सान्द्रं वपाहविसवासनवासनामिस्सङ्चिन्तये वरद ते वदनं मनोज्ञम् ।। श्रवणा० १५

૧૦. शरणागतार्तिहरणाय । श्रवणा० २२

११. ऋषयो विहाय विषयोपभोगितां करुणारसैकवरुणालये त्वयि ।
वरदे समस्तनरदेवपूजिते मरमावधत्युपरमाय संसृतेः ।। श्रवणा० २१

१२. निर्लज्जानां सज्जनहिंसानिरतानां कोपान्धानां कुक्षिमृतां कुक्षितिपानाम् ।
सेवा मा भूदेव हि देवदेवाधिप नित्यं कैकर्यस्तात् त्वत्पदपंकेरुहयोर्मे ।। श्रवणा० ३६

१३ कर्माण्येके कामयमानास्तव मोदं काले काले कौशलवन्तः कलयन्ति ।
ध्यायन्त्यन्ये वारणशैलेश वयं त्वय्याकिञ्चन्यात्मन्नयस्य चरामः ।। श्रवणा० ३७

१४. प्रपन्नश्चैवं सत्यहमपि तवैवास्मि हि भरः । स्तोत्ररत्न, ६०
सदद्भुतगुणोदधाविति समर्पितोऽयं भरः । अभीतिस्तव, २१

१५. अभिमतदायके विनमतां विमतार्तिहरे, करिगिनिनायके सति परानुपयाति जडः ।
फलमरसन्नते सति पुरः सहकारतरावधिमहि कः फलैप्सुरवकेशिनमाश्रयते ।। श्रवणा० ९

१६. तवामृतस्पन्दिनि पादपंकजे निवेशितात्मा कथमन्यदिच्छति ।
स्थितिऽरविन्दे मकरन्दनिर्भरे मधुव्रतो नेक्षुरकं हि वीक्षते ।। स्तोत्ररत्न, २७

१७. श्रवणा० १३

१८. पुरतः प्रकाममक्ष्णश्चकास्तु वरदरशरदशतं मे । श्रवणा० २०

१९. यावन्न पश्यति निकाममर्षणो मां भ्रूमङ्गभीषणकरालमुखः कृतान्तः ।
तावत्पतन्तु मयि ते भगवन्दयालोरुन्निद्रपद्मकलिकामधुराः कटाक्षाः ।। वरदराज, ३९

२०. क्व भवान् जगज्जनिविनाशरक्षणकृत्क्व वयं पुन स्स कलहेयभूमयः । श्रवणा० ४१

२१. सञ्चरतु मानसे मे कुञ्जरगिरिगतमञ्चलं ज्योतिः ।। श्रवणा०४१

२२. तन्वी हृदि स्फुरति कापि शिखा मुनीनां, सौदामिनीव निमृता मवमेघगर्मा ।। वरदराज. २०

२३. किमर्था विद्वत्ता किमि वपुषा गौरवजुषा
किमर्थानामेषां फलमुपचितानामनुदिनम् ।
किमर्थ सामर्थ्य शृणुत भवतां हन्त मनुजाः
न पूजा निर्व्याजा यदि वरदराजाय रचिता ।। श्रवणा० ६२

२४. स्नायं स्नायं पन्नगधौरेय सरस्यां पायं पायं पापहरं त्वच्चरणाम्भः ।
वारंवारं वारणशैलेश भवन्त सेवं सेवं देव नयेयं दिवसौधान् ।। श्रवण० ३०

२५. अस्माकमान्तररिपून् हतदैत्यवर्गो, लज्जस्व माच्युत निहन्तुमतीव नीचान् ।
शक्रादिजित्सु नरकादिषु संप्रयुक्तं नक्रेऽपि चक्रमिममोक्षकृतेऽक्षिपस्त्वम् ।। श्रवणा० १७

२६. प्रह्लादगोकुलगजेन्द्रपरी क्षिदाद्यास्त्रातास्त्वया ननु विपत्तिषु तादृशीषु ।
सर्वं तदेकमपरं मम रक्षणं ते संतोल्यतां त्रिदशनायक किं गरीयः ।। देवनायकपंचाशत्, ५०

२७. भवसागरेऽत्र दिवसनहं बहून् निवसानि कष्टमवसादमाश्रितः ।
प्लवसार एव भव सादरां गिरं श्रवसा निशम्य नवसारसाक्ष मे ।। श्रवणा० २५

२८. विचित्राधव्याघ्रे विषयविषवृक्षौ (घ) जटिले
भवारण्ये घोरे बहुगदमहाकन्दकवृते ।
विशालाशापाशान्तरनिपतितं चित्तहारिणं
विमोक्तुं कः शक्तो वद वरदराज त्वदपरः ।। श्रवणा० ६५

२९. भवानिहे भवामितार्त्यनुभवाज्जवादाश्रित-
द्विपाचलकृपानिधे वरद पातु मामातुरम् ।। श्रवणा० ७४

३०. दहरसरोरुहे दमशमादिसमाधिसमृद्धयनुगुणसद्गुणैर्मुनिगणैरपि या निपुणैः ।
बत परदेवता हि विचिता विचितामपि मनशुमविभवेन सैव सुलभा कलमाद्रितटे ।। श्रवणा० ३

३१. निपुणैरपि विश्रुतैर्मुनीन्द्रैर्निगमैश्चासुगमोऽप्ययं दयालुः । श्रवणा० ७१

३२. तरणावरुणालयं प्रजानां, श्रवणा० ८०

३३. प्रपित्सा वात्सल्यायतन यत उत्सारयति ते । श्रवणा० २९

३४. भक्तावनैकनिरतः । श्रवणा० २०

३५. क्षपथ्यरिहारधीविमुखनित्थमाकस्मिकी तमप्यवसरे क्रमादवति वत्सला त्वद्दया ।। अभितिस्तव, १०

३६. श्रवणा० ४८

३७. श्रवणा० ७६

३८. सकलजगद्विधानपरिपालनसंहरणं-विहरणमेव यस्य विबुधाः कथयन्ति विभोः । श्रवणा० ५

३९. वयमनिशं वहेम वरदं वरदन्तिगिरौ विधिसवनावनार्थमुदितं मुदितम् । श्रवणा० ५

४०. परिरक्षकत्वममिधत्त उच्चकैः, प्रणवादिमाक्षरमयस्तवाह्वयः ।
निखिलैरिदं हि निगमैश्च निश्चितं, वितथं भवेद्वरद किं मयि श्रिते ।। श्रवणा० २७

४१. आखण्डलादिविनुताः । श्रवणा० १९

४२. श्रवणा० ३२

४३. वरदराजपंचाशत्, १२

४४. बिम्बे रवैहृदि निजे धिषणावलम्बे, स्तम्बेरमावनिधराञ्चलसन्नितम्बे ।
आम्नायमौलिषु च हन्त हरे भवन्तं, सन्तो निरन्तरमनन्त विलोकयन्ति ।। श्रवणा० १६

४५. दिव्ये पदे जलनिधौ निगमोत्तमाङ्गे स्वान्ते सतां सवितृमण्डलमध्यभागे ।
ब्रह्माचले च बहुमानपदे मुनीनां व्यक्तिं त त्रिदशनाथ वदन्ति नित्याम् ।। देवनायकपंचाशत्, १०

४६. बिम्बे ध्यायन्त्यम्बुजबन्धोर्मुनयो यं सत्त्वं कुम्भिक्ष्माभृति पीताम्बरमासि ।। श्रवणा० ३५

४७. तपनचन्द्रमालोचने० । श्रवणा० ६१

४८. सदाभिनवतेजसे नमः । श्रवणा० २३

४९. ... परमं त्वां मुनिजने स्तुवाने तत्त्वम् । श्रवणा० ५८

५०. श्रवणा० ६६

५१. श्रवणा० ८

५२. विजहार षोडशसहस्रसङ्ख्येकैर्वनिताजनैर्यदुपतिर्भवन् भवान् ।
अधुनाद्भुतं पुनरनन्तपद्मिनीकृतखेलनो वरदराज राजते ।। श्रवणा० २९

५३. नवबिम्बक्षमाधराभ्यां कृपया प्राप्तक्षमाधराभ्याम् ।
अयमञ्जलिरस्तु निस्तुलाभ्यामनधाम्यामनपायदम्पतीभ्याम् ।। श्रवणा० ८६

५४. सुरभिलसत्प्रवालसुषमाधरया स्थिरया सुमहितया गरिष्ठजलराशिभुवा लतया ।
कृतपरिरंभणंकरिमहीधरकल्पतरुं गुरुमपि सद्विजाकलितशाखमुपासिसिषे ।। श्रवणा० ८

५५. कलशजलधिकन्यावल्लरीकल्पशाखी० । वरदराजपंचाशत्, १

५६. चिरमधुना वन्देऽहं तव वरद भवाब्धितरणनावं देहम् । श्रवणा० ५४

५७. संसारवारिनिधिसंतरणैकपोतम् । वरदराजपंचाशत्,९

५८. चिन्तारत्नं सुलभमिह नः सिद्धिमोक्षानुरूपम् । भगवद्ध्यानसोपान, १

५९. माता गजाद्रिशिखरे तव भक्तचिन्तारत्नेन राजतितरां शुभविग्रहेण ।। वरदराजस्तव,६

६०. चिन्तामणिं निषेवे दन्तावलशिखरिकन्दरे द्रष्टम् ।
हन्तारमान्तराणां सन्तापानां तु हरितसुकुमारम् ।। श्रवणा० ४६

६१. वैकुण्ठमण्डपमखण्डरसं विहाय वेदण्डशैलतटमण्डनतामुपेता ।
आखण्डलादिविनुता परदेवताव्यात् सा पुण्डरीकमदखण्डनपण्डिताक्षी ।। श्रवण० १९
सुन्दरमद्धृतमन्दरमाश्रितकरिशिखरिकन्दरं किमपि । श्रवणा० ४६
दुरितं पुनरंकुरित वरद दिशस्वेक्षितं कृपाभरितम् ।। श्रवणा० ४९

६२. विधृतवनजनिलयाय स्वस्त्यस्तु कृताखिलावनजनिलयाय ।। श्रवणा० ५०

६३. धातासमुदायज्ञश्रेष्ठमकृत यं हि वेदसमुदायज्ञः ।
विहितोद्वेगापगमैस्त्रातुं मुनिभिः स्तुतोऽसि वेगापगमैः ।। श्रवणा० ५३

६४. सदृशाधिकरहितस्य श्रीरमण नमस्क्रियाविधिकरहितस्य । श्रवणा० ५४

६५. त्वयि न हितापायस्स्यदेवं सति भवोऽपि न हि तापाय स्यात् । श्रवणा० ५६

६६. प्रतिदिवसं देहस्य स्थितये दुष्कृतिकृतिष्वसंदेहस्य ।
मम वरदानवनस्य त्वं गतिराश्रयसतां सदानवनस्य ।। श्रवणा० ५७

६७. वपया वदनं तु वासितं ते कृपया हस्तिगिरीश मानसञ्च ।
रमया च भुजान्तरं मुरारेः क्षमया पार्श्वमतोऽसि लोभनीय : ।। श्रवणा० ८२
असितं वपुषि स्मिते सितं यस्त्वधरे रोहितमम्बरे तु पीतम् ।
कुशलाय तदस्तु कुन्तले यत् कुटिलं राजति कोमलं तु चित्ते ।। श्रवणा० ८८

६८. वि. गु., श्रीमद् वेदान्तदेशिकाचार्यवर्णनम्, २२

६९. रसनां दुर्नरेशानवर्णनापङ्कदूषिताम् ।
श्रुत्यन्तदेशिकोदन्तसुधाभिः शोधयाम्यहम् ।। आचार्य, ४
धनायावैयात्यप्रभवकुजनस्तोत्ररचनाधनायासोर्द्विग्नः परिमुषिततापत्रयभयम् ।
बुधानन्दोत्पादक्षमनिगमचूडागुरुकथासुधापाथोराशिं सुचिरमवगाहेऽमधुना ।। आचार्य० ६
વળી શ્લોક : ७

७०. क्व सूर्यप्रभवो वंशः क्व चाल्पविषयामतिः ।
तितीर्षुर्दुस्तरं मोहादुडुपेनास्मि सागरम् ॥ रघुवंश, १-२

७१. क्व वाचामाचार्यः कविकथककण्ठीरवगुरुः ।
क्व चाहं नीचात्मा त्रिचतुरवचःस्वप्यचतुरः ।
निराकृत्य व्रीडां निपुणपरिहासोपजनितां
तदीयस्तोत्रे मामिह तदपि भक्तिस्त्वरयति ।। आचार्य० ८

७२. अल्पश्रुतं श्रुतवतां परिहासधाम, त्वद्भक्तिरेव मुखरीकुरुते बलान्माम् । भक्तामरस्तोत्र, ६

७३. कौशिकान्वयभुवः० । आचार्य० ४५

७४. सर्वार्थसिद्धि, १-१४

७५. कुमतिहृदयतापी कोऽपि वेदान्तसूरिर्दुरितरुचिपिशाचीं दूरमुच्चाटयेन्नः ।
श्रुतिमधुरमहाध्वन्युन्मिषद्गौरवं यं विदुरुचितममिज्ञा विष्णुघण्टावतारम् ।। आचार्य० २३

७६. गम्भीरशब्देन विशालमोहदशापिशाचगृहमोचनेन ।
घण्टा हरेर्वेङ्कटनाथरूपा कल्याणमुल्लासयति श्रुतीनाम् ।। वि.गु. २९७

७७. तत्त्वमुक्ताकलाप, १-२

७८. सर्वार्थसिद्धि, २-५०

७९. सर्वार्थसिद्धि, २-४२

८०. विहरतु हृदि कश्चिद्विश्वमान्यो विपश्चि-
द्विदितसकलमंत्रः सर्वतन्त्रस्वतन्त्रः ।। आचार्य० २४

८१. वादायोधनवीरवारणघटासंहारसिंहारवैः, १७

८२. प्रतिभटवादिकूटपरिपाटनकेलिपटुः, ३०

८३. प्रकटितनिजपक्षप्रक्रियोदर्कतर्कप्रणमितमकुटालीशाणसंघर्षशोणम् ०, २५

८४. निखिलकुमतिव्यालगरुडः । श्लो. ९

८५. आस्तां दुस्तार्किकोक्तिः सृतिरतिकृशतामागता सौगतानां
शैवी सा वीतपुष्टिः सरणिरुपनमत्तानवा जैनवादाः ।

अध्वा मध्वादिसृष्टो विगलति कुदृशं चुक्षुमे पक्षभेदै–
र्निस्तन्द्रे देशिकेन्द्रे जयति यतिपतिप्रौढवागब्धिचन्द्रे ।। आचार्य० ४९

८६. करौ बध्नन् भक्त्या कविकथकसिंहार्यगुरवे नमस्या: कुर्वेक्षं नतविततिमन्दारतरवे । आचार्य० १०

८७. आचार्य. २१

८८. सहस्रेण श्लोकै: सहृदयसुखैरेकनिशया मधुश्रीहृद्मिर्यो मधुरिपुपदत्रद्वयमनौतू ।। आचार्य. १३

८९. स्थिरं किमपि वैभवं दिशति या मुकुन्दप्रिया
तदीयमपि वैभवं त्रिजगति प्रतिष्ठापयन् ।। आचार्य० ३३

९०. .... तं हरे: सन्निधानादमृतमुपनयन्तं जानते वैनतेयम् ।। आचार्य० २८

९१. अर्वन्तमास्ये तमुपास्य देवम्० । आचार्य० ४१

९२. वितरतु निजमाध्वीसारवारस्वतं मे विमतफणिरनरेन्द्रो वेंकटेश: कवीन्द्र: ।
समजनि निरवद्यै: सुन्दरैर्यस्य पद्यैर्गलितकवनविद्याचण्डिमा डिण्डिमाख्य: ।। आचार्य. २७

९३. इत्थं विचिन्त्या: सर्वत्र भावा: सन्ति पदे पदे ।
कवितार्किकसिंहस्य काव्येषु ललितेष्वपि ।। यादवाभ्युदय, टीका

९४. त्रयीमपि द्राविडसंस्कृतात्मना द्वयीं दशां प्राप्तवतीं प्रपञ्चयन् ।
द्वयैकनिष्ठश्चतुराकृति: कृती करोत्मसंख्यां कविवादिकेसरी ।। आचार्य० ४०
द्रविडनिगमशाखाद्रष्टु:० । आचार्य० २९

९५. यद्यत्रावजिगाहिषा यतिपते: सिद्धान्तदुग्धाम्बुधा–
वुद्यद्यर्पकुद्रष्टिदर्पदमने यद्यस्ति कौतुहलम् ।
जिज्ञासा यदि वा रहस्यकृतिषु प्राज्ञा: कुरुध्वं तदा
त्रप्यन्तार्यपदारविन्दयुगलीपर्य्यन्तलग्नं मन: ।। आचार्य० १६

९६. आचार्य० ४४

९७. प्रमाणं भाष्यस्य० । आचार्य० ९

९८. प्रबन्धान् कर्तार: प्रतिजनपदं सन्ति बहव–
स्त्रयीचूडाचार्यै: सह गणनमर्हन्ति न हि ते ।
समन्ताज्जृम्भन्तां दिशि दिशि शकुन्ता: कृतरवा:
प्रकल्पन्ते किन्ते सरणिमनुसर्तुं खगपते: ।। आचार्य० ११

९९. आचार्य० २०

१००. आचार्य० १८

१०१. निषद्या विद्यानाम्० आचार्य०९

१०२. प्रसादौज:कान्तिप्रभृतिगुणसंकेतभवनं प्रगल्भं संदर्भं कविकथकसिंहार्यवचसाम् ।
लिहान: कर्णाभ्यां मुहुरमिदुहानं समरसं कविन्मन्मानन्यान् क इहे बहुमन्येत रसिक: ।। आचार्य० १२

१०३. नटन् मृडजटाच्छटा लुठदमर्त्यलोकापगा तरंगमदभंगदास्त्रिजगदामयच्छेदिनी ।
सुधा इय बुधादृता: सुरभिदुग्धसंस्पर्धिनीरनुश्रवशिरोगुरोरनुदिनं ध्येयं गिर: ।। आचार्य० ३४

१०४. विहरणगृहं विद्यादेव्या विरक्तिसरोजिनीविकसनरविर्जैत्रस्थानं विवेकमहीभुज: ।
शमदमगुणप्राणत्राणं दयाभ्युदयावनी रचयतु मुदं वेदान्तार्यो रहस्यकलानिधि: ।। आचार्य० ४३

१०५. अर्वन्तमास्ये तमुपास्य देवं गर्वन्तमोजं कुदृशां प्रशान्तम् ।
कुर्वन्तमेनं गुरुमन्तरेण गुर्वन्तरं कोऽत्र गुणी वृणीते ।। आचार्य० ४१

१०६. वि.गु.श्लो. २९२

१०७. निषद्या विद्यानां निखिलकुमतिव्यालगरुड: सभा सौभाग्यानां सरसकवितापद्मसविता ।
प्रमाणं भाष्यस्य प्रपदनकलाजन्मजलधि: करोतु क्षेमं न: कविकथककण्ठीरवगुरु: ।। आचार्य० ९

१०८. क्रीडत्कर्कटकीटकोटिनिबिडाद्वेशन्तकीलालतो
मण्डूका: कलयन्ति किं न्वतिशयं वैकुण्ठपादोदके ।। आचार्य० १९

१०९. अन्तर्ध्वान्तनितान्तकुन्तनरविर्दीप्ताग्निकल्पच्छवि-
र्दुर्वादिव्रजगर्वपर्वतपवि: श्रीवेंकटेश: कवि: ।
अह:कुञ्जरपुञ्जमञ्जनसृणिर्ज्ञानाग्निदिव्यारणि:
सत्त्वस्थैरभिनन्दनीयसरणि: सर्वज्ञचूडामणि: ।। आचार्य० ५०

■

## પ્રકરણ : ૭
## વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો અને સંસ્કૃતનાં અન્ય જાણીતાં સ્તોત્રો : તુલનાત્મક અભ્યાસ

(અ) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો અને પૂર્વવર્તી સ્તોત્રો

(૧) પૌરાણિક સ્તોત્રો અને વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રો

(૨) જૈન-બૌદ્ધ સ્તોત્રો અને વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રો

(૩) શાંકર સ્તોત્રો અને વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રો

(૪) પૂર્વવર્તી પ્રસિદ્ધ કવિઓનાં સ્તોત્રો અને વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રો

(બ) વિશિષ્ટાદ્વૈતી બૃહત્તમ સ્તોત્ર રચનાર વેંકટાધ્વરી અને અન્ય કવિઓનો તુલનાત્મક અભ્યાસ

(ક) સહસ્રશ્લોકી વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રો 'પાદુકાસહસ્ર' અને 'લક્ષ્મીસહસ્ર' : તુલનાત્મક અભ્યાસ

ઉપસંહાર - વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકારોનું સંસ્કૃત સ્તોત્રસાહિત્યમાં સ્થાન અને પ્રદાન

પ્રકરણ-૭

# વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો અને સંસ્કૃતનાં અન્ય જાણીતાં સ્તોત્રો : તુલનાત્મક અભ્યાસ

## (અ) વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો અને પૂર્વવર્તી સ્તોત્રો

સંસ્કૃત સ્તોત્ર સાહિત્યના સર્વાંગી પરીક્ષણ, પરિશીલનથી સમજાય છે કે વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રના પૂર્વવર્તી સ્તોત્ર સાહિત્યમાં પૌરાણિક સ્તોત્રો, જૈન-બૌદ્ધ સ્તોત્રો, કાલિદાસની સ્તોત્રકૃતિઓ, આદિ શંકરાચાર્યનાં સ્તોત્રો, કેટલાંક પ્રાચીન મહાકાવ્યો તેમજ બાણ, મયૂર અને મુકકવિની સ્તોત્રકૃતિઓનો સમાવેશ થાય છે. આ પૂર્વવર્તી સ્તોત્રકૃતિઓથી પ્રેરિત થઈને વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોના કવિઓએ રચના કરી છે, એવું કહી શકાય. શંકરાચાર્યના અદ્વૈતવાદના વિરોધમાં વિશિષ્ટાદ્વૈતી આચાર્યોએ ભક્તિપ્રવાહને સ્તોત્રસર્જન દ્વારા પુષ્ટ કર્યો. પરિણામે અગિયારમી સદીથી સત્તરમી સદી પર્યંત વિપુલ પ્રમાણમાં સાંપ્રદાયિક સ્તોત્રોનું સર્જન થયું. તેમાં દાર્શનિકતા અને ભક્તિની સાથે શૃંગારનો પ્રચુર માત્રામાં સમાવેશ થયો. તેને કારણે વૈષ્ણવ સ્તોત્ર સાહિત્ય રંગીનતાની અનુભૂતિ કરાવે છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોની વિશેષતા એ છે કે તેમણે પૂર્વવર્તી સ્તોત્રકૃતિઓમાંથી પ્રેરણા, વિચાર, ભાષાશૈલી ઈત્યાદિ ગ્રહણ કરીને સ્તોત્રને નવું રૂપ પ્રદાન કરવામાં તથા આ કાવ્ય પ્રકારને પ્રતિષ્ઠિત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

### (૧) પૌરાણિક સ્તોત્રો અને વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો :

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોના અધ્યયનથી સ્પષ્ટ થાય છે કે પુરાણોમાં અસ્તિત્વમાં આવેલ અનેક સ્તોત્રકાવ્યના પ્રકારો આ આચાર્યોએ ગ્રહણ કર્યા છે. પુરાણોના મોટા ભાગનાં સ્તોત્રોમાં સ્થૂળતા વર્તાય છે. એમાં કાવ્યતત્ત્વનો ઝાઝો ઉન્મેષ નથી. પુરાણસ્તોત્ર-પ્રકારને નવું રૂપ પ્રદાન કરવામાં તેમજ સાહિત્યિક સમૃદ્ધિથી સંપન્ન કરવામાં શંકરાચાર્ય તથા વિશિષ્ટાદ્વૈતી આચાર્ય - કવિઓનું પ્રદાન નોંધપાત્ર ગણી શકાય.

અષ્ટક સ્તોત્ર-પ્રકાર પુરાણસાહિત્યનો એક મુખ્ય સ્તોત્ર પ્રકાર છે. એમાંથી પ્રેરણા ગ્રહણ કરીને વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં અનેક અષ્ટક સ્તોત્રોનું સર્જન થયું છે. પૌરાણિક અષ્ટકોમાં વિષયનું વૈવિધ્ય હોવા છતાં નિરૂપણશૈલીની એકવિધતા અને કૃત્રિમતા તે સ્તોત્રોનું મૂલ્ય ઘટાડી દે છે. પૌરાણિક અષ્ટકો ભાષાની સરળતા સાથે ભાવમાધુર્ય લઈને આવે છે, છતાં એમાંથી કવિતાનો આસ્વાદ લઈ શકાતો નથી, જ્યારે વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં ભાષાની સરળતા, ભાવ માધુર્ય જેવાં તત્ત્વોનો સમાવેશ થયો છે. સાથે સાથે એની કાવ્યાત્મકતા ઉત્તમ કક્ષાની છે. પદ્મપુરાણના ઉત્તરખંડમાં પ્રાપ્ત વ્યાસરચિત 'ગણેશાષ્ટક' આઠ શ્લોકોમાં ગણપતિનું વર્ણન આપે છે. આમાં શબ્દમાધુર્ય અને કોમળ પદાવલી ચિત્તને પ્રસન્ન કરનારી બની છે.[૧] વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ અષ્ટક સ્તોત્રમાં આવી સાનુપ્રાસાદિકતા સ્વીકારી વેદાંતદેશિકે 'સુદર્શનાષ્ટક' સ્તોત્રમાં તથા 'અષ્ટભૂજાષ્ટક'માં કોમલકાન્ત પદાવલીઓનો પ્રયોગ કર્યો છે.[૧અ]

પુરાણોમાં વિવિધ દેવતાઓનાં અસંખ્ય અષ્ટકો પ્રાપ્ત થાય છે. વિશિષ્ટાદ્વૈતી આચાર્યોએ અલ્પ સંખ્યામાં અષ્ટક પ્રકારના સ્તોત્રોની રચના કરી છે.

શ્લોકસંખ્યાને આધારે પૂર્વવર્તી તેમજ પૌરાણિક પંચક, દશક, વિંશિકા, પંચાશત્ (પંચાશિકા), શતક, પંચશતી વગેરે પ્રકારનાં સ્તોત્રો રચાયાં છે.

આ પરંપરામાં રચાયેલાં વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રો નીચે પ્રમાણે ગણાવી શકાય :

| | | |
|---|---|---|
| ચતુઃશ્લોકી | - | યામુનાચાર્યકૃત |
| વૈરાગ્યપંચક | - | વેદાંતદેશિકકૃત |
| ઘાટીપંચક | - | વેદાંતદેશિકકૃત |
| ન્યાસદશક | - | વેદાંતદેશિકકૃત |
| ગોપાલવિશંતિ | - | વેદાંતદેશિકકૃત |
| ન્યાસવિશંતિ | - | વેદાંતદેશિકકૃત |
| ગરુડપંચાશત્ | - | વેદાંતદેશિકકૃત |
| વરદરાજપંચાશત્ | - | વેદાંતદેશિકકૃત |
| દેવનાયક-પંચાશત્ | - | વેદાંતદેશિકકૃત |
| અચ્યુતશતક | - | વેદાંતદેશિકકૃત |
| દયાશતક | - | વેદાંતદેશિકકૃત |
| યતિરાજસપ્તતિ | - | વેદાંતદેશિકકૃત |

આ ઉપરાંત શ્રીવત્સાંકમિશ્રની ‘પંચસ્તવી’માં મૂકવિના ‘પંચશતક’ની જેમ પાંચ સ્તોત્રકૃતિઓનો સમાવેશ થયો છે.

સંસ્કૃત સાહિત્યમાં સહસ્રશ્લોકી જે બે સ્તોત્રકૃતિઓ પ્રાપ્ત થાય છે, તે વિશિષ્ટાદ્વૈતી આચાર્ય-કવિઓએ રચેલી છે; જેવી કે વેદાંતદેશિકરચિત ‘પાદુકાસહસ્ર’ અને વેંકટાધ્વરિકૃત ‘લક્ષ્મીસહસ્ર’. આ રીતે આ બંને કવિઓનું પ્રદાન મહત્ત્વપૂર્ણ બની રહે છે.

કવચ અને પુરાણોનો પ્રસિદ્ધ સ્તોત્રકાવ્ય પ્રકાર છે. પૌરાણિક કવચ સ્તોત્રોમાં ભક્તકવિની એવી યાચના હોય છે કે દેવતાનાં જુદાં જુદાં અંગો પોતાનાં જુદાં-જુદાં અંગોની રક્ષા કરે. ભૂર્જપત્ર પર લખેલ કવચ-સ્તોત્રો સુવર્ણ,

રજત તેમજ લોખંડના ત્રણ પતરામાં જડીને જમણા હાથમાં, શિખામાં કે કંઠે ધારણ કરવાથી ભૂત-પ્રેતાદિથી હંમેશ રક્ષા થાય છે અને સર્વ મનોકામનાઓ પૂર્ણ થાય છે, એવો મહિમા સ્તોત્રકારોએ ગાયો છે.

સ્કન્દપુરાણના બ્રહ્મોત્તરખંડમાં વિશવર્મનામક બારમા અધ્યાય રૂપે બહુપ્રચલિત 'શિવકવચ' સ્તોત્ર છે. તે અનુષ્ટુપ છંદના ૩૩ શ્લોકોમાં રચાયેલું છે. ધ્યાન પછી ષડ્‌ક્ષરન્યાસ દ્વારા મનને એકાગ્ર કરી આ કવચનો પાઠ કરવાનું વિધાન છે. ભગવાન શિવનાં વિવિધ સ્વરૂપો ભક્તની સર્વથા રક્ષા કરે એ સ્તોત્રનો મુખ્ય વિષય છે. ભાગવત પુરાણ - ૬/૮ નું 'નારાયણકવચ' પણ અતિ લોકપ્રિય સ્તોત્ર છે. માર્કણ્ડેયપુરાણનું 'દેવીકવચ' ભગવતીનાં વિભિન્ન શક્તિ-સ્વરૂપોના ચિત્રણથી પ્રસિદ્ધ છે. 'ગણપતિનું એક એક સ્વરૂપ એક એક અંગની રક્ષા કરે' એવી યાચનાવાળું ગણેશપુરાણનું 'ગણેશકવચ', સર્વદિશાઓમાં હનુમાનનાં સ્વરૂપો રક્ષા કરે એવી આરાધનાવાળું બ્રહ્માંડપુરાણનું 'શ્રીહનુમત્કવચ', પૌરાણિક કવચસ્તોત્રો છે.

પુરાણોનાં સ્તોત્રોમાં એક જ પ્રકારનાં ભાવ, ભાષાશૈલી અને વિચારોની સમાનતા જોવા મળે છે. તેમાં પ્રાયઃ પ્રારંભે સ્તોત્રના ઋષિ, છંદ, દેવતા વગેરેનો ઉલ્લેખ કર્યા પછી સ્તોત્રફળ બતાવીને જે તે આરાધ્ય દેવતાનું પ્રત્યેક સ્વરૂપ ભક્તના અંગોની રક્ષા કરે એવો નિરૂપણક્રમ દેખાય છે. અંતમાં પણ સ્તોત્રની ફલશ્રુતિ બતાવાય છે.

વિશિષ્ટાદ્વૈતી કવચ-સ્તોત્રો પ્રાપ્ત થતાં નથી; તેથી આ સ્તોત્ર-પ્રકારનું ખેડાણ વિશિષ્ટાદ્વૈત સંપ્રદાયમાં થયું નથી; એમ કહી શકાય, પરંતુ 'કવચ'નો જે હેતુ છે, તે હેતુ ભિન્ન સ્વરૂપે વેદાન્તદેશિક, વેંકટાધ્વરી વગેરે કવિઓની સ્તોત્રકૃતિઓમાં વ્યક્ત થયો છે; જેમકે 'લક્ષ્મીસહસ્ર'માં કારુણ્યસ્તબક, કટાક્ષસ્તબક, મંગલસ્તબક, ક્ષાન્તિસ્તબક, અભીતિસ્તબક વગેરેમાં પ્રકારાન્તરે રક્ષાની યાચનાનો સૂર કાવ્યવાણીમાં અભિવ્યક્ત થયો છે. વેદાન્તદેશિકના 'પાદુકાસહસ્ર'માં પણ આ જ ભાવ કેટલીક પદ્ધતિઓમાં પ્રસ્તુત થયો છે. કવચ-સ્તોત્રને અપાયેલું આ નવું સ્વરૂપ છે.

ઘણાંખરા પૌરાણિક સ્તોત્રો નામાવલિ પ્રકારનાં છે. એમાં ઈષ્ટદેવનાં આઠ, દશ, પચીસ, સો કે હજાર નામોમાં ઈષ્ટદેવની સ્તુતિ કરાય છે. પુરાણોમાં ગણેશનામાષ્ટક, શ્રીવિષ્ણોઃ શતનામ સ્તોત્ર (વામનપુરાણ) સહસ્રનામસ્તોત્ર જેવાં કે ગંગાસહસ્રનામસ્તોત્ર(સ્કન્દપુરાણ) અને સૂર્યસહસ્રનામ સ્તોત્ર (ભવિષ્યોત્તરપુરાણ) પ્રસિદ્ધ છે. આવાં સ્તોત્રોમાં ઈષ્ટદેવ કે દેવીનાં વિભિન્ન નામોની હારમાળા જ આપવામાં આવે છે. છતાં તેમાં વર્ણાનુપ્રાસ-શબ્દાનુંપ્રાસની મધુરિમા અછતી રહેતી નથી.

વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં નામાવલિ-પ્રકારનાં સ્તોત્રોને નવું સ્વરૂપ પ્રાપ્ત થાય છે; જેમકે વેંકટાધ્વરીના 'લક્ષ્મીસહસ્ર'માં લક્ષ્મીના નામનો મહિમા ગાવા માટે સંપૂર્ણ 'નામવૈભવસ્તબક' રચાયું છે.

પૌરાણિક-સ્તોત્રોમાં દેવતાનાં વિભિન્ન અંગ-ઉપાંગોનું વર્ણન મળે છે. ભાગવત (સ્કન્ધ-૪)ના રુદ્રગીતમાં વિષ્ણુનાં વિભિન્ન અંગ-ઉપાંગો તેમજ વસ્ત્રાભૂષણોનું વર્ણન નખશિખ વર્ણન જેવું છે. તેમાં વિષ્ણુનાં મુખ, બાહુ, અક્ષ, ભ્રૂ, નાસિકા, દંત, કપોલ, વર્ણ, અપાંગ, અલક, કુંડલ, કિરીટ, વલયહાર, મેપાલા, આયુધો, ઉદર, નાભિ, જંઘા

વગેરેનું નિર્દેશાત્મક વર્ણન પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત કલ્કિપુરાણનું 'વિષ્ણુસ્તવરાજ' પણ વિષ્ણુનું નખશિખ વર્ણન આપે છે.

આ લક્ષણની કાવ્યાત્મક અભિવ્યક્તિ વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં થઈ છે. પ્રત્યેક વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રમાં આરાધ્ય દેવતાનાં અંગોપાંગો, વસ્ત્રાભૂષણો વગેરેનું કાવ્યાત્મક નિરૂપણ થયું છે. નખશિખ-વર્ણનની પરંપરાને પ્રભાવી અને સાહિત્યિક ગુણવત્તારુપસંપન્ન બનાવવામાં આ કવિઓનું મોટું પ્રદાન છે, એમ કહી શકાય. આનું વિગતે નિરૂપણ પ્રસ્તુત પ્રબંધમાં યથાસ્થાન થયું છે.

શ્રીવત્સાંકમિશ્રના 'સુંદરબાહુસ્તવ'માં ભગવાન સુંદરબાહુ (વિષ્ણુ)નું કેશાદિપાદાન્તવર્ણન કલ્પના-સૌંદર્યસંપન્ન છે. પરાશરભટ્ટના 'શ્રીરંગરાજસ્તવ'ના ઉત્તરાર્ધના શ્લોક ૯૧ થી ૧૨૭માં રંગભગવાનનું કેશાદિપાદાન્ત વર્ણન થયું છે. વેદાંતદેશિકના 'હયગ્રીવસ્તોત્ર'ના શ્લોક ૧૯ થી ૨૫માં હયગ્રીવનાં અંગ-ઉપાંગો તેમજ અન્ય ઉપકરણોનું કાવ્યાત્મક વર્ણન થયું છે.

ભાગવત, વિષ્ણુ, પદ્મ, ગરુડ વગેરે વૈષ્ણવ પુરાણોમાં ભગવાન વિષ્ણુના અવતારોને લગતાં અનેક સ્તોત્રો મળે છે. આ પરંપરામાં મોટા ભાગનાં વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં વિષ્ણુના દશ કે ચોવીસ અવતારોનું કાવ્યાત્મક નિરૂપણ થયું છે. શ્રીવત્સાંક મિશ્રના 'અતિમાનુષસ્ત્વ'માં ભગવાન રંગરાજ (વિષ્ણુ)ના નરસિંહ, રામ, કૃષ્ણ વગેરે અવતારોનાં મહાન કાર્યોના આલેખન સાથે એમનો ગુણવૈભવ પ્રગટ થયો છે. વેદાંતદેશિકે 'દશાવરસ્તોત્ર' રચ્યું છે. એમાં રંગનાથ-વિષ્ણુના દશ અવતારોનાં કાર્યોનું કાવ્યશૈલીમાં નિરૂપણ થયું છે. વેદાંતદેશિકના 'દેવનાયકપંચાશત્'ના શ્લોક ૧૬ થી ૪૮માં દેવનાયકની મૂર્તિનાં અંગો તેમજ આભૂષણોનું કેશાદિપાદાન્ત શૈલીમાં કલ્પના-મંડિત વર્ણન થયું છે. એમના 'અચ્યુતશતક'ના અનેક શ્લોકોમાં ભગવાનના અંગવર્ણન અને વસ્ત્ર-પરિધાનનું શબ્દચિત્ર આલેખાયું છે. વેદાંતદેશિકના સહસ્રશ્લોકી સ્તોત્ર 'પાદુકાસહસ્ર'માં પાદુકાનાં વિભિન્ન અંગોના નિરૂપણપૂર્વક મહિમા ગવાયો છે. વેંકટાધ્વરીના 'લક્ષ્મીસહસ્ર'માં પણ વિષ્ણુના દશ અવતારોનું નિરૂપણ કરતું 'દશાવતારસ્તબક' રચાયું છે.

**(૨) જૈન-બૌદ્ધસ્તોત્રો અને વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો :**

સ્વતંત્ર કાવ્યપ્રકાર તરીકે સ્તોત્રને પ્રતિષ્ઠિત કરવાનું શ્રેય બૌદ્ધ કવિઓને પ્રાપ્ત થાય છે. શંકરાચાર્યના પૂર્વવર્તી આદિ સ્તોત્રકારો તરીકે અશ્વઘોષ અને માતૃચેટનાં નામ પ્રસિદ્ધ છે. બૌદ્ધ સ્તોત્રકારો મુખ્યત્વે ગૌતમબુદ્ધ અને તેમણે પ્રબોધેલા સિદ્ધાંતોનો પ્રચાર કરવા સ્તોત્રોનું સર્જન કરે છે. શંકરાચાર્ય અને વિશિષ્ટાદ્વૈતના આચાર્યોએ પણ પોતાના સિદ્ધાંતોના પ્રચાર માટે ભાષ્યો ઉપરાંત સ્તોત્રનું માધ્યમ સ્વીકાર્યું છે. આમ બૌદ્ધ સ્તોત્રકારો અને વિશિષ્ટાદ્વૈત વૈષ્ણવ આચાર્યોનું સ્તોત્ર-રચનાનું પ્રયોજન સ્વધર્મના પ્રચાર-પ્રસારનું છે.

બૌદ્ધકવિ અશ્વઘોષના નામે પ્રાપ્ત 'ગંડીસ્તોત્રગાથા'માં ઘંટના માધ્યમથી ગૌતમબુદ્ધના આધ્યાત્મિક વિચારોની અનુભૂતિ થાય એ રીતે કૃત્રિમતાથી પર એવી પ્રાસાદિક શૈલીમાં સ્તોત્ર-રચના થઈ છે. એમાં ગેયતાનું તત્ત્વ પણ નિષ્પન્ન થયું છે. આવી અકૃત્રિમ પ્રાસાદિક અને ગેય શૈલી વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્યોએ પણ સ્વીકારી છે. તેમનાં મોટાભાગનાં સ્તોત્રોમાં પ્રાસાદિકતા અને ગેયતાનાં દર્શન થાય છે. અશ્વઘોષ પછીના માતૃચેટે 'ચતુઃશતક'

અને 'અધ્યર્દ્ધ-શતક' અલંકૃત શૈલીમાં રચ્યાં છે. સાંપ્રદાયિક સંકુચિતતાથી આ સ્તોત્રો સંપૂર્ણ પણે મુક્ત છે. ગેયતાનું તત્ત્વ સ્તોત્રને વિશુદ્ધ ઊર્મિગીતની કક્ષાએ લઈ જાય છે. માતૃચેટનાં સ્તુતિપદોમાં હૃદયને સ્પર્શ કરવાની ક્ષમતા છે. ગૌતમ બુદ્ધના ઉચ્ચ સિદ્ધાંતોને સુબોધ શબ્દોમાં પ્રગટ કરવાનું વિલક્ષણ સામર્થ્ય છે. સરળ શબ્દોમાં માર્મિક ભાવોની અભિવ્યક્તિ આ સ્તોત્રોની વિશેષતા છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોની ભાષાશૈલી પણ આવા પ્રકારની છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્યોએ બૌદ્ધ સ્તોત્રોની જેમ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને સુબોધ વાણીમાં પ્રગટ કર્યો છે. માતૃચેટે તો અન્ય બૌદ્ધ આચાર્યો અને જૈનાચાર્યોને સ્તુતિકાવ્ય લખવા પ્રેરિત કર્યા છે. એ કારણે માતૃચેટ જાણે કે સ્તોત્રકાવ્યના પિતા છે. માતૃચેટનાં સ્તોત્રો અને વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં ભાષાશૈલીની સમાનતા દૃષ્ટિગત થાય છે. એક ઉદાહરણ દર્શનીય છે.[૧અ] આવી જ સાનુપ્રાસિક પ્રાસાદિક શૈલીનાં દર્શન વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં સર્વત્ર થાય છે.[૨] વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્યોની એ વિશેષતા છે કે પૂર્વવર્તી સ્તોત્રોની ભાષાશૈલી સ્વીકારી હોવા છતાં એનું કોઈ સ્તોત્રમાં સીધું અનુકરણ કર્યું નથી. બૌદ્ધ નાગાર્જુનના 'ચતુઃસ્તવ'માં ખાસ કરીને બુદ્ધની પ્રશસ્તિ સાથે બૌદ્ધ માધ્યમિક સિદ્ધાંતોનું શુષ્ક નિરૂપણ થયું છે. એમાં સંસારની ક્ષણભંગુરતાના આલેખન સાથે મહાયાનનું તત્ત્વજ્ઞાન સ્પષ્ટ કરવામાં આવ્યું છે. સિદ્ધાંત-પ્રચારની પ્રચુરતાને કારણે આ સ્તોત્રકૃતિ માત્ર પ્રચાર-પત્રિકા બની રહી છે. આની તુલનામાં વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્યોના સ્તોત્રોમાં વિશિષ્ટાદ્વૈતી વૈદાન્તનું નિરૂપણ હોવા છતાં એ સિદ્ધાંતો એવી સ્તોત્રાત્મક વાણીમાં ગૂંથાયા છે કે પરિણામે એમાંથી સ્વસિદ્ધાંત-પ્રચારની અનુભૂતિ થતી નથી; પરિણામે બૌદ્ધ કવિઓ કરતાં વૈષ્ણવ આચાર્યો કવિ તરીકે ઉચ્ચતર ભૂમિકાએ પહોંચ્યા છે.

જૈન પરંપરામાં પ્રાચીન સ્તોત્રકાર તરીકે આચાર્ય સમન્તભદ્રે સ્વયંભૂસ્તોત્ર, સ્તુતિવિદ્યાસ્તોત્ર વગેરેની રચના કરી છે. આ સ્તોત્રોમાં ખાસ કરીને અનુલોમ-પ્રતિલોમ પ્રકારની ચિત્રબંધતા અને ક્લિષ્ટતા વર્તાય છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્યોમાં વેદાંતદેશિક અને વેંકટાધ્વરીના અનુક્રમે 'પાદુકાસહસ્ર' અને 'લક્ષ્મીસહસ્ર' નામનાં બૃહદ્સ્તોત્રોમાં અનુલોમ-પ્રતિલોમ પ્રકારની ચિત્રબંધતા જોવા મળે છે. તેઓ પંડિતયુગના સ્તોત્રકારો હોવાથી આવી શાબ્દિક ક્રીડાનો સમાવેશ તેમનાં સ્તોત્રમાં સહજ થયો છે. જૈન પરંપરાના સિદ્ધસેન દિવાકરના અત્યધિક લોકપ્રિય 'કલ્યાણમંદિર' સ્તોત્રનો પ્રભાવ શંકરાચાર્ય અને વૈષ્ણવ આચાર્યો પર સ્પષ્ટ વર્તાય છે. 'કલ્યાણમંદિર' વસંતતિલકાના ૪૪ પદોમાં, વૈદર્ભી શૈલીમાં રચાયેલ એક ઉત્તમ મનોહારી સ્તોત્રકૃતિ છે. એમાં ભાવાનુરૂપ, ભાષાની સરળતા નોંધપાત્ર છે. વિશિષ્ટાદ્વૈત વૈષ્ણવ આચાર્યોનાં અનેક સ્તોત્રોમાં ઋજુતાસંપન્ન વસંતતિલકા છંદનો પ્રયોગ થયો છે. સિદ્ધસેન દિવાકરના 'કલ્યાણ મંદિર' સ્તોત્ર તેમજ વિશિષ્ટાદ્વૈત વૈષ્ણવ સંપ્રદાયના કુલશેખરનું 'મુકુન્દમાલા', યામુનાચાર્યનું 'સ્તોત્રરત્ન', શ્રીવત્સાંકમિશ્રનાં 'વૈકુંઠસ્તવ', 'વરદરાજસ્તવ', અને 'શ્રીસ્તુતિ' તથા વેંકટનાથ વેદાંત દેશિકનાં 'હયગ્રીવસ્તોત્ર', 'દશાવતારસ્તોત્ર', 'નારાયણાષ્ટક', 'દયાશતક' વગેરેમાં વિચારોનું સામ્ય વર્તાય છે. જેમકે સિદ્ધસેન દિવાકરની દૃષ્ટિએ પ્રભુના ગુણો અનંત છે, જ્યારે કવિ પામર બુદ્ધિ છે. બાળક હાથ પ્રસારી સમુદ્રની અનંતતા જેમ સૂચવે છે તેમ કવિની પ્રવૃત્તિ પણ એવી જ છે.[૩] વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં પણ આવા પ્રકારની યુક્તિઓ કાવ્યાત્મક શૈલીમાં રજૂ થઈ છે, જેમકે વેદાંતદેશિક હયગ્રીવસ્તોત્રમાં 'અપૌરુષેય વેદાદિ ગ્રન્થોથી પણ જેમનો મહિમા અદૃષ્ટ રહ્યો છે, તેવાની સ્તુતિ કરતાં ભક્ત કવિ મુગ્ધતા અનુભવે છે.[૪] પરંતુ ભગવાનનું ભક્ત

પ્રત્યેનું નિર્વ્યાજ વાત્સલ્ય જ તેને બળપૂર્વક મુખરિત કરે છે.[૫] 'કલ્યાણમંદિર'માં પણ કવિ પોતાની અસહાય પીડિત અવસ્થાનું મર્મસ્પર્શી વર્ણન કરે છે અને અંતે આર્તનાદપૂર્વક પરમાત્માની શરણાગતિ સ્વીકારે છે. સિદ્ધસેન દિવાકર અને વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો બંનેનો શરણાગતિભાવ આર્તનાદપૂર્વક રજૂ થયો છે.[૬] કલ્યાણ મંદિરના જેવી જ ભાવોની અભિવ્યક્તિ વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં થઈ છે. ખાસ કરીને ભક્તિભાવપ્રધાન સ્તોત્રોમાં 'કલ્યાણમંદિર'ના જેવું જ ભાવસૌન્દર્ય પ્રગટ થયું છે.

આ પરિશીલનથી સ્પષ્ટ થાય છે કે શંકરાચાર્યની જેમ વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્યોએ પણ જૈન-બૌદ્ધકવિઓની સ્તોત્રપરિપાટી અપનાવી છે. વૈષ્ણવ સ્તોત્રના યુગનું દર્શન કરતાં જણાય છે કે તે સમયે સાંપ્રદાયિક સ્પર્ધાગ્રસ્ત વાતાવરણ હતું, આવી સ્પર્ધાને કારણે જ સ્વધર્મ અને સ્વસિદ્ધાંતના પ્રચાર-પ્રસાર માટે જૈન-બૌદ્ધ-શંકરાચાર્ય-વૈષ્ણવ આચાર્યો જેવા કવિઓ સ્તોત્રરચના માટે સ્વસંપ્રદાયનો આધાર લે છે. જૈન-બૌદ્ધ અને વિશિષ્ટાદ્વૈત વૈષ્ણવ સ્તોત્રોમાં ભાષા-શૈલીનું સામ્ય છતાં વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં જેવી ઉત્તમ કવિતાનું દર્શન થાય છે, તેવું કાવ્યતત્ત્વ જૈન-બૌદ્ધ સ્તોત્રોમાં નિષ્પન્ન થતું નથી.

### (૩) શાંકરસ્તોત્રો અને વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો

આદિ શંકરાચાર્યના નામે લગભગ ૨૦૦ જેટલાં સ્તોત્રો પ્રાપ્ત થાય છે. તેમનાં વેદાંતી સ્તોત્રો અને ભક્તિભાવપ્રધાન સ્તોત્રો એવા બે વિભાગ પણ પાડી શકાય. શંકરાચાર્ય શૈવપંથી હોવા છતાં તેમણે વિષ્ણુ અને તેમના અવતારો સાથે સંબદ્ધ વિષ્ણુપ્રાતઃસ્મરણ, લક્ષ્મીનૃસિંહપંચરત્ન, રામપ્રાતઃસ્મરણ, હનુમત્પંચરત્ન, કૃષ્ણાષ્ટક (સંખ્યા-૨), જગન્નાષાષ્ટક, અચ્યુતાષ્ટક, ગોવિંદાષ્ટક, વિષ્ણુભૂજંગપ્રયાત, રામભુજંગપ્રયાત, હરિસ્તુતિ, અને વિષ્ણુપાદાદિકેશાન્તવર્ણન સ્તોત્ર વગેરેની રચના કરી છે. શંકરાચાર્યે આવાં વૈષ્ણવ સ્તોત્રોની રચનાની પ્રેરણા ભાગવતાદિ પુરાણોમાંથી મેળવી છે, એમ કહી શકાય. આ સર્વ વૈષ્ણવસ્તોત્રોમાં પ્રકારાન્તરે શંકરાચાર્યે વિષ્ણુ કે તેમના અવતાર-સ્વરૂપ પરબ્રહ્મનું વેદાન્તી શૈલીમાં નિરૂપણ કર્યું છે. વિષ્ણુ એ જ અદ્વૈત બ્રહ્મ છે, એવું એમણે સ્વીકાર્યું છે. શંકરાચાર્યના આવા અદ્વૈતવાદના વિરોધમાં ઉત્તરવર્તી રામાનુજાદિ વિભિન્ન આચાર્યોએ પોતાના વિશિષ્ટાદ્વૈતી સિદ્ધાંતોનું નિરૂપણ કરવા અનેક સાંપ્રદાયિક સ્તોત્રો સર્જ્યાં. શંકરાચાર્યનાં સ્તોત્રોનો પ્રભાવ વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવી સ્તોત્રોમાં વર્તાય છે.

શંકરાચાર્યનાં સ્તોત્રોમાં જેવું દીન-હીન ભક્તકવિનું કરુણક્રંદન સંભળાય છે તેવું જ ક્રંદન વિશિષ્ટાદ્વૈતી કુલશેખરના 'મુકુન્દમાલા સ્તોત્ર'માં અને યામુનમુનિના 'સ્તોત્રરત્ન'માં પણ સંભળાય છે. શંકરાચાર્યની શૈલીની પ્રાસાદિકતા અને ભાવ-ભાવનાઓની મધુરિમા આ બંને સ્તોત્રોમાં પર્યાપ્તમાત્રામાં અભિવ્યક્ત થઈ છે. કવિ કુલશેખર તો પ્રત્યેક જન્મમાં સર્વ કામનાઓનો ત્યાગ કરી માત્ર વિષ્ણુના ચરણની-અવિચળ ભક્તિની જ યાચના કરે છે.[૭] શંકરાચાર્યે પણ 'જગન્નાથાષ્ટક'માં આવી જ કામના વ્યક્ત કરી છે.[૮] યામુનમુનિ 'સ્તોત્રરત્ન'માં શિશુતુલ્ય અબોધભાવ વ્યક્ત કરી વિષ્ણુના ચરણ-કમળમાં જ આસક્તિ ઝંખે છે.[૯] પાપોનો એકરાર કરતા નિરાધાર કવિનું ક્રંદન સ્તોત્રને ઊર્મિપ્રધાન બનાવે છે.[૧૦] શંકરાચાર્યે આવી ભાવનાઓ ભવાન્યષ્ટક' તેમજ 'અપરાધક્ષમાપન' સ્તોત્રોમાં અનેક સ્થળે રજૂ કરી છે. આ સંદર્ભમાં કહી શકાય કે કુલશેખર અને યામુનાચાર્ય બંને શંકરાચાર્યની

સ્તોત્રશૈલી સ્વીકારે છે, શંકરાચાર્યના વિચારોને પણ સ્વીકારે છે. શંકરાચાર્યનાં ખાસ કરીને જગન્નાથાષ્ટક, કૃષ્ણાષ્ટક અને અપરાધક્ષમાપન સ્તોત્રોના વિચારોને કુલશેખર અને યામુનાચાર્ય અનુસરે છે. ભેદ એ છે કે શાંકર સ્તોત્રોમાં શ્રીકૃષ્ણનું કેવલાદ્વૈત બ્રહ્મનું સ્વરૂપ રજૂ થયું છે, તો વિશિષ્ટાદ્વૈતી આ કવિઓનાં સ્તોત્રોમાં કૃષ્ણનું વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત પ્રમાણેનું બ્રહ્મસ્વરૂપ નિષ્પન્ન થાય છે.

રામાનુજાચાર્યના શિષ્ય શ્રીવત્સાંકમિશ્રે 'શ્રીવૈકુંઠસ્તવ' દ્વારા વેદાદિગ્રંથોમાં નિરૂપિત વિષ્ણુના તાત્ત્વિક સ્વરૂપનું આલેખન કરી પોતાનો ભક્તિભાવ પ્રગટ કર્યો છે. દુર્ગુણો અને અપરાધોનો એકરાર કરી કવિ પોતાને દયાપાત્ર માને છે.[૧૧] શંકરાચાર્યનાં અપરાધક્ષમાપન સ્તોત્રોમાં આવો સૂર અનેક સ્થાને વ્યક્ત થયો છે. આમાંથી સ્પષ્ટ થાય છે કે વિશિષ્ટાદ્વૈતી કવિઓ પણ શંકરાચાર્યની ભાવ-ભાવનાઓથી પ્રભાવિત છે, વળી એમના 'સુંદરબાહુસ્તવ'માં વિષ્ણુનું કેશાદિપાદાન્ત વર્ણન પ્રાપ્ત થાય છે, જે શંકરાચાર્યનાં નખશિખવર્ણનસ્તોત્રોનું અનુસરણ છે. શ્રીવત્સાંકમિશ્રના 'વરદરાજસ્તવ'માં વિષ્ણુનું કેશાદિપાદાન્ત વર્ણન મળે છે, એમાં નાસિકારૂપી સેતુ અને અધરપલ્લવ પર દંતચન્દ્રચન્દ્રિકાની કલ્પના દર્શનીય છે.[૧૨] શંકરાચાર્યના 'વિષ્ણુપાદાદિકેશાન્તવર્ણન' સ્તોત્રમાં પણ આવું રૂપવર્ણન થયું છે.

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવસ્તોત્રોની પરંપરામાં વેંકટનાથ વેદાંતદેશિક ૩૦ જેટલાં સ્તોત્રોની રચના કરીને આચાર્ય અને ભક્ત તરીકે મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરે છે. પૂર્વવર્તી શંકરાચાર્ય તેમજ વૈષ્ણવ આચાર્યોના વિચારોની કાવ્યાત્મક અભિવ્યક્તિ સંપન્ન એમનાં સ્તોત્રોમાં વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સિદ્ધાંતોનું પ્રતિપાદન પ્રપત્તિભક્તિના માહાત્મ્ય સાથે થયું છે. વેંકટનાથ વેદાંતદેશિક શંકરાચાર્યની જેમ અષ્ટક, દશક, વિશંતિ, પંચાશત્, શતક ઈત્યાદિ વિવિધ સ્તોત્ર પરંપરાને વિકસિત કરે છે. સ્તોત્રસાહિત્યનાં ઈતિહાસમાં પૂર્વવર્તી શંકરાચાર્યનું જેવું સ્થાન અને પ્રદાન છે. તેવું જ સ્થાન અને પ્રદાન ઉત્તરવર્તી આચાર્યો અને કવિઓમાં મુખ્યત્વે વેંકટનાથ વેદાંતદેશિકનું છે. શંકરાચાર્યે વિવિધ પ્રકારનાં તમામ પરંપરાઓનાં અનેક સ્તોત્રો રચીને કેવલાદ્વૈત સિદ્ધાંત પ્રસારિત કર્યો, તો વેંકટનાથ વેદાંતદેશિકે પણ અનેક પ્રકારનાં સ્તોત્રો રચીને વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત પ્રસારિત કરવામાં પ્રમુખ બની રહ્યા, વેદાંતદેશિકનાં સ્તોત્રોમાં ખાસ કરીને હયગ્રીવસ્તોત્ર, દશાવતારસ્તોત્ર, ગોપાલવિંશતિ, શ્રીસ્તુતિ, વરદરાજપંચાશત્, દેવનાયકપંચાશત્ નારાયણાષ્ટક, સુદર્શનાષ્ટક, દયાશતક, પાદુકાસહસ્ર વગેરેનો સમાવેશ થાય છે. આ સ્તોત્રોમાં ભક્તિભાવની અભિવ્યક્તિ શંકરાચાર્યની જેમ આકર્ષક છે. નિર્વેદભાવનું પ્રકાશન કરતી પદાવલિઓ માર્મિક છે. એક ઉદાહરણ દર્શનીય છે.[૧૩] શંકરાચાર્યના પદોમાં પણ આવો નિર્વેદભાવ રજૂ થયો છે. પરંતુ પ્રપત્તિભક્તિની ભાવના વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં ઉત્તમતાને પામી છે.

### (૪) પૂર્વવર્તી પ્રસિદ્ધ કવિઓનાં સ્તોત્રો અને વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો :

પ્રાચીનત્તમ સ્તોત્રકૃતિ તરીકે કાલિદાસના 'શ્યામલાદંડક'ને સ્થાન અપાય છે. જૈન-બૌદ્ધેતર સ્તોત્રોમાં કાલિદાસનું 'શ્યામલદંડક' મહત્ત્વનું અને પ્રાચીનત્તમ સ્તોત્ર ગણાય છે. આ સ્તોત્રમાં માતંગીદેવીની સ્તુતિ છે. દેવીસ્તોત્રોની રચનામાં આ સ્તોત્ર પ્રેરક બની રહી છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં શ્રીસ્તુતિ, લક્ષ્મીસહસ્ર વગેરેમાં આનો પ્રભાવ જોવા મળે છે. કાલિદાસે 'શ્યામલાદંડક'માં દંડક પ્રકારના ગદ્ય-પરિચ્છેદોમાં કેશાદિપાદાન્તવર્ણન શૈલીમાં

દેવીનાં વસ્ત્રાભૂષણ તેમજ અંગ-સૌન્દર્ય વર્ણન કર્યું છે. વિશિષ્ટાદ્વૈતી લક્ષ્મીસ્તોત્રોમાં સામાન્યતઃ આવા વિષયો મહદંશે દૃષ્ટિગોચર થાય છે. 'શ્રીસ્તુતિ', 'શ્રીગુણરત્નકોશ' તથા 'લક્ષ્મીસહસ્ર'માં કેશાદિપાદાન્તવર્ણન શૈલીમાં દેવી લક્ષ્મીનાં વસ્ત્રાભૂષણો તેમજ અંગ-સૌન્દર્યનો મહિમા ગાયો છે. સંસ્કૃત સાહિત્યનાં પ્રારંભિક દેવી સ્તોત્રોમાં સૌન્દર્ય સાથે શૃંગાર પણ ભળે છે. એની પ્રતીતિ 'શ્યામલાદંડક' કરાવે છે. એવું માની શકાય કે કાલિદાસની દેવી માતંગીના, શંકરાચાર્યની દેવી ભવાનીના તથા વિશિષ્ટાદ્વૈતી લક્ષ્મીસ્તોત્રોની દેવી લક્ષ્મીના નખશિખ વર્ણનમાં શૃંગારી ભાવનાઓનો સમાવેશ એ પ્રાકૃતસાહિત્યની 'ગાથાસપ્તતી'નો પ્રભાવ છે. કાલિદાસને દેવી માતંગીની ત્રિવલીમાં સૌન્દર્યરત્નાકરનો ઉલ્લાસ દેખાય છે;[૧૪] તો શ્રીવત્સાંકમિશ્ર 'શ્રીગુણરત્નકોશ'માં લક્ષ્મીના સૌન્દર્યનિરૂપણમાં કલ્પનાનો ઉન્મેષ કરી લક્ષ્મીકલ્પલતાનું રૂપક ચિત્ર આપે છે.[૧૫]

કાલિદાસના 'શ્યામલાદંડક'થી પ્રવર્તિત થયેલ દંડક-સ્તોત્રોની પરંપરામાં વેંકટનાથ વેદાન્તદેશિકે 'ગરુડદંડક' રચ્યું છે. એમાં કાલિદાસ દ્વારા પ્રયુક્ત દંડક-છંદ અને દંડક-ગદ્યશૈલી પ્રયુક્ત થયાં છે.

કાલિદાસના મહાકાવ્ય 'રઘુવંશ'ના દશમા સર્ગમાં પ્રાપ્ત થતી વિષ્ણુસ્તુતિ (શ્લોક ૧૬ થી ૩૨)માં મુખ્યત્વે ઉપનિષદોમાં પ્રતિપાદિત ભગવાન વિષ્ણુનું તાત્ત્વિક સ્વરૂપ નિરૂપિત થયું છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં વિષ્ણુ અને તેમના અવતારોના નિરૂપણમાં ઉપનિષદોમાં પ્રતિપાદિત પરબ્રહ્મ સ્વરૂપ વિષ્ણુનું તાત્ત્વિક સ્વરૂપ પ્રસ્તુત થયું છે. ભગવાન વિષ્ણુને વરદરાજ, શ્રીરંગ, શ્રીશૈલ પર બિરાજમાન માની મોટાભાગના સ્તોત્રોમાં વિષ્ણુનાં વિવિધ સ્વરૂપોને નિરૂપિત કર્યાં છે. ભારવિના 'કિરાતાર્જુનીય'ના ૧૮માં સર્ગમાં મહાદેવસ્તુતિ (શ્લોક ૨૩ થી ૪૩)માં શિવમહિમા-વર્ણનની સાથે શરણાગતિનું મહત્ત્વ દર્શાવ્યું છે. શરણાગત ભક્ત જ પાપમુક્ત થઈ મુક્તિ પામે છે. એ સ્તુતિનો કેન્દ્રવર્તી વિચાર છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રો પ્રપતિપ્રધાન ભક્તિને શ્રેષ્ઠ માને છે.

પરમાત્માના તાત્ત્વિક સ્વરૂપનું નિરૂપણ કરવું તે મહાકાવ્યોનાં સ્તોત્રોનો પ્રમુખ વિષય છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોમાં પણ પરમાત્માનું તાત્ત્વિક સ્વરૂપ સર્વત્ર પ્રસ્તુત થયું છે.

ઈસુની છઠ્ઠી સદીના બાણભટ્ટે 'ચંડીશતક'ની રચના દ્વારા શતકસ્તોત્રોની પરંપરાનો આરંભ કર્યો. શતકસ્તોત્રોની આવી પરંપરામાં શંકરાચાર્યે 'સૌન્દર્યલહરી' અને 'શિવાનંદલહરી'ની રચના કરીને આ પરંપરા સમૃદ્ધ કરી. તેમાં વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્યોએ શતક સ્તોત્રો તો રચ્યાં, પણ એનાથી મોટાં બૃહદ્સ્તોત્રોની પરંપરા પ્રવર્તિત કરી. શ્રીવત્સાંકમિશ્રે શ્રીવૈકુંઠસ્તવ, સુંદરબાહુસ્તવ અને વરદરાજસ્તવ જેવાં શતકોની તથા પરાશરભટ્ટે શ્રીરંગરાજસ્તવ અને વરદરાજસ્તવ જેવા શતકોની તથા પરાશરભટ્ટે શ્રીરંગરાજસ્તવ નામના દ્વયશતકની રચના કરી; તો વેંકટનાથ વેદાન્તદેશિક અને વેંકટાધ્વરીએ અનુક્રમે 'પાદુકાસહસ્ર' અને 'લક્ષ્મીસહસ્ર' એ સહસ્રશ્લોકી સ્તોત્રોની રચના કરી છે. આ બંને સ્તોત્રો સંસ્કૃત સ્તોત્ર સાહિત્યમાં બૃહત્તમ સ્તોત્રો કહી શકાય.

બાણભટ્ટના ચંડીશતકમાં શિવપત્ની ભવાનીની સ્તુતિમાં સ્રગ્ધરા છંદના ૧૦૨ શ્લોકો છે, તો વેંકટાધ્વરીના લક્ષ્મીસહસ્રમાં વિષ્ણુપત્ની લક્ષ્મીની સ્તુતિ ૧૦૧૮ શ્લોકોમાં તથા શ્રીવત્સાંકમિશ્રે શ્રીસ્તુતિ તથા પરાશરભટ્ટે શ્રીગુણરત્નકોશમાં ૬૧ શ્લોકોમાં વિષ્ણુ પત્ની ભગવતી લક્ષ્મીની સ્તુતિ માળા રચી છે. નારીરૂપ-ચિત્રણ અને

શૃંગારનો સમાવેશ દેવીસ્તોત્રોમાં પણ થવા લાગ્યો, તેના સંકેત 'ચંડીશતક'માં પ્રાપ્ત થાય છે.'ભૂજાઓના ઉછાળાથી શોભતા ઉચ્ચ સ્તન તટવાળું, સાંધાઓમાં ફાટતી કંચુકીવાળું, ગંભીર ઉદર અને નાભિમંડળ તરફથી સરકતી કાંચીવાળું, ચારેબાજુથી બાંધેલા ઊંચાનીચા વક્રસુંદર અંબોડાવાળું અને મહિસાસુર સાથેના યુદ્ધમાં કસાયેલ પાર્વતીનું શરીર તમારું રક્ષણ કરો.'[૧૬] બાણભટ્ટના આવા નિરૂપણમાં દેવીના રૂપ-વર્ણનમાં પણ વિલાસી શૃંગારવૃત્તિનાં દર્શન થાય છે. વેંકટાધ્વરીના 'લક્ષ્મીસહસ્ર' અને પરાશર ભટ્ટના 'શ્રીગુણરત્નકોશ'માં વિષ્ણુપ્રિયા લક્ષ્મીના કુચ, કંચુકી, ઉદર, નાભિ, કાંચી, કેશકલાપ, ત્રિવલ્લી, હાસ્ય, નિતંબ વગેરેના વર્ણનમાં શૃંગારી નિરૂપણ થયું છે. આમ વિશિષ્ટાદ્વૈતી દેવીસ્તોત્રોમાં બાણભટ્ટના 'ચંડીશતક'નો પ્રભાવ જોઈ શકાય છે. એટલું જ નહિ, સ્તોત્રસાહિત્યમાં સૌંદર્ય-શૃંગાર-વર્ણનની પરાકાષ્ઠા વેંકટાધ્વરીના 'લક્ષ્મીસહસ્ર'માં સર્જાઈ છે. દેવી લક્ષ્મીના સૌંદર્ય અને શૃંગારનું વર્ણન કરવા કવિએ 'સૌંદર્યસ્તબક' (શ્લોક ૨૩૪) અને 'શૃંગારસ્તબક' (શ્લોક ૫૦) નામનાં બે સ્વતંત્ર સ્તબકો રચી નાખ્યાં છે.

### (બ) વિશિષ્ટાદ્વૈતી બૃહત્તમ સ્તોત્ર રચનાર વેંકટાધ્વરી અને અન્ય કવિઓનો તુલનાત્મક અભ્યાસ

#### ૧. કાલિદાસ અને વેંકટાધ્વરી :

મહાકવિ કાલિદાસના 'કુમારસંભવ' મહાકાવ્યના પ્રથમસર્ગમાં પાર્વતીનું પાદાદિકેશાન્તવર્ણન અને તૃતીયસર્ગમાં તેના સમગ્ર દેહ-લાવણ્યનું નિરૂપણ થયું છે. કાલિદાસનું નખશિખ-વર્ણન માત્ર ૧૮ શ્લોકોમાં પરિસમાપ્ત થાય છે, જ્યારે વેંકટાધ્વરીનું એ વર્ણન સમગ્ર 'લક્ષ્મીસહસ્ર'નો લગભગ એક તૃતીયાંશ (શ્લોક સંખ્યા ૨૩૫) રોકે છે. કાલિદાસની દૃષ્ટિમાં સ્તનભારથી ઝૂકેલી, પ્રાતઃકાલીન સૂર્ય સમ રક્ત વસ્ત્ર ધારણ કરતી, પુષ્પ ગુચ્છોથી નમેલી અને પલ્લવોથી પરિપૂર્ણ પાર્વતી ગતિશીલ-લતા જેવી છે.[૧૭] કાલિદાસની આ ઉપમાને વેંકટાધ્વરી માધવી-લતાની રમણીય ઉત્પ્રેક્ષામાં પરિવર્તિત કરી દે છે. કવિ લક્ષ્મીના અધરને કોમળ પલ્લવ, દંતપંક્તિને પુષ્પોની હારમાળા અને મધુર વાણીને મકરંદ માની લક્ષ્મીમાં માધવી-લતાનું દર્શન કરે છે.[૧૮] પુષ્પો અને આભૂષણોથી અલંકૃત વેંકટાધ્વરીની લક્ષ્મી અને કાલિદાસની પાર્વતીના વર્ણનમાં સામ્ય છે.[૧૯] કાલિદાસના મતે નૂપુર-ઝંકાર પામવાની ઈચ્છાવાળા રાજહંસોએ પાર્વતીને પગલાં મૂકવાની ચાલ ચાલવા માટે જાણે નિયુક્ત કરી હતી;[૨૦] તો વેંકટાધ્વરીની દૃષ્ટિએ લક્ષ્મીના ચરણ-દ્વય નૂપુરના પ્રેમી હોવા છતાં ગતિમાં હંસને જીતીને અધિક શોભે છે.[૨૧] ચરણગતિ માટે હંસગતિનું પરંપરાગત ઉપમાન વેંકટાધ્વરીએ અહીં પ્રયોજ્યું છે. કર્કશતાના કારણે હાથીની સૂંઢ પાર્વતીના ઊરુનું ઉપમાન બની શકે નહિ.[૨૨] કાલિદાસનો આ જ વિચાર વ્યક્ત કરતાં વેંકટાધ્વરી કહે છે કે હાથીની સૂંઢને અંદરથી નિસ્સાર, સ્પર્શે કર્કશ અને ઉપરથી મલિન માની લક્ષ્મીના ઊરુ-દ્વય તેને હસી કાઢે છે.[૨૩] આનાથી સ્પષ્ટ થાય છે કે કાલિદાસ જે સંક્ષેપમાં કહી શકે છે, તેનો વેંકટાધ્વરી વિસ્તાર કરે છે. શીતળતાને કારણે કદલી-સ્તંભ ઉમાના ઊરુ માટેનું ઉપમાન બની શકે નહિ. એમ અત્યંત વ્યંજક શબ્દોમાં કાલિદાસ ઊરુના લાવણ્યને વ્યંજિત કરી દે છે.[૨૪] આ સંદર્ભમાં કવિ વેંકટાધ્વરીએ એ પરંપરાગત ઉપમાનને ભિન્ન રીતે પ્રયોજવું છે, તેથી તેમાં વિસ્તાર કરી તે કહે છે : લક્ષ્મીના ઊરુ-દ્વયની શોભા 'હસ્તગત' કરવા હાથી જે કદલીથી અભિલાષા રાખે છે, તે જ કદલીને હાથીનું બચ્ચું ઈર્ષ્યાથી ઉગ્રતાથી પીડે છે.[૨૫] કાલિદાસની ભાષામાં નૈસર્ગિકતા અને સારલ્ય છે, જ્યારે વેંકટાધ્વરી શ્લેષ-પ્રિય કવિ હોઈ

'સૂંઢ' ઉપમાન 'હસ્તગત' શબ્દમાં અંતર્નિહિત કરી દે છે. કાલિદાસમાં પુનરુક્તિનો દોષ આવતો નથી, જ્યારે વેંકટાધ્વરી એક જ ઉપમાનને વિવિધ રીતે એકથી અધિક શ્લોકોમાં નિયોજિત કરે છે. પાર્વતીની ત્રિવલિ કાલિદાસની દૃષ્ટિએ આરોહણ કરવા માટે નવયૌવને રચેલાં જાણે પગથિયાં હતાં.[૨૬] તો વેંકટાધ્વરીની દૃષ્ટિએ લક્ષ્મીની રોમાવલિ વિષ્ણુની દૃષ્ટિએ માટે સ્તનરૂપી દુર્ગ પર અધિરોહણ માટેની સોપાન-પરંપરા હતી.[૨૭] આમ કાલિદાસનો જ વિચાર વેંકટાધ્વરીએ શૃંગારનું આવરણ ચઢાવીને મૂક્યો છે. કાલિદાસની શૃંગાર-ભાવના સંયત છે, કિન્તુ વેંકટાધ્વરી કાલિદાસની એ શૃંગાર-મર્યાદાનું અતિક્રમણ કરે છે. પાર્વતીના સ્તન એવી રીતે વૃદ્ધિ પામ્યા કે તેમની વચમાંથી કમળ-તંતુને પણ અવકાશ અલભ્ય હતો,[૨૮] તો લક્ષ્મીના સ્તન પણ અત્યંત સમીપતાથી ગાઢ-નિરવકાશ હતાં.[૨૯] પાર્વતીના સુગંધી નિશ્વાસથી ભમરા તેના બિંબફળ જેવા અધર પાસે ભમતા હતા અને તે લીલા અરવિંદથી ભમરાઓને દૂર કરતી હતી.[૩૦] કાલિદાસનો આવો વિચાર વેંકટાધ્વરીએ લીલા-શુકને બહાને વ્યક્ત કર્યો છે. લક્ષ્મીનો હસ્ત નૈસર્ગિક રીતે જ રક્ત છે. કંકણના પદ્મરાગમણિના કિરણસમૂહ અને માજાર્ર-લોચન સમાન વૈદુર્યમણિના દર્શનથી ભયભીત થઈ ઉડતા લીલા-શુકને નિવારવામાં લક્ષ્મીનો હાથ રોકાયો છે. પરિણામે તે શ્રમથી તે હાથ અધિક રક્ત બની શોભે છે.[૩૧] કાલિદાસને અનુસરી વેંકટાધ્વરી પણ લક્ષ્મીના મુખને ચંદ્ર અને કમળ જેવાં ઉપમાન પ્રતીકો કરતાં પણ ઉત્કૃષ્ટ બતાવે છે.[૩૨] કાલિદાસ આ બાબત માત્ર એક જ શ્લોકમાં રજૂ કરીને તે વિચાર છોડી દે છે. જ્યારે વૈંકટાધ્વરી વારંવાર આ વિચારનું પિષ્ટપોષણ કરી અનેક શ્લોકો સર્જે છે. કવિ-સંપ્રદાય અનુસર હાસ્યનો વર્ણ શ્વેત મનાયો છે. એને અનુસરી વેંકટાધ્વરી દેવીના હાસ્યનું વર્ણન કરતાં કહે છે : અધરોષ્ઠ પર મંદસ્મિત-કાન્તિ સંધ્યાના રંગમાં બાલચંદ્રની કાન્તિની જેમ, પદ્મરાગ મણિમાં સ્ફટિક-દ્યુતિની જેમ અને પલ્લવાગ્રે નૂતન કુસુમની શોભાની જેમ શોભે છે.[૩૩] વેંકટાધ્વરીએ આ સર્વ ઉપમાનો અને સંપૂર્ણભાવ કાલિદાસમાંથી ગ્રહણ કર્યા છે. કાલિદાસે પાર્વતીના સ્મિતનું નિરૂપણ કરતાં કહ્યું છે કે જો શ્વેતપુષ્પ રક્ત કુંપળો પર મૂકવામાં આવે અથવા મોતીને નિર્મળ પરવાળા પર સ્થાપિત કરવામાં આવે તો તે રક્ત અધર પર પ્રસરતી કાંતિવાળા નિર્મળ મંદહાસ્યનું અનુકરણ કરી શકે.[૩૪] આમ સૌંદર્ય-નિરૂપણમાં કાલિદાસનો પ્રભાવ વેંકટાધ્વરી પર સ્પષ્ટ રીતે વર્તાય છે. પાર્વતીની મધુર વાણીથી કોયલ પણ બેસૂરી વીણાની જેમ પ્રતિકૂળ નાદવાળી થઈ જાય છે.[૩૫] તો લક્ષ્મીની ભારતી પણ કોકિલ કંઠના આલાપને દૃઢ રીતે હસી કાઢે છે.[૩૬] નીલકમળ જેવા ચંચળ કટાક્ષોને, વિશાળ નેત્રવાળી તે ઉમાએ શું મૃગલીઓ પાસેથી સ્વીકાર્યા કે પછી શું મૃગલીઓએ તે પાર્વતીની પાસેથી સ્વીકાર્યા?[૩૭] કાલિદાસ માત્ર આવો સંદેહ રજૂ કરી વિરમી જાય છે, પરન્તુ કવિ વેંકટાધ્વરી તો આ ઉપમાનને વિસ્તારી સિદ્ધ કરે છે કે લક્ષ્મીનાં અવયવોના શત્રુઓને આશ્રય આપવાથી ઈશ્વરને પણ ભિક્ષા માગવી પડે છે : લક્ષ્મીના નયનોથી જીતાયેલ હરણ ચંદ્ર (રાજા)ને શરણે ગયું. આ ચંદ્ર (રાજા) પણ પોતાનું બિંબ (રાષ્ટ્ર) છોડીને લક્ષ્મી-મુખ દ્વારા જિતાઈને હરણ સાથે દુર્ગેશ (શિવ-મહારાજા) પાસે ગયો અને તે દુર્ગેશ પણ લક્ષ્મીના નેત્ર-મુખના વૈરી હરણ અને ચંદ્ર-આ બંનેમાંથી એક હરણને હાથથી અને ચંદ્રને મસ્તકે ધારણ કરી ઈશ્વર હોવા છતાં આજે ભિક્ષાટન કરી રહ્યો છે.[૩૮]

કવિની કલ્પના-શક્તિ ક્યાં ક્યાં વિસ્તરે છે! વેંકટાધ્વરીનું આ જ વૈશિષ્ટ્ય છે. તેઓ શ્લેષ અને કલ્પનાના બળે વિસ્મયજનક અર્થ નિર્ધારણમાં પાવરધા છે. કાલિદાસાદિ કવિઓ દ્વારા પ્રયુક્ત ઉપમાનો ગ્રહણ કરીને પણ તેમને કલ્પનાના રંગો થકી નવા પરિવેષમાં સજાવે છે - વિસ્તારે છે અને પુરોગામીઓના વિચારને-ભાવને જાણે અપૂર્ણ

માની તેને પૂર્ણતાએ પહોંચાડે છે. કાલિદાસ અને વેંકટાધ્વરી બન્ને કેશકલાપના ઉપમાન તરીકે ચામરને હીન માને છે. કાલિદાસ કહે છે કે જો પ્રાણીઓમાં લજ્જા હોત તો પાર્વતીનો કેશકલાપ નિહાળી ચમરી દાયો પોતાના કેશ પ્રત્યેની આસક્તિ ઓછી કરી દેત,[૩૯] જ્યારે વેંકટાધ્વરી કહે છે કે લક્ષ્મીના કેશકલાપને કયો પામર પણ ચામર કહે. કેમકે પ્રથમ કેશપાશને હરિએ (મૃગેન્દ્રે) સત્કાર્યો અને અન્ત્ય ચામરને મૃગોએ અનાદૃત કર્યો.[૪૦] કાલિદાસની દૃષ્ટિએ એક જ સ્થળે સઘળું સૌંદર્ય જોવાની ઈચ્છાથી બ્રહ્માએ સર્વ ઉપમા-દ્રવ્યોને એકત્રિત કરી યોગ્ય સ્થળે ગોઠવી પ્રયત્નપૂર્વક પાર્વતીનું સર્જન કર્યું છે.[૪૧] એકત્રિત સૌંદર્યનું દર્શન કરતા વેંકટાધ્વરી લક્ષ્મીને સૌંદર્યની સીમાભૂમિ કહે છે.[૪૨] ક્ષત્રિય શબ્દની વ્યુત્પત્તિ આપતાં કાલિદાસ કહે છે કે 'નાશમાંથી જે બચાવે છે', એવો ગૌરવપૂર્ણ 'ક્ષત્રિય' શબ્દ ત્રણે ભુવનોમાં પ્રસિદ્ધ થયો છે.[૪૩] આ વ્યુત્પતિની સહાય લઈ વેંકટાધ્વરી લક્ષ્મીના નખને 'નક્ષત્ર' (ક્ષત્રિય નહિ તે, નક્ષત્ર) રૂપે નિહાળે છે.[૪૪] એમાં કવિની કલ્પના-શક્તિનું દર્શન થાય છે.

### ૨. મૂક કવિ અને વેંકટાધ્વરી :

દાક્ષિણાત્ય કવિ મૂકે દેવી કામાક્ષીની સ્તુતિમાં ૫૦૦ શ્લોક ધરાવતું બૃહત્સ્તોત્ર 'પંચશતી' રચ્યું, તો એમના માર્ગને અનુસરી દાક્ષિણાત્ય કવિ વેંકટાધ્વરીએ દેવી લક્ષ્મીની સ્તુતિમાં 'લક્ષ્મીસહસ્ર' રચી નાખ્યું. 'લક્ષ્મીસહસ્ર'ના લક્ષ્મીના સૌંદર્ય-નિરૂપણમાં મૂક કવિના 'કટાક્ષશતક', 'મંદસ્મિતશતક' અને 'પાદારવિન્દશતક'માંથી વેંકટાધ્વરીએ પ્રેરણા પ્રાપ્ત કરી છે. કામાક્ષીનાં અંગોનું સૌંદર્ય વર્ણવતા મૂક કવિએ ૩૦૦ શ્લોક રચ્યા, તો વેંકટાધ્વરીએ લક્ષ્મીના અંગ-પ્રત્યંગના સૌંદર્ય નિરૂપણ માટે પણ એટલા જ ૨૯૯ શ્લોક (સૌંદર્યસ્તબક : કુલ શ્લોક-૨૩૫ અને કટાક્ષસ્તબકઃ કુલ શ્લોક-૬૪) રચ્યા. એટલું જ નહિ, પણ મૂક કવિના 'કટાક્ષશતક'ને અનુસરી વેંકટાધ્વરીએ પણ પોતાના સ્તોત્રના પાંચમાં સ્તબકનું નામ 'કટાક્ષ-સ્તબક' રાખ્યું છે.

મૂક કવિના 'કટાક્ષશતક'માં કામાક્ષીના કટાક્ષનાં ઉપમાનો જેવાં કે કલ્પવૃક્ષ, મેઘ, ઔષધ, જ્યોત્સના, નદી, ગુરુ, દીપમાળા, નીલકમળ, વાદળ, શ્રેણી, ધારા, સૂર્યોદય, કુઠાર, કમળ, વસંત-લક્ષ્મી ઈત્યાદિનો પ્રયોગ વેંકટાધ્વરીએ પણ લક્ષ્મી-કટાક્ષ માટે કર્યો છે.

કામાક્ષીના કટાક્ષનો મહિમા ગાતાં કવિ મૂક કહે છે કે ગાઢ છાયાથી જગતનો પરિતાપ હરનાર અને કરુણા-રૂપી મકરંદ વેરતું કટાક્ષરૂપી કલ્પદ્રુમ શોભે છે.[૪૫] વેંકટાધ્વરી આનું સ્પષ્ટ અનુકરણ કરે છેઃ 'અપાર સંસારરૂપી ગ્રીષ્મના તાપની પીડાને નષ્ટ કરનાર છાયાવાળા, તેમજ કારુણ્યરૂપી મકરંદથી શીતળ એવા લક્ષ્મી-કટાક્ષરૂપી કલ્પદ્રુમનો અમે આશ્રય લઈએ છીએ.'[૪૬] આમાં નાવીન્ય માત્ર એટલું છે કે કવિ વેંકટાધ્વરીની પ્રપત્તિ-પ્રધાન ભક્તિ પણ વ્યક્ત થાય છે. મૂકકવિની કામાક્ષીનો કટાક્ષ નીલવર્ણનો હોવા છતાં હરિમાં અધિક રાગ જન્માવે છે, ચંચળ હોવા છતાં માણસોમાં સ્થિર ભક્તિ જન્માવે છે અને વક્ર હોવા છતાં પ્રણામ કરતા માણસોમાં સમતા વિસ્તારે છે.[૪૭] આ આશ્ચર્યભાવને-વિરોધાભાસને વેંકટાધ્વરી પણ રજૂ કરે છે : લક્ષ્મીની કટાક્ષ-રેખા અઘટિતના નિર્માણમાં અતીવ કુશળ છે, કેમકે તે વનીપક (દરિદ્રયાચક)ને અવનીપક (સ્થિર ધનસંપન્ન અવનિપતિ) બનાવી દે છે.[૪૮] બંને કવિઓનો અલંકાર સમાન વિરોધાભાસ છે. પરન્તુ વેંકટાધ્વરી શબ્દક્રીડામાં રાચે છે, એ વિશેષતા છે. કામાક્ષીના કટાક્ષરૂપી રંગમંચ પર કરુણારૂપી નર્તકી નાચે છે.[૪૯] તો વેંકટાધ્વરી પણ લક્ષ્મીના કટાક્ષમાં કારુણ્યાદિગુણોથી

મહિમાસંપન્ન કુશળ નર્તકનું દર્શન કરે છે. તે નર્તક આશ્રિત ભક્તની મુખરૂપી રંગશાળામાં સરસ્વતીને (નર્તકી સ્ત્રીને) નચાવે છે.[૫૦] મૂક કવિના વિચારમાં આ રીતે થોડુંક પરિવર્તન-ઉમેરણ કરી રવિ વૈષ્ણવી પ્રપત્તિપ્રધાન ભક્તિને અનુરૂપ આલેખન કરે છે. કામાક્ષીનો કટાક્ષ શ્યામ (મલિન), કાજળમિશ્રિત અને નૈસર્ગિક ચંચળ હોવા છતાં ભક્તને વિમળતા, અનંજનતા અને સ્થિરતા આપે છે એ કવિને મન આશ્ચર્યનો વિષય છે.[૫૧] વેંકટાધ્વરી પણ મૂક કવિના આ વિચારનું અનુસરણ કરતાં કહે છે કે લક્ષ્મીના કાજળમિશ્રિત જે કટાક્ષોથી ચંદ્ર (વિષ્ણુ) પણ કૃષ્ણ (શ્યામ) બની જાય છે, તે જ કટાક્ષ-પૂરથી લક્ષ્મી અતિ અંધકારવાળી કાન્તિની મલિનતા (અજ્ઞાનતા) હરી લે છે, એ વિચિત્ર છે.[૫૨] સંસારના ઘોર રોગોની ચિકિત્સા માટે મૂક કવિની દૃષ્ટિએ કામાક્ષીનો કટાક્ષ મહા ઔષધ સ્વરૂપ છે.[૫૩] વેંકટાધ્વરી પણ દેવી લક્ષ્મીની પાસે સંસારના રોગોમાંથી-વિપત્તિઓમાંથી પોતાનું રક્ષણ કરવા કટાક્ષરૂપી દિવ્ય ઔષધની યાચના કરે છે.[૫૪] મૂક કવિ કામાક્ષીના કટાક્ષને સંસારરૂપી ઝેરી વૃક્ષને છેદી નાખનાર કુઠાર-ધાર માને છે.[૫૫] તો વેંકટાધ્વરી પણ લક્ષ્મી-કટાક્ષને અજ્ઞાનના અરણ્યને વિદારવામાં કુઠાર-ધાર સ્વરૂપ માને છે.[૫૬] દેવીનો કટાક્ષ ભોગ અને અપવર્ગ (મોક્ષ) બંને આપે છે. એ બાબતમાં મૂક અને વેંકટાધ્વરીનો સમાન મત છે. મૂક કવિને આશ્ચર્ય થાય છે કે કામાક્ષીનો ચંચળ કટાક્ષ એક બાજુ શંભુના ધૈર્યને વિચલિત કરી તેમના હૃદયમાં રાગબંધ (વિષયાસક્તિ) વિસ્તારે છે, જ્યારે એનાથી વિપરિત મુનિજનોને ધીર બનાવી તેમનો રાગ (પ્રેમ-વિષય) દૂર કરી દે છે.[૫૭] મૂકની આ ભાવનાને વેંકટાધ્વરી પણ પ્રતિપાદિત કરે છે - શ્લેષનો આશ્રય લઈને - લક્ષ્મીનો કટાક્ષ મનોવ્યથાસંપન્ન દરિદ્રમાં સંપત્તિ લાવે છે, જ્યારે તમોગુણરહિત અને અતૃપ્ત માણસમાં 'સમાધિ' સિદ્ધ કરે છે.[૫૮] બંનેની નિરૂપણ-શૈલી સમાન છે. દેવીના કટાક્ષનું વૈચિત્ર્ય બતાવી તેનો મહિમા ગાવો એ ઉદ્દેશ બંને કવિઓનો છે. મૂક કવિ કહે છે કે કામાક્ષીનો કટાક્ષ એવો સૂર્યોદય છે, જે હૃદય-કમળને વિકસિત કરનાર, અંધકાર-વિદારક અને જગતના દોષ તેમજ જડતાને દૂર કરે છે.[૫૯] આનું સ્પષ્ટ અનુકરણ કરતાં વેંકટાધ્વરી પણ કહે છે કે લક્ષ્મીના કટાક્ષરૂપ સૂર્યોદય (પ્રભાત)નો આવિર્ભાવ થતાં હૃદયનો અજ્ઞાનાન્ધકાર શમી જાય છે, દોષ સ્વયં વિરમી જાય છે, યજ્ઞ-સંપત્તિ ઉત્પન્ન થાય છે અને સ્વર્ગમાં સ્થાન પ્રાપ્ત થાય છે.[૬૦] પરિવર્તન માત્ર એટલું જ છે કે વેંકટાધ્વરી શ્લેષ દ્વારા પ્રભાત અને કટાક્ષ-બંને પક્ષે અર્થ નિષ્પન્ન કરે છે, કટાક્ષ-પ્રભાતનું ભવ્યરૂપક આપે છે, તે કવિની શ્લેષપ્રિયતાનું નિદર્શન છે. કવિ મૂક કામાક્ષીના કટાક્ષને વસંતલક્ષ્મીનું રૂપ આપે છે,[૬૧] તો વેંકટાધ્વરી વસંતમાસનું રૂપ આપે છે.[૬૨] આ ઉપરાંત મૂક કવિએ પોતાના 'કટાક્ષશતક'માં કટાક્ષ માટે પ્રયોજિત ઉપમાનો મેઘ (શ્લો. ૧૩, ૩૯, ૫૫, ૯૦ વગેરેમાં), જ્યોત્સ્ના (શ્લોક-૨૧), ભ્રમરાવલી (શ્લોક-૧૩), કમળ (શ્લોક ૭૩, ૭૫ વગેરે) ઈત્યાદિનો પ્રયોગ પણ વેંકટાધ્વરીએ લક્ષ્મી-કટાક્ષનું સૌંદર્ય આલેખવા કર્યો છે.[૬૩] બંનેના વિચારોમાં સામ્ય વર્તાય છે. કામાક્ષીનો કટાક્ષ ચંચળ અને શ્યામ (મલિન) હોવા છતાં તે પ્રણામ કરતા નમ્રજનોને કૈવલ્ય કેવી રીતે આપે છે,[૬૪] એવો મૂક કવિનો આશ્ચર્યભાવ કવિ વેંકટાધ્વરી પણ લક્ષ્મી-કટાક્ષ-નિરૂપણમાં વારંવાર અનુભવે છે.[૬૫]

મૂક કવિ પોતાના 'મંદસ્મિતશતક'માં ૧૦૦ શ્લોક દ્વારા વિસ્તારથી કામાક્ષીની હાસ્ય શોભા વર્ણવે છે. વેંકટાધ્વરી 'સૌંદર્ય-સ્તબક'ના માત્ર પાંચ જ શ્લોકમાં-સંક્ષેપમાં લક્ષ્મીના હાસ્યના લાવણ્યને વ્યંજિત કરી તેનો મહિમા બતાવે છે. તેમણે હાસ્યનાં ઉપમાન તરીકે મૂક દ્વારા પ્રયુક્ત કમળની શ્વેતતા, કૌમુદી, જ્યોત્સના, સરસ્વતી, બંધુજીવપુષ્પ ઈત્યાદિ ગ્રહણ કર્યાં છે. કામાક્ષીના મંદહાસ્યની પ્રભામાં મૂક કવિ સરસ્વતીનું રૂપ નિહાળે છે,[૬૬] તો

વેંકટાધ્વરી પણ લક્ષ્મીના હાસ્યને જિહવાગ્રે નિવાસ કરતી વાગ્દેવતા-સરસ્વતીના દેહનો કિરણ-સમૂહ માને છે.[૬૭] કવિ મૂક હાસ્યને બંધુજીવ-પુષ્પથી ઉત્કૃષ્ટ માને છે,[૬૮] જ્યારે વેંકટાધ્વરી શ્લેષ દ્વારા અધરરૂપી રક્તબંધુજીવને હાસ્યની શ્વેત પ્રભાથી પાટલપુષ્પ (શ્વેત પુષ્પ)માં ફેરવી નાખે છે.[૬૯] મૂક કવિ સંસારનો ભય દૂર કરવા કામાક્ષીની હાસ્ય-રૂપી મંજરી પાસે અપેક્ષા રાખે છે.[૭૦] તો વેંકટાધ્વરી પણ સંસારના તીવ્ર તાપના દુઃખની શાન્તિ માટે સ્મિત-ચંદ્રિકા પાસે અપેક્ષા રાખે છે.[૭૧] મૂક કવિ સ્મિતના ઉપમાન તરીકે ચંદ્રિકાનો વારંવાર પ્રયોગ કરે છે.[૭૨] એ ઉપમાન વેંકટાધ્વરી પણ સ્વીકારે છે.[૭૩]

મૂક કવિ 'પાદારવિન્દશતક'માં કામાક્ષી-ચરણનું વર્ણન ૧૦૧ શ્લોકમાં આપે છે, જ્યારે વેંકટાધ્વરી 'સૌંદર્ય-સ્તબક'ના ૨૯ શ્લોકોમાં લક્ષ્મીના ચરણનું સૌંદર્ય નિરૂપે છે. કામાક્ષીનાં ચરણ-કમળ સરાગ (રાગ-યુક્ત, રક્ત) હોવા છતાં તેને પ્રણામ કરતા માણસોને મોક્ષ-માર્ગ બતાવે છે.[૭૪] એ ચરણ રજયુક્ત હોવા છતાં હૃદયમાં રજ-વિહીનતા (રજોગુણ રહિતતા) વિસ્તારે છે અને અત્યંત રક્ત હોવા છતાં વિરક્ત પ્રાપ્તિ કરાવનાર હોવા છતાં તે ચરણ મંદગતિવાળા છે - એ મૂક કવિને મન વિચિત્ર છે, આશ્ચર્યનો વિષય છે.[૭૫] મૂક કવિની આ શ્લેષ-ક્રીડા અને આ જ વિચાર વેંકટાધ્વરી પણ અપનાવે છે. કવિ કહે છે કે લક્ષ્મીના અત્યંત રાગ (રક્ત) યુક્ત ચરણ-કમળમાં મુનિજનોનું હૃદય વૈરાગ્ય (રક્તિમાનો અભાવ, વિષયપ્રીતિનો અભાવ) ધારણ કરે છે, એ વિચિત્ર છે.[૭૬] આમ શ્લેષ, વિચાર અને નિરૂપણપદ્ધતિ - આ ત્રણે તત્ત્વો વેંકટાધ્વરી મૂકમાંથી પ્રાપ્ત કરે છે. પરન્તુ વિશેષમાં કવિ અહીં વ્યાવહારિક સત્ય તારવે છે કે જે વસ્તુ જે ગુણવાનની સાથે સંપર્કમાં આવે તેનો ગુણ ધારણ કરે છે. 'કટાક્ષશતક'માં પણ મૂકે આવો વિચાર વ્યક્ત કર્યો છે કે દેવીના કટાક્ષ 'રાગાન્વિત' હોવા છતાં મહામુનિઓમાં 'વૈરાગ્ય' પ્રગટ કરે છે.[૭૭] શ્લેષજન્ય વિરોધાભાસ મૂક અને વેંકટાધ્વરીમાં સમાન રીતે પ્રાપ્ત થાય છે. કામાક્ષીનો ચરણ કિસલય-શોભાને હરી લે છે, તો લક્ષ્મીનો ચરણ નવકિસલયથી પણ અધિક કોમળ છે.[૭૮] કામાક્ષી અને લક્ષ્મી બંનેના ચરણ કમળશોભા દૂર કરનાર અને ગતિમાં હંસને જીતનાર છે.[૭૯] લક્ષ્મીના ચરણની પરાગને મસ્તકે ધારણ કરતી વ્યક્તિ અપરાગતા (વૈરાગ્ય)ને પામે છે, એ કવિ વેંકટાધ્વરીને મન અદ્ભુત છે.[૮૦] આ વિચાર પણ મૂક કવિના ઉપર નિર્દિષ્ટ શ્લો. ૧૦, ૧૬ થી પ્રભાવિત છે. સંસાર-સાગર તરવાની કામનાથી વેંકટાધ્વરી લક્ષ્મીનાં ચરણ-કમળને વંદે છે. કેમકે એ ચરણના સુંદર લાક્ષારસયુક્ત પરાગને શિવ પણ મસ્તકે ધારણ કરે છે.[૮૧] મૂક કવિએ પણ આવો જ વિચાર વ્યક્ત કર્યો છે.[૮૨] મૂક કવિ કામાક્ષીના ચરણને સકળ ફળદાતા સુરતરુ-કલ્પવૃક્ષ કહે છે,[૮૩] તો વેંકટાધ્વરીની દૃષ્ટિએ પણ ઈષ્ટ અર્થ પ્રદાન કરવાના હેતુથી લક્ષ્મીનો ચરણ કલ્પવૃક્ષ છે.[૮૪] મૂક કવિ ચરણ-સૂર્યનું રૂપક આપે છે,[૮૫] સંક્ષેપમાં કહી દે છે કે લક્ષ્મીના ચરણ શોભાથી માત્ર કમળના 'મિત્ર' જ નહિ, પણ પૂજ્યતાને કારણે કમળ 'મિત્ર'-સૂર્ય છે.[૮૬] મૂક કરતાં કવિ વેંકટાધ્વરી શ્લેષમાં આગળ વધે છે.

મૂક કવિએ કામાક્ષીના ચરણનાં ઉપમાન તરીકે પ્રયુક્ત તત્ત્વો જેવાં કે કલ્પવૃક્ષ, સૂર્ય, વિદ્રુમ, સૂર્ય-ચંદ્ર, પ્રવાલ, કમળ, કિસલય, બાળસૂર્ય વગેરેને કવિ વેંકટાધ્વરી પણ ઉપમાન પ્રતીકો રૂપે પ્રયોજે છે. મૂક કવિએ ચરણની અંગુલિઓનું વર્ણન કર્યું છે, જ્યારે વેંકટાધ્વરીની દૃષ્ટિ અંગુલિઓ તરફ ગઈ નથી.

### ૩. શંકરાચાર્ય અને વેંકટાધ્વરી :

શંકરાચાર્યના નામે ઉપલબ્ધ 'સૌંદર્યલહરી' (સ્તોત્ર)માં પાર્વતી-ભવાનીનું શ્લો. ૪૧ થી ૯૧માં કેશાદિપાદાન્તવર્ણન પ્રાપ્ત થાય છે. 'સૌંદર્યલહરી'નાં ઉપમાનો જેવાં કે કેશકલાપ માટે ભ્રમરસમૂહ; લલાટ માટે ચંદ્ર; નેત્ર માટે સૂવર્ણકમળ, મીન, ભ્રમર અને કામદેવનું ધનુષ્ય; કટાક્ષ માટે ગંગા અને નીલકમળ; નાસિકા માટે મુક્તા; અધરોષ્ઠ માટે બિંબફળ; સ્મિત માટે ચંદ્રિકા; હસ્ત માટે કમળ; સ્તન માટે કુંભસ્થળ અને કળશ; રોમાવલિ માટે ધુમ્રલતા, યમુના, સૂત્ર, સરોવર અને આવર્ત; નિતંબ માટે પર્વતરાજ; ઊરુ-દ્વય માટે હાથી-સૂંઢ અને કદલી-સ્તંભ; જંધા માટે કામદેવનું ભાથું; ચરણ માટે કમળ અને કલ્પવૃક્ષ તેમજ ચરણ-નુપૂર માટે રાજહંસ વગેરેનો કવિ-વેંકટાધ્વરીએ પણ પ્રયોગ કર્યો છે.

રોમાવલી સંબંધી શંકરાચાર્ય અદ્‌ભુત કલ્પના કરે છે. શિવના ક્રોધાગ્નિથી ભસ્મીભૂત શરીરવાળા કામદેવે દેવીની ગંભીર નાભિરૂપી સરોવરમાં ભૂસકો માર્યો, તેથી તેના શરીરનો અગ્નિ બુઝાતાં તેમાંથી ધુમ્રલતા ઉત્પન્ન થઈ તે રોમાવલિ![૮૭] કવિ વેંકટાધ્વરી શંકરાચાર્યના ઉપમાનને ગ્રાહ્ય રાખી થોડુંક પરિવર્તન કરે છે : લક્ષ્મીની મેખલામાં રહેલી રત્નાવલી અંગાર-પંક્તિ છે અને તેની નિકટવર્તી શક્રમણિ સદૃશ નીલવર્ણી રોમાવલી ધૂમાડાની આકૃતિનું સામ્ય વહન કરે છે.[૮૮] 'સૌંદર્યલહરી'માં ભવાનીનો કેશ-કલાપ સ્વાભાવિક વક્ર અને ભ્રમરસમૂહ સમાન શોભા ધારણ કરે છે.[૮૯] વેંકટાધ્વરી લક્ષ્મીના કેશકલાપની સ્વાભાવિક વક્રતા અને કૃષ્ણતા (શ્યામતા) સૂચવવા ભ્રમરને જ ઉપમાન તરીકે સ્થાપીને કુટિલ-પ્રકૃતિ-વ્યક્તિનો સ્વભાવ પણ આલેખે છે : લક્ષ્મી વડે મસ્તકે ધારણ કરાયેલ કેશકલાપ ભ્રમરસમૂહની મૈત્રી કરે છે, તે આશ્ચર્યકારક છે. સાચે જ સ્વભાવે કુટિલ પ્રકૃતિવાળાને આદર આપવા છતાં તે મલિનની જ મૈત્રી કરે છે.[૯૦] કવિની કલ્પનાનો રંગ પરંપરિત ઉપમાનને નવું રૂપ આપી દે છે. પાર્વતીના કાનની અંદર ચુગલી કરતાં નયનોને જોઈ શરમની મારી માછલીઓ પાણીમાં ડૂબી જાય છે અને લક્ષ્મી પણ નેત્રની શોભાથી શરમાઈ રાત્રે નીલકમળમાં વાસ કરે છે, પરંતુ સવાર થતા જ તેને છોડીને સંતાઈ જાય છે.[૯૧] આ જ વિચાર વેંકટાધ્વરી પણ શ્લેષપૂર્વક અભિવ્યક્ત કરે છે : લક્ષ્મીના કર્ણાન્તવ્યાપ્ત બે નેત્રો જાગે છે, ત્યારે રમણીય માછલીઓ જળમાં વિહાર કરે છે - છૂપાઈ જાય છે અને કુવલય વિકસિત થઈ શકતું નથી.[૯૨] ભવાનીની કર્ણાન્તવ્યાપ્ત અને શિવના ચિત્તને અધીર-ઉન્મત્ત બનાવનારી આંખો કવિની દૃષ્ટિએ કાન સુધી ખેંચેલા કામદેવના ધનુષ્યના વિલાસને ઉત્પન્ન કરે છે.[૯૩] વેંકટાધ્વરી આ વિચારનું બરાબર અનુકરણ કરતાં કહે છે કે લક્ષ્મીની કર્ણાન્તવ્યાપ્ત આંખો કામનાં બાણ છે, જે હરિના ધૈર્ય રૂપી કવચને ભેદી નાખે છે.[૯૪] શંકરાચાર્ય અને વેંકટાધ્વરી બંને દેવીની જિહવાગ્રે સરસ્વતીનું રૂપ નિહાળે છે.[૯૫] 'સૌંદર્ય-લહરી'માં કહ્યું છે કે પાર્વતીના બે સ્તન અમૃતરસ-સભર કલશ છે, એમાં સંદેહ નથી. કેમકે એમનું પાન કરવાથી કાર્તિકેય અને ગણેશ હજુ સુધી કુમારાવસ્થામાં જ રહ્યા છે.[૯૬] જ્યારે વેંકટાધ્વરી કહે છેઃ સમુદ્રે પોતાનામાંથી ઉત્પન્ન અમૃત-કળશોમાંથી બે કળશ જગતને પોષવા લક્ષ્મીના સ્તન રૂપે મૂક્યા; તેના આસ્વાદનથી બ્રહ્માની શુભ્રવર્ણી જિહ્વા પર વાસ કરતી શારદા પણ ગૌરી (ગૌરવર્ણી) બની.[૯૭] 'સૌંદર્યલહરી'ના કર્તા અને વેંકટાધ્વરી, ઉભય રોમાવલીમાં યમુના-સ્વરૂપ નિહાળે છે.[૯૮] શંકરાચાર્યના નામે પ્રાપ્ત થતા 'વિષ્ણુપાદાદિકેશાન્ત-વર્ણન' (સ્તોત્ર)માં વિષ્ણુની રોમાવલીને અધિક સુવાસના લોભથી મુખ-કમળ તરફ ઉન્મુખ બનીને જતી ભ્રમરમાળા કહી છે.[૯૯] આ જ ભાવને વેંકટાધ્વરી વધુ મનોહર રીતે રજૂ કરે છે : 'મુખસૌરભના ગ્રહણ માટે પ્રવૃત્ત થયેલ

રોમરાજિરૂપી ભ્રમરપંક્તિ, માર્ગ રોકીને ઊભેલા ઉન્નત કુચ-ગિરિયુગ્મને ઓળંગવા ઊર્ધ્વમુખી બનીને, શું અવલોકન કરી રહી છે?[૧૦૦] 'સૌંદર્ય-લહરી'ના કર્તાને ભવાનીની જંઘાઓ કામદેવના તૂણીર (ભાથું) રૂપ દેખાય છે. તે ભાથાઓના અગ્રભાગમાં નખના છદ્મવેશથી દશ આંગળીઓ રૂપી બાણ રહેલાં છે.[૧૦૧] વેંકટાધ્વરી પણ આવી ભ્રાન્તિ અનુભવતાં કહે છે કે લક્ષ્મીના ચરણ બહાને કામદેવનાં બાણરૂપ કમળ જંઘાના અગ્રભાગે દેખાય છે, તેથી તે જંઘા કામદેવના તૂણીરની ભ્રાન્તિ ઉત્પન્ન કરે છે.[૧૦૨]

### ૪. શ્રી હર્ષ અને વેંકટાધ્વરી :

શ્રીહર્ષ પોતાના મહાકાવ્ય 'નૈષધીયચરિત'ના સપ્તમ-સર્ગમાં (શ્લો. ૨૦ થી ૧૦૬) દમયંતીનું કેશાદિપાદાન્ત વર્ણન કરે છે. શ્રી હર્ષ કાલિદાસથી પ્રભાવિત છે, તો વેંકટાધ્વરી શ્રી હર્ષથી પ્રભાવિત છે. દમયંતીમાં એક પણ દોષ નથી તથા તેનામાં સર્વ ગુણો વિદ્યમાન છે. દર્શનમાત્રથી મૂર્છિત કરી દેનાર દમયંતીને ભયથી સંપૂર્ણ દોષોએ સ્પર્શ પણ ન કર્યો.[૧૦૩] તો ભગવતી લક્ષ્મીના સૌંદર્ય અને ગુણોનું આધિક્ય બતાવવા કવિ વેંકટાધ્વરી કહે છે કે દોષો ગુણ બનવા માટે લક્ષ્મીનાં અંગોને પામ્યા. આની સાથે જ કવિ ભ્રૂ, સ્તન, કટિ, અધર, કેશ, નયન, ચરણ અને મુખનાં સૌંદર્ય-સૂચક લક્ષણોનો નિર્દેશ કરી લક્ષ્મીનાં વિભિન્ન અંગોમાં વિલસતા, સૌંદર્યની આકૃતિ ચિત્રિત કરે છે,[૧૦૪] એ કવિની વિશેષતા છે. ચંદ્ર, કમળ, બંધુક, ઈત્યાદિ સર્વ ઉપમાનો કરતાં ઉપમેયભૂત દમયંતીનાં અંગો અન્ય ગુણોથી શ્રેષ્ઠતા સિદ્ધ કરી લે છે, પરિણામે તે ઉપમાનો સાથે દમયંતીની ઉપમા થઈ શકે તેમ નથી.[૧૦૫] વેંકટાધ્વરી પણ શ્રીહર્ષના આ વિચારનું જાણે અવલંબન લઈને કહે છે કે લક્ષ્મીનું મુખ ચંદ્ર પર વિજય માટે સંમુખ છે, નેત્રો હરિણનો ગર્વ હરનારાં છે અને તેનું શરીર ઉદ્દામ વીજળીની વૃદ્ધિ નષ્ટ કરનારું છે. તેથી લક્ષ્મીની જગતમાં કોઈ ઉપમા નથી.[૧૦૬]

શ્રીહર્ષને અનુસરી વેંકટાધ્વરી પણ લક્ષ્મીનું કેશાદિપાદાન્ત પ્રકારનું સવિસ્તર વર્ણન આપે છે. શ્રીહર્ષ અને વેંકટાધ્વરી બંને કેશકલાપનું લાવણ્ય વ્યક્ત કરવા ઉપમાન મયૂરપિચ્છને હીન માને છે.[૧૦૭] ચમરી ગાય પણ જેને હીનગુણવાળો માની જાણે પાછળ સંતાડી દે છે એવા ચામર સાથે દમયંતીના કેશકલાપની તુલના કરવાનું કોણ ઈચ્છે?[૧૦૮] શ્રી હર્ષની જેમ વેંકટાધ્વરી પણ કહે છે કે લક્ષ્મીના કેશકલાપને કયો પામર ચામર કહે![૧૦૯] આ માટેનાં કારણો બંને કવિઓએ ભિન્ન ભિન્ન આપ્યાં છે. ચંદ્રમાની શોભા દિવસે અને કમળની શોભા રાત્રે રહેતી નથી, કિન્તુ દમયંતીના મુખની શોભા તો રાત-દિવસ રહે છે; આથી તે મુખ ચંદ્ર તથા કમળ કરતાં શ્રેષ્ઠ છે. આ બાબત સિદ્ધ કરવા શ્રી હર્ષ કહે છે : દિન અને રાત્રિથી ભયભીત ચંદ્ર તથા કમળ, પોતાની શોભાને જ્યારે દમયંતીના મુખમાં થાપણ-સ્વરૂપે મૂકી દે છે, ત્યારે તે બંનેની એટલે કે દિવસે ચંદ્રની તથા રાત્રે કમળની શોભા રહેતી નથી અને તે દમયંતીનું મુખ તો દિવસે ચંદ્રની શોભાથી અને રાત્રે કમળની શોભાથી સર્વદા શોભાયમાન રહે છે.[૧૧૦] કવિ વેંકટાધ્વરી લક્ષ્મી-મુખને ચંદ્રથી અધિક ઉત્કૃષ્ટ બતાવવા ચંદ્રમાં ચૌર્ય-વૃત્તિનું દર્શન કરી, કંઈક અંશે શ્રીહર્ષના જેવી નિરૂપણ-પદ્ધતિ અપનાવે છે : 'ચંદ્ર તો લક્ષ્મીના મુખ-કિરણોનો ચોર છે, કેમકે જ્યારે લક્ષ્મી કમળ-ગૃહ બંધ કરે છે, ત્યારે તે ચંદ્ર રાત્રે ખીલે છે અને પછી તેનું કમળ-ધામ ઉઘડે છે, ત્યારે તે ચંદ્ર અસ્તાચળના અરણ્યમાં કે સૂર્યનાં કિરણોમાં છુપાઈ જાય છે.[૧૧૧] શ્રી હર્ષનો ચંદ્ર શોભાનો થાપણદાર છે, જ્યારે વેંકટાધ્વરીનો ચંદ્ર શોભાને ચોરનાર છે.

દમયંતીની જંઘાઓને કદલીથી ઉત્કૃષ્ટ સિદ્ધ કરવા શ્રીહર્ષ કહે છે કે જો તે કદલી મસ્તકને નીચે તરફ કરીને તપસ્યાથી પોતાની નિસ્સારતા છોડી દે અને નિત્ય રહેનારી જડતા (શીતળતા) છોડી દે, તો તે દમયંતીના ઊરુની જેમ સુંદર થઈ શકે.[૧૧૨] શ્રીહર્ષની 'અધોમુખ' થઈ તપસ્યા કરવાની કલ્પનાનો પ્રયોગ વેંકટાધ્વરી 'નદવનજ' (કમળ) શબ્દના અનુલોમ-પ્રતિલોમ દ્વારા લક્ષ્મી-મુખ વર્ણનમાં કરે છે : 'કમળ (નદવનજ) લક્ષ્મીના મુખ-જન્મને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી અધોમુખ બનીને તપ આચરે તો પણ 'જનવદન' વાળો (માનવમુખી) જ બને.'[૧૧૩]

કવિ વેંકટાધ્વરી શ્રીહર્ષે પ્રયુક્ત કરેલ ઉપમાનો ગ્રાહ્ય રાખે છે, પરન્તુ સામાન્યતઃ પ્રસિદ્ધ ઉપમાનોને તે નવા પરિવેષમાં ભિન્ન ભિન્ન રીતે કાવ્યમાં પ્રયોજે છે, એ વેંકટાધ્વરીની કલ્પનાશક્તિ અને પ્રતિભાનું દર્શન કરાવે છે. છતાં ક્વચિત્ પુરોગામીઓનો વિચાર એ જ સ્વરૂપે વેંકટાધ્વરીના કાવ્યમાં અવતીર્ણ થઈ જતો હોય છે, જેમકે શ્રીહર્ષ દમયંતીના કર્ણાભૂષણનું વર્ણન કરતાં કહે છે : 'અંગરાગની સુગંધીથી ઉત્પન્ન હર્ષના કારણે આવેલ, તે દમયંતીના કર્ણાભૂષણ રૂપ કમળની પાસે ઉડતો કામદેવનો દૂત ભ્રમર કાનમાં જાણે કંઈક ગુપ્ત કામ - સંદેશ કહી રહ્યો છે.[૧૧૪] આ સંદર્ભમાં વેંકટાધ્વરી કહે છે : 'લક્ષ્મીના કર્ણાભૂષણ રૂપ નીલકમળની પાસે વારંવાર ગુંજન કરીને ફરતો ભ્રમરરૂપી પ્રિયદૂત શું તેના કાનની પાસે કામ મંત્રોનું રહસ્ય સમજાવે છે?'[૧૧૫] આમ હોવા છતાં પુરોગામીઓનાં શબ્દો કે ઉક્તિઓ એજ સ્વરૂપે ભાગ્યે જ વેંકટાધ્વરીમાં દેખાય છે. વેંકટાધ્વરીમાં પૂર્વસાહિત્યમાંથી ગ્રહણ કરી લેવાની ચૌર્ય-વૃત્તિનો વાસ્તવમાં સદંતર અભાવ છે. પુરોગામીઓના વિચારો કે ભાવોનું આલેખન વેંકટાધ્વરીમાં દેખાય છે, તેનું કારણ માત્ર એટલું જ છે કે કોઈપણ સાહિત્યકાર સામાન્યતઃ પૂર્વ-સૂરિઓની અસરમાંથી મુક્ત રહી શકતો નથી! તો પંડિત કવિ વેંકટાધ્વરી એમાંથી બાકાત કેવી રીતે રહે?

શ્રીહર્ષ દમયંતીની નાસિકામાં કામદેવનાં બે પુષ્પ-બાણ નિહાળતા હોઈ તે નાસિકાને તલપુષ્પોથી નિર્મિત તૂણીર માને છે, જેમાંથી એ પુષ્પબાણોની નિશ્વાસ-સુગંધ નીકળી રહી છે.[૧૧૬] શ્રી હર્ષની આ કલ્પના હૃદ્ય નથી, પરન્તુ આની અપેક્ષાએ વેંકટાધ્વરીની કલ્પના હૃદયહારી અને મનને પ્રસન્ન કરનારી છે. તેઓ કહે છે કે લક્ષ્મીની નાસિકા તલ-પુષ્પનું અનુકરણ કરે છે. શૃંગાર-સ્પર્શી સૌંદર્ય-નિરૂપણમાં પણ મંગળતા અને પવિત્રતાની વૈષ્ણવી ભાવના વ્યંજિત કરે છે - એ વૈશિષ્ટ્ય છેઃ જેમ કે 'લક્ષ્મીના દેહરૂપી નગરમાં પ્રવેશ સમયે, શ્રીકૃષ્ણ દ્વારા ધારણ કરાયેલ સ્તન-ઘટ સંમુખ જ નિહાળીને શુભ શુકનથી કામદેવ અત્યંત પ્રસન્ન થયો.'[૧૧૭] પ્રસિદ્ધ કલ્પનામાં કે ઉપમાનમાં ઉમેરણ કરી નવીન-અર્થની નિષ્પત્તિમાં વેંકટાધ્વરીની પ્રજ્ઞા સાથે જ નવનવોન્મેષશાલિની છે. કાર્ય-કારણના સિદ્ધાંત દ્વારા દમયંતીના સ્તનોની કલશરૂપતા શ્રીહર્ષ બતાવે છે.[૧૧૮] તો વેંકટાધ્વરી કાર્ય-કારણના જ સિદ્ધાંત દ્વારા કલશ કરતાં લક્ષ્મી સ્તનની ઉત્કૃષ્ટતા-વિશાળતા સૂચવવા કહે છે : 'નાના માપનો કુંભ લક્ષ્મીના ઉત્તુંગ સ્તનોની તુલ્ય છે, એમ કવિઓ કેવી રીતે કહે? તે ઘડાના કાર્યભૂત અગસ્ત્ય જે (ઋષિ આકાશમાં માત્ર નાના નક્ષત્ર સ્વરૂપે છે) પોતાના કારણભૂત ઘડાનું માપ બતાવી જ દે છે.'[૧૧૯] પ્રસિદ્ધ ઉપમાનને તિરસ્કારવાની તાર્કિક-બુદ્ધિ વેંકટાધ્વરીમાં સર્વત્ર પરિલક્ષિત થાય છે. શ્રીહર્ષની દૃષ્ટિએ દમયંતીના સ્તનદ્વય હાથીના કુંભસ્થળની મૌક્તિકશૌભા હરી લે છે, તેથી ડરીને હાથી પોતાના કુંભદ્વયનાં શેષ મૌક્તિકને અંદર છૂપાવી રાખે છે, જ્યારે તે બે સ્તન તો પોતાનાં કુંભદ્વયનાં શેષ મૌક્તિકને અંદર છૂપાવી રાખે છે, જ્યારે તે બે સ્તન તો પોતાનાં મુક્તા-

ભૂષણ બહાર દેખાડે છે.[૧૨૦] જ્યારે વેંકટાધ્વરી શ્રીહર્ષનાં સ્તન-દ્વય, કરીન્દ્ર-કુંભ અને મૌક્તિક-શોભા ઈત્યાદિ દ્વારા સ્તન-દ્વયમાં કરીન્દ્ર-કુંભત્વનું યુક્તિપૂર્વક દર્શન કરાવે છે. તે કહે છે કે લક્ષ્મીના સ્તન-યુબલને યુક્તિથી માણસો ગજરાજ કુંભ કહે છે, તે યોગ્ય છે, કેમકે તેના ઉપર (કુંભસ્થળની જેમ) મૌક્તિક-શોભા છે અને તેની પાસે રૌમપંક્તિરૂપ શુંડા-સૂંઢ શોભે છે.[૧૨૧] યુક્તિપૂર્વક અંગમાં-ઉપમેયમાં ઉપમાનનું દર્શન કરાવવું - એ કવિ વેંકટાધ્વરીની લાક્ષણિકતા છે. દમયંતીના સ્તન ચક્રવાક-યુગલની જેમ પરસ્પર મળેલા છે, વિશાળ છે એ સૂચવવા શ્રી હર્ષ કલ્પના કરે છે કે નિઃશંક રીતે પદ્મને સંકુચિત કરનાર મુખરૂપી ચંદ્ર દમયંતીમાં ઉદિત થવા છતાં સ્તનરૂપ ચક્રવાક-યુગલ વિરહી નથી બનતું એ આશ્ચર્ય છે.[૧૨૮] કેમકે ચંદ્રોદય થતાં તો ચક્રવાક યુગલને પરસ્પર વિરહી બનવું પડે છે. સ્તનોની ગાઢતા સૂચવવા વેંકટાધ્વરી શ્રીહર્ષથી કંઈક વિપરીત કલ્પના કરી કહે છે કે લક્ષ્મીના બંધુ ચંદ્ર દ્વારા વિયોગી બનાવાયેલ ચક્રવાક-યુગલ ભયથી ચંદ્રની સંબંધી એવી લક્ષ્મીનું અવલંબન લઈ - કુચરૂપે આશ્રય લઈ નિરંતર સમાગમ પ્રાપ્ત કરે છે.[૧૨૩]

શ્રી હર્ષ કે અન્ય પુરોગામી કવિઓની પ્રસિદ્ધ કલ્પનામાં પરિવર્તન કરવાની કે એને વિપરીત રૂપે રજૂ કરવાની ક્ષમતા વેંકટાધ્વરીમાં પ્રર્યાપ્ત માત્રામાં છે, એની પ્રતીતિ આવાં ઉદાહરણો દ્વારા થાય છે. શ્રી હર્ષ કહે છેઃ 'મારી દર્શન-પિપાસા દમયંતીના રોપાવલિરૂપ રજ્જુને, સ્તનરૂપી ઘડાઓને તેમજ નાભિરૂપી ગંભીર કૂપને પામીને વિરત અર્થાત્ પૂર્ણ થઈ જાય, જો તે રોમાવલિ ઈત્યાદિ વસ્ત્રોથી આચ્છાદિત ન હોય તો.'[૧૨૪] આમ શ્રીહર્ષના વિચારમાં દમયંતીની રોમાવલિ રજ્જુ સમાન લાંબી, સ્તન ઘડાની જેમ વિશાળ, નાભિ કૂપની જેમ ઊંડી અને કામુક પુરુષની કામતૃષ્ણા દૂર કરનાર છે. આ જ ભાવ અને આવાં જ ઉપમાનોથી વેંકટાધ્વરી પણ શ્રીહર્ષની જેમ કહે છે : 'જલાભિલાષી સતૃષ્ણ કામદેવે કુશ-કલશને અવલંબિત રોમાવલિરૂપ રજ્જુને નાભિરૂપ વાપી પાસે લઈ જઈને, તે (નાભિ-વાપી)ને અત્યંત ઊંડી નિહાળી, રોમાવલિરૂપ રજ્જુ પૂરતું લાબું નથી, એમ વિચારી તેણે તે રજ્જુ ત્યાં જ - તેની પાસે છોડી દીધું. ખરેખર શંબર-વિનાશક (કામદેવ, જળ-ધ્વંસક)ની તૃષા (તૃષ્ણા)-શાંતિ કદાપિ થતી નથી.'[૧૮૫] શ્રી હર્ષ દમયંતીને મદમત્ત-હાથી દ્વારા ઉખાડી નખાયેલ બંધન-સ્તંભ (ખૂંટો)ના છિદ્રની જેમ ઊંડી નાભિવાળી અને તૂટીને પડેલી લોહ શૃંખલા જેવી રોમાવલિવાળી માને છે,[૧૨૬] તો નાભિ-સરોવર લાંબા સમય સુધી ઊંડુ ખોદ્યા પછી શ્રમિત થયેલ વિધાતાએ તેના કિનારે ફેંકેલી લોહ-શલાકા (ખનન-સાધન)રૂપી રોમાવલી છે - એમ વેંકટાધ્વરી કહે છે.[૧૨૭]

શ્રીહર્ષ સરસ્વતીની કટિ-મેખલાને વ્યાકરણથી નિર્મિત માને છેઃ 'પટ્ટસૂત્રની લંબાઈથી કરાયેલ (ગુણ, દીર્ઘ, ભાવપ્રત્યય અને કૃત્પ્રત્યયોના) વિસ્તારને ધારણ કરતી અને શબ્દ-પરંપરા સર્જનાર અર્થાત્ રણકાર કરતી (શબ્દ-સમૂહોને સિદ્ધ કરનારી) સરસ્વતીની કાંચી (મેખલા) વ્યાકરણથી બનાવેલી હતી.'[૧૨૮] વ્યાકરણના આ નિયમોથી વેંકટાધ્વરી પણ આવી જ શૈલીમાં લક્ષ્મીની મેખલાની મનોહારિતા અને સુંદર રણકારનો અનુભવ કરાવે છે : 'પતંજલિ-પાણિની-મુનિઓને હિતકારક (ભગવાનના હસ્ત દ્વારા સ્થાપિત), સુંદર અક્ષરમય સૂત્ર (સુવર્ણમય કાંચી-સૂત્ર) શોભે છે. આ સૂત્રથી (સુવર્ણમય કાંચીસૂત્રથી) ગુણ-વૃદ્ધિ નિયમ-યુક્ત (વધી ગયેલ ગુણવાળો). પ્રકૃતિ-પ્રત્યયથી શોભાયમાન (પ્રકૃતિ-સુંદર) મનોહર શબ્દ-ભંડાર (સુંદર શબ્દોનું ગુંજન) કરાય છે.'[૧૨૯] શ્રી હર્ષ

અને વેંકટાધ્વરી બંને શાસ્ત્ર-પંડિત છે. તેથી જ વ્યાકરણાદિ શાસ્ત્રોનું પાંડિત્ય પ્રદર્શિત કરવાની તેમની ચેષ્ટાઓ અનેક શ્લોકોમાં પરિલક્ષિત થાય છે.

શ્રીહર્ષને અનુસરી વેંકટાધ્વરી પણ મદન-મંદિર (યોનિ)નું વર્ણન કરી મુક્ત શૃંગારની અનુભૂતિ કરાવે છે.[૧૩૦] શ્રીહર્ષ દમયંતીના હસ્તનું વર્ણન કરતાં કહે છે કે તે હસ્ત જ કામદેવનાં પુષ્પ-બાણ રાખવાનું તૂણીર છે, રક્તનખ બાણનાં પીછાં છે અને પાંચ અંગુલિઓ કામદેવનાં પાંચ બાણ છે.[૧૩૧] આ જ કલ્પનાને જંઘા-વર્ણનમાં રૂપાયિત કરતાં વેંકટાધ્વરી કહે છે કે લક્ષ્મીના ચરણને બહાને કામદેવનાં બાણરૂપ કમળ તેની જંઘાના અગ્રભાગે દેખાય છે; તેથી તે જંઘા કામદેવનાં બાણરૂપ કમળ તેની જંઘાના અગ્રભાગે દેખાય છે; તેથી તે જંઘા કામદેવના તૂણીરની ભ્રાન્તિ કરાવે છે.[૧૩૨] દમયંતીના ચરણપલ્લવ કરતાં અધિક રક્ત છે, એ સૂચવવા શ્રીહર્ષ વ્યુત્પત્તિનો આશ્રય લે છે : 'સુંદરતાથી શ્રેષ્ઠ દમયંતી-ચરણને નિહાળી હીનતાને કારણે અલ્પતા-લઘુતાને પ્રાપ્ત નવીન પાનનું 'પલ્લવ' (पद्भ्यां लवोऽल्प इति : દમયંતીના પગનો લેશ-અંશ માત્ર જેમાં છે તે) એવું નામ પડ્યું છે, એમ અમે માનીએ છીએ.[૧૩૩] કવિ વેંકટાધ્વરી શ્રીહર્ષની જ વ્યુત્પત્તિનો આશ્રય લેતાં કહે છે : 'હે લક્ષ્મી, મૃદુ પ્રવાલને તારા ચરણોનો એક અંશ (લેશ) જાણીએ છીએ, આથી જ 'पदोः लवः इति पल्लवः' એમ 'પલ્લવ' એ નામ તે ધારણ કરે છે.'[૧૩૪] શ્રીહર્ષની વ્યુત્પત્તિ-પ્રિયતા વેંકટાધ્વરીમાં પણ આ રીતે દૃષ્ટિગોચર થાય છે. ચરણ-કમળ હંસની જેમ મધુર-શબ્દ કરનાર નૂપુરોથી યુક્ત છે, એ બતાવવા શ્રીહર્ષ અને વેંકટાધ્વરી બંને નૂપુરમાં હંસનું દર્શન કરે છે.[૧૩૫] શ્રીહર્ષ દમયંતીની ચરણ-નખ-પંક્તિમાં ચંદ્રનું દર્શન કરે છે.[૧૩૬] તો વેંકટાધ્વરી તેમાં તારકત્વ (નક્ષત્રત્વ)નું રૂપ નિહાળી દેવીના ચરણોની સંસાર-તારકતા સિદ્ધ કરે છે.[૧૩૭]

### ૫. વેદાંતદેશિક અને વેંકટાધ્વરી :

રામાનુજીય વિશિષ્ટાદ્વૈતવાદી આચાર્ય વેદાંતદેશિકનો પ્રભાવ વેંકટાધ્વરીની કૃતિઓમાં અંકિત થયો હોય, એ સ્વાભાવિક છે. વેદાંતદેશિકનાં 'ભગવદ્ધ્યાનસોપાન' અને 'દેવનાયકપંચાશત્' સ્તોત્રોમાં નખ-શિખ-વર્ણન ઉપલબ્ધ થાય છે. કાલિદાસની ભાવનાઓ સાથે એકરૂપ થવાથી વેદાંતદેશિક ઘણાં સ્તોત્રોનું સર્જન કરી શક્યા, તો વેંકટાધ્વરીમાં પણ કાલિદાસ અને વેદાંતદેશિકની ભાવનાઓનો સમન્વય સધાય છે.

પૂર્વે જોયું તેમ કાલિદાસ 'કુમારસંભવ'માં ત્રિવલીને કામદેવને આરોહણ કરવા માટે નવયૌવને રચેલ સોપાન માને છે, તો વેદાંતદેશિક 'ભગવદ્ધ્યાનસોપાન'માં એવી ધ્યાન-સોપાન-પરંપરાને સર્જે છે, જેમાં કવિનું ચિત્ત ક્રમશઃ દેવનાયક (રંગનાથ)નાં ચરણ-કમળ, જંઘા, ઊરુ, દ્વંદ્વ, નાભિ, વક્ષઃસ્થળ, ભુજ, મુખ અને અંતે મુગટ પર આરોહણ કરી દેવતાના રૂપ-સૌંદર્યનું આકંઠ પાન કરે છે.[૧૩૮] વેંકટાધ્વરીની કલ્પનામાં પણ લક્ષ્મીની રોમાવલી વિષ્ણુની દૃષ્ટિએ સ્તન-દુર્ગ પર અધિરોહણ માટેની સોપાન-પરંપરા જેવી છે, જે આપણે નોધ્યું છે. વિષ્ણુપુરાણને અનુસરી વેદાંતદેશિક હરિની સમક્ષ-કમળાસન પર વિરાજમાન અને દિગ્ગજોથી અભિષિક્ત લક્ષ્મીનું શબ્દ-ચિત્ર આલેખે છે.[૧૩૯] વેંકટાધ્વરી પોતાના 'વક્ષઃસ્થલાવસ્થાનકસ્તબક' અને 'પ્રાદુર્ભાવસ્તબક'માં આવાં મનોહર શબ્દચિત્રો આપે છે. વેદાંતદેશિકની લક્ષ્મીવિષયક ભાવનાને વેંકટાધ્વરી કાવ્યના પરિવેષમાં ભવ્ય રીતે સવિસ્તર આલેખે છે. વેદાંતદેશિકની દૃષ્ટિએ શ્રીની

કૃપાદૃષ્ટિ આર્તજનોની રક્ષા કરનાર, ઉષઃકાળમાં ખીલતાં કમળ સમાન, અમૃત-વર્ષા કરનાર મેઘ સમાન અને સંપત્તિનો વિસ્તાર કરનાર છે. આ ભાવનાને અને લક્ષ્મી-દૃષ્ટિની મહત્તાને કવિ વેંકટાધ્વરી સવિસ્તર 'કટાક્ષ-સ્તબક'માં તેમજ અન્યત્ર પુનઃ પુનઃ આલેખે છે. જંઘા માટે વેદાંતદેશિકે કરેલ કામદેવના મૃદંગની કલ્પના વેંકટાધ્વરીમાં પણ છે.[૧૪૦] સ્વચ્છ-કિરણોથી અંધકારને હણતી, વિદ્વાનોને કે ચકોરોને તૃપ્તિ આપતી હયગ્રીવની ચંદ્રમયી મૂર્તિ વેદાંતદેશિક નિહાળે છે.[૧૪૧] વેંકટાધ્વરી પણ આ જ ભાવ શ્લેષથી આલેખી ભગવતીનું ચંદ્રમૂર્તિ-રૂપ બતાવે છે.[૧૪૧]

## ૬. પંડિત જગન્નાથ અને વેંકટાધ્વરી :

પં. જગન્નાથના પ્રસિદ્ધ સ્તોત્ર 'લક્ષ્મીલહરી'માં લક્ષ્મીનું પાદાદિકેશાન્ત વર્ણન પ્રાપ્ત થાય છે. લક્ષ્મી-લાવણ્યની વ્યંજના માટે જગન્નાથની ઉપમાન-યોજના પરંપરાગત છે. એ ઉપમાનોમાંથી ચરણ માટે કમળ-શોભા, પ્રભાતશોભા અને પ્રવાલઃ, ઊરુ-દ્વય માતે હાથી-સૂંઢ, કટિ માટે બૌદ્ધોનો માધ્યમિક મત, નાભિ માટે સરોવર, સ્તન માટે સુરગિરિ અને ચક્રવાક-યુગલ, કંઠ માટે શંખ, નયન માટે કમળ, વદન માટે ચંદ્ર, સ્મિત માટે જ્યોત્સ્ના, દૃષ્ટિ માટે ઈન્દિવર, તાટંક માટે પ્રભાતનો સૂર્ય ઈત્યાદિ ઉપમાનો વેંકટાધ્વરીએ પણ પ્રયુક્ત કર્યાં છે.

માનવોના અંતઃકરણનો અજ્ઞાન-અંધાર હણવા ચરણ-શોભા સ્વરૂપે રહેલી પ્રભાત-લક્ષ્મીનું દર્શન કવિ જગન્નાથ કરે છે.[૧૪૩] વેંકટાધ્વરી પણ પ્રભાતની કલ્પના કરે છે, પરંતુ તે એ કલ્પનાને વિસ્તારી શ્લેષજન્ય ભવ્યરૂપક સર્જે છે. એટલું જ નહિ, ચરણ-શોભા અને બાળ-સૂર્ય-બિંબ વચ્ચેના ભેદનું દર્શન પણ કરાવે છે. લક્ષ્મીનો ચરણ તો સુંદર આકાશને આશ્રિત, ઉત્તમ કિરણોથી સંપન્ન, કમળ-વૃંદ વિકસાવનાર, અંધકારને દૂર કરનાર, બાળ-સૂર્ય-બિંબની જેમ સુંદર નખને આશ્રિત, શુભકારી, કમળ-સમૂહનો મિત્ર અને અજ્ઞાન દૂર કરનાર છે. ભેદ માત્ર એટલો છે કે બાળ-સૂર્યને પંડિતો ગંધ-માલ્યાદિનો અર્ઘ્ય આપે છે, જ્યારે ચરણને સંસ્કૃત-પદ (કાવ્યનાં સુંદર પદ-સ્તુતિરૂપે) આપે છે.[૧૪૪] આમ વેંકટાધ્વરી પોતાનાં મનોહારી કાવ્ય-પુષ્પો દેવીના ચરણે સમર્પે છે. અહીં અર્ઘ્યની કલ્પના રમણીય છે. પં.જગન્નાથ કટિની (મધ્યમ ભાગની) સૂક્ષ્મતાને સૂચવવા 'સુગતમતસિદ્ધાંત' (બૌદ્ધ માધ્યમિકોનો શૂન્યતાવાદ)નો આશ્રય લે છે.[૧૪૫] વેંકટાધ્વરી પણ એ બૌદ્ધ સિદ્ધાંત દ્વારા જ લક્ષ્મીકટિની શૂન્યરૂપતા વર્ણવે છે.[૧૪૬] લક્ષ્મીની નાભિનું ગાંભીર્ય વર્ણવવું શક્ય નથી; તેથી જ જગન્નાથની વાણી તે નાભિ-સરોવરમાં લથડી પડે છે - નિમગ્ન થઈ જાય છે. ખરેખર મહિમાસંપન્ન તરફ અવિનય ક્ષેમકારી નથી.[૧૪૭] વેંકટાધ્વરી પણ નાભિ-સરોવરની અગાધતાને વ્યંજિત કરવા આવો ભાવ અનુભવે છે અને કહે છે : 'હરિની નયનરૂપી માછલીઓ નાભિ-સરોવરની અગાધતા સ્પષ્ટ રીતે નિહાળવા અસમર્થ બની. તેથી ગાંભીર્યના સ્થાન સમાન અને શૃંગારાદિ રસોથી સભર એવું ભગવાનનું માનસ (મન, મહાસરોવર) તેમાં નિત્ય પડે છે.'[૧૪૮] અહીં શ્રીહરિ લક્ષ્મીની નાભિ નિત્ય નિહાળે છે, એ માટે કવિએ કરેલી કલ્પના મનોહર છે. પં. જગન્નાથ અને વેંકટાધ્વરી બંને સુંદર દંતકિરણોથી શોભાયમાન દેવીની સ્મિત-ચંદ્રિકા પાસે સંસારના તીવ્રતાપ-દુઃખની શાંતિ માટે યાચના કરે છે.[૧૪૯] કવિ જગન્નાથ કર્ણાલંકાર તાટંકમાં પ્રભાતના સૂર્યનું દર્શન કરે છે.[૧૫૦] તો કવિ વેંકટાધ્વરી પણ એમાં સૂર્યનું દર્શન કરાવી કલ્પનાને વિસ્તારતાં કહે છે કે તે સૂર્યના સામીપ્યથી લક્ષ્મીનાં નેત્ર-કમળ પ્રસન્નતા (વિકાસ) અનુભવે છે.[૧૫૧] સૌરભના લોભથી લક્ષ્મીના કેશકલાપ પર પડતા ભ્રમરસમૂહનું સુંદર શબ્દ ચિત્ર આપી

જગન્નાથ કેશકલાપની શ્યામતા અને સુગંધીને અભિવ્યક્ત કરે છે.[૧૫૨] જગન્નાથની આ કલ્પના વેંકટાધ્વરીનાં પદોમાં વિવિધ રીતે વ્યક્ત થઈ છે.[૧૫૩]

## (ક) સહસ્રશ્લોકી વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રો 'પાદુકાસહસ્ર' અને 'લક્ષ્મીસહસ્ર'નો તુલનાત્મક અભ્યાસ

વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં શિરમોર સમાં અને સમગ્ર સંસ્કૃત સ્તોત્ર-સાહિત્યમાં બૃહત્તમ કહી શકાય એવાં બે સ્તોત્રો છે : વેંકટનાથ વેદાન્તદેશિકકૃત 'પાદુકાસહસ્ર' અને કવિ વેંકટાધ્વરિકૃત 'લક્ષ્મીસહસ્ર'. બંને સહસ્રશ્લોકી સ્તોત્રો સંસ્કૃત સ્તોત્રકાવ્યના વિકાસની પરાકાષ્ઠાસ્વરૂપ છે અને બંનેમાં સંસ્કૃત સ્તોત્ર કાવ્યનાં તમામ લક્ષણો અને તમામ પરંપરાઓનો સમાવેશ થયો છે.

આ સંદર્ભમાં આ બંને સ્તોત્રોનો તુલનાત્મક અભ્યાસ અનેક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે.

કવિ વેંકટાધ્વરી વિશિષ્ટાદ્વૈતી આચાર્ય વેંકટનાથ વેદાંતદેશિક (ઈ.સ. ૧૨૬૮-૧૩૬૭)ના સાચા અનુયાયી છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ દર્શન તેમજ ભક્તિવિષયક સર્વ વિચારધારાઓનું પરિજ્ઞાન વેંકટાધ્વરીએ મુખ્યત્વે ગુરુ વેદાંતદેશિકના ગ્રંથો દ્વારા પ્રાપ્ત કર્યું છે. 'વેદાંતદેશિક દ્વારા તારી સ્થિતિ જાણી પ્રાજ્ઞજનો હરિ આજ્ઞાનો ઉલ્લંઘનભય તજે છે.'૧૫૪ દેવી લક્ષ્મીને સંબોધીને થયેલા આ વિધાન દ્વારા કવિ જાણે વેદાંતદેશિકનો ઋણસ્વીકાર કરે છે. વેંકટાધ્વરી પોતાના ગુરુ વેદાંતદેશિકને સ્તોત્રના આરંભે વંદન પણ કરે છે.[૧૫૫]

વેદાંતદેશિકના સ્તોત્ર 'પાદુકાસહસ્ર'ને અનુસરી વેંકટાધ્વરીએ 'લક્ષ્મીસહસ્ર'ની રચના કરી છે. રચના સંબંધી બંને ગ્રંથો વિષેની દંતકથાઓ એક જ પ્રકારની છે. કહેવાય છે કે વેદાંતદેશિકે એક રાતમાં પાદુકા અને ભગવાન રામનો મહિમા વર્ણવવા 'પાદુકાસહસ્ર'ની રચના કરી; તો વેંકટાધ્વરીએ પણ એક જ રાતમાં લક્ષ્મી-વિષ્ણુના માહાત્મ્ય-પ્રતિપાદનાર્થ 'લક્ષ્મીસહસ્ર' રચી નાખ્યું. 'કુદૃષ્ટિરૂપી સર્પના ગરુડ અને વેદાંતવિદ્યાના દેશિક ગુરુ શ્રી વેંકટનાથ દેશિકમણિ મને ઘણાં કલ્યાણ આપો.'[૧૫૬] 'મારા ગુરુવર્ય વિદ્યામય હયગ્રીવ સ્વરૂપ વેંકટનાથ વેદાન્તાચાર્યે તમારા પ્રિયતમ ભગવાનની પાદુકાઓની સહસ્ર શ્લોકોથી સ્તુતિ કરી. તેમાં શું આશ્ચર્ય! પરંતુ અલ્પમતિ અને મૂક હોવા છતાં સહસ્ર શ્લોકોથી તારી સ્તુતિ કરતા મને નિહાળીને પ્રાજ્ઞજનો વિસ્મિત કેમ ન થાય?[૧૫૭]

'લક્ષ્મીસહસ્ર'નાં આવાં આરંભિક વચન સ્પષ્ટ કરે છે કે કૃતિની રચનામાં 'પાદુકાસહસ્ર' વેંકટાધ્વરી સમક્ષ રહ્યું છે. વેદાંતદેશિકે 'પાદુકા-સહસ્ર'માં પાદુકા અને ભગવાન રામ વચ્ચે દામ્પત્ય - સંબંધ પ્રસ્થાપિત કર્યો છે, તો વેંકટાધ્વરીએ પણ લક્ષ્મી-વિષ્ણુનું અભિન્ન દાંપત્ય 'લક્ષ્મીસહસ્ર' દ્વારા સ્પષ્ટ કર્યું છે. વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ ધર્મમાં ભગવાન અને તેમની પત્ની વચ્ચે આવો દાંપત્ય સંબંધ મનાયો છે.

'પાદુકાસહસ્ર' વિષયાનુરુપ સંજ્ઞાથી અંકિત ૩૨ પદ્ધતિઓ (કુલ શ્લોક : ૧૦૦૮)માં વિભક્ત છે. એના અનુસરણમાં વેંકટાધ્વરીએ પણ 'લક્ષ્મીસહસ્ર'ને વિષયાનુરૂપ ૨૫ સ્તબકો (કુલ શ્લોકો ૧૦૧૮)માં વિભક્ત કર્યું છે. બંને કૃતિઓમાં વિષયાનુસાર વિભાજનસૂચક કેટલાંક શીર્ષકો તો લગભગ સમાન નામવાળાં છે. જેમકે :

પ્રસ્તાવનાપદ્ધતિ (પા.સ.) અને પ્રારંભસ્તબક (લ.સ.), શૃંગારપદ્ધતિ (પા.સ.) અને શૃંગારસ્તબક (લ.સ.), પ્રકીર્ણપદ્ધતિ (પા.સ.) અને સંકીર્ણસ્તબક (લ.સ.), ચિત્રપદ્ધતિ (પા.સ.) અને ચિત્રસ્તબક (લ.સ.), નિર્વેદપદ્ધતિ (પા.સ.) અને નિર્વેદસ્તબક (લ.સ.) ફલપદ્ધતિ (પા.સ.) અને ફલસ્તબક (લ.સ.). સ્તોત્રને વિષયાનુસાર વિભક્ત કરવાની પદ્ધતિ આમ તો પ્રાચીન છે. પ્રાયઃ બૃહત્ સ્તોત્રોમાં આવું વિભાજન થયું છે.

'લક્ષ્મીસહસ્ર'ના પ્રારંભસ્તબકમાં તો 'પાદુકાસહસ્ર'ની પ્રસ્તાવના પદ્ધતિનું સ્પષ્ટ અનુકરણ છે. વેદાંતદેશિક સ્તોત્રના આરંભે શઠકોપમુનિને નમસ્કાર કરે છે. (શ્લોક-૧/૩), તો વેંકટાધ્વરી પણ સ્વગુરુવર્ગને વંદે છે (શ્લોક-૧/૪). વેદાંતદેશિકને અનુસરી વાલ્મીકિને વંદન કરતા કવિ વેંકટાધ્વરી શાબ્દિક અનુસરણ કરતા નથી, એ નોંધપાત્ર છે.[૧૫૮] વાલ્મીકિ આદિ વડે સ્તુત પાદુકાની સ્તુતિ કરતા વેદાંતદેશિક પોતાની નીચતા કે અલ્પજ્ઞતાનો અનુભવ કરે છે.[૧૫૯] વેંકટાધ્વરી પણ આવો વિનયભાવ પ્રગટ કરે છે.[૧૬૦] પરંતુ એમાં કલ્પનાનું માધુર્ય નિરૂપણને રોચક બનાવે છે, જે વેદાંતદેશિકમાં નથી. 'મારી વાણી વાલ્મીકિની સમતા પામે છે. (૧/૬) એવું વેદાંતદેશિક કહે છે, તો વેંકટાધ્વરી પણ આ ભાવનું નિરૂપણ ભિન્ન શબ્દો અને દૃષ્ટાંતો દ્વારા કરે છે. (શ્લોક ૧/૧૯-૨૦). સ્તોત્ર ગ્રહણ કરવા વેદાંતદેશિક સહૃદયને સીધી વિનંતી કરે છે.[૧૬૧] વેંકટાધ્વરીએ આ ભાવ ભિન્ન રીતે પોતાની સ્તુતિના ગુણોનું આલેખન કરી નિરૂપ્યો છે.[૧૬૨] 'બ્રહ્માશિવાદિ દ્વારા પણ પાદુકાનો મહિમા અવર્ણનીય છે, તો ક્ષુદ્ર કવિઓ માટે તો તે સ્તુતિ-પાત્ર કેવી રીતે બને?'[૧૬૩] આવું કહીને વેદાંતદેશિક સ્તોત્ર-સર્જન સંબંધી પોતાનું અસામર્થ્ય પ્રગટ કરે છે, તો વેદ-બ્રહ્મા દ્વારા પણ અવર્ણનીય લક્ષ્મીની સ્તુતિ કરવા પ્રવૃત્ત થયેલ વેંકટાધ્વરી પણ પોતાની પામરતા અનુરૂપ દૃષ્ટાંત દ્વારા વ્યક્ત કરે છે.[૧૬૪] કલ્પનાનું ઉમેરણ કરી પૂર્વવર્તી કવિના સાદા વિચારને પણ સાહિત્યિકતાથી રસી દેવાની કે પરિવર્તિત કરી દેવાની ક્ષમતા વેંકટાધ્વરીમાં પર્યાપ્ત માત્રામાં છે. એની પ્રતીતિ આવાં ઉદાહરણો કરાવે છે. 'સ્તુતિ કરતાં હું હાસ્યાસ્પદ કેમ ન બનું? આ વિચાર બંને કવિઓએ ભિન્ન ભિન્ન શબ્દોમાં રજૂ કર્યો છે.[૧૬૫] પોતાનું સ્તોત્ર ખીલી ઊઠે' - એવી કામના બંનેએ વ્યક્ત કરી છે.[૧૬૬]

વેદાંતદેશિક અને વેંકટાધ્વરી બંને રામાનુજીય વિશિષ્ટાદ્વૈત સંપ્રદાયના હોઈ, પાદુકા તેમજ લક્ષ્મી સંબંધી બંનેના દાર્શનિક વિચારોમાં સામ્ય હોય એ સ્વાભાવિક છે. સાંપ્રદાયિક સ્તોત્રોની આ ખાસિયત છે. વેદાંતદેશિક સ્તોત્રની પ્રભાવ-પદ્ધતિમાં કહે છે કે પાદુકાનો મહિમા શ્રુતિગ્રન્થો તેમજ રામાયણ-મહાભારતમાં વર્ણિત થયો છે.[૧૬૭] વેંકટાધ્વરી પણ આ બાબતનું નિરૂપણ મુખ્યત્વે ઐશ્વર્ય-સ્તબકમાં કરે છે.[૧૬૮] વેદાંતદેશિક કહે છે કે શ્રુતિગ્રંથોને તો રહેવા દો, તેનાથી પણ ઉત્કૃષ્ટ રીતે પાદુકાનો પ્રભાવ રામાયણ વર્ણવે છે.[૧૬૯] વેંકટાધ્વરી પણ નોંધે છે કે લક્ષ્મીના ઐશ્વર્યનું પ્રતિપાદન કરનાર શ્રુતિને તો રહેવા દો, સાધારણજનોના બોધ માટે વ્યાસપ્રણીત વિષ્ણુપુરાણ પણ અહીં પ્રશંસનીય પ્રમાણ છે.[૧૭૦] બંનેએ અહીં આક્ષેપ અલંકારનો પ્રયોગ કર્યો છે. વળી કેટલાક શબ્દોમાં સામ્ય પણ છે. વિશેષ અલંકાર પ્રયોજી બંને કવિઓ ભગવતીના શાશ્વત્ વિશ્વરૂપનું આલેખન સમાન રીતે કરે છે. માત્ર શબ્દોમાં જ ફેર છે. એક કહે છે : 'તું (પાદુકા) એક હોવા છતાં રંગનાથ ભગવાનના ચરણકમળમાં, મુનિજનોના મનમાં, શ્રુતિઓના મૌલિભાગે (ઉપનિષદોમાં) અને મહાકવિઓની વાણીમાં નિવાસ કરે છે; તેથી તારું વૈશ્વરૂપ્ય જ્ઞાત થાય છે;[૧૭૧] તો એમના અનુગામી કવિ વેંકટાધ્વરી કહે છે : 'કમળનિવાસિની હોવા છતાં વૈભવને લીધે તું (લક્ષ્મી)

મુનિજનોના નિષ્પાપ મનમાં, હારધારી મુરારિના ઉદરમાં અને પ્રાચીનોની વાણીના મસ્તક (ઉપનિષદ)માં પ્રકારો છે.'[૧૭૨] અહીં બંનેનો શ્લોક-ક્રમ પણ એક જ છે. પાદુકા અને લક્ષ્મી પ્રણામ કરનારાઓના લલાટે લિખિત રજતવર્ણને સુવર્ણમાં ફેરવી દે છે. રજત તે વળી સુવર્ણમાં કેવી રીતે પરિવર્તિત થાય? આ તો વિરોધ થયો. પણ લક્ષ્મી દુર્વર્ણ (દુર્ભાગ્ય)ને ભૂંસી નાખી શોભન-વર્ણ (ઉત્તમ-ભાગ્ય) વિસ્તારે છે. એવો અર્થ ગ્રહણ કરતાં વિરોધનો પરિહાર થાય છે. બંને કવિઓ આવો શ્લેષાનુપ્રાણિત વિરોધાભાસ સર્જી પાદુકા અને લક્ષ્મીના માહાત્મ્યનું પ્રતિપાદન કરે છે.[૧૭૩] વળી વેદાંતદેશિકના આવા જ એક વિચારને[૧૭૪] વેંકટાધ્વરી અનુલોમ-પ્રતિલોમની શાબ્દીક્રીડા દ્વારા પરિવર્તિત કરી વેદાંતદેશિક કરતાં પણ ઉત્કૃષ્ટ એવી પોતાની શબ્દસિદ્ધિનો પરિચય કરાવે છે.[૧૭૫] આવાં ઉદાહરણ સ્પષ્ટ રીતે સૂચવે છે કે વેંકટાધ્વરી માટે 'પાદુકાસહસ્ર' પ્રેરણા તેમજ વિચારના સ્રોત સમું છે. વેદાંતદેશિક કહે છે કે જે ભક્તો પાદુકાને મસ્તકે ધારણ કરે છે તેઓ ઉન્નત થઈને ભગવાનનું ધામ-તેજ હાથવેંતમાં માને છે.[૧૭૬] વેંકટાધ્વરી પણ આવો વિચાર રજૂ કરતાં કહે છે : 'તારી (લક્ષ્મીનો) પરિમિત ક્ષમાગુણ જાણનારા અમે સ્વર્ગ અને મોક્ષ હાથવેંતમાં માનીએ છીએ.[૧૭૭] વેદાંતદેશિક કહે છે કે દરિદ્રો પણ પાદુકાના વહનથી આંગણમાં ગજવાળા ભૂપતિ બની જાય છે.[૧૭૮] તો વેંકટાધ્વરી પણ જણાવે છે કે લક્ષ્મીનો કટાક્ષભાજી શ્રેષ્ઠ દાનવીર અને ગજઘટાથી સભર આંગણવાળો ભૂપતિ બને છે.[૧૭૯] જગતના રક્ષણમાં પાદુકા અને રંગનાથ કે લક્ષ્મી અને વિષ્ણુ બંને સાથે રહે છે એ વિચાર બંનેમાં છે.[૧૮૦] રંગનાથ કરતાં પણ પાદુકાની શ્રેષ્ઠતા બતાવતાં વેદાંતદેશિક કહે છે કે જે સમગ્ર વિશ્વને ધારણ કરે છે, તે રંગનાથ પાદુકાને તો મસ્તકે ધારણ કરે છે.[૧૮૧] એમને અનુસરી વેંકટાધ્વરી ભિન્ન શબ્દોમાં કહે છે કે વાસુદેવથી પણ લક્ષ્મીનો મહિમા અધિક છે; કેમકે જીવોના હૃદયમાં વિષ્ણુ રહે છે, જ્યારે લક્ષ્મી તો એવા વિષ્ણુના પણ હૃદય ઉપર વિરાજમાન થાય છે.[૧૮૨] પાદુકા તો અશેષ જગતની અધીશ્વરી છે.[૧૮૩] વેંકટાધ્વરી પણ લક્ષ્મીને વિશ્વ-અધીશ્વરીરૂપે નિરૂપે છે.[૧૮૪] પાદુકા જગત પર રાજ્ય કરનારી છે.[૧૮૫] વેંકટાધ્વરી પણ મીમાંસકોના પ્રમાણ દ્વારા ભગવાન અને લક્ષ્મીનું એક રાજ્યત્વ આલેખે છે.[૧૮૬] વેદાંતદેશિક કહે છે કે પાદુકા-સેવક (ભક્ત) બ્રહ્મપદ પામે છે,[૧૮૭] તો વેંકટાધ્વરી લક્ષ્મી-ઉપાસકનું ક્રતુ-ન્યાય-માહાત્મ્યથી બ્રહ્મત્વ સિદ્ધ કરે છે.[૧૮૮] વેદાંતદેશિક પાદુકા અને રંગનાથ વચ્ચે પણ વિશેષ-વિશેષણભાવનો નિર્દેશ કરે છે. (શ્લોક-૩/૬૯). તો વેંકટાધ્વરી પણ લક્ષ્મી-વિષ્ણુના અંગાંગિભાવમાં શેષશેષિભાવ બતાવે છે. (શ્લોક- ૧૦/૩). પાદુકાના સંબંધીનો પણ સંબંધી હરિ પ્રાપ્ત કરે છે, એમ વેદાંતદેશિક કહે છે,[૧૮૯] તો વેંકટાધ્વરી પણ ભિન્ન શબ્દોમાં શ્લેષ દ્વારા રજૂ કરે છે કે લક્ષ્મીના સંબંધીનો પણ સંબંધી ધન્ય બને છે.[૧૯૦]

વેદાંતદેશિક રામ કરતાં પણ પાદુકાનો અધિક પ્રભાવ બતાવે છે.[૧૯૧] વેંકટાધ્વરી વિષ્ણુ કરતાં પણ ભગવતી લક્ષ્મીનીલ શ્રૈષ્ઠતાનું પ્રતિપાદન વ્યાજસ્તુતિપૂર્વક-ચાતુરીપૂર્વક કરે છે.[૧૯૨] આ ઉદાહરણ બતાવે છે કે વેદાંતદેશિકનો વિચાર વેંકટાધ્વરી પ્રકારાન્તરે ભવ્ય શબ્દોમાં રજૂ કરે છે. આમાં વેદાંતદેશિક કરતાં પણ વેંકટાધ્વરીના ઉત્કૃષ્ટ કવિ-રૂપનું પણ દર્શન થાય છે. પાદુકાના અસાંનિધ્યથી જ રામ રાવણનો સંહાર કરી શક્યા, એવી કલ્પના કરી વેદાંતદેશિક પાદુકાને અપરાધ સહન કરનાર મૂર્તિમતી ક્ષમા રૂપે સ્થાપે છે.[૧૯૩] આ વિચાર વેંકટાધ્વરી વાલી, તાટકા, અને જયંત કાકનાં દૃષ્ટાંતો દ્વારા ભિન્ન શબ્દોમાં રજૂ કરે છે. (શ્લોક-૪/૯), વળી સ્તન-વિદારણ દ્વારા અપરાધી બનેલ જયંત પ્રત્યે કોપ ન દાખવતી લક્ષ્મીને તેઓ મૂર્તિમંત ક્ષમા રૂપે પણ નવાજે છે.[૧૯૪] વેદાંતદેશિક

પાદુકાના માહાત્મ્ય આલેખનમાં શ્લેષ દ્વારા અયોધ્યા, ઉજ્જયિની, અવન્તી અને મથુરા નગરીનો નિર્દેશ કરે છે;[૧૯૫] તો વેંકટાધ્વરી તેમાં અભિવૃદ્ધિ કરી વર્ણન-વૈચિત્ર્ય દ્વારા શ્લેષપૂર્વક સાતેય મોક્ષદાયી નગરીઓનો ઉલ્લેખ કરે છે.[૧૯૬]

વેદાંતદેશિક 'પાદુકાસહસ્ર'ની શૃંગાર-પદ્ધતિમાં દિવ્ય-દંપતી ભગવાન અને પાદુકાના સંયોગ શૃંગારનું માત્ર દશ જ શ્લોકોમાં સંક્ષિપ્ત વર્ણન આપે છે. આનાથી વિરુદ્ધ વેંકટાધ્વરીએ 'લક્ષ્મીસહસ્ર'ના નવમા શૃંગાર-સ્તબકમાં દિવ્ય-દંપતી વિષ્ણુ અને લક્ષ્મીની શૃંગાર ક્રીડાઓનું સવિસ્તર વર્ણન (કુલ ૫૦ શ્લોકો) કરી પોતાની વર્ણન અને કલ્પનાશક્તિનું દર્શન કરાવ્યું છે. સંભોગ-શૃંગારનાં સર્વશાસ્ત્રીય ઉપકરણોનું આલેખન કરી વેંકટાધ્વરી શૃંગાર-નિરૂપણમાં વેદાંતદેશિકનું અતિક્રમણ કરી જાય છે. વેદાંતદેશિક કરતાં વેંકટાધ્વરી પર કામશાસ્ત્રનો અધિક પ્રભાવ પરિલક્ષિત થાય છે. તેમ છતાં ત્રણ-ચાર શ્લોકોમાં વેદાંતદેશિક અને વેંકટાધ્વરીમાં સામ્ય દૃષ્ટિગોચર થાય છે. વેદાંતદેશિક કહે છે : 'રંગનાથની શૃંગારચેષ્ટાઓની હેતુભૂત પાદુકાને ભજું છું,'[૧૯૭] તો વેંકટાધ્વરી લક્ષ્મીને 'હરિના શૃંગારરસનું સર્વસ્વ' કહે છે.[૧૯૮] 'પાદુકાસહસ્ર'માં પાદુકાની ચિરભુક્તા છતાં રત્યાસકતા નિત્ય નવીન નાયિકાની વ્યંજના થઈ છે.[૧૯૯] 'લક્ષ્મીસહસ્ર'માં પણ ભિન્ન શબ્દોમાં ચિરભુક્તા છતાં નિત્ય નવીન બની રહેતી લક્ષ્મી નિરૂપિત થઈ છે.[૨૦૦]

વેદાંતદેશિક ભગવાન રંગનાથ પાદુકાનો નિત્ય સંબંધ બતાવે છે. રંગનાથને પ્રત્યેક અવતારમાં અનુસરતી પાદુકાનું તેમણે નિરૂપણ કર્યું છે.[૨૦૧] વેંકટાધ્વરી પણ લક્ષ્મીને દશ અવતારોમાં વિષ્ણુને અનુસરતી બતાવે છે.[૨૦૨] આવાં ઉદાહરણો બતાવે છે કે વેંકટાધ્વરીએ વિશિષ્ટાદ્વૈતી દર્શનના સિદ્ધાંતો મુખ્યત્વે વેદાંતદેશિક પાસેથી પ્રાપ્ત કર્યા છે, પણ એ સિદ્ધાંતોની અભિવ્યક્તિમાં તેઓ વેદાંતદેશિકનું શાબ્દિક અનુસરણ ક્યાંય કરતા નથી. પૂર્વવર્તી દાર્શનિક વિચારને ભિન્નરૂપે - મૌલિક કલ્પનાથી ગ્રથિત કરીને મુકવામાં વેંકટાધ્વરીએ સાહિત્યિક ક્ષમતાનું દર્શન કરાવ્યું છે.

વેદાંકદેશિક પાદુકાની પરાગ-રજના વર્ણનમાં વિરોધાભાસ અલંકારનું સર્જન કરે છે. પાદુકાની પરાગ અપરાગ (વૈરાગ્ય) ઉત્પન્ન કરે છે. એવા નિરૂપણમાં વિરોધાભાસનું સૌન્દર્ય દર્શનીય બની રહે છે.[૨૦૩] વેંકટાધ્વરી પણ લક્ષ્મીના ચરણની પરાગ-રજના નિરૂપણમાં વિરોધાભાસનો ચમત્કાર સર્જે છે. તેઓ કહે છે કે લક્ષ્મીના ચરણની પરાગને મસ્તકે ધારણ કરતી વ્યક્તિ અપરાગતા (પરાગ-રહિતતા, વૈરાગ્ય)ને પામે છે, એ અદ્ભુત છે.[૨૦૪] આ ઉપરાંત વેદાંતદેશિક કહે છે કે પાદુકાના પદ્મરાગ રાગાત્મક હોવા છતાં રજસ્ દૂર કરે છે, એ આશ્ચર્ય છે.[૨૦૫] વળી કેટલાક ધન્ય લોકો પાદુકાની રજ (રજોગુણ) મસ્તકે ધારણ કરી રજોગુણથી દૂર થઈને વિરુદ્ધ સત્ત્વ નિહાળે છે.[૨૦૬] આવો વિરોધાભાસ વેંકટાધ્વરી પણ ભિન્ન-શબ્દોમાં ઉત્પન્ન કરે છે. જેમકે તેઓ કહે છે : લક્ષ્મીના રાગયુક્ત ચરણ મુનિજનોમાં વૈરાગ્ય ઉત્પન્ન કરે છે, એ વિચિત્ર છે.[૨૦૭] વેદાંતદેશિક 'નાભિજાત', 'અભિજાત' શબ્દોની શ્લેષ-યમક-ક્રીડા કરે છે.[૨૦૭અ] વેંકટાધ્વરીએ તો આવી શબ્દક્રીડાનાં અનેક ઉદાહરણો આપ્યાં છે.

વેદાંતદેશિક પાદુકાના નાદ-વર્ણનમાં નિદ્રામાં પ્રબોધનો વિરોધાભાસ સર્જે છે.[૨૦૮] વેંકટાધ્વરી પણ ભિન્ન કલ્પનાથી વિરોધાભાસનો ચમત્કાર સર્જે છે. તેઓ કહે છે કે લક્ષ્મી નિદ્રા લાવવાનું કટાક્ષરૂપ ઔષધ આપીને નિદ્રા

(અજ્ઞાન) વિનાનું તત્ત્વજ્ઞાન આપે છે, એ વિચિત્ર છે.[૨૦૯] ત્રિવિક્રમને વારીને બલિની રક્ષા કરતી પાદુકાને બતાવી વેદાંતદેશિક પાદુકાનો નૈસર્ગિક દયાળુ સ્વભાવ વર્ણવે છે.[૨૧૦] ભગવાનના કોપપ્રસંગે પણ લક્ષ્મી તો ભક્ત પ્રત્યે અપ્રતીમ કરુણા દાખવે છે. એ સત્યના પ્રતિપાદન માટે વેંકટાધ્વરી લક્ષ્મીકૃપાપાત્ર હનુમાન, જયંત કાક ઈત્યાદિનાં ઉદાહરણો આપે છે.[૨૧૧]

પાદુકા ભક્તોને જાણે પારિતોષિક પ્રદાન કરે છે.[૨૧૨] એવી વેદાંતદેશિકની ઉત્પ્રેક્ષાને નવ્ય સ્વરૂપે રજૂ કરતાં વેંકટાધ્વરી જણાવે છે કે સ્તોત્રથી પ્રસન્ન થઈ હરિ જાણે પોતાને પારિતોષિક આપે છે.[૨૧૩]

વેદાંતદેશિકે ‘પાદુકાસહસ્ર’ની ચિત્ર-પદ્ધતિમાં ચિત્ર કાવ્યના અનેક પ્રકારોનાં ઉદાહરણો આપ્યાં છે. તેમને અનુસરી વેંકટાધ્વરીએ પણ (લક્ષ્મીસહસ્ર)માં ચિત્ર-સ્તબકનું સર્જન કર્યું છે. વેદાંતદેશિકના સ્તોત્રની નિર્વેદ-પદ્ધતિ અને લક્ષ્મીસહસ્રના નિર્વેદ-સ્તબકમાં પણ વિચારોનું સામ્ય દૃષ્ટિગોચર થાય છે. વેદાંતદેશિક કહે છે : અપરાધી એવા પોતાના પ્રત્યે ક્ષાન્તિ-દયાદિ ગુણોથી પાદુકા ભગવાનમાં ઉપકારનો ગુણ ઉત્પન્ન કરે છે.[૨૧૪] વેંકટાધ્વરી પણ અપરાધી પ્રત્યે ક્રુદ્ધ થયેલ હરિને પ્રસન્ન કરતી લક્ષ્મીની શરણાગતિ સ્વીકારે છે.[૨૧૫] બંનેમાં ભાવસામ્ય છે. શબ્દોમાં જ ભિન્નતા છે. પાદુકા પ્રત્યક્ષ અને સુલભ છે. તેમ છતાં પોતાનું મન અન્ય પુરુષાર્થ ઈચ્છે છે.[૨૧૬] એવું કહી વેદાંતદેશિક નિર્વેદ-ભાવના વ્યક્ત કરે છે. આ ભાવને વેંકટાધ્વરી સુંદર દૃષ્ટાંત દ્વારા પ્રકારાન્તરે આકર્ષક રીતે રજૂ કરે છે. તેઓ કહે છે : હે ભગવતી ! કટાક્ષમાત્રથી શીઘ્ર વિવિધ ફળ વિસ્તારતી એવી તું જાગ્રત હોવા છતાં અન્ય માણસોની સેવા કરવા માટે ઈચ્છુક પુરુષની સમીપની કમળસૌરભથી સ્વાદિષ્ટ સલિલયુક્ત સરિતા છોડી અત્યંત તૃષાથી મૃગતૃષ્ણિકાનો આશ્રય લે છે.[૨૧૭] વળી ‘તને આશ્રિત સજ્જનો અન્ય દેવતાનું સેવન કરતા નથી. અક્ષય ભંડાર પ્રાપ્ત થાય તો કૃપણ-સેવા કોણ સહન કરે!’ (શ્લોક-૨૦/૩૦) ‘પાપી, વિષયાસક્ત અને દુઃખસાગરમાં ડૂબતા એવા મારા માટે તું જ રક્ષકરૂપ છે.’[૨૧૮] આવાં નિરૂપણમાં વેદાંતદેશિકની પ્રપત્તિ ભાવના વેંકટાધ્વરીમાં પણ સંક્રાન્ત થઈ છે. તેથી જ તેઓ કહે છે : હે માત, મારા જેવા ભયંકર પાપીઓનું સંપૂર્ણ રીતે શોધન પણ શક્ય નથી. આથી સંસાર-કાદવમાં પડતા એવા અમારા અવલંબન માટે તું જ ક્ષમા-ભૂમિ છે.[૨૧૯]

‘પાદુકાસહસ્ર’ની ફલ-પદ્ધતિની કેટલીક ભાવનાઓનું દર્શન ‘લક્ષ્મીસહસ્ર’ના ફલ-સ્તબકમાં પણ અનુભવી શકાય છે. વેદાંતદેશિક ‘પાદુકાસહસ્ર’ દ્વારા સ્તુતિ કરીને પોતાના જન્મની સાર્થકતાનો અનુભવ કરે છે,[૨૨૦] તો સ્તોત્ર-સર્જન દ્વારા સર્વ મનોરથોની પૂર્તિનો આનંદ વેંકટાધ્વરી વ્યક્ત કરે છે.[૨૨૧] વેદાંતદેશિક કહે છે : ‘ગુણગ્રાહી ભક્તો મારી સ્તુતિ પસંદ કરે, એ મને ખૂબ રુચે છે.’[૨૨૨] વેંકટાધ્વરી પણ જણાવે છે કે પોતાની સ્તુતિના શ્લોક સુધીન્દ્રોને પ્રસન્ન કરે છે.[૨૨૩] બંને કવિઓ અંતે પોતાના સ્તોત્રના ગુણોનો પણ નિર્દેશ કરે છે.[૨૨૪] વેદાંતદેશિક પોતાની પામરતાનો એકરાર કરતાં જણાવે છે કે વાણી અને મનથી અગોચર એવી પાદુકાના મહિમાનું ગાન કરતો પોતે તે મંદબુદ્ધિ બાળક તુલ્ય છે.[૨૨૫] આવી ભાવનાને અન્ય શબ્દોમાં ઢાળતા કવિ વેંકટાધ્વરી કહે છે : ‘હે માત, ચારમુખોથી વેદ-સમૂહને ધારણ કરતા બ્રહ્મા પણ તારું સ્તોત્ર રચવા સમર્થ નથી; તો અમે કવિઓ કેવી રીતે શક્તિમાન બનીએ? અથવા તો માતાના આનંદ ખાતર જગતમાં અમે બાળકો યથાશક્તિ સ્તોત્ર રચવા સમર્થ છીએ.’[૨૨૬]

વેદાંતદેશિક વડે પ્રયોજિત કેટલાંક ઉપમાનો વેંકટાધ્વરીએ ગાહ્ય રાખ્યાં છે. પણ તેમનો પ્રયોગ તે ભિન્ન રીતે કરે છે. વેદાંતદેશિક પાદુકાને ગાયત્રી જેવી કહે છે,[૨૨૭] તો વેંકટાધ્વરી લક્ષ્મી-નામને ગાયત્રીની પુનરુક્તિરૂપ માને છે.[૨૨૮] દેવોએ પાદુકા પર નાખેલી માળા વેદાંતદેશિકને આલિંગનાતુર ભાગીરથી જેવી પ્રતીત થાય છે.[૨૨૯] વેંકટાધ્વરી પણ ભિન્ન દૃષ્ટિકોણથી લક્ષ્મીના હારમાં મંદાકિનીનું રૂપ નિહાળે છે.[૨૩૦] વેદાંતદેશિક કહે છે કે પાદુકાને અર્પિત દુર્વાંકર પણ રંગનાથની શક્તિથી સંસાર-સર્પની દમનઔષધિ બની જાય છે.[૨૩૧] વેંકટાધ્વરી ઔષધનું ઉપમાન ભિન્ન રૂપે પ્રયોજે છે. તેઓ લક્ષ્મી-કટાક્ષ તથા લક્ષ્મી-નામને સંસારરોગ દૂર કરનાર ઔષધિ રૂપે નિરૂપે છે.[૨૩૨] વેદાંતદેશિક પાદુકા પર આરોપિત પુષ્પસમૂહના ભ્રમરમાં કાહલ-વાદ્યની ઉત્પ્રેક્ષા કરે છે.[૨૩૩] તો વેંકટાધ્વરીને એમનાથી ભિન્ન લક્ષ્મીના ઊરુદ્વયમાં કાહલ-વાદ્યનું રૂપ દૃષ્ટિગોચર થાય છે.[૨૩૪] વેદાંતદેશિકને ભ્રમરમાં આચાર્યનું રૂપ દૃષ્ટિગત થાય છે. તેઓ કહે છે કે બ્રહ્માદિ દેવો દ્વારા પાદુકાને અર્પણ કરાયેલ દિવ્ય-પુષ્પોમાંના ભ્રમર પોતાના ગુંજનથી જાણે ભગવાનનો મહિમા સમજાવે છે.[૨૩૫] વળી તેઓ નોંધે છે કે સ્નાત ભ્રમર તો પાદુકાનો વૈભવ પ્રગટ કરે છે. (શ્લોક પા.સ. ૧૨/૧૮). વેંકટાધ્વરી આ કલ્પનાને પરિવર્તિત કરીને લક્ષ્મીના કર્ણાભૂષણ સમીપ ભ્રમણ કરતા ભ્રમરમાં કામમંત્રોનું રહસ્ય સમજાવનાર પ્રિયદૂતની ઉત્પ્રેક્ષા કરે છે.[૨૩૬] વેદાંતદેશિક કહે છે : અખિલ ભુવનની રક્ષાર્થે નાટિકા બતાવતા નટ રંગનાથ જાણે પાદુકાને યોગ્ય અભિનય શીખવે છે.[૨૩૭] નાટિકા અને નટનાં ઉપમાન-પ્રતીકો વેંકટાધ્વરી ભિન્ન રીતે પ્રયોજી-કલ્પના સૌન્દર્ય નિષ્પન્ન કરે છે. લક્ષ્મીના કટાક્ષનું વર્ણન કરતાં તેઓ કહે છે : 'લક્ષ્મીનો કટાક્ષ તો એવો કુશળ નટ છે, જે આશ્રિત ભક્તોની મુખરૂપી રંગશાળામાં સરસ્વકતીરૂપી નર્તકીને નચાવે છે.[૨૩૮] નિઃશ્વાસ સમીર તેમજ કામદેવને પણ નટનું રૂપ આપી તેઓ સુંદર શબ્દચિત્રો આલેખે છે.[૨૩૯] લક્ષ્મી તો તેમની દૃષ્ટિએ જગતરક્ષણરૂપ નાટકની પ્રસ્તાવના સ્વરૂપ છે.[૨૪૦] વેદાંતદેશિકની દૃષ્ટિએ શ્રીકૃષ્ણ નર છે, તો પાદુકા રંગસ્થલી છે.[૨૪૧] વેંકટાધ્વરી લક્ષ્મી-કટાક્ષોમાં નર્તનની રંગશાળાનું દર્શન કરે છે.[૨૪૨] વેદાંતદેશિકની દૃષ્ટિએ પાદુકાનો પરાગ તો માંત્રિક છે. જે ભવરોગ દૂર કરે છે.[૨૪૩] વેંકટાધ્વરીની નજરે લક્ષ્મીનો કટાક્ષ એવો માંત્રિક ગુરુ છે, જે વિષયરૂપ પિશાચ-બાધાને દૂર કરનાર છે.[૨૪૪]

વેદાંતદેશિક પાદુકાના નાદમાં વેદના સામગાનની ઉત્પ્રેક્ષા કરે છે.[૨૪૫] વેંકટાધ્વરી લક્ષ્મીના નામને સામગાન કરતાં પણ વધુ ઉત્કૃષ્ટ બતાવે છે.[૨૪૬] વેંકટાધ્વરીએ કટાક્ષપ્રભાતનું આલેખેલું રૂપક-ચિત્ર વધુ આકર્ષક છે.[૨૪૭] વેદાંતદેશિક પાદુકાને અજ્ઞાનરૂપી રાત્રિની પ્રભાત-નાંદી કહે છે.[૨૪૮] વેદાંતદેશિક પાદુકાને ઉપનિષદ-વાણીની મંજૂષા કહે છે,[૨૪૯] તો વેંકટાધ્વરી લક્ષ્મીને આગમોનું સર્વસ્વ તેમજ ગુણરૂપ રત્નોની મંજૂષા કહે છે.[૨૫૦] વેદાંતદેશિક પાદુકામાં યમ-કિંકરો જેનાથી દૂર ભાગે છે, તેવી વેત્રલતાની ઉત્પ્રેક્ષા કરે છે.[૨૫૧] વેંકટાધ્વરી લક્ષ્મીના કટાક્ષને એવી વેત્રયષ્ટિ સ્વરૂપ બતાવે છે, જેનાથી દીનદશારૂપ પિશાચ-વૃંદ દૂર ભાગે છે.[૨૫૨] વેદાંતદેશિકની કલ્પનામાં પાદુકાનાં રત્નકિરણો તો જાણે પ્રદીપ છે, જે અજ્ઞાન દૂર કરે છે.[૨૫૩] વેંકટાધ્વરીની દૃષ્ટિએ હરિના વક્ષઃસ્થળનું કૌસ્તુભરત્ન દીપક છે, જે અંતરનો અજ્ઞાનન્ધકાર દૂર કરી મુક્તિમાર્ગ દર્શાવે છે.[૨૫૪] વેદાંતદેશિક અને વેંકટાધ્વરી બંને પાદુકા તેમજ લક્ષ્મીને સંસાર-સાગરની નાવસ્વરૂપ કહે છે.[૨૫૫] લક્ષ્મીના કેશકલાપમાં સર્પોમાં મયૂરપિચ્છની ભ્રાન્તિ જન્માવતી વેંકટાધ્વરીની કલ્પના વધુ મોહક છે.[૨૫૭] વેદાંતદેશિક પાદુકાનાં રત્ન-કિરણોમાં ગંગા-યમુનાનો સંગમ (પ્રયાગ) નિહાળે છે.[૨૫૮] વળી તેઓ કહે છે કે પાદુકાની કિરણ-પ્રભા તો યમુના જેવી છે, જે ગંગાને

હસી કાઢે છે. (શ્લોક ૧૬/૩૪). ઈન્દ્રનીલદ્યુતિથી આવૃત્ત પાદુકામાં પણ તેઓને યમુનાનું રૂપ દષ્ટિગોચર થાય છે. (શ્લોક ૨૦/૫). રંગોના મિશ્રણની આ કલ્પનાને વેંકટાધ્વરી ભિન્ન માધ્યમથી પ્રસ્તુત કરે છે. તેઓ સિંદૂરથી રમણીય અને પુષ્પમાળાથી અભિરામ લક્ષ્મી-કેશકલાપને ગંગા-સરસ્વતીના સંગમ-સ્થાન સમી યમુના માને છે.[૨૫૯] વળી તેઓ લક્ષ્મીના પ્રાદુર્ભાવમાં ગંગા, યમુના અને સરસ્વતીનો ત્રિવેણી-સંગમ બતાવી પોતાની કલ્પના-શક્તિની ભવ્યતાનો પરિચય કરાવે છે.[૨૬૦]

વેદાંતદેશિક પાદુકાના પદ્મરાગમણિમાં મધુ-કૈટભ-રાક્ષસોના રુધિરની ઉત્પ્રેક્ષા કરે છે,[૨૬૧] તો વેંકટાધ્વરી પણ લક્ષ્મીના સ્વાભાવિક રક્તવર્ણમાં શત્રુરુધિરની કલ્પના કરે છે.[૨૬૨] વેદાંતદેશિકની કલ્પના નિદર્શના અલંકાર દ્વારા પાદુકામાં નક્ષત્ર-પંક્તિની શોભા જન્માવે છે. પાદુકાના પદ્મરાગમણિના વર્ણનમાં તેઓ કહે છે કે પદ્મરાગમણિ-કિરણોના સંપર્કથી પાદુકાનાં પુષ્પો નક્ષત્રપંક્તિની શોભા પામે છે.[૨૬૩] વળી મૌક્તિક-અલંકૃત પાદુકાના વર્ણન પ્રસંગે તેઓ કહે છે કે રંગનાથના ચરણ-નખરૂપ ચંદ્રમંડળની પાસે આવેલ મૌક્તિક-પંક્તિ નક્ષત્રોની શોભા ધારણ કરે છે.[૨૬૪] પાદુકાના પદ્મરાગથી અવકાશગંગામાં નક્ષત્રોની દ્વિરુક્તિ બતાવતા કવિની કલ્પના પણ દર્શનીય છે. (શ્લોક-૧૮/૨૦). વેંકટાધ્વરીને પણ નક્ષત્રપંક્તિનું ઉપમાન પ્રતીક ખૂબ ગમે છે. એ ઉપમાન દ્વારા તેમણે કેટલાંક સુંદર શબ્દ-ચિત્રો પોતાની મૌલિક કલ્પનાથી મઢ્યાં છે. તેમની દૃષ્ટિએ દેવી લક્ષ્મીનું મુખ ચંદ્ર છે, અધરોષ્ઠ સંધ્યા-સુંદરી છે, અને નાસિકાના અગ્રભાગે રહેલ મુક્તાફળ નક્ષત્રની શોભા પામે છે.[૨૬૫] લક્ષ્મીના સૌન્દર્યવર્ણનમાં પણ કવિએ વેદાંતદેશિકની કલ્પનાને નવું રૂપ પ્રદાન કર્યું છે. તેઓ કહે છે : લક્ષ્મીના ઉત્તુંગ કુચના અગ્રભાગે વિરાજમાન નવ્ય હારનાં મોતી પ્રાયઃ સુમેરુ પર્વતની આજુબાજુ ફરતાં નક્ષત્રોની જેમ શોભે છે.[૨૬૬]

વેદાંતદેશિક પાદુકા રૂપી કલ્પવલ્લીનું રૂપક આલેખે છે.[૨૬૭] વેંકટાધ્વરીએ લક્ષ્મીરૂપી કલ્પવલ્લીનું આપેલ શ્લેષાનુપ્રણિત રૂપક ચમત્કારસંપન્ન છે.[૨૬૮] પૂર્વવર્તી કવિના ઉપમાન પ્રતિકને ભિન્ન રીતે રજૂ કરવામાં વેંકટાધ્વરી વ્યુત્પન્ન-મતિ છે, એની પ્રતીતિ આવાં ઉદાહરણો કરાવે છે. વેદાંતદેશિક પાદુકાનાં મૌક્તિકને સિદ્ધગુલિકા સ્વરૂપ માને છે,[૨૬૯] તો વેંકટાધ્વરી પણ લક્ષ્મીને ચિત્તશોધક સિદ્ધગુટિકા કહે છે.[૨૭૦] વેદાંતદેશિક પાદુકાની મરકતકાન્તિમાં શેવાલ-મંજરીની ઉત્પ્રેક્ષા કરે છે.[૨૭૧] એમાં થોડુંક પરિવર્તન કરી વેંકટાધ્વરી લક્ષ્મીના હસ્તે રહેલ સુવર્ણકંકણની ઈન્દ્રનીલકાન્તિની તુલના શૈવાલ-માળા સાથે કરી સુંદર શબ્દચિત્ર જન્માવે છે.[૨૭૨]

'પાદુકાસહસ્ર'ની પ્રકીર્ણ પદ્ધતિનાં કેટલાંક ઉપમાન વેંકટાધ્વરી સંકીર્ણ સ્તબકમાં પ્રયોજે છે. પણ ભિન્ન રીતે અને ભિન્ન શબ્દાવલીઓમાં. વેદાંતદેશિકની કલ્પનાને કવિ વેંકટાધ્વરી ક્વચિત્ સંક્ષેપમાં પણ રજૂ કરી દે છે; જેમકે પાદુકાસહસ્રની પ્રકીર્ણ પદ્ધતિમાં પાદુકાને પંજર-સારિકાનું રૂપ પ્રદાન કરી પરિપૂર્ણ ચિત્ર કવિએ આલેખ્યું છે.[૨૭૩] વેંકટાધ્વરી 'લક્ષ્મીસહસ્ર'ના સંકીર્ણ સ્તબકમાં સંક્ષેપમાં માત્ર એટલું જ કહી દે છે કે લક્ષ્મી તો શ્રુતિપિંજરની દિવ્ય-સારિકા છે.[૨૭૪] શ્રુતિને પિંજરનું રૂપ આપીને કવિ પૂર્વવર્તી કલ્પનામાં અભિવૃદ્ધિ તો કરી જ દે છે. વેદાંતદેશિકને પાદુકાની ઈન્દ્રનીલદ્યુતિમાં સંસારના તાપ શમાવતી અમૃતવર્ષિણી મેઘપંક્તિનું દર્શન થાય છે,[૨૭૫] તો વેંકટાધ્વરીની કલ્પના લક્ષ્મીના કટાક્ષમાં દરિદ્ર પર સુવર્ણવૃષ્ટિ કરતી મેઘપંક્તિનું રૂપ

નિહાળે છે.[૨૭૬] મેઘપંક્તિ માટે વેદાંતદેશિક પ્રયોજેલ શબ્દ 'કાલિકા' ગ્રહણ કરવા છતાં પ્રસિદ્ધ ઉપમાનને ભિન્ન રીતે રજૂ કરી કવિ પોતાની મૌલિકતાનું દર્શન કરાવે છે. વેદાંતદેશિક અને વેંકટાધ્વરી બંને પાદુકા અને લક્ષ્મીને અનુક્રમે વશીકરણયંત્ર અને વશીકરણ-મૂલિકા-સ્વરૂપ નિરૂપે છે.[૨૭૭] પૃથ્વી જેવી પાદુકાની વેદાંતદેશિકની કલ્પના[૨૭૮] વેંકટાધ્વરીના 'મનોહર સલિલવાળી પૃથ્વીના જેવા 'લક્ષ્મી-કટાક્ષ'ના વર્ણનમાં નવીન સ્વરૂપે યમક-અલંકાર દ્વારા અવતીર્ણ થઈ છે.[૨૭૯]

વેંકટનાથ વેદાંતદેશિક રામાનુજીય વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ આચાર્ય-કવિ છે. તેથી 'પાદુકા-સહસ્ર'ની રચનામાં તેમનો પ્રધાન ઉદ્દેશ વિશિષ્ટાદ્વૈતી દાર્શનિક વિચારો અને વૈષ્ણવ પ્રપત્તિપ્રધાન ભક્તિના નિરૂપણનો છે. લક્ષ્મી-વિષ્ણુના અભિન્ન દાંપત્યનું પ્રતિપાદન અને તેમના મહિમાનું ગાન કવિને અભીષ્ટ છે. 'પાદુકાસહસ્ર'માં ચિત્રકુટ નામના સ્થળે રામે ભરતને અર્પણ કરેલ બે પાદુકાઓ કેન્દ્રમાં છે. અહીં પાદુકા અને ભગવાન રંગનાથ (રામ) અનુક્રમે કેન્દ્રમાં છે. અહીં પાદુકા અને ભગવાન રંગનાથ (રામ) અનુક્રમે લક્ષ્મી અને વિષ્ણુનાં પ્રતિરૂપ છે. વેંકટાધ્વરીના 'લક્ષ્મીસહસ્ર'નું બાહ્યરૂપ 'પાદુકાસહસ્ર'ના આદર્શ પર નિર્માયું હોવા છતાં વેંકટાધ્વરીએ પોતાના ગુરુ વેદાંતદેશિકનું માત્ર અંધાનુકરણ કર્યું નથી. ગુરુના દાર્શનિક વિચારોનું-ભાવોનું નિરૂપણ કરી તેઓ ગુરુ-નિષ્ઠા બતાવે છે; તો બીજી બાજુ પોતાના કાવ્યરૂપમાં મૌલિકતાનો સંનિવેશ કર્યા સિવાય રહી શક્યા નથી. આગળ જોયું તેમ બંને કૃતિઓના સાત વિભાગોનાં શીર્ષકોમાં સામ્ય છે, તેમ છતાં વેંકટાધ્વરીએ ક્યાંય નોંધપાત્ર શાબ્દિક અનુસરણ કર્યું નથી. વેદાંતદેશિકની જે કલ્પના કે ભાવના એમણે ગ્રાહ્ય રાખી છે, એમાં પણ તેઓ પરિવર્તન કે પરિવર્ધન કરી મૌલિકતા નિષ્પન્ન કરવામાંથી ચુક્યા નથી. એટલું જ નહિ, પોતાના સ્તોત્રનાં એ સાત સિવાય શેષ સર્વે સ્તબક એમણે સ્વતંત્ર પ્રતિભાથી રચ્યાં છે.

'લક્ષ્મીસહસ્ર'માં સ્તોત્રકાવ્યનાં સર્વ અંગોનો સમાવેશ સમુચિત રીતે થાય, એ દૃષ્ટિ વેંકટાધ્વરીએ અપનાવી હોય એમ પ્રતીત થાય છે. પાદુકાના સૌન્દર્યનું વિવિધ રીતે આલેખન કરવા વેદાંતદેશિકે પુષ્પપદ્ધતિ, પરાગપદ્ધતિ, નાદપદ્ધતિ, રત્નસામાન્ય પદ્ધતિ, બહુરત્નપદ્ધતિ, પદ્મરાગપદ્ધતિ, મુક્તાપદ્ધતિ, મરકતપદ્ધતિ, ઈન્દ્રનીલપદ્ધતિ, કાંચનપદ્ધતિ, યંત્રિકાપદ્ધતિ, રેખાપદ્ધતિ ઈત્યાદિ અનેક પદ્ધતિઓનું સર્જન કર્યું છે. એમાં ક્રમશઃ પાદુકાનાં પુષ્પ, પરાગ, નાદ, રત્નો, સંકીર્ણવર્ણયુક્ત રત્નો, પદ્મરાગ, મુક્તા, મરકત, ઈન્દ્રનીલ, કાંચન, યંત્રિકા (ચરણાંગુલિના અવલંબન માટેનો શંકુ), રેખા ઈત્યાદિના સવિસ્તર વર્ણન દ્વારા પાદુકાનું મહિમા-ગાન થયું છે. કવિ વેંકટાધ્વરીએ સારગ્રાહી દૃષ્ટિ અપનાવી, એમાં પરિવર્તન કરી, સૌન્દર્ય નિરૂપણ કરતાં અનેક સ્તબકોને સ્થાને લક્ષ્મીના અંગ-ઉપાંગો (કેશાદિપાદાન્ત)ના સૌન્દર્યનું નિરૂપણ કરવા માત્ર એક જ સૌન્દર્ય સ્તબકની રચના કરી છે. એમાં કવિનો કલ્પનાવૈભવ પ્રચુર માત્રામાં પ્રગટ થયો છે.

'પાદુકાસહસ્ર'ના કેન્દ્રમાં પાદુકા હોઈ, તત્સંબંધી કથાના આધારે વેદાંતદેશિક સમર્પણ પદ્ધતિ (રામ દ્વારા ભરતને અર્પણ થયેલી પાદુકા), પ્રતિસ્થાપન પદ્ધતિ (ભરત દ્વારા સ્વીકારેલ પાદુકાનું ચિત્રકૂટથી અયોધ્યા પ્રતિ પ્રસ્થાન), અધિકાર-પરિગ્રહ પદ્ધતિ, અભિષેક પદ્ધતિ (પાદુકાનો રાજ્યાભિષેક), નિર્યાતના પદ્ધતિ (ભરત દ્વારા પાદુકાનો ન્યાસપ્રત્યર્પણ વિધિ), બંદિવેતાલિક પદ્ધતિ ઈત્યાદિના વર્ણનપૂર્વક પાદુકાનો મહિમા પ્રતિપાદિત કર્યો

છે. 'લક્ષીસહસ્ર'ના કેન્દ્રમાં ભગવતી લક્ષ્મી હોઈ, આવા વિષયોને અવકાશ ન હોઈ વેંકટાધ્વરીએ એમના બદલે સ્તોત્રકાવ્ય માટે આવશ્યક એવા વિષયોના નિરૂપણ માટે પ્રાદુર્ભાવસ્તબક, વક્ષઃસ્થલાવસ્થાનસ્તબક, કારુણ્યસ્તબક, કટાક્ષસ્તબક, પ્રયત્નસ્તબક, ઔદાર્યસ્તબક, વિચિત્રસ્તબક, નામવૈભવસ્તબક, સદ્મવૈભવસ્તબક, અભીતિસ્તબક, તેમજ દશાવતારસ્તબક ઈત્યાદિનું સર્જન કરી પોતાના સ્તોત્રને સર્વાંગ-સંપૂર્ણ બનાવવા પ્રયાસ કર્યો છે.

વેંકટાધ્વરી મુખ્યત્વે શ્લેષ-યમક-ચક્રવર્તી કવિ છે. તેથી 'પાદુકાસહસ્ર' કરતાં 'લક્ષ્મીસહસ્ર'માં શ્લેષ યમકનું બાહુલ્ય છે. એટલું જ નહિ, વેંકટાધ્વરીએ ચિત્રસ્તબક ઉપરાંત યમકસ્તબકની રચના કરીને યમકના અનેક પ્રકારોનાં ઉદાહરણો આપ્યાં છે. પાદુકાસહસ્રમાં યમક પર આધારિત સ્વતંત્ર-અલગ પદ્ધતિનો સમાવેશ થયો નથી. નક્ષત્રમાલા-સ્તબક પણ કવિનું મૌલિક-સર્જન છે. એવું નિરૂપણ 'પાદુકાસહસ્ર'માં નથી. વેદાંતદેશિકે શૃંગારપદ્ધતિની રચના સમાસોક્તિવિધિથી કરી, તો વેંકટાધ્વરીએ મીમાંસાશાસ્ત્રની પરિસંખ્યાવિધિ અનુસાર લક્ષ્મીની સર્વદેવતાઓ કરતાં ઉત્કૃષ્ટતા સિદ્ધ કરવા પરિસંખ્યા-સ્તબકનું સર્જન કર્યું.

'પાદુકાસહસ્ર'માં સુભાષિત-પદ્ધતિ પ્રાપ્ત થાય છે, જે લક્ષ્મીસહસ્રમાં નથી. 'લક્ષ્મીસહસ્ર'ના કેટલાક શ્લોક સુક્તિરત્નોથી મંડિત થયા જ છે. બંને કૃતિઓમાં સૂક્તિ-સામ્ય દૃષ્ટિગોચર થતું નથી.

બંને કૃતિઓના તુલનાત્મક અધ્યયનથી એ પ્રતીત થયા સિવાય રહેશે નહિ, કે વેદાંતદેશિક પ્રથમ વિશિષ્ટાદ્વૈતી આચાર્ય છે. અને પછી કવિ જ્યારે વેંકટાધ્વરીમાં દાર્શનિક-આચાર્ય કરતાં કવિરૂપ વધારે ઉપસી આવે છે.

વેદાંત દેશિકે 'પાદુકાસહસ્ર' ઉપરાંત અનેક સ્તોત્રોની રચના કરી છે, એ સ્તોત્રોમાંથી પ્રેરણા પ્રાપ્ત કરી વેંકટાધ્વરીએ 'લક્ષ્મીસહસ્ર'નાં કેટલાક સ્તબકોની રચના કરી છે. એમ કહી શકાય. વેદાંતદેશિકનાં કેટલાક-સ્તોત્રો નોંધપાત્ર છે. વેદાંતદેશિકે 'દશાવતારસ્તોત્ર'માં શ્રીરંગમ્-તીર્થક્ષેત્રના ભગવાન રંગનાથના દશ અવતારોની સ્તુતિ કુલ ૧૩ શ્લોકોમાં કરી છે. આનાથી પ્રેરિત થઈ વેંકટાધ્વરીએ 'લક્ષ્મીસહસ્ર'માં દશાવતારસ્તબક (કુલ-૩૬ શ્લોકો)નું નિર્માણ કર્યુ. વેદાંતદેશિકના 'ભગવદ્ધ્યાનસોપાન' સ્તોત્રમાં રંગનાથ ભગવાનનું પાદાદિકેશાન્ત વર્ણન અને 'દેવનાયકપંચાશત્'માં ભગવાન દેવ-નાયકનું કેશાદિપાદાન્તવર્ણન પ્રાપ્ત થાય છે. એ વર્ણન શૈલીને અનુસરી વેંકટાધ્વરીએ 'લક્ષ્મીસહસ્ર'ના સૌન્દર્યસ્તબકમાં લક્ષ્મીનાં અંગ-ઉપાંગોનું સવિસ્તર (કુલ શ્લોકો-૨૩૫) કેશાદિપાદાન્તવર્ણન-શૈલીમાં નિરૂપણ કર્યું. વળી વેદાંતદેશિકનાં 'અભીતિસ્તવ'. 'સુદર્શનાષ્ટક' તેમજ 'દયાશતક' નામક સ્તોત્રોથી પ્રભાવિત વેંકટાધ્વરીએ લક્ષ્મીસહસ્ર'નાં અનુક્રમે અભીતિસ્તબક, નામવૈભવસ્તબક અને કારુણ્યસ્તબકની રચના કરી હોય, એમ પ્રતીત થાય છે.

વળી સમગ્ર 'લક્ષ્મીસહસ્ર'ની રચનામાં વેદાંત-દેશિકની 'શ્રીસ્તુતિ' પણ પ્રેરક છે. વેદાંતદેશિકે ઉક્ત સ્તોત્રના માત્ર ૨૫ શ્લોકોમાં લક્ષ્મીનો મહિમા વર્ણવ્યો છે, તો વેંકટાધ્વરીએ વિસ્તાર કરી એને સહસ્રશ્લોકી સ્તોત્રનું સ્વરૂપ પ્રદાન કર્યું.

•••

## ઉપસંહાર - વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકારોનું સંસ્કૃત સ્તોત્રસાહિત્યમાં સ્થાન અને પ્રદાન :

આદિ શંકરાચાર્યે 'બ્રહ્મસૂત્ર' ઉપર શારીરક-ભાષ્ય તેમજ પ્રસિદ્ધ ઉપનિષદો ઉપર ભાષ્યો રચીને 'કેવલાદ્વૈત' સિદ્ધાન્ત પ્રવર્તિત-પ્રતિષ્ઠિત કર્યો. કેવલાદ્વૈતને ન માનનાર આચાર્ય રામાનુજે 'બ્રહ્મસૂત્ર' ઉપર શ્રીભાષ્ય રચીને, તેમજ અન્ય વેદાન્તી ગ્રંથો દ્વારા વિશિષ્ટાદ્વૈત પ્રતિષ્ઠિત કર્યો. અગિયારમીથી સત્તરમી સદી દરમિયાન બીજા પણ કેટલાક દાર્શનિક સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા. કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, પુષ્ટિ, ગૌડીય વગેરે સંપ્રદાયોના કવિ-આચાર્યોએ સ્વસંપ્રદાયના સિદ્ધાન્તો પ્રમાણે વિપુલ પ્રમાણમાં સ્તોત્રોનું પણ સર્જન કર્યું. કેવલાદ્વૈત સિવાયના પુષ્ટિ, ગૌડીય જેવા સંપ્રદાયો વૈષ્ણવી છે, જે 'ભાગવત' પુરાણથી સવિશેષ પ્રભાવિત છે. વિશિષ્ટાદ્વૈત વૈષ્ણવ સંપ્રદાય મુખ્યત્વે પાંચરાત્ર જેવા આગમ-ગ્રંથોથી પ્રભાવિત છે.

વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકારોમાં મુખ્ય છે : કુલશેખર, યામુનમુનિ, રામાનુજાચાર્ય, શ્રીવત્સાંકમિશ્ર, પરાશર ભટ્ટ, વેંકટનાથ વેદાંત દેશિક અને કવિ વેંકટાધ્વરી. આમનાં સ્તોત્રોમાં વૈષ્ણવ ધર્મ, વૈષ્ણવી પ્રપત્તિ ભક્તિ અને વિશિષ્ટાદ્વૈતના સિદ્ધાન્તોની કાવ્યાત્મક અભિવ્યક્તિ થઈ છે.

સંસ્કૃત સ્તોત્રસાહિત્યમાં 'ઊર્મિકાવ્યો' કે 'ગીતિકાવ્યો' કહી શકાય તેવી કેટલીક સ્તોત્રકૃતિઓ પ્રાપ્ત થાય છે, તેમાં દાક્ષિણાત્ય આલવાર સંત કુલશેખરના 'મુકુન્દમાલાસ્તોત્ર'ની ગણના કરી શકાય. આ નાનકડી સ્તોત્રકૃતિ વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવી ઊર્મિલ ભક્તિથી પ્રાસાદિક બની છે. એમાં વૈદર્ભી શૈલીમાં સ્તોત્રકાવ્યનાં પ્રમુખ લક્ષણો નિષ્પન્ન થયાં છે.

સંસ્કૃત સ્તોત્ર-સાહિત્યમાં પુષ્પદંતકૃત 'શિવમહિમ્નસ્તોત્ર', કુલશેખરકૃત 'મુકુન્દમાલા', યામુનકૃત 'સ્તોત્રરત્ન', લીલાશુકરચિત 'કૃષ્ણકર્ણામૃત', વલ્લભાચાર્યકૃત 'યમુનાષ્ટક' તેમજ પંડિત જગન્નાથની સ્તોત્રકૃતિઓ ગીતિકાવ્યના ઉત્તમ નમૂના છે.

બીજા વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકાર યામુનમુનિની કૃતિ 'સ્તોત્રરત્ન' પણ ઊર્મિકાવ્યની કક્ષાને પામ્યું છે. એમાં વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્ત અનુસાર વિષ્ણુસ્વરૂપ અને વૈષ્ણવી પ્રપત્તિ-ભક્તિનું મનોહર આલેખન થયું છે.

સંસ્કૃત સ્તોત્ર-સાહિત્યમાં 'લક્ષ્મીસ્તોત્રો'ની પરંપરાને સમૃદ્ધ કરવામાં વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકારોનું પ્રદાન મૂલ્યવાન અને વિશિષ્ટ છે.

ઉત્તરવર્તી વૈષ્ણવ, શાક્ત ઈત્યાદિ વિવિધ સંપ્રદાયો પોતાની ઈષ્ટ દેવીનું આદિરૂપ વેદોમાં નિહાળીને તેનું માહાત્મ્ય બતાવે છે અને સ્વરૂપ-વિકાસ સમજાવે છે. વૈદિક શક્તિનાં જુદાં જુદાં સ્વરૂપોનાં લક્ષણોનું વિકસિત સ્વરૂપ ઋગ્વેદના ઉત્તરકાલીન ખિલભાગના 'શ્રીસૂક્ત'માં પ્રાપ્ત થાય છે. આ સૂક્તમાં શ્રી કે લક્ષ્મી આગોચર, બ્રહ્મસ્વરૂપિણી, સૌંદર્યવતી, કમલવાસિની, કમલમુખી અને ભક્તોની મનોકામના પૂર્ણ કરનારી ઉદાર દેવી રૂપે રજૂ થઈ છે. તે સર્વભૂતેશ્વરી અને માતા છે. વિવિધ વૈષ્ણવ સંપ્રદાયોના, એમાંય ખાસ કરીને, વિશિષ્ટાદ્વૈત સંપ્રદાયના આચાર્યો અને સ્તોત્રકવિઓ માટે આ વૈદિક 'શ્રીસૂક્ત' માત્ર પ્રેરક જ નહિ, પણ લક્ષ્મીના માતૃરૂપ અને

શરણાગતિ (પ્રપત્તિ) જેવા સિદ્ધાન્તોના મૂળ સ્રોત સમું છે. ઉત્તરવર્તી લક્ષ્મીવિષયક સિદ્ધાન્તો સ્પષ્ટ રૂપે આમાં રજૂ થયા હોઈ, આ સૂક્ત ઘણા પાછળના સમયનું હશે, એવું સમજાય છે.

પુરાણોમાં લક્ષ્મીનું વિકસિત સ્વરૂપ મળે છે. લક્ષ્મીની ઉત્પત્તિ સંબંધી કેટલીક કથાઓ પણ એમાં મળે છે. 'વિષ્ણુપુરાણ' લક્ષ્મીને નિત્ય વિષ્ણુ સાથે સંયુક્ત, જગજ્જનની અને વિષ્ણુની જેમ સર્વવ્યાપી બતાવી છે. 'વિષ્ણુપુરાણ'માં 'લક્ષ્મીસ્તુતિ' પણ પ્રાપ્ત થાય છે. એ સ્તુતિ પ્રમાણે લક્ષ્મી સર્વલોકની જનની છે. તે હંમેશ વિષ્ણુ સાથે સંયુક્ત છે. લક્ષ્મી અને હરિ જગતનાં માતા-પિતા છે, વિષ્ણુએ પૃથ્વી ઉપર દશ અવતાર લીધા અને તેમની સાથે લક્ષ્મીએ પણ દશ અવતાર ધારણ કરી વિષ્ણુને સાથ આપ્યો (વિ.પુ. ૧-૯-૧૧૭-૧૪૯; વગેરે). આમ, વિષ્ણુ-પુરાણમાં સ્પષ્ટ રીતે લક્ષ્મી-નારાયણનો યુગલ સંબંધ પ્રસ્થાપિત થયો છે. આને આધારે વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોનાં લક્ષ્મીસ્તોત્રોમાં પણ લક્ષ્મી-વિષ્ણુનો યુગલ સંબંધ સ્થપાયો છે. વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકારોએ પૌરાણિક 'લક્ષ્મીસ્તોત્ર'માંથી વિચાર ગ્રહણ કર્યો અને એ વિચારને પોતાનાં સ્તોત્રોમાં ભવ્ય કાવ્યાત્મક સ્વરૂપ આપ્યું. વિશિષ્ટાદ્વૈતી લક્ષ્મીસ્તોત્રો, જેવાં કે - યામુનમુનિકૃત 'ચતુઃશ્લોકી', રામાનુજના શિષ્ય શ્રીવત્સાંકમિશ્રકૃત 'શ્રીસ્તુતિ', પરાશરભટ્ટરચિત 'શ્રીગુણરત્નકોશ' વેંકટનાથવેદાંતદેશિકકૃત 'શ્રીસ્તુતિ' અને વેંકટાધ્વરિરચિત 'લક્ષ્મીસહસ્ર'માં વિષ્ણુ-લક્ષ્મીના યુગલસ્વરૂપ અને પ્રપત્તિભક્તિનું રસાળ શેલીમાં આલેખન થયું છે. સંસ્કૃત સ્તોત્ર-સાહિત્યમાં રચાયેલાં લક્ષ્મી-સ્તોત્રોમાં વિશિષ્ટાદ્વૈતી 'ગુણરત્નકોશ' અએ 'લક્ષ્મીસહસ્ર' તો દેવી લક્ષ્મી સંબંધી સર્વ પુરાગામી વિચારો અને પરંપરાઓનું દર્શન કરાવનાર ઉત્તમ સાહિત્યિક ગુણવત્તાસંપન્ન સ્તોત્રકૃતિઓ છે.

કાલિદાસના 'શ્યામલાદંડક' (દંડકછંદમાં/ગદ્ય-પદ્યાત્મક)ની પરંપરામાં વિશિષ્ટાદ્વૈતી આચાર્ય રામાનુજ ગદ્યસ્તોત્રોની પરંપરા પ્રવર્તિત કરે છે. આ પૂર્વેનાં ગદ્યસ્તોત્રો પ્રાપ્ત થતાં નથી. આ સંદર્ભમાં રામાનુજને ગદ્યસ્તોત્રના જનક કે પ્રવર્તક કહી શકાય. આવાં સ્તોત્રોમાં બાણભટ્ટની ગદ્યશૈલીની અનુભૂતિ થાય છે. આચાર્ય રામાનુજનાં ત્રણ ગદ્યસ્તોત્ર પ્રસિદ્ધ છે. 'શરણાગતિગદ્ય', 'શ્રીરંગગદ્ય' અને 'શ્રીવૈકુંઠગદ્ય'. આમાંનું 'શરણાગતિગદ્ય' કાલિદાસના 'શ્યામલાદંડક'ની જેમ ગદ્યપદ્યાત્મક છે. રામાનુજ મુખ્યત્વે વિશિષ્ટાદ્વૈતી આચાર્ય છે, નહિ કે કવિ; પરિણામે તેમનાં સ્તોત્રોમાં પર્યાપ્ત કાવ્યત્વ નિષ્પન્ન થઈ શક્યું નથી.

અનિશ્ચિત સમયના દાક્ષિણાત્ય-દ્રવિડદેશીય મૂકકવિએ કામાક્ષી દેવીની સ્તુતિમાં ૫૦૦ શ્લોકોમાં 'પંચશતી' રચ્યું છે. દેવીના સૌંદર્યવર્ણનમાં શૃંગારિક ભાવનાઓનો એમાં સ્પષ્ટ રીતે સમાવેશ થયો છે. શૃંગારરસના નિરૂપણમાં રતિના આલંબનસ્વરૂપ નાયિકાના અંગ-પ્રત્યંગના સૌંદર્ય-વર્ણનનો પ્રભાવ સ્તોત્રસાહિત્ય ઉપર પણ પડ્યો, એની પ્રતીતિ પ્રસ્તુત સ્તોત્ર કરાવે છે. આ પરંપરામાં રામાનુજના શિષ્ય શ્રીવત્સાંકમિશ્રે 'પંચસ્તવી' રચી છે; એમાં પણ પાંચ શતકો સહિત કુલ ૫૦૦ જેટલાં પદોનો સંગ્રહ છે. મૂક કવિએ અંગ-ઉપાંગોનું જેવું સૌંદર્ય-વર્ણન કર્યું છે, તેવું સૌંદર્ય-વર્ણન 'પંચસ્તવી'માં પણ અનેકત્ર થયું છે. મૂક અને શ્રીવત્સાંકમિશ્ર બન્ને દાક્ષિણાત્ય કવિઓ છે. બંને સ્તોત્રકૃતિઓ ઉપર બાણભટ્ટના 'ચંડીશતક'નો પ્રભાવ પણ જોઈ શકાય. બાણની કૃતિમાં પણ શૃંગારનું ઉન્મુક્ત વર્ણન મળે છે.

બાણનું 'ચંડીશતક' પૌરાણિક પંચક-અષ્ટકાદિ સ્તોત્રોની લઘુતા ત્યાગીને શતકનું સ્વરૂપ ધારણ કરે છે. શતક-સ્તોત્ર-પરંપરાનો આરંભ બાણભટ્ટથી થાય છે, એમ કહી શકાય. બાણકૃત 'ચંડીશતક', મયૂરકૃત 'સૂર્યશતક', મૂકકવિનાં પાંચ શતકો (પંચશતી), આનંદવર્ધનરચિત 'દેવીશતક', કવિ સોમેશ્વરરચિત 'રામશતક' વગેરે શતક-સ્તોત્રોની પરંપરાને સમૃદ્ધ કરવામાં વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રકારોનું પ્રદાન પણ નોંધપાત્ર છે. વિશિષ્ટાદ્વૈતી શતક-સ્તોત્રોમાં શ્રીવત્સાંકમિશ્રકૃત 'શ્રીરંગરાજસ્તવ' (પૂર્વશતક અને ઉત્તરશતક) અને વેંકટનાથ વેદાંતદેશિકકૃત 'દયાશતક'નો સમાવેશ થાય છે.

વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોની પરંપરામાં, વેંકટનાથ વેદાંતદેશિક (ઈ.૧૨૬૮-૧૩૨૭) વૈષ્ણવી પ્રપત્તિ-ભક્તિથી સભર ત્રીસેક જેટલાં સ્તોત્રોની રચના કરીને આચાર્ય અને ભક્ત-કવિ તરીકે મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કરે છે. પૂર્વવર્તી વૈષ્ણવ આચાર્યો અને કવિઓના વિચારોની કાવ્યાત્મક અભિવ્યક્તિથી સંપન્ન એમનાં સ્તોત્રોમાં વિશિષ્ટાદ્વૈતી સિદ્ધાન્તનું પ્રતિપાદન, પ્રપત્તિ (શરણાગતિ) ભક્તિ અને કાવ્ય-સૌંદર્યનો સંગમ થયો છે. વેંકટનાથ વેદાંતદેશિક અષ્ટક, દશક, વિંશતિ, પંચાશત્, શતક, સહસ્ર ઈત્યાદિ વિવિધ સ્તોત્રપરંપરાઓને વિકસિત કરે છે. એમનું 'પાદુકાસહસ્ર' (શ્લોક સંખ્યા ૧૦૦૮) એમનાં સર્વ સ્તોત્રોમાં શિરોમણિસ્વરૂપ છે. નાગાર્જુનના 'ચતુઃશતક' અને મૂકકવિની 'પંચશતી' જેવાં સ્તોત્રોમાંથી પ્રેરણા મળવી, એ કૃતિઓ કરતાં પણ બૃહત્તર સહસ્રસ્તોત્ર (સહસ્રશ્લોકી)ની પરંપરાનો સૂત્રપાત સંભવતઃ વેદાંતદેશિકે કર્યો હોય, એવું જણાય છે.

'લક્ષ્મીસહસ્રસ્તોત્ર' ઉપરાંત કાવ્ય અને શાસ્ત્રવિષયક અનેક કૃતિઓના કર્તા વિશિષ્ટાદ્વૈતી કવિ વેંકટાધ્વરી દક્ષિણ ભારતના કવિ-પંડિતોમાં અગ્રિમ પંક્તિમાં વિરાજમાન થવાની ક્ષમતા ધરાવે છે.

વેંકટાધ્વરિવિરચિત 'લક્ષ્મીસહસ્ર', સ્તોત્ર જેવા લઘુ કાવ્યની મર્યાદાને વટાવી જાય છે.વૈદિક-પૌરાણિક લઘુ સ્તોત્ર શિષ્ટ સંસ્કૃતકાળના પ્રવાહમાં ક્રમશઃ વિસ્તૃત થતું ગયું અને તેણે આખરે બૃહત્તમ સહસ્રશ્લોકી સ્તોત્રનું સ્વરૂપ ધારણ કર્યું, એનું દર્શન 'લક્ષ્મીસહસ્ર' કરાવે છે. આ સંદર્ભમાં, 'લક્ષ્મીસહસ્ર'ને કેન્દ્રમાં રાખી વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોના પ્રદાનની મૂલવણી કરી શકાય.

સંસ્કૃત સ્તોત્ર-સાહિત્યની સુદીર્ઘ પરંપરામાં સહસ્રશ્લોકી સ્તોત્રો ગણ્યાંગાંઠ્યાં છે. વેંકટનાથ વેદાંતદેશિક (તેરમી-ચૌદમી સદી) કૃત 'પાદુકાસહસ્ર', જગદ્ધરભટ્ટ (ચૌદમી સદી) કૃત 'સ્તુતિકુસુમાંજલિ', નારાયણ ભટ્ટ (સૌળમી-સત્તરમી સદી) કૃત 'નારાયણીય', અને વેંકટાધ્વરી (સોળમી સદીનો ઉત્તરાર્ધ અને સત્તરમી સદીનો પૂર્વાર્ધ) કૃત 'લક્ષ્મીસહસ્ર' આટલાં ગુણવત્તાસંપન્ન સહસ્રશ્લોકી સ્તોત્રો પ્રકાશમાં આવ્યાં છે. 'નારાયણીય' (કુલ શ્લોક ૧૦૩૬) ભાગવતના આધારે રચાયું છે. ભાગવતમાં નિરૂપિત કૃષ્ણચરિત સ્તોત્રનો વિષય છે. પરિણામે એમાં કૃષ્ણના જીવન સાથે સંબદ્ધ અનેક ઘટનાઓ સ્તુત્યાત્મક શૈલીમાં રજૂ થઈ છે. ભાગવતાર્થાનુસારી સ્તોત્રનું સર્જન કરવું એ કવિનો ઉદ્દેશ છે. લગભગ સંપૂર્ણ સ્તોત્ર પ્રબંધાત્મક છે. તેથી સ્તોત્રનાં સર્વ લક્ષણો એમાં પરિપૂર્ણતાને પામ્યાં નથી. વાસ્તવમાં આ કૃતિમાં ભાગવતકથાનક સ્તુત્યાત્મકતાના સ્પર્શ સાથે રજૂ થયું હોઈ આનું સ્તોત્રમૂલ્ય અલ્પ અને કાવ્યમૂલ્ય સવિશેષ છે. જગદ્ધરની 'સ્તુતિકુસુમાંજલિ' (કુલ શ્લોક-૧૪૨૫)માં

તો શિવને ઉદ્દેશી રચાયેલાં ૩૮ સ્તોત્રોનો માત્ર સંગ્રહ છે. તેથી આને વાસ્તવિક અર્થમાં સહસ્રશ્લોકી સ્તોત્ર કહી શકાય નહિ. 'લક્ષ્મીસહસ્ર' (કુલ શ્લોક : ૧૦૧૬)માં વેંકટનાથ વેદાંતદેશિકના 'પાદુકાસહસ્ર' (કુલ શ્લોકઃ ૧૦૦૮)નું અનુકરણ હોવા છતાં, એમાં મૌલિકતાની માત્રા વિશેષ છે. 'પાદુકાસહસ્ર'માં સ્તોત્રકાવ્યનાં સર્વ લક્ષણો તેમ જ પરંપરાઓનું દર્શન થતું નથી. પરંતુ વેંકટાધ્વરીએ એનો ખ્યાલ રાખીને તદનુરૂપ સ્તબકોની રચના કરી સ્તોત્રને સર્વાંગસંપૂર્ણ બનાવવા પ્રયાસ કર્યો છે. 'પાદુકાસહસ્ર' કરતાં 'લક્ષ્મીસહસ્ર'માં કવિત્વ અને કાવ્યસૌંદર્યનું પ્રમાણ અધિક છે. બંને કૃતિઓના તુલનાત્મક અભ્યાસથી સ્પષ્ટ થાય છે કે વેદાંતદેશિક પ્રથમ વિશિષ્ટાદ્વૈતી આચાર્ય છે અને પછી કવિ; જ્યારે વેંકટાધ્વરી મુખ્યત્વે કવિ છે; તેથી કવિતાની દૃષ્ટિએ વેદાંતદેશિક કરતાં વેંકટાધ્વરીનું વિશેષ મૂલ્ય છે.

આ સંદર્ભમાં કહી શકાય કે સહસ્રશ્લોકી સ્તોત્રોમાં 'લક્ષ્મીસહસ્ર' શિરોમણિસ્વરૂપ છે. સહસ્રશ્લોકી સ્તોત્રકાવ્યનું ઉત્તમ દૃષ્ટાન્ત તે 'લક્ષ્મીસહસ્ર' એમ નિઃસંદેહ કહી શકાય. 'પાદુકાસહસ્ર' અને 'લક્ષ્મીસહસ્ર'ની પરંપરાના અનુસરણમાં પાછળથી અર્વાચીન સમયમાં કવયિત્રી ત્રિવેણી (ઈ.સ. ૧૮૧૭-૧૮૮૩)એ 'લક્ષ્મીસહસ્ર' અને 'રંગનાથસહસ્ર' તેમ જ વશિષ્ઠગણપતિમુનિ (રચનાકાળ ઈ.સ. ૧૯૦૭)એ 'ઉમાસહસ્ર'ની રચના કરી છે. આમ, ઉત્તરવર્તી સ્તોત્રો ઉપર વેંકટાધ્વરીનો પ્રભાવ વર્તાય છે.

'લક્ષ્મીસહસ્ર'ને સંસ્કૃત સ્તોત્રકાવ્યના વિકાસની ચરમ સીમાસ્વરૂપ ગણી શકાય. વેંકટાધ્વરી કાવ્યસાહિત્યમાં અને તેમાંય સવિશેષ, સ્તોત્રસાહિત્યના ઈતિહાસમાં અસ્તિત્વમાં આવેલ ગતિવિધિઓ અને પ્રયોગોનો સ્તોત્રમાં સંનિવેશ કરી તેમને પરિષ્કૃત-પરિવર્દ્ધિત કરે છે, સ્તોત્રના ઘણાખરા પ્રકારો કે પરંપરાઓનું સ્વરૂપ 'લક્ષ્મીસહસ્ર'માં દેખાય છે. સ્તોત્રને વાસ્તવિક અર્થમાં 'સ્તોત્રકાવ્ય'ની કોટિમાં પહોંચાડવાનો પ્રશસ્ય પ્રયાસ વેંકટાધ્વરીએ પોતાના આ સ્તોત્ર દ્વારા કર્યો છે, એમ નિઃસંદેહ કહી શકાય.

સ્તોત્રકૃતિમાં આરંભે સામાન્યતઃ એકાધિક શ્લોકોમાં મંગળાચરણ અને કવિવિનયનું પ્રકાશન થયું હોય છે. વેંકટાધ્વરીએ આ ઉદ્દેશ માટે તો 'લક્ષ્મીસહસ્ર'માં આખું પ્રારંભસ્તબક રચીને આ સ્તોત્રલક્ષણનું પૂર્ણસ્વરૂપ પ્રગટ કર્યું છે. વેદાંતદેશિકે પણ 'પાદુકાસહસ્ર'માં આ જ પદ્ધતિએ પ્રસ્તાવના પદ્ધતિ રચી છે.

નખશિખવર્ણનસંપન્ન સ્તોત્રોમાં 'લક્ષ્મીસહસ્ર' વિશિષ્ટ છે. વેંકટાધ્વરીએ એવાં સર્વ સ્તોત્રો કરતાં સૌંદર્યસ્તબકમાં બૃહત્તમ કેશાદિપાદાન્તવર્ણન (કુલ શ્લોક : ૨૩૫) આપીને આ પરંપરાની પરાકાષ્ઠા સર્જી છે એ કવિની વિશેષતા છે. 'લક્ષ્મીસહસ્ર'નું સૌંદર્યસ્તબક કવિના કાવ્યસૌંદર્યનો ઉત્તમ નમૂનો છે. આનાથી કૃતિમાં સ્તોત્રમૂલ્ય અને કાવ્યમૂલ્ય ઉભયની રક્ષા થઈ છે.

વિશિષ્ટાદ્વૈતી લક્ષ્મીસ્તોત્રોમાં લક્ષ્મીના રૂપસૌંદર્ય તેમ જ શૃંગારનિરૂપણમાં કામશાસ્ત્ર, ગાથાસપ્તશતી, ગૌડીય રસ સંપ્રદાય તેમ જ અન્ય શૃંગારી ગીતિકાવ્યોનો પ્રભાવ હોવા છતાં, એમાં મંગળતા, પવિત્રતાની અનુભૂતિ કરાવવામાં કવિની પાવન કલ્પનાશક્તિ દર્શનીય બની છે. પરિણય કાવ્યો, ચંપૂકાવ્યો તેમ જ મહાકાવ્યોના શૃંગાર-વર્ણનોનો એકત્ર આસ્વાદ કરાવવાની ક્ષમતા 'લક્ષ્મીસહસ્ર'નાં સૌંદર્યસ્તબક અને શૃંગારસ્તબક ધરાવે છે.

ભિન્ન શબ્દોમાં કહીએ તો શૃંગારગર્ભકાવ્ય અને સ્તોત્રકાવ્યના સમન્વયાત્મક આનંદની ઉપલબ્ધિ આ સ્તબકો દ્વારા થાય છે. વેદાંતદેશિકના 'પાદુકાસહસ્ર'ની પદ્ધતિઓમાં પણ સૌંદર્યશૃંગારવર્ણનની પ્રચુરતા દષ્ટિગત થાય છે.

કવિ વેંકટાધ્વરીની સૌંદર્યભાવના એક આદર્શ વૈષ્ણવ ભક્તની ભાવના છે. શૃંગારસ્તબક અને સૌંદર્યસ્તબકની રચનાનો હેતુ પણ લક્ષ્મી-વિષ્ણુનું પ્રસન્ન દાંપત્ય બતાવવાનો હોઈ, એમાં સૌંદર્યના ઊર્ધ્વીકરણ રૂપે લક્ષ્મીના પ્રેમ અને સૌંદર્યનું પ્રકાશન થયું છે. શૃંગાર આલેખન દ્વારા આખરે તો વૈરાગ્યસંપન્ન ભક્તિભાવની અનુભૂતિ કરાવવી તે કવિનું લક્ષ્ય છે. વાસનાનું ઉદાત્તીકરણ કરી ભાવકમાં દૈવી પ્રેમની નિષ્પત્તિ કરવાનું પાવન કાર્ય 'લક્ષ્મીસહસ્ર' દ્વારા સિદ્ધ થાય છે. ભક્તિ અને દૈવીપ્રેમ આ કાવ્યના સર્જનમાં મુખ્ય પ્રેરક બળ છે. રૂપ-સૌંદર્યનું નિરૂપણ કરતાં અન્ય વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રો વિષે પણ આવો અભિપ્રાય આપી શકાય.

સ્વરૂપસૌંદર્યના નિરૂપણમાં પરંપરાપ્રાપ્ત ઉપમાન પ્રતીકોને નવા સ્વરૂપે વિવિધ રીતે પ્રયોજી એમાંથી નવીન ચમત્કારપૂર્ણ અર્થની નિષ્પત્તિમાં કવિનું કૌશલ પ્રગટે છે. કવિકલ્પનાનો સ્પર્શ થતાં ઉપમાન પોતાની અર્થ-છાયા વિસ્તારે છે, એનું નિર્દશન 'પાદુકાસહસ્ર' અને 'લક્ષ્મીસહસ્ર' છે. મૌલિક ઉપમાનોના સંયોજનમાં વેદાંતદેશિકની અને કવિ વેંકટાધ્વરીની નવનમોન્મેષશાલિની પ્રતિભાનું દર્શન થાય છે.

સંસ્કૃત સ્તોત્રકાવ્યની યમક-ચિત્ર-અલંકાર-પરંપરાને 'લક્ષ્મીસહસ્ર'નાં યમકસ્તબક અને ચિત્રસ્તબક અનુસરે છે. ભારવિ, આનંદવર્ધન, માઘ, અવતાર, વેદાંતદેશિક ઈત્યાદિ કવિઓએ ચિત્રબંધોની રચના કરી છે. ખાસ કરીને વિશિષ્ટાદ્વૈતી વેદાંતદેશિકને અનુસરી વેંકટાધ્વરી ચિત્રસ્તબકનું નિર્માણ કરે છે. વેદાંતદેશિકે જે ક્રમથી ચિત્રકાવ્યના પ્રકારોનાં ઉદાહરણ આપ્યાં છે, તે ક્રમ લગભગ વેંકટાધ્વરીએ પણ સ્વીકાર્યો છે. આમ છતાં વેંકટાધ્વરી ક્યાંય વેદાંતદેશિકનું શાબ્દિક અનુકરણ કરતા નથી, એ કવિની મૌલિકતા છે. વેંકટાધ્વરીએ પૂર્વવર્તી કવિઓના અલંકારજન્ય કાવ્યસૌંદર્યને આ એક જ સ્તોત્રકાવ્યમાં નિષ્પન્ન કરવાનો મનોયોગપૂર્વક પ્રયાસ કર્યો છે. વેંકટાધ્વરી શ્લિષ્ટ પદરચનાના તો આચાર્ય છે.

વેંકટાધ્વરીના 'લક્ષ્મીસહસ્ર'ના અલંકાર નિરૂપણમાં શ્લેષનો પ્રયોગ અધિક થયો છે. સ્તોત્રેતર સાહિત્યમાં ઉપલબ્ધ યમકના અસંખ્ય પ્રકારો ભાગ્યે જ કોઈ સ્તોત્રમાં હશે. એ દષ્ટિએ 'લક્ષ્મીસહસ્ર' વિશિષ્ટ છે. વેંકટાધ્વરી તો શ્લેષ-યમક-ચક્રવર્તી છે. 'यमके वेङ्कटाध्वरी' કહીએ, તો એમાં અત્યુક્તિ નથી. 'લક્ષ્મીસહસ્ર'માં શ્લેષનું પ્રાચુર્ય હોવા છતાં ક્લિષ્ટતાની અનુભૂતિ અલ્પ માત્રમાં થાય છે, એ કવિની શ્લેષરચનાની કુશળતા છે. કાવ્યમાં કલાત્મકતાની સાથે સાથે માર્મિક સ્થળોના ભાવસૌંદર્યની અભિવ્યક્તિમાં પણ તેમની અલંકારયોજના અનુરૂપ બની શકી છે. કાવ્યમાં એકંદરે સર્વત્ર ભાવ અને અભિવ્યક્તિ બંનેની સપ્રમાણતા જળવાઈ છે. જો કે સાંસારિક ક્ષેત્રમાંથી કવિએ ગ્રહણ કરેલ ઉપમાનપ્રતીકોમાં અને ક્વચિત્ ક્લિષ્ટ કલ્પનામાં કાવ્યસુષમાની અનુભૂતિ થતી નથી. શ્લેષના ભારથી પણ ક્યાંક કવિતા નિસ્તેજ બને છે, મનોહારિતા જન્મવાતી નથી. ઈસુની સોળમી-સત્તરમી સદી દરમ્યાનના ભારતીય સાહિત્યમાં રાજદરબારોના વિલાસી વાતાવરણથી શૃંગાર અને રાજવીઓ તેમ જ સહૃદયોની ચમત્કારપ્રિયતાને કારણે શાબ્દી ક્રીડાઓનું સવિશેષ દર્શન થાય છે. આ સદીની 'લક્ષ્મીસહસ્ર' કૃતિ પણ તેનું દષ્ટાંત છે.

૮૦ જેટલા અર્થાલંકારો અને ૪૭ જેટલા છંદોનો પ્રયોગ કરીને વેંકટાધ્વરીએ અલંકાર-છંદ-નૈપુણ્ય બતાવ્યું છે. કવિના પ્રિય છંદ વસંતતિલકા અને શાર્દૂલવિક્રીડિત છે. આવા કોમળ છંદોના અધિક પ્રયોગથી ‘લક્ષ્મીસહસ્ર’માં ભક્તિભાવ અને સૌંદર્યશૃંગારની હૃદ્યતા અનુભવાય છે.

સંસ્કૃત સ્તોત્રસાહિત્યનાં નામાવલિસ્તોત્રોમાં ઈષ્ટ દેવતાનું માત્ર નામ-પરિગણન હોઈ તે મહદંશે શુષ્ક અને કવિત્વશૂન્ય બને છે. આનાથી વિરુદ્ધ ‘લક્ષ્મીસહસ્ર’નું નામવૈભવસ્તબક નામ-સ્તોત્રનો સર્વોત્તમ આદર્શ રજૂ કરે છે. આરંભિક નામાવલિસ્તોત્રનું સુવિકસિત સાહિત્યિક સ્વરૂપ તે ‘લક્ષ્મીસહસ્ર’નું નામવૈભવસ્તબક, એમ નિઃશંક કહી શકાય. સહસ્રનામસ્તોત્રોની પરંપરા પણ ‘લક્ષ્મીસહસ્ર’માં અંતર્નિહિત છે, કેમકે વેંકટાધ્વરીએ પ્રત્યેક શ્લોકમાં લક્ષ્મીનાં જુદાં જુદાં નામ મૂકી એ પરંપરાને જાળવવાનો પણ નવો પ્રયોગ કર્યો છે.

સામાન્યતઃ સ્તોત્રમાં દેવતાના ગુણવૈભવનું પ્રકાશન કેટલાક શ્લોકો દ્વારા થયું હોય છે. ‘લક્ષ્મીસહસ્ર’માં તો એક એક ગુણના આલેખન માટે એક એક સ્તબકની રચના કરીને કવિએ લક્ષ્મીના ગુણવૈભવનું ભવ્ય મહિમાગાન કર્યું છે. કારુણ્યસ્તબક, ક્ષાન્તિસ્તબક, ઔદાર્યસ્તબક અને અભીતિસ્તબક તેનાં ઉદાહરણો છે. સ્તુત્ય દેવતાના ગુણ અનુસાર સ્તબક-વિભાજન કરવાની પ્રેરણા વેંકટાધ્વરીએ માતૃચેટના ‘અધ્યર્ધશતક’ વેદાંતદેશિકના ‘પાદુકાસહસ્ર’ વગેરેમાંથી ગ્રહણ કરી છે. જેમકે ‘અધ્યર્ધશતક’માં રૂપસ્તવ, કરુણાસ્તવ ઈત્યાદિ નામે તો ‘લક્ષ્મીસહસ્ર’માં સૌંદર્યસ્તબક, કારુણ્યસ્તબક ઈત્યાદિ સમાન નામે વિભાજન થયું છે.

‘લક્ષ્મીસહસ્ર’માં ઐશ્વર્યસ્તબકની રચના દ્વારા કવિએ મહિમન્ સ્તોત્રોની પરંપરાનું નિર્વહણ કર્યું છે. એટલું જ નહિ, એ સ્તબક દ્વારા વિશિષ્ટાદ્વૈતવાદાનુસારનું લક્ષ્મીસ્વરૂપ પ્રતિપાદિત કરીને સાંપ્રદાયિક સ્તોત્રોની વિશેષતાઓ પણ સૂચવી દીધી છે.‘લક્ષ્મીસહસ્ર’ના ઉત્સવસ્તબકમાં મહાકાવ્યોના વર્ણનસૌંદર્યની અનુભૂતિ થાય છે. સ્તોત્રકાવ્યમાં ઉત્સવવર્ણન વિશિષ્ટ છે. અર્ચાસ્તોત્ર તેમજ અર્ચાપૂજાનાં લક્ષણો, વિધિઓ ઈત્યાદિનું પણ આમાં દર્શન થાય છે. અપરાધક્ષમાપનસ્તોત્રોની પરંપરા ‘લક્ષ્મીસહસ્ર’ના ક્ષાન્તિસ્તબકમાં કાવ્યાત્મકતામાં પરિણમે છે. સ્તોત્રમાં આરાધ્યનાં નિવાસસ્થાન કે કાર્યભૂમિનું વર્ણન રહે છે. આ ઉદ્દેશ માટે વેંકટાધ્વરી આખું સદ્મસ્થાનવૈભવસ્તબક રચે છે.

સામાન્યતઃ દરેક સ્તોત્રમાં સ્તુત્ય દેવતાના જીવનવૃત્તના સંકેતો ઉપલબ્ધ થાય છે. ‘લક્ષ્મીસહસ્ર’માં લક્ષ્મી-વિષ્ણુનું જીવન-વૃત્ત મુખ્યત્વે પ્રાદુર્ભાવ, વક્ષઃસ્થલાવસ્થાન, પ્રયત્ન અને દર્શાવતાર ઈત્યાદિ સ્તબકો દ્વારા સ્તુત્યાત્મક શૈલીમાં નિરૂપિત થયું છે. પ્રત્યેક સ્તુતિ-પદમાં કવિએ યુક્તિપૂર્વક નક્ષત્રનું નામ ગૂંથી નક્ષત્રમાલાસ્તબકની રચના કરી છે. ૨૭ નક્ષત્ર-નામોથી ગ્રથિત કુલ ૨૭ શ્લોકોની ‘નક્ષત્રમાલા’ એક વિશિષ્ટ સ્તોત્રપ્રકાર બને છે. અન્ય દેવતાનો નિષેધ કરી આરાધ્યની ઉત્કૃષ્ટતાનું પ્રતિપાદન કરવું એ સ્તોત્રનું એક સામાન્ય લક્ષણ છે. મીમાંસક વેંકટાધ્વરી મીમાંસાની પરિસંખ્યાવિધિ અનુસાર પરિસંખ્યાસ્તબક રચીને એ કાર્ય સિદ્ધ કરે છે. દશાવતાર સ્તોત્રોની પરંપરાનું અનુસરણ દશાવતારસ્તબકમાં પરિલક્ષિત થાય છે. સંકીર્ણસ્તબક તો વેંકટાધ્વરીની બહુમુખી પ્રતિભા કે શાસ્ત્ર-પંડિતાઈનો પુરાવો છે. વેંકટાધ્વરી કવિ, નાટ્યકાર, તાર્કિક, વૈયાકરણી અને મીમાંસક છે તેની પ્રતીતિ આ સ્તબક કરાવે છે. સ્તોત્રોમાં ઉપસંહારાત્મક શ્લોક કે શ્લોકોમાં સ્તોત્રપાઠનું ફળ બતાવવાની પરિપાટી છે. વેંકટાધ્વરીએ

આ ઉદ્દેશોની સિદ્ધિ માટે એક સંપૂર્ણ ફલસ્તબકની રચના કરી છે. વેદાંતદેશિકે પણ આવા હેતુથી અંતિમ 'ફલ-પદ્ધતિ' રચી છે.

વિશિષ્ટાદ્વૈતી સ્તોત્રોમાં કવિતા, ભક્તિ અને દાર્શનિકતાની ત્રિવિધ ધારાઓનો એકંદરે સુભગ સંગમ સધાયો છે. યામુન, રામાનુજાદિ આચાર્યો અને એમના અનુયાયી કવિઓમાં આલવાર સંતોની પરમાત્મા પ્રતિ પ્રેમમૂલક-પ્રપત્તિપ્રધાન દૃઢ ભક્તિ અને નિષ્ઠાનું રૂપ અવતીર્ણ થયું છે, જેનું ઉદાહરણ વેંકટાધ્વરીનું 'લક્ષ્મીસહસ્ર' છે. શ્રી અને વિષ્ણુની પ્રપત્તિભક્તિ સંબંધી વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ વિચારસરણીને કવિ આ કૃતિમાં કાવ્યસૌંદર્યથી સજાવે છે. સાંપ્રદાયિક પ્રપત્તિપ્રધાન-ભક્તિ કેન્દ્રમાં હોવા છતાં સાંપ્રદાયિકતારહિત પરમા ભક્તિનું પરિપૂર્ણ સ્વરૂપ પ્રગટ કરતી 'લક્ષ્મીસહસ્ર' કૃતિ ભક્તિકાવ્યોમાં સન્માનનીય સ્થાન માટે અધિકારી છે. ભક્તિનાં વિવિધ અંગો તેમ જ ભક્તિના પ્રકારોનું એક સાથે દર્શન આ કૃતિ કરાવે છે. કાવ્યશાસ્ત્રના શાંતરસ કે ભક્તિરસની સાંગોપાંગ અભિવ્યક્તિ આમાં થઈ છે.

પરમાત્મા વિષ્ણુની શક્તિ શ્રી (લક્ષ્મી)નો વિચાર અતિ પ્રાચીન કાળથી ઉદ્ભવ્યો છે. વૈદિક ગ્રંથો, ઈતિહાસ-પુરાણ, વૈષ્ણવ આગમો ઈત્યાદિ પ્રાચીન સાહિત્ય તેમ જ ઉત્તરકાલીન વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સાહિત્યમાં નિરૂપિત શક્તિ-વિચારને એક જ કૃતિમાં સંયોજિત કરવાના આશયથી 'લક્ષ્મીસહસ્ર'ની રચના થઈ છે. રામાનુજ સંપ્રદાયના કવિની આ કૃતિમાં યામુન, રામાનુજ, વેદાંતદેશિક ઈત્યાદિ આચાર્યો દ્વારા પ્રતિપાદિત વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્ત તેમ જ લક્ષ્મીસ્વરૂપની કાવ્યાત્મક અભિવ્યક્તિ થઈ છે. કવિએ વિષ્ણુ-લક્ષ્મીના યુગલ-વ્યાપાર તેમ જ તેમના ઐશ્વર્ય સંબંધી વિભિન્ન મતોનો નિષ્કર્ષ સફળતાપૂર્વક તારવીને એની હૃદયગંમ અભિવ્યક્તિ કરી છે. તેથી 'લક્ષ્મીસહસ્ર' લક્ષ્મીવિષયક સર્વ વિચારોની કલાત્મક મંજૂષા બની રહે છે.

બીજા કવિઓના પરિપ્રેક્ષ્યમાં પણ વેંકટાધ્વરીની કાવ્ય-કલા નોંધપાત્ર છે. કવિ કાલિદાસના કથયિતવ્યમાં લાઘવનો ગુણ છે, તો વેંકટાધ્વરીમાં વિસ્તારનો. કાલિદાસની ભાષામાં નૈસર્ગિકતા અને સારલ્ય છે, જ્યારે વેંકટાધ્વરી શ્લેષપ્રિય હોઈ એમની કવિતામાં કાલિદાસીય હૃદયહારિતા નિષ્પન્ન થતી નથી. સૌંદર્યચિત્રણમાં કાલિદાસનો પ્રભાવ વેંકટાધ્વરી પર સ્પષ્ટ રીતે વર્તાય છે. તેમ છતાં કાલિદાસાદિ કવિઓ દ્વારા પ્રયુક્ત ઉપમાનોને વેંકટાધ્વરી કલ્પનારંગથી નવા પરિવેશમાં સજાવે છે - વિસ્તારે છે અને પુરોગામીઓના વિચારભાવને જાણે અપૂર્ણ માની તેને પૂર્ણતાએ પહોંચાડે છે. કવિની આ ખાસિયત મૌલિકતાની પરિચાયક છે.

મૂક કવિની સ્તોત્રકૃચિ 'પંચશતી'ના કટાક્ષશતક જેવું કટાક્ષસ્તબક 'લક્ષ્મીસહસ્ર'માં પ્રાપ્ત થાય છે. મુક કવિનું સ્તોત્ર ૫૦૦ શ્લોકોવાળું બૃહદ્રૂપ ધારણ કરે છે, તો વેંકટાધ્વરીનું સ્તોત્ર સહસ્રશ્લોકનું બૃહત્તર રૂપ પ્રગટ કરે છે.

આદિ શંકરાચાર્ય લઘુ સ્તોત્રોના સર્જક છે, જ્યારે વેંકટાધ્વરી 'લક્ષ્મીસહસ્ર' જેવા બૃહત્સ્તોત્રના. શંકરાચાર્યે સ્તોત્રના અનેક પ્રકારોનું દર્શન કરાવતી નાનકડી કૃતિઓનું સર્જન કર્યું, તો વેંકટાધ્વરી એવા પ્રકારોનો એક સાથે સમાવેશ એક જ સ્તોત્ર 'લક્ષ્મીસહસ્ર'માં પ્રકારાન્તરે કરે છે. શંકરાચાર્યનાં સ્તોત્રોમાં ભક્તિના સ્પર્શ સાથે અદ્વૈત

સિદ્ધાંત મનોહર રીતે પરિસ્ફુટ થાય છે, તો વેંકટાધ્વરીના સ્તોત્રમાં વિશિષ્ટાદ્વૈતના સ્પર્શ સાથે ભક્તિરૂપ પલ્લવિત થયું છે. શંકરાચાર્યની જેમ વેદાંતદેશિકે પણ વિવિધ પ્રકારનાં ઘણાં સ્તોત્રો રચ્યાં છે.

કવિ શ્રીહર્ષ અને વેંકટાધ્વરીનાં ઉપમાન-પ્રતીકો અને કલ્પનાઓમાં કેટલુંક સામ્ય છે. વૈંકટાધ્વરી શ્રી હર્ષે પ્રયોજેલ કેટલાંક ઉપમાનો ગ્રાહ્ય રાખે છે, પરંતુ સામાન્યતઃ તે પ્રસિદ્ધ ઉપમાનોને નવા સ્વરૂપે ભિન્ન રીતે પ્રયોજે છે. શ્રી હર્ષ અને વેંકટાધ્વરી બંને શાસ્ત્રપંડિત છે. તેથી વ્યાકરણાદિ શાસ્ત્રોના પાંડિત્ય-પ્રદર્શનની તેમની ચેષ્ટાઓ અનેક પદોમાં પરિલક્ષિત થાય છે. રૂપસૌંદર્યવર્ણનમાં કેટલીક શ્લેષમયી તેમ જ વ્યુત્પત્તિજન્ય શાબ્દી ક્રીડાઓની બાબતમાં વેંકટાધ્વરી સ્પષ્ટ રીતે શ્રીહર્ષને અનુસરે છે.

'લક્ષ્મીસહસ્ર' વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ સ્તોત્રોની પરંપરામાં શિરમોર છે. વેંકટાધ્વરીના વિષ્ણુ-લક્ષ્મી વિષયક વિચારોનો સ્રોત યામુનકૃત 'ચતુઃશ્લોકી', રામાનુજકૃત 'શરણાગતિગદ્ય', શ્રીવત્સાંક મિશ્રકૃત 'શ્રીસ્તુતિ', પરાશર ભટ્ટ રચિત 'શ્રીગુણરત્નકોષ', વેંકટનાથ વેદાંતદેશિક રચિત 'શ્રીસ્તુતિ' ઈત્યાદિ લક્ષ્મી-સ્તોત્રોમાં પ્રાપ્ત થાય છે. પરંતુ વેંકટાધ્વરીની એ વિશેષતા છે કે તેઓ પૂર્વવર્તી લઘુ સ્તોત્રો કરતાં લક્ષ્મીનું સૌથી મોટું સહસ્રશ્લોકી સ્તોત્ર રચે છે. તેથી જ 'લક્ષ્મીસહસ્ર' તો દેવી લક્ષ્મીવિષયક સર્વ વિચારોના સાહિત્યિક કોષ જેવું બની રહે છે.

પંડિતરાજ જગન્નાથ અને કવિ વેંકટાધ્વરી અનેક બાબતોમાં સામ્ય ધરાવે છે. બંને બ્રાહ્મણ કવિઓ દાક્ષિણાત્ય અને સમકાલીન છે. બંનેનો સમય લગભગ ઈ.સ. ૧૫૯૦ થી ૧૬૬૦ છે. જગન્નાથ આંધ્ર પ્રદેશના છે, તો વેંકટાધ્વરી આંધ્ર સમીપના તામિલનાડુના. જગન્નાથના પિતા પેરુભટ્ટ મહાન વિદ્વાન હતા. વેદાન્ત, ન્યાય, મીમાંસા અને વ્યાકરણાદિ શાસ્ત્રોના ધુરંધર પંડિત પિતા પાસે અધ્યયન કરવાનો સુયોગ પંડિતરાજને પ્રાપ્ત થયો હતો. એટલે તેઓ પિતાને મહાગુરુ માની વંદે છે.[૨૮૦] વેંકટાધ્વરીના પિતા રઘુનાથ પણ શ્લેષયમકચક્રવર્તી કવિ અને શાસ્ત્રપંડિત હતા. પિતા પાસેથી વેંકટાધ્વરીએ સાહિત્ય, તર્ક, ન્યાય, વ્યાકરણ, વેદાંત, તંત્ર ઈત્યાદિનું સઘન શિક્ષણ પ્રાપ્ત કર્યું છે. તેથી જ તેઓ જગન્નાથની જેમ પિતાને ગુરુતુલ્ય માની વંદન કરે છે.[૨૮૧] જગન્નાથ દક્ષિણમાંથી ઉત્તરમાં જઈ જયપુર, વારાણસી, દિલ્હી ઈત્યાદિ સ્થળોએ રહ્યા છે, તો વેંકટાધ્વરીએ પણ એવાં સ્થળોની યાત્રા કરી છે. શાહજહાં જેવા મોગલ રાજાઓના દરબારોમાં જગન્નાથે વાદી પંડિત-કવિનું સ્થાન પ્રાપ્ત કર્યું, તો વેંકટાધ્વરી પણ શાસ્ત્રાર્થ માટે મોગલ રાજાઓના દરબારમાં પહોંચી જઈ પંડિત-કવિનું ગૌરવ પ્રાપ્ત કરે છે. પરંપરાનુસાર એમ કહેવાય છે કે તેઓએ દિલ્હીના કોઈ મુસ્લિમ બાદશાહનો રાજ્યાશ્રય પ્રાપ્ત કર્યો હતો. જગન્નાથ વિશે કહેવાય છે કે દિલ્હીમાં તેમણે અનેક પંડિતો તથા કાજીઓની સાથે વાદવિવાદ દ્વારા વિરોધી મતોનું ઉગ્રતાપૂર્વક ખંડન કર્યું હતું. કવિ વેંકટાધ્વરીના ગ્રંથોમાંથી પણ ફલિત થાય છે કે તેઓ જીવનના પૂર્વાર્ધમાં વાદી-પંડિત રહ્યા છે અને ઉત્તરાર્ધમાં ભક્તિભાવ તરફ વળ્યા છે. જગન્નાથ પણ આવું જીવન જીવે છે. બંને કવિઓ શાસ્ત્રપંડિત કે શાસ્ત્રકવિઓ છે.

જગન્નાથ અને વેંકટાધ્વરીના જીવન સંબંધી પ્રચલિત દંતકથાઓમાં પણ સામ્ય છે. 'दिल्लीश्वरो वा जगदीश्वरो वा'વાળી દંતકથા તો બંને કવિઓ વિશે કહેવાય છે. આ દંતકથા દ્વારા વેંકટાધ્વરીને જગન્નાથ સાથે સાંકળી

સમકક્ષતા બતાવવાનો પ્રયાસ દેખાય છે. યવની-સંસર્ગ-દોષની પરિશુદ્ધિ માટે પ્રાયશ્ચિત રૂપે ગંગાના ઘાટ પર બેસી જગન્નાથે 'ગંગાલહરીસ્તોત્ર'ની રચના કરી, તો વેંકટાધ્વરીએ પુનદષ્ટિ પ્રાપ્ત કરવા એક જ રાતમાં 'લક્ષ્મીસહસ્ર' સ્તોત્રની રચના કરી એવું કહેવાય છે.

બંને કવિઓની સાહિત્યિક પ્રવૃત્તિઓ પણ લગભગ સમાન છે. જગન્નાથ 'પ્રાસ્તાવિકવિલાસ' (અન્યોક્તિવિલાસ) નામે સુભાષિતકાવ્ય રચે છે, તો વેંકટાધ્વરીએ 'સુભાષિતકૌસ્તુભ'ની રચના કરી. બંને વૈષ્ણવ ભક્ત-કવિઓ છે. જગન્નાથે લક્ષ્મી અને વિષ્ણુની સ્તુતિમાં અનુક્રમે 'લક્ષ્મીલહરી' અને 'કરુણાલહરી' (વિષ્ણુલહરી) નામે સ્તોત્રોનું સર્જન કર્યું. તો વેંકટાધ્વરીએ એ આરાધ્ય દેવતાઓને ઉદ્દેશીને 'લક્ષ્મીસહસ્ર', 'શ્રીનિવાસસહસ્ર' અને 'શ્રવણાનંદ' નામનાં સ્તોત્રો રચ્યાં. જગન્નાથની 'લક્ષ્મીલહરી' અને વેંકટાધ્વરીના 'લક્ષ્મીસહસ્ર' બંનેમાં લક્ષ્મીનું પાદાદિકેશાન્ત વર્ણન પ્રાપ્ત થાય છે. જગન્નાથે આસામના રાજા પ્રાણનારાયણ અને શાહજહાંના પુત્રની (અથવા ઉદયપુરના રાણાની) પ્રશસ્તિમાં અનુક્રમે 'પ્રાણાભરણ' અને 'જગદાભરણ' જેવાં પચાશત પ્રકારનાં કાવ્યો રચ્યાં, તો વેંકટાધ્વરી ગુરુ વેંકટનાથ વેદાંતદેશિકની સ્તુતિમાં, પ્રશસ્તિમાં 'આચાર્યપંચાશત' રચે છે. પં. જગન્નાથે અપ્પય દીક્ષિતના અલંકારવિષયક મતનું ખંડન કરવા 'ચિત્રમીમાંસાખંડન' નામક કૃતિ રચી, તો પં. વેંકટાધ્વરીએ પણ અપ્પય દીક્ષિતના મીમાંસાવિષયક 'વિધિરસાયન'ના મતોનું ખંડન કરવા 'વિધિત્રયપરિત્રાણ'ની રચના કરી. ભટ્ટોજી દીક્ષિતની સિદ્ધાંતકૌમુદી પરની મનોરમા-ટીકાનું ખંડન કરવા જગન્નાથે 'મનોરમાકુચમર્દન' નામક વ્યાકરણવિષયક ગ્રંથ રચ્યો.

,ાહિત્ય-રચનાની બાબતમાં જગન્નાથ કરતાં વેંકટાધ્વરીની વિશેષતા એ છે કે જગન્નાથે ચંપૂ, નાટક તેમ જ દર્શનવિષયક કૃતિઓ રચી નથી, જ્યારે વેંકટાધ્વરીએ આવી અનેક કૃતિઓ રચીને ચમ્પૂકવિ, નાટ્યકાર અને દાર્શનિકતાનું રૂપ પ્રગટ કર્યું છે.

પોતાની કાવ્ય-વાણીની પ્રશસ્તિ સંબંધી જગન્નાથ અને વેંકટાધ્વરીનાં વિધાનોમાં પણ કેટલુંક સામ્ય દૃષ્ટિગોચર થાય છે. સામ્યદર્શન તેમજ તુલના માટે કેટલાંક પદ દર્શનીય છે.

જગન્નાથ : निर्दूषणा गुणवती रसभावपूर्णा
सालंकृतिः श्रवणकोमलवर्णराजिः ।
सा मानकीनकवितेव मनोभिरामा
रामा कदापि हृदयान्मम नापयाति ।। करुणविलास. ६।।

વેંકટાધ્વરી : रसिकालिभिरास्वाद्यं रम्यं श्रीकरविलसदलङ्करणम् ।
विकसतु सूर्यालोकात्पद्मनिवासे सहस्रपत्रमिव ।। ल.स. १–२९

જગન્નાથ : मद्वाणि मा कुरु विषादमनादरेण
मात्सर्यमग्नमनसां सहसा खलानाम् ।

काव्यारविन्दमकरन्दमधुव्रताना–
मास्येषु धास्यसितमां कियतो विलासान् ।। भामिनीविलास ४–४१

वेंकटाध्वरी : येयं नाऽद्रियते कृतिः कतिपयैरीर्ष्यागृहीतैर्जनै–
श्चित्रं सैव विपश्चितामकलुषे चिते विधते मुदम् ।
विश्वास्याऽम्ब मनो दुनोति दयिताविश्लेषिणां या नृणां
नो किं कोकिलकाकली भवति सा तोषाय योषाजुषाम् ।। ल.स. २६–१२

સાંપ્રદાયિકસ્તોત્ર હોવા છતાં 'લક્ષ્મીસહસ્ર' અનેક દૃષ્ટિએ સાહિત્યિક મૂલ્ય ધરાવે છે અને એમાં વેંકટાધ્વરીનું કવિ તરીકેનું સમ્યક્ રૂપ નિષ્પન્ન થયું છે. સંસ્કૃત સ્તોત્રસાહિત્યના ઈતિહાસના અંતિમ યુગના કવિઓમાં વેંકટાધ્વરી ખરે જ પ્રતિભાશાળી પંડિત-કવિનું ગૌરવ પ્રાપ્ત કરવાની ક્ષમતા ધરાવે છે.

■

# પાદટીપ

(१) गणपतिपरिवारं चारुकेयुरहारं गिरिधरवरसारं योगिनीचक्रचारम् ।
भवभयपरिहारं दु:खदारिद्रियदूरं गणपतिमभिवन्दे वक्रतुण्डावतारम् ।।
पद्मपुराण–गणेशाष्टक, ८

(૧અ) दनुजविस्तारकर्तन जनितमिस्त्राविकर्तन
दनुजविद्याविकर्तन भजदविद्यानिवर्तन ।
अमरदृष्टस्वविक्रम समरजुष्टभ्रमिक्रम
जय जय श्रीसुदर्शन जय जय श्रीसुदर्शन ।।
वेदांतदेशिक, सुदर्शनाष्टक, ६

स्वरूपरूपास्त्रविभूषणाद्यै: परत्वयिन्तां त्वयि दुर्निवाराम् ।
भोगे मृदपक्रमताम्भीत्सन् शीलादिभिर्वारपसीव पुंसाम् ।। अष्टभुजाष्टकम्–३

(૧બ) नोपकारपरेऽप्येवमुपकारपरो जन: ।
अपकारपरेऽपि त्वमुपकारपरो यथा ।। मातृचेट, अध्यर्धशतक, ११९

(२) महोदयासारभुजात्वयातया
महोदया सारभुजा त्वया तया । ल.स.१४/६१

(३) अभ्युद्यतोऽस्मि तव नाथ जडाशयोऽपि कर्तुं स्तवं लसदसंख्यागुणाकरस्य ।
बालोऽपि किं न निजबाहुयुगं वितत्य विस्तीर्णतां कथयति स्वधियाम्बुराशे: ।।
सिद्धसेन दिवाकर, कल्याणमंदिरस्तव–६

(४) वेदांतदेशिक, हयग्रीवस्तोत्र–६

(५) जानन्ननादि वहितानपराधवर्गान्
स्वामिन्मयात्किमपि वक्तुमहं न शक्त: ।
अव्याजवत्सल तथापि निरङ्कुशं मां
वात्सल्यमेव भवनो मुखरीकरोति ।।
वेदांतदेशिक, वरदराज पंचाशत्–३

(६) नि:संख्यसारशरणं शरणं शरेण्यमासाद्य सादितरिप्रथितावदातम् ।
त्वत्पादपङ्कजमपि प्रणिधानबंध्यो वध्योऽस्मि चेदभुवनपावन ! हा हतोस्मि ।। सिद्धसेन, कल्याणमंदिर, ४०

(७) कुलशेखर, मुकुन्दमाला स्तोत्र–६

(८) न वै प्राप्यं राज्यं न च कनकता भोगविभवे
न याचेऽहं रम्यां निखिलजनकाम्यां वरवधूम् ।
सदा काले काले प्रमथपतिना गीतचरितो
जगन्नाथ: स्वामी नयनपथगामी भवतु मे ।।
शंकराचार्य, जगन्नाथष्टक–७

(९) निरासकस्यापि न तावदुत्सहे महेश हातुं तव पादपङ्कजम् ।
रूषा निरस्तोऽपि शिशुरस्तनन्धयो न जातु मातृश्चरणौ जिहासति ।।
यामुनमुनि, स्तोत्ररत्न, २९

(१०) न निन्दितं कर्म तदस्ति लोके सहस्रशो यन्न मया व्यधापि ।
सोऽहं विपाकावसहे मुकुन्द क्रन्दामि सम्प्रत्यगतिस्तवाग्रे ।।
यामुनमुनि, स्तोत्ररत्न–२६

(११) सत्कर्म नैव किल किञ्चन सञ्चिनोमि
विद्याऽप्यवद्यरहिता न च विद्यते मे ।
किञ्च त्वदञ्चियतपदाम्बुजभक्तिहीनः
पात्रं भवामि भगवन् ! भवतो दयायाः ।।
श्रीवैकुंठस्तव, ८८

(१२) करूणारसवाहिणीक्षणोर्मेवरद प्रेममयप्रवाहभाजः ।
ततीरवनावली भ्रुवौ दृक्चलसिन्धोस्तव नासिकैव सेतुः ।। वरदराजस्तव, ३६
अरुणाधरपल्लवे लसन्ती वरदासौ द्विजचन्द्रचन्द्रिका ते ।
अधिधिद्रुममस्तनिस्तलालीरुचमाविष्कृरुते हि पुष्कराक्षः ।। वरदराजस्तव, ३७

(१३) निर्वापयिष्यति कदा करिशैलधामन्
दुर्वारिकर्मपरिपाकमहादवाग्निम् ।
प्राचीनदुःखमपि मे सुखयन्निव त्वत्–
पादारविन्दपरिचाररसप्रवाहः ।।
वेंकटनाथ वेदान्तदेशिक, वरदराजपंचाशत्–४१

(१४) ताराकाराजिनीकाशहारावलिस्मेरचारुस्तनाभोगमाहीनमन्मध्य–
वल्लीबलिच्छेदवीचीसमुल्लससंदर्शिताकारसौन्दर्यरत्नाकरैः ।।
कालिदास, श्यामलादंडक, २

(१५) अनुकलतनुकाण्डालिङ्गनारम्भशुम्भत्–
प्रतिदिशभुजशाखश्रीसखानोकहर्धिः ।
स्तननयनगुलुच्छस्कारपुष्पद्विरेका
स्वयतु मयि लक्ष्मीकल्पवल्ली कटाक्षान् ।।
श्रीवत्सांकमिश्र, श्रीगुणरत्नकोश, ३

(१६) बाहुत्क्षेपसमूललसत्कुचतटं प्रान्तस्कुटत्कञ्चुकं
गम्भीरोदरनाभिमण्डलगलत्काञ्चीधृतार्धांशुकम् ।
पार्वत्या महिषासुरव्यतिकरे व्यायमरम्यं वपुः
पर्यस्तावधिबन्धबन्धुरलसत्केशोच्चयं पातु वः ।।
बाण, चंडीशतक– ७२

(૧૭) आवर्जिता किंञ्चिदिव स्तनाभ्यां वासो वसाना तरुणार्करागम् ।
पर्याप्तपुष्पस्तबकावनम्रा संचारिणी पल्लविनी लतेव ।। कुमारसंभव, ३/५५

(૧૮) मात: समस्तजगतामसि माध्वी त्वं मन्ये तवाऽधरदलं मृदुलं प्रवालम् ।
दन्ताऽवलिं सुमनसां ततिमुल्लिखामि स्वादूनि वेद्मि मधूनि सुभाषितानि ।। ल.स. ८/७८

(૧૯) ल.स. २/१७, कुमारसंभव, ३/५३

(૨૦) कुमारसंभव, १/३४

(૨૧) ल.स., ८/२२०

(૨૨) नागेन्द्रहस्तास्तवचिकर्कशत्वात् । कुमारसंभव, १/३६

(૨૩) असावसारोऽन्तरतीव कर्कशो मलीमसश्चोपरि कौञ्जर: कर: ।
इति त्वदूरु हसतो हरिप्रिये करिण्यपास्ति करभस्तु दूरत: ।। ल.स. ८/२०३

(૨૪) नागेन्द्रहस्तास्तवचिकर्कशत्वादिकान्तशैत्यात्कदलीविशेषा: ।
लब्ध्वाऽपि लोके परिणाहि रूपं जाता स्तदूर्वोरुपमानबाह्या : ।। कुमार. ०१/३६

(૨૫) ल.स. ८/१९८

(૨૬) मध्येन सा वेदिविलग्नमध्या वलित्रयं चारु बमार बाला ।
आरोहणार्थ नवयौवनेन कामस्य सोपानमिव प्रयुक्तम् ।। कुमार० १/३९

(૨૭) नि:श्रेणिकां नाथदृशोरुरोजदुर्गाऽधिरोहे तव रोमरेखा । ल.स. ८/१५८

(૨૮) मध्ये यथा श्याममुखस्य तस्य मृणालसूत्रान्तरमध्यलम्यम् । कुमार. ०१/४०

(૨૯) धनसाहित्यमद: स्तनद्वयम् ... । ल.स. ८/१२६

(૩૦) सुगन्धिनिश्वासविवृद्धतृष्णं बिम्बाऽधरासन्नचरं द्विरेफम् ।
प्रतिक्षणं सम्भ्रमलोलदृष्टिर्लीलाऽरविन्देन निवारयन्ती ।। कुमार. ३/५६

(૩૧) ल.स., ८/१३७

(૩૨) कुमार. १/४३, ल.स. ८/२६, २७

(૩૩) बालेन्दुकान्तिरिव पश्चिमसान्धयरागे पद्मालये स्फटिकभा इव पद्मरागे ।
प्रत्यग्रपुष्पसुषमेव च पल्लवाऽग्रे भाति स्मितद्युतिरसावधरे भवत्या: ।। ल.स. ८/७३

(૩૪) पुष्पं प्रवालोपहितं यदि स्यान्मुक्ताफलं वा स्फुटविद्रुमस्थम् ।
ततोऽनुकुर्याद्विशदस्य तस्यास्ताम्रौष्ठपर्यस्तरुच: स्मितस्य ।। कुमार. १/४४

(૩૫) अप्यन्यपुष्टा प्रतिकूलशब्दा श्रोतुर्वितन्त्रीरिव ताडयमाना । कुमार. १/४५

(૩૬) परिहृतभवशब्दा भारती तावकीना परिहसतु निकामं कालकण्ठाऽमिलापम् । ल.स. ८/८०

(૩૭) प्रवातनीलोत्पलनिर्विशेषमधीरविप्रेक्षितमायताक्ष्या ।
तया गृहीतं नु मृगाऽङ्गनाम्यस्ततो गृहीतं नु मृगाङ्गनामि: ।। कुमार. १/४६

(૩૮) ल.स., ८/३८

(૩૯) कुमार. १/४८

(૪૦) ल.स., ८/१०

(૪૧) ल.स., १/४९

(૪૨) वन्दे सौन्दर्यपर्याप्तिभूर्मि कामपि देवताम् । ल.स., ८/१

(૪૩) क्षतात्किल त्रायत इत्युदग्रः क्षत्रस्य शब्दो भुवनेषु रूढः । रघुवंश, २/५३

(૪૪) ल.स., ८/१५१

(૪૫) छायाभरेण जगतां परितापहारी ताटंकरत्नमणिपल्लवतल्लजश्रीः ।
कारुण्यनाम विकिरन्मकरन्दजालं कामाक्षि राजति कटाक्षसूरद्रुमस्ते ।। कटाक्ष. ८

(૪૬) अपारसंसारतपाऽतपार्तिव्यपायदच्छायमपास्तदोषम् ।
कृपामरन्दैः शिशिरं रमे त्वदपाङ्गकल्पद्रुमुपाश्रयामः ।। ल.स., ५/५६

(૪૭) नीलोऽपि रागमधिकं जनयन्पुरारेर्लोलोऽपि भक्तिमधिकां द्रढयन्नराणाम् ।
वक्रोऽपि देवि नमतां समतां वितन्वन्कामाक्षि नृत्यतु मयि त्वदपाङ्गपातः ।। कटाक्ष. १६

(૪૮) अघटितघटनापटीमसी ते हरिगृहिणि प्रकटा कटाक्षरेखा ।
स्थिरवसुमवनीपकं विधत्ते जननि वनीपकमेव हन्ते जन्तुम् ।। ल.स., ५/१४

(૪૯) कम्रे कटाक्षरुचिरङ्गतले कृपाख्या शैलूषकी नटति शंकरवल्लभे ते । कटाक्ष. २३

(૫૦) तव देवि पटुर्नटः कटाक्षो गुणवत्तालसदुच्छ्रमः स नूनम् ।
ननु नर्तयते सरस्वतीं यः सततं संश्रितञ्जुलाऽस्यरङ्गे ।। ल.स. ५/२४

(૫૧) कटाक्ष. ४२

(૫૨) भावत्कैर्मगवति कज्जलाऽनुविद्धैः कृष्णो यैर्मवति विधुः कटाक्षलेशैः ।
तत्पूरैरधिकतमश्रियां निदनिर्मालिन्यं हरति विचित्रमान्तरं नः ।। ल.स., ५/२५

(૫૩) तत्रापि देवि लभते सुकृती कदाचिदत्यन्तदुर्लभमयाङ्गमहौषधं ते ॥ कटाक्ष. ६६

(૫૪) तदेतदिह पातु नस्तव कटाक्षदिव्यौषधं फणीन्द्रशयजीविके भवविपन्मयादामयात् ।। ल.स. ५/३५

(૫૫) कार्पण्यपूरसवर्धितमम्ब गोहकन्दीद्गतं भवनयं विषपादपं मे ।
तुङ्गं छिकु तुहिनाद्रिसुते भवत्याः काञ्चीपुरेश्वरि कटाक्षकुठारधारा ।। कटाक्ष. ६५

(૫૬) अज्ञानकाननविदारकुठारधाराः जयन्ति भवदीयकटाक्षधाराः ।। ल.स. ५/३६

(૫૭) कटाक्ष. ६१

(૫૮) देवि कटाक्षलवस्तव रिक्ते संपदमाधिपदेपि निधत्ते ।
सिन्धुकुमारि तथाप्यतमस्के सिध्यति तत्र समाधिरतृप्ते ।। ल.स. ५/३९

(૫૯) कटाक्ष. ५८

(૬૦) ल.स. ५/४७

(૬૧) कटाक्ष. ८९

(૬૨) ल.स., ५/४८

(૬૩) ल.स. ५/११, १३

(૬૪) कटाक्ष. १४, १६

(૬૫) ल.स., ५/५८

(૬૬) मन्दस्मित. ५१

(૬૭) ल.स., ५/५०

(૬૮) मन्दस्मित. १२/६४

(૬૯) ल.स., ८/७२

(૭૦) मन्दमस्ति. ९

(૭૧) ल.स., ८/६९

(૭૨) मन्दमस्ति. ४,१३,१८,४६,४८

(૭૩) ल.स., ८/६९

(૭૪) सरागः सद्वेषः प्रसृमररजस्कः प्रतिदिनं
निसर्गादाक्रामन्विबुधजनमूर्धानमधिकम् ।
कथंकारं मातः कथय पदपद्मस्तव सतां
नतानां कामाक्षि प्रकटयति कैवल्यसरणिम् ।। पादा. १६

(૭૫) रजःसंसर्गेऽपि स्थितमजरसामेव हृदये
परं रक्तत्वेन स्थितमपि विरक्तैकशरणम् ।
अलभ्यं मन्दानां दधदपि सदा मन्दगतिनां
विधत्ते कामाक्ष्याश्चरणयुगमाश्चर्यलहरीम् ।। पादा. १०

(૭૬) ल.स., ८/२१

(૭૭) रागान्वितः स्वयमपि प्रकटीकरोति वैराग्यमेव कथमेष महामुनीनाम् ।। कटाक्ष. ७०

(૭૮) पादा. ९३, ल.स. ८/२१४

(૭૯) पादा. ३०, ३१, ल.स. ८/२२०

(૮૦) अपि तत्परागमधिमौलि धारयन्नपरागतां व्रजति जन्तुरद्भुतम् । ल.स. ८/२२९

(૮૧) ल.स. ८/२३२

(૮૨) पादा. १३

(૮૩) पादा. २३

(૮૪) ल.स. ८/२१७

(૮૫) पादा. १७

(૮૬) ल.स. ८/२१७

(૮૭) हरक्रोधज्वलिभिरवलींढन वपुषा
गमीरे ते नामीसरसिकृतझम्पो मनसिजः ।
समुत्तस्थौ तस्मादचलतनये धूमलतिका
जनस्तां जानीते जननि तव रोमावलिरिति ।। सौं. ल. ७६

(૮૮) रत्नावली तव रमे वरमेखलायामङ्गारपङ्क्तिरविदूरगता तु तस्याः ।
रोमावली तदुपजातविशीर्णमूलधूमाऽकृतिं वहति शक्रमणीव नीला ।। ल.स. ८/१५७

(૮૯) सौं. ल. ४४

(૯૦) ल.स., ८/३

(૯૧) सौं. ल. ५४

(૯૨) ल.स., ८/४५

(૯૩) सौं.ल. ५१

(૯૪) ल.स., ८/४४

(૯૫) सौं.ल. ६३, ल.स. ८/१३

(૯૬) सौं.ल. ७२

(૯૭) ल.स. ८/१०८

(૯૮) सौं.ल. ७७, ल.स. ८/१५४, १६२, १६६

(૯૯) नामीनालीकमूलादधिकपरिमलोन्मोहितानामलीनां
माला नीलेव यान्ती स्फुरति रुचिमती वक्त्रपद्मोन्मुखी या ।। विष्णुपादादि.२६

(૧૦૦) अभ्युद्यताऽस्यसुरभिग्रहणाय रोम –
रेखाषडङ्घ्रिततिरम्ब पथि परूढम् ।
उत्तुङ्गसङ्गतमुरोजगिरीन्द्रयुग्म –
मुल्लङ्घितुं चिरमुपायमुदीक्षते किम् ।। ल.स. ८/१५६

(૧૦૧) सौं.ल. ८२

(૧૦૨) तनेति सिन्धोस्तनये मनोजतूणीरशङ्कां तव देवि जङ्घा ।
तद्बाणभूतं कमलं तदग्रे पावाऽपदेशेन यदाविरस्ति ।। ल.स. ८/२०७

(૧૦૩) नास्पर्शि दृष्टापि विमोहिकेयं दोषेरशेषैः स्वमियेति मन्ये । नै. ७/१७

(૧૦૪) ल.स., २३/११

(૧૦૫) नै. ७/१४

(૧૦૬) ल.स. १५/५

(૧૦૭) नै. ७/२०, २१, ल.स. ८/६,७

(૧૦૮) चिकुरप्रकरा जयन्ति ते विदुषी मूर्द्धनि सा बिभर्त्ति यान् ।
पशुनाऽप्यपुरस्कृतेन तत्तुलनामिच्छतु चामरेण कः ।। नै. २/२०

(૧૦૯) हन्त लक्ष्मि तव कुन्तलव्रजं चामरं वदति पामरोऽपि कः ।
प्राकतनस्तु हरिणोपलालितः पश्चिमं यद्पुरस्कृतं मृगैः ।। ल.स. ८/१०

(૧૧૦) विवारजन्यो रविसोमभीते चन्द्राम्बुजे निक्षिपतः त्वलक्ष्मीम् ।
अस्या यदास्ये न तदा तयोः श्रीरेकश्रियेदं तु कदा न कान्तम् ।। नै. ७/५५

(૧૧૧) ल.स. ८/२९

(૧૧૨) नै. ७/९३

(૧૧૩) ल.स. ८/२७

(૧૧૪) नै. १०/१५

(૧૧૫) ल.स. ८/५०

(૧૧૬) नै. ७/३६

(૧૧૭) पुरस्तवदीयाऽङ्गपुरप्रवेशे पुराणगोपालभृतावनङ्गः ।
उरोरुहक्षीरघटौ स पश्यन्नुच्चैस्तरां नन्दति सिन्धुकन्ये ।। ल.स. ८/११०

(૧૧૮) कलसे निजहेतुदण्डजः किमु चक्रभ्रमकारितागुणः ।
स तदुच्चकुचौ भवन् प्रमाक्षरचक्रभ्रममातनोति यत् । नै. २/३८

(૧૧૯) उत्तुङ्गयोस्तुल्यमुरोज्योस्ते गदन्ति सर्व कथमम्ब कुम्भम् ।
तत्कार्यभूतः कथयत्यगस्त्यस्तत्र स्वहेतौ परिमाणमेतत् । ल.स. ८/११९

(૧૨૦) आम्यां कुचाभ्यामिभकुम्मयोः श्रीरादीयतेऽसावनयोः क्व ताम्याम् ।
भयेन गोपायितमौक्तिकौ तौ प्रव्यक्तमुक्ताभरणाविभौ यत् ।। नै. ७/७८

(૧૨૧) ल.स. ८/१२२

(૧૨૨) नै. ७/७७

(૧૨૩) ल.स. ८/१२३

(૧૨૪) नै. ७/८४

(૧૨૫) ल.स. ८/१६०

(૧૨૬) नै. ७/८५

(૧૨૭) नाभीसरश्चिरमगाधतरं विधाय नारायणप्रणयिनि श्रमिणा विधात्रा ।
रोमावली तव विभाति तटे तदीये क्षिप्तेव तत्खननहेतुरियं शलाका ।। ल.स. ८/१६५

(૧૨૮) असंशयं सा गुणदीर्घभावकृतां दधाना विततिं यदीया ।
विधायिका शब्दपरम्पराणां किञ्चारचि व्याकरणेन काञ्ची ।। नै. १०/७८

(૧૨૯) यदनन्तपाणिनिहितं सुमध्यमे वलते सुवर्णमयसूत्रमम्ब ते ।
गुणवृद्धिमान् प्रकृतिशोभनोऽमुना नियतं सुशब्दनिचयोऽमिधीयते ।। ल.स. ८/१७९

(૧૩૦) नै. ७/९२, ल.स. ८/१९७

(૧૩૧) नै. ७/७०

(૧૩૨) ल.स. ८/२०७

(૧૩૩) अस्याः पदौ चारुतया महान्तावपेक्ष्य सौक्ष्म्याल्लवमावभाजः ।
जाता प्रवालस्य महीरुहाणां जानीमहे पल्लवशब्दलब्धिः ।। नै. ७/९८

(૧૩૪) नलिनायतने मृदु प्रवालं पदयोस्तावकयोर्लवं प्रतीमः ।
अत एव बिभर्ति पल्लवाख्यां भजते पादपशब्दमस्य पाता ।। ल.स. ८/२१०

(૧૩૫) नै. २/३८, ल.स. ८/२२१

(૧૩૬) नै. ७/१०५

(૧૩૭) ल.स. ८/२२५

(१३८) पादाम्मोजं स्पृशति भजते रङ्गनाथस्य जङ्धा–
मूरुद्वंद्वे विलगति शनैरुर्ध्वमम्येति नाभिम् ।
वक्षस्यास्ते वलति भुजयोर्मामिकेयं मनीषा
वक्त्राभिख्यां पिबति बहते वासनां मौलिबन्धे ।।
भगवद्ध्यानसोपान, १०

(१३९) श्रीस्तुति, १३

(१४०) देवनायकपंञ्चाशत् – ४०, ल.स., ८/२०६

(१४१) हयग्रीवस्तोत्र, २६

(१४२) ल.स. २/४

(१४३) नृणामन्तर्ध्वान्तं निबिडमपहर्तु तव किल प्रभातश्रीरेषा चरणरुचिवेषा विजयते ।लक्ष्मीलहरी, ७

(१४४) राजच्छोमनखाश्रितं शुभकरं राजीवराजीसुहृत्
पद्मे गाठतमोहरं तव पदं बालाऽर्कबिम्बं च तत् ।
यद्यप्यम्ब समं तथापि विदितो भेदस्त्विवयानेतयो–
रर्ध्यं संस्कृतमुत्तरस्य कलयन्त्माद्यस्य पाद्यं बुधाः ।। ल.स. ८/२२२

(१४५) लक्ष्मीलहरी, १८

(१४६) ल.स., ८/१९२

(१४७) गभीरामुद्वेलां प्रथमरसकल्लोलभिलितां
विगाढुं ते नामी विमलसरसीं गौमैय मनाक् ।
पदं यावन्न्यस्यत्यहह विनिमग्नैव सहसा
नहि क्षेमं सूते गुरुमहिमभूतेष्वविनयः ।।
लक्ष्मीलहरी, २०

(१४८) दीर्घ नामीविवरसरसो देवि गम्भीरिमाणं
स्पष्टं द्रष्टुं वृषगिरिपतेरक्षमावक्षमीनौ ।
गान्मीर्यैकास्पदमपि रसैः पूरितं मानसं मत्
तस्य स्वैरं पतति जलधेः पुत्रि तत्रैव नित्यम् ।।
ल.स. ८/१७२

(१४९) लक्ष्मीलहरी, ३१, ल.स. ८/६९

(१५०) प्रभाजालैः प्राभातिकदिनकराभापनयनं
तवेदं खेदं मे विघटयतु ताटङ्कयुगलम् ।लक्ष्मीलहरी, ३७

(१५१) पूषा कर्णे स्वर्णताटङ्कभूषावेषादिन्धे पुत्रनामाऽदरेण ।
तत्सामीप्यादेव देवि प्रसादं नित्यं धत्ते नेत्रपङ्केरुहं ते ।। ल.स. ८/४९

(१५२) लक्ष्मीसहरी, ३८

(१५३) ल.स. ८/३, १६, १७, १८

(१५४) गुरोर्बुद्ध्वा स्थितिं तावकीमाज्ञालङ्घनभीतिम्ब जहति प्राज्ञा हरेः स्वामिनः ।। ल.स., १९/१४

(૧૫૫) ल.स. १/४

(૧૫૬) दद्याददद्य कुदृष्टिसर्पगरुडस्त्रय्यन्तविद्यागुरुः
श्रीमान् वेङ्कटनाथदेशिकमणिः श्रेयांसि भूयांसि मे । ल.स. १/७

(૧૫૭) पद्यानां दशभिर्यदस्तुत शतैस्तात्प्रेयसः पादुकां
त्रय्यन्तार्यकविः परो हयमुखस्तत्रास्ति को विस्मयः ।
स्तोकप्रज्ञमतीव मूकमपि मां श्लोकैः सहस्रेण ते
स्तोतारं समवेक्ष्य सूक्ष्मतिभिः कस्मान्न विस्मीयते ।।
ल.स. १/२३

(૧૫૮) दिव्यस्थानात्त्वमिव जगतीं पादुके गाहमाना
पादन्यासं प्रथममनया भारती यत्र-चक्रे ।
योगक्षेमं सकलजगतां त्वय्यधीनं स जान-
न्वाचं दिव्यां विशतु वसुधाश्रोतजन्मा मुनिर्मे ।।
पा.स. १/४

जलधिदुहितुः स्तुत्या सत्या सति मम भारती रचयतु नमो
.........नीता सीताचरित्रसुधाझरी ।। ल.स. १/५

(૧૫૯) नीचेऽपि हन्त मम मूर्धनि निर्विशेषं तुङ्गेऽपि यन्निविशते निगमोत्तमाङ्गे ।
प्राचेतसप्रभृतिभिः प्रथमोपगीतं स्तोष्यामि रंगपतिपादुकायोर्युगं तत् ।।
पा.स. १/५

(૧૬૦) कवीनां प्रत्नानां कबलितसुधास्वादिममदैरनुचानैः स्तोत्रैः श्रुतिजडिमभाजो जननि ते ।
अजाभित्वायैव स्तवभिममकूपारतनये वियाता ग्रथ्नीयो विहसनपदैः कैरपि पदैः ।।
ल.स.१/१२

(૧૬૧) विज्ञापयामि किमपि प्रतिपन्नभीतिः प्रागेव रंगपतिविभ्रमपादुके त्वाम् ।
वक्तुं क्षमाः सदसती विगताम्यसूयाः सन्तः स्पृशन्तु सदयैर्हृदयैः स्तुतिं ते ।।
पा.स. १/७

(૧૬૨) सुचारुमधुमोचिकारसमुचो वचोदेवता-
कूचाऽमृतकचाकचिप्रचुरचातुरीमेदुराः ।
नराः सततमिन्दिरागुणकथासुधाहदोहिनी-
रुपाध्वमिह वेङ्कटाध्वरिकवेरुदारा गिरः ।।
ल.स. १/२६

(૧૬૩) यदाधारं विश्वं गतिरपि च यस्यतस्य परमा
तमप्येका धत्से दिशि वरगतिं तस्य रुचिराम्
कथं सा कंसारेर्द्रुहिणहरदुर्बोधमहिमा
कवीनां क्षुद्राणां त्वमसि मणिपादु स्तुतिपदम् ।।
पा.स. १/९

(१६४) वक्तुं नैव चतुर्विधश्रुतिरसावीष्टे न चाऽष्टश्रुति-
नों चक्षुःश्रुतिरप्यहो तव गुणान् नाराणप्रेयसि ।
स्तोतुं त्वामपि तामहं व्यवसितो दूरं हनूमन्मुखै-
र्दुलङ्घ्यं जलधिं तरीतुमनसः पङ्गोर्दधे चापलम् ।।
ल.स. १/१४

(१६५) न कस्येयं हास्या हरिचरणधात्रि क्षितितले ।
मुहुर्वात्याधूते मुखपवनविस्फूर्जितमिव ।। पा.स. १/१२

(१६६) पा.स. १/१४; ल.स. १/२२

(१६७) पा.स. ३/३, ४, ५

(१६८) ल.स., १०/१, १०, ११

(१६९) तिष्ठन्तु श्रुतयस्ततोऽपि महितं जागर्ति तत्पादुके
तत्तादृक्प्रथनाय तावकगुणग्रामाय रामायणम् ।। पा.स. ३/६

(१७०) अस्यशानेत्यागमस्तावदास्तामैश्वर्यंडस्मिंस्तावदम्ब त्वदीये ।
बागर्त्येव व्यासतातप्रणीतं श्लाध्यं विष्णोस्तत् पुराणं प्रमाणम् ।।
ल.स. १०/६

(१७१) पदसरसिजयोस्त्वं पादुके रङ्गभर्तुर्मनसि मुनिजनानां मौलिभागे श्रुतीनाम् ।
वचसि च सुकवीनां वर्तसे नित्यमेका तदिदमवगतं ते शाश्वतं वैश्वरूप्यम् ।।
पा.स. ३/१९

(१७२) सरसिजनिलयापि वैभवेन स्फुरसि निरेनसि मानसे मुनीनाम् ।
उरसि मुररिपोरुपोढहारे शिरसि च देवि गिरां पुरातनीनाम् ।। ल.स. ३/१९

(१७३) परिसरविनतानां मूर्ध्नि दुर्वर्णपङ्क्तिं परिणमयसि शौरेः पादुके त्वं सुवर्णम् ।
कुहकजनविदूरे सत्पथे लब्धवृत्तैः क्व नु खलु विदितस्ते कोऽप्यसौ धातुपादः ।।
पा.स. ३/२०

दुर्वर्णमर्णवसुते नमतां ललाटे लोकाम्ब लुभ्यति कटाक्षक्षरस्त्वदीयः ।
ते राजताऽभ्युदगिनः पुनरुल्लसन्तीत्येतत् करोति हृदि विस्मयमस्मदीये ।।
ल.स. ५/५८

(१७४) मुकुन्दपादाम्बुजधारिणि त्वां मोहादनुक्तंसयतां जनानाम् ।
मूर्ध्नि स्थिता दुर्लिपयो भवन्ति प्रशस्तवर्णावलयस्तदीयाः ।।
पा.स. ३/५४

(१७५) यक्षश्रीजननचणस्तवाऽवलोकैर्लक्ष्मि श्रीक्षयपिशुना निरस्यमाना ।
नालीकाऽसनलिपिरप्यलीकलग्ना नाऽलीका भवति नृणां प्रतीपगत्या ।।
ल.स. ५/२१

(१७६) पा.स. ३/२३

(१७७) ल.स., ११/२६

(१७८) पा.स., ३/३३

(१७९) ल.स., ५/३

(१८०) पा.स., ३/४२, ल.स., १०/५

(१८१) अस्त्रभूषणतयैव केवलं विश्वमेतदखिलं बिभर्ति यः ।
अक्लमेन मणिपादुके त्वया सोऽपिशेखरतयैव धार्यते ।।
पा.स., ३/४८

(१८२) विश्वाऽतीतो जयति वृजिनह्रासदो वासुदेवः
पद्मे तस्याप्युपरि महिमा भासते तावकीनः ।
क्षेत्रज्ञानां हृदयमनिशं कंजनाभोऽधिशेते
तस्यापि त्वं हृदि हुततमोराजसे राजसे या ।।
ल.स. ३/११/

(१८३) पा.स., ३/४९

(१८४) ल.स., १०/१, १९

(१८५) पा.स., ३/५१

(१८६) ल.स., १०/१५

(१८७) क्षणं सरोजेक्षणपादुके यः कृतादरः किं कुरूते भवत्याः ।
अकिंचनस्यापि भवन्ति शीघ्रं भ्रूकिंकरास्तस्य पुरंदराद्या ।।
पा.स. ३/६२

(१८८) कल्याणधर्मा कमलासनाया मूर्ति हि यस्ते मतिमानुपास्ते ।
कन्ये सुधाब्धेः कमलाऽसनत्वं तस्योचितं तत्क्रतुनीतिभूम्ना ।।
ल.स., १८/३८

(१८९) मूर्ध्ना सतामधस्तादुपरि च विष्णोः पदेन संघहिताम् ।
अदवीयसीं विमुक्तेः पदवीमवयन्ति पादुके भवतीम् ।।
पा.स. ३/७०

(१९०) दुग्धाऽम्बुराशिदुहितुस्तव सन्निधानात् स्वर्णस्थितिर्भवति हन्त कुशेशयस्य ।
तत्संभवोप्यभवदम्ब हिरण्यगर्भो धन्याः खलु त्वदनुबन्धयनुबन्धिनोऽपि ।।
ल.स. १८/२०

(१९१) पादावनि प्रभवतो जगतां ......... पा.स. ४/८

(१९२) नित्यं विश्वं वशयति हरिः ........ ल.स. ४/१६

(१९३) पादावनि प्रभुतरानपराधवर्गान्सोढुं क्षमा त्वमसि मूर्तिमती क्षमेव ।
यत्त्वां विहाय निहताः परिपन्थिनस्ते देवेन दाशरथिना दशकण्ठमुख्याः ।।
पा.स. ४/१०

(૧૯૪) फणिशेखरशैलनायकान्ते भवती मूर्तिमती क्षमैव नूनम् ।
अभवत् कथमन्यथा न पापस्तव कापप्रभवाय वायसोऽपि ।।
ल.स. ११/३

(૧૯૫) पा.स. ४/४

(૧૯૬) ल.स. २१/३०

(૧૯૭) शौरेः श्रृंगारचेष्टानां प्रसूतिं पादुकां भजे ।। पा.स. १०/१

(૧૯૮) श्रृंगाररससर्वस्वं शेषशैलेश्वरस्य या ।। ल.स. ९/१

(૧૯૯) निर्विश्यमानामपि नूतनसंनिवेषं कैवल्यकल्पितविभूषणकार्यं कान्तिम् ।
कालेषु निर्विशसि रंगयुवानमेका श्रृंगारनित्यसिकं मणिपादरक्षे ।।
पा.स. १०/५

(૨૦૦) विहितस्मरसौरभेण पद्मे विविधेनाऽम्ब विलासचेष्टीतेन ।
अतिविस्मयमादधासि शौरेरनुभुताऽपि चिरादपूर्ववत्त्वम् ।। ल.स. ९/२

(૨૦૧) पा.स., ११/१६, १७

(૨૦૨) अवतारदशासु देवि रूपैरनुरूपैरनुगाहसे मुकुन्दम् ।। ल.स. ४/१८

(૨૦૩) पुनरूक्तपितामहानुभावाः पुरुषाः केचिदमी पुनन्ति विश्वम् ।
मधुवैरिपदारविन्दबन्धोरपरागास्तव पादुके परागैः ।।
पा.स. १३/३

(૨૦૪) अपि तत्परागमधिमौलि धारयन्नपरागतां व्रजति जन्तुरदमुतम् ।। ल.स. ८/२२९

(૨૦૫) स्थाने तवाच्युतपदावनि पद्मरागास्तेजामयाः प्रशमयन्ति तमो मदीयम् ।
चित्रं तदेतदिह यज्जनयन्ति नित्यं रागात्मकेन सहसा रजसो निवृत्तिम् ।।
पा.स. १७/१८

(૨૦૬) कृतिनः शिरसा समुद्वहन्ति कतिचित्केशव पादुके रजस्ते ।
रजसस्तमसोऽपि दूरभूतं परिपश्यन्ति विशुद्धमेव सत्त्वम् ।।
पा.स. १३/६

(૨૦૭) अत्यन्तरागिणि कृतं हृदयं मुनीनां वैराग्यमम्ब वहनीति विचित्रमेतत् । ल.स. ८/२१२

(૨૦૭[અ]) अभिवाञ्छति संगमं परागैरभिजातैस्तव देवि नाभिजातः । पा.स. १३/७

(૨૦૮) नित्यप्रबोधसुभगे पुरुषे परस्मिन्निद्रामुपेयुषि तदेकविहारशीला ।
मंजुस्वनेषु विरतेष्वपि विश्वमेतन्मौनेन हन्त भवती मुखरीकरोति ।।
पा.स. १४/६४

(૨૦૯) निद्राजुषां भवविषादमये निशीथे स्वाऽपाङ्गमर्षयसि शोभनमौषधं नः ।
चित्रं ततोऽपि जगदम्ब चिरं विनिद्रं वेवत्स्यामहे विगतदुःखपथं प्रबोधम् ।।
ल.स. ५/६१

(૨૧૦) पा.स. १४/६६

(२११) ल.स. १९/८, १३, ४/५

(२१२) पा.स., २९/३१

(२१३) मन्ये सम्प्रति पारितोषिकमसावन्वेषयन्ने हरिः ।ल.स. २५/१५

(२१४) संवाहिका चरणयोर्मणिपादरक्षे देवस्य रङ्गवसतेर्दयिता ननु त्वमम् ।
कस्त्वां निवारयितुर्महति योजयन्तीं मातः सुतद्गुणगणेषु ममापराधान् ।।
पा.स. ३१/१२

(२१५) पापार्थकोपकलुषीकृतनाथचेतः पाथः प्रसादनविधौ कतकायितोकितम् ।
योऽहं भवामि सभयो यदुनाथयोषे तां त्वामनन्यशरणः शरणं प्रपद्ये ।।
ल.स. २५/८

(२१६) पा.स. ३१/४

(२१७) ल.स. ५/३४

(२१८) अन्तर्लीनैरधपरिकरैराविला चित्तवृत्तिः
शब्दादीनां परवशतया दुर्जयानीन्द्रियाणि ।
विष्णोः पादप्रणयिनि चिरादस्य मे दुःखसिन्धोः
पारं प्राप्यं भवति परमा विद्यया वा त्वया वा ।।
पा.स. ३१/१७

(२१९) भवतां मम घोरकिल्बिभाणामिह निःशेषगवेषणाऽपि दूरे ।
पततामवलम्बनाय मातर्मवपङ्के बत नस्तव क्षमाऽतेः ।।
ल.स. ११/४

(२२०) पा.स. ३२/११

(२२१) किमिह बहुना संपूर्णो मे चिरेण मनोरथः ।ल.स. २६/१०

(२२२) पा.सा. ३२/३३

(२२३) ल.स. २५/१४

(२२४) ल.स. २५/१३ और पा.स. ३२/३७

(२२५) मातः स्वरूपमिव रङ्गपतेर्निविष्टं वाचायसीमनि पदावनि वैभवं ते ।
मोहादभिष्टुतवतो मम मन्दबुर्द्धेबालस्य साहसमिदं दयया सहेथाः ।।
पा.स. ३२/३२

(२२६) ल.स. १५/१७

(२२७) गायत्रीवत्त्रिचतुरपदा गण्यसे पादुके त्वम् ।पा.स. ११/५३

(२२८) गायत्र्याः पुनरुक्तिभिः ...... ।ल.स. १७/४१

(२२९) वन्दारुभिः सुरगणैस्त्वयि संप्रयुक्ता माला विभाति मधुसूदनपादरक्षे ।
विक्रान्तविष्णुपदसंश्रयबध्धसख्या भागीरथीव परिरम्भणाकाङ्क्षीणी ते ।।
पा.स. १२/१२

(૨૩૦) ल.स. ८/१३०

(૨૩૧) पा.स. १२/१४

(૨૩૨) ल.स. ५/३५, १७/१३

(૨૩૩) नाकीकसां शमयितुं परिपन्थिवर्णान्नथि पदं त्वयि निवेशयितुं प्रवृत्ते ।
त्वत्संश्रिता विजहतस्तुलसीं वमन्ति प्रस्थानकाहलखान्प्रथमं द्विरेफा: ।।
पा.स. १२

(૨૩૪) प्रमिलन्तु शतानि काहलानां शरधीनां समुदेतु वा सहस्रम् ।
कमले तव जङ्घयोस्तत: किं शतमन्धा: किमवेक्षितुं क्षमन्ते ।।
ल.स. ८/२०५

(૨૩૫) विधिशिवपुरुहूतस्पर्शितैर्दिव्यपुष्पैस्त्वयि सह नियतन्तस्तत्तदुद्यानभुङ्गा: ।
मधुरिपुपदरक्षे मंजुभि: स्वैर्निनादैरविदितपरमार्थान्नूनमध्यापयन्ति ।।
पा.स. १२/२४

(૨૩૬) त्रैलोक्याम्ब त्वदवतंसोत्पलान्ते गुञ्जं गुञ्जं सञ्चरंश्चञ्चरीक:।
किं व्याचष्टे कान्तसन्देशहारी कर्णाऽभ्यर्णे काममन्त्राऽर्थतत्त्वम् ।।
ल.स. ८/५०, ९/३९

(૨૩૭) अखिलभुवनरक्षानाटिकां दर्शयिष्यननिमिषतरुपुष्पैरर्चितै रङ्गमध्ये ।
अभिनयमनुरूपं शिक्षयत्यात्मना त्वां प्रथमविहितलास्य: पादुके रङ्गनाथ: ।। पा.स. १२/२६

(૨૩૮) तव देवि पटुर्नट: कटाक्षो गुणवत्तालसदुच्छ्रय: स नूनम् ।
ननु नर्तयते सरस्वतीं य: सततं संश्रितमञ्जुलाऽस्परङ्गे ।।

(૨૩૯) ल.स. ८/६६, ६३

(૨૪૦) प्रस्तावना भुवनपालननाटकस्य । ल.स. २३/२८

(૨૪૧) विषधरफणपंक्तितर्यतप्रभावेण मन्ये ललितनटयोग्यं रङ्गमासीन्मुरारि: । पा.स. १८/३९

(૨૪૨) संपन्नर्तनरङ्गा जयन्ति जगदम्ब तावकाऽपाङ्गा: । ल.स. ५/१४

(૨૪૩) नेदीयसां निजपरागनिवेशपूर्वे स्पृष्ट्वा शिरांसि भवती भवरोगभाजाम्
गाढं निपीडय गरुडध्वजपादरक्षे मानग्रहं शमयतीव परैरसाध्यम् ।।
पा.स. १३/१६

(૨૪૪) रचयति तव वीक्षा नूनमङ्गेऽपि रक्षां दुरितचरितभेदि देशिको मन्त्रवादी ।
तदिह गलितमोहे द्रागयं पद्मगेहे विषयरुचिपिशाचीविक्रियाभिर्व्यमोचि ।।
ल.स. ५/४२

(૨૪૫) मुरभिच्चरणारविन्दरूपमहितानन्दमवाप्य पुरुषार्थम् ।
अनघैर्मणिपादुके निनादैरहमन्नाद इतीव गायसि त्वम् ।।
पा.स. १४/६

श्री रंगराजचरणावनि शिंजितं ते शङ्के समुन्नयनसामविशेषघोषम् ।
ल.स. १७/२०

(२४६) मनसिजतातपादमनसः परितृष्टिकरं जननि समानमेव ननु साम च नाम च ते ।
अतिशयमादिमादपरमेव तथाप्ययते निधनमुपद्रवं च न कदापि यतः सहते ।।
ल.स. १७/२०

(२४७) अनादिमायादिरजनीवशेन प्रस्वापभाजां प्रतिबोधनार्हाम् ।
पश्यामि नित्यादितवासरस्य प्रभातनान्दीमिव पादुके त्वाम् ।।
पा.स. १४/२७

(२४८) कटाक्षप्रत्यूषे तव मिषति कंसारिदयिते तमः शाम्यत्यन्तर्गतमपि च सूर्याकलनतः ।
स्वयं दोषोन्मेषो विरमति पुनः सारसवनश्रिय सम्पद्यन्ते दिवि च भविता भासनमपि ।।
ल.स. ५/४७

(२४९) मञ्जूषिकेव भवती निगमान्तवाचाम् । पा.स. १४/५७

(२५०) सर्वस्वमाहुः सकलाऽगमानाम् । ल.स. २३/२४
जननि त्वं गुणरत्नपेटिका वा । ल.स. २३/२६

(२५१) आसीदतामन्तककिंकराणां वित्रासनान्वेत्रलताविशेषाान् । पा.स. १५/२

(२५२) कृपणदशापिशाचगणमोचनवेत्रलता । ल.स. ५/११

(२५३) संवित्प्रदीपं मणिपादरक्षे संघुक्षयन्तीव मरीचयस्ते । पा.स. १५/७

(२५४) अस्माकमान्तरतमः प्रशमय्य मुक्तेर्मार्गं प्रकाशयतु कौस्तुभरत्नदीपः । ल.स. ३/१८

(२५५) पा.स. १५/४१, १८, ११, ल.स. ४/८, २४, २२/१२

(२५६) बहुरत्नसमुद्भवं मयूखं तव मन्ये मणिपादुके मुरारेः ।
चरणोपगतं मयूरपिच्छं मुकुटारोहणसाहसं प्रमार्ष्टुम् ।। पा.स. १६/५

(२५७) ल.स. २/१२

(२५८) विरचितसुरसिन्धोर्विष्णोपादारविन्दात्समधिकमनुभावं पादुके दर्शयन्ती । पा.स. १६/३९

(२५९) सिन्दुरकान्तां जगदम्ब मल्लीसराऽभिरामां चिकुराऽवलिं ते । ल.स. ८/११

(२६०) ल.स. २/११

(२६१) निबिडोरुसंघटनपीडनक्षरन्मधुकैटभाक्षतजपङ्कवासनाम् । पा.स. १७/४

(२६२) क्राधोन्मेषक्षपितविमतक्षोणिश्रेणिलक्ष–
ग्रीवोत्थाऽसृग्धुसृणमसृणं गात्रमत्यर्थशोणम् ।। ल.स. २१/१८

(२६३) रंगेशितुर्विहरतो मणिपादरक्षे रथ्यान्तरे सुमनसः परिकीर्यमाणाः ।
त्वत्पद्मरागकिरणस्फुरणाद्भजन्ते संध्यातपान्तरितितारक पङ्क्तिलक्ष्मीम् ।।
पा.स. १७/२२

(२६४) तव रङ्गचन्द्रतपनीयपादुके विमला समुद्वहति मौक्तिकावलिः ।
चरणारविन्दनवचन्द्रमण्डलप्रणयोपयातनवतारकारुचिम् ।।
पा.स. १८/७

(२६५) मुखविधुमधुराऽधरोष्ठसंध्यापरिसरसीम्नि हरिप्रिये भवत्याः ।
भजति जननि नासिकाऽग्रमुक्ताफलमिव तारमुदारतारलीलाम् ।।
ल.स. ८/६७

(२६६) रंभे तवोत्तुङ्गकुचाग्रजाग्रत् प्रच्यग्रहाकस्फुटमौक्तिकानि ।
प्रायः सुमेरुं परितश्चरन्ति पटून्युडीनीव परिस्फुरन्ति ।।
ल.स. ८/१३२

(२६७) मरकतरुपित्रा मौक्तिकस्मेरपुष्पा स्फुटकिसलयशोभा भासुरैः पद्मरागैः ।
कलमखिलमुदारा रङ्गनाथस्य यदि कलयति भवति नः कल्पवल्लीव काचित् ।।
पा.स. १६/४२

(२६८) शाखावृन्दप्रथितविभवां सत्सुपर्णाऽधिरोहां
त्वामस्तुत्वा जलनिधिभुवं कल्पवल्लीमतल्लीम् ।
आकाङ्क्षान्तः कलविकलं देव्यपर्णोद्भवं के
संसेवेरन् शरवणभवं स्थाणुजातं विशाखाम् ।।
ल.स. २०/११

(२६९) रङ्गेशपादनखचन्द्रसुधानुलेपं संप्राप्य सिद्धगुलिका इव तावकीनाः ।। पा.स. १८/३०

(२७०) चेतः शुद्धिविधानसिद्धगुटिका ... । ल.स. २०/११

(२७१) प्रसादयन्ति मणिपादुके त्वं विक्षेपयोगेन विहारवेलाम् ।
हरिन्मनोज्ञा हरिकान्तसिन्धोः संदृश्यसे शैवलमञ्जरीव ।।
पा.स. १९/५

(२७२) कृताऽञ्चनौ काञ्चनकङ्कणस्थसंक्रन्दनग्रावमहस्तरङ्गैः ।
कल्याणि पाणी कनतस्तरां ते शैवालमालाभिरिवाऽरविन्दे ।।
ल.स. ८/१३६

(२७३) मंजुस्वना मरकतोपलमेचकाङ्गी शोणाश्मतुण्डरुचिरा मणिपादुके त्वम् ।
पद्माविहाररसिकस्य परस्य यूनः पर्यापतां भजसि पञ्चरसारिकाणाम् ।।
पा.स. २९/१०

(२७४) श्रुतिपञ्जरादिव्यसारिका वा ।। ल.स. २६/२६

(२७५) जीवयत्यमृतवर्षिणी प्रजास्तावकी दनुजवैरिपादुके ।
घोरसंचरणधर्मनोशिनी कालिकेव हरिनीलपद्धतिः ।।
पा.स. २०/९

(२७६) देवि दुर्गतमरौ तव वीक्षा कालिका दिशति काञ्चनवृष्टिम् ।। ल.स. ५/५९

(२७७) पुष्पासि रङ्गनृपतेर्मणिपादुके त्वं चक्षुर्वशीकरणयन्त्रविशेषशङ्काम् । पा.स. २९/६
शरणं व्रजामि कमले शौरिवशीकारमूलिकां भवतीम् ।। ल.स. २३/३०

(२७८) स्थिरा स्वभावान्मणिपादुके त्वं सर्वसहा स्वादुफलप्रसूतिः ।
पृथ्वीव पद्भ्यां परमस्य पुंसः संसृज्यसे देवि विभज्यसे च ।। पा.स. २९/४१

(२७९) हृद्यापाङ्गामिव भवदवप्लोषशान्त्यै रमे त्वां ।
हृद्याऽपाङ्गां मधुरिपुवशीकाराविद्ये प्रपद्ये ।। ल.स. ५/३३

(२८०) पाषाणादपि पीयूषं स्यन्दते यस्य लीलया ।
तं वन्दे पेरुभट्टाख्यं लक्ष्मीकान्त महागुरुम् ।। रसगंगाधर १/३

(२८१) नत्वा पितुः पदयुगं रघुनाथसूरेः ......... ।। उत्तरचम्पू, ५

## પરિશિષ્ટ

# સંદર્ભ-ગ્રન્થ સૂચિ

### ● સ્તોત્ર-સંગ્રહો ●


| | | |
|---|---|---|
| ૧ | કમલાસ્તવમંજરી | - સંપા. ભદ્રશીલશર્મા, કલ્યાણ મંદિર, પ્રયાગ. સં-૨૦૨૧ |
| ૨ | દેવીસ્તોત્રાણિ (પ્રથમ ભાગ) | - ગુજ. અનુવાદસહિત, સંપા. હિંમતરાય જાની, અંબાજી, આવૃત્તિ પહેલી, ઈ.સ. ૧૯૬૪ |
| ૩ | નવગ્રહસ્તોત્રસંગ્રહ | - સંપા. નારાયણદાસ આચાર્ય, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ચોથુ સંસ્કરણ, ઈ.સ. ૧૯૬૪ |
| ૪ | પુરાણકાવ્યસ્તોત્રસુધા | - સંપા. એ. પી. કરમરકર, મીરા પબ્લિકેશીંગ હાઉસ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. ૧૯૫૫ |
| ૫ | પુષ્ટિમાર્ગીયસ્તોત્રમાલા ભાગ ૧-૨ | - હિન્દીભાષાંતર સહિત સંપા. માધવશર્મા, ગીતાજ્ઞાનસૂરિ શ્રીકૃષ્ણવલ્લભ ગ્રંથમાલા, વારાણસી, સં. ૨૦૧૯-૨૦ |
| ૬ | બૃહત્સ્તોત્રમુક્તાહાર | - સંપા. ગણેશ શર્મા ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ, મુંબઈ |
| ૭ | બૃહત્સ્તોત્રરત્નાકર | - સંપા. પં. રાજતેજ પાંડેય પંડિત પુસ્તકાલય, કાશી સં. ૨૦૨૦ |
| ૮ | બૃહત્સ્તોત્રસરિત્સાગર દ્વિતીયભાગ | - સંપા. ગોવર્ધન લક્ષ્મીદાસ ગો. લ. ગ્રંથરત્નમાલિકા, મુંબઈ ઈ. ૧૮૮૮ |
| ૯ | મહાલક્ષ્મીસ્તોત્રાણિ | - તામિલ અનુવાદ સહિત, વિશિષ્ટાદ્વૈતી પ્રચારિણી સભા, મદ્રાસ ઈ.સ. ૧૯૬૮ |
| ૧૦ | વેદાંતદેશિક સ્તોત્રમાલા | - વેંકટનાથ વેદાંતદેશિક, વૈકુંઠનાથ દેવસ્થાન, કલકત્તા |
| ૧૧ | વેદાંતદેશિકસ્તોત્રાણિ | - વાણીવિલાસ પ્રેસ, શ્રીરંગમ્ |
| ૧૨ | સ્તોત્રમાલા | - સંપા. શ્રીકાંચી, પ્રતિવાદીભયંકરાચાર્ય, ગ્રંથમાલા કાર્યાલય, કાંચીપુરમ, ઈ.સ. ૧૯૬૯ |

૧૩ સ્તોત્રરત્નાવલિ - ગીતાપ્રેસ, ગોરખપુર
૧૮મું સંસ્કરણ, સં. ૨૦૨૨

૧૪ સ્તોત્રસમુચ્ચય - સંપા. કે પરમેશ્વર ઐયલ,
અદ્યાર લાયબ્રેરી એન્ડ રિસર્ચ સેન્ટર
અદ્યાર, મદ્રાસ ઈ.સ. ૧૯૬૯

૧૫ સ્તોત્ર સમુચ્ચય (જૈન સ્તોત્રો) - સંપા. ચતુરવિજયમુનિ નિર્ણયસાગરપ્રેસ
મુંબઈ, ઈ.સ. ૧૯૨૮

૧૬ સ્તોત્રસંગ્રહ - શંકરાચાર્ય, ગુજરાતી અનુવાદ સહિત,
અનુ. ગિરજાશંકર મ. શાસ્ત્રી,
સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ
ત્રીજી આવૃત્તિ સં. ૨૦૨૦


## ● સ્તોત્રકૃતિઓ ●


૧ અકલંકસ્તોત્ર - ભટ્ટકલંક, હિન્દી ટીકા સહિત, મુન્શી નાથુરામ,
જબલપુર, સં.૧૯૬૩

૨ અતિમાનુષસ્તવ - શ્રીવત્સાંકમિશ્ર, સ્તોત્રમાલા, કાંચી ઈ.સ. ૧૯૬૯

૩ અર્ધનારીશ્વરસ્તોત્ર - કલ્હણ, 'કાવ્યમાલા' ગુચ્છક-૧૪, ઈ.સ. ૧૯૩૮

૪ અધ્યર્દ્ધશતક - માતૃચેટ, સંપા. કે. પી. જાયસ્વાલ અને
રાહુલ સાંકૃત્યાયન, બિહાર રિસર્ચ સોસાયટી
વોલ્યુ. ૨૩, પટણા

૫ અભીતિસ્તવ - વેદાંતદેશિક, 'વેદાંતદેશિકસ્તોત્રમાલા', કલકત્તા

૬ અષ્ટભુજાષ્ટક - વેદાંતદેશિક, 'વેદાંતદેશિકસ્તોત્રમાલા', કલકત્તા

૭ અષ્ટશ્લોકી - પરાશરભટ્ટ 'સ્તોત્રમાલા', કાંચીપુરમ

૮ આચાર્યપંચાશત્ (હસ્તપ્રત) - વેંકટાધ્વરી, હસ્તપ્રત, ગવર્નમેન્ટ ઓરિ. મેન્યુસ્ક્રિપ્ટ્સ
લાયબ્રેરી,
મદ્રાસ

૯ આનંદમન્દાકિની - મધુસૂદન સરસ્વતી, કાવ્યમાલા
ગુચ્છક-૨

| | | |
|---|---|---|
| ૧૦ | કરુણાલહરી | - જગન્નાથ 'કાવ્યમાલા' ગુચ્છક-૨, નિર્ણય સાગર પ્રેસ, મુંબઈ |
| ૧૧ | કલ્યાણમંદિર | - સિદ્ધસેન દિવાકર, ગુજરાતી-મરાઠી છંદાનુવાદ, નાસિક |
| ૧૨ | કાર્પણ્યપંજરિકા સ્તોત્ર | - રૂપ ગોસ્વામી, હિન્દી અનુવાદ સહિત ગીતાપ્રેસ, ગોરખપુર, પહેલુ સંસ્કરણ સં. ૨૦૧૫ |
| ૧૩ | કામાસિકાષ્ટક | - વેદાંતદેશિક, 'વેદાંતદેશિક સ્તોત્રમાલા' કલકત્તા |
| ૧૪ | કૃષ્ણકર્ણામૃત (ત્રણ ટીકાઓ સહિત) | - લીલાશુક, સંપા. એસ. કે. ડે યુનિ. ઓફ ઢાકા, ઈ.સ. ૧૯૩૮ |
| ૧૫ | કૃષ્ણસ્તુતિ | - વાદિરાજ |
| ૧૬ | કૃષ્ણાષ્ટક | - વલ્લભાચાર્ય, 'પુષ્ટિમાર્ગીય સ્તોત્રરત્નમાલા' પ્રથમભાગ વારાણસી |
| ૧૭ | કૃષ્ણશરણાષ્ટક | - હરિરાય, પુષ્ટિમાર્ગીય સ્તોત્રરત્નમાલા, પ્રથમભાગ વારાણસી |
| ૧૮ | ક્ષમાષોડશી | - વેદાચાર્ય |
| ૧૯ | ગરુડદંડક | - વેદાંતદેશિક, 'વેદાંતદેશિક સ્તોત્રમાલા' કલકત્તા |
| ૨૦ | ગરુડપંચાશત્ | - વેદાંતદેશિક, 'વેદાંતદેશિક સ્તોત્રમાલા' કલકત્તા |
| ૨૧ | ગંગાલહરી | - જગન્નાથ, ગંગાલહરી અને પ્રાસ્તાવિક વિલાસ સંપા. આર. બી. આઠવલે, પોપ્યુલર બુક સ્ટોર, સુરત |
| ૨૨ | ગંગાસ્તોત્ર | - શંકરાચાર્ય, 'સ્તોત્રરત્નાવલી' ગીતાપ્રેસ, ગોરખપુર |
| ૨૩ | ગીતગોવિંદ | - જયદેવ |
| ૨૪ | ગોપાલવિંશતિ | - વેદાંતદેશિક, 'વેદાંતદેશિક સ્તોત્રમાલા' કલકત્તા |
| ૨૫ | ગોવિંદદામોદરસ્તોત્ર | - બિલ્વમંગળ, 'સ્તોત્રરત્નાવલી' ગોરખપુર |
| ૨૬ | ચતુઃશતક | - માતૃચેટ, ઈન્ડિયન એન્ટિકવરી વો. ૨૯ પાન. ૧૪૫ થી ૧૪૭ અંગ્રેજી અનુવાદ, પ્રકાશિત સંપા. થોમસ, ઈ.સ. ૧૯૦૫ |

| | | |
|---|---|---|
| ૨૭ | ચતુઃશ્લોકી | - વલ્લભાચાર્ય |
| ૨૮ | ચતુઃશ્લોકી | - યામુનાચાર્ય, 'મહાલક્ષ્મીસ્તોત્રાણિ' મદ્રાસ |
| ૨૯ | ચતુઃશ્લોકીભાષ્ય | - સ્તોત્રરત્નભાષ્ય, ગદ્યત્રયભાષ્ય - વેદાન્તદેશિક, વેદાંતદેશિક ટ્રસ્ટ, મદ્રાસ |
| ૩૦ | ચતુઃસ્તવ | - નાગાર્જુન, ઈન્ડિયન હિસ્ટોરીકલ કવાર્ટરલી, કલકત્તા, સંપા. પ્રભુભાઈ પટેલ, ઈ.સ. ૧૯૦૩ |
| ૩૧ | ચંડીશતક | - બાણભટ્ટ, 'કાવ્યમાલા', ગુચ્છક-૯ |
| ૩૨ | ત્રિપુરાસુંદરીમાનસપૂજા | - સામરાજ દીક્ષિત, 'કાવ્યમાલા' ગુચ્છક-૯ |
| ૩૩ | દયાશતક | - વેદાંતદેશિક, પટ્ટાભિરામ એન્ડ કંપની, મદ્રાસ |
| ૩૪ | દશાવતારસ્તોત્ર | - વેદાંતદેશિક, 'વેદાંતદેશિક સ્તોત્રમાલા', કલકત્તા |
| ૩૫ | દેવનાયકપંચાશત્ | - વેદાંતદેશિક, 'વેદાંતદેશિક સ્તોત્રમાલા', કલકત્તા |
| ૩૬ | દેવીશતક | - આનંદવર્ધન, કય્યટકૃત ટીકા સહિત, કાવ્યમાલા, મુંબઈ |
| ૩૭ | દેવ્યપરાધક્ષમાપનસ્તોત્ર | - શંકરાચાર્ય, |
| ૩૮ | ન્યાયદશક | વેદાંતદેશિક, 'વેદાંતદેશિક સ્તોત્રમાલા', કલકત્તા |
| ૩૯ | ન્યાયવિંશતિ | - વેદાંતદેશિક, 'વેદાંતદેશિક સ્તોત્રમાલા', કલકત્તા |
| ૪૦ | પાદુકાસહસ્ર | - વેદાંતદેશિક, શ્રીનિવાસની 'પરીક્ષાભિધા' ટીકા સહિત સંપા. પં. કેદારનાથ અને વાસુદેવ લક્ષ્મણ શાસ્ત્રી પણશીકર, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ઈ.સ. ૧૯૧૧ |
| ૪૧ | ભક્તામરસ્તોત્ર | - માનતુંગ, અનુ. મોહનલાલ શાસ્ત્રી, સરલ જૈન ગ્રન્થ ભંડાર, જબલપુર, સં. ૨૦૧૫ |
| ૪૨ | ભગવદ્ધ્યાનસોપાન | - વેદાંતદેશિક, 'વેદાંતદેશિક સ્તોત્રમાલા', કલકત્તા |
| ૪૩ | મુકુન્દમાલા | - કુલશેખર, કાવ્યમાલા, ગુચ્છક-૧, ઈ.સ. ૧૯૨૯ |
| ૪૪ | યમુનાષ્ટક | - વલ્લભાચાર્ય, 'પુષ્ટિમાર્ગીય સ્તોત્રરત્નમાલા' પ્રથમભાગ વારાણસી |

| | | |
|---|---|---|
| ૪૫ | રઘુવીરગદ્ય | - વેદાંતદેશિક, 'વેદાંતદેશિક સ્તોત્રમાલા', કલકત્તા |
| ૪૬ | લક્ષ્મીસહસ્ર ભા. ૧ થી ૮ | - વેંકટાધ્વરી, શ્રીનિવાસ પંડિત કૃત 'બાલબોધિની' ટીકા સહિત, 'અવતરણિકા' સાથે રામશાસ્ત્રી તૈલંગ દ્વારા સંપાદિત, ચૌખમ્બા સંસ્કૃત સીરીજ નં. ૮૪, ૮૫, ૮૯, ૯૧, ૯૩, ૯૬, ૧૦૦ અને ૧૦૪, બનારસ, ઈ.સ. ૧૯૦૫-૦૬ |
| ૪૭ | વરદરાજપંચાશત્ | - વેદાંતદેશિક, 'વેદાંતદેશિક સ્તોત્રમાલા', કલકત્તા |
| ૪૮ | વરદરાજસ્તવ | - શ્રીવત્સાંક મિશ્ર 'સ્તોત્રમાલા', કાંચી, ઈ.સ. ૧૯૬૯ |
| ૪૯ | વૈકુંઠસ્તવ | - શ્રીવત્સાંક મિશ્ર 'સ્તોત્રમાલા', કાંચી, ઈ.સ. ૧૯૬૯ |
| ૫૦ | વૈકુંઠગદ્ય | - રામાનુજાચાર્ય, 'સ્તોત્રમાલા', કાંચી, ઈ.સ. ૧૯૬૯ |
| ૫૧ | શરણાગતિગદ્ય | - રામાનુજાચાર્ય, 'સ્તોત્રમાલા', કાંચી, ઈ.સ. ૧૯૨૮ |
| ૫૨ | શિવમહિમ્નઃ સ્તોત્ર | - પુષ્પદંત, નિર્ણયસાગરપ્રેસ, મુંબઈ, ઈ.સ. ૧૯૫૮ |
| ૫૩ | શ્રવણાનંદ - સ્તોત્ર (હસ્તપ્રત) | - વેંકટાધ્વરી, હસ્તપ્રત, ગવર્નમેન્ટ ઓરિએન્ટલ મેન્યુ. લાયબ્રેરી, મહેસાણા |
| ૫૪ | શ્રીગુણરત્નકોશ | - પરાશર ભટ્ટ, 'મહાલક્ષ્મીસ્તોત્રાણિ', મદ્રાસ - ઈ. ૧૯૬૮ |
| ૫૫ | શ્રીરંગગદ્ય | - રામાનુજાચાર્ય 'સ્તોત્રમાલા' કાંચી - ઈ.સ. ૧૯૬૯ |
| ૫૬ | શ્રીરંગરાજસ્તવ | - રામાનુજાચાર્ય 'સ્તોત્રમાલા' કાંચી - ઈ.સ. ૧૯૬૯ |
| ૫૭ | શ્રીસૂક્ત | - 'મહાલક્ષ્મીસ્તોત્રાણિ' મદ્રાસ - ઈ.સ. ૧૯૬૮ |
| ૫૮ | શ્રીસ્તવ | - શ્રીવત્સાંકમિશ્ર, 'સ્તોત્રમાલા' કાંચી - ઈ.સ. ૧૯૬૯ |
| ૫૯ | શ્રીસ્તુતિ | - વેદાંતદેશિક, 'વેદાંતદેશિક સ્તોત્રમાલા', કલકત્તા |
| ૬૦ | ષોડશાયુધસ્તોત્ર | - વેદાંતદેશિક, 'વેદાંતદેશિક સ્તોત્રમાલા', કલકત્તા |
| ૬૧ | સુદર્શનાષ્ટક | - વેદાંતદેશિક, 'વેદાંતદેશિક સ્તોત્રમાલા', કલકત્તા |
| ૬૨ | સુંદરબાહુસ્તવ | - શ્રીવત્સાંકમિશ્ર, સ્તોત્રમાલા, કાંચી, ઈ.સ. ૧૯૬૯ |
| ૬૩ | સ્તોત્રરત્ન (આળવન્દાર સ્તોત્ર) | - યામુનાચાર્ય, સ્તોત્રમાલા, કાંચી, ઈ.સ. ૧૯૬૯ |
| ૬૪ | હયગ્રીવસ્તોત્ર | - વેદાંતદેશિક, 'વેદાંતદેશિક સ્તોત્રમાલા', કલકત્તા સં. ૨૦૨૬ |

## ● સ્તોત્રેતર સાહિત્ય ●

**સંસ્કૃત :**

૧ અગ્નિપુરાણ - વ્યાસ
સંપા. બલદેવ ઉપાધ્યાય,
ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ, બનારસ-૧૯૫૭

૨ અહિર્બુધ્ન્ય સંહિતા - પાંચરાત્રાગમ ભાગ-૨
સંપા - એમ. ડી. રામાનુજાચાર્ય,
અદ્યાર લાયબ્રેરી એન્ડ રીસર્ચ સેન્ટર,
મદ્રાસ, ઈ.સ.૧૯૬૬

૩ અમરકોશ - અમરસિંહ,
ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ ઓફિસ,
બનારસ, ઈ.સ. ૧૯૫૭

૪ અથર્વવેદ - સંપા. પં. શ્રીપાદ દામોદર સાતવળેકર,
સ્વાધ્યાય મંડલ, પારડી

૫ ઋગ્વેદસંહિતા - સંપા. પં. શ્રીપાદ દામોદર સાતવળેકર
સ્વાધ્યાય મંડલ, પારડી, ચોથું સંસ્કરણ

૬ કામસૂત્ર - વાત્સ્યાયન,
ચૌખમ્બા, વારાણસી, ઈ.સ. ૧૯૬૪

૭ કાવ્યપ્રકાશ - મમ્મટ, સંપા. એ. બી. ગજેન્દ્રગડકર
ડૉ. એસ. એન. ગજેન્દ્રગડકર,
પોપ્યુલર બુક ડેપો, મુંબઈ-૧૯૫૯

૮ કાવ્યમાલા - સંપા. પં. દુર્ગાપ્રસાદ અને કાશીનાથ પાડુરંગ પરબ,
ગુચ્છક - ૧, ઈ.સ. ૧૯૨૯, ગુ.૨ ૧૯૩૩,
ગુ.૪ ઈ.સ. ૧૯૩૭, ગુ.૫ ૧૯૩૭, ગુ.૬ ૧૯૩૦,
ગુ.૯ ૧૯૧૬, નિર્ણયસાગર પ્રેસ,
મુંબઈ-૧૯૩૮

૯ કાવ્યાદર્શ - દંડી, હિન્દી વ્યાખ્યા સહિત, વ્યાખ્યાકાર
આચાર્ય રામચંદ્ર મિશ્ર, ચૌખમ્બા,
વારાણસી ઈ.સ. ૧૯૫૮

| | | |
|---|---|---|
| ૧૦ | કાવ્યાનુશાસન | - હેમચંદ્રાચાર્ય,<br>સંપા. ડૉ. તપસ્વી નાન્દી,<br>એલ. ડી. ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડોલૉજી,<br>અમદાવાદ, ઈ.સ. ૨૦૦૧ |
| ૧૧ | ગીતગોવિન્દ | - જયદેવ,<br>સંપા. ડૉ. વી. એમ. કુલકર્ણી, |
| ૧૨ | ધ્વન્યાલોક<br>(લોચન સાથે) | - આનંદવર્ધન, વ્યાખ્યાકાર<br>આચાર્ય વિશ્વેશ્વર, જ્ઞાનમંડળ લિમીટેડ,<br>વારાણસી, ઈ.સ. ૧૯૬૨ |
| ૧૩ | નારદભક્તિસૂત્ર | - ગીતાપ્રેસ - ગોરખપુર<br>ચતુર્થ સંસ્કરણ, સં. ૨૦૧૩ |
| ૧૪ | નિરુક્ત | - યાસ્ક, સંસ્કૃત હિન્દી ટીકા સહિત,<br>મહેરચંદ લક્ષ્મણદાસ, દિલ્હી સં. ૧૯૬૪ |
| ૧૫ | ભગવદ્ગીતા | - સંપા. ડૉ. એસ. કે. બેલ્વેલકર,<br>હિન્દુ વિશ્વવિદ્યાલય,<br>સંસ્કૃત પબ્લિકેશન બોર્ડ, વારાણસી |
| ૧૬ | ભાગવતપુરાણ | - વ્યાસ<br>મૂળ તથા સમશ્લોકી અનુ. શાતિશંકર મહેતા,<br>શાંતિ પ્રાર્થના મંદિર, ભાવનગર, ઈ.સ. ૧૯૬૨ |
| ૧૭ | ભક્તિરસામૃતસિંધુ | - રૂપ ગોસ્વામી<br>સંપા. ડૉ. નગેન્દ્ર, દિલ્હી વિશ્વવિદ્યાલય,<br>ઈ.સ. ૧૯૬૩ |
| ૧૮ | ભક્તિરસાયન | - મધુસૂદન રસસ્વતી,<br>સંપા. જનાર્દન શાસ્ત્રી પાંડેય,<br>પ્રકા. ગિરિજેશકુમાર પાંડેય,<br>વારાણસી, બીજું સંસ્કરણ સં. ૨૦૩૩ |
| ૧૯ | મહાભારત | - વ્યાસ<br>સંપા. શ્રીપાદ દામોદર સાતવળેકર,<br>પારડી - ૧૯૭૮ |

૨૦ રામાયણ - વાલ્મિકી
સંપા. અમરેન્દ્ર લક્ષ્મણ ગાડગીલ
શ્રીરામકોશ મંડળ, પુણ્યપત્તનમ્

૨૧ શાંડિલ્ય ભક્તિસૂત્ર - શાંડિલ્ય
ગીતાપ્રેસ, ગોરખપુર, સં. ૨૦૦૯

૨૨ સર્વદર્શન સંગ્રહ હિન્દી ભાષ્ય સહિત - માધવાચાર્ય
ભાષ્યકાર, પ્રો. ઉમાશંકર શર્મા,
'ઋષિ', ચૌખમ્બા, વારાણસી

૨૩ સાહિત્યદર્પણ - વિશ્વનાથ
વ્યાખ્યાકાર ડૉ. સત્યવ્રતસિંહ
ચૌખમ્બા, વારાણસી ઈ.સ. ૧૯૬૩

**હિન્દી :**

१ तेलुगु साहित्य का इतिहास – बाल शौरि रेड्डी, हिन्दी समिति, सूचना विभाग,
उत्तर प्रदेश, लखनउ, १९६४

२ मधुररस : स्वरूप और विकास – भाग–१, रामस्वार्थ चौधरी 'अभिनव'
राजकमल प्रकारण, दिल्ली १९६८

३ भारतीय दर्शन – डॉ. राधाकृष्णन्, राजपाल एन्ड सन्स, दिल्ली १९६६

४ भारतीय दर्शन – पं. बलदेव उपाध्याय, शारदामन्दिर, वाराणसी १९७१

५ भारतीय दर्शन का इतिहास – एस. एन. दासगुप्ता, अनु. मोहनलाल शर्मा
राजस्थान हिन्दी ग्रन्थ अकादमी, जयपुर–१९८९

६ वैष्णव, शैव और अन्य धार्मिक मत – रामकृष्ण गोपाल भांडारकर,
अनु. महेश्वरी प्रसाद,
भारतीय विद्याभवन, वाराणसी १९६७

७ संस्कृत गीतिकाव्य का विकास – डा. परमानंद शास्त्री,
प्रकाशन प्रतिष्ठान, मेरठ,
विक्रमाब्द – २०२२

८ संस्कृत साहित्य का इतिहास – पं. बलदेव उपाध्याय,
द्वारकामन्दिर, वाराणसी, सप्तम संस्करण–१९२५

| | | |
|---|---|---|
| ९ | संस्कृत साहित्य का इतिहास | – ए. बी. कीथ,<br>अनु. डॉ. मंगलदेव शास्त्री,<br>मोतीलाल बनारसीदास, दिल्ही १९६० |
| १० | संस्कृत साहित्य का इतिहास | – वाचस्पति गैरोला, वाराणसी – १९३० |

ગુજરાતી :

| | | |
|---|---|---|
| ૧ | મધ્યયુગીન ભારત ખંડ-૨ | - ડૉ. છોટુભાઈ નાયક, ગુજરાત યુનિવર્સિટી,<br>અમદાવાદ |
| ૨ | સંસ્કૃત સ્તોત્રકાવ્ય<br>ઉદ્ભવ-વિકાસ અને સ્વરૂપ | - ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ<br>શ્રી દ્વારકાધીશ સંસ્કૃત એકેડમી,<br>દ્વારકા, પ્રથમ આવૃત્તિ - ૧૯૭૮ |
| ૩ | સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ | - મેકડોનલ, અનુ. પ્રા. એમ. પી. દવે,<br>પોપ્યુલર પબ્લિસીંગ હાઉસ, સુરત<br>દ્વિતીય આવૃત્તિ, ઈ.સ. ૧૯૬૮ |
| ૪ | સંસ્કૃત સાહિત્યમાં મધુરરસ | - ડૉ. હંસાબેન હિંડોચા<br>સંસ્કૃત સાહિત્ય અકાદમી,<br>ગાંધીનગર-૧૯૯૮ |
| ૫ | સંસ્કૃત સ્વાધ્યાય મંજૂષા | - ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ<br>સંસ્કૃત સાહિત્ય અકાદમી,<br>ગાંધીનગર, પ્ર. આવૃત્તિ, ૧૯૯૯ |
| ૬ | હિન્દ તત્ત્વજ્ઞાનનો ઈતિહાસ | - ન. દે. મહેતા<br>ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ - ઈ.સ.૧૯૬૨ |
| ૭ | સંસ્કૃત કાવ્યશાસ્ત્ર અને<br>ભક્તિશાસ્ત્રમાં ભક્તિરસની<br>વિચારણા | - ડૉ. હેમરાજભાઈ આર. પટેલ<br>યુનિ. ગ્રન્થનિર્માણબોર્ડ, ગુજરાત રાજ્ય<br>અમદાવાદ - પ્રથમ આવૃત્તિ - ૨૦૦૧ |
| ૮ | વૈષ્ણવ પુરાણોનાં સ્તોત્રોમાં<br>ભક્તિ અને દર્શન | - ડૉ. રવીન્દ્રકુમાર પી. પટેલ<br>પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ |
| ૯ | શંકરાચાર્યનાં સ્તોત્રોમાં ભક્તિ અને દર્શન | - ડૉ. ડાહ્યાપુરી એચ. ગોસ્વામી<br>પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ |

**English :**


| | | | |
|---|---|---|---|
| 1 | Contribution of Yāmuna to Viśiṣṭādvaita | : | by Dr. M. Narasimhachari, Madras-1971 |
| 2 | Critical Study of the Philoshophy of Ramanuj | : | by Amin Sen Gupta, Chawkhamba Sanskrit - Series office, Varanasi, First Edition, 1967 |
| 3 | History of Classical Sanskrit Literature | : | by M. Krishnamacharia, Motilal Banarasidas, Varanasi, First Reprint, 1970 |
| 4 | History of Sanskrit - Literature, Vol. 1 | : | by S. N. Dasgupta and S. K. De, Uni. of Calcutta, 1962 |
| 5 | History of Sanskrit Literature | : | by V. Varadachari, Allahabad, 1952 |
| 6 | History of South India | : | by K. A. Nilkantha Sastri, Oxford Uni. Press, Madras, 1965 |
| 7 | Śakti or Divine Power | : | by S. K. Das, Uni. of Calcutta, 1934 |
| 8 | Vaishnavism, Shaivism and Minor Sects | : | by R. G. Bhandarkar, Poona |
| 9 | Vedant Desik : A Study | : | by Dr. Satyavrata Singh, Chowkhamba Sanskrit Series Office, Varanasi, 1958 |
| 10 | Vedant Desik 7th Centenary Commeration Vol., | : | Madras, 1968 |


■